લાગ્યો કે " ત્હમારી બક્ષીસ પાછી લ્યો !" આ વાતને ઝાઝા દિવસ ન થયા એટલામાં તે પાછો બ્રહ્માને વિનવવા લાગ્યો કે " પિતા ! મ્હને પેલી બક્ષીસ પાછી સોંપો ! એના વગર મ્હને ઘડી પણ ચાલતું નથી." જે સ્ત્રીની સોબતમાં તે અમુક વખત રહ્યો તે સ્ત્રીથી તે **ટેવાયલો** થઈ ગયો તેથી, જો કે સ્ત્રીમાં અમુક અવગુણો છે તો પણ, ત્હેના વગર ચાલ્યું નહિ ! એવીજ રીતે ધર્મમય જીંદગીથી જેઓ ટેવાયલા બને છે ત્હેમને એ રસ્તે કદાપિ સંકટ પડે છે તો પણ એ જાતની જીંદગીથી તેઓ **ટેવાયલા** હોઇ એ રસ્તો છોડવો ત્હેમને ગમતો જ નથી—કહો કે પાલવતો જ નથી. અને આમ થાય એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ નથી. મહાન તત્વવેત્તા બેકન કહે છે કે, **" જે ચીજ આપણને પ્રથમ નાપસંદ કે મુશ્કેલ લાગે છે તે ચીજ (જ્યહારે આપણે ત્હેનાથી ટેવાયલા થઈએ છીએ ત્યહારે ) જેટલી આનંદદાયક કે સ્હેલી થઈ પડે છે તેટલી બીજી કોઈ ચીજ થતી નથી. "** ધર્મમય જીંદગી કે જે દરેક માણસને પ્રથમ આકરી–અપ્રિય લાગે છે તે, આ સિદ્ધાંત અનુસાર, જ્યહારે આપણે ત્હેનાથી ટેવાયલા થઇએ છીએ ત્યહારે, સૌથી પ્રિય અને સ્વાભાવિક થઈ જાય છે; પછી એથી જૂદી જાતની જીંદગી આપણને ગમશેજ નહિ.

મનુષ્ય સ્વભાવના બંધારણનું આ **રહસ્ય**-આ **' છુપી કળ '** કહી દેવાથી વાચકને એક મ્હોટો લાભ થવા સંભવ છે-જો તે ત્હેનો ઉપયોગ કરવા ખુશી હોય તો. એ લાભ એ છે કે, **' ટેવ '** કે જે **ધર્મમય** જીંદગી તેમજ પાપમય જીંદગીનો પાયો છે તે પાયા ઉપર **ધર્મ**મય જીંદગીનું જ મકાન ચણવાની કાળજી રાખતાં તે શીખશે. આપણે શું ધર્મપુસ્તકોમાં નથી વાંચતા કે આ જીવ **અનાદિ કાળથી** કામ–ક્રોધ–મોહ–મત્સર આદિમાં **રચ્યો-પચ્યો ( =ટેવાયલો )** છે, તેથીજ ત્હેને સદ્‌જ્ઞાન થતું નથી ? એ શાસ્ત્રો જ ' ટેવ '-ના સિદ્ધાંતનું પ્રતિપાદન કરે છે. અનાદિ કાળથી–ગણ્યા ગણાય નહિ એટલા ભવથી આ જીવ વિભાવમાં રમતો હોવાથી મતિને આવરણ થયું અને તેથી ધર્મમય જીંદગી મુશ્કેલ **લાગી !** પણ હવે જો ધર્મમય જીંદગીની **ટેવ** પાડવામાં આવે અને તે ટેવ પણ દિવસો–મહિનાઓ–વરસો અને યુગો સુધી કેળવવામાં આવે તો કૈવલ્ય જ્ઞાન અને સિદ્ધિએ પહોંચવું શું અશક્ય છે ? આમાં સર્વ આધાર ' ટેવ ' ઉપરજ છે.

આ વિચારો કહેતાં કહેતાં મ્હારૂં લક્ષ બીજે ખેંચાઈ જાય છે. હમણાં મ્હેં કૈવલ્ય જ્ઞાન અને સિદ્ધ પદની વાત કરી. હું શાસ્ત્રોનો પારંગામી નથી; એટલે સત્ય કથનનો ગર્વ કરતો નથી પણ મ્હારા તર્કમાં કાંઈ દોષ હોય તો અનંતા સિદ્ધ ભગવાનની સાક્ષીએ **' मिथ्या मे दुष्कृत्यं '** કહી મ્હારા સ્વતંત્ર વિચાર અત્રે જાહેર કરીશ. કૈવલ્યજ્ઞાન અને સિદ્ધિ ( સિદ્ધિપદ ) એ કાંઈ કોઈ ક્રિયાનું **ફળ** હોય, એમ મ્હને લાગતું નથી, પણ જ્ઞાનમાં **ટેવાયલા** રહેવાથી—એ ટેવ સંપૂર્ણ જ્ઞાને **પહોંચાડે** છે, અને ધર્મમય [illegible] ટેવાયલા રહેવાથી એ જીવન સિદ્ધિએ **પહોંચાડે** છે, એમ મ્હને [illegible] ની આરાધના કરનારને મોક્ષ મળતું નથી; પણ ધર્મની ~~એક સડક છે,~~ કે જ્હેના આ તરફના છેડાથી ચાલવું શરૂ કરનાર બીજે છેડે પહોંચે છે, કે જે છેડાજ **'મોક્ષ'** છે.

અને તેવીજ રીતે મન–વચન અને કાયાને ખોટે રસ્તે પ્રવર્તાવવાની **ટેવ** પાડવાથી–એ ટેવ કેટલાક ભવ સુધી ચાલ્યાં કરી, **જૂની થતાં સ્વભાવરૂપ** બની જવાથી નારકી જેવું

શરીર, કાલકસુરીયા કસાઇ જેવું મન અને સગ્ગી માને પણ ગમે નહિ એવી વાચાવાળા પ્રાણી (જ્હેને માટે શાસ્ત્રકારો 'નારકી'ના જીવો એવું નામ આપે છે તેવા,) થવાય છે.

આ સર્વ ઉપરથી વાચક જો એમ નક્કી સમજ્યો હોય કે, નારકી બનવામાં-સિદ્ધ બનવામાં-દારૂ પીવામાં તેમજ વિદ્યા ભણવામાં સર્વમાં 'ટેવ' જ કામ કરે છે, તો પછી એ વાચકે આટલું પણ સમજવું જોઇએ કે, હજ્યારે ટેવથી **કડવી** ચીજને મીઠી કરીએ છીએ ત્યારે **મીઠી** ચીજને જ મીઠી કાં ન કરીએ? બીજા શબ્દમાં કહું તો, ટેવ **કેવી** ક્રિયાની પાડવી તે બાબતની **પસંદગી** કરવામાં શાણપણ વાપરવું જોઇએ. જ્યારે કોઇ રાજા એમ કહે કે, 'તમારે જોઇએ તે માંગો' ત્યારે **હલકી** વસ્તુ શામાટે માગવી જોઇએ? જ્યારે **દરેક** કામ ટેવવડે પ્રિય થઈ પડે છે ત્યારે **ટેવ સારામાં સારી જ** વાતની કેમ ન પાડવી? મહાન તત્વવેત્તા **પીથાગોરસ** પોતાના વિદ્યાર્થીઓને હમેશ કહેતો કે:—

**"उत्तममां उत्तम जीवन ग्रहण करो अने पछी 'टेव' ए जीवनने अत्यंत आनंदमय बनावशे."**

—'સમયધર્મ.'

# જ્ઞાન-ચર્ચા.

આ મથાળા નીચે આવતા લેખમાં ધર્મ, ફીલસુફી, નીતિ, સંસાર સુધારો, ગૃહ સુખ, સંઘ સુધારણા વગેરેને લગતા પ્રશ્નો ઉભા કરી વિદ્વાનો અને અનુભવી મહાશયો પાસેથી જવાબ મેળવી તે દ્વારા જૈન સમાજમાં ભિન્ન ભિન્ન બાબતોનું જ્ઞાન અને તર્કબળ વધારવા ઇચ્છયું છે. પ્રશ્નો ઉભા કરવામાં અને બીજાના પ્રશ્નોના ખુલાસા પોતાના જ્ઞાન અને અનુભવવડે લખી જણાવવામાં પોતાના સમયનો ભોગ આપવા સત્પુરૂષોને વિનંતિ કરવામાં આવે છે.

આજના અંકમાંના પ્રશ્નો અમોએ શ્રીયુત ગોકુળભાઈ **નાનજી ગાંધીને** લખી મોકલ્યા હતા, જેનો જવાબ નીચે પ્રમાણે મળ્યો છે.—**તંત્રી.**

(૧)

**પ્રશ્નઃ**—જ્ઞાન પાંચ પ્રકારનાં છે; મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવ જ્ઞાન અને કેવલ જ્ઞાન. હવે આમાંથી કયું જ્ઞાન આત્માનુભવ છે? ધારો કે મને આત્માનુભવ-આત્મસાક્ષાત્કાર-જરા થોડો સમય થઇ ગયો, તો તે આ પાંચ જ્ઞાનમાંથી કયું જ્ઞાન? શું બીજું શ્રુતજ્ઞાન હોઈ શકે? કારણ કે તેમાં કલ્પના, સમજ, વિચાર, નિર્ણય, પ્રતીતિ અને હું પુદ્‌ગલથી-શરીરથી-ભિન્ન છું એવો તેમાં અનુભવ થાય છે. મારા ધારવા પ્રમાણે અવધિજ્ઞાન ન હોય?

**ઉત્તરઃ**—આત્માનો નિર્વિજ્ઞાન એટલે અખંડ અનુભવ તે કેવલજ્ઞાન. આત્મા જાતે જ્ઞેય છે. જ્ઞેયની પ્રતીતિ તે જ્ઞાન, જ્ઞેયનો અનુભવ તે જ્ઞાન, જ્ઞેયને જેવડે જાણી શકાય તે જ્ઞાન. જ્ઞાન એ મનનો વિષય છે. તે જ્ઞાન-કેવલજ્ઞાન-નું મૂળ કારણરૂપ કે જ્ઞેયરૂપ આત્મા છે. જ્ઞેય આત્માનું અખંડ જ્ઞાન, નિર્વિશેષજ્ઞાન, નિર્વિકલ્પજ્ઞાન તે કેવલજ્ઞાન. આત્માનું ખંડિત

કે અલ્પ સમયનું જ્ઞાન તે મતિજ્ઞાન. મતિજ્ઞાન મુખ્ય બે પ્રકારનું છે, કુમતિ જ્ઞાન અને સુમતિજ્ઞાન. સુમતિજ્ઞાનને આભિનિબોધિકજ્ઞાન પણ કહેવામાં આવે છે. બહિર્દ્રષ્ટિનું જ્ઞાન કે જગદભિમુખવૃત્તિવંત જ્ઞાન તે કુમતિજ્ઞાન-દેહ જ્ઞાન કે મનોવિકલ્પ જ્ઞાન; અંતર્દષ્ટિજ્ઞાન કે આત્માનુભવરૂપ જ્ઞાન તે આભિનિબોધિકજ્ઞાન. અખંડજ્ઞાન થાય તો તે કેવલ જ્ઞાન કહેવાય, પરંતુ અખંડિતજ્ઞાન માટે આભિનિબોધિક જ્ઞાન-આત્માનું ખંડિતજ્ઞાન તે શ્રુતજ્ઞાન નથી. શ્રુતજ્ઞાન એ મનસહિત કર્ણનો વિષય છે, અને મતિ એ મનનો વિષય છે. મનની બે વૃત્તિઓ છે, આંતર્ અને બહિર્. બહિર્વૃત્તિએ જગત્ પ્રતીત થાય છે અને અંતર્વૃત્તિએ આત્મશાન્તિ-મનોશાન્તિ-પ્રતીત થાય છે; અંતર્ અને બહિર્વૃત્તિવિહીન તે પરમાત્મતત્ત્વ છે. શ્રીરામરૂપ વિવેકે મનરૂપ મરીચિ કે મારીચમૃગ-કનકમૃગ-કે મનમૃગને હણ્યો તે મન મૃગ દ્વિમુખ હતો; બે મુખ તે અંતર અને બહિર્મુખ જાણવાં. બહિર્વૃત્તિ એ કેવલ મન કહેવાય છે અને અંતર્વૃત્તિ એ થોડાઘણા પ્રમાણમાં મનની આત્માને વિષે વિલયતા હોઇ અગર તેમ કરવા પ્રયાસ હોઇ મનરૂપ આત્મા કહેવાય છે. મનરૂપ આત્મા એટલે આત્માને વિષે વિલય થતું મન કે મનોવૃત્તિ જાણવી. આત્માનું અલ્પ સમયનું જ્ઞાન, પછી તે ગમે ત્યારે થયું હોય તો પણ તે અવધિ નથી-અવધિના પેટા વિભાગજેવું ફક્ત ભાસ્યમાન થાય એટલુંજ. અવધિજ્ઞાન બે પ્રકારનું છે, સુઅવધિ અને કુઅવધિ. વિભંગ-બહિર્દષ્ટિનું સાત દ્વીપ અને સાત સમુદ્રપર્યંતનું જ્ઞાન-સાત ચક્રનું-અજ્ઞાનદશાની સૂક્ષ્મતામાં વાચાળ જ્ઞાન તે વિભંગજ્ઞાન અને આત્માની અમુક હદે સ્થિતિવાળું જ્ઞાન તે અવધિજ્ઞાન. તે પણ મતિ જ્ઞાનની ઉંચા પ્રકારની ખીલવણી સિવાય બીજું કશું નથી.

આત્માનો અનુભવ તો જ્યારે મનની આત્માનેવિષે થોડાઘણા પ્રમાણમાં વિલયતા થાય છે ત્યારેજ તે પ્રમાણમાં થવો સંભવે છે; પણ મનની આત્માને વિષે વિલયતા થયા સિવાય એ સંભવતોજ નથી. આત્મા જાતે શુદ્ધ, સર્વજ્ઞ, વિભુ, અને સચ્ચિદાનંદમય છે, એટલે આત્માને કાંઇ જાણવા કે જોવાપણું નથી, તેમ આત્માને કોઇ લોપી શકતું કે વિશેષ શુદ્ધ કરી શકતું નથી. આત્મા જેવો છે તેવોજ પોતાના સ્વરૂપે સ્થિત છે. આત્મા જ્ઞેય છે અને તેનું જ્ઞાન વિલયતાના પ્રમાણમાં મનને થાય છે. આજે થોડો વખત મનની આત્મામાં વિલયતા થઇ પાછી વિલયતા મટી ગઇ અર્થાત્ બહિર્દષ્ટિ થઇ ગઇ પણ અંતર્દષ્ટિએ જેમને આત્માનંદનો અનુભવ થયો તે યાદ રહી જાય છે અને હરવખત સાંભળ્યા કરે છે કે ફલાણે સમયે મને આત્માનો એવો આનંદ આવ્યો હતો કે જેની વાતજ ન થાય. એ અનુભવ મનને થયો. આત્માનો સત્ય અનુભવ થયા પછી જતોજ નથી. મનનેજ અનુભવ થયો તે મને મનનદ્વારા યાદ રાખ્યું. મનનું જ્ઞાન તે મતિજ્ઞાન; મનવડે નિશ્ચય કરેલું જ્ઞાન તે મતિજ્ઞાન. મનથી અટકળ કરેલું જ્ઞાન તે મતિજ્ઞાન. અંતર્દષ્ટિના અભ્યાસમાં મનના અલ્પ ક્ષયોપશમથી જે શાન્તિ થવી તેજ અલ્પ-ખંડિત-આત્માનુભવ જાણવો. આનેજ શબ્દશૈલીમાં આપણે ખંડિત સાક્ષાત્કાર કહીએ છીએ. અતિ સૂક્ષ્મ વિચાર કરતાં તે સાક્ષાત્કાર કે વાસ્તવ અનુભવ નથી. જ્યારે મનની સંપૂર્ણ વિલયતા થાય ત્યારેજ આત્મ-સાક્ષાત્કાર કે આત્માનુભવ થઇ શકે છે, તે સિવાય થઇ શકતો નથી; માટે મતિ, શ્રુત, અવધિ, અને મનઃપર્યવજ્ઞાન તે અનુભવજ્ઞાન નથી પણ એક જાતની મનોશાન્તિ ઓછા વત્તા પ્રમાણમાં છે. જેમ જેમ અંતર્દષ્ટિનો અભ્યાસ થતો જાય છે તેમ તેમ મનનો ક્ષયોપશમ થઇ મન શાંતતાને પામે છે, તેથી મનને એક જાતનો સ્વાભાવિક આનંદ સંપ્રાપ્ત થાય છે,

શકેને મન પોતેજ આત્માનંદ માને છે; પરંતુ આત્માનંદ તેથી જુદા જ પ્રકારનો છે; તેનો પ્રત્યક્ષસાક્ષાત્કાર કે અનુભવ થયા પછી તે પુન: જતોજ નથી. શબ્દ વ્યવહારસિદ્ધિમાટે મનના ક્ષયોપશમને ખંડિત આત્માનુભવ ગણી લેવામાં આવે છે તે પણ ઠીક છે. ક્ષયોપશમથી આત્માનંદનું કાંઇક વાનગીરૂપ ભાન થાય છે. આત્મસાક્ષાત્કાર એ ક્ષાયક છે. મતિ, શ્રુત, અવધિ અને મન:પર્યવજ્ઞાન એ મનના ક્ષયોપશમ પ્રમાણે કે મનની સૂક્ષ્મતા પ્રમાણે કે મનની ખીલવણીના પ્રમાણમાં ઉત્તરોત્તર વિશેષ અધિકારદર્શક નામો છે. મનના ક્ષયોપશમ પ્રમાણે મતિ, શ્રુત, અવધિ, અને મન:પર્યવ કહેવાય છે. મનની સંપૂર્ણ વિલયતા-ક્ષાયકભાવ-તે કેવળજ્ઞાન; એ દરજ્જે જોતાં આત્માનો ખંડિત સાક્ષાત્કાર-ક્ષયોપશમ-નો તે અનુભવની સ્થિતિના પ્રમાણમાં મતિ, શ્રુત, અવધિ, કે મન:પર્યવ કહેવાય. પણ સાધારણ રીતે સુમતિ એટલે આભિનિબોધિક જ્ઞાનમાં તેનો સમાવેશ થાય છે. આવા જ્ઞાનને મતિ, શ્રુત, અવધિ કે મન:પર્યવ કહેવામાં આવે તો તેથી બાધ જેવું નથી; પણ તેથી કેવલજ્ઞાન તો ન કહેવાય.

( ૨ )

**પ્રશ્ન:**—શું સમ્યક્ત્વ એ એક પ્રકારનું જ્ઞાન છે? એમ હોય તો ઉક્ત પાંચ પ્રકારમાંનું કયું જ્ઞાન? આનો ઉત્તર કદાચ એમ હોઇ શકે કે પહેલા ત્રણ પ્રકારનાં જ્ઞાન નામે મતિ, શ્રુત અને અવધિમાંના દરેક બે પ્રકારનાં-નામે મિથ્યાત્વ યા સમ્યક્ત્વ થઇ શકે. પરંતુ આત્મપ્રતીતિ-આત્માનુભવ-મતિજ્ઞાન નથી તો પછી તે શું છે? આત્માનુભવ કહું છું એટલે ઉપર પ્રમાણે કહ્યું તેમ થોડો વખત આવીને જતો રહેલો તે. કયું જ્ઞાન આત્માનુભવનો ઓછામાં ઓછો અંશ છે?

**ઉત્તર:**—અંતરદૃષ્ટિશ્રદ્ધા તે સમ્યક્ત્વ, અને બહિરદૃષ્ટિશ્રદ્ધા તે મિથ્યાત્વ. તત્ત્વાર્થની પ્રતીતિ તે સમ્યક્ત્વ, સામ્યભાવ તે સમ્યક્ત્વ, આત્મા એજ ઇશ્વર છે એવો નિશ્ચય તે સમ્યક્ત્વ; સમ્યક્ત્વ એટલે શ્રદ્ધા. કેવા પ્રકારની શ્રદ્ધા? આત્મતત્ત્વ શ્રદ્ધા. વીતરાગ સમ્યક્ત્વ અને વ્યવહાર સમ્યક્ત્વ એવા તેના બે ભેદ છે. આત્માને દેહથી ભિન્ન કેવલ ચૈતન્યમય, અનંતજ્ઞાન અનંતદર્શન અને અનંત ચારિત્રનો ધણી, સ્વયંપ્રકાશ, વગેરે શુદ્ધરૂપે નિરંતર જાણવો, તે ક્ષાયિકસમ્યક્ત્વ. તત્ત્વરૂચિનું પ્રકટવું તે ક્ષાયિકસમ્યક્ત્વ. ચાર અનંતાનુબંધીયા કપાય તથા દર્શનમોહનિય ત્રણ એ સાત પ્રકૃતિને ઉપશમાવવી તે ઔપશામિક સમ્યક્ત્વ. એ પ્રકૃતિના ઉદયને ખપાવ્યો અને બાકીનો ઉદય ન આવ્યો તે ક્ષાયોપશમિક. મુખ્ય વાત એ છે કે આત્માના જ્ઞાનમાં રૂચિ તે સમ્યક્ત્વ, અને આત્મવિમુખજ્ઞાનમાં રૂચિ તે મિથ્યાત્વ. સમ્યક્ત્વનું મૂળ મોહવિલયતા છે અને મિથ્યાત્વનું મૂળ મોહ છે. ઉપશમ સમ્યક્ત્વ આવ્યું અંતર્મુહૂર્ત રહે, પ્રતિપતિ તે આવે જાય. ક્ષાયોપશમિક તે ઉત્કૃષ્ટ છાસઠ સાગરોપમ રહે. આત્માનું નિરંતર ચોકસ જ્ઞાન તે ક્ષાયકસમ્યક્ત્વ એ નિસર્ગ સમ્યક્ત્વ કહ્યું. નિસર્ગ સમ્યક્ત્વ એટલે સ્વભાવે રૂચિ. ગુરૂઉપદેશથી તત્વમાં રૂચિ તે અભિગમ સમ્યક્ત્વ. તે ઉપશમભાવ અને ક્ષાયકભાવ.

ઉપરથી સમજાય છે કે જ્ઞાન અને સમ્યક્ત્વ એ ભિન્ન છે. જ્ઞાનમાં શ્રદ્ધા તે સમ્યક્ત્વ. મન અને આત્માનું સ્વરૂપ જાણવું તે જ્ઞાન. મનનો આત્મામાં વિલય કરવા માટે જે અતિ પ્રેમ ઉત્પન્ન થયો તે સમ્યક્ત્વ. અતિપ્રેમ દ્વારા મનનો આત્મામાં વિલય કરવા માટે પ્રયાસ

થતાં જેમ જેમ તેમાં ફલિભૂત થતું જવાય છે તેમ તેમ સમ્યકત્વ ઉચ્ચ કોટીને પામતું જાય છે. આત્મા જાતે પૂર્ણ છે માટે ઉચ્ચતર કોટીને પામનાર મન હોઇ આત્માનુભવનો ઓછામાં ઓછો અંશ મતિજ્ઞાન છે. મનની આત્મામાં વિલયતામાં મતિ, શ્રુત અને અવધિ કહેવાય છે અને બહિરદષ્ટિમાં મનોવ્યાપારમાં જે મનની સુક્ષ્મતા તેને કુમતિ, કુશ્રુત કે કુઅવધિ, તેનો જેમાં સમાવેશ થાય છે એવું વિભંગ જ્ઞાન (અજ્ઞાન) કહેવામાં આવે છે. જેમ જેમ આવરણોનો ક્ષય થતો જાય છે તેમ તેમ મતિજ્ઞાનાદિ પ્રકટ થતાં જાય છે. મતિજ્ઞાન અઠાવિસ પ્રકારનું છે અને શ્રુતજ્ઞાન ચોદ પ્રકારનું છે. જે મનન કરે તે મતિ. મન અને ઇન્દ્રિયોદ્વારા જે વડે વસ્તુનો બોધ થાય તે મતિ. શાસ્ત્રશ્રવણથી જે જ્ઞાન પ્રાપ્ત થાય તે શ્રુતજ્ઞાન. મન અને ઇન્દ્રિયોની અપેક્ષા વગર જે પ્રત્યક્ષ જ્ઞાન થાય તે અવધિજ્ઞાન ( આમાં મન સૂક્ષ્મ રૂપે છે. ) અવધિ એટલે સમર્યાદ, સમાપ. મનોપર્યાયનું જે વડે જ્ઞાન થાય તે મનઃપર્યવ જ્ઞાન. મનઃ+પરિ+અવ=મનઃ એટલે મનનું+પરિ એટલે ચોતરફ+અવ એટલે જાણવું. મનનું ચોતરફ જાણવું. કેવળ જ્ઞાન એટલે શુદ્ધ જ્ઞાન, અભેદજ્ઞાન, અખંડજ્ઞાન, સ્વતઃજ્ઞાન, અનંતજ્ઞાન—ઇત્યાદિ. એટલે શુદ્ધજ્ઞાન, અભેદજ્ઞાન, અખંડજ્ઞાન, સ્વતઃજ્ઞાન, અનંતજ્ઞાન-ઇત્યાદિ.

આત્માનુભવ થયા પછી તે જતો નથી માટે ખરૂં જોતાં કેવલ જ્ઞાન એજ આત્માનુભવરૂપ છે પરંતુ આત્માના ક્ષયોપશમને લઇને તેમાં જે શાન્તિ જણાય છે તેને અનુભવરૂપે મંડન કરવામાં આવે ત્યારે તો મતિ એ આત્માનુભવનો થોડામાં થોડો અંશ છે એમ ઉપરની વ્યાખ્યામાં સ્પષ્ટ સમજાય છે. (અપૂર્ણ.)

ટંકારા. ૧૨-૧૧-૧૨. —ગોકુળભાઇ નાનજી ગાંધી.

---

# સંસારની રાણીના જુલમમાંથી છુટવા મથતા બે મુસાફરો.

## વ્રત—નિયમનું વ્યવહાર સ્વરૂપ.

---

ચંપા નગરીમાં માકંદીશેઠના જિનરક્ષિત અને જિનપાલિત નામના બન્ને પુત્રો ઘણા સાહસિક હતા. તેઓ વળી જૈન ધર્મમાં શ્રદ્ધાવંત અને વ્યવહારમાં શુદ્ધ હતા. છતાં વણિક વર્ગને પેઢી દર પેઢી વારસામાં જે 'લોભ' નામનો કુબેરના ભંડારથી પણ મ્હોટો ખજાનો મળે છે તે ખજાનાથી તેઓ બેનશીબ રહેવા પામ્યા નહતા. લડવું તે ક્ષત્રિયના બાપનું અને રળવું તે વાણીઆના બાપનુંજ છે. જેમ ક્ષત્રિયો જેવી શુરાતનથી જીતેલી લડાઇઓ બીજી સંભળાઇ નથી તેમ વાણીઆ જેવી ધીરજ, સહનશીલતા, દીર્ઘદષ્ટિ અને સમયસૂચકતા વેપારમાં કોઇ કોમે વાપરી જાણવામાં આવી નથી. હાલની માફક તે પુરાણા જમાનામાં કાંઇ વિજળી વેગેથી ચાલતી અને સર્વ સગવડોથી ભરપુર મહેલ જેવી આગબોટો ન હતી, પણ પવનના વિશ્વાસ ઉપર મુકવામાં આવતાં વ્હાણો કે જે ક્યહાં અને

ક્યારે જઇ ચ્હડશે તે ખાત્રીપૂર્વક કહી શકાતું નહિ તેમાં સફરો કરવાની હતી. એવી સાહસિક અને જોખમી ૧૧ સફરો કરી અખૂટ દ્રવ્ય મેળવવા છતાં **જિન**રક્ષિત અને **જિન**પાલિત હજી ધરાયા નહોતા, અને ડાહ્યા છતાં '**જેઓ ધનથી ધરાતા નથી ત્હેમને લોભ લૂંટે છે**' એ કહેવતથી હજી અજાણ્યા હતા.

ધનના લોભી આ બે વણિક બંધુઓએ પોતાનાં વહાણ દરીઆમાં એકવાર ફરીથી હંકાર્યાં. કેટલેક દિવસે સમુદ્રમાં મહાભારત તોફાન શરૂ થયું. વિકાળ મોઝાં પોતાનાં રાક્ષસી ડાચાં વિકાસી વ્હાણને આખાં ને આખાં હોઇઆં કરવા મથતાં. વ્હાણો ઘડીમાં પાતાળની ગુફામાં પછડાતાં અને ઘડીમાં આકાશ તરફ ફેંકાતાં છેવટે જ્યહારે એક ભયંકર મોઝાએ બન્ને ભાઇઓ જે વ્હાણમાં હતા તે વ્હાણને પોતાના ડાચામાં પકડયું અને ગળવા માંડયું તે વખતે **જિન**રક્ષિત સિવાયના બધા માણસો અર્ધગાંડા બની ગયા, આ સાહસ માટે પોતાને ગાળો દેવા લાગ્યા, કોપેલા દૈવને કરગરવા લાગ્યા અને ચીસો પાડવા લાગ્યા. **જિન**પાલિતે તો સોગન લીધા કે આ સંકટમાંથી બચ્યું તો ફરી કદી સફરનું નામ જ દઉં નહિ !

પણ આ સઘળું તોફાન **જિન**રક્ષિત **શાંતપણે** જોયાં કરતો હતો. તે ગભરાયો નહિ, રડયો નહિ, બાધા આખડીના ભૂલા ભમ્યો નહિ કે સોગન લેવા તત્પર થયો નહિ. પુદ્ગળનો સ્વભાવ અને પૂર્વ કર્મનું અનિવાર્ય ફળ ત્હેના ખ્યાલમાં હતું. 'વળી કરવું ત્યહાં ડરવું કશું ?' એ તે બરાબર સમજતો હતો. **તે દૃઢ મનનો હતો.**

વ્હાણ ભાગ્યું; માત્ર બે ભાઇઓ સિવાય સર્વે ડૂબી મુઆ. ભાગ્યયોગે મળી આવેલા પાટીઆની મદદથી તેઓ બંને **રત્ન**દ્વિપ નામના બેટ ઉપર આવી પહોંચ્યા.

એ બેટ ઉપર **રયણા**દેવી નામની એક વિષયરાગી અને ઘાતકી દેવીની સત્તા હતી. તે દેવી પોતાના સીરસ્તા મુજબ આ બન્ને ભાઇઓ પાસે આવીને પ્રથમ ધમકીથી અને પછી ભોગવિલાસની લાલચથી ત્હેમને પોતાની સાથે લઇ ચાલી. ત્હેમને એક ભવ્ય મહેલ, સુંદર ઉપવન અને સુખની સર્વ સામગ્રીઓ આપી અને ત્હેમની સાથે પોતાને મનગમતા ભોગ ભોગવવા લાગી. કેટલાક દિવસ એમ પસાર થતાં, દેવીને ઇંદ્ર રાજાનું તેડું આવવાથી ત્યહાં જવું પડયું; તેથી તેણે નીકળતી વખતે પોતાના બંને દિલજાનોને કહ્યું કે આ મહેલની ત્રણ દિશાના ત્રણે બાગોમાં ફરી નવનવિન ફળ ખાઇ આનંદમાં રહેજો; પણ ચોથી દક્ષિણ દિશાના બાગમાં એક ભયાનક નાગ રહે છે, જે ત્હેની પાસે જનારને ડસે છે. માટે તે દિશામાં જતા નહિ. "

જે વસ્તુના ઉપર પડદો નાખવામાં આવે છે તે વસ્તુ ઓર **વધારે** જિજ્ઞાસા ઉત્પન્ન કરે છે. દેવીના ગયા પછી આ બન્ને ભાઇઓને વિચાર થયો કે અમુક દિશામાં જવાની મના કરવાનું કાંઇક ખાસ કારણ હોવું જોઇએ. તેઓ પોતાની જિજ્ઞાસા તૃપ્ત કરવા દક્ષિણ દિશામાં ચાલ્યા. રસ્તે ચાલતાં તેઓની આંખોએ મનુષ્યનાં હાડપિંજર જૂદા જૂદા વિકાળ રૂપમાં જોયાં, કાને સૂળી ઉપર વિંધાતા નાજુક યુવાનોના આક્રંદમય શબ્દો સાંભળ્યા અને નાકે બેભાન કરી નાખે એવી સખત દુર્ગંધ અનુભવી. એક સૂળી ઉપરનો યુવાન આ બંને ભાઇઓને જોઇને બોલ્યો કે, " હે કમનશીબ પ્રાણીઓ! હમે શું સુખ

સમજી અહીં મ્હાલો છો? રયણા દેવી જેવી મોહિની અને સ્વાદિષ્ટ ફળ ફુલ તથા મનહર ગાનતાન મળતું હોવાથી ત્હમે આને સુખનું ધામ માનો છો, પણ **એવીજ** ભૂલ કરવાથી આ સ્થિતિએ આવી પડેલા મુજ રંકનાં વચન સત્ય કરી માનજો કે વહેલીમોડી ત્હમારી પણ મ્હારા જેવીજ વલે છે. શું ત્હમને એ દેવીએ પ્રથમ પોતાની ઇચ્છાને આધિન કરવા માટે વિક્રાળ રૂપથી છળ્યા નહોતા? એ વિક્રાળ રૂપ તે ત્હેણીનું અસલ રૂપ છે. જે સુંદરતા, કોમળતા, નવિનતા અને નખરાં ત્હમે પાછળથી જોયાં તે તો વૈક્રિય રૂપ છે–બનાવટી છે. ત્હમારી યુવાની જવા માંડવાથી, અગર યુવાની છતાં પણ ત્હમારામાંથી વીર્ય ઘટતું જવાથી, અગર યુવાની અને વીર્ય બંને છતાં પણ ત્હમારાથી સહજ કુડું પડવાથી, ત્હમારી દશા મ્હારા જેવી અને ત્હમારી આસપાસ જે અસંખ્ય હાડપીંજરો જુઓ છો તેવીજ થવાની, એ નિશ્ચય માનજો."

એ શબ્દો સાંભળતાં જિનપાલીત ધ્રુજવા લાગ્યો. જિનરક્ષિત પણ ડર્યો તો ખરો, પરન્તુ ત્હેની બુદ્ધિ સંકટોમાં ગુમ થતી નહિ. ત્હેણે હવે વિચાર્યું કે, જો કે અહીં આપણું કોઇ બેલી ન હોવાથી આ દેવીનો હુકમ માન્ય કરીને ત્હેની સોબત કર્યા સિવાય **આપણો છૂટકો નહોતો**, તો પણ "વિષયનાં ફળ બુરાં છે" એ શાસ્ત્રવચન સુણેલાં હોવા છતાં આપણે ત્હેના મોહપાસમાં અંધ જ બની રહ્યા અને ત્હેમાંથી પહેલે જ પ્રસંગે છૂટવાની કોશીશ કરવાનો વિચાર સરખો પણ આપણા મનમાં આવવા પામ્યો નહિ એ કેવી મૂર્ખતા!

આ તરફ જ્યહારે તે આમ આત્મનિંદા કરતો હતો તે વખતે જિનપાલિત "અરે રે, અરે રે" એવા ઉદ્‌ગારો અને ધ્રુજારથી ગાંડો અને વધારે ગાંડો બનતો જતો હતો; અને તે જ વખતે સુળી ઉપરના યુવાનને છેલ્લો શ્વાસ લેવાનો વખત હતો. મરતાં મરતાં બે મનુષ્યહિંસા અટકાવવાના હેતુથી "ત્હમે પૂર્વ બાગમાં શેલકયક્ષને વિનવશો તો ઘરભેગા થવા પામશો" એટલું બોલવાની સાથે જ ત્હેણે પ્રાણ છોડયા.

પોતાના હિતેચ્છુના શાંત શબને જોતા, તથા એવીજ સ્થિતિ કદાચ પોતાની થશે એમ વિકલ્પો કરતા બન્ને ભાઇઓ દિગ્મૂઢ થઇ ઉભા. કેટલીક વારે, સ્વભાવથીજ દૃઢ મન વાળો અને એક ખત્તાથી વધારે દૃઢીભૂત થયેલા મનવાળો જિનરક્ષિત બંધુને લઇ પૂર્વ બાગમાં ચાલ્યો. ત્યહાં આવી આંખમાંનાં આંસુની ધારાથી યક્ષના પગને ન્હવરાવતો, આડાઅવળા વિખરાઈ ગયેલા ચોટલાથી યક્ષના પગ આગળની રજને વાળતો, બે હાથ ભેગા કરી ત્હેના સંપુટમાં કાલાવાલાનું ભેટણું ધરતો હોય ત્હેમ, કહેવા લાગ્યો કે, "હે ત્રાતા! અમને બચાવો; દયાળુ દેવ! આ ઠગારી ભૂમિમાં અમે ઠગાઈ બેઠા છીએ, એટલુંજ નહિ પણ આપની સ્હાય વગર અમારા પ્રાણ પણ બચવાના નથી. અમે ત્હમારા શરણે આવ્યા છીએ, મહાદુઃખી છીએ, નાસવાના રસ્તાથી અજાણ્યા છીએ, ચોતરફ પડેલા મહાસાગરને તરવા અશક્ત છીએ, અમારા શત્રુથી લડવા કાયર છીએ, મહા–મહા દુઃખી છીએ. અમને ફસાવનાર હમણાં જરા દૂર છે તેટલામાં અમને બચાવો, રે બચાવો."

જે નિરાધારને આધાર આપવાનો ધંધોજ લઇને આ બેટમાં બેઠો છે, દુઃખીને સાન્ત્વન આપવાનો અને બુડતાને બચાવવાનો જહેનો કુદરતી સ્વભાવ છે તે શેલક યક્ષે ત્હેમને આશ્વાસન આપ્યું અને કહ્યું કે, "હું ત્હમને બંનેને મ્હારી પીઠ ઉપર બેસાડી સમુદ્ર પાર

ત્હમારા સ્વગૃહે પહોંચાડવા તૈયાર છું; પણ એટલું યાદ રાખજો કે ત્હમારા મનને જરા પણ ચલિત થવા દેશો તો મ્હારી પીઠપરથી ગબડી પડશો."

શેલક યક્ષ ત્હેમને લઈ સમુદ્રના અગાધ જળથી અદ્ધર ઉડવા લાગ્યો તે વખતે, વિશાળ કાગળના પાના જેવી પાણીની સપાટી જોઇને, વિશ્વની વિશાળતા જોઈને તથા સૂર્યનો અપ્રતિબદ્ધ પ્રકાશ જોઇને ત્હેમને નવુંનવું જ્ઞાન થવા લાગ્યું અને તેઓ કદી નહિ અનુભવેલા આનંદ અને આશ્ચર્યમાં ડૂબકી ખાવા લાગ્યા. શેલક એટલી તો ઝડપથી ઉડતો હતો કે ત્હેને વળગી રહેવું આ બંને યુવાનો માટે મુશ્કેલ થઇ પડયું હતું; છતાં તેઓ દૃઢતાથી વળગી રહ્યા હતા અને વળી તે યક્ષ પણ ત્હેમને પડતાં અટકાવવા માટે વારંવાર કાળજી રાખતો હતો. એમ કરતાં જ્યહારે તેઓ મધ્ય સમુદ્રમાં આવ્યા ત્યહારે દુષ્ટ યક્ષણીને ખબર પડવાથી તે ત્હેમની પાછળ પડી અને લગભગ ત્હેમની નજીક આવીને વિકાળરૂપ બનાવી ડરાવવા અને ધમકાવવા લાગી કે, "રે ધૂર્તો! ત્હમે મ્હને આવી રીતે ઠગી જાઓ છો પણ હમણાં હું ત્હમને ચીરી નાખીશ, ત્હમારા ટુકડે ટુકડા કરીને તળી ખાઇશ. માટે જીવતર વ્હાલું હોય તો મ્હારી સાથે પાછા ચાલો." પરંતુ યક્ષના રક્ષણમાં આવેલા અને ત્હેના ઉપદેશથી દૃઢ બનેલા બન્ને યુવાનો પૈકી એકે ડગ્યો નહિ; કોઇએ ત્હેના સામું સરખું પણ જોયું નહિ.

પરંતુ આપણે ઘણીવાર જોઇએ છીએ કે, જેઓ ઝગમગતી તલવારને તાબે થતા નથી તેઓ માત્ર એકજ મંદ હાસ્ય કે એકજ મીઠી નજર કે એકજ લલિત વચનના આધિન આધિન થઈ જાય છે, અને એ જ કારણથી કામદેવનું બાણ કુસુમ કલ્પ્યું છે.

આ બંને ભાઇઓ પાસે દુષ્ટાની ધમકીનું કાંઈ ચાલ્યું નહિ ત્યહારે ત્હેણીએ સુંદર સોળ શણગારથી શોભતી અને આછા ઘુંઘટથી હાવ ભાવ કરતી સુંદરીનું રૂપ લઇને સજળ નેત્રે કરગરવું શરૂ કર્યું: "મ્હને અબળાને અટવીમાં મુકીને શું ત્હમે પ્રાણાધારો જતા જ રહેશો? અહીં મુજ રંકનું કોણ બેલી? આટલા દિવસની પ્રીતિ કાંઇક તો યાદ કરો!" વળી ફુલોના હાર અને સુગંધી જળની વૃષ્ટિ કરીને બોલી: "પ્રાણેશ! પાછા પધારો તો હું આપના પગ પૂજું."

આ છેલ્લા બોલથી જિનપાલિત પાછું ફરી એકવાર જોવા લલચાયો, અને એક દૃષ્ટિ થતાંજ ત્હેનું મન ડગમગવા લાગ્યું; તેવોજ તે યક્ષની પીઠ ઉપરથી ગબડી પડ્યો. ત્હેને નિરાધાર થયો જોઈ, રયણાદેવીએ રાક્ષસી રૂપ ધારણ કર્યું અને રંક ઉપર રાડ કરવા લાગી, સૂળીથી ત્હેને ભોંકવા લાગી, અદ્ધર ઉછાળી સૂળી ઉપર ઝીલવા લાગી અને ત્હેના ટુકડેટુકડા કરી દશે દિશામાં ફેંકવા લાગી.

એ દરમ્યાન જિનરક્ષિત ક્યારનોએ ચંપાનગરીએ પહોંચી ચુક્યો હતો. તે હવે ઘેર જઈ જિનદેવની આજ્ઞાઓ દૃઢપણે પાળવા લાગ્યો અને છેવટે વીરભગવાનના ઉપદેશથી દીક્ષા લઈ શુદ્ધ ચારિત્ર પાળી કાળ કરી પહેલે દેવલોકે ઉપન્યો, ત્યહાંથી મહાવિદેહ ક્ષેત્રે મનુષ્યભવ પામી આકરી ક્રિયાઓ કરી મોક્ષ જશે.

આ વાતમાં મહાસાગર તે ભવોની પરંપરા બતાવે છે. રત્નદ્વિપ તે મનુષ્યભવ સમ-

જવો. **રયણાદેવી એ વિષય લાલસા સમજવી,** કે જે પ્રથમ લલચાવવા માટે સુંદર રૂપ ધારણ કરે છે અને પાછળથી સૂળી ચડાવવા વખતે ( એટલે કે મહા દુઃખી કરવા માટે ) વિકરાળ રૂપ ધારણ કરે છે. મેલા બે ભાઇઓએ જે અસંખ્ય હાડપિંજરો વિવિધ રૂપમાં જોયાં તે વિષય લાલસાથી ખુવાર થયેલા મનુષ્યોની મ્હોટી સંખ્યા સૂચવે છે.

સૂળી ઉપરના યુવાને મરવાની અણી વખતે બોધ કર્યો તેવા બનાવ ભાગ્યશાળી પુરૂષોના સંબંધમાં સંસારમાં પણ ક્વચિત્ ક્વચિત્ નજરે પડે છે. કોઇ કોઇ માણસો વિષયમાં પડી ખુવાર થાય છે પણ મૂળે વિદ્વાન કે ડાહ્યા હોવાથી ત્હેને માટે પસ્તાય છે; પસ્તાવા છતાં તેઓ વિષયની સત્તામાં એટલા તો સપડાઈ ગયા હોય છે કે તેથી છૂટી શકાતું નથી–માત્ર પોતાના જાત અનુભવથી બીજાઓને શિખામણ આપી એ ખાડમાં પડતા અટકાવવાની કોશીશ જેટલું કામ કરી શકે છે. એવાઓનો બોધ મેળવનાર ખરેખર ભાગ્યશાળી સમજવો.

**જિન**પાલિત કાચા મનનો હતો અને **જિન**રક્ષિત સ્થીર મનનો વિચારશીલ હતો. સંસારમાં આવી પડેલો હોવાથી તે જમીનની અધિષ્ઠાતા દેવી "સ્ત્રી"થી તદ્દન સ્વતંત્ર બનવું એટલી શક્તિ તો આપણામાં નથી, પરંતુ ત્હેના મોહપાસમાં છેકજ ગરકાવ નહિ થતાં વખત આવ્યે તે **હદવાળા** પ્રેમમાંથી–તે **કાચી** કેદમાંથી છૂટી નાસવાની તક શોધવા મથવું એજ વ્યાજબી છે એમ ત્હેને પાછળથી વિચાર થયો.

**શેલક** યક્ષ તે સદ્ગુરૂની ઉપમા છે. ત્હેની પાસે ખરા મનથી યાચવાથી તે સમુદ્રપાર ( ભવજળપાર ) ઉતારવાનું માથે લે છે. જેમ વ્હાણના મધ્યભાગમાં ભવ્ય ઓરડામાં બેઠેલા સુકુમાર નરને વ્હાણનો કપ્તાન કહે છે કે " તારે વ્હાણના કઠેરા આગળ જવું નહિ, કારણ કે ત્હને ફેર ચડશે અને તે 'ફેર' સામા ટક્કર ઝીલવાની ત્હારી શક્તિ નથી તેથી આવું મોટું વ્હાણ મળવા છતાં મરણને આધિન થઇશ", તેમજ સદ્ગુરૂ પણ ત્હેની યાચના કરનારને ચેતવે છે કે 'હું જે બોધ કરૂં અને જે જે આજ્ઞા ફરમાવું તેમાં દઢ મન રાખજે. જરાપણ મન ફેરવીશ નહિ; નહિ તો ત્હને 'ફેર' આવશે ( વિષયોની અસર લાગશે તેથી ચિત્ત ચગડોળે ચડશે ) અને તે ફેર સામા ટક્કર ઝીલવાની ત્હારી શક્તિ ન હોવાથી મ્હારા જેવો 'તારો' મળવા છતાં તું અગાધ ભવજળમાં રડવડી મરીશ—રયણાદેવી (વિષય પાસ) વડે હણાઇશ, કપાઇશ, છેદાઇશ અને મહાદુઃખી થઇશ. "

માણસ જેમ વિષયથી વિરક્ત થવા ઠરાવ કરે છે તેમ તેમ વિષય વધારે અને વધારે યુક્તિઓથી અને વધારે જુસ્સાથી ત્હેને લલચાવે છે. રયણાદેવીએ નાસતા આશકોને પ્રથમ કરતાં પણ વધુ હાવભાવ અને લાલચોથી ફસાવવા કોશીશ કરી, ત્હેમજ વિષયથી છુટવા મથનારને એવા ઘણા પ્રસંગો મળે છે કે જે રયણાદેવીના જેવાજ શબ્દો અને હાવભાવથી લલચાવે છે અને છેવટે એક રજ માત્ર ચળાયમાન થતાં તે નર આસનભ્રષ્ટ થઈ ડુંગરની ટોચ ઉપરથી ગુફાના ગર્ભમાં લથડી પડે છે અને ત્હેના ટુકડેટુકડા થઈ જાય છે.

ધંધામાં કે ધર્મકાર્યમાં દઢતા વિનાનો માણસ નકામો છે. તે એક તરખલાની માફક, ઘડી ઘડી દિશા બદલના પવનની લહરીમાં ઘડીમાં આમ અને ઘડીમાં તેમ ઉડયાં કરે છે; પૈસો કે ધર્મ કાંઈ પ્રાપ્ત કરી શકતો નથી. **માણસે મગજને સીસા જેવું ભારે અને અંગોને રૂ જેવા હળવાં બનાવવા કોશીશ કરવી જોઇએ,** જેથી મગજ આમ તેમ ઉડી શકે નહિ અને ચપળ અંગો મજબુત મગજનો હુકમ થતાંની સાથેજ સ્હેલાઇથી ગતિ કરે.

મગજની દઢતા અને વ્રતપાલન એ બન્ને એક જ ગુણનાં જૂદાં જૂદાં નામ છે; માટે વ્રતોની જરૂર કેટલી અનિવાર્ય છે અને કેવાં વ્રતો વ્યવહારૂ ગણાય તે હમણાં જ વિચારીશું.

## વ્રત પ્રત્યાખ્યાનની જરૂર છે કે?

"મન ચોખ્ખું હોય તો બાધા-પ્રતિજ્ઞાની કે વ્રત પચ્ચખાણની શી જરૂર છે?" એમ કહેનાર યુવાન વર્ગ હમણાં ઠેકાણે ઠેકાણે જોવામાં આવે છે. એકલા અંગ્રેજી કેળવણી પામેલા યુવાનો જ નહિ, પણ કાંઈ પણ કેળવણી નહિ પામેલા અને જેહેમાં દેખીતું સુખ જોવામાં આવે એવી બાબતોમાં નકલ કરવા કુદી પડનારા યુવાનો પણ સ્વતંત્રતાના હિમાયતી થઇને કોઈ રીતે બંધનથી છૂટા રહેવા માગે છે અને બાધા-પ્રતિજ્ઞાને ખાલી ડોળ-બાહ્ય દેખાડો ગણી હસી કાઢે છે, જે ઘણું ખેદકારક છે. એમ બોલનાર લોકો કેવળજ્ઞાનીના ઉપદેશને લોકોમાં જૂઠો પાડે છે, અને પોતાનો ચેપ બીજા આસ્તિક પણ ઉંડી વિચારશક્તિ વગરના લોકોને લગાડી ત્હેમને ભ્રષ્ટ કરે છે.

સિંહને પાળનાર પહેલાં તો ત્હેને બંધનમાં જ રાખે છે. પણ જ્યહારે તે બરાબર કેળવાય છે અને જ્યહારે કોઈ પશુ અગર મનુષ્યને જોઈ ત્હેના ઉપર તરાપ મારવાનો પોતાનો સ્વભાવ ભૂલી જાય છે **ત્યહારે જ** ત્હેને છુટો રાખવામાં આવે છે. કારણ કે પછી દરેક પ્રાણી ત્હેની પાસે **નિડરપણે** જાય છે અને તે સિંહ વગરબંધને પણ કેળવણીથી બંધાયલો જેવોજ-નહિ બ્હીવા લાયક ગણાય છે. ત્હેમજ માણસે પણ **પહેલાં તો** બાધા-પ્રતિજ્ઞાથી બંધાવું જ જોઇએ. જ્યહારે તે એટલી દઢતાવાળી સ્થિતિમાં પહોંચે કે કોઈ પણ પ્રાણી ઉપર ત્હેને રાગ-દ્વેષ ન જ રહે ત્યહારે ત્હેને પ્રતિજ્ઞાની જરૂર ભલે ન હો; કારણ કે કુતરો અને બિલાડી, વાઘ અને બકરી, સર્પ અને નોળ સર્વ ત્હેની પાસે જતાં પોતાનું સ્વાભાવિક વેર પણ ભૂલી જાય છે. એવી સ્થિતિ આવતાં સુધી તો ત્હેણે વ્રત પચ્ચખાણ-બાધા પ્રતિજ્ઞાથી છૂટા રહેવાની આત્મઘાતક ઇચ્છા ન જ કરવી જોઇએ.

માણસ જ્યહારે તદ્દન જંગલી સ્થિતિમાં હતો ત્યહારે ત્હેના ઉપર કાંઈ દાબ (રાજકિય કે સામાજિક) નહિ હતો. જમ જમ ત્હેનામાં વિચારશક્તિ ખીલતી ગઈ ત્હેમ ત્હેમ અરસ્પરસના બચાવ માટે, પોતાના સ્વાભાવિક હક્કોના રક્ષણોની અને ન્યાય-નીતિ-ધર્મ-વિદ્યા કળા આદિની ખીલવટ માટે અમુક દાબની જરૂર જણાઈ. રાજા ત્યહારેજ સ્થપાયો, થોડા થોડા કાયદા પણ ત્યહારેજ ઘડાયા. માણસના સુધારાના એ પહેલા પગથીઆના જમાનાથીજ, જેઓ અમુક દાબ તળે રહેતાં શીખ્યા તેઓ દાબ વગરના બીજા વર્ગને, જંગલી, નામથી ઓળખવા લાગ્યા. જ્હેમ માણસની બુદ્ધિ વધારે ખીલતી ગઈ ત્હેમ દાબ અને કાયદાવ ધારે વ્યાજબી અને સારા પાયા ઉપર મુકાયા. આપણે જોઇએ છીએ કે ડાહ્યામાં ડાહ્યા લોકો કાયદાને વધુમાં વધુ માન આપતા આવ્યા છે.

તદ્દન દાબ વગરની સ્થિતિ કરતાં દાબવાળી સ્થિતિ વધારે માનની ચીજ છે; મધમાખ કરતાં પતંગીઉં જો કે વધારે સ્વતંત્ર છે તોપણ માણસજાત મધમાખને વધુ માન આપે છે; કારણ કે તે ઉદ્યમ કરવાના અમુક નિયમોને તાબે રહીને કામ કરે છે અને

તેથી **“ઉદ્યમના અવતાર”** તરીકે આળસુ મનુષ્યોને દ્રષ્ટાંત રૂપ થઈ પડે છે અને કેટલાકને મધ પૂરૂં પાડે છે.

જે લંપટ લોકો છે તેઓ શીલના બંધનમાં રહેવાનું શાસ્ત્રવચન માન્ય કરતા નથી જે આળસુ લોકો છે હેમને ઉદ્યમનો બોધ ગમતો નથી, જે વંઠેલા લોકો છે હેમને કાયદાને માન આપવાની શિખામણ તે જાણે કે પોતાની સ્વતંત્રતા છીનવી લેવાના પ્રયત્ન સરખી ભાસે છે; અને જેઓ ઇંદ્રિયોના ગુલામ છે તેઓજ બાધા–પ્રતિજ્ઞા અને વ્રત–પચ્ચખાણની વિરૂદ્ધમાં હોય છે. દેવ અને ગુરૂની સમક્ષ લીધેલાં વ્રત પચ્ચખાણના બંધનમાં છતાં જેઓ સીધા રહી શકતા નથી તેઓ માત્ર મનની ક્ષણિક કલ્પનાના ઝીણા તંતુથી કેમ બંધાઈ રહે ?

ઈંગ્લંડ દેશમાં સ્વતંત્રતાની બડાઈખોર વાતો ઘણી સાંભળવામાં આવે છે; પણ તે વિદ્વાનો અને અમલદારો કરતાં ધક્કાગાડી ખેંચનારા, ભઠીઆરા, નવરી બૈરીઓ અને ન્હાનાં છોકરાંના મોંઢેથી જ **વધારે** સાંભળવામાં આવે છે. સ્વતંત્રતાના શોખીન જમાનામાં અને તેવા દેશમાં જ જન્મેલો **જોન** રસ્કીન વ્યાજબી દાબ અને કાયદાની હીમાયતમાં લોકોને લંબાણ ઉપદેશ કરતાં કહે છે કે, **“મનુષ્યત્વનું ચિન્હ દાબ છે, અને પશુત્વનું ચિન્હ સ્વતંત્રતા છે, અને માણસ જહેમ વધારે કાયદાને માન આપે છે ત્હેમ થોડા ગુન્હાને પાત્ર થાય છે.”** જે જૈન યુવાનો અને બીજાઓ અંગ્રેજી નકલ કરવાની ટેવને લીધે અથવા બીજા કોઈના ઉપદેશથી હદ ઉપરાંતની સ્વતંત્રતાના શોખીન બન્યા છે, ત્હેમને **જોન** રસ્કીન જેવા પ્રખ્યાત પુરૂષના આ વાક્યથી વધારે હૃદયભેદક વાક્ય બીજેથી જડવું મુશ્કેલ છે.

વ્રત પચ્ચખાણથી, પાર બાંધેલા સરોવર માફક, નવીન પાપો રૂપી જળ આવતું અટકે છે; એટલું જ નહિ પણ ઈંદ્રિયો ઉપર દાબ રહે છે–જેથી ધાર્મિક લાભ ઉપરાંત વ્યવહારિક લાભ પણ અસાધારણ થાય છે. માટે દરેક માણસે યથાશક્તિ વ્રત પચ્ચખાણના બંધનમાં તો રહેવું જ જોઇએ. આ જગાએ એટલું કહેવું જરૂરનું છે કે અમુક વનસ્પતિ નહિ અમે ખાવાની કે એવી બીજી બાધાઓ બહુ મહત્વની વધારે વિચારવાન બાધાઓ કે જેથી કુકર્મોથી અળગા રહેવાય એવી બાધાઓ ઉપર વધુ ચિત્ત આપવું તે વધુ કલ્યાણકારી છે જૂઠું બોલવાની ટેવ વાળાએ એક રાત્રીદિવસ પર્યંત જૂઠું નહિ બોલવાની, ચોરીની આદત વાળાએ એક અઠવાડીયા સુધી ચોરી નહિ કરવાની, ઉતાવળીઆ અને બહુબોલાં સ્ત્રીપુરૂષોએ પખવાડીઆ સુધી કાંઈ કામ કરવા અગાઉ અગર કાંઈ બોલવું શરૂ કર્યા અગાઉ મનમાં એકથી પચીસ ગણવાની, વ્યભિચારી નરનારીઓએ એક મહીના સુધી પર સ્ત્રી કે પર પુરૂષ સામું નહિ જોવાની, બિભત્સ વાતો નહિ કરવાની, નહિ સાંભળવાની અને નહિ વાંચવાની બાધા લેવી તે ઘણું મુશ્કેલ નહિ પડે, અને તેથી ત્હેમને બેહદ ધાર્મિક ત્હેમજ વ્યાવહારિક લાભ થશે. એટલી મુદ્દત પુરી થયેથી બીજી મુદ્દત વધારતા જવું.

મ્હારા સાંભળવા પ્રમાણે, જે માણસ **પચ્ચખાણ લીધા વિના** વીતરાગની શ્રદ્ધાએ નિયમ રાખે છે તે ચોથું ગુણસ્થાનક અતિક્રમતો નથી અને જે માણસ શ્રદ્ધાસહિત એક નિયમ **પચ્ચખાણ સાથે** કરે છે તે પાંચમા ગુણસ્થાનકે જાય છે; માટે પચ્ચખાણ **સાથે** નિયમ કરવાથી એટલો ગુણ વધે છે અને અવ્રતપણું દૂર થાય છે; માટે અવશ્ય પચ્ચખાણ કરવાં

જોઇએ. જો કોઈ નિયમનાં પચ્ચખાણ નથી કર્યા હોતાં તો તેવો માણસ અણી આવ્યે કાયમ રહી શકતો નથી, પણ જો પચ્ચખાણ કર્યાં હોય છે તો મન મલીન થયા છતાં પણ **પચ્ચખાણ ભાગવાના દોષના ડરથી** તે નિયમ બરોબર પળી શકે છે. શ્રી **ભ**ગવાને કહ્યું છે કે, કોઈ પચ્ચખાણ મલીન થઈ જાય તો ત્હેનું આલોવણ લેવું; પણ પચ્ચખાણ કરવાં તો જોઇએ જ.

કેટલાક કહે છે કે, "આપણું મન સ્થિર નથી, તો સામાયિક-પ્રતિક્રમણાદિ કરવાથી ઉલટો દોષ લાગે છે," આમ કહે છે તે મ્હોટી ભૂલ છે; કારણ કે, એ વ્રતોમાં **મનની અનુમોદના**નાં પચ્ચખાણ કરવામાં આવતાં નથી માટે તે બાબતનો અમુક દોષ લાગેજ નહિ; પણ સામાયિક આદિ કરવાથી મન સ્થિર થવાનો ગુણ આવતો જાય છે, માટે **એ લાભ ખાતર** વ્રત પ્રત્યાખ્યાન આવશ્યકિય છે.

કેવી જાતના 'નિયમો' પોતાને માટે વધારે **જરૂરના અને શક્ય** છે તે બાબતનો નિર્ણય કરવાનું કામ દરેક મનુષ્યની સ્વતંત્રતા પર છોડવું જોઇએ. ઉપદેશકો અને મનુષ્ય જાતના હિતચિંતકોની ફરજ માત્ર એટલીજ છે કે, જગતને મનુષ્યત્વનાં લક્ષણો કહી સંભળાવવાં અને મનુષ્યત્વને ખલેલ કરનારા પદાર્થો અને ભાવોથી ચેતવાની અગત્ય સૂચવવી. તે પછી ઉપદેશ સાંભળનાર મનુષ્યો પોતાના સ્થૂલ શરીરની સ્થિતિ, પોતાની ઇચ્છાઓનું વલણ, પોતાના મનોબળનું માપ, એ વગેરેનો વિચાર કરીને કઈ બાબતોનો 'ત્યાગ' (એટલે પ્રત્યાખ્યાન) અને કઈ બાબતોનું પાલન ('વ્રત') ત્હેની પોતાની બાબતમાં **કેવા અનુક્રમે** કરવા યોગ્ય છે તે સંબંધી નિશ્ચય પોતેજ કરવો.

હિતબુદ્ધિથી લેવાયલું સામાયિકાદિ વ્રત કદાપિ અજ્ઞાનતાને સબબે પરિપૂર્ણ શુદ્ધતાપૂર્વક ન જાળવી શકાય, તોપણ "ચાલતાં ચાલતાં પંથ કપાય" એ ન્યાયે કોઇક દિવસ તે મનુષ્યને પોતાની ભૂલ સમજવાનો પ્રસંગ મળશે અને કોઇકે દિવસ તે શુદ્ધ સામાયિક કરતાં શિખશે. કહેવાનો હેતુ એ નથી કે, અજ્ઞાનમય ક્રિયા ઉત્તેજન આપવા યોગ્ય છે. જેહેમ ક્રિયાનો તિરસ્કાર એ ઉત્તેજન આપવા યોગ્ય નથી, ત્હેમ અજ્ઞાનમય ક્રિયા પણ ઉત્તેજનને પાત્ર તો નથીજ. પરંતુ કહેવાનું તાત્પર્ય એ છે કે, સંપૂર્ણ જ્ઞાન મળતાં સુધી ક્રિયા કરવાનું મોકુફ રાખીએ તો કદાપિ કાંઇપણ કર્યા પહેલાંજ કાળનો કોળીઓ થઈ પડાય! આજે આપણી પાસે જે કાંઈ જ્ઞાન છે તે જ્ઞાનના પ્રકાશ વડે ક્રિયાનું સ્વરૂપ જેવું સમજવામાં આવ્યું તે મુજબ ક્રિયા કરીશું, તો કાલે વળી જ્ઞાન વધતું જશે અને વધેલા જ્ઞાન વડે ક્રિયામાં શુદ્ધતા આવી જશે.

મોડા ઉઠવાની ટેવ, વાતોડીઆપણામાં વીર્ય અને વખત ગુમાવવાની ટેવ, ભાગ્યાતૂટયા વિચારો-તર્કો-કલ્પનાઓમાં મગજને ભટકાવવાની ટેવ, સહજમાં ઉશ્કેરાઈ જવાની ટેવ, જરૂરીઆત અને શક્તિનો વિચાર કર્યા વગર નાણાં ખર્ચવાની ટેવ, ઋતુ-શરીરસ્થિતિ—આદરાયલાં જોખમભર્યાં કામોની મહત્તાઃ વગેરેનો વિચાર કર્યા વગર સ્ત્રીસેવનમાં શક્તિ ખર્ચવાની ટેવ, સહજમાં અસત્ય કે દુઃખદાયક વચન બોલવાની ટેવ, પ્રમાદ, વારંવાર ખાવાની, તીખું તમતમતું ખાવાની, માદક પદાર્થ ખાવાની અને અનિયમિતપણે ખાવાની ટેવ, આ વગેરે ટેવોને આસ્તે આસ્તે હઠાવવા માટે એવી રીતનાં પચ્ચખાણ લેવાની જરૂર છે કે, અમુક અઠવાડીઆ સુધી આટલા વાગ્યેજ ઉઠીશ, કામ પ્રસંગ વગર અને જરૂર પડતી બાબત

ઉપરાંત કોઇથી વાત કરીશ નહિ, એકાંતમાં હોઇશ તે વખતે મનમાં ભાગ્યાતૂટ્યા વિચારો આવતા અટકાવવા માટે કાંઈ નહિ ને કાંઈ ઉત્તમ ગ્રંથ વાંચીશ, કોઈથી ગુસ્સે થવાનું કારણ મળશે તો ઉત્તર આપવા પહેલાં એકથી પચીસ સુધી આંક ગણીશ અને અંગૂઠો ચુસીશ, અઠવાડીઆમાં અમુક રકમ ઉપરાંત પાઈ પણ ગમે તેવી જરૂરની ચીજ પાછળ પણ ખર્ચીશ નહિ, વગેરે, વગેરે, વગેરે.

ઉપર કહ્યું તેવી જાતનાં ' પ્રત્યાખ્યાન ' અથવા ' પચ્ચખાણ ' માણસે પોતાની મેળે પોતાના ગુણ—દોષ અને સંજોગો તપાસીને કરવાં જોઈએ અને અકેક અઠવાડીઆ સુધી અકેક પચ્ચખાણ પાળ્યા પછી બીજે અઠવાડીએ કે જરૂર પડે તો ચોથે—પાંચમે અઠવાડીએ એક વધુ પચ્ચખાણ ઉમેરવું જોઈએ.

દરરોજ ઓછામાં ઓછી ૧૫ મીનીટ સુધી કાંઇક આત્માને શાન્તિ આપે એવું વાંચન એકાંતમાં કરવાનું ' વ્રત ', દરરોજ ઓછામાં ઓછી ૧૦ મીનીટ પોતાની સ્થિતિ અને આત્મા આગળ વધે છે કે પાછો પડે છે એ બાબતનો વિચાર કરવાનું 'વ્રત', દરરોજ ઓછામાં ઓછી એક પાઇ—પૈસો કે રૂપીઓ ગુપ્તદાન કરવાનું 'વ્રતઃ' વગેરે વગેરે પ્રકારનાં 'વ્રત' એક પછી એક આદરવા યોગ્ય છે.

ઘોડાને ચોકડું નખાય છે, ગધેડાને નહિ; ઉત્તમ જનો વ્રત-પ્રત્યાખ્યાનને જરૂરનાં માને છે, મૂર્ખો નહિ.

વ્રત—પ્રત્યાખ્યાન સ્વીકારનારે હેનું **સ્વરૂપ** સમજવા બનતી કોશીશ કરવી જોઇએ અને દરેક વ્રત—પ્રત્યાખ્યાનની **આત્મા ઉપર શી અસર થવી જોઈએ** તે વિચારવું જોઈએ. જ્ઞાન એ આત્માનું સ્વરૂપ છે અને ક્રિયા એ સ્વરૂપને પ્રાપ્ત કરવાનું એક સાધન છે. જ્ઞાન, ક્રિયાની હાંસી કરી શકે નહિ; અને ક્રિયા, જ્ઞાનના ઉપરીપણાનો અસ્વીકાર કરી શકે નહિ.

હું ઇચ્છું છું કે, આ બુદ્ધિવાદના જમાનામાં માનસશાસ્ત્ર, ધર્મ, ફીલસુફી, નીતિશાસ્ત્ર વગેરેના મિશ્ર જ્ઞાનબળથી—પ્રતિક્રમણાદિનાં હેતુ, ક્રમ, બરાબર સમજાય અને વ્રત-પ્રત્યાખ્યાનનાં નૂતન સ્વરૂપો જનસમાજ સમક્ષ મૂકાય.

**' સમયધર્મ. '**

---

# સ્યાદ્વાદ.

—:૦:—

## (લેખકઃ--રા. મણિલાલ નથુભાઈ દોશી. B. A.)

[અનુસંધાન, ગતાંકના પૃષ્ટ ૨૧ થી]

પરમપદ–મોક્ષ–નિર્વાણ પ્રાપ્ત કરવાના માર્ગ અનેક છે, અને મનુષ્યોની માનસિક શક્તિઓ વિવિધ પ્રકારની હોવાને લીધે બધાને વાસ્તે એક માર્ગ હોઈ શકેજ નહિ. જૈન-શાસ્ત્રમાં લખ્યું છે કે, પંદર ભેદે જીવો સિદ્ધિપદને વરે. હવે **બધાને** માટે **એક** માર્ગ ક્યાં રહ્યો ? કોઇ **જ્ઞાન**માર્ગથી આગળ વધે છે, કોઈને આગળ વધવામાં **ભક્તિ** સાહાય્યકારક થાય છે, તો કોઈ **યોગ**માર્ગથી આત્માની શક્તિઓ ખીલવે છે. સત્ય એટલું ભવ્ય છે,

એટલું વિશાળ-એટલું ઉચ્ચ છે, અને એટલું સૂક્ષ્મ છે કે બધી વિચારશ્રેણિઓને એકઠી કરવામાં આવે, છતાં પણ તે અનંત સત્યને આલેખી શકે નહિ. ચૌદ પૂર્વનું એટલું બધું જ્ઞાન હતું કે ૧૬૩૮૩ હાથી જેટલી સાહીથી લખવામાં આવે તોપણ લખી શકાય નહિ; આ કાંઇ અતિશયોક્તિ નથી, પણ સત્ય વાત છે. કારણકે સત્યને પૂર્ણ રીતે આલેખવાને ગમે તેવો પ્રયત્ન કરવામાં આવે છતાં બધી અપેક્ષાઓ એક સાથે બોલી શકાય નહિ તો લખી તો શીરીતે શકાય ? આ કારણથીજ સપ્તભંગીમાં ચોથો વિભાગ 'અવક્તવ્ય'—'કહી શકાય નહિ' એમ રાખવામાં આવ્યો છે. જ્યારે સમ્પૂર્ણ સત્ય આટલું વિશાળ છે, ત્યારે તે સત્યની કોઈ કોઈ અપેક્ષાઓ બીજાઓ પણ બતાવતા હશે એમ માનવાને સ્યાદ્વાદ દૃષ્ટિથી કારણ કેમ ન બને ? જે સત્યને **તીર્થંકર** પણ પૂર્ણ અનુભવ છતાં, સમ્પૂર્ણરીતે કહી શક્યા નહિ, તે સત્યને બીજો કયો મનુષ્ય કહેવાની હિમ્મત ધરે ? અનંત સત્યમાંથી જેનાથી જેટલું ગ્રહણ થયું તેટલું તેણે દર્શાવ્યું. જ્યાંસુધી કોઇપણ પંથ કે ધર્મ કે મનુષ્ય પોતાને સત્ય લાગતી વાત રજુ કરી બેસી રહે છે, ત્યાંસુધી તો તે સહીસલામત માર્ગે વિચરે છે, પણ જ્યારે તે હદ છોડીને સામાના દૂષણો શોધવા જાય છે, ત્યારે તે જોખમ ભરેલે માર્ગે પગ મૂકે છે. જો દરેક ધર્મવાળા પુરૂષો બીજા ધર્મોની નિંદા કરવાને બદલે સ્વધર્મના સિદ્ધાંતો પ્રતિપાદન કરવામાંજ મંડ્યા હોત તો ધર્મપ્રવાહ ઘણી શાન્તિથી વહ્યો હોત, અને ધર્મને ખાતર પણ કોઈને દુઃખ દેવું એ ખોટું છે, એવું લોકોના સમજવામાં આવ્યું હોત. પણ ઉપર જણાવ્યા પ્રમાણે આવી સ્થિતિ થવાનું કારણ સ્યાદ્વાદ શૈલિનું અજ્ઞાન છે.

આ સ્યાદ્વાદ શૈલિનું અજ્ઞાન એટલું બધું વ્યાપી ગયું કે તે શૈલિના ઉપાસકોએ પણ ફરમાન કાઢ્યાં કે ' મિથ્યાત્વીની પ્રશંસા ન કરવી, ' ' મિથ્યાત્વીનો પરિચય ન કરવો. ' પણ મિથ્યાત્વી એ કોણ ? સત્યની સર્વ અપેક્ષાઓ નહિ જણાવનાં થોડીજ અપેક્ષાઓ જણાવી તેમાં સંતોષ માને તે મિથ્યાત્વી. તે **અમુકજ** અપેક્ષાઓ દર્શાવે છે, પણ **તે** અપેક્ષાઓપણ ઉપયોગી છે, એમ સમજીને સ્યાદ્વાદ શૈલિના સત્ય ઉપાસક શ્રી **આનં**દઘનજી કહે છે કે

**"ષડ્ દર્શન જીન અંગ ભણીજેજી."**

આ વાક્ય આપણને પ્રતિબોધે છે કે બીજા ધર્મોમાં સત્યની અમુક અપેક્ષાઓ રહેલી છે. જો આમજ હોય તો તે તે અપેક્ષાઓ સમજી આપણે આપણા સત્યને કેમ વધારે વિશાળ, ભવ્ય અને ઉચ્ચ ન બનાવવું ? શ્વેત રંગ સાત જૂદા જૂદા રંગોનો બનેલો છે, પણ જગતમાં જો એકલો શ્વેત રંગજ હોત તો તેથી જગતના સૌંદર્યમાં અધિકતા થાત નહિ, પણ સાત રંગોને લીધે તે વિશેષ રમણીય અને આકર્ષક લાગે છે. **વિવિધતા એ કુદરતી ક્રમ છે, એ વિવિધતામાં એકતા જોવી એ આત્મદૃષ્ટિ છે.** સ્યાદ્વાદ ગંભીર નાદથી પોકારીને તેના સકળ ભક્તોને જણાવે છે કે " હે સત્યના ઉપાસકો ! તમારાં ચક્ષુ ખુલ્લાં રાખો, તમારા કાન ઉઘાડા રાખો. જુઓ અને સાંભળો. સત્યની વિવિધ બાજુઓ અવલોકો—નિહાળો અને પરમ સત્યની સમીપમાં આવતા જાઓ. "

ઘણી વસ્તુઓને એક કરતાં વધારે બાજુઓ હોય છે. આપણે ફક્ત એકજ બાજુ તરફ દૃષ્ટિ રાખીએ છીએ, અને તેથી તેની બીજી બાજુ જોઇ શકતા નથી. એટલુંજ નહિ પણ બીજી બાજુ જે ધ્યાનમાં રાખવી જરૂરની છે, અને જે બીજાને કાંઇ જણાવતો હોય,

તે તરફ દુર્લક્ષ કરીએ છીએ. અર્ધસત્ય ( અમુક અપેક્ષાવાળું સત્ય ) ઉપર ઉપરથી બહુ સુંદર લાગે છે, પણ વિશેષ વિચાર કરતાં, અને જ્યાં વ્યવહારમાં લગાડવામાં આવે છે ત્યાં તે ટકી શકતું નથી.

આ વિચારને સમર્થન કરવા પ્રમાણે એક બે અર્ધસત્ય તપાસીએ. ' મન એજ સર્વસ્વ છે, અને સઘળા રોગોનું કારણ મનજ છે ' આ શબ્દોમાં જે નિશ્ચયવાચક ' જ ' મૂકવામાં આવ્યો છે, તે ખોટો છે. ચિંતાતુર મન, ઉદ્વેગવાળું મન, ક્રોધી મન રોગનું કારણ છે, પણ તેની સાથે રોગનાં બીજાં સ્થૂળ કારણો પણ છે. એક મનુષ્યે હદ ઉપરાંત ખાધું અને તેથી અજીર્ણ થયું. આમાં હદ ઉપરાંત ખાવાની માનસિક ઇચ્છા એ કારણ છે, પણ તેની સાથે પેટમાં લીધેલો વધારે ખોરાક પણ કારણ છે. કારણ કે એકલી વધારે ખાવાની ઇચ્છાથી મનુષ્યને અજીર્ણ થયું ન હોત; માટે સ્યાદ્વાદી જણાવે છે કે વિચાર તેમજ ક્રિયા બન્ને કારણો છે. આપણે એક બીજો દાખલો તપાસીએ. ઘણા સુજ્ઞ, ડાહ્યા અને વિવેકી પુરૂષો એમ લખે છે અને બોલે છે કે " જો બીજામાં તમે દુર્ગુણ જુઓ તો તમે દુર્ગુણી હોવા જોઇએ. " જો કે આ વિચારમાં કેટલુંક સત્ય રહેલું છે, પણ તે સત્યની **એક** અપેક્ષા છે. તેના તે વિચાર બીજી રીતે ગોઠવી શકાય કે " આપણામાં જે દુર્ગુણ છે, તે બીજામાં પણ હશે, એમ માનવું એ મનુષ્યના મનનું સામાન્ય વલણ છે. " અહીં પણ એ સ્મરણમાં રાખવું જોઇએ કે ફક્ત **'વલણ'** છે, પણ દરેક વખતે એવો **'નિયમ'** જ હોતો નથી. જો કોઈ મનુષ્ય સ્વાર્થી હોય તો બીજાઓ નિઃસ્વાર્થી હશે એમ વિચારવું તેને માટે મુસ્કેલ થઈ પડે. પણ આનું કારણ એજ છે કે તેનું દષ્ટિબિન્દુ બહુ સંકુચિત છે. જ્યાં સુધી આપણે અમુક રંગના ચસ્મા પહેર્યા હોય ત્યાં સુધી તે ચસ્માના રંગ જેવીજ બધી વસ્તુઓ જણાય. કમળાવાળો બધી વસ્તુ પીળી જ દેખે. પણ તે ઉપરથી એમ ફલિત થતું નથી કે જે સંપૂર્ણ છે અને નિષ્પક્ષપાતી છે તે બીજાના દોષ જોઈ શકેજ નહિ. તીર્થંકર ભગવાન સર્વજ્ઞ છે–સર્વ વસ્તુને જાણવાવાળા છે, એટલે શું તે બીજાના દોષ નહિ જોઈ શકતા હોય? અને જે બીજાના દોષ જોઇ શકે, તે તેવા દોષવાળો હોય તેમ શું આપણે હવે કહી શકીશું? જેમ જેમ આપણે ઉંચે ચડતા જઇએ છીએ, તેમ તેમ આપણી દષ્ટિ ખીલતી જાય છે, અને શુભ અને અશુભ વચ્ચેનું અંતર સ્વયમેવ સમજાઈ જાય છે; બીજાના સદ્ગુણો તેમજ દુર્ગુણો ખુલ્લા સ્વરૂપમાં નજર આગળ જણાઈ આવે છે. પણ તે દુર્ગુણો સાથે તેનાં કારણો અને તે દૂર કરવાના ઉપાયો પણ જડે છે, અને તેથી આપણે તેમની નિંદા કરતા નથી.

'To know all is to forgivo all' 'સર્વ જાણવું એટલે સર્વને ક્ષમા આપવી' એ સિદ્ધાંત અનુસાર વિશેષ જ્ઞાની બીજાના દોષ જોઈ શકતો નથી, એમ નથી: પણ તે જોઈ તેમની તરફ **દયા લાવે** છે. સર્વજ્ઞાની સર્વ જોઈ શકે છે; જો સર્વ ન જોઈ શકે તો પછી સર્વજ્ઞાની શી રીતે થઈ શકે? માટે કોઈનામાં દોષ દેખાય એમાં કંઈ ખોટું નથી, પણ તે દોષ ખાતર તેને ધિક્કારવો તે ખોટું છે. કારણ કે ખોટાની નિંદા કરવાથી આપણે તે બાબતને વધારે પુષ્ટ કરીએ છીએ, અને વારંવાર તેનો વિચાર કરવાથી આપણામાં પણ તેનાં બીજ ચર કરે છે. પણ જો આપણે આ સાથે એમ વિચાર કરીએ કે **અશુભ એ કાંઈ નહિ પણ શુભની અપ્રકટ સ્થિતિ** છે તો પછી કોઇનામાં અશુભ દેખાય તો તેથી આપણે ખોટા છીએ, એમ માનવાને કારણ નથી.

આપણે કાચું જાંબુફળ જોઇએ છીએ. તે ખાવાને લાયક નથી. જો કે હાલની સ્થિતિમાં તે ખાવામાં આવ્યું હોય તો શરીરમાં બાદી ઉત્પન્ન કરે, પણ તે ઉપરથી તે ખરાબ જ છે એમ આપણે કહી શકીએ નહિ. આપણે બધા પરમાત્માનું પદ પામવા તરફ લક્ષ રાખી આગળ વધનારા છીએ. હજુ તે કાચા જાંબુફળની માફક શક્તિઓ વિકાસ પામી નથી. માટે તે ઉપરથી તે જાંબુફળની માફક કોઇની નિંદા કરવી એ ખોટું છે. આવાં આવાં જગતમાં અનેક અર્ધસત્યો છે, અને જો સ્યાદ્વાદ દૃષ્ટિથી વિચાર કરવામાં આવે તો તેમાં રહેલી સત્યની અમુક અપેક્ષા આપણે શોધી કાઢીએ, અને તેની સાથે તેમાં જે અપેક્ષાઓની ન્યુનતા છે, તે પૂરી પાડી શકીએ. આ રીતે આપણું જ્ઞાન વિશાળ થાય, અને સર્વની સાથે હળીમળીને ચાલી શકાય.

જેમ જેમ મનુષ્ય વધારે અપેક્ષાઓ સમજતો થાય છે, તેમ તેમ તે વિશાળ હૃદયનો થાય છે, અને જે સર્વ અપેક્ષાઓ સમજે છે તે સર્વજ્ઞ બને છે.

આ સ્યાદ્વાદ શૈલિ પ્રમાણે આપણા કુટુંબમાં, આપણા મિત્રોમાં, આપણી કોન્ફરન્સોમાં, આપણા બીજાઓ પ્રત્યેના વર્તનમાં જો વર્તવામાં આવે તો સર્વ ઝઘડાઓનું સમાધાન થઇ જાય અને સર્વત્ર શાન્તિ વ્યાપી જાય. આ વિચારની દૃષ્ટિમાં એક પ્રસિદ્ધ અમેરિકન તત્ત્વજ્ઞાનીના શબ્દો દર્શાવી આ લેખ સમાપ્ત કરવામાં આવે છે.

Let there be many windows in your soul.
That all the glory of the universe
May beautify it. Not the narrow pane
Of one poor creed can catch the radiant rays
That shine from countless sources. Tear away
The blinds of superstition; let the light
Pour through fair windows, broad as truth itself
And high as heaven......Your heart
Shall turn to truth and goodness as the plant
Turns to the sun......be not afraid
To thrust aside half-truths and grasp the whole.

*Ralph-waldo-Trine.*

# वीर्य—सत्व.

आत्म शक्तिका नाम ' वीर्य ' है; इसे ' सत्त्व ' भी कहते हैं. जिस मनुष्यके शरीरमें वीर्य नहीं है वह मनुष्यत्वके योग्य ही नहीं है. इसी तरह जिसे आत्मा होने पर भी आत्मशक्तिमें और स्वबलमें विश्वास नहीं है वह धर्मके उंचे सोपान पर चढनेको असमर्थ है. शरीरके रोमरोममें कर्म लगे हुए हैं; यह धर्मशास्त्रका विचार [ प्रथम दृष्टिसे ] मनुष्यको कमहिम्मत और निरुत्साही बनाता है. "इनने

कर्मोंका नाश हम कैसे कर सकेंगे ? ” यह विचार बडे २ बलवानको भी निर्बल बना देनेको काफी है. परन्तु धर्मशास्त्रका दूसरा विचार भी भूल जाना न चाहिए; “ जिस कर्मको हमने बांधा है उसका नाश भी हम कर सकते है. आत्माकी शक्ति अनन्त है और इसीसे क्षणभरमें आत्मा अनन्त कर्म समुदायका नाश कर सकती है. प्रचण्ड सूर्यके साम्हने, बद्दल देखते ही देखते बिखर जाते हैं. इसी तरह जब आत्मा अपना सच्चिदानन्दमय व ज्ञान–दर्शन–चारित्रमय स्वरुप का अनुभव करती है तब उसकी शक्ति बडी प्रबल हो जाती है और वह चाहे जैसे कर्म क्यों न हो उनके दलको दूर कर देती है. ”

अहोऽनन्तवीर्योऽयमात्मा विश्वप्रकाशकः ।
त्रैलोक्य चालयत्येव ध्यानशक्तिप्रभावतः ॥

विश्वको प्रकाशित करनेवाली यह आत्मा अनन्त शक्तिवाली है और ध्यानशक्तिके प्रभावसे यह तीनों लोकोंको चला सकती है. इससे हमे चाहिये कि हम आपत्ति पडने पर भी, अनेक विघ्नोंके आने पर भी, आत्मविश्वासको न छोडें. क्योंकि आत्मविश्वास न होनेसे हम किसी भी महत्वके कामको नहीं कर सकते. किसी भी महापुरुषके जीवन चरित्रको पढिए, आपको सहजमें मालूम होगा कि उसमें और गुण हो या नहीं, आत्मविश्वासका गुण अवश्य होगा. जिस मनुष्यको आत्मबलमें—अपने सामर्थ्यमें विश्वास नहीं है वह कभी महत्वका काम कर ही नहीं सकता.

व्याख्यान देनेवालेको इस गुणकी आवश्यकता है, लिखने वालेको इस गुणकी आवश्यकता है, युद्धवीरको इस गुणकी आवश्यकता है, मुनिजन भी इस गुणके बिना आत्मकल्याण कर नहीं सकते. कोई महत्वका कार्य जिसे हम संसारको अचंभेमें डाल दे ऐसा कहें वह इस गुणके अभावमें पूर्ण नहीं हो सकता. इस लिये हम जिस सोपान खडे हो उससे आगे हिम्मत कर बढना चाहिये. “ हमसें क्या हो सकता है ? ” “ मैं क्या कर सकता हूं ? ” ऐसे विचार रखनेवाला मनुष्य कभी अपने निश्चित कार्यमें सफल नहीं होगा. कहनावत है “ रोता जाय तो मरेकी खबर लावे ! ”

मैं यह कहना नहीं चाहता कि हम एकाएक पहले सोपानसे सातवें सोपानको चढनेके लिये उछल कर अपने पैरोंको तोड बैठे; परन्तु मेरे कहनेका अभिप्राय यह है कि, आत्मशक्तिमें विश्वास रखकर सीढी दर सीढी चढते जाना चाहिये.

और २ बडे २ पर्वतोंके पार हो सकते हैं. जो उपरके सोपान पर चढे, वे भी हमारे जैसे मनुष्य थे; वे भी आत्मिक बलसे ही उस दरजे पर पहुंचे थे. आत्मशक्तिमें विश्वास रख कर चलनेसे हम भी सफलमनोर्थ हो जायगे. " हिम्मते मरदा, मददे खुदा. " जिस कामको एक पुरुष कर सकता है उस कामको दूसरा न कर सके, इसकी कोई वजह नहीं है. इस लिये दुसरोंका भरोसा छोड आत्मबलके विश्वासपर हमें काम करना चाहिये; कारण कि आत्माके लिये कोई काम असाध्य नहीं है. सारे जगतका अनुभव हम पांचो इन्द्रियोंसे करते हैं; इन्द्रियोंका स्वामी मन है और मनका स्वामी आत्मा; अत एव आत्मा ही त्रिभुवनका स्वामी है. वही त्रिभुवनाधीश मेरे शरीरमें बैठा हुआ है. जो ऐसा विचार दृढतासे आवे तो मनुष्यको हिम्मत और धैर्यका पार ही न रहे.

ग्रीकका विद्वान डिमोस्थनीस पीछेसे बडा भारी वक्ता हो गया था. वह पहले पहल जब राजसभामें बोलनेको उठा तब उसपर सब लोग हँस पडे. उस समय उसने आत्मशक्तिमें–'सत्व' में विश्वास होनेके कारण कहा कि "आप भले ही मुझ पर इस तरह हँसे, परन्तु आगे चलकर आपही मेरी प्रतिष्ठा करेंगे. " बोलते वक्त उसकी जिभ अटकती थी. उसने नदीके किनारे जा मुंहमें कंकर डाल वैसेही बोलना शुरु किया. इस तरह अभ्यास करते २ वह एक प्रसिद्ध वक्ता हो गया. यदि उसमें आत्मविश्वास न होता तो वह प्रसिद्ध वक्ता न बन सकता. यदि उसने निराश होकर दुसरीवार बोलनेका यत्न न किया होता तो वह कभी अपने काममें सफलमनोर्थ न होता.

पहले प्रयत्नमें ही मनुष्य सफलता पा जाय ऐसा कोई नियम नहीं है. चाहे तुम्हे सफलता न मिले परन्तु प्रारम्भ किये हुऐ कार्यको कभी न छोडो. तुम्हे चाहे हजार बार निष्फलता हो परन्तु कामको न छोडो.

विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानाः ।
प्रारभ्य चोत्तमजना न परित्यजन्ति ॥

उत्तम मनुष्य विघ्नोंसे बार २ निष्फलता पाने पर भी आरम्भ किये हुए कामको नहीं छोडते. ऐसा होनेसे कभी न कभी उस काम में सफलता मिलही जाती है. चाहे तुम्हे यह मालूम हो कि हमारे कामका परिणाम नहीं निकला, परन्तु यह निश्चय रक्खो कि ऐसा नहीं है; आप विजय पानेके समीप चले जाते हो. अन्ततः आत्मा विजयी है; जीत अवश्य मिलेगी.

"Have faith in the ultimate triumph of the evolution of the soul within you, which nothing can finally frustrate."

अन्ततः आपकी अन्तरात्माकी उन्नतिका विजय अवश्य है, इसपर श्रद्धा रखिये; क्योंकि अन्तमें उसके आडे कोई विघ्न ही न रहेगा. मोह राजा या दुनिया के विषयरुपी सुभट, आत्माको अपने जालमें फँसावे; परन्तु आत्मसिंह जब अपना सच्चा स्वरूप प्रकट करेगा, जाल स्वयमेव टूट जायगा और भ्रमसे जो मेंडसा देख पडता है जाता रहेगा. उस समय उसे अनुभव हो जायगा कि मैं ही शुद्धबुद्ध-मुक्त स्वरूप हूं.

श्रीमद् हेमचन्द्राचार्यने कुमारपाल राजाको ज्ञान दिया था किः—

प्रयातु लक्ष्मीचपलस्वभावा, गुणा विवेकप्रमुखाः प्रयान्तु ।
प्राणाश्च गच्छन्तु कृतप्रयाणाः, मा यातु 'सत्वं' तु नृणां कदाचित् ॥

चाहे चपल लक्ष्मी चली जाय, चाहे विवेकादिक गुण न रहे, और प्रयाणोन्मुख प्राण भी निकल जाय, परन्तु मनुष्यका 'सत्व' कभी न जाना चाहिये. "सत मत छोडे सांइया, सत छोडत पत जाय." यों तो सत् या सत्व शब्दके अनेक अर्थ हैं, परन्तु यहां पर इसका व्यवहार दो अर्थमें हुआ है: अव्वल 'आत्म-श्रद्धा' और दूसरे 'वीर्य.' जबतक मनुष्यमें आत्मश्रद्धा है तबतक वह कभी नहीं डरता, चाहे उसे सम्पूर्ण संसार क्यों न छोड दे ? आत्म शक्तिमें श्रद्धा रखनेवाला मनुष्य सम्पूर्ण जगतपर आत्मबलसे अपनी सत्ता रखता है. सब गुण आत्माके आधिन हैं, इस वास्ते चाहे मृत्यु हो जाय परन्तु आत्मिक बलका नाश न करना चाहिये. इसके साथ ही कुमारपालको यह भी उपदेश दिया गया था कि आत्मबलकी भांति शारीरिक वीर्यकी रक्षा करना आवश्यक है.

वीर्य मनुष्य के शरीरका राजा है. जैसे राजा बिना राज्यमें अंधाधुंधी फैल जाती है, राज्य निरर्थक हो जाता है, वैसे ही वीर्यहीन मनुष्य निस्तेज होजाता है, उसके शरीरमें अनेक रोग होजाते हैं. शरीरके सातों धातुओंमें वीर्य मुख्य है. उसके बलसे शरीरके सब यन्त्र ठीक २ चलते हैं. परन्तु कहते हुए दुःख होता है कि उसकी—वीर्यकी ठीक २ रक्षा आजकल नहीं की जाती. उसका बुरी तरह नाश किया जा रहा है, इससे हम उचित समझते हैं कि भावी सन्तानके लिये दो बातें यहां पर लिखी जाय.

बचपनसे ही निष्कलंक रीतिसे ब्रह्मचर्यका पालन किया जावे—बराबर वीर्यकी रक्षा की जावे. व्यायाम याने कसरत कर शरीरके प्रत्येक अंगकी पूर्णता की

जावे और पुष्टिप्रद सादा खुराक खानेमें आवे तो वृद्ध होने तक मनुष्यका शरीर दृढ और बलवान रहेगा इसमें कुछ आश्चर्य नहीं है. जो भोजन हम करते हैं उसे जठराग्नि पचाती है और उसका रक्त बन जाता है. उस खूनका वीर्य बनता है. वीर्यसे जठराग्नि प्रज्वलित होती है. इस भांते वीर्य और जठराग्निका परस्पर व्यवहार है, वे एक दूसरेके सहायक हैं. परन्तु इनमेंसे एकमें भी विकार —अव्यवस्था होनेसे सब शरीरकी रचनामें फरक पड जाता है.

प्राचीन समयमें जबतक विद्यार्थी पढतेथे तबतक अखंड ब्रह्मचर्य पालन करते थे. इसीसे वे बद्धवीर्य और उर्ध्वरेता कहे जाते थे. वीर्यके बंधनसे और उसका कुमार्गमें व्यय न होनेसे वह जठराग्निको प्रदीप्त कर शरीरके सब भागोंको बल देता था. इसीसे प्राचीन पुरुषोंके शरीरकी स्थिति बहुत अच्छी थी, और इसीसे, जिस शक्तिसे दिनरात विद्यार्थियोंको काम पडता है वह मेधाशक्ति तीव्र और बलवाली रहतीथी. उनका अभ्यास अच्छा होताथा. उनकी स्मरण शक्ति ऐसी होतीथी कि जिसका हाल सून आश्चर्य होता है और कभी कभी तो हम उसके सत्य होनेमेंही शंका कर बैठते हैं. ऐसा होनेका कारण हमारी शारीरिक निर्बलता और उससे उत्पन्न हुई दिमागकी कमजोरी है.

प्रायः ऐसा भी होता है कि बालक कुसंगतिके प्रभावसे कुआचरणके फंदेमें पड जाते हैं. दूसरे बच्चोंके कुआचरण देखकर ये भी कुचेष्टाओंसे वीर्यपात करने लग जाते हैं. भविष्यमें इसका परिणाम भयंकर हानिकारक होगा, इसका इन्हे स्वप्नमें भी विचार नहीं होता. वे ऐसी २ क्रियाओंको एक प्रकारका खेल समजते हैं. परन्तु "पडी टेव टाली हुई नहीं टलती" इस वाक्यके अनुकूल एक दफा पडी हुई आदत बराबर कायम रहती है. इस तरह बचपनमें ब्रह्मचर्यका भङ्ग होता है, वीर्यका सत्यानाश होता है.

अय निर्दोष अज्ञान बालकों! तुम कैसे कुआचरणके फंदेमें पड गये हो कि खोटे मार्गपर चल कर अपने शरीरके राजा वीर्यका किस तरह नाश करते हो इसका तुम्हें कुछ भी विचार नहीं है! ऐसे दुर्गुणमें पडे हुए बालक सचमुच दया-पात्र हैं. मावाप और बडे बुढोंका इस विषयमें बडा गंभीर कर्तव्य है कि इस बातपर पूरा २ लक्ष दें कि उनके बालक कैसे साथियोंकी संगतेमें रहते हैं. यदि कोई रोग आदिके कारण न होने पर भी बालक कमजोर होता जान पडे तो इस बातकी तलाशी करना चाहिये कि बच्चेमें कुटेव तो न पड गई है? तलाशी करनेपर

जो कुटेव ही जान पडे तो उसके महा दुःखदायक परिणाम पर विचार कर फोरन बच्चेको कुटेवसें छुडानेकी तरकीब करना चाहिए. अफसोस ! अफसोस ! बेहूदा शरम इस बारेमें सत्यानाश करती है और भविष्यत कबतक हानि करती रहेगी यह कहा नहीं जा सकता है. 'ऐसी बात ही कैसे की जय?' ऐसे हानिकारक विचारको छोड देना चाहिये और अज्ञानवश शरीरसम्पत्तिके नाशक कुएमें पडे हुए बच्चोंका उद्धार करना चाहिये; यह बडोंकी फर्ज है.

वीर्यस्राव द्वारा शरीरसम्पत्तिके नष्ट होनेका इस समय एक और भी कारण उत्पन्न हो गया है और वह भी प्रबल कारण है. वह यह है कि घृणित उपन्यास, और शृंगारसे लबालब भरे हुए नाटकोंका देखना-पढना आदि ये सब काम वासनाको उत्तेजित करते हैं और मनुष्यके हृदयमें कामका राज्य स्थापन कर देते हैं. उस समय मनुष्यका मन आधीन नहीं रहता. इन्द्रियें मनको अपने २ विषयकी ओर ले जाती हैं. कामदेवके आधीन हुए मनुष्यका वीर्य रुक नहीं सकता, चाहे फिर वह किसी भी तरह नीकले.

कितनेही न्यायी और विचारशील मनुष्य यद्यपि पर स्त्रीको मा, बहन, बेटीकी दृष्टिसे ही देखते हैं, ऐसा होने पर भी उनमेंसे कई एक स्वस्त्रीमें इतने लोलुप रहते हैं कि वीर्यकी होती हुई अपार हानिका वे विचार भी नहीं करते. केवल व्यभिचारसे ही वीर्यका नाश नहीं होता है; वीर्यका नाश होता है हद पार विषयासक्तिसे.

कितनेही बच्चोंके बलका नाश बालविवाहसें हो जाता है. जो समय वीर्यके पकनेका होता है उसी समय वीर्यका अयोग्य व्यय कर दिया जाता है. इसका परिणाम यह होता है कि वे जवानीमें ही बुड्ढे हो जाते हैं, आंखोंका तेज घट जाता है, मूंह पीला पड जाता है, शरीरकी कान्ति नहीं रहती, शरीरके धातुओंके राजाके नाश होनेसे जठराग्नि मंद पड जाती है. खाया पिया नहीं पचता, खून साफ नहीं बनता और न नवीन वीर्य पैदा होता है. इस भांति अनर्थपरंपरा होती जाती है. वीर्यको मस्तिष्कके साथ बडा सम्बन्ध है. वीर्य नष्ट होनेसे ज्ञानतंतु भी निर्बल हो जाते हैं. इससे बालविवाहके भेट चढे हुए बच्चे विद्याभ्यास भी अच्छी तरह नहीं कर सकते, विद्या और स्त्रीका दुना बोझा पडनेसे वे बिलकुल अशक्त हो जाते हैं. ऐसी स्थितिमें पडते रहनेसे वे न कोमका भला कर सकते हैं और न अपना. उनका जन्म ही शारीरिक दुःखमय स्थितिमें व्यतीत होता है. आत्मश्रेय करनेके उनके विचार हृदयके हृदयमें ही रहे जाते हैं; क्यों कि उन उन विचारोंको काममें लानेकी शक्ति उनमें रहती ही नहीं है.

इन सब बातोंका कारण ढूंढनेको दूर नहीं जाना है. इस अयोग्य वीर्य-नाशको रोकने के उपाय क्यों नहीं किये जाते हैं ? मा बापका दोष है या बालकोंका यह विचार करने योग्य प्रश्न है. मेरे विचारमें तो लोकलाज, बेहुदा शरम, और इस विषयके ज्ञानका न होना ही इस अनर्थके कारण हैं. " बच्चोंको हम ऐसी बात कैसे कहें ? होती हूई रीति क्यों कर तोडी जाय ? ऐसी बातका कहना तो अश्लील है ! ऐसी बात करनेमें निर्लज कहे न जायगे ? " ये विचार ही खराबी पैदा कर रहे हैं. विवाह होनेके थोडे ही दिन बाद बेटे और बहुको एक स्थल सुलाते हुए तो माबाप आदिको लज्जा नहीं आती ( बल्कि अपना चातुर्य समजते हैं ) और अपने बेटेकी शारीरिक सम्पत्तिका नाश न होकर रोग न बढे इसके बारेमें उपदेश देते हुए लज्जा आती है ! पश्चिमके देशमें तो ऐसी २ शालायें हैं जहां इन विषयोंपर व्याख्यान दिये जाते हैं. शरीरकी रचना सम्बन्धी व्यावहारिक ज्ञान दिया जाता है.. परन्तु अफसोसकी बात है भारतमें इस समय बेहूदा शरम–हानिकारक लोकलज्जाने घर घाला है. साथ ही यह भी कहना पडेगा कि ' शारीरिक तत्त्ववेत्ता ' भी अब बहुत कम हैं. सामान्य लोकमत कैसा ही क्यों न हो परन्तु यह बात विचार कर काममें लाने योग्य अवश्य है. ऐसे २ पुस्तक और इस विषयका ज्ञान जितना बढे उतना ही अच्छा. ' नैतिक हिम्मत 'की हम लोगोंमें बडी कमी है. स्वतंत्र विचार प्रकट करनेवाले कहां मिलते हैं? जबतक गडरिया प्रवाहको न छोडेंगे और "बापके खारे कुवेका पानी पीने " के विचारका त्याग कर जिस मार्गसे उन्नति हो उस मार्गको ग्रहण न करेंगे, तबतक उदयकी आशाके चिन्ह बहुत दूर हैं. ब्रह्मचर्य कैसे अच्छी तरह पालन हो सक्ता है ? किस मार्ग पर चलनेसे वीर्यकी रक्षा हो सकेगी ? वीर्यनाशका शरीरसम्पत्तिके नाशके साथ क्या सम्बन्ध है? ऐसे २ विषयोंका भिन्न २ करके प्रतिपादन करने वाले पुस्तकोंका खूब फैलाव होना चाहिए. सद्ज्ञानके फैलनेसे अवनतिके कारण दूर होंगे और प्रजाका शरीरबल व बुद्धिबल बढेगा.

जीनका शारीरिक बल और आत्मिक बल उच्च प्रकारका होगा वे भारी भारी संकट आने पर भी, अनेक विघ्नोंके आने पर भी, उस पर विजय पायेंगे. संकटोंपर जय पानेसे उनके बलमें और भी वृद्धि होगी, और आगे चल कर वे और भी कठिन मार्गपर चल सकेंगे और अन्तमें अपने साध्यकी सिद्धि कर सकेंगे.

V. M. S.

# स्फुट नोंध.
# Editorial Notes.

## जैन विद्वानोंने आमंत्रण.

" અલ્પ જ્ઞાન મહા હાણુ " આ કહેવતનું સત્ય અનુભવવાનો એક પ્રસંગ એક અંગ્રેજ ટીકાકારે હમણાં આપ્યો છે. મી. હર્બર્ટ વૉરન નામના એક અંગ્રેજ કે જે કેટલુંક વર્ષો **જૈન** ધર્મ પાળે છે તેમણે " Jainism in Western Garb, as a Solution to Life's great Problems " એ નામનું પુસ્તક અંગ્રેજીમાં બહાર પાડ્યું છે અને તેમાં જીંદગીના મહાન પ્રશ્નોનું નિરાકરણ જૈનદૃષ્ટિએ પરન્તુ પાશ્ચિમાત્ય શૈલિમાં આપવાનો યત્ન કર્યો છે.

આ પુસ્તકપર અવલોકન મી. રૅડગ્રેવ નામના કોઇ લેખકે **લંડનના " ઑકલ્ટ રિવ્યુ "** નામના માસિક પત્રમાં લખ્યું છે, જેમાં તેણે પોતાના અલ્પજ્ઞાનને લીધે-નહિ કે ઇરાદાપૂર્વક-જૈન ધર્મને સખ્ત અન્યાય આપ્યો છે. અવલોકનકાર તેમાં જણાવે છે કે, **જૈન** ધર્મ **લુખ્ખો** છે; **વાદવિવાદગ્રસ્ત** છે; ઇશ્વરને નહિ માનનારો હોઇ તે **હૃદય વગરનો** છે; તેનો દ્વૈતવાદ **બુદ્ધિને અસંતોષકારક** છે; જંતુ અને વનસ્પતિ પરની દયાનો તેનો સિદ્ધાંત **મુર્ખતા ભરેલો** છે; આત્મામાં જડના પ્રવેશથી દુઃખ ઉત્પન્ન થવાની તેની માન્યતાએ તેના ભક્તોને, વગોવાજ **કંટાળો આપે તેવા સાધુપણા** તરફ વાળ્યા છે; વળી તેનું દૃષ્ટિબિન્દુ-સર્વજ્ઞપણાની પ્રાપ્તિનું દૃષ્ટિબિંદુ એવું છે કે જેમાં આત્મા **જાણી** શકે બધું, પણ **કરે** નહિ કાંઇ એવી સ્થિતિ છે, તેથી તે દૃષ્ટિબિંદુ **ન ગમે તેવું અને મૂર્ખતાભરેલું** છે.*

---

* અવલોકનકારના કુલ શબ્દોનું ટાંચણ અમો નીચે આપીએ છીએ:—

JAINISM IN WESTERN GARB, AS A SOLUTION TO LIFE'S GREAT PROBLEMS. By Herbert Warren. $7\frac{1}{4}$ ins. $\times$ $4\frac{3}{4}$ ins, pp. xi + 129 + 1 plate. Madras: The Minerva Press, 33, Popham's Broadway (London Agents: Messrs Luzac & Co., 46, Great Russell Street, W. C.). Price As. 12 (1. s).

THERE is comparatively little literature on Jainism in the English tongue, so that this very clear and terse exposition by Mr. Warren will be especially welcome to English students of Indian philosophies and theologies. Some of the Jain tenets are both curious and interesting. On the subject of existence and non-existence, Mr. Warren's remarks remind one of Hegel The clear cut concept of individuality fundamental in Jainism, and its unflinching defence of free-will,

જૈન ફીલસુફીના ઉંડા અભ્યાસના અભાવને લીધે થવા પામેલા ઉક્ત ગંભીર આક્ષેપોને વિદ્વાન જૈન મુનિરાજો અને પંડિતોએ જતા કરવા જોઇતા નથી. જેમ તે આક્ષેપો જતા કરવા જેવા નથી તેમજ, તે અપમાનના ખાસ ઇરાદાથી નહિ લખાયલા હોઇ, પ્રત્યુત્તરમાં કડવા શબ્દોના પ્રયોગની પણ જરૂર નથી. જે જરૂર છે તે એટલીજ છે કે, શાસ્ત્રોના અનુભવી મુનિમહાત્માઓ અને અભ્યાસી શ્રાવકોએ ઉક્ત આક્ષેપોનો રદીઓ જૈનશાસ્ત્રાધારે અને તર્કશાસ્ત્રાધારે આપવા બહાર પડવું. જૈનેતર વિદ્વાનોના વિચારો બદલાવવા માટે સામાન્ય લેખકોના હાથથી લખાતા ખુલાસાને અમે પુરતા માનતા નથી અને તેથીજ એવા પ્રયાસથી અમે વેગળા રહી પ્રચંડ વિદ્વાનોને આ માસિકદ્વારા ખુલાસો બહાર પાડવાનું આમંત્રણ આપવું યોગ્ય વિચાર્યું છે. અને અમને આશા છે કે પવિત્ર જૈન ધર્મ ઉપર ખરો પ્રેમ રાખનારા વિદ્વાનો આવે વખતે પ્રમાદ સેવશે નહિજ.

---

# ज्ञानीओनां कथन अने पदार्थविज्ञानीओनी शोधोनां परिणाम वच्चे आश्चर्यजनक मळतापणुं.

---

ફૉનોગ્રામની શોધ પાછળ અત્યંત ખર્ચ અને શ્રમનો ભોગ આપ્યા પછી ભાષાના પુદ્ગલ હોવાનો જે સિદ્ધાંત પદાર્થવિજ્ઞાનશાસ્ત્રીઓ બોધવા લાગ્યા છે તેનો તે જ સિદ્ધાંત ગુપ્ત જ્ઞાનવાળા જૈન 'દ્રષ્ટા' ઓ–Seers અથવા "જ્ઞાનીઓ" સ્થૂલ પ્રયોગોની ખટપટમાં ઉતર્યા **સિવાય** માત્ર આંતર્દષ્ટિથી જાણી અને બોધી શક્યા હતા. પરન્તુ **એડી**સને જડ પેટી પાસે શબ્દો બોલાવી લોકોને પ્રત્યક્ષ પુરાવો જ્યાં સુધી આપ્યો ન હતો ત્યાં સુધી જૈન શાસ્ત્રકારો અથવા જ્ઞાનીઓ અથવા "દ્રષ્ટાઓ"ના શબ્દોમાં ઘણાએક કેળ-

---

are points worth noticing; and the intense desire of Jainas to avoid inflicting injury on any living creatures, one can admire to a certain extent. But even Mr. Warren cannot save Jainism from being condemned as dreary and scholastic. It lacks a God and is thus without a heart. Its essential pluralism prevents it from satisfying the intellect. It renders the principle of non-injury absurd by applying it to non-self-conscious forms of life, even insects and vegetables. Its concept of evil as due to the influx of matter into soul leads its devotees into the most disgusting asceticism. And its aim, that of rendering the individual soul omniscient, reducing it to a condition in which it knows everything and does nothing, is not only unattractive, but also absurd. The volume has, as frontispiece a portrait of the late Jain philosopher, V. R. Gandhi, B. A.

H. S. Redgrove.

વાયલા કહેવાના જૈનોને પણ વિશ્વાસ બેસતો નહતો. એવીજ રીતે બીજી ઘણી બાબતોમાં પૂર્વના મહાન દ્રષ્ટાઓના શબ્દોને આજના શોધકો અને અભ્યાસીઓ પ્રતિદિન ખરા પાડતા જાય છે. થોડાંએક વરસ ઉપર એક જૈન ગ્રૅજ્યુએટે અમારૂં લક્ષ **જૈન**હિતોપદેશ ભા. ૧-ના પૃષ્ઠ ૧૧૧ માંના નીચેના શબ્દો ઉપર ખેંચીને કહ્યું હતું કે "આ કેવું કપોળકલ્પિત લાગે છે! આવાં આવાં નાપાયાદાર અને અસંભવિત કથનોનો પરિચય થયા બાદ કોણ જૈન શાસ્ત્રોપર શ્રદ્ધા રાખી શકે?" **જૈન**હિતોપદેશમાંથી તે મહાશયે બતાવેલા શબ્દો નીચે પ્રમાણે છે:--

"મનુષ્યનું આયુષ્ય ૧૨૦ વર્ષનું, હાથી ૧૨૦, ઘોડા ૪૦, વાઘ ૬૪, કાગડા ૧૦૦, ગધેડા ૨૪, ગેંડા ૨૦, સારસ ૬૦, ક્રૌંચપક્ષી ૬૦, કુકડા ૬૦, બગલા ૬૦, સર્પ ૧૨૦, સમલી ૫૦, સુવર ૫૦, કાનકડીઆ (વાગોલ) ૫૦, હંસ ૧૦૦, સિંહ ૧૦૦, કાચબો ૧૦૦થી ૧૦૦૦, ગીધપક્ષી ૧૦૦, બકરી ૧૬, કુતરા ૧૨થી ૧૬, શિયાળ ૧૩, હરણ ૨૪, બીલાડી ૧૨, સૂડો ૧૨, બપૈયા ૩૦, માછલાં ૧૦૦થી ૧૦૦૦, ઉંટ ૨૫, ભેંસ ૨૫, ગાય ૨૫, બેલ ૨૫, ઘેટા ૧૬, રૂપારેલ ચલ્લી ૩૦, ઘુવડ તથા ચીબરી ૫૦ વર્ષ, જુ-કંસારી ૩ માસ, વીંછી ૬ માસ, ચૌરિંદ્રિય જીવ ૧ માસથી ૬ માસ, ગરોળી ૧ વરસ, કાંકીડો ૧ વરસ, કીડી ૪૯ દિવસ, ઉંદર ૨ વર્ષ, અને સસલાનું ૧૦થી ચૌદ વર્ષ સુધીનું આયુષ્ય છે."

આ શબ્દો જ્યારે અમને બતાવવામાં આવ્યા ત્યારે હાલના શોધકોને મળેલી હકીકતથી અમે જાણીતા નહતા. પરન્તુ ત્યારબાદ માત્ર થોડા દિવસ ઉપર 'કેળવણી' નામના માસિકના ફેબ્રુઆરી ૧૯૧૩ ના અંકનો નીચેનો ફકરો અમારા વાંચવામાં આવ્યો:—

"**પ્રાણીઓની આયુષ્ય મર્યાદા**—આ સંબંધી કેટલાક આંકડા વર્તમાન શોધના પરિણામે નીચે આપ્યા છે:-ડે-ફ્લાઈ નામની માંખ ૨૪ કલાક જીવે છે. મે-ફ્લાઈ નામે માંખ ૬ અઠવાડિયાં જીવે છે. પતંગિયું બે મહિના જીવે છે. આગિયો કીડો અને મધમાખ એક વર્ષ જીવે છે. સસલાં અને ઘેટાં ૬થી ૧૦ વર્ષ જીવે છે. વરૂ ૧૫ વર્ષ જીવે છે. બુલબુલ પક્ષી ૧૨ વર્ષ જીવે છે. કૂતરો ૧૫થી ૨૫ વર્ષ જીવે છે. ઘોડા ૨૫-૩૦ વર્ષ, ગરૂડ પક્ષી ૩૦ વર્ષ, હરણ ૩૦ થી ૪૦ વર્ષ, તથા બગલો, સિંહ, અને રીંછ ૫૦ વર્ષ જીવે છે. કાગડો ૮૦ વર્ષ જીવે છે. કાચબો, પોપટ અને હાથી ૧૦૦ વર્ષ જીવે છે. આઇવી નામે એક પ્રકારનો વેલો ૨૦૦ કરતાં વધારે વર્ષ જીવે છે. કેટલાંક વૃક્ષો ૩૦૦, ૫૦૦ કે ૧૦૦૦ વર્ષ જીવે છે. દેવદારનું ઝાડ ૧૨૦૦ વર્ષ જીવે છે."—કેળવણી. ફેબ્રુ. ૧૯૧૩.

અમારા ઉપર જણાવેલા જૈન ગ્રૅજ્યુએટ મિત્ર અને બીજાઓ આ આંકડાઓને જૈન શાસ્ત્રકારોએ લખેલા આંકડાઓ સાથે સરખાવશે તો માલમ પડશે કે, બન્ને લગભગ મળતા આવે છે. જે નજીવો તફાવત જણાય છે તે જ્ઞાનીઓના અને પદાર્થવિજ્ઞાનીઓના જમાનાના દેશ-કાળ વચ્ચેના તફાવતને આભારી છે; કારણ કે એકજ જાતનાં પ્રાણી એકદેશમાં જેટલાં વર્ષ જીવે તે કરતાં બીજા દિવસમાં બહુ યા ઓછાં વર્ષ જીવે એ સંભવિત છે.

બાહ્ય દ્રષ્ટિની મદદથી ઉંડામાં ઉંડા ઉતરીને કરાતી શોધોનાં પરિણામ, બાહ્ય દ્રષ્ટિ કે કોઈ જડ સાધનની મદદ **વગર** આંતર ચક્ષુથી જોવાયલાં સત્યોને જૂઠાં પાડી આપવાનું નહિ પણ સાબીત કરી આપવાનું કામ બજાવે છે એ કેટલો આનંદનો વિષય છે.!

# नवा जैन बॅरीस्टरने मान.

શ્રીયુત મકનજી જુઠાભાઈ B. A. L L. B, Bar-at-law વિલાયતથી પાછા ફરતાં તા. ૧૫ મી એપ્રીલના દિવસે તેમના માનમાં એક ભવ્ય મેળાવડો અત્રેના શ્રી જૈન એસો-સીએશન ઑફ ઇન્ડિઆ તરફથી કરવામાં આવ્યો હતો, જેમાં કેટલાક જાણીતા જૈન અગ્રેસરોએ હાજરી આપી હતી. સત્કારનાં ગાયન, પ્રીતિભોજન અને નિર્દોષ વાર્તાલાપથી પ્રસન્ન થઇ સભાજનો શ્રીયુત મકનજીભાઇને ચળકતું ભવિષ્ય ઇચ્છી છુટા પડયા હતા. એક વખત આપણી મહાન કોન્ફરન્સની ઉત્તમ પ્રકારે ઑનરરી સેવા બજાવનારા આ બંધુને અમો પણ આબાદ જીંદગી ઇચ્છવા સાથે સંઘસેવાના કામોમાં પ્રથમ મુજબ અને તેથી પણ વધારે પ્રમાણમાં ભાગ લેતા જોવા ઉમેદ રાખીએ છીએ.

# प्रगतिनो पवनः आपणे शुं ते पवनथी दूर रहीशुं?

સ્થાનકવાશી જૈન કોમ કે જે આપણી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન કોમ કરતાં ઘણી પાછળ જાગી છે તે કોમ છેલ્લાં ૭ વર્ષથી કૉન્ફરન્સની સંસ્થા સ્થાપીને પાંચ બેઠકો કરી ચૂકી છે અને ગયા માસમાં દક્ષિણ સીકંદ્રાબાદ મુકામે મળેલી તેમની કૉન્ફરન્સે તો રૂ. ૩૨૦૦૦ જેટલું એક સારૂં ફંડ માત્ર ૪૦૦ જેટલાજ પ્રતિનિધિઓની હાજરી છતાં કર્યું છે. દક્ષિણમાં એક જૈન બાલાશ્રમ ખોલવાનું ઠરાવી તે ખાતે કૉન્ફરન્સ ઑફીસ તરફથી અમુક માસિક મદદ આપવાનું પણ ઠરાવવામાં આવ્યું છે. વળી તે કોમના એક પત્રકારે કેટલુંક થયાં કોન્ફરન્સ ઑફિસમાં ખોલાવેલું "વિદ્યોત્તેજક ફંડ" પણ આ સમ્મેલનમાં સારી સરખી મદદ મેળવી શક્યું હતું અને તે જ પત્રકારે અમુક મુનિને લગતા ગંભીર ટંટાનું સમાધાન કરાવી "જૈન શાસ્ત્રોદ્ધાર" માટે એક નવુંજ ફંડ ખોલાવ્યું હતું અને તેમાંથી રૂ. ૫૦૦૦ નું એક પ્રેસ કૉન્ફરન્સ ઑફિસ માટે ખરીદી સૂત્રોનાં શુદ્ધ ભાષાંતર તૈયાર કરાવવા તથા છપાવવાનું ઠરાવ્યું હતું. આ ઉપરાંત એક એવો પણ સંતોષજનક ઠરાવ થયો હતો કે જૈનના ત્રણે ફીરકાઓ વચ્ચેના કલેષોને દૂર કરવા માટે જો દરેક વર્ગમાંથી ૨૫-૨૫ મેમ્બરો નીમવામાં આવે તો તે કામમાં પૈસા, માણસો અને પરિશ્રમનો પોતા તરફનો ફાળો આપવા તે કૉન્ફરન્સ તૈયાર છે.

આ સર્વપરથી સૂચિત થાય છે કે સદરહુ ભાઇબંધ કોમને પ્રગતિનો પવન લાગી ચૂક્યો છે. સ્થા૦ જૈન ભાઇઓ હમણાં કાંઇક નિદ્રામાંથી જાગવા લાગ્યા છે એ ખરૂં, પણ હજી તેમને ઘણું કરવાનું બાકી રહે છે.

આપણા શ્વેતામ્બર ભાઇઓએ આ તથા બીજી ભાઇબંધ કોમોની પ્રગતિ જોઇ પોતાની ધીમી પડેલી ચાલ ઉતાવળી અને સુદૃઢ કરવા કમર કસવી જોઇએ છે. આપણે આશા રાખીશું કે આવતી પંજાબમાં મળનારી આપણી કૉન્ફરન્સ સીકંદ્રાબાદ કૉન્ફરન્સ કરતાં પણ વધુ ફંડ કરવામાં અને વધુ સુસંપ ઉત્પન્ન કરવામાં તથા વધુ વ્યવહારૂ ઠરાવો યોજવામાં ફતેહમંદ થશે.

# Jain Literature Society.

The annual meeting of the members of the European Section took place at the India Office Library, London, on January 20th, 1913 The President of the Society, F. W. THOMAS, Esq; M. A., Ph.D., and the Hon. Secretary Mr. H. WARREN, were present. The following report & accounts for the year 1912 were read and approved.

During the period which has elapsed since the last meeting of the European Section, which took place on February 19th, 1912, the following events have occurred :—

Prof. Dr. HERMANN JACOBI, of the University of Bonn, Germany, has accepted the Office of Honour as President of the Society.

The late Mr. G. M. MEHPANI, B.A, LL.B., one of the Society's most active members, was obliged to leave London in July, 1912, on account of an illness from which he did not recover While in Bombay, he was nevertheless successful in procuring for the Society the following three donations, which were received in London, in August:—

£ 70 for the publication of an English translation of the *Pravachanasara* of Kundakunda Acharya: arrangements for the translation are still in progress.

£ 70 for the *Syadvadamanjari* which is now being translated by our member in St. Petersburg, Dr. MIRONOW, Ph. D.

£ 35, part of a promised £ 70, for the *Saddarsanasamuccaya*, which is being translated by our member, Prof. Dr L. SUALI.

This money, £ 175 in all, is banked with Messrs. BARCLAY & Co., Ltd., Bankers, Pall Mall East, London, in the joint names of F. W. THOMAS, Esq., M. A; Ph. D., and Mr. H. WARREN.

The following new members have joined the Society.

EUROPEAN SECTION.

Prof. Dr. HERMANN JACOBI' of Bonn.

C H. TAWNEY, Esq M A., C I E, London.

Prof. JAMES H WOODS, of Cambridge, Mass.,

Dr A. FONAHN, of Christiania, Norway,

HERRE EINAR SCHMIDT, of Copenhagen Denmark.

INDIAN SECTION.

SITAL PRASAD BRAMACHARI, of Bombay,

PUJ KIRPA RISHI, of Patti,

CHANDANMAL NAGARI, of Choti Sadri,

MANILAL H. UDANI, M A.LL B. of Bombay,

AJIT PRASADA, M A, LL B, of Lucknow.

G JINADAS NAINAR, of SOUTH ARCOT.

## ACCOUNTS.

| | £ | s. | d. |
|---|---|---|---|
| Cash on hand as per last account ... ... | 3 | 11 | 10 |
| Cash received during the year:-- | | | |
| June 1st, from Damji Kessowji, donation... ... | 1 | 0 | 0 |
| Aug; 3rd, from Sitalprasad Bramachari, donation... ... | 0 | 10 | 0 |
| Aug; 3rd, from Maneckchand Hirachand Javeri J. P. donation ... | 0 | 10 | 0 |
| | £ 5 | 11 | 0 |
| Cash spent, June 1st, 1912 for 200 "Rules" ... ... | 1 | 18 | 6 |
| Cash on hand January 20th, 1913... ... ... | £ 3 | 13 | 4 |

cash at Bankers January 20th, 1913, £ 175

No change was made in the list of officers of the Section.

# સ્વીકાર અને સમાલોચના.

**મુનિસંમેલન**-રિપોર્ટ:-વડોદરામાં શ્રીમદ્ વિજયાનંદસૂરિ ( આત્મા રામજી ના શિષ્ય-પ્રશિષ્યાદિ મુનિમંડલનું સંમેલન ૨૩ મી જુન ૧૯૧૨ ને દિને થયું હતું, અને તેનો રિપોર્ટ હિંદુસ્તાની ભાષામાં છપાઈ બહાર પડેલ છે. આ મુનિસંમેલનના ઠરાવો તથા ભાષણો સમગ્ર મુનિવર્ગને એટલા બધા ઉપયોગી છે કે અમોએ ગત અગસ્ટ માસના અંકમાં બીજા વિષય પડતા મૂકીને પણ તેનો મુખ્તેસર અહેવાલ આપવામાં યોગ્યતા ધારી હતી. આવાં મુનિસંમેલનો દરેક ગચ્છના થાય અને પછી એકત્ર મુનિસંમેલન' થાય એમ અમે અંતઃકરણ-પૂર્વક ઇચ્છીએ છીએ. મુનિઓ અમારા તારક છે અને ખોટા માર્ગથી સીધે રસ્તે ચલાવનાર છે, એમ સર્વ કબૂલ કરશે. જો તેજ મુનિઓ પોતાનામાં સુધારો, પ્રગતિ અને ઉચ્ચ કોટિ પર આવવા વીર્યવાન્ થવાની જરૂર સ્વીકારશે તો અમારામાં સહજ સુધારો થશે એ નિઃસંશય છે. અમે આ મુનિસંમેલનના કાર્યવાહકોને અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપીએ છીએ, અને ઇચ્છીએ છીએ કે ભવિષ્યમાં આવાં વધુ સંમેલનો ભરાશે.

**રત્નચિંતામણિ સ્થા૦ જૈન મિત્રમંડળ**—૭ મો વાર્ષિક રિપોર્ટ સં. ૧૯૬૭. આ મંડળનો ઉદ્દેશ તે કોમના બાળકોને વ્યાવહારિક કેળવણી સાથે ધાર્મિક કેળવણી આપવાનો છે. તે માટે નેશનલ ઇંગ્લીશ સ્કુલમાં વિદ્યાર્થીઓને મોકલવામાં આવે છે, અને સાથે ધાર્મિક શિક્ષણ માટે જૈનશાળા ચલાવવામાં આવે છે. વ્યાવહારિક શિક્ષણ માટે વિદ્યાર્થીઓને બીજે સ્થલે લવાજમ આપી મોકલવા કરતાં આપણી જૈન હાઇસ્કૂલમાં ( બાબુ પનાલાલની ) મોકલવામાં આવે તે ઇષ્ટ છે, કે ત્યાં સારૂં શિક્ષણ મળે, અને તેથી ખર્ચમાં થતો બચાવ સ્ત્રીકેળવણી આદિમાં વપરાય તો સારૂં. ધાર્મિક અભ્યાસમાં કંઈ પદ્ધતિસર શિક્ષણ અપાય તો સારૂ અને તે માટે કોન્ફરન્સ તરફથી તૈયાર થયેલ

અભ્યાસક્રમ જોવાની અમો ભલામણ કરીએ છીએ. આ સંસ્થા કેટલાક વર્ષો થયાં ઉદ્ભવતી હતી તે હમણાંના કાર્યવાહકોના એકત્ર બળથી જાગ્રત થઈ છે એ જાણી આનંદ થાય છે અને આશા રહે છે કે કાંઈક ઉપયોગી કાર્ય કરી બજાવશે. અનેક કાર્ય હાથ ધરતાં એકને જ હાથ ધરી તેને પૂર્ણ ટોચે પહોંચાડવું એ અત્યંત પ્રશંસનીય અને માનપ્રદ છે.

**સ્વાધ્યાય માળા-પ્રથમ રત્ન**— ( સંગ્રહ કરી પ્રસિદ્ધ કર્તા **ચુનિલાલ વીરચંદ** નાળીએરવાળા–**ભરૂચ**. પૃ. ૮૦ પદ્મવિલાસ પ્રિ. પ્રેસ. ભરૂચ. ) આમાં 'શ્રી પંચાસ્તિકાય રહસ્ય અને પારમાર્થિક વચનામૃતોનો પ્રકાશ' છે. દ્રવ્યાનુયોગના અભ્યાસીને પંચાસ્તિકાય એ પુસ્તક અવશ્ય અવલોકવા જેવું છે, અને ત્યારપછી તેમાં રહેલ ગર્ભિત વાક્યોને હૃદયમાં ઉતારી તેનું વારંવાર મનન કરવા યોગ્ય છે; તેથી તે વાક્યો, આમાં સંગ્રહ કરેલ છે માટે ઉપયોગી થશે. મૂલ્ય અમારા જાણવા પ્રમાણે કંઈ છે નહિ. જોઈએ તેમને ટીકીટ બીડી મંગાવી લેવું.

**હિંમત કાવ્ય**—( કર્તા રા. હિમતલાલ ડાહ્યાભાઈ શાહ. મહુવા; મહુવા ત્રિભુવનપ્રેસ પૃ. ૨૪. મૂલ્ય લખેલ નથી ). આમાં અનુક્રમણિકા નથી, તેથી ગણત્રી કરતાં ૧૬ કાવ્યો છે. કાવ્યમાં જેવી હૃદયોર્મિ અને ભાવોલ્લાસ ઉછળવો જોઈએ તેવો નથી, ભાષામાં કર્કશતા છે, છતાં પ્રયાસ ઉત્તેજવા યોગ્ય છે, ધીમે ધીમે તેમાં કંઈ તેજ પ્રકાશે એવું સંભવે છે, છતાં તેવું તેજ આવ્યા વગર પ્રસિદ્ધિમાં મૂકવાની ઉતાવળ કરી હોય તેમ લાગે છે. કાવ્ય એ કંઈ ગદ્યમાં મૂકાતા વિષયને છંદમાં ગોઠવી દેવું એ નથી, એ ખાસ ધ્યાનમાં લેવાનું છે. વળી વ્યુત્પત્તિ બહુ અવ્યવસ્થાવાળી છે. સંસ્કૃતનું જ્ઞાન ન હોવા છતાં લેખકોએ શુદ્ધ ગુજરાતી ભાષા તરફ ખાસ લક્ષ આપવાનું છે. પોતે કબૂલ કરે છે કે:—

> ગીર્વાણુ જ્ઞાન નવ પુર્ણ ન ગુર્જરીનું,
> ના પુર્ણ યત્ન વળી વાંચન છે મઝેનું;
> એવું પ્રતીકુળપણું સહુ પાસ દીસે,
> શું કાર્ય સાધન બને પ્રીય મિત્ર વીશ્વે. પૃ. ૧૧

આમાંજ પુર્ણ, પ્રતીકુળ, પ્રીય, વીશ્વે એ શબ્દો ખરી રીતે પૂર્ણ, પ્રતિકુળ, પ્રિય, વિશ્વે એમ જોઈએ અને આવી રીતે સ્થાને સ્થાને હ્રસ્વ દીર્ઘની મિમાંસા રાખીજ નથી. ચીત, શુદ્ધી, બુદ્ધી, વ્યથીત, ક્ષતી, વીચાર વગેરે શબ્દો કેટલા ગણાવવા ?

વળી પ્રાસત્રુટિ પણ કેટલેક ઠેકાણે દેખાઈ આવે છેઃ—વસંતતિલકાવૃત્તમાં 'આજે જુવાની પુનઃકાલ જરા જણાશે.' પૃ. ૧૫ અને દોહરા 'આળલમની ઝાળની, લાગી કરી દેશ.' પૃ. ૨૧.

આટલું દોષ સંબંધે કહ્યા પછી હવે ગુણ તરફ જઈશું. રા. **હિમતલાલ** એક જૈન યુવક લેખક છે, અને કવિતા કરવાના ઘણા શોખીન છે.

આ પત્રમાં એક બે વખત ( મનઃશક્તિ આદિ ) પ્રસિદ્ધ થયેલ છે અને જૈનશાસનાદિ પત્રમાં આવે છે. પ્રયાસ જારી રાખશે તો ધીમે ધીમે જેને મધ્યમ યા સામાન્ય કવિતા કહેવામાં આવે છે તેવી કવિતા-ઉપરના દોષો નિવારતાં—બનાવી શકશે. તેઓ જો ખંડકાવ્ય ( જૈન ઇતિહાસમાં પ્રખ્યાત પુરુષોના સંવાદો-વસ્તુ લઈ ) કરશે તો તે ક્ષેત્ર સારી રીતે

જોડવા જેવું તેમને જણાશે. તેમના વિષયોની ચુંટણી સારી છે. છેવટે તેમના એક કાવ્યમાંથી નીચેની કડીઓ પ્રાસંગિક બનાવો માટે ઉપયોગી જાણી ટાંકી અમે સમાપ્ત કરીશું.

ક્લેશો કદાગ્રહ થકી કડવાશ થાય,
નિશ્ચે કુસંપ વધતાં સુખ સર્વ જાય;
ઇર્ષા બળે નિજ બીજાની કરે ખુવારી,
અજ્ઞાનનું સકળ કારણ એ વિચારી. પૃ. ૬૧-૬૨.

**નિરાધાર માણસોના ઢોરને આશ્રય આપનાર મંડળનો રિપોર્ટ**—૩૧-૩-૧૨ થી ૧૫-૭-૧૨ સુધીનો, વઢવાણ—વઢવાણ શહેરની પાંજરાપોળ આખા કાઠિયાવાડમાં મોટામાં મોટી છે, અને તેની પાસે એટલું સમર્થ ફંડ-આવક છે કે પાંજરાપોળમાં આવતા ઢોર માટે કદી પણ બીજા પાસેથી મદદ ન માગવામાં તેના કારોબારીઓ સત્ય રીતે ગર્વ લે છે જાણી આનંદ થાય છે. આ ૬૭ ના દુકાળમાં પાંજરાપોળમાં ન મૂકાતા ગરીબ માણસોના ઢોરની દુષ્કાળ પ્રસંગે ઘણી વિપત્કારક સ્થિતિ હતી. કેટલાક ગરીબો પોતાનાં ઘરબાર વેચી પોતાના વ્હાલા ઢોરની રક્ષા કરે છે તેમને ધન્ય છે; પરંતુ ઘણા ગરીબોની દયામણી સ્થિતિ હોય છે અને તેથી તેમના ઢોરોની તેના કરતાં વધુ દયામણી સ્થિતિ હોય છે; તેવામાં કોઈ સંસ્થા ઉભી થઈ ફંડ એકઠું કરી આવા માણસોને ઢોરની રક્ષા અર્થે મદદ આપે એ ખરેખર આવશ્યક અને ઉપકારી છે.

રીપોર્ટવાળા સમયમાં રૂ. ૩૮૮૭-૫-૩ ભેગા કર્યા હતા અને તેમાં ૩૨૪૬-૧૩-૩ નો સંતોષકારક ખર્ચ કરી સીલીક ૬૪૦-૮-૦ છે, અને ૧૫-૭-૧૨ પછી પણ જ્યાં સુધી વરસાદ ન પડે ત્યાં સુધી ચાલુ રાખવામાં આવી હતી. સેક્રેટરી અને કાર્યવાહીઓને આ કાર્ય માટે ખરેખર ધન્યવાદ ઘટે છે.

આવી સંસ્થાઓ દુષ્કાળ જેવા આફતકારક ભયંકર પ્રસંગોએ ઉત્પન્ન થવા યોગ્ય છે, છતાં ગયા દુષ્કાળોમાં તથા આ દુષ્કાળમાં આ સિવાય આના જેવી એક પણ સંસ્થા નીકળી સાંભળી નથી એ ખરેખર વિસ્મયકારક અને પછાતપણું સૂચવનાર છે. આ રીપોર્ટમાં જરા અમને વિસ્મયકારક એ છે કે જે સંસ્થાનો રિપોર્ટ છે તે કયે સ્થળે આવેલ છે તે સ્થળ મુખ પૃષ્ઠ કે બીજે સ્થળેથી એકદમ મળી આવતું નથી, પરંતુ આખર બહુ શોધ કરી ત્યારે અનુમાન પ્રમાણથી પૃ. ૪ થા પરથી સમજવામાં આવ્યું કે વઢવાણમાં આવેલ છે! ! !

**નારીદર્પણમાં નીતિવાક્ય ભાગ ૧ લો**—લખનાર સૌ૦ બાઈ રંભા શામજી **ભાવનગર**. ભારતબંધુ પ્રિ. વર્કસ- પૃ. ૧૬ કિં. બે આના.) લેખક એક જૈન શ્રીમતી છે એમ જાણી અમોને ઘણો આનંદ થાય છે. વસ્તુમાં ૮૪ વિષયો છે અને તે દરેક યાદ રહી જાય તેવી કહેવતરૂપે છે. આ મોઢે કરી દરેક સ્ત્રી વર્તે તો ગૃહ સ્વર્ગ બને, સંસાર સુખરૂપ થાય અને જીવન પ્રેમમય નીવડે. સુંદર પસંદગી કરી યથાયોગ્ય સ્વરૂપમાં કહેવતો મૂકવામાં ઉક્ત સ્ત્રીલેખકે અજબ ચાતુરી વાપરી છે, અને તેથી તેમને ધન્યવાદ ઘટે છે. '**જૈનસમાચાર**' ના ગ્રાહકોને તેના અધિપતિ રા. **વાડીલાલે** ભેટ આપી હતી, અને ઉક્ત સ્ત્રીલેખક પણ જૈન કન્યાશાળા જૈન શ્રાવિકાશાળાને ગુજરાતી કન્યાશાળામાં અભ્યાસ કરનારી બહેનોને તથા તેમના શિક્ષકોને તથા પતિવ્રત ચાહનારી માતાઓને ભેટ તરીકે આપવા માંગે છે. જોઇએ તો ટપાલખર્ચ માટે બે પૈસાવાળી ટીકીટ '**શાહ લાલચંદ ત્રિભુવન, કાપડબજાર મુ. ભાવનગર**' એ સરનામે બીડી પુસ્તક મંગાવી લેવું.

# તૈયાર છે ! તૈયાર છે ! તૈયાર છે !

## કોન્ફરન્સ ઓફીસની ચારવર્ષની અથાગ મહેનતનું અપૂર્વ ફળ.

# શ્રી જૈન ગ્રંથાવલિ.

જુદા જુદા ધર્મ ધુરંધર જૈન આચાર્યોએ ભિન્ન ભિન્ન વિષયો ઉપર રચેલા અપુર્વ ગ્રંથોની સંપૂર્ણ યાદી આ પુસ્તકમાં આપવામાં આવી છે. જૈન આગમ, ન્યાય, ફિલોસોફી, ઔપદેશિક, ભાષા સાહિત્ય તથા વિજ્ઞાન સંબંધી ગ્રંથોનું લીસ્ટ, ગ્રંથ કર્તાઓનાં નામ, શ્લોક સંખ્યા, રચ્યાનો સંવત, હાલ કયા ભંડારમાંથી કેવી સ્થિતિમાં મળી શકે તેમ છે વિગેરે સઘળી હકીકત બતાવનારૂં આ અમુલ્ય પુસ્તક છે. વિશેષ ફુટનોટમાં ગ્રંથોને લગતી ઉપયોગી માહિતી આપવામાં આવેલી છે. ગ્રંથ અને પૃષ્ટ, ગ્રંથકર્તા અને પૃષ્ટ, રચ્યાનો સંવત્ અને ગ્રંથ, એવી રીતે ત્રણ પ્રકારની સંભાળ પૂર્વક બનાવવામાં આવેલી અનુક્રમણિકાઓ આ પુસ્તકની છેવટે આપેલી છે. આ પુસ્તક દરેક પુસ્તકભંડાર, લાઇબ્રેરી તથા સભા મંડળમાં અવસ્ય રાખવા લાયક તેમજ દરેક જૈનને ઉપયોગી છે.

કીંમત માત્ર રૂ. ૩-૦-૦ શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ.

## શ્રી જૈન શ્વેતાંબર મંદિરાવલિ.

પ્રથમ ભાગ.

આ પુસ્તકમાં ગુજરાત, કાઠિયાવાડ, કચ્છ અને મારવાડ દેશના દેરાસરોની ( ઘર-દેરાસર સુદ્ધાંત ) હકીકત આપવામાં આવેલ છે. મુંબઇની કોન્ફરન્સ ઓફીસ તરફથી મહાન ખર્ચ કરી શરૂ કરવામાં આવેલ ડીરેકટરીના અમૂલ્ય તેમજ પ્રથમ ફળ રૂપે આ પુસ્તક જૈન સમાજના હિતને માટે બહાર પાડવામાં આવેલ છે. હિંદુસ્તાનમાં આવેલા આપણા પવિત્ર ક્ષેત્રોની યાત્રા કરવા જનાર જૈન ભાઇઓને આ પુસ્તક એક સુંદર ( ભોમીયો ) તરીકે થઇ પડવા સંભવ છે આ પુસ્તકમાં જુદી જુદી કલમો પાડી દેરાસર વાળા ગામનું નામ, નજીકનું સ્ટેશન યાને મોટાગામનું નામ તથા તેનું અંતર, દેરાસરનુ ઠેકાણું, બાંધણી, વર્ણન, બંધાવનારનું નામ, મુળ નાયકનું નામ, બંધાયાની સાલ, પ્રતિમાજીની સંખ્યા, નોકરોની સંખ્યા તથા મકાનની સ્થિતિ વિગેરે તમામ હકીકત સવિસ્તર દાખલ કરવામાં આવી છે. આ પુસ્તક રોયલ સાઇઝ ૨૫૦ પાનાનું સુંદર પુંઠાથી બંધાવેલું છે. બહાર ગામથી મંગાવનારને વી. પી. થી. મોકલવામાં આવશે.

કીંમત માત્ર રૂ. ૧-૮-૦ આસિસ્ટંટ સેક્રેટરી.
પાયધુની મુંબઈ નં. ૩ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

# લેખકોને નમ્ર વિનંતિ.

પૂજ્ય મુનિમહારાજાઓ, જૈન ગ્રેજ્યુએટો તથા વિદ્વાન જૈન લેખકોને સવિનય વિનંતિ રવામાં આવે છે કે જૈન વસ્તીવાળા લગભગ તમામ શહેરોમાં મહાન કોન્ફરન્સનો જય વાવટો ફરકાવના તથા કોન્ફરન્સના સર્વ માન્ય વાજીંત્ર ગણાતા આ ાસિક પત્રમાં કોન્ફરન્સે હાથ ધરેલા વિષયો સંબંધી તથા સમસ્ત જૈન મની સામાજીક, નૈતિક અને ધાર્મિક ઉન્નતિ સાથે પ્રત્યેક વ્યક્તિની આત્મિક ઉન્નતિ ાય તેવા સરળ ભાષામાં લખાયેલા લેખોને પ્રથમ પદ આપવામાં આવે છે અને જૈન ભવ્યત્વ સૂચવનાર ઐતિહાસિકને પણ ખાસ સ્થાન અપાય છે. અને આશા રાખીએ છીએ કે પદવીધારી જૈન ગ્રેજ્યુએટોની માફક અન્ય વિદ્વાન જૈન લેખકો તથા પુજ્યમુનિ-મહારાજાઓ, વધારે નહીંતો માત્ર વર્ષમાં એકાદ વખત આઠ દશ પૃષ્ટ જેટલો લેખ આ ત્રમાં લખી મોકલી સ્વધર્મી બંધુઓને પોતાની વિદ્વત્તાનો લાભ આપવાનું મન ઉપર લેશે.

(૧) આ પત્ર માટેનું લખાણ કાગળની એકજ બાજુએ, સારા અક્ષરથી અને શાહી વડે લખવા તસ્દી લેવી. કાગળની બન્ને બાજુએ, અથવા પેનસીલથી લખેલું લખાણ ટાઇપોમાં ગોઠવતાં બહુ અડચણ પડે છે તેમજ ભૂલો થવાનો પણ વિશેષ સંભવ છે માટે આ સૂચના તરફ લક્ષ્ય આપવા ખાસ વિનંતિ છે.

(૨) લખાણ મોડામાં મોડું દરેક મહીનાની તા. ૧૫ મી પહેલાં અમોને મળવું જોઇએ.

(૩) લેખકનો લેખ જે અંકમાં પ્રસિદ્ધ થશે તે અંક અને નીયમીત લેખકને નીયમીત પણે સર્વ અંક મફત મોકલવામાં આવશે.

(૪) પસંદ નહિ પડેલા લેખો પાછા મોકલવાનું બનતું નથી, જેને જોઇએ તેણે ટપાલ ખર્ચ મોકલી મંગાવી લેવા.

(૫) અપ્રકટ પ્રાચીન જૈન ગુજરાતી સાહિત્ય, ધાર્મિક અભ્યાસ વધે તેવા સંવાદ, શિક્ષણ સારી રીતે આપી શકાય તેવા અભ્યાસપાઠો, પટ્ટાવલિઓ, શિલાલેખો, ગ્રંથની પ્રશસ્તિઓ, પ્રાચીન જૈન પ્રભાવકોનાં ચરિત્રો વગેરેને ખાસ પ્રથમ સ્થાન આપવામાં આવશે.

(૬) રાજકીય, ધાર્મિક વિવાદવાળું, નિંદાત્મક વગેરે આડે માર્ગે દોરનાર અને ક્લેશ ઉપજાવનાર લખાણને સ્થાન બીલકુલ આપવામાં નહિ આવે.

(૭) લેખકે પોતાનું પુરૂં નામ તથા ઠેકાણું લખવા કૃપા કરવી. તે પ્રગટ કરવા ઇચ્છા હોય તો તે, અગર તેમ ન હોય તો કોઇ સંજ્ઞા-તખલ્લુસ મોકલવું. નનામા લેખ લેવા કે પાછા મોકલવા બંધાતા નથી.

મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલ્ એલ્ બી
તંત્રી. જૈન શ્વે. કોન્ફરન્સ હેરલ્ડ.

પ્રીન્સેસ સ્ટ્રીટ. મુંબઇ.

જૈન બંધુઓ વાંચો અને અમૂલ્ય લાભ લ્યો.

# શ્રી જૈન શ્વેતાંબર ડીરેકટરી.

વ્હાલા બંધુઓ, આપ સારી રીતે જાણતા હશો કે વડોદરા અને પાટણ કોન્ફરન્સ વખતે જૈન શ્વેતાંબર કોમની આધુનિક સ્થિતી જાણવા માટે સર્વે જૈન બંધુઓનો વિચાર થવાથી ડીરેકટરી કરવાનું કામ કોન્ફરન્સ ઓફીસે હાથ ધરેલું હતું. આ મહાભારત કામના પ્રથમ ફળ રૂપે અમદાવાદ કોન્ફરન્સ પહેલાં શ્રી જૈન શ્વેતાંબર મંદિરાવળિ, ભાગ ૧ લો બહાર પાડવામાં આવ્યો હતો. ત્યાર પછી કોન્ફરન્સ ઓફીસ તરફથી આ મુસ્કેલ કામના દ્વિતીય ફળ રૂપે શ્રી જૈન શ્વેતાંબર ડીરેકટરીના—ભાગ ૧ લો (ઉત્તર ગુજરાત) અને ભાગ ૨ જો (દક્ષિણ ગુજરાત) એવી રીતે બે ભાગ જૈન પ્રજા સમક્ષ પ્રસિદ્ધિમાં મુકવામાં આવેલ છે. આ બન્ને ભાગમાં સમસ્ત ગુજરાત દેશની પ્રાચીન તેમજ અર્વાચીન જાણવા લાયક હકીકતો દાખલ કરવામાં આવી છે; જૈનોની વસ્તી સંખ્યા દેખાડનારી ગામની નિશાનીઓ ઉપરાંત તીર્થ સ્થળ, દેરાસર, તથા રેલ્વેની સરળ માહિતી આપનારાં ચિન્હો વાળો સુંદર નકશો પણ આપેલો છે. ટુંકમાં જૈનોની વસ્તી વાળા જીલ્લા અને તાલુકાવાર ગામ, રાજ્ય, નજીકનું સ્ટેશન અને તેનું અંતર, નજીકની પોસ્ટ તથા તાર ઓફીસ, દેરાસર, તીર્થસ્થળ, ધર્મશાળા, ઉપાશ્રય, પુસ્તક ભંડાર, લાઇબ્રેરી, પાઠશાળા, પાંજરાપોળ અને સભા મંડળ વિગેરેને લગતી સઘળી ઉપયોગી બાબતોથી આ ડીરેકટરી ભરપુર છે. આ સિવાય ગામવાર જ્ઞાતિ અને ગચ્છની કુંવારા, પરણેલા, વિધુર અને વિધવાની તેમજ ભણેલ તથા અભણની સંખ્યા આ ડીરેકટરીમાં સમજપુર્વક આપવામાં આવેલ હોવાથી દરેક જૈન બંધુને આપણી આધુનિક સ્થિતિ નજરે તરી આવે છે. વિશેષમાં જીલ્લાવાર તેમજ જનરલ રીપોર્ટ તથા તે ઉપરથી ઉપજતા વિચારોથી આ ડીરેકટરી જૈન સમાજ માટે બહુ ઉપયોગી કરવામાં લગાર પણ કચાશ રાખવામાં આવી નથી. ડીરેકટરી તૈયાર કરવા પાછળ રૂ. ૧૫૦૦૦ની મોટી રકમ ખર્ચવામાં આવી છે; તે છતાં જુજ કિંમત રાખવાનું કારણ કમાવાની ખાતર નહીં પરંતુ શ્રીમંત તેમજ ગરીબ જૈન બંધુને આ પુસ્તકનો લાભ આપવાનું છે. માટે સર્વ જૈનબંધુઓ આ મોટો લાભ અવશ્ય લેશેજ એવી અમારી સંપુર્ણ ખાત્રી છે.

| | |
|---|---|
| કિંમત માત્ર પહેલા ભાગના | રૂ. ૦-૧૨-૦ |
| બીજા ભાગના | રૂ. ૧-૪-૦ |
| બન્ને ભાગ સાથેના | રૂ. ૧-૧૪-૦ |

નકશાની છુટી નકલ અઢી આનાની પોષ્ટ ટીકીટ મોકલનારને મોકલવામાં આવશે.

પાયધુની મુંબઇ- નં ૩

આસિસ્ટંટ સેક્રેટરી
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

# Rates for Advertisement.

## જાહેરખબર આપનારાઓને અમુલ્ય તક.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું વાજીંત્ર ગણાતું આ માસિક કે જેનો હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં વસતી જૈનો જેવી ધનાઢ્ય કોમમાં બહોળો ફેલાવો છે તેમાં જાહેરખબર આપવાના ભાવો નીચે મુજબ રાખવામાં આવ્યા છે.

| | એક પેઈજ | અરધું પેઇજ | પા પેઈજ | ચાર લાઈન |
|---|---|---|---|---|
| એક વર્ષ માટે. | ૩૦ | ૨૦ | ૧૨ | ૬ |
| છ માસ માટે | ૨૦ | ૧૨ | ૬ | ૪ |
| ત્રણ માસ માટે | ૧૨ | ૬ | ૪ | ૩ |
| એક અંક માટે | ૫ | ૩ | ૨ | ૧ |

જાહેરખબરો હિંદી, ગુજરાતી યા ઇંગ્રેજી ભાષામાં લેવામાં આવશે. જાહેરખબરના નાણાં અગાઉથી મળ્યા સિવાય જાહેરખબર દાખલ કરવામાં આવશે નહિ. આ માસિકની મારફત હેન્ડબીલ વહેંચાવવાના ભાવો પત્રવ્યવહારથી અગર રૂબરૂ મળવાથી નક્કી થઇ શકશે, તે માટે સઘળો પત્ર વ્યવહાર તથા મનીઑર્ડર વીગેરે નીચેના શીરનામે મોકલવા.

પાયધુની, મુંબઇ નં. ૩ } આસિસ્ટંટ સેક્રેટરી.
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

# श्री जैन श्वेताम्बर कॉन्फरन्स हॅरल्ड.

"सत्साधूनां पुनर्भगवतां महाराज ! नश्यन्त्येवामी पूर्वोदिताः सर्वेऽपि क्षुद्रोपद्रवाः यतस्तेषां भगवतां प्रनष्टं मोहतिमिरं, आविर्भूतं सम्यग्ज्ञानं, निवृत्तं सर्वत्राग्रहविशेषः, परिणतं संतोषामृतं, व्यपगता दुष्टक्रिया, त्रुटितप्राया भववल्लरी, स्थिरीभूता धर्ममेघसमाधिः ॥ तथा गाढानुरक्तमंतरंगमतःपुरं ॥ यतस्तेषां भगवतां संतोषदायिनी धृतिसुंदरी, चित्तप्रसादहेतुः श्रद्धा, आल्हादकारिणी सुखासिका, निर्वाणकारणं विविदिषा, प्रमोदविधायिनी विज्ञप्तिः, सद्बोधकारिणी मेधा, प्रमदातिरेकनिमित्तमनुप्रेक्षा, अनुकूलचारिणी मैत्री, अकारणवत्सला करुणा, सदानंददायिनी मुदिता, सर्वोद्वेगघातिनी उपेक्षेति."—श्री सिद्धर्षिः

" હમે તો તું, હમે નહિ તો—નહિ તું જાણજે નિશ્ચે,
નહિ જો બીજ, ક્યાંથી વૃક્ષ ? ફળ કોના ઉપર ફળશે ?
હમારી હસ્તીમાં હસ્તી, રહી ત્હારી અજબ રીતે,
હમો પર ઘાવ કરતાં ઘાવ આવી તમ ઉપર પડશે."

પુસ્તક ૯–અંક ૬. ] વીર સંવત્ ૨૪૩૯. [ જુન, ૧૯૧૩.

## स्फुट नोंध.

## Editorial notes.

### सागरगच्छ मुनि सम्मेलनपरथी उपजता विचारो.

#### जूदा जूदा गच्छोनुं खेंचवामां आवतुं लक्ष.

સમાજની ઉન્નતિનો ઘણોખરો આધાર સાધુવર્ગ ઉપર છે એમ માત્ર સાધુઓ જ નહિ પણ ગૃહસ્થવર્ગ પણ ખુલ્લી રીતે કહે છે; અને જેઓ ઉપર ઉન્નતિનો આધાર હોય તેઓએ ઉન્નતિનું સ્વરૂપ અને ઉન્નતિનાં સાધન જાણવા માટે તથા તે જાણપણા પ્રમાણે ઉદ્યમ કરવા માટે અહોનિશ કટિબદ્ધ રહેવું જોઇએ એ એક સર્વમાન્ય સિદ્ધાંત છે. જો ઉન્નતિનું સ્વરૂપ તેઓના જાણવામાં ન હોય તો ઉન્નતિને બદલે તેમની પ્રવૃત્તિ અવનતિ-કર-

નાર થઈ પડે એ સ્વાભાવિક છે. પુત્ર ઘણો પ્રિય હોવા છતાં પુત્રને સારી રીતે ઉછેરવાનું જાણપણું ન હોવાના પરિણામે ઘણીએક માતાઓ પોતાના પુત્રના જાથુના દુઃખનું કારણ થઈ પડે છે. તેવીજ રીતે કોઈપણ સમાજના નાયકો—પછી તે ગૃહસ્થ હો વા ત્યાગી હો—જો તે નાયકો તે સમાજની ઉન્નતિનું સ્વરૂપ જાણતા ન હોય, જો તેઓએ સમાજની હાલની સ્થિતિ અને લક્ષબિંદુ એ બે બાબતનો બારીક અભ્યાસ ન કર્યો હોય, અને હાલની સ્થિતિથી આગળ વધી લક્ષબિંદુએ પહોંચવાનો રસ્તો તેઓએ ન જાણ્યો હોય, તો, તેઓ પોતાના સ્વાધીન મુકાયલા સમાજને કાંઇ ફાયદો નહિજ પહોંચાડી શકે, બલ્કે જેઓએ પોતાના ઉદ્ધાર માટે તેમના ઉપર સંપૂર્ણ વિશ્વાસ મૂક્યો હતો તેઓ પોતાના તે વિશ્વાસનો ભંગ થયો માને એ દેખીતુંજ છે.

તેમજ, જેઓ ઉન્નતિના માર્ગને જાણવા છતાં પોતાના સ્વાધીન વર્તતા સમાજને તે માર્ગે **દોરવા** અર્થાત્ ઉન્નતિને રસ્તે **કામ કરવા** ઉત્સુક ન હોય તેઓ પણ પોતામાં મૂકાયલા વિશ્વાસને સફલ કરનારા ગણી શકાય નહિ.

આથી ફલીત થાય છે કે, દરેક સમાજના ગૃહસ્થ તેમજ ત્યાગી નાયકોએ (૧) સમાજની હાલની સ્થિતિનું આંતર્ સ્વરૂપ બરાબર પીછાનવું જોઇએ અને તેમાં જણાતા વ્યાધિઓને ઢાંકપીછોડો ન કરતાં ખુલ્લી રીતે તે જાહેર કરવા જોઇએ, (૨) સમાજનું લક્ષબિંદુ (goal) નક્કી ઠરાવવું જોઇએ (અને તેમ કરવા માટે તેમણે બીજા સમાજોની પ્રગતિના ક્રમપર ધ્યાન આપવું જોઇએ), તથા (૩) જે સ્થળે સમાજ ઉભો છે ત્યાંથી લક્ષબિંદુ સુધી પહોંચવા માટે સમાજની સઘળી વ્યક્તિઓને **ચલાવવી** જોઇએ અને પોતે તેઓની **આગળ** ચાલવું જોઇએ.

પોતાના સમાજની ઉન્નતિ અથવા પ્રગતિ ઇચ્છનાર દરેક સમાજનિયંતાએ આ ત્રણે બાબતો ધ્યાનમાં લેવાની છે.

હવે આપણે જોઇએ કે જૈન સમાજના નિયંતાઓ અથવા નાયકો આ ત્રણે બાબતો ઉપર કેટલું ધ્યાન આપે છે.

આપણા નાયકો પૈકી કેટલાક 'ગૃહસ્થ' એટલે 'શ્રાવક' છે અને કેટલાક 'ત્યાગી' અથવા 'સાધુ' છે. ગૃહસ્થ નાયકો સંબંધે બોલવાનું આ સ્થળ નથી, તથાપિ સંબંધ પરત્વે કહી લઇશું કે, ચાલુ સ્થિતિ વિચારવા જેટલી અવલોકન શક્તિ, દષ્ટિબિંદુ અથવા લક્ષબિંદુ નક્કી કરવા જેટલી દીર્ઘદષ્ટિ, પોતે તે દૂરના બિંદુ સુધી ચાલવાની શક્તિ અને બીજાઓને ત્યાંસુધી દોરી જવા જેટલો હૃદયનો નિઃસ્વાર્થ પ્રેમ અથવા સેવાબુદ્ધિ : આ બધી લાયકાતો ધરાવનારા નાયકોની, હિંદના બીજા ઘણાએક વર્ગોની માફક જૈનવર્ગમાં પણ ન્યૂનતા જ જોવાય છે; કહો કે ઘણાખરા નાયક કહેવાતાઓને તો આ બધો વિચાર કરવા જેટલી ફુરસદ પણ નથી.

પરંતુ આપણા સાધુવર્ગને કાંઈ ફુરસદની અગવડ પડે તેમ નથી. તેઓએ સઘળી ઉપાધિને તિલાંજલિ આપીને 'વિચારોની દુનિઆ'માંજ પ્રવેશ કર્યો છે—જે પ્રવેશને આપણે 'દીક્ષા' કહીએ છીએ. ભૂત, વર્તમાન અને ભવિષ્યપર વિચાર કરવા માટે અને સર્વોત્કૃષ્ટ ભવિષ્ય તરફ ગતિમાન થવા માટેજ એ 'દીક્ષા' અથવા એ 'પુનર્જન્મ' છે. નિરંતર એક અથવા બીજા રૂપના વિચારવાતાવરણમાં રમવાનું હોવાથી એમનામાં એટલું આંતર્ બળ

એકઠું થવા સંભવ છે, કે જે વડે, જેમ એકલું ઍન્જીન સો ડબ્બાને ખેંચી શકે છે તેમ, આ સાધુરત્નો પૈકીની અકેક વ્યક્તિ સેંકડો શ્રાવકોને તેમના લક્ષબિંદુએ ખેંચી જઈ શકે. બીજા શબ્દમાં કહીએ તો, ગૃહસ્થવર્ગને કદી ન મળી શકે એટલી ફુરસદ અને નિવૃત્તિ તથા નિશ્ચિંતતા સાધુવર્ગને સ્વભાવતઃ મળતી હોવાથી અને એમનું મુખ્ય કામજ ભૂત-વર્તમાન-ભવિષ્ય વિચારવાનું હોવાથી, એ સઘળાના પરિણામે એમનામાં ઘણો **અનુભવ** આવી શકે અને એમનું **વિચારબળ** કેળવાઈ કેળવાઈને એટલું મજબુત થઈ શકે કે તેઓ તેવડે ઘણાઓને પ્રગતિના માર્ગે **ખેંચી** શકે.

આવી સરસ સગવડ સાધુવર્ગને મળેલી હોવા છતાં, તે સગવડનો તેવે રસ્તે કેટલો ઉપયોગ આજકાલ કરાય છે એ સૌ કોઈ જાણે છે. જૈનવર્ગમાં દેખાતા કુસંપો, અજ્ઞાનતા, નિરાશ્રીત મનુષ્યોની સંખ્યા, કુરીવાજો, અશ્રદ્ધા અને અંધશ્રદ્ધાઃ એ વગેરે ઉપરના સવાલનો જવાબ સારી રીતે આપી શકશે.

તેમ છતાં, સંતોષની વાત છે કે, હમણાં હમણાં કેટલાક મુનિવરોની દૃષ્ટિ વર્તમાન દશા અને લક્ષબિંદુ તરફ પડવા લાગી છે અને તેઓએ લોકોનું લક્ષ તે બે સવાલો તરફ દોરવા માટે પ્રયાસ પણ આદર્યો છે. આચાર્ય શ્રીકમળવિજયજીના પ્રમુખપદ નીચે ગઈ સાલ (તા. ૧૩ જુન ૧૯૧૨) વડોદરા મુકામે કેટલાક મુનિશ્રીઓની એક સભા મળી હતી, જે વખતે સાધુવર્ગની તેમજ શ્રાવકવર્ગની હાલની સ્થિતિનું અવલોકન ખુલ્લી દૃષ્ટિએ કરવા જેટલું **મ્હોટું મન** બતાવવામાં આવ્યું હતું અને કેટલાક ધારાઓ ઘડવામાં આવ્યા હતા.

હમણાં, ગઈ તા. ૨૮ મે ના દિવસે **સાણંદ** મુકામે મુનિ શ્રી**સુખસાગરજી**ના પ્રમુખપણા નીચે **સાગર** ગચ્છના કેટલાક મુનિઓનું એક સમ્મેલન થયું હતું, જેમાં માત્ર સ્થિતિનું અવલોકન કરવા જેટલું **એકજ** કામ ન કરતાં લક્ષબિંદુ સૂચવી ત્યાં પહોંચવાના રસ્તા પણ નક્કી કરવામાં આવ્યા હતા. એ સમ્મેલનના ઠરાવોનું અવલોકન કરીને આપણે હમણાંજ જોઇશું કે કેટલે દરજ્જે તેઓએ પોતાનું કર્તવ્ય બજાવ્યું છે.

**સાણંદ** મુકામે મળેલા સાધુસમાજે જૈનવર્ગની ઉન્નતિ માટે પ્રથમ જરૂરનું તત્વ જે 'વિચારોની આપ-લે' તેનો સારી રીતે સ્વીકાર કર્યો છેઃ કારણ કે તેમણે એવો ઠરાવ કર્યો છે કે, **'સર્વ સાધુઓએ મતભેદને દૂર રાખી દરવર્ષે એકવાર સમ્મેલનમાં એકઠા થવું.'** ઘણા વિચારકો એકઠા થાય અને અહંકારરહીતપણે શાન્તિથી એકબીજાના વિચારો અને અનુભવો સર્વની સમક્ષ રજુ કરવામાં આવે, તો જ પ્રગતિનો સરળમાં સરળ રસ્તો હાથ લાગી શકે. એટલા માટે આપણે ઇચ્છીશું કે, હવે પછી બીજા ગચ્છોના વિચારશીલ મુનિરત્નો આવાં સમ્મેલનોમાં ભાગ લેવા કૃપાવાન થશે અને સાધુવર્ગ તેમજ ગૃહસ્થવર્ગની ઉન્નતિ માટે સુચવાતા અનેક રસ્તાઓના મુકાબલા કરી તથા તેમાંથી વ્યવહારૂ અને સરળ રસ્તાઓ પસંદ કરી તે રસ્તે સર્વને દોરવાને કટિબદ્ધ થશે.

**સાણંદ**માં મળેલા મુનિઓએ બીજું જે ઉત્તમ કામ કર્યું છે તે, ધર્મ જ્ઞાન ફેલાવનારા મંડળો, મુનિઓ અને શ્રાવકોના કામની નોંધ લઈ તેઓને ધન્યવાદ આપી એ રીતે તેમના ઉત્સાહમાં વધારો કરવાને લગતું અને બીજાઓને દાખલો બેસાડવાને લગતું છે. સદ્જ્ઞાનના ફેલાવા માટે સારા ગ્રંથો બહાર પાડવાની અને પાઠશાળાઓ સ્થાપવાની જરૂર સ્વીકારીને આ મુનિઓએ તે રસ્તે આત્મભોગ આપતી કેટલીક વ્યક્તિઓને અને સમાજોને ધન્યવાદ

આપવામાં ખરેજ ઉદાર બુદ્ધિ વાપરી છે. અલબત્ત એમ પણ હશે તો ખરૂં જ કે જેઓ-જેઓને ધન્યવાદ અપાયો છે તેઓ સર્વ સંપૂર્ણ ધન્યવાદને પાત્ર ન પણ હોય અને કોઇ કોઇ વ્યક્તિ તરફ તે મુનિઓનો પક્ષપાત પણ હોય; પણ તે છતાં તેઓની કૃતજ્ઞતા-કદરદાની એજ અહીં ચર્ચાતો વિષય હોવાથી એવી કદરદાની અને શુભ પ્રયાસ કરનારાઓને એવી રીતે ઉત્સાહ ધીરવાની રીત માટે આપણે ખચીત પ્રસન્નતા જ જણાવવી જોઇએ છે.

આ બે passive ઠરાવો પછી, તેઓના active ઠરાવો તરફ આપણે દષ્ટિ કરીશું. અને એ બીજા વર્ગના ઠરાવોના બે વિભાગ પાડીશું. કેટલાક ઠરાવો સાધુવર્ગની પ્રગતિ માટે ઉદ્યમ કરવાના રૂપમાં છે, અને કેટલાક ઠરાવો શ્રાવકવર્ગની પ્રગતિ માટે ઉદ્યમ કરવાના રૂપમાં છે.

સાધુ-સાધ્વીની પ્રગતિ માટે તેઓએ નીચે મુજબ ઠરાવો કર્યાં છેઃ—

( ૧ ) મુનિ મહારાજોએ જાહેરમાં ભાષણો આપવાં.

( ૨ ) એક વિશાલ પુસ્તકભંડાર સ્થાપવો.

( ૩ ) સ્થાનકવાસી સંપ્રદાયની પેઠે આપણી સાધ્વીઓએ પણ શ્રાવિકાઓ સમક્ષ વ્યાખ્યાન વાંચવું.

( ૪ ) મોટાં મોટાં શહેરોમાં તથા સાધ્વીઓ માટે વ્યાકરણ, ન્યાય, બીજા ધર્મનાં પુસ્તકો ભણવાની સગવડ કરી આપવી.

અને શ્રાવક-શ્રાવિકાની પ્રગતિ માટે કરેલા ઠરાવો નીચે મુજબ છેઃ—

( ૫ ) જૈનોની અને જૈન શાસનની વૃદ્ધિ માટે ગુરૂકુળ સ્થાપવું.

( ૬ ) મુનિ મહારાજ શ્રીરવીસાગરજીના સ્મરણાર્થે પાઠશાળા સ્થાપવી.

( ૭ ) પચાસ વર્ષ પહેલાં જૈનોની વસ્તી પચાસ લાખ જેટલી હતી, જે ઘટતાં ઘટતાં હાલમાં ૧૨,૩૬૦૦૦ સુધી આવી પહોંચી છે- આ ઘટાડાનાં કારણોની તપાસ કરવા જૈન કૉન્ફરન્સ તરફથી એક કમિટી નીમવી અને આ બાબતો સંબંધી વધુ વિચાર કરવા એક જૈન મહામંડલ નીમવું.

હવે આપણે આ ઠરાવોનું વ્યવહારૂપણું વિચારીએ.

(૧) પ્રથમ તીર્થંકર શ્રીઋષભદેવ ભગવાને જે સત્ય 'જોયું' અને પ્રબોધ્યું હતું તે જ સત્ય ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીર પ્રભુએ જોયું અને પ્રબોધ્યું છે. તેઓ કાંઇ કોમ-જ્ઞાતિ કે વર્ણને માનનારા ન હતા પણ જે કાંઇ પોતે જાણ્યું તે સકળ વિશ્વને માટે મૂકતા ગયા છે અને પોતાના સમયમાં પણ જે જે માણસોને તેઓ સ્થૂલ દેહથી પહોંચી શક્યા તે સર્વને તે જ્ઞાન તેમણે ભિન્નભાવ સિવાય આપ્યું હતું. તેઓએ જેમ કોઇ જાતની સંકુચિત દષ્ટિ રાખી નહોતી અને અમુકનેજ પોતાના જ્ઞાનનો લાભ આપવા ઇચ્છ્યું ન હતું, તેમ, તેમના અનુયાયીઓએ એટલે જૈન સાધુઓએ પણ શ્રાવક કુલમાં જન્મેલાઓના જ વર્ગમાં બોધ કરવાની સંકુચિત ઉદારતા ન રાખતાં મનુષ્ય જાત માત્ર તરફ દયાભાવ રાખીને **સર્વને** તારવા-સુખનો રસ્તો બતાવવા તૈયાર રહેવું જોઇએ; અને એટલા માટે શ્રાવક કુલમાં જન્મેલાઓ વચ્ચે વ્યાખ્યાન આપવા **ઉપરાંત** જાહેર વ્યાખ્યાનો પણ આપવાની પ્રથા રાખવી જોઇએ. એવાં જાહેર વ્યાખ્યાનો આપવાથી જનસમાજને જે લાભ થવો સંભવીત છે તે કરતાં પણ વધુ લાભ તો વ્યાખ્યાનદાતા મુનિઓએ પોતાને જ

થવાનો એ ચોક્કસ છે; અને એટલા માટે જ અમે જાહેર વ્યાખ્યાનના ઠરાવને **સાધુના** હિતના ઠરાવો પૈકીના એક તરીકે ગણાવ્યો છે. જાહેર પ્રજાને વ્યાખ્યાન આપવા ઇચ્છતા મુનિએ જાહેર પ્રજા કે જેમાંની કેટલીક વ્યક્તિઓ તો શ્રાવક કુલમાં જન્મેલાઓ કરતાં બુદ્ધિમાં, ચારિત્રમાં તેમજ આત્મશક્તિમાં વધારે આગળ વધેલી હોવાથી, **તેમની** સમક્ષ વ્યાખ્યાન આપનાર મુનિએ **વધુ લાયકાત** મેળવવા તરફ ફરજ્યાત રીતે લક્ષ આપવું પડશે; અને એજ મોટામાંમોટો લાભ છે. જનસ્વભાવ અને દેશસ્થિતિનું જ્ઞાન તે મુનિઓએ અવશ્ય મેળવવું પડશે; ભિન્નભિન્ન ધર્મ પાળનારા શ્રોતાઓસમક્ષ વ્યાખ્યાન આપવાનું હોવાથી ભિન્નભિન્ન ધર્મનાં ગુપ્ત રહસ્યો અને બાહ્ય રૂઢીઓ જાણવાની તથા તે બન્નેનો સંબંધ મેળવીને ગુપ્ત રહસ્ય તરફ શ્રોતાઓનું લક્ષ કેવી રીતે ખેંચી શકાય તે તેઓએ વિચારવું પડશે; બીજા ધર્મવાળાઓની લાગણી ન દુખાવા પામે એવી શૈલિથી જૈન તત્વો શિખવવાની રીત શોધવા તરફ લક્ષ આપવું પડશે અને તેથી ઘણેભાગે વપરાતી નિષેધક અને નિંદક શૈલિને બદલે અતિ ઉપકારી પ્રતિપાદક શૈલિ–મંડન શૈલિ અને તેને અંગે રહેલી હૃદયની નિષ્કપટી દયા શિખવી પડશે; આ પ્રમાણે **અન્ય** ધર્મીઓ તરફ સહિષ્ણુતા રાખવાની ટેવ પડવાને પરિણામે ખુદ જૈનધર્મના જૂદા જૂદા પેટાવર્ગો વચ્ચે એખલાસ અને મતસહિષ્ણુતા બતાવવાનું **સ્વાભાવિક** વલણ જન્મ પામશે; તથા જૂદા જૂદા ધર્મો અને સમાજોના સહવાસથી મળતો અનુભવ જૈનોના ઉદ્ધારના રસ્તા યોજવા**માં** ઘણો કારગત થઇ પડશે.

આમ અનેક તરેહના લાભ જાહેર વ્યાખ્યાનની પ્રથાથી થવા પામશે. માટે એ પ્રથા દરેક આત્માર્થી પરોપકારી શક્તિમાન મુનિવર્ગે અવશ્ય અંગીકાર કરવી જોઇએ છે.

**સાણંદ**માં એકઠા મળેલા ન્હાના મુનિસમાજે આ ઠરાવ પસાર કરવામાં એક કિમતી માર્ગસૂચન કર્યું છે એમ સ્વીકારવું જ પડશે. અત્યાર સુધીમાં મુનિમહારાજ શ્રી**ચા**રિત્રવિજયજી, મુનિમહારાજ શ્રી**બુ**દ્ધિસાગરજી અને મુનિમહારાજ શ્રી **વલ્લ**ભવિજયજીએ જાહેર વક્તા તરીકે આ ઠરાવ અગાઉ પ્રયાસ સફલતાથી કર્યો છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે, અને તે ઉપરાંત આવો ઠરાવ **વ**ડોદરા મુકામે શ્રી **આ**ત્મારામજી મહારાજના સંઘાડાના મુનિસંમેલને મુક્ત કંઠે કર્યો છે તે પણ સ્તુતિપાત્ર છે.

(૨) પુસ્તકભંડાર માટેનો તે મુનિઓનો ઠરાવ પણ શ્રાવકોને હિતકર તો છેજ, પણ તે કરતાં **મુનિવર્ગને** વધારે હિતકર છે. આજના શ્રાવકોને શાસ્ત્રો વાંચવા–વિચારવાની ઇચ્છા અને ફુરસદ તેમજ શક્તિ અલ્પ છે; પરંતુ સાધુઓને તો વાંચન-મનન–નિદિધ્યાસન એજ મુખ્ય કર્તવ્ય હોવાથી અને પુરાણા ગ્રંથો ક્વચિતજ મળી શકતા હોવાથી આવા એક મહાન પુસ્તકભંડારની હયાતી આત્માર્થી સાધુવર્ગને ઘણીજ લાભદાયક થઇ પડે. વળી આજકાલ ઘણાએક મુનિઓને પુસ્તકોનો જથ્થો પરિગ્રહ રૂપ થઇ પડે છે તેમ પણ હવે પછી નહિ થાય. કહેવાની જરૂર છે કે, આવો પુસ્તકભંડાર **નવો** સ્થાપવા કરતાં કોઇપણ હયાત ભંડારને વિશાલ બનાવવા માટે જોઇતી રકમ અને જુના ગ્રંથોની સંખ્યા મેળવી આપવા માટે તમામ સંઘાડાના મુનિરત્નોએ પોતપોતાના ભાવિક શ્રાવકોને ઉપદેશ કરવો, એજ **વધારે** વ્યવહારૂ પગલું ગણાશે. બીજા હયાત નાના નાના ભંડારો અને મુનિઓ પાસેના ગ્રંથોનો જથ્થો આ હવે પછી થવાના ભંડારમાં અર્પણ કરવાથી વ્યવસ્થા સારી થશે અને જૂદી જૂદી જગાએ સાચવવાની જંજાલ બચશે. આવા મહાન ભંડારની વ્યવસ્થા બનતાં

સુધી કૉન્ફરન્સને અગર જૂદા જૂદા પ્રાંતોના આગેવાનોને સોંપાશે તો કોઇ વખત તકરારનો સંભવ નહિ રહે. એ ભંડારમાં જૈન સૂત્રોની જૂનામાં જૂની પ્રતો એકઠી કરવી જોઈએ, બીજા જૈન ગ્રંથોની પ્રતો તથા આધુનિક તમામ જૈન ધર્મને લગતાં પુસ્તકો ઉપરાંત હરકોઈ દેશના વિદ્વાનોએ રચેલાં તત્વજ્ઞાન, માનસ શાસ્ત્ર, ઇતિહાસ, ખગોલ, ધર્મ, નીતિ, સંસારસુધારો, ગુપ્ત વિદ્યાઓ એ વગેરે વિષયો ઉપરનાં પુસ્તકો પણ સંગ્રહવાં જોઇએ, કે જેથી અભ્યાસી મુનિવરોને તેમજ શ્રાવકોને વિશાલ જ્ઞાન મેળવવાનું સુગમ થાય. ઉપરાંત વળી જૂના શીલાલેખો વગેરે પણ સંગ્રહવા જરૂરના છે. જો તમામ મુનિવરો પોતપોતાના ભાવિક શ્રીમંતોને આવા એક પુસ્તકભંડાર માટે વખતોવખત પ્રેરણા કર્યા કરે તો આસ્તે આસ્તે દસ લાખ રૂપીઆની કિંમતનો પુસ્તક ભંડાર થવો અસંભવિત નથી. આ બાબતમાં કૉન્ફરન્સ કે કોઈ શ્રાવક જેટલું નહિ કરી શકે તેટલું મુનિરત્નો કરી શકશે અને એટલા જ માટે અમે **સાગર** ગચ્છના મુનિઓએ કરેલા પુસ્તક ભંડારને લગતા ઠરાવને હર્ષઘોષથી વધાવી લઇએ છીએ તથા એ ઠરાવને કાગળ ઉપર ન રહેવા દેતાં તથા માત્ર ઠરાવના શબ્દો માટે થતી શ્રાવકો તરફની વાહવાહથી સંતુષ્ટ ન થતાં, તે કામ માટે કમર કસી ઉદ્યમ કરવા અને યોજના ઘડી જાહેરમાં મુકી બીજાઓની સલાહનો લાભ લઇ છેવટની યોજના પ્રમાણે *વર્તવાના નિશ્ચય સાથે* નાણાની સગવડ માટેનો ઉદ્યમ કરવા મુનિશ્રીઓને અરજ કરીએ છીએ. હમણાં શ્રીધર્મવિજયસૂરિને કૃષ્ણદુર્ગ (કિસનગઢ)માં રણછતમલ્લ **નાહટાએ** દશ લાખ શ્લોક પ્રમાણ ગ્રંથો ભેટ કર્યા છે. આ ગ્રંથો, **સુરત મોહનલાલજી** ભંડાર, **પાટણ** ભંડાર વગેરે એકઠાં કરી ઉત્તમોત્તમ પુસ્તક ભંડાર કરવામાં આવે તેના જેવું એકકે નથી.

(૩) સાધ્વીશ્રીઓએ વ્યાખ્યાન વાંચવું એવો ઠરાવ આપણા **આધુનિક** રીવાજમાં સુધારો કરવારૂપ છે પણ તે એક ઘણો જરૂરી અને હિતાવહ સુધારો છે. સ્ત્રીવર્ગને ઉપદેશ ઠસાવવામાં એક પુરૂષ કરતાં એક સ્ત્રી વધારે ફતેહમંદ થઇ શકે, એ દેખીતું છે. સ્ત્રીવર્ગનાં ખાસ લક્ષણો, તેની ખાસીઅતો, તેની સમજશક્તિ, તેની મુશ્કેલીઓ, તેની જરૂરીઆતોઃ એ વગેરેનું ભાન પુરૂષ કરતાં સ્ત્રીવર્ગને વધારે હોય અને તેથી સ્ત્રીવર્ગને ઉપદેશ આપવા માટે સાધ્વીઓને છૂટ મળવી જ જોઇએ. આપણા એક બંધુવર્ગમાં **સ્થાન**કવાશી જૈનવર્ગમાં એ રૂઢી ઘણા વખતથી ચાલે છે અને આપણા મુનિઓએ તે વર્ગની એ હિતાવહ રૂઢીનું અનુકરણ કરવા જેટલી ઉદારતા બતાવી છે એ ખરેખર ધન્યવાદને પાત્ર છે. જૂદા જૂદા પંથો આ પ્રમાણે એકબીજાના સારા ગુણો કે રીવાજોની તારીફ અને અનુકરણ કરતાં શીખે તો હલકી નિંદાની જગાએ ભાઇચારો અને ઇર્ષાની જગાએ હિતકર સ્પર્ધાનો પ્રચાર થઈ સર્વત્ર શાન્તિ અને પ્રગતિ જોવાનો વખત નજીકમાં આવે.

સાધ્વીઓને આ પ્રમાણે વ્યાખ્યાન વાંચવાની ફરજ અદા કરવી પડશે તેથી શાસ્ત્રાધ્યયનમાં જ વખત ગુજારવાની ફરજ પડશે અને તેથી અનેક કલેશોનો રહેતો સંભવ નહિવત્ થશે અને ચારિત્રશુદ્ધિ પણ વિશેષતર ઉજ્વલ થશે. આપણે ઇચ્છીશું કે, જે વિદુષી સાધ્વીઓ **શ્રાવિકાવર્ગ** સમક્ષ વ્યાખ્યાન વાંચવાની રૂઢી અંગીકાર કરશે તેઓ વખત જતાં **શ્રાવકવર્ગ** વચ્ચે અને તેથીપણ આગળ વધીને **જનસમાજ** વચ્ચે જાહેર વ્યાખ્યાન આપવા શક્તિમાન થાય, અને જૈનધર્મ એક અદના સ્ત્રીને કેટલે બધે દરજ્જે ખીલવી શકે છે એ વિચારવાન દુનીઆને બતાવી આપવાની આપણને તક મળે.

(૪) સાધ્વીઓ માટે અભ્યાસનાં સાધનો અને શિક્ષકો વગેરેની સગવડ કરી આપવાનો ઠરાવ પણ એટલોજ વ્યવહારૂ છે અને એ વર્ગના મગજને શ્રેષ્ઠ રસ્તે રોકી ખટપટોનો રહેતો સંભવ અટકાવવાનો એજ શ્રેષ્ઠ માર્ગ છે.

અને શ્રાવક વર્ગની પ્રગતિ માટે કરાયલા ઠરાવો પણ એવાજ વ્યવહારૂ છે.

(૫) બદ્ધવીર્ય વગર–સમ્પૂર્ણ બ્રહ્મચર્ય વગર માનસિક શક્તિઓ કદી ખીલી શકે જ નહિ; માટે અભ્યાસમાં આગળ વધવા સારૂ એ ખાસ જરૂરનું છે કે સામાન્ય સ્કૂલોને બદલે 'ગુરૂકૂલ' સ્થાપવાં, કે જ્યાં વિદ્યાર્થીઓને **ફરજ્યાત** બ્રહ્મચર્ય પાળવાનું હોય અને સ્ત્રીવર્ગનાં દર્શન કે કલ્પનાનો સંભવ જ ન મળે. ગુરૂકૂલના લાભો વિસ્તારથી વર્ણવાની આ જગા નથી પણ **આર્યસમાજ** તરફથી કાંગડી મુકામે સ્થપાયલા ગુરૂકૂલે અને **જલંધર** મુકામે સ્થપાયલી કન્યામહાપાઠશાલાએ જે ચળકતાં પરિણામ બતાવવા માંડ્યાં છે તે ઉપરથી આપણે શિખવાનું છે કે, દરેક પ્રાંત દીઠ જૈન ગુરૂકૂલ સારા પાયા પર સ્થાપીને તેમાં તે પ્રાંતના જૈન વિદ્યાર્થીઓને માટે સાત્વિક આહારની, અંગ કસરતની તથા વ્યાવહારિક જ્ઞાન સાથે જૈન તત્વજ્ઞાનના થોડાઘણા અભ્યાસની સગવડ કરવી એ ખરેખર આ જમાનાનું પહેલી જરૂરીઆતનું કામ છે. અત્રે એક ચેતવણી આપવી જરૂરની છે કે, આપણ જૈનો માથે 'પ્રારંભશુરા'નું તહોમત છે; માટે હૈસો હૈસો કરીને કામ આરંભવાને બદલે **વિચારપૂર્વક યોજના ઘડીને** તથા **પુરતું ફંડ એકઠું કરીને** જ કામ આરંભવા તરફ લક્ષ આપવું જોઇએ. ગુરૂકૂલ કે પાઠશાલામાં ભણનારાઓને **દુનીઆ વચ્ચે** રહેવાનું છે અને **દુનીઆની હરીફાઈ વચ્ચે** ગુજરાન ચલાવવાનું છે એ યાદ રાખીને તેમને uptodate Citizens of India અને તે સાથે અનેકાન્તવાદ અથવા અનેક દૃષ્ટિબિંદુથી વિચાર કરી શકે તેવા સાચા જૈન બનાવાય એવું જ શિક્ષણ આપવું જોઇએ.

(૬) પાઠશાલા સ્થાપવી એ આધ્યાત્મિક ઉન્નતિનો જ રસ્તો છે; અને સ્વર્ગસ્થ મુનિઓનાં નામ આવાં કાર્યોથી અમર કરવાની પસંદગી વળી એવડી સ્તુત્ય છે.

(૭) જૈનોની વસ્તી ઓછી થતી જતી જોઇ મુનિસમ્મેલને તેનાં કારણો શોધવાની જરૂર સ્વીકારી છે એ દીર્ઘદૃષ્ટિપણું છે. અને જૈનોની વસ્તી ૧૨,૩૬૦૦૦ બતાવી છે–કેટલાકોની માફક પોતાના **પેટા** વર્ગ તરફ દૃષ્ટિ રાખીને ૫–૬ લાખની જ નથી કહી–તે વળી વધારે સંતોષ પામવા જેવી દૃષ્ટિવિશાલતા છે. અને એથીએ વધુ ખુશ થવા જેવું તો, વસ્તી ઓછી થવાનાં કારણો તપાસવા માટેની કમીટી નીમવા માટે **કૉન્ફરન્સ** ઑફીસને અધિકારી ઠરાવી છે. શ્રીમતી કૉન્ફરન્સ એ ચતુર્વિધ સંઘની સેવા માટે સ્થપાયલી સંસ્થા હોવા છતાં કેટલાક સાધુઓ તેના તરફ અવગણના અને કેટલાક તો ખુલ્લો સહપત્નીભાવ બતાવે છે એવા વખતમાં આ સુજ્ઞ મુનિઓ કૉન્ફરન્સને યાદ કરે છે અને મહત્વ આપે છે તે બતાવી આપે છે કે તેઓ જમાનાની જરૂરીઆતો પીછાનતા થયા છે.

અવલોકન, અલબત, ઘણું લાંબું થઇ ગયું છે, તેથી આપણે હમણાં તો આટલે જ વિરમીશું અને આશા રાખીશું કે **સાગર** ગચ્છના મુનિઓ પોતે કરેલા ઠરાવો **અમલમાં** મુકવાની દૃઢતા અને બલ પામે તથા બીજા ગચ્છોના સુજ્ઞ મુનિઓ અને શ્રાવકવર્ગો એ કામમાં સ્હાયભૂત થવાની જરૂર સ્વીકારે !

# दक्षिणमां मळेलो जैनसमाज.

શ્રીમતી **શ્વેતામ્બર જૈન કૉન્ફરન્સના** આશયો અને ઠરાવોને વધારે પ્રસિદ્ધિમાં લાવવા માટે દરેક પ્રાંતમાં પ્રાંતિક કૉન્ફરન્સો ભરવાની અગત્ય છે એ વિવાદરહિત છે. પરન્તુ આવી પ્રાન્તિક કૉન્ફરન્સો **મુંબઈ** કૉન્ફરન્સ ઑફિસને ખબર આપી સમ્મતિ મેળવીને પછી જ થવી જોઇએ તથા આમંત્રણપત્રિકામાં સ્પષ્ટ જણાવવું જોઇએ કે પ્રાંતના દરેક ગામના સંઘે પ્રતિનિધિ ચુંટીને મોકલવા. તો જ **રીતસરની** પ્રાન્તિક કૉન્ફરન્સ કહેવાય. વળી તેની બેઠકો ઓછી ધામધુમવાળી અને તે પ્રાંતમાં આગેવાન ગણાતા મહાશયોની હાજરીવાળી હોવી જોઇએ. કોઇ પણ પ્રાંતને સુધારવાનું કામ તે પ્રાંતના આગેવાનોની સામેલગીરી સિવાય બનવું અશક્ય છે—અગર મુશ્કેલ તો અવશ્ય છે. માટે પ્રાન્તિક કૉન્ફરન્સોમાં તે પ્રાંતના આગેવાન જૈનોની હાજરી અને સામેલગીરી મેળવવા તરફ ખાસ લક્ષ આપવું જોઇએ છે. અને મેળાવડાની ધામધુમ પાછળ બહુ ખર્ચ ન કરતાં તે પ્રાંતને જે **સંસ્થાની** ઘણી જ **આવશ્યકતા** હોય તેવી કોઇ સંસ્થા સ્થાપવા કે હયાત હોય તો તેને મજબુત કરવા માટે દ્રવ્ય એકઠું કરવામાં તેવી પ્રાન્તિક કૉન્ફરન્સોનો ખાસ ઉપયોગ કરવો જોઇએ. કૉન્ફરન્સોને વિચાર વાતાવરણ ફેલાવવાનું સાધન મનાય છે એ ખરી વાત છે, તથાપિ માત્ર વિચારો જણાવીને જ બેસી રહેવા માટે એટલું બધું ખર્ચ અને શ્રમ ઉઠાવવો એ વ્યાપારી વર્ગનું વ્યવહારૂ પગલું ગણાશે નહિ.

દક્ષિણના ગામ **મંચરમાં** ગઈ તા. ૬ ઠી મે ના રોજ પ્રતિષ્ઠા ઉત્સવને અંગે જૈન સંઘ એકઠો થયો હતો તેનો લાભ લઈ, પ્રમુખપદ મી. ફકુચંદ **મૂળચંદે** સ્વીકારી, સંમેલનનું રૂપ આપ્યું હતું. આ સમ્મેલનમાં થયેલા ઠરાવો સારા હતા, અને ખાસ કરીને એ કે ત્રણ ઠરાવો તો આપણું ધ્યાન ખેંચે તેવા છે. જે તીર્થોમાં દેવદ્રવ્ય બહુ જમા થયું હોય તે તીર્થના ફાજલ દ્રવ્યની મદદથી તથા બીજાઓની સ્હાયથી છર્ણ મંદીરોનો ઉદ્ધાર કરવાની જરૂર આ મેળાવડાએ સ્વીકારી હતી. તથા ફાજલ પડેલા જ્ઞાનદ્રવ્યનો ઉપયોગ જૈન પુસ્તકભંડાર જેવા જ્ઞાનખાતામાં કરવાની જરૂર પણ સ્વીકારી હતી. **સાણંદ** મુકામે મળેલા **સાગર** ગચ્છના મુનિસમ્મેલનમાં પણ પુસ્તકભંડાર સ્થાપવાનો ઠરાવ થયો હતો. આ પ્રમાણે એક સુવ્યવસ્થીત ગ્રંથભંડાર સ્થાપવાની બાબતમાં તો શ્રાવક તેમજ સાધુ બન્ને વર્ગો એકમત છે એ જાણી આપણને સંતોષ થાય છે અને બન્ને વર્ગને નમ્રતાપૂર્વક અરજ કરવાની પ્રેરણા થાય છે કે, હવે વાતો કરવાનો અને 'જરૂરીઆતો' બતાવવાનો જમાનો વહી ગયો છે, હવે તો **કામ** કરી બતાવવાનો સમય આવી પહોંચ્યો છે, માટે જે કામો સાધુ અને શ્રાવક બન્ને વર્ગો એકમતે સ્વીકારે છે તેવાં કામો કરવા માટે લાગી જ પડવું જોઈએ. ઘરમાં ચોર પ્રવેશ કરે, પટારો ઉઘાડે, દાગીના ઉઠાવે અને ઘરમાંથી નાસવા લાગે ત્યાં સુધી એમ કહેવામાં આવે કે "હા, હું જાગું છું" તો એવા જાગવાનું સાર્થક શું? સાધુઓ અને શ્રાવકો લાંબાંચોડાં ભાષણો આપી પુસ્તકભંડારની, ગુરૂકુળની, માધ્યસ્થવૃત્તિની, અને સંપની ભલામણો કરે અને તેવી કાંઇ શરૂઆત કરવામાં પોતા તરફનો ફાળો આપવા બહાર ન પડે તો સુધારકો અને વ્યાખ્યાનદાતાઓમાં જનસમાજ વધુ વખત સુધી શ્રદ્ધા કેમ કરી

રાખી શકે ? શ્રાવકો પુસ્તક ભંડારની અને ગુરૂકુળની શિખામણ **કોને** આપે છે ? પોતાને જ; તો પછી શું ગજવામાંથી થોડીક નોટો કે ઘોળીઆ કહાડી આપવામાં લાંબાં ભાષણ બોલવા કરતાં વધુ વખત લાગે છે કે ? અને મુનિઓ સંપ અને માધ્યસ્થવૃત્તિની ભલામણો **કોની** આગળ કરે છે? પોતા આગળ જ. તો શું પોતે તે શિખામણ પાળી ન શકે કે ? અમારી આ ટીકા એક સામાન્ય સૂચના તરીકે છે, કોઈ વ્યક્તિ પરત્વે નથી. અને આટલી સૂચના કરવાની ખાસ અગત્ય એટલા માટે છે કે, પ્રતિદિન કૉન્ફરન્સ, ભાષણો, ભાષણકર્ત્તાઓ, સુધારા, સુધારકો અને મંડળો તરફનો જનસમાજનો પ્રેમ વધવાને બદલે ઘટતો જાય છે અને એના કારણોમાં મુખ્ય એજ છે કે આપણે બીજાને પ્લૅટફૉર્મ ઉપરથી બોધ આપનારા આગેવાન તરીકેના મહાન પદના જેટલા લોભી છીએ તેટલા સુધારા કે જનસેવાના **કામ**ના આશક નથી. અમારી આ ટીકા કેટલી વાજબી છે તે એટલા ઉપરથી જ જણાઈ આવશે કે **મં**ચેર કૉન્ફરન્સના લાંબાચોડા રિપોર્ટો જાહેરમાં લખી-લખાવી મોકલનારાઓને પૂછવાથી જણાશે કે પ્રમુખે રૂ. ૫૦ અને બાકીના બીજાઓએ ૦ ની સખાવત કરી હતી.અમે નથી કહેવા માગતા કે પ્રમુખે પ્રમુખપદની કિંમત ભરવી જોઈએ, પણ શું દક્ષિણમાં એક સારી બોર્ડિંગની જરૂર નહતી? કેળવણીનો પ્રચાર એ તરફના જૈનભાઈઓમાં અન્ય હિંદુઓના પ્રમાણમાં છેક જ ઓછો છે એમ શું જોવામાં આવ્યું નહતું ? અને કેળવણીના પ્રચાર માટે સ્કૉલરશીપ ફંડ કે બોર્ડિંગ ફંડ જેવું કામ કરવા માટે પ્રાન્તિક સભાઓ કરતાં **બીજો કયો** વધારે અનુકૂળ પ્રસંગ કે સાધન છે? વિચારવાતાવરણ ફેલાવવાના કરેલા કામ માટે તો પ્રમુખવર્યને તેમજ દક્ષિણના ઉમંગી જૈનભાઈઓને અમે ઘટતું માન જ આપીશું, તથાપિ આપણી હાલની સ્થિતિ જોતાં તેમણે વિસારેલું ખરેખરૂં વ્યવહારૂ કર્ત્તવ્ય તેમની દૃષ્ટિ સમક્ષ લાવ્યા વગર જતું કરવું એ અમારા મત પ્રમાણે અમારો એક ગંભીર દોષ જ ગણાય. તીર્થોમાં દેવદ્રવ્ય ફાજલ હોય તેનો અમુક ઉપયોગ કરવાની સલાહ આપવાનું કામ એક **પ્રાંતિક** સભા કરતાં **સંયુક્ત કૉન્ફરન્સને** લાયકનું વધારે માની શકાય; કારણકે તે રસ્તે કાંઇ પણ પ્રયાસ કરવો હોય તો પ્રાન્તિક સભાથી નહિ પણ સંયુક્ત કૉન્ફરન્સથી જ બનવા સંભવે. માટે એવી, દેખાવ કરવા જેવી, બાબતોમાં લક્ષ આપવાને બદલે, **પોતાના પ્રાંતને** કયા સુધારાની જરૂર છે, કઈ સંસ્થાઓની જરૂર છે, એવી એવી બાબતોપર વિચાર કરીને એને જ લગતા ઠરાવો કરવા અને તેવા ઠરાવો પૈકી એકાદને માટે શરૂઆત પણ ત્યાંજ કરવી, એ પ્રાંતિક સભાઓ અને પ્રાંતિક કૉન્ફરન્સોનું કામ છે. અને પ્રાંતિક સભાઓને ખરેખર વ્યવહારૂ અને ફલદાયક બનાવવી હોય તો તે હીલચાલ ઉપાડયા **પહેલાં** એકાદ તે પ્રાંતના અગર બીજા પ્રાંતના પરોપકારી સજ્જને તે પ્રાંતમાં આગેવાન મનાતા પાંચ દસ શ્રાવકોને મળીને તેમની જરૂરીઆતો સમજાવી તે પૈકીની એકાદ પુરી પાડવામાટે જોઇતાં **થોડાં ઘણાં** સાધન તૈયાર કરવાની **અગાઉથી** તજવીજ કરીને પછીજ એવાં સમ્મેલન કરવાં જોઇએ, અને એ કામમાં-જો બની શકે તો-એ પ્રાંતમાં વિચરતા કોઈ વજનદાર મુનિશ્રીની સ્હાય લેવી જોઇએ, કે જેથી તેમની સલાહને માન આપવા શ્રાવકો જલદી તૈયાર થશે. ચાર-છ કલાકનું 'નાટક' કરનારાઓ પણ તે નાટક માટે મહીનાઓ સુધી તૈયારી કરે છે, તો કોમના મેળાવડા કે જે કાંઇ નાટક નથી પણ એક એવી ગંભીર બાબત છે કે જે ઉપર હજારો મનુષ્યોના સુખનો આધાર છે તેવી એક બાબત

ઉભી કરવા પહેલાં ઉપર કહ્યા મુજબની તૈયારીઓ મક્કમપણે કાં ન થવી જોઇએ?

**મુંબઈ**ની પ્રાંતિક સભાએ સુકૃત ભંડારની યોજનાને ટેકો આપ્યો છે એ ખુશી થવા જેવું છે. એ ફંડ કોઇને બોજા રૂપ ન થાય એવું, કેળવણીનો પ્રચાર કરવા માટે ઉત્તમોત્તમ સાધન રૂપ અને કૉન્ફરન્સને નીભાવનારા રક્ષક તુલ્ય હોવા છતાં એની સ્થિતિ છેકજ દુર્બળ —કહો કે ખેદજનક છે. આ સંબંધમાં અમે આ અંકમાંજ અન્યસ્થળે બોલવાના છીએ, એટલે અત્રે વિશેષ ન કહેતાં માત્ર એટલુંજ પ્રાર્થીશું કે દક્ષિણની પ્રાંતિક સભામાં હાજર થઇને સુકૃત ભંડાર સંબંધી ઠરાવ કરવામાં સામેલગીરી આપનાર તમામ ગામો અને શહેરોના પ્રતિનિધિઓ પોતપોતાના ગામમાંથી માણસ દીઠ ચાર આના ઉઘરાવી મુંબઈ મોકલી આપવા કૃપાવાન થશે અને કૉન્ફરન્સના ઉપદેશકોને તથા પ્રાન્તિક સેક્રેટરીઓને તે ફંડ વસુલ કરવાના કામમાં કાંઈ મદદ જોઈએ તો તે ખુશીથી આપશે.

દક્ષિણ પ્રાંતિક સભાની બીજી બેઠક આવતી સાલ આથીએ વધારે વિજયવતી થાઓ એમ અમે ઇચ્છીએ છીએ અને દક્ષિણને પ્રગતિના વિચારો પ્રેરનારા તમામ મહાશયોને અમે ધન્યવાદ આપીએ છીએ.

---

# श्री सुकृत भंडार फंडनी खेदजनक हालत.

## जैन वर्गने वधारे विचारशील, वधारे आगळ वधतो अने वधारे आबाद करवानो व्यवहारु मार्ग.

### पूज्य मुनिवरो अने आगेवान श्रावकोने अपील.

દરેક ધર્મ અને દરેક જ્ઞાતિના અનુયાયીઓનું લક્ષ આજકાલ જમાનાને બરની કેળવણી તરફ ખેંચાવા લાગ્યું છે. જમાનાને બરની કેળવણી તરફ સર્વ કોઇની વૃત્તિ જવાનું કારણ એ નથી કે એ સર્વોત્તમ માર્ગ કે મોક્ષનો રસ્તો છે; ના, એવું કાંઇ નથી, પણ આજના દેશ-કાલમાં—આજની સ્પર્ધામય પ્રવૃત્તિ વચ્ચે—જો કોઈ જીવતા રહેવા અને સુખી થવા ઇચ્છતું હોય તો દેશ-કાલને અનુસરતી કેળવણી લીધા શિવાય ચાલે તેમ નથી એટલા ખાતરજ દરેક ધર્મ અને દરેક જ્ઞાતિના સુજ્ઞોનું લક્ષ તે તરફ ખેંચાવા લાગ્યું છે. બીજા હાથ ઉપર યુરોપ-**અ**મેરીકાના કેળવાયલા લોકો જેમ જેમ વધારે કેળવણી પામતા જાય છે, જેમ જેમ સાયન્સ અને તત્વજ્ઞાનનો અભ્યાસ વધારતા જાય છે તેમ, તેમ તેઓ આત્મવિદ્યાના જ્ઞાન તરફ વધુ ને વધુ આકર્ષાતા જાય છે. એ જોતાં આપણને એક એવા સિદ્ધાંત ઉપર આવવાનું વળણ થાય છે કે, જેમ જેમ આપણે જમાનાને બરનું જ્ઞાન વધુ ને વધુ પ્રમાણમાં લેતા જઇશું તેમ તેમ આત્મજ્ઞાન તરફ વધારે ને વધારે આકર્ષાતા જઇશું.

એટલા માટે બીજા હિંદીઓની સાથે જૈનોએ પણ આજની કેળવણીમાં આગળ વધવાના પ્રયાસ કરવાની ખાસ જરૂર છે. નિર્ધનતા, કન્યાવિક્રય જેવા ભયંકર કુરીવાજો, રોતડપણું, પ્રમાદ અને જડતા વગેરે જૈન વર્ગપર લાગેલી બલાઓને દૂર કરવાનો શ્રેષ્ઠ રસ્તો કોઈ હોય તો તે કેળવણીનો પ્રચાર જ છે. આ કામ માટે લાખો ક્રોડો રૂપીઆ ખર્ચાવાની જરૂર છે, કે જેથી દરેક પ્રાંતના જૈનો પૈકી કોઈ અભણ રહેવા ન પામે. જેઓ સાધનરહિત હોય તેવાને માટે અભ્યાસનાં દરેક સાધન મેળવી આપી શકાય એવી યોજના થવી જોઇએ. આમ કરવા માટે ઘણી મોટી રકમ શીલીકમાં જોઇએ, કે જે રકમ બે રસ્તે એકઠી થઈ શકે. એક તો શ્રીમંતોને અપીલ કરી તેઓ પાસેથી સખાવતો મેળવવા પ્રયાસ કરવો અને બીજો રસ્તો એ છે કે દરેક જૈન પાસેથી અમુક નજીવો ટૅક્ષ ( વેરો ) ઉઘરાવવો, કે જે ગરીબમાં ગરીબને પણ બોજારૂપ ન થઈ પડે.

આજે અમે શ્રીમંતો પાસેથી મેળવવાના મોટી સખાવતો સંબંધમાં બોલવા ઇચ્છતા નથી. બીજા પ્રસંગ માટે તે વાત મોકૂફ રાખી આજે તો સ્હેલામાં સ્હેલી અને વ્યવહારૂ યોજના સંબંધી બોલવા માગીએ છીએ, કે જે યોજના કોઇને ભારે પડે તેવી નથી, અને જે આપણા સુભાગ્યે હયાતીમાં પણ આવી ચુકી છે. તે યોજના બીજી કોઈ નહિ પણ "સુકૃત ભંડાર ફંડ" નામથી સુપ્રસિદ્ધ છે અને આપણી કૉન્ફરન્સે સમસ્ત હિંદના જૈન પ્રતિનિધિઓની સમ્મતિથી એ યોજના મંજુર કરીને તેને લગતું કામકાજ કેટલુંક થયાં શરૂ કર્યું છે. પ્રત્યેક જૈન પાસેથી દરસાલ ચાર આના ઉઘરાવી તેમાંથી અડધો ભાગ કૉન્ફરન્સનિભાવ સંબંધી કામમાં વાપરવાનો અને અડધો ભાગ જૈનોમાં કેળવણીનો પ્રચાર કરવાના કામમાં વાપરવાનો ઠરાવ થઈ ચૂક્યો છે. સદરહુ ઠરાવને અમલમાં મૂકવા ખાતર આ માસિકદ્વારા તેમજ કૉન્ફરન્સના ઉપદેશકોદ્વારા પ્રત્યેક પ્રાંતના જૈન ભાઇઓને અપીલ કરવામાં આવે છે કે, તેઓએ પોતપોતાના ગામમાંથી 'સુકૃત ભંડાર ફંડ' ઉઘરાવી મોકલવા કૃપા કરવી. પરંતુ તે છતાં, ખેદની સાથે કહેવું પડે છે કે, એ અપીલ આજસુધી પુરતો આદર પામી નથી. ચાર આના ઘણાંજ થોડાં ગામોમાંથી વસુલ થઇ શક્યા છે. કેટલાંક મોટાં શહેરો તો એવાં છે કે જ્યાંથી પ્રતિવર્ષ ચચ્ચાર આના કરતાં સેંકડો રૂપિયા મળી શકે તેમ છે. તેવાં શહેરો તો, ત્યાં કૉન્ફરન્સના પ્રમુખ કે સેક્રેટરી જેવા આગેવાનો બીરાજવા છતાં, આજસુધી કદી ચાર આના ઉઘરાવવા પ્રમીત થયાં નથી અને એ મહાઉપકારી યોજના તરફ પ્રેમ પણ ધરાવતાં નથી. અમે આ માટે તેઓને દોષ દેવા ઇચ્છતા નથી, પરન્તુ જો કાંઈ ગેરસમજને લીધે કે શંકાને લીધે એમ થતું હોય તો તે માટે કૉન્ફરન્સ ઑફિસને પૂછાવીને ખુલાસા કરી લેવા પુરતી જ અમારી સલાહ છે. સ્થાનકવાશી જૈન કૉન્ફરન્સ તરફથી ઘરદીઠ ચાર આના ઉઘરાવવાનો રીવાજ છે, તે છતાં તે વર્ગમાંથી હજારો રૂપીઆ તે ખાતાને મળે છે, અને જે આગેવાનો એ પરોપકારી ખાતાની વિરૂદ્ધ અવાજ ઉઠાવે છે તેઓ જાહેરમાં તિરસ્કાર પામે છે. એ વર્ગની કૉન્ફરન્સે ચાર આના ફંડનો અમુક હિસ્સો કેળવણી ફંડખાતે લઇ જવાનું ઠરાવ્યા ઉપરાંત "જૈનવિદ્યોત્તેજક ફંડ" પણ ખોલ્યું છે, જેમાં યથાશક્તિ રકમો તે વર્ગના જૈનો મોકલે છે અને હાલ તેમાં સારી સરખી શીલીક છે. વળી કેટલાક આગેવાનો સદરહુ ફંડને મોટું બનાવવાના વિચારથી ડેપ્યુટેશનના આકારે ગામોગામ જવા ઇચ્છે છે.

આ જોતાં શ્વેતામ્બર જૈન ગૃહસ્થોએ તો વિદ્યાવૃદ્ધિના કામ માટે અત્યંત જરૂરી એવું "સુકૃત ભંડાર ફંડ" જેમ બને તેમ વધારે મોટું બનાવવા માટે મોટી મોટી સખાવતો કરવી જોઇએ એટલુંજ નહિ પણ પ્રત્યેક જૈને ઉપર કહેલું ફંડ કૉન્ફરન્સ ઑફીસ જોગ નિયમિત રીતે દર વર્ષે મોકલી આપવું જોઇએ; વળી કૉન્ફરન્સના પ્રાંતિક સેક્રેટરી સાહેબોએ તથા દરેક સંઘ અને નાતના આગેવાનોએ પોતપોતાના ગામ, સંઘ કે નાતમાંથી તે ફંડ ઉઘરાવવા માટે પોતાની સત્તા અને લાગવગનો ઉપયોગ કરવો જોઇએ. અને જે જે ગામોમાં કૉન્ફરન્સના ઉપદેશક આવી પહોંચે તે તે ગામોના અગ્રેસરોએ તે ઉપદેશકને સંદરહુ ફંડ ઉઘરાવી આપવાનું તેમજ કૉન્ફરન્સના ઠરાવો અમલમાં મૂકાવવાને લગતા તે ઉપદેશકના પ્રયાસોને જોઇતી સગવડ કરી આપવાનું ધ્યાનમાં લેવું જોઇએ.

આ પ્રમાણે ખરે રસ્તે જો આપણે મહેનત કરીશું તો 'ટીપે ટીપે સરોવર ભરાય' એ કહેવત મુજબ દરસાલ ઓછામાં ઓછા ૧૫–૨ લાખ રૂપીઆ ( માત્ર ચચ્ચાર આનાના ફંડમાંથીજ ) મેળવી શકીશું અને તે વડે હજારો જૈનોને કેળવણીમાં આગળ વધારી શકીશું. અફસોસની વાત છે કે હાલ આપણી પાસે કેળવણીખાતે લગભગ રૂ. ૫૦૦ ) જેટલીજ શીલીક પડી છે, અને પાઠશાળાઓને તથા વિદ્યાર્થીઓને દર માસની મદદના લગભગ રૂપીઆ ૧૫૦૦ દેવાના છે.

આપણા મુનિરત્નો પણ પોતાના શ્રદ્ધાળુ જૈન ભાવિકો તરફ દયાબુદ્ધિ કરીને જો તેમને સુખી કરવાનું મન પર લે તો જ્યાં જ્યાં વિહાર કરવાનો પ્રસંગ મળે ત્યાં ત્યાં ચાર આના માટે ઉપદેશ આપતા રહે; અને તેમની સલાહનો સ્વીકાર કરવા કોઈ ગામ કે કોઈ વ્યકિત આનાકાની કરે જ નહિ; અને આ પ્રમાણે વગર મુશીબતે દરસાલ હજારો રૂપીઆ કેળવણી જેવા ઉત્તમ કામ માટે એકઠા થઈ સેંકડો જૈનો ભણીગણી વિદ્વાન બને.

એક સવાલ ખાસ લક્ષમાં રાખવા જેવો છે; તે એ છે કે, આજકાલ ભણેલાઓ ઉપર સ્વાર્થીપણાનો જે આરોપ મૂકાય છે તે આરોપ, જો જૈનભાઇઓની **મદદથી** કેળવણી ફેલાવવાની રૂઢી ચાલશે તો, ભવિષ્યમાં ઉભો રહેવા પામશે નહિ. કારણ કે, તેઓ જૈન સંઘના પ્રતાપેજ આબાદ થવાથી તેમના હૃદયમાં સ્વાભાવિક રીતેજ ઉપકારની લાગણી પેદા થશે અને જેમ બીજા જૈનોએ તેમને સુધારી ઠેકાણે પાડયા તેમ તેઓ પણ જીવતો દાખલો જોવાનો મળેલો હોવાથી તથા પ્રબળ ઉપકારવૃત્તિ ઉત્પન્ન થએલી હોવાથી બીજાઓને મદદ આપી ઠેકાણે પાડવા તથા જૈન સંઘની સેવા બજાવવા પ્રેરાશે. જેઓ આત્મભોગ ન આપી શકતા હોય તેમને ધીક્કારવાથી કાંઇ તેઓ સુધરશે નહિ પણ આત્મભોગ અને સેવાબુદ્ધિનો જુસ્સો બીજાઓમાં પ્રેરવા માટે આપણે જાતે **એવાં** કામો કરી બતાવીને મુંગી રીતે બીજાઓને તે રસ્તે વાળવા જોઇએ. આપણી એટલે સંઘની મદદથી આપણે જે લોકોને કેળવીશું તેઓ સેવાબુદ્ધિ શીખ્યા વગર કદી નહિજ રહે; અને એ પ્રમાણે આખા **વર્ગમાં ક્રમે ક્રમે** સેવાબુદ્ધિ અને આત્મભોગના ગુણો પ્રગટી નીકળશે અને જૈનવર્ગમાં કેળ**વણી અને શાન્ત વિવેકયુક્ત સુધારો પ્રચાર પામશે.**

# Jain Students' Brotherhood.

## *The Hon. General Secretary's report for 1911.*

President, Gentlemen and Brothers !

This is the third year since this our pet Gathering comes into existence under the auspices of Jain Students' Brotherhood, which has, during the time, been able to make some remarkable progress. My friend Mr. Barodia has alreadystated about its work for 1910 at the last Social gathering.

The most unique occasion that for 1911 the brotherhood could take up, was the celebration of the birthday of our Lord Mahavir on Chaitra Sud 13 *ie* 11 th April 1911, when different speeches were made by various speakers on the merits and life of Shri Mahavir, under the chairmanship of Sheth Hemchand Amarchand and then a lecture-series was inaugurated, list whereof is as follows :—

Lecture-Series For 1911.

| | | | |
|---|---|---|---|
| 30th July | Development of Jain community. | Mr Vanechand M. Kothari, B. A. | Gulabchandji Dhadha Esq. M. A. |
| 6th Aug | Philosophy of Stand-points | Mr, Mohanlal D. Desai B,A.L.L.B | Prof. S. R. Bhandarker M. A. |
| 20 Aug | The Present Condition of Jain Community. | Mr Manilal H. Udani M. A. | Makanji J. Mehta Esq. B. A. L. L. B. |
| 3rd Sept | A Few thoughts on Jain Philosophy. | Mr. U. D. Barodia B. A. | Prof. H. M. Bhadkamkar B. A. |
| 17th Sept | Social Status of the Jains in India. | Mr. Putteah H. D. | Lakhamsey H. Meisri Esq. B.A.L.L.B. |

Out of these the 1st, 2nd and last were delivered and the remaining two could not be had on account of several unforeseen circumstances.

By this we could secure the sympathy and co-operation of all the students and gentlemen belonging to different sects of Jainism, and could understand the lines of thoughts, modes of working and feelings of each much better and more closely. Before this institution came into its being, we sought one another long, and afterwards by the characters we heard of each other which wrought more upon our affections than in

reason mere reports should do, I think by some secret appointment of heaven or say *Karmas,* we embraced in our names and at our first meeting which was at the first Social gathering in 1910, we found ourselves so mutually taken with one another, say acquainted and so endeared between ourselves that thenceforward nothing was so near to us as one another. Differences were discarded, prejudices were sunk, and grades of position were merged and there remained Self and nothing but Self.

Thus younger generation, guided by the older generation, proceeds forward with rapidity and easiness and I hope there are signs of actual progress in the right direction in point of unity, co-operation and soundness of work, unless many disturbances quite characteristic of our Jain Community do not come in numbers and un-nerve the whole balance. Last year we had many circumstances productive of such disturbances. Circumstances are like clouds, continually gathering and bursting. While we are laughing and enjoying, the seed of some trouble is put into the wide arable land of events—while we are laughing, it sprouts, it grows, and suddenly bears a poison fruit, which we must pluck. Hence in the name of Brotherhood, we should earnestly request the elder members of our community to try their best with sincere feelings to put a stop to such disturbances between one sect and another, between its portion and a portion, so that the younger generation may not have any bad precedents and tendency to go astray from the right path of co-operation. I need not remind you of the well-known fact that 'United we stand and divided we fall."

By such co-operative movements we shall secure sympathy, admiration and kindness of others in moulding monuments of past as well as present Jain greatness and be in a position to show to the world that we are gifted with the greatest kind of religion, philosophy, wisdom and literature.

# જ્ઞાન-ચર્ચા.

( ગતાંકના પૃષ્ઠ ૧૫૫ થી અનુસંધાન. )

( ૩ )

**પ્રશ્ન:**-અજ્ઞાન (મિથ્યાત્વ વગેરે) આત્માનો અસ્વાભાવિક ગુણ છે? જો તેમ હોય તો તે આત્માનો ગુણ (ભલેને પછી અસ્વાભાવિક હોય પણ) થયો. જો તે આત્માનો (જીવનો) ગુણ હોય તો પછી અજીવ એટલે કર્મનો (જીવ અજીવ સંઘાતનો) ગુણ તે હોઈ શકે નહિ. તેથી મિથ્યાત્વ, અજ્ઞાન દ્રવ્યકર્મ નથી, પણ આત્માનો વિભાવિક ગુણ છે. બીજી રીતે કહીએ તો આત્માનું અજ્ઞાન પુદ્ગલ (અગવા દ્રવ્યકર્મ)થી નિપજતું નથી પણ આત્મા પોતાથી થાય છે. આ શું ખરૂં છે?

**ઉત્તર:**—અજ્ઞાન (મિથ્યાત્વ વગેરે) શુદ્ધાત્માનો નહિ પણ મનરૂપ આત્માનો અસ્વાભાવિક ગુણ છે. જ્ઞાન અને અજ્ઞાનનો કરનાર મનરૂપ આત્મા જ છે. મનરૂપ આત્માનું અજ્ઞાન મનરૂપ આત્માથી જ થાય છે એ ખરૂં છે, પરંતુ જે શુદ્ધચૈતન્યઘન અવ્યાબાધ સિદ્ધસ્વરૂપ આત્મા છે તેમાં તો જ્ઞાન અને અજ્ઞાન એ સર્વ ભેદભ્રાંતિ જ નથી. જ્ઞાન અને અજ્ઞાનનો ભેદ મનમાં જ છે માટે મનરૂપ આત્મા જ સંસારનો પેદા કરનાર છે. "**णाणे पुण णियमं आया**" જ્ઞાન જ આત્મા છે; એમ હોઈ જ્ઞાનનો કરનાર મનરૂપ આત્મા જ છે. "**अणाणेणियमं आया**" અજ્ઞાન જ આત્મા છે, એટલે અજ્ઞાનનો કરનાર પણ મનરૂપ આત્મા જ છે.

જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, અમૂર્તત્વ અને ચેતનત્વ એ આત્મદ્રવ્યના છ ગુણ છે.

**नाणं च दंसणंचेव चरित्तंच तवो तहा ।**
**वीरियं उवओगोय एवं जीवस्स लक्खणम् ॥**

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય, ઉપયોગ એ જીવનાં છ લક્ષણ છે; શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, વર્ણ, રસ, ગંધ તથા સ્પર્શ એ પુદ્ગલનાં લક્ષણ છે.

ચૈતન્યમાં 'ચિતી' ધાતુ છે તેનો અર્થ જાણવું એવો થાય છે; પોતે ચેતે અથવા બીજાને ચેતાવે તે ચૈતન્ય. ચેતનનો જે ધર્મ તે ચૈતન્ય. ચેતનનો જે વ્યવહાર તે ચેતન સ્વભાવ. પોતાના સ્વભાવથી ચૈતન્યનો અન્યથા ભાવ તે વિભાવ સ્વભાવ. વિભાવ સ્વભાવ વડે જ કર્મોપાધિ સિદ્ધ થાય છે. નિજસ્વરૂપે સ્થિતિ તે શુદ્ધભાવ. ઉપાધિજન્ય તે અશુદ્ધભાવ. શુદ્ધભાવથી મુક્તિ અને અશુદ્ધ ભાવથી જન્મ મૃત્યુ; આ બંનેનો કરનાર મનરૂપ આત્મા. વિભાવ સ્વભાવથી વ્યવહારની સિદ્ધિ થાય છે અર્થાત્ બહિર્દષ્ટિએ પ્રતીત થતા વ્યવહારને લઇને જ વિભાવ સ્વભાવ ગણવામાં આવે છે: વાસ્તવ તેવું કશું નથી. જેને વિભાવ સ્વભાવ લય થઈ નિજ સ્વભાવ પ્રકટ્યો છે અર્થાત્ જે કર્મરહિત થયો છે તેને વ્યવહાર નથી. "**अकम्मस ववहारो ण विज्जई**" કર્મરહિત એટલે વિભાવ સ્વભાવરહિત જીવને વ્યવહાર નહિ.

ઉપરથી સમજાશે કે અજ્ઞાન કરનાર પણ મનરૂપ આત્મા જ છે; અજ્ઞાનનો વિલય પણ મનરૂપ આત્મા જ કરે છે. એ અજ્ઞાન શુદ્ધ ચૈતન્યને કોઈ પણ રીતે લોપી શકતું નથી.

( ૪ )

**પ્રશ્નઃ**—અજ્ઞાની જીવનું અજ્ઞાન અજ્ઞાનને વધાર્યા જ કરે તો પછી તે અજ્ઞાની કોઈ પણ દિવસ અજ્ઞાની મટી જ્ઞાની થવાનો નથી? જ્ઞાની થાય તો તે કઈ રીતે થાય? શું ફક્ત ચાન્સથી થાય? લોઢાનો તપેલ કકડો કોઈ હથિઆર વડે બહાર મૂકવાથી મૂળ સ્વભાવે-ઠંડો-થાય છે તેમ આત્માને મૂળ સ્વભાવે જતાં કોઈ અદષ્ટની જરૂર છે? વગેરે.

**ઉત્તરઃ**—મનને બહિર્દષ્ટિએ જેજે પ્રતીત થાય છે તે સર્વ અજ્ઞાનમય છે અર્થાત્ બહિર્દષ્ટિએ કે આત્મવિમુખ વૃત્તિએ જે મનોવ્યાપાર થાય છે તે કેવળ અજ્ઞાનમય હોઈ અજ્ઞાન વધાર્યા જ કરે છે. પૂર્વે કરેલી કલ્પનાનુસાર ઉપાર્જન કરેલ કર્મોદય વેદ્યા બાદ સ્થિરતા થાય છે ત્યારે જો કોઈ આત્મનિષ્ટ અને તત્ત્વવેત્તાનો યોગ થાય તો જ્ઞાનમાર્ગે ચલાય પણ જો એક કર્મોદય વેદતાં બીજી પાછી કલ્પના કરી કે નૂતન કર્મો બાંધ્યાં તો પાછો કર્મોદય વેદવો પડશે.

કર્મદલ પાતળાં પડવાથી શાન્તિ પ્રાપ્ત થાય છે અને તેથી સત્સંગમાં અભિરૂચિ થાય છે, અને સત્સંગ મળ્યે જ્ઞાન પ્રાપ્ત થાય છે. અનંત કર્મદલનો ક્ષય થયો હોય ત્યારેજ સત્સંગમાં અભિરૂચિ થાય છે. શુભકર્મોદય આવે ત્યારે જ મનુષ્યજન્મ મળે છે. મનુષ્યજન્મ જ દર્શાવે છે કે ઘણાં કર્મદળો-અજ્ઞાનમય-દૂર થયાં છે માટે જ ઘણું કરીને આર્ય દેશવાસી ઘણા મનુષ્યોને ધર્મ જિજ્ઞાસ પ્રકટે છે, અને તેમાં પણ કેટલાક તે અજ્ઞાનને નહન દૂર કરીને પરમ શાન્તિ નિધાન પરમપદને પામે છે. ઘણા કર્મદલો અવશેષ હોય તો ચાન્સ મળે છતાં પરમ શાન્તિરૂપ જ્ઞાન મળે નહિ. દરેક જીવ અનંતી વખત આત્મવેત્તાના દર્શનના લાભને પામ્યા છે છતાં એટલે ચાન્સને પામ્યા છતાં પણ તેમના કર્મોની બહુલતા અવશેષ હોઈ તે સત્સંગના લાભ રૂપ પરમશાન્તિને પામી શક્યા નથી. જ્યારે મનોકલ્પનાનો વિલય થાય ત્યારે જ અજ્ઞાન દૂર થઈ જ્ઞાન પ્રકટે. મનોકલ્પનાનો વિલય કરવારૂપ ચાન્સ મળે ત્યારે જ અજ્ઞાની મટી જ્ઞાની થવાય છે. જેને મનોકલ્પના છે તે અજ્ઞાની છે અને જેને મનોકલ્પના નથી તે જ્ઞાની છે.

લોખંડના લાલ ગોળાને ઠંડો કરવો એટલે મૂળ સ્થિતિમાં મૂકવાનો દષ્ટાંત ઠીક છે પરંતુ તે દષ્ટાંત શુદ્ધ ચૈતન્યઘનને ચોકસ રીતે લાગુ પડી શકે તેમ નથી કારણ કે શુદ્ધ ચૈતન્ય આત્મ સ્વરૂપ તો મૂળથી જ સ્વપ્રકાશ તથા સ્વતઃસિદ્ધ છે અને નિરવધિકાલ સુધી તેમનું તેમજ રહેશે, તેમાં જ્ઞાન અને અજ્ઞાનનો સંભવ જ નથી. અજ્ઞાન હોય તો ગોળાની પેઠે મૂળરૂપે એટલે જ્ઞાનરૂપે મૂકાય, પણ અજ્ઞાન જ નથી, અજ્ઞાન તો મનને છે; માટે મન અને ગોળાનો મૂકાબલો કરવો ઠીક પડશે. મુક્તિ તો મનની જ થાય છે, આત્મા તો જાતે મુક્ત જ છે. મનરૂપ લોખંડનો ગોળો કે કકડો બહિર્વૃત્તિરૂપ અજ્ઞાનવડે લાલચોળ થયો છે, અર્થાત્ લોખંડનો ગોળો જેમ અગ્નિસંયોગે અગ્નિભાવને પામે છે તેમ મન, અજ્ઞાન ભાવને પામેલું છે. તે મનની વિલયતા તો જ્યારે મનરૂપ આત્મા, કોઈ આત્મવેત્તાના સંયોગને પામે છે ત્યારે થાય છે. ધ્યાનરૂપ સાણસી વતી મનરૂપ આત્મા કે લોખંડનો કકડો અજ્ઞાનરૂપ અગ્નિથી આત્મોપદેશકરૂપ લુહારવડે ભિન્ન કરાય છે, એટલે મનરૂપ અગ્નિભાવ કે અજ્ઞાનભાવ શુદ્ધ ચેતન્યમાં વિલય થાય છે અર્થાત્ મૂળ આત્મસ્વરૂપ જેમ છે તેમ પ્રતીત થાય છે. ટૂંકમાં મન છે તે મૂલભાવને પામી જાય છે. મન એટલે આત્મા,-મનરૂપ આત્મા

તે આત્મા; આત્મા તે આત્મા. આમ સૂત્રમાં આત્માનો ઉપયોગ છે, ઉપરપ્રમાણે ખુલાસો છે. આ ખુલાસો ઘણી ત્વરાથી લખાએલ હોઈ આમાં વિચારશ્રેણી શબ્દશ્રેણી અને વાક્યશ્રેણી કદાચ્ અસંબંધ જણાય તો સૂક્ષ્મ વિચાર કર્યાથી ભાવાર્થમાં તેવું પ્રતીત થશે નહિ. વિશેષ ખુલાસા ગીતાર્થ-આત્માર્થ-ગુરૂથી જાણવા. શ્રી શાસ્ત્રકાર ફરમાવે છે કેઃ—

**गीयत्थस्स वयणेणं विसं हालाहलं पिवे ।**
**अगीयत्थस्स वयणेणं अमयंपि न घुट्टए ॥**

ગીતાર્થ-આત્માર્થ-ના વચનપર શ્રદ્ધા રાખીને હલાહલ ઝેર પી જવું, **પણ** અગીતાર્થ-આત્મવિમુખ-ના વચનપર અમૃત પણ નહિ પીવું જોઈએ.

ગોકુલદાસ નાનજીભાઈ ગાંધી.

---

# જૈનસાહિત્ય-શ્રીપાળનો રાસ.

**( વડોદરાની ચોથી સાહિત્ય પરિષદમાં વંચાયેલો લેખ. )**

લેખકઃ—રા. રા. **પોપટલાલ** કેવળચંદ **શાહ**, **રાજકોટ**.

(ગત પૃ. ૩૭થી ચાલુ.)

પ્રેમાનંદાદિ અન્ય કવિઓએ જેવાં કથા વર્ણનો લખ્યાં છે, તેવાં વર્ણનોથી ભરપૂર જૈન રાસાઓ પણ છે. મૂળ એક વાતને લઈ અનેક ભવ્ય તથા ચમત્કારિક પ્રસંગોનાં વર્ણન આપી નીતિધર્મનો વિજય સ્થાપી પાત્રોનાં પરમમંગળ સહિત રાસ પૂરો કરવામાં આવે છે.

અગાઉ જણાવ્યા મુજબ મૂર્તિપૂજક શ્વેતાંબર જૈનોમાં ચાલતી **સિદ્ધચક્ર** નવ પદ પૂજાના મહાત્મ્યને પ્રકાશિત કરવા આ **શ્રી**પાળનો રાસ લખવામાં આવ્યો છે. પરંતુ તે સાથે જૈન સિદ્ધાંતમાં મુખ્યપણે મનાતા કર્મનો ચમત્કાર પણ તેમાં દર્શાવવામાં આવ્યો છે. આચામ્લ ( આયંબિલ ) તપની ઉત્કૃષ્ટતા પણ તેમાં જણાવી છે.

**विश्वाश्चर्य कीर्तिकीर्ति विजयश्री वाचकेंद्रान्त सद्**
**राजश्री तनयोऽतनिष्ठविनयः श्री तेजपालात्मजः***

આમાં પોતાનું નામ **વિ**નયવિજય, ગુરૂનું નામ કીર્તિવિજય, માનું નામ **રાજશ્રી** અને પિતાનું નામ **તે**જપાળ એટલું દર્શાવી દીધું છે.

**શ્રી**પાળના રાસનું અધુરૂં રહેલું કાર્ય **યશો**વિજયજીએ પૂર્ણ કર્યું. એ **યશો**વિજયજી અને **વિ**નયવિજયજી બંને **જ**શુલાલ ને **વિ**નયલાલ નામ ધારણ કરી **કાશી**માં ભણવા ગયા હતા. એક બ્રાહ્મણ પંડિતને ત્યાં સાથે રહી ભણ્યા તેથી બંને વચ્ચે ઘણી સારી પ્રીતિ થઈ હતી. કહે છે કે ત્યાં ૧૨૦૦ ગાથાનો એક ગ્રંથ ગુરૂએ તેમને ફક્ત જોવા આપેલો તેની ૭૦૦ ગાથા **જ**શુલાલે ને ૫૦૦ ગાથા **વિ**નયલાલે એક દિવસમાં મુખ પાઠ કરી લીધી. કહે છે કે **વિ**નયવિજયજી એ **યશો**વિજયજીના કાકાગુરૂ હતા.

---

* આ હકીકત **ન**યકર્ણિકામાં આવેલ શ્રી **વિ**નયવિજયજીના ચરિત્ર ઉપરથી લીધી છે.

**વિનયવિજયજી**એ **શ્રી**પાળ રાસ, **પુણ્ય** પ્રકાશ, શ્રી **ભગવતી** સૂત્રની સઝાય, **વિનય** વિલાસ, **અધ્યાત્મ** ગીતા, **જિન**ચોવીશી, **વિહ**રમાન વીશી વગેરે ગુજરાતી ગ્રંથો અને **લોક** પ્રકાશ, **સુખ**બોધિકા ( કલ્પસૂત્ર પર ટીકા ), **હૈમ**લઘુ ક્રિયા, **નય**કર્ણિકા અને **શાંત** સુધારસ ભાવના નામના સંસ્કૃત ગ્રંથો રચ્યા છે.

**યશો**વિજયજીએ **વિનયવિજય** કરતાં વિશેષ ગ્રંથો રચ્યા છે અને તેની કૃતિ પણ **વિનયવિજય** કરતાં વિશેષ ઝમકદાર ને તેજસ્વી છે. આ વખતે **આનંદઘનજી**, **માન**વિજય, **લાવણ્ય**સુંદર, વગેરે જૈન સાધુઓ, **તુકારામ**, **રામદાસ** વગેરે મહારાષ્ટ્રી ભક્તો અને **પ્રેમાનંદ**, **સામળ**, **અખો** વગેરે ગુજરાતી કવિઓ પોતપોતાના ક્ષેત્રમાં ઘુમતા હતા.

શ્રી **વિનયવિજયજી**એ **જુનાગઢ**, **દીવ**, **રાધનપુર**, **રાંદેર**, **સુરત** વગેરે સ્થળે ચાતુર્માસ કર્યા જણાય છે.

કવિ **વિનયવિજયજી**એ આ **શ્રી**પાલ રાસ રચવો શરૂ કર્યો પણ તેમને હાથે તે પૂર્ણતા પામ્યો નહિ. આ રાસમાં કુલ ગાથા ૧૨૫૧ છે ને ઢાળ ૪૧ છે. તેમાં ૭૫૦ ગાથા તેમણે રચેલી છે. ૩ જા ખંડની ૫ મી ઢાળની ૨૦ મી ગાથા એ તેમની રચનાની છેલ્લી ગાથા છે. તે ગાથામાં જાણે પોતાનું મરણ હવે નજીક છે એમ ગર્ભિત રીતે ઇસારો કરી લીધો હોયની ! એમ જણાઈ આવે છે.

> વીણા એક અનુપમ દીધી તસ કરે, હો લાલ કે૦
> દેખાડે સ્વર નાદ, ઠેકાણાં આદરે, હો લાલ કે૦
> ત્રટ ત્રટ તૂટે તાંત, ગમા જાયે ખસી, હો લાલ કે૦
> તે દેખી વિપરીત, સભા સઘળી હસી, હો લાલ કે૦

આ રાસ **સિદ્ધચક્ર**-નવપદ ( અરીહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, જ્ઞાન, દર્શન, ચારિત્ર ને તપ )ની ઉત્તમતા બતાવવા માટે રચાયાનું આપણે આગળ કહી ગયા છીએ, કેટલાક જૈન વિદ્વાનોએ જુદે જુદે પ્રસંગે રાજા **શ્રી**પાળનું આખ્યાન સંસ્કૃત અને પ્રાકૃતમાં રચેલું છે તે ઉપરથી આ રાસ રચવામાં આવ્યો જણાય છે.

કવિ **વિનયવિજયજી**એ ત્રણ ગ્રંથો રચ્યા છે. જે કાળે આ રાસ **રાંદેર**માં રચાતો હતો તે કાળે **ભગવતી** સૂત્ર સંઘને વાંચી સંભળાવતા હતા એમ જણાય છે. તે શ્રવણ કર્યા પછી કરવાં જોઈતાં કાર્યો ને મળવાનાં ફળ વિષે પણ ૨૧ ગાથા તેમણે સારે તૈયાર કરી હતી.

તેઓના ગુરૂની ટુંક પટ્ટાવલિ આગળ આપી છે પરંતુ સંસારદશામાં તેઓ ક્યાંના રહેવાશી, કેવી સ્થિતિમાં હતા વગેરે માલુમ પડતું નથી. તેમણે રચેલા **લોક**પ્રકાશમાંના દરેક સર્ગમાં જે એક પ્રકારનો શ્લોક આપ્યો છે તેના પૂર્વાર્ધપરથી તેમની માતાનું નામ **રાજબાઇ** ને પિતાનું નામ **તેજ**પાળ જણાય છે ને તે નામોપરથી અનુમાન થઈ શકે કે તેઓ જ્ઞાતે વણિક હશે.

**શ્રી**પાળનો રાસ અહીં પસંદ કરવાનું એક ખાસ કારણ છે. ગુજરાતના એક ઉત્તમ કવિના-**પ્રેમાનંદ**ના સમકાલીન આ જૈન કવિ **વિનયવિજયજી** હતા. જે વખતે હજી **નળા**ખ્યાન રચવાની શરૂઆત **પ્રેમાનંદે** કરી નહોતી તે વખતે એટલે **નળાખ્યાન** પહેલાં બે વરસે આ **શ્રી**પાળનો રાસ રચાયો છે. એટલે બંનેની કેટલીક કવિતાઓ સરખાવવાની

જિજ્ઞાસા સાક્ષર વર્ગને થશે અને તેથી કદાચ ગુજરાતી સાહિત્ય પ્રદેશમાં કંઈક નવું અજવાળું પડશે. એક ત્યાગી ને એક સંસારી, એક બાપાભક્ત અને એક પ્રભુભક્તની કવિતાઓનો ભેદ પણ એથી જાણવામાં આવશે. સાક્ષર વર્ગને સંતોષ આપી શકાય એટલી આ લેખકમાં આવડત નથી તથાપિ **यथा शक्ति यतनीयं शुभे** ( શુભ કામમાં યથાશક્તિ ઉદ્યમ કરવો ) એ વાક્યાનુસાર આ લેખ લખવાનું સાહસ આદર્યું છે.

"ચણાતા સાહિત્ય મંદિરમાં એ ઈંટ મૂકવા જેટલું થાય તોએ ઘણું છે. અગર છેવટે માટીના ટોપલા ઉંચકી કારીગર કને લઈ જવામાં પણ ધર્મ છે."

કવિ પ્રેમાનંદ **નળા**ખ્યાનમાં છેવટે લખે છે કે—

મુહુર્ત કીધું **સુ**રત માંહે થયું પૂર્ણ **નં**દરબારજી;
કથા એ **નળ દ**મયંતી કેરી સાર માંહે સારજી;
સંવત સત્તર બેતાળી વર્ષે પોશ શુદિ ગુરૂવારજી;
બિતિયા ચંદ્રદર્શનની વેળા થઈ કથા પૂર્ણ વિસ્તારજી:

કવિ **વિ**નયવિજયજીના પૂર્વાર્ધ પછી આ **શ્રી**પાળ રાસને પૂરો કરનાર શ્રી **યશો**વિજયજી અંતે લખે છે કે—

સંવત્ સત્તર આડત્રીશા વરસે રહિ **રાંદેર** ચોમાસેજી;
સંઘ તણા આગ્રહથી માંડયો રાસ અધિક ઉલ્લાસેજી; ॥ ૯ ॥

કવિ **વિ**નયવિજયજી આ રાસ પુરો થતાં પહેલાં દેવલોક પામ્યા. ૭૫૦ ગાથા તેમણે રચીને બાકી તેમના સંકેત મુજબ શ્રી **યશો**વિજયજીએ ગ્રંથ પૂરો કર્યો.

સાર્દ્ધ સપ્ત શત ગાથા વિરચી પહોંતા તે સુરલોકેજી ॥
તેહના ગુણ ગાવે છે ગોરી મલિમલિ થોકે થોકેજી ॥ ૧૦ ॥
તાસ વિશ્વાસ ભાજનતસ પુરણ પ્રેમ પવિત્ર કહાયાજી ॥
શ્રીન**ય**વિજય વિબુધપયસેવક, **સુ**જસવિજય ઉવઝાયાજી ॥ ૧૧ ॥
ભાગ થાકતો પુરણ કીધો, તાસ વચન સંકેતેજી ॥
તિણે વલિ સમકિત દલિ જે નર તેહ તણે હિત હેતેજી ॥ ૧૨ ॥

**શ્રી**પાળના રાસમાં કવિ છેવટે આશીર્વાદ આપે છે કે,

જે ભાવે એ ભણશે ગુણશે તસઘર મંગલ માલાજી ॥
બંધુર સિંધુર સુંદર મંદિર મણિમય ઝાકઝમાલાજી ॥ ૧૩ ॥
દેહસબલ સસ્નેહ પરિચ્છદ, રંગ અભંગ રસાલાજી ॥
અનુક્રમે તેહ મહોદય પદવી લેહશે જ્ઞાન વિશાલાજી ॥ ૧૪ ॥

'પરિષદ્' શબ્દ સાહિત્ય પરિષદ્ પછી ગુજરાતમાં વધારે વપરાશમાં આવ્યો છે; પરંતુ જૈન ગુજરાતમાં તો એ શબ્દ ઘણા વખતથી વપરાય છે. આ ઉપરની ૧૪ મી ગાથામાં સસ્નેહ પરિષદ્નું સ્મરણ છે.

જૈન કાવઓ રાસ પૂર્ણ કરતાં ઘણું કરીને હમેશાં પોતાની ગુરૂપ્રશસ્તિ આપે છે. તેથી તેઓ ક્યારે અને કોના વખતમાં થયા અને તે કયા કયા ગુરૂની પાટે કે ગચ્છમાં થયા તે જણાઈ આવે છે. એ મુજબ આ **શ્રી**પાળના રાસની છેલ્લી ઢાળમાં ગુરૂપ્રશસ્તિ આપી છે.

તપગચ્છ નંદન સુરતરૂ પ્રગટયા હીરવિજય ગુરૂરાયાજી. ॥
અકબરશાહે જસ ઉપદેશે પડહ અમારિ વજાયાંજી ॥ ૧ ॥
શાહ સભામાંહે વાદ કરીને જિનમત થિરતા થાપીજી ॥
બહુ આદર જસ શાહે દીધો, બિરૂદ 'સવાઈ' આપીજી ॥ ૪ ॥
સૂરિ હીરગુરૂનિ બહુકીર્તિ, કીર્તિવિજય યું વજ્જાયાજી ॥
શિષ્ય તાસ શ્રી વિનયવિજયવર વાચક સુગુણ સુહાયાજી ॥ ૭ ॥
વિદ્યા વિનય વિવેક વિચક્ષણ લક્ષણ લક્ષિતદેહાજી ॥
સોભાગી ગીતારથ સારથ સંગત સખર સનેહાજી ॥ ૮ ॥

ત્રીજી વિભક્તિમાં 'એ' નહિ પણ 'એં' પ્રયત્ન વપરાયાનું આમાં જોઈ લેવાશે.

કવિ પ્રેમાનંદે નળાખ્યાનની શરૂઆત કરતાં ૧ લી ગાથામાં લખ્યું છે કેઃ—

નૈષધનાથની કહું કથા, પુણ્યશ્લોક જે રાય;
વૈશંપાયન વાણી વદે, આર્ણ્યકપર્વ મહિમાય.

કવિ વિનયવિજયજીએ શ્રીપાળનો રાસ શરૂ કરતાં ૧-૨ ગાથામાં કહ્યું છે કેઃ—

કલ્પ વેલિ કવિયણ તણી, સરસતિ કરિ સુપસાય ॥
સિદ્ધચક્રગુણ ગાવતાં પૂરે મનોરથ માય ॥ ૧ ॥
અલિય વિઘન સવિ ઉપસમે, જપતાં જિન ચોવીશ ॥
નમતાં નિજ ગુરૂપયકમલ, જગમાં વધે જગીશ ॥ ૨ ॥

કવિ પ્રેમાનંદ જ્યારે કડવામાં છેવટે ઉથલો આપી એક ગાથામાં પછીના કડવામાં શું હકીકત આવશે તેનો કંઈક ઇસારો કરે છે ત્યારે આ રાસમાં એક ઢાલ પુરી થએ પછીની ઢાલમાં જે હકીકત આવવાની છે તે સંબંધી કેટલાક દોહરા કેટલેક ઠેકાણે આપવામાં આવ્યા છે.

---

# દુનીઆમાં ચાલતો આડંબર.

## ઉત્તમ ગૃહસ્થ અને ઉત્તમ ત્યાગીનાં લક્ષણો.

### ઈનામના મેળાવડાઓમાં ભજવવા લાયક એક સંવાદ.*

**( ધન્યાશ્રી. )**

**પ્રજ્ઞાચંદ્ર—** જોયું, જોયું, જોયું—
પ્રભુજી ! જગત્ સર્વ મેં જોયું;
સંકુચિત મતિ જ્યાં ત્યાં ભમે છે, પોત પ્રકાશી ખોયું— પ્રભુજી !
ધર્મરૂપી મહાસાગરને કરી ખાબોચીયું છે વગોયું— ,,

* આ સંવાદ મુંબઈની 'માંડવી એંગ્લો-વર્નાક્યુલર સ્કુલ'ના વાર્ષિક મેળાવડામાં ભજવી બતાવવામાં આવ્યો હતો તે સંવાદ કંઈક જનસમાજને હિતકર થશે એમ ધારી તેમજ આવા સંવાદો આપણી જૈનશાળાઓમાં ભજવી બતાવાય તે માટે તેમને એક નમૂનો પૂરો પાડવા અહીં આપેલ છે.

ત્યાગ તણી મુખ વાતો કરતાં, મન રહેછે નહિ ધોયું— પ્રભુજી !
વિશ્વાસે લેતા સાધકને, સાધ્ય રહ્યું છે ખોયું— „
ધર્મી ધૂત્તા કર્મોના બંધનમાં ચિત્ત પરોયું— „
'હમસેં બડા કોઇ નહિ જ્ઞાની' હૃદય જાયછે કોહ્યું— „
'મીયાં કે ચાંદે ચાંદ' કહેતાં, જગત્ સર્વ બહુ રોયું— „
આંસુથી પણ સમજ ન આવી, અજ્ઞાને રહે મોહ્યું— „

**શરતચંદ્ર**—મિત્ર ! આ કાવ્યનો ભાવાર્થ શું છે ?

**પ્રજ્ઞાચંદ્ર**—શું તું સમજી શકતો નથી ? આજકાલ "મહાત્માઓ" આખી દુનિયામાં બહુ વધી પડયા છે અને દંભથી અજ્ઞાનીઓને ફસાવે છે તે શું તું નથી જાણતો ?

**શરતચંદ્ર**—હા, હા ! હવે સમજ્યો. 'સંત પુરૂષ' 'ભક્ત શિરોમણી' 'યોગીશ્વર' એવાં ભારી ભારી આડંબરી નામો ધારણ કરી, સ્વાર્થી શીવમાર્ગ બતાવનારા આજકાલ જ્યાં ત્યાં નજરે પડે છે. વારૂ, આ બધો આડંબર તેઓ શા માટે કરતા હશે ?

**પ્રજ્ઞાચંદ્ર**—આડંબર કરવાનું કારણ સ્પૃહા છે. અમુક પદાર્થ મેળવવાની સતત્ ઇચ્છા-લોભ-તેનું નામ 'સ્પૃહા'. આ સ્પૃહા કોને નથી ? સાંભળ—

સ્પૃહા જગતમાં રાક્ષસી મોટી, જનનાં રક્ત જ પીતી રે;
રાય રંક કોને નવ છોડે, ત્રિભુવને નવ બીતી રે.

**શરતચંદ્ર**—શું બધાને એક સરખી સ્પૃહા હોતી હશે ?

**પ્રજ્ઞાચંદ્ર**—ના, ના; તે તો જુદી જુદી જાતની હોય છે. કોઇને માનની, તો કોઇને કીર્તિની, કોઇને કામની, તો કોઇને ધનની. આ બધી ઇચ્છા જ એકંદર માનવ જાતને ભમાવે છે, અને નહિ ઇચ્છિવા જોગ કાર્ય કરાવરાવે છે. માનની ઇચ્છા રાખનાર પોતે ગમે તેટલા પ્રપંચ કરી, માનને મેળવીને બેસી રહેતો હોય તો ઠીક; પણ માન મેળવ્યા પછીની દશા અપમાન થયા પછી થતી દશા કરતાં પણ ભયંકર થાય છે; કારણ કે માન મેળવી તેને સહન કરી, **સમભાવમાં રહી**, પોતાની સ્થિતિ જાળવી રાખવી તે બહુજ મુસ્કેલ છે. તેવીજ રીતે કામની સ્પૃહા પણ એવીજ છે, તેણે પણ દંભનો-પ્રપંચનો પૂરેપૂરો આશ્રય લીધો છે.

**શરતચંદ્ર**—એ તો ખરૂં, પણ દંભનો આશ્રય કેવી રીતે લેવાતો હશે તે સમજાતું નથી. જરા ઉદાહરણ આપીને સમજાવ તો હૃદયમાં બેસે.

**પ્રજ્ઞાચંદ્ર**—જો આનાં ફક્ત બે ઉદાહરણ આપું છું. એક તો તું જાણે છે કે, **વિશુદ્ધ**-વિજય નામના નાટકમાં **વિલાસી** નામનો ગુરૂ રાજપુત્રીપર આશક થઈ તેનો 'ગુરૂ' થયો. અને ગુરૂ તરીકે શું કહેતો હતો તે તને ખબર છે ? યાદ ન હોય તો જો સાંભળ—

કોઈ સાચું દિલ જુએ, દેખો દુનિયા તો રે દંભે ભોળવાય.
સાધક મારા શોધી લાવે, સકળ નગરનો સાર;
ગુરૂ બનીને બેસું દંભે, ભરસાતું દરબાર. કોઈ૦

× × ×

ત્યાગ તણી મુખ વાતો કરવી, હૈયે કામની જ્વાળ;
રાજા રાણી આધીન કરીને, લઉં મેળવી બાળ. કોઈ૦

આ તો ઠીક છે; પણ **મત્સ્યેંદ્ર** જેવો મહાત્મા પણ સ્ત્રીના પાસથી કામભોગમાં ફસાયો હતો. હમણાં પણ આવાજ ભદ્રીક અને ભોળા ગણાતા પંડિત પણ ભોળવાઈ ફસાઈ જાય છે. તેવાને તો **મત્સ્યેંદ્રને** છોડાવવા તેના ખરા શિષ્ય **ગોરખનાથે** જે કહ્યું છે તે સમજાવવાનું છે'—

( ભૈરવી )

ઉપજી હંસને આ શી મતિ રે?
**ભૂલ્યો નિજ સ્વરૂપનું ભાન**—ઉપજી૦
**માનસરોવર** તીરે શોભતો રે, પાસે હતા હંસ દશવીશ, ઉપજી૦
પામ્યો સુંદર વિષની પુતળી, તેથી રમતાં સોંપ્યું શીશ. ,,
ચણતો ચતુર મોતી મૂલનાં રે, કરે હવે અજાતણો આહાર. ,,
કરતો દૃષ્ટિ ન દેખત ઉર્વશી રે, કરે નટડી સંગ વિહાર. ,,
**બેડા બીજાના પાર ઉતારતો રે, તેનું નાવ જ ગોથાં ખાય.** ઉપજી૦

**શરતચંદ્ર**—અહાહા! આ સાંભળી, ફસાતા પંડિતો અને મહાત્મા ઉપર બહુ દયા આવે છે. **પ્રભુ** તેમનું કલ્યાણ કરો! પરંતુ આડંબર કોનાથી **વધુ** ચાલે છે તે હવે કહેશો?

**પ્રજ્ઞાચંદ્ર**—મિત્ર! મારા માનવા પ્રમાણે **ધર્મને નામે** બહુ ઢોંગ ચાલે છે. **અભયકુમાર** જેવા અતિ બુદ્ધિશાળી અને વિચક્ષણ પુરૂષને પણ એક ગણિકા તેની ધર્મબ્હેન બનીને છેતરી ગઈ હતી તે તું જાણતો જ હોઇશ. **હિંદની** હાલની સ્થિતિ જોતાં લાખો પુરૂષો કે જેને "વેરાગી" કહેવામાં આવે છે તેઓ ધર્મને નામે અહીંથી તહીં અન્નના ટુકડા ખાઈ છેતરપીંડીથી પોતાનું પોષણ કરે છે. કેટલાક તો બગભગત જેવા "મુખમેં **રામ**, બગલમેં છુરી" જેવું કરી જગતને ઠગે છે. ઝાઝાં માણસો એકઠાં કરીને ભજનીયાં ગાય, અને ખાનગીમાં જોયું હોય તો સાક્ષર નાટકકાર ડાહ્યાભાઈ કહે છે તેમઃ—

તુંહી તુંહી તુંહી તુંહી **રામ** નામ, એક તુંહી તુંહી રે **રામ**,
મફત મલીદા ગોરી ગોરી ગોરી, મફતમાં લોક ગુલામ;
હાથમાં માળા ને મૃગછાલા, ટીલાં ટપકાં આહાહાહા! તુંહી૦

ભુખીઓ **દુઃખીઓ** કોઈ નમે તો, સીતારામ **ચલ** સીતારામ **હઠ** સીતારામ;
**અમીર** તવંગર આવી નમે તો, સીતારામ, **જય** સીતારામ, **જી** સીતારામ!
નાજુક નાજની નમન કરે તો નારાયણ, **બસ** નારાયણ, **હું** નારાયણ!
કાળી કોઈ કદરૂપી નમે તો, નારાયણ **ચલ** નારાયણ **ધુત** નારાયણ!
હરઘડી **હરહર**, ખીસ્સાં ભરભર, વાહરે ગુરૂગુરૂરાજ, અહાહાહા!

**શરતચંદ્ર**—આવું શું દરેક ધર્મમાં થતું હશે?

**પ્રજ્ઞાચંદ્ર**—હિંદમાં તો દરેક ધર્મમાં થાય છે. **વૈષ્ણવ**, **જૈન**, **શૈવ** આદિ દરેકમાં. '**ગુજરાતી**'માં હમણાં જે નવલકથા આવે છે—"**સંદિગ્ધ સંસાર, યાને સાધુ કે શયતાન?**"

-તે ખાસ વાંચવા જેવી છે. સામાન્ય રીતે આપણા હિંદુ ભાઇઓ બહુ ભોળા છે, અને તેથી ધર્મને બહાને બહુ છેતરાય છે. તેનું ખુલ્લું સ્વરૂપ તો મેં પ્રથમ જ કાવ્ય કહ્યું તેમાં આપ્યું છે.

**શરતચંદ્ર**—હા, હું હવે બરાબર તે કાવ્યનો ભાવાર્થ સમજ્યો. ત્યારે હવે આપણે શું કરવું? આડંબરની બદી તો ભયંકર છે, તો તેને દૂર કેવી રીતે કરવી જોઇએ?

**પ્રજ્ઞાચંદ્ર**—શું કરવું શું? આપણે **આપણા પર** જોવું. આપણે **પોતે** કઇ રીતે અને કેટલા પ્રમાણમાં આડંબર **કરીએ છીએ** અથવા તો કઇ રીતે **લોભાઇ ઉત્તેજન આપીએ છીએ,** તે જોવાની જરૂર છે. આડંબરથી લોભાનારાએ સ્વતંત્ર વિચાર કરવાનો છે. અને 'મારૂં તે સારૂં માને મૂરખજન, સારૂં તે મારૂં માને પંડિત જન' એ ન્યાયે ગમે ત્યાંથી સારૂં મળે ત્યાંથી મેળવી ગ્રહણ કરવાનું છે. સત્યના સંગી થવું અને આચારમાં સીધા થવું. સાક્ષર ડાહ્યાભાઇએ કહ્યું છે કેઃ—

જ્ઞાની ઝગડે ગોથાં ખાતા, સુધે શીવપદ પામીયું;
ભાઇ એ વાતો છે ઝીણીયું,
કોઇ સંતવીરલે જાણીયું—ભાઇ૦

આડંબર કરનારાએ દંભ અને માનવૃત્તિ છોડી દેવાં. માનની ઇચ્છા જતી કરી **કર્ત્તવ્યની ખાતર** કર્ત્તવ્ય બજાવવું. જો એક અન્યોક્તિ બહુ જાણવા જેવી છેઃ—

રે ભોળા મધુલાલચી ભ્રમર! તું, જાતો ન ચંપા કને;
માની લે સુખ માલતી મહીં પુરૂં, સ્હેજે મળ્યું જે સુખે.
ચંપામાં ચતુરાઇ તારી ઘટશે, ચંપાઇ જાઇશ તું;
તારૂં કામ નથી અને કરીશ તો, ખત્તા ઘણા ખાઇશ તું.

**નથુરામ** ( કુસુદચંદ્ર. )

માટે "**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन**" કર્મ કરવામાંજ તારો અધિકાર છે, પરંતુ તેના ફળની અપેક્ષા રાખવામાં બિલકુલ નથી.

**શરતચંદ્ર**—પરંતુ આ સંસાર એવો છે કે, થોડો પણ આડંબર રાખવાની જરૂર છે. નહિ તો જે દંભ વગરના, તદ્દન સરળ અને શુદ્ધપરિણામી માનવો હશે તે તો બિચારા ચગદાઇ જાય તેમ છે. સારાને માથે અપયશનો પોટલો છે, તેમ તેના પરજ દુઃખનો ભાર છે. કારણ કે, કહ્યું છે કેઃ—

અરેરે જાલિમ જગ શો તારો, જૂઠો વ્યવહાર છે રે?
અરેરે નિર્ભય ફરતો નઠારો, સારાનો સંહાર છે રે.
નમ્ર રંક કસ્તુરિ મૃગો, નિર્જન વન વસનાર;
મરે કસ્તુરી કારણે, લાખો બની શિકાર.
શી ગુણકારી કસ્તુરી, માટે તેને શિર છુરી
વિના ભય શ્વાન ભુંડો ભસનારો—સારા૦
ગુલાબને ડોલર કળી, અણખીલી ચુંટાય;
અર્ક કાજ ફિકળાય ને, માળા કાજ વિંધાય.

શી સુગંધ તેમાં ભરી, માટે તેને શિર છુરી
આવળ કેરાં ફુલડાં ન કોઇ જોનારો—સારો૦
કાતળી કાતળી શેરડી, હાથો હાથ કપાય;
વાડે વાડ પીલાય ને, દાંતે દાંત ચવાય.
શી રસની છે માધુરી, માટે તેને શિર છુરી.
બાવળ કેરી બાજુ ન કોઇ જોનારો—સારો૦
વિજયશંકર ( નવલકુસુમ. )

**પ્રજ્ઞાચંદ્ર**—તું કહે છે તે ઠીક, પણ જે સારા કહેવાય છે તે, તેના પર પડતાં **દુઃખોની કસોટીથી જ** સારા કહેવાય છે; નહિ તો **બધા** સારા કહેવાત. પણ આડંબર સાથે તેને શું સંબંધ છે? આડંબર ન કરે તેને માથે કંઇ જૂલમ ન પડે. **'જેવા હોઇએ તેવા દેખાવું.'**

**શરતચંદ્ર**—તું કહે છે કે, કર્તવ્ય કરવામાં આપણો અધિકાર છે; તો કર્તવ્ય શું કરવાં એ વિષે તારો જે અભિપ્રાય હોય તે કહે. તારૂં કહેવું મને બહુ પ્રિય અને બુદ્ધિ-ગ્રાહ્ય લાગે છે.

**પ્રજ્ઞાચંદ્ર**—મારો તો નમ્ર અને સામાન્ય મત એમ રહે છે કે, તને હમણાં કહ્યું તે પ્રમાણે જે આડંબર કરનારા છે તેના બે ભાગ પાડીએ. (૧) ગૃહસંસારી (૨) વૈરાગ્ય-વાન સાધુ. તે બન્નેએ પોતાનો આડંબર છોડી દેવો અને પોતપોતાના કર્તવ્યક્ષેત્રમાં લાગ્યા રહેવું. **ગૃહસંસારીએ** ઉત્તમ ગૃહસ્થાશ્રમ પાળવાનો છે અને પોતાના દુઃખી ભા-ઇઓને મદદ કરવાની છે. તે માટે "**લલિત**" નામનો સુંદર કાઠિયાવાડી કવિ કહે છે કે:—

ધા સુણિયે રે દુઃખિયાની, વ્હાલા બન્ધુ બનીએ
બંધુ બનીએ રે એના બેલી બનીએ—
બેલડીયાં બાંય બરોબર, **સહેવા** સરજ્યાં શું સહોદર?
દુઃખે દુઃખીઆરાં આળાં અંતર ચાંપીએ-આળાં અંતર ચાંપીએ. ધા૦
દુઃખીયાનાં બેડી બંધન રચીએ ઉર આંગણ નંદન,
દીનને દ્વારે દયાસાગર રેલીએ-દયાસાગર રેલીએ— ,,
દુનિયાના **દેવ** સહાયક, દીનનાં તો **સંતન** સેવક;
**રંક ભાંડુનાં રખવાળાં લઇએ**-રખવાળાં લઇએ— ,,
સૈયારી મીજલસ ભરીએ, હૈયાને **હેલે** ચડીએ;
વિભુની વ્હાલપનાં રૂડાં જ્યોતિ વંદિયે, રૂડાં જ્યોતિ વંદિયે— ,,

**શરતચંદ્ર**—બરાબર છે; હવે **સાધુને** શું કર્તવ્ય છે એ કહે, એટલે આપણે આ સંવાદનો કાંડ પૂરો કરીએ.

**પ્રજ્ઞાચંદ્ર**—હાલ તો સાધુને માટે બોલવું તે યોગ્ય નથી. પણ આટલું તો ખરૂં કે, તેમણે સંસારી ગૃહસ્થાશ્રમની ખટપટોથી દૂર રહેવાની ખાસ જરૂર છે. ગમે તે બાબતનો સવાલ હોય પણ તેમણે તેમાંથી હાથ ઉઠાવી પોતાનું તથા પરનું આત્મકલ્યાણ જ સાધવાનું છે. તેમને તો રા૦ '**લલિત**'ના શબ્દોમાં એ જ ગાવાનું કહ્યું છે કે:—

મઝૂલી મજાની *પેલે તીર, સંતો વ્હાલાં!
મઝૂલી મજાની પેલે તીર.
વૃક્ષો વેલડીઓ વાળાં, કુમળાં ફળફૂલ રસાળાં;
લઇ જાઓ લાવો એ લગીર—સંતો૦
મનની કંઈ મોજમજાઓ, ઉર સહૃદયનો કંઇ લ્હાવો,
લેવાને આવજો લગીર— „
ઉડવાય સફર સૈયારી, સુખ દુઃખની કંથા ધારી;
આનંદ ઓર એ લગીર— „
લગની **રહેવા-રહાવાની, વિભુનાં ગીતડાં ગાવાની**
લાગે તો **આવજો** લગીર— „

---

# स्वीकार अने समालोचना.

**દ્વાદશ વ્રત પૂજા**—( શ્રી **વીર**વિજયજીકૃત–અનુવાદક **ફત્તેહચંદ ઝવેરભાઈ શાહ.)** પ્રકાશક. સ્વ. ઝવેરભાઈના પુત્રો, **આનંદ** પ્રેસ, **ભાવનગર.** પૃ. ૭૨ કિંમત અમૂલ્ય )

જૈન ગુજરાતી સાહિત્યમાં પ્રભુપૂજા નિમિત્તે છેલ્લા બે ત્રણ સૈકામાં થયેલ આપણા પૂર્વાચાર્યોએ રચેલ ‘ પૂજાઓ ’ સારૂં કાવ્યત્વ અર્પી ઉંચો ભાગ ભજવે છે, તેમજ આવી ‘ પૂજાઓ ’ સંગીત સાથે ભાવપૂર્વક ગાવામાં આવે છે તેથી હૃદય ઉલ્લાસમાન થાય છે, તદુપરાંત તેમાં રહેલ ઉચ્ચ અર્થ, હેતુસહિત સમજવામાં આવે તો પરિણામની વિશુદ્ધતા, અને પ્રબલ ઉલ્લાસવેગ પ્રકટે છે એમાં શક નથી. આ પૂજાઓ એવી રચના છે કે તેમાં પ્રભુપૂજા સાથે અંતર્ગત હેતુ ભિન્ન હોય છે. જેવી રીતે દ્વાદશવ્રત પૂજા. તેમાં પૂજાતરીકે જુદું નામ હોય છે, અને પછી તેમાં વ્રતનું નિરૂપણ કરેલું હોય છે; અને તે આવીરીતે ચતુર્થવ્રતે પંચમદીપક પૂજા. તેમાં દીપકપૂજાનો સંબંધ ચતુર્થવ્રત સાથે બતાવે છે:–

ચોથુંવ્રત હવે વરણવું, દીપક સમ જસ જ્યોત
કેવલ દીપક કારણે, દીપકનો ઉદ્યોત.

—હવે ક્રમે ચોથું વ્રત વર્ણવુંછું. અ વ્રતનો પ્રકાશ દીપક સમાન છે, કારણકે આ દ્રવ્યદીપકને કેવલજ્ઞાન રૂપી ભાવદીપકને અર્થે પ્રકટ કરવા માટે છે. પછી ચતુર્થવ્રતનું વર્ણન કરે છે:—

એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે, એ વ્રત જગમાં દીવો–ઈત્યાદિ

આવીરીતે અંતર્ગત અર્થ હેતુ, ભાવાર્થ, અને વિવેચન સહિત જાણી, હૃદયમાં લાવી સારા ઉત્સવો પ્રસંગે સંગીતનાં સાધનો વડે સુંદર રાગ રાગણીમાં દેવમંદિરે પ્રભુની મૂર્તિ

---

* પેલે તીર=જગતની જંજાળથી દૂર. કવિનો આશય એમ જણાય છે કે, સંતો–સાધુઓ માટે દુનીઆ અને તેની જંજાળ કામની નથી, આ દુનીઆની ‘ પેલે તીર ’ તેઓએ વસવું જોઇએ. અને ત્યાં રહ્યાં રહ્યાં દુનીઆનાં દુઃખોનો ભાગ પડાવવામાં, બીજાથી થતાં પોતા ઉપરનાં દુઃખો સહવામાં અને પરમાત્માનાં ગુણગ્રામ ગાવામાં જ આનંદ માનવો જોઇએ. જાહેરાત કે પ્રસિદ્ધિ, વાહવાહ, માન, જંજાળ, ખટપટ, ઉપાધિ અને ચિંતાઓથી તેમણે વેગળા રહેવું જોઇએ.

સમક્ષ પ્રભુની પૂજા કરવા સાથે આ રચનાઓ ગાવામાં આવે તો તલ્લીનતા વિશેષ પ્રકટે છે, એમાં શક નથી.

આ પરથી જણાશે કે જે જે પૂજાઓ છે તેમાં રહેલ અર્થ વિવેચન સહિત સમજાવવાની ઘણી જરૂર છે. પૂજા ભણાવવામાં લોકો બહુ તત્પર છે, પરંતુ ખરીરીતે તેમ કરવામાં જેટલી તત્પરતા અને પ્રીતિ લેવામાં આવે છે તેના કરતાં વધુ તત્પરતા અને પ્રીતિ તેની સાથે તે સમજવામાં દાખવવી જોઇએ. અત્યાર સુધીમાં આવી પૂજાઓના અર્થ સમજાવવાનો પ્રયાસ સ્વ. **મોહનલાલ અમરશીએ** પ્રસિદ્ધ વક્તા મુનિમહારાજશ્રી **ચારિત્રવિજયજીની** સહાયતાથી શ્રી **વીરવિજયજી** કૃત ચોસઠ પ્રકારી પૂજા ( કર્મપ્રકૃતિગર્ભિત )-નો અમુકભાગ વિવેચન સહિત પ્રકટ કરવારૂપે હતો, **અને** બીજો પ્રયાસ આ છે. આમાં વિવેચન યથાસ્થિત કર્યું નથી, પરંતુ અર્થ સારીરીતે પૂરેલ છે, અને જે જે કથાઓનો ઉલ્લેખ આપ્યો છે તેતે કથાનું ટુંક વર્ણન પણ આપેલ છે. હજુ પણ આમાં વિશેષ સ્ફૂટ વિવેચનની જરૂર છે, છતાં આ પ્રયાસ પ્રથમ હોઈ અભિનંદનીય છે.

આવી કૃતિઓ પુત્રો પોતાના સ્વ૦ પિતાના સ્મરણાર્થે કાઢે એ પણ ઓછું સ્તુતિપાત્ર નથી. પિતા પાછળ ખર્ચ આદિ કરવા કરતાં હાલના જમાનામાં જ્ઞાનનો પ્રભાવ કરવાની પદ્ધતિ ખાસ અનુકરણીય છે. આ ગ્રંથની કિંમત રાખી નથી એજ સૂચવે છે કે ઉદ્દેશ જ્ઞાનનો પ્રચાર છે. અંતે આવા પ્રયાસો વધુ વધુ થાય ( અમને ખબર છે ત્યાંસુધીમાં પ્રસિદ્ધ વક્તા મુનિશ્રી **ચારિત્રવિજયજી** પૂજા અર્થ સાથે પ્રકટ કરાવનાર છે ) એમ અમે ઇચ્છીએ છીએ, અને લોકો આવી કૃતિઓને સપ્રેમ આદર આપશે એવી વાંછા છે.

**જૈન સંગીત રાગ માળા**-( પ્રસિદ્ધકર્તા માંગરોળ જૈન સંગીત મંડળી. સંવત ૧૯૫૧. કિંમત રૂ. ૧-૪-૦ ) હાલની મુંબઇ માંગરોલ જૈન સભાનું પ્રથમ સ્વરૂપ માંગરોલ જૈન સંગીત મંડળી હતું. તેણે પ્રથમ પ્રભુનાં સ્તવનો ગાવાં, સુંદર રાગ રાગણીથી તલ્લીનતા લેવી એ ઉદ્દેશ રાખી કામ આરંભ્યું, અને તેના ફળ તરીકે આ પુસ્તક તૈયાર થયું છે. આમાં આ મંડળીમાં ભાગ લેનારાએ પોતે કરેલ નવીન સ્તવનો હાલના નવા રાગમાં ગોઠવીને બનાવ્યા અને તેની સાથે પૂર્વાચાર્યોકૃત ઉત્તમ ભાવનામય ગેયસ્તવનો દાખલ કર્યા. પ્રાચીન સ્તવનોની ચુંટણી ઘણી સારી થઇ છે અને શુદ્ધતા ઠીકરીતે સચવાઇ છે. એકંદરે પુસ્તક સારૂં છે અને ઘરમાં રાખવા જેવું છે. બુકસેલર **મેઘજી હીરજીએ** આનો સર્વ હક્ક લઇ કિંમત પણ ઓછી રાખી છે, તે સારૂં કર્યું છે. તેની પાસેથી આ પુસ્તક મળી શકશે.

**જૈન શ્રેયસ્કરમંડળ સં. ૧૯૬૬-૬૭**—આ ખાતું સંવત ૧૯૬૦ના આસો માસમાં સ્થાપિત થયું છે. તેથી આ રીપોર્ટ કેટલામો છે તે જણાવ્યું નથી છતાં છઠ્ઠો-સાતમો હશે એમ જણાય છે. તેમાં મુખ્ય ચાર ઉદ્દેશ છે. ૧ જ્ઞાન વૃદ્ધિ ૨ તીર્થ-મંદિરો સંબંધી ૩ આણંદજી કલ્યાણજી પેઢી સંબંધે ૪ જૈનકૉન્ફરન્સે કરવા ધારેલાં કામો પૈકી બની શકે તેટલાં કામો માટે બનતો પ્રયાસ કરવો. આ ચાર ઉદ્દેશનેજ અંગે-તેબર લાવવા-સર્વ કાર્યની વ્યવસ્થા જોઇએ, છતાં કેટલાંક ખાતાં આમાંનાં કયા ઉદ્દેશમાં આવે છે તેસમજી શકાતું નથીઃ-જેમકે જૈનદવાખાનું, શ્રી સિદ્ધાચળજીની ભકિત-ફૂલધૂપખાતું. આ પરથી અમે એકાંતે કહેવા માંગતા નથી કે આ ખાતાં ઓછાં ઉપયોગી છે. જીવદયાખાતાને કદાચ **ચોથા** ઉદ્દેશ-કૉન્ફરન્સના કામમાં લઇ જઇ શકાય. તો અમે આ મંડળના મહેનતુ સેક્રેટરી શેઠ **વેણીચંદ સુરચંદ** ઉદ્દેશવાર દરેક

ખાતાં પાડી હવે પછી પ્રકટ કરશે, એમ ઇચ્છીએ છીએ. **વેણીચંદભાઇ** શેઠે આ મંડળ માટે અત્યારસુધીમાં સતત પરિશ્રમ, સહનશીલતા, અને નિપુણતા દાખવી પોણાલાખ ઉપરની ગંજાવર રકમ એકઠી કરી છે, તેમાટે તેમને મોટો ધન્યવાદ ઘટે છે.

આમાં દરેક ખાતાનો હિસાબ જુદો જુદો આપ્યો છે તે ગણતાં લગભગ ૩૦ થાય છે. તો આટલાં બધાં ખાતાં શામાટે જોઇએ એમ કેટલાકને પ્રશ્ન થાય છે. અસ્તુ. આ ખાતાં નીચે ખાસ બે મહાન અને ઉપયોગી સંસ્થા છે, તેમાં એકનું નામ **જૈન**કેળવણી ખાતું છે અને બીજીનું નામ **મહેસાણા યશો**વિજયજી પાઠશાળા છે. આ દરેકનો રિપોર્ટ જૂદો પડેછે એ ખુશી થવા જેવુંછે. આ ખાતાનો અભ્યુદય અમે ઇચ્છીએ છીએ, અને સાથે ઇચ્છીએ છીએ કે ઉદ્દેશ બરાબર અંતઃકરણમાં રાખી, ન્યાય, નીતિ, સત્ય, પ્રમાણિકપણું, અને જ્ઞાન કે જે પ્રાણીના ઉદયના હેતુછે તે સર્વને અમલમાં લાવવા વિશેષ વિશેષ પ્રયત્ન કરી, જૈનોમાં સ્વાતંત્ર્ય, ખરૂં શિક્ષણ, અને કર્મયોગ વિશાળ પ્રમાણમાં પ્રસરાવશે.

**જૈન કેળવણી ખાતું** (જૈન શ્રે. મંડળ નીચેનું) સં. ૧૯૬૬-૬૭ પાંચમો રિપોર્ટ.

આ સંસ્થાને ખીલવી યથારૂપ સ્વરૂપમાં મૂકાય તો ઘણું સંગીન અને ભવ્ય કાર્ય કરી શકે તેમ છે. ઉદ્દેશ 'સમગ્ર હિંદની જૈન પ્રજામાં ધાર્મિક જ્ઞાનનો બહોળો પ્રચાર કરવાનો અને તે વડે શાસનનો ઉદય અને અનેક આત્માઓનું કલ્યાણ સાધવાનો'-મહાન્ છે, તો તે પાર પાડવા મહાન્ અને કાર્યસાધક યોજના કરવી ઘટે છે.

આનો કાર્યક્રમ બે વિભાગમાં છે- ૧ તો પાઠશાળાઓને મદદ કરવી, અને નવી સ્થપાવવી. આ માટે જૈન કોન્ફરન્સ તરફથી સહાય અપાતી પાઠશાળાઓને મદદ આપવાનું આ ખાતાએ માથે લીધેલ છે તેથી આ ખાતાએ ઘણો ઉપકાર કર્યો છે. ૨ પરીક્ષકો દર-માથે રાખી તે દ્વારા તેનું સર્વ કાર્ય અમલમાં મૂકાવવું. આ અંગે બીજી પણ વ્યવસ્થા- માસ્તર વિદ્યાર્થીઓને ઇનામ આપવાની, દરેકનાં પત્રકો મંગાવવાની, પુસ્તકો ભેટ આપ-વાની અને વાંચનશાળા લાયબ્રેરી આદિ કરાવવાની-સારી રાખેલ છે.

આને માટે અમે નમ્રપણે સૂચવીશું કે જ્યાં સુધી દરેક પાઠશાળામાં અમુક ધાર્મિક ક્રમ **એકજરીતે** નિર્ણીત થયો નથી, ત્યાં સુધી એક સરખી સરલ વ્યવસ્થા થઇ શકે તેમ નથી. આ ક્રમ માટે કોન્ફરન્સે જે ઘણી મહેનતથી અનુભવપૂર્વક, હાલ મળતાં સાધનોની દૃષ્ટિએ અભ્યાસક્રમ ગોઠવેલ છે તે ખાસ મનનીય, અનુકરણીય છે. આ ક્રમ ગોઠવી તેને અમલમાં લાવવા માટે એવો ઠરાવ રાખી શકાય કે દરેકનો અભ્યાસક્રમ મેળવી તેમાં પોતે સુચવેલા ક્રમ પ્રમાણે અમલ થાય તોજ તે શાળાને સહાય આપવી. આમ થયે શિક્ષણ-ક્રમનાં પુસ્તકો સર્વ શાળામાં એકજ નિર્ણીત થશે તેથી એક ગામથી બીજે ગામ જનાર વિદ્યાર્થીઓ તે બીજા ગામની શાળાનો લાભ સગવડતાથી લઇ શકશે, શિક્ષકો તે ક્રમનું બરાબર પઠન કરી તેમાંના કઠિન પ્રશ્નોનું નિરાકરણ બીજા ગામના ધર્મશિક્ષકો તરફથી મેળવી શકશે, તેથી વિષય સારી રીતે છણાશે, તે અંગે ધર્મશિક્ષક પરિષદ્ પણ ભરી શકાશે, અને એક '**જૈન** શાળાપત્ર' જેવું માસિક પણ કહાડી શકાશે, પરીક્ષકોને કેવીરીતે પરીક્ષા લેવી તેમાં સારી રીતે પળોટાશે, અને આવા આવા અનેક લાભવાળી બીજી યો-જનાઓ પણ ઘડી શકાશે. અત્યાર સુધીમાં આવો ક્રમ ન હોવાથી સદ્ગત **અમરચંદ તલક-**ચંદના સ્મરણાર્થે તેમના સુપુત્ર શેઠ **હેમ**ચંદભાઇએ દરવર્ષે ૫૦૦ રૂ૦ આપી પાંચ વર્ષ સુધી કાઢેલી ધાર્મિક પરીક્ષા જેવી જોઇએ તેવી ફત્તેહ પામી નથી. અલબત તે યોજનાએ એટલો

બધો લાભ કર્યો છે કે તેની અસર સમાજમાં ઘણી ઉંડી થઈ છે, અને તે યોજના તળે નિર્ણીત થયેલો ઉદાર અભ્યાસક્રમ પણ, ધાર્મિક અભ્યાસક્રમ એક હોવો જોઇએ એવી જરૂર પાડતો જણાય છે.

ધર્મનું શિક્ષણ યથાયોગ્યરીતે શક્ય થઇ શકે તે માટે બે જ બાબતોની ખાસ જરૂર છે. ૧. શિક્ષણક્રમનાં પૂરતાં પુસ્તકો ૨ તેનું શિક્ષણ આપવાને પધ્ધતિપુરઃસર કેળવણી પામેલા શિક્ષકો. આ બંને જ્યાં સુધી તૈયાર થયેલ નથી ત્યાં સુધી ખરેખર યોગ્ય કાર્યદિશા સાંપડવાની નથી. આપણી સમાજમાં અનેક વિદ્વાનો હોવા છતાં હજુ સુધી વાંચનમાળા તૈયાર થઈ નથી એ યોગ્ય નથી.

શ્રેયસ્કર મંડળે શિક્ષણોપયોગી પુસ્તકો બેચાર બહાર પડાવવાનો યથામતિ પ્રયાસ કરાવેલો છે, કે જે વિષે અમે પછી બોલીશું; અને શિક્ષકો તૈયાર કરવા માટે મહેસાણામાં શ્રીયશોવિજયજી પાઠશાળા સ્થાપી છે, કે જેનો રિપોર્ટ જુદો છપાવ્યો છે. આ કેળવણી ખાતામાં ત્રણ પેટા ખાતાં છે–૧ જૈન કેળવણી ખાતું કે જેમાં નોકરોના પગાર માટે આખા ખર્ચના અર્ધા કરતાં ઉપરાંત રકમ ખરચાઇ છે, ૨ જૈનશાળાઓને મદદ આપવા ખાતું– આ ખાતું ખરેખર સ્તુત્ય છે. 'નહિ કરતાં થોડું સારૂં' એ ન્યાયે દરેક પાઠશાળાને પોષી સહાય આપી નિભાવવા જેવું છે. ૩ જૈન સૂક્ષ્મતત્ત્વ બોધ પ્રકરણાદિ પાઠશાળા ખાતું–આ શાળા પાલીતાણામાં કાઢી છે. આમાં પ્રકરણ ગ્રંથોનું અધ્યયન સૂક્ષ્મતાથી કરાવવાનો ઉદ્દેશ છે, તો તેને અંગે તે ગ્રંથોપર સ્ફુટ અને સૂક્ષ્મ વિવેચન અને સમજપૂર્વક પ્રકાશ પાડી નવીન સ્વરૂપમાં પ્રકરણાદિ પ્રકટ થશે એવી આશા રહે છે. આ ઉપરથી પરીક્ષકો (કેટલા રાખ્યા છે તે રિપોર્ટ પરથી જણાતું નથી) ને પ્રવાસપર મોકલી શાળાની તપાસણી આદિ ખાતાંનું કાર્ય, તદુપરાંત સાર્વજનિક શુભ કામમાં મદદ, વગેરે કાર્ય સારૂં બજાવ્યું છે.

# कॉन्फरन्सना उपदेशकोए बजावेलुं कामकाज.

શ્રીમતી શ્વે. કૉન્ફરન્સ ઑફિસનું મીશન ફતેહમંદથી આગળ વધે એટલા માટે તે ઑફિસ તરફથી ઉપદેશકોને ગામે ગામ ફરતા રાખવામાં આવે છે. ઉપદેશકોની પોતાની કાર્યદક્ષતા, અનુભવ, ખંતીલાપણું અને મીઠી વાણી ઉપર જ ઘણીખરી ફતેહ આધાર રાખે એ ખરૂં છે (અને એટલા માટે ઉપદેશકોને સલાહ રૂપે એક લેખ આવતા અંકમાં આપવા ઇચ્છયું છે,) તથાપિ એક હાથે તાળી નહિ પડી શકતી હોવાથી, દરેક ગામના જૈન ભાઇઓને અરજ કરવાની જરૂર રહે છે કે, તેઓએ આવા ઉપદેશકોને દરેક સગવડ કરી આપવા અને કૉન્ફરન્સના કામમાં દરેક મદદ કરવા કૃપા કરવી.

ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદે કરેલા કામકાજનો ટુંક રિપોર્ટ નીચે મુજબ છેઃ–

**દોલારાણાના વાસણા** (૩–૩–૧૩)–રૂ. ૧૨) મનીઑર્ડરથી મોકલાવ્યા. જાહેર ભાષણ કર્યું જેથી કેટલાકોએ કન્યાવિક્રય ન કરવા અને બીડીનું વ્યસન છોડવા એવા નિયમો કર્યા

**પીપળજ**—રૂ. ૧૦ મોકલાવ્યા. જાહેર ભાષણથી કેટલાક ગરાસીઆઓએ હિંસા કરવી છોડી.

**રણુજ**—જાહેર ભાષણમાં ૮૦૦ માણસો હાજરી આપતા. સ્ત્રીઓએ ફટાણાં ગાવાં છોડી દીધાં. અહાઇમાં ન્હાવા ધોવાનું બંધ કરવામાં આવ્યું. જંગલમાં છાણ લેવાનું બંધ કરવામાં આવ્યું.

[ બાકી આવતા અંકમાં.

# चर्चापत्र.

## श्री तारंगाजी तीर्थ.

જયજીનેંદ્ર સાથે લખવાનું કે શ્રી તારંગાજી તીર્થના સંબંધમાં નીચેની હકીકતની જરૂર છે.

૧ શ્રી તારંગાજી તીર્થની ઉપરના શિલાલેખોના સંબંધમાં આપ કંઇ જાણતા હો અથવા આપના કોઇ મિત્રવર્ગને તે સંબંધીની માહિતી હોય તે લખી મોકલાવશોજી; કારણકે તે બાબતની હાલમાં અત્યંત આવશ્યક્તા છે.

૨ સદરહુ શિલાલેખોનું ગુજરાતી અગર ઇંગ્રેજી ભાષામાં ભાષાંતર થયેલ હોય તો તે ભાષાંતર કયા કયા પુસ્તકોમાં છે તેના નામ લખી જણાવશો અથવા આપની પાસે તેવા ભાષાંતર હોય તો તે કૃપા કરી તુરત મોકલી આપશો.

૩ શ્રી તારંગાજી તીર્થ સંબંધી વર્ણન અગર પુરાણી ઇતિહાસિક હકીકત જે જે ઇંગ્રેજી તેમજ ગુજરાતી ગ્રંથોમાં હોવાનું આપના જાણવામાં હોય તે ગ્રંથોનાં નામો લખી જણાવશો.

૪ બરજેસ–ફ્રિટો–ટૉડ વિગેરે એન્ટીકવેરીયન–રીસાર્ચિઝનાં બનાવેલાં કોઇ પુસ્તકોમાં તારંગાજી સંબંધી હકીકત હોવાનું આપના જાણવામાં હોય તો તે લખી જણાવશો.

૫ આ ઉપરાંત જે કંઇ વિશેષ સૂચનાઓ–સદરહુ તીર્થની ઐતિહાસિક ઉપયોગિતા દર્શાવનારી કરવાની હોય તે આપને યોગ્ય જણાય તે પણ લખી જણાવશો*

**ઝવેરી મોહનલાલ મગનલાલ**
**અમદાવાદ**—રતનપોળ

# માસિક દિગ્દર્શન.

**શ્રીમદ્ જ્ઞાનસારજી**—અમે ગત પર્યૂષણ અંકના પૃ. ૩૪૩ માં આ મહાત્મા સંબંધી ઓળખ આપી હતી. આ ઉપરાંત વિશેષ હકીકત 'બુદ્ધિપ્રભા' માસિક જાન્યુ. ફેબ્રુ. ૧૨ ના અંકમાં નીચે મુજબ જણાવે છે કે " તેઓ આત્મપ્રબોધના કર્તા ખરતર જિનલાભસૂરિ કે જેની પાસે જયપુરના રાજાના પ્રધાનના પુત્ર નારણચંદ્રજીએ દીક્ષા લીધી હતી તેના શિષ્ય હતા. જન્મ સં. ૧૮૦૧ માં અને સ્વર્ગવાસ સં. ૧૮૯૮ માં થયેલ છે. મૂળ વૈષ્ણવ હતા, તેમાંથી વૈષ્ણવ સંન્યાસી બન્યા, પછી ઉક્તસૂરિના ઉપદેશથી તેમના શિષ્ય થયા.

* આવી રીતે દરેક તીર્થના સંબંધમાં અજવાળું પાડનાર બાબતો સવિગત જણાવવામાં આવશે તો તેને અગ્રસ્થાન આપવામાં આવશે, એટલુંજ નહિ પરન્તુ દરેક મહાન્ તીર્થની યાત્રાએ જતાં ઉપયોગી હકીકતો તુરત વર્ણન સાથે મોકલવામાં આવશે તે પણ અમે સુખેથી પ્રકટ કરીશું.—**તંત્રી.**

કિશનગઢમાં ચોમાસાં કર્યાં હતાં. ત્યાંના ઉપાશ્રયમાં ભૂતનો વાસો હોવાથી કોઇ સાધુ ઉતરતા ન હતા. આ પ્રતાપી મુનિ શ્રાવકોએ ના પાડવા છતાં ત્યાં ઉતર્યા, અને રાત્રે તે ઉપદ્રવ શમાવ્યો. જાતે ગોચરી જતા, અને તે પણ દિવસમાં એકજ વખત. તેમને પાર્શ્વયક્ષ પ્રત્યક્ષ હતો. આમના વખતમાં વિકાનેરના રાજા રત્નસિંહ હતા, અને તેના દેશપર નજીક રહેતા રાટ લોક બહુ ધાડ પાડતા હતા. રાજાએ આ મુનિશ્રીને વિનંતિ કરતાં નવપદની આરાધનાથી તે દૂર થાય તેમ જણાવ્યું. પછી હ્રીંકારનું ત્રિરેખાવાળું મંડળ કરાવી તેને પૂજવાની વિધિ જે કહી તે રાજાએ કરતાં રાટ લોકોથી શાંતિ થઇ. તે રાજાએ મુનિબોધથી દશરાને દિવસે પાડાના વધનો રિવાજ બંધ કર્યો અને શાંતિસ્નાત્ર ભણ્યું, અને તેમાં રાજાએ પોતે અભિષેક કર્યો. પોતે વિકાનેરના સ્મશાનમાં રહેતા હતા. પાર્શ્વચંદ્ર ગચ્છનાં તે વખતના સૂરિ કે જે જગત્ શેઠ [કે જેનો ઇતિહાસ આ પત્રના જાન્યુઆરીના અંકથી આવે છે તે] ના ગુરૂ થતા હતા તે એક વખતે વિકાનેરમાં આવ્યા. તેની પાસે લીલા પાનાનો બાજઠ છે એમ કોઇએ રાજાને કહ્યું, તેથી ગુરૂને બોલાવી રાજાએ તેની માંગણી કરી. તે સૂરિએ પોતાની પાસે તેવો બાજઠ નથી એમ જણાવતાં રાજાએ તેમને કેદ કર્યા. બીજા યતિઓ અને શ્રાવકોએ રાજાને ઘણું વિનવ્યું, છતાં તેણે માન્યું નહિ. પછી સ્મશાનમાં જ્ઞાનસારજી હતા તેને ખબર આપતાં તે રાજા પાસે ગયા. રાજાપર તેમનો ઉપકાર હતો તેથી સામો આવી તેમને પગે પડયો અને આવાગમનનું કારણ પૂછતાં જ્ઞાનસારજી બોલ્યા 'અબ કાટ્યો આકાશ, કહો કારી કિણવિધ લગે; પ્રગટ ભિક્ષારિ પાસ, નરપતિ નીચે નારણાં' રાજા શરમાઇ ગયો, અને પાર્શ્વચંદ્ર ગચ્છના સૂરિને છોડી મૂકયા અને ક્ષમા માગી. આ મહાત્માને આ સિવાય ઘણા ઘણા રાજાઓ માન આપતા હતા. જ્ઞાનસારજીનાં પ્રકટ પુસ્તકો સિવાય તેમણે આનંદઘનજીની બહોતેરીનાં ચાલીશ પદોપર ટબો-બાલાવબોધ લખ્યો છે અને તેની પ્રત મોટી મારવાડમાં જયતારણ ગામમાં છે એમ મુનિશ્રી કૃપાચંદજીનું કહેવું છે."

આના લખનાર મુનિમહારાજશ્રી બુદ્ધિસાગરજી છે કે જે ઇતિહાસનો સારો શોખ ધરાવે છે એ જાણી આનંદ થાય છે. તેઓ આવી નોંધ હકીકત લખતાં પ્રમાણ—કયાંથી અમુક વાત મેળવી શકયા છે એ—જણાવવાનું લક્ષમાં રાખે તો વિશેષ અજવાળું નાંખી શકે તેમ છે, તો તેમ કરવા અમારી વિનંતિ છે.—**તંત્રી.**

**પૂજ્યપાદ પંન્યાસ શ્રી ગંભીરવિજયનું આંતરિક જીવન**—(૧) નાની ઉમરે યતિપણું સ્વીકાર્યા પછી તે ઉપાધિમય લાગતાં પોરબંદરમાં સ્વતઃ મુનિપણું સ્વીકાર્યું. (સ્વયંબુદ્ધ. આ પરથી આભ્યંતર વૈરાગ્ય સુસ્પષ્ટ છે, કારણ કે તે વખતે યતિપણાનું માન સન્માન, ગુરૂભાવે માનવું વગેરે બધું હતું.) ૨. શાસ્ત્રાનુસાર ગુરૂસ્વીકાર અને છેદોપસ્થાપનીય ચારિત્ર ગ્રહણ આવશ્યક લાગતાં અમદાવાદ યોગોદ્વહન કરી શ્રીમાન્ વૃદ્ધિચંદ્રજીના શિષ્ય થયા. આપરથી તેમની લઘુતા જણાય છે; કારણ કે મોટી ઉમર, ગીતાર્થતા, અને ઘણા વખત સુધી યતિપણું પાળ્યા છતાં શિષ્ય બન્યા. ૩. કચ્છમાં પછી એકલવિહારી તરીકે વિચર્યા. તે વખતે મુખે મુહપત્તિ બાંધી વ્યાખ્યાન કરવામાં તેમની શ્રદ્ધા હતી કારણ કે તે સશાસ્ત્ર છે એમ તેઓ માનતા. પછી વિશેષ સમજાતાં તેમ કરતાં અટક્યા હતા. ૪ પછી કેટલાક શિષ્યો કર્યા, તેમાંના એક બે પાછા ગૃહવાસી થતાં શિષ્યોપણા વિડંબનારૂપ લાગી

એટલે પોતાના એક કલ્યાણવિજયજી નામના વિનીત શિષ્યને પાત્રાદિ સોંપી એકલા વનવાસી થયા. ઘણો વખત લોટ કે છાશ કે જે આવતું મળે તેથી નિર્વાહ કર્યો. પછી શરીરસંપત્તિ બગડી, ચારે તરફથી શોધખોળ થઈ. આવા કેટલાક સંજોગોને લઈ ગ્રામવાસી થયા. આ પરથી તેઓ કેવા ઉદાસીન વૃત્તિના હતા અને ઉપાધિને કેટલી બધી દુઃખમય માનતા તે ૩-૪ સમજાય છે. ૫ પછી કેટલાક કૌટુંબિકોને દીક્ષા આપી અને તે ફક્ત ઉપકારને અર્થે-તેઓ પ્રત્યે સંસારવાસના નહિ રાખતાં તેઓપર પક્ષપાત કે મમત્વ દર્શાવ્યું નથી. આ નિર્મળતા અને નિર્મોહ દશા સૂચવે છે. ૬ પછી શ્રીમદ્ વૃદ્ધિચંદ્રજી ગુરૂની આજ્ઞાથી **गुरोराज्ञा बलीयसी** સૂત્રાનુસાર તેમજ તે ગુરૂશ્રીની શરીરશિથિલતા થતાં પદવીનું ગ્રહણ ન થાય તો સાધુસમૂહ વિખરાશે એમ ધારી પંન્યાસ પદવી સ્વીકારી ૬ ગુરૂના સ્વર્ગગમન પછી અનેક ઉત્પાતોની ઉત્પત્તિમાં અત્યાર સુધી ગંભીરતા, શાંતિ જ પકડી આત્મ કલ્યાણમાં મન પરોવ્યું.

# श्री जैन श्वेतांबर कॉन्फरन्स वर्तमान.

## १ श्री सुकृत भंडार फंड.

**(સં. ૧૯૬૯ના માહા વદ ૯ થી વૈશાખ વદ ૧૧, તા. ૧--૩--૧૩ થી ૩૧--૫--૧૩)**

ગયા માસ આખરના વસુલ રૂ. ૬૦૪-૧૨-૦

**ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદ.**

પીપળાજ ૧૦, રણુજ ૧૨, વસઇ ૩ા, દોલારાણાના વાસણા ૧૨, માણેકપુર ૧૦, મણુંદ ૨૨ાા, શંખારી ૮ા, જાખાણા ૬ા, કુણઘાર ૭ા, માલણ ૨૬ા, અડીઆ ૧૪ા, જમનાપુર ૧૦, કંબોઈ ૧ાા, બોતરવાડા ૭ા, જુનામાંકા ૧, સરેલ ૧, વાંસા ૬ા, સાકરા ૯, ધારણોજ પાા, દુનાવાડા ૧૫ા, ગોલીવાડા ૧ા, ઉંદરા ૧૦ા, સાંપરા ૧, આંગણવાડા ૨ાા, કસારા ૧, નેસડા ૦ાા, નાથપુરા ૮ા, રાજપુર ૨, દીઓદર, ૪ાા, વખા ૧, રૈયા ૪ાા. કુલ રૂ. ૨૨૮-૦-૦

**ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદ.**—પાલનપુર ઇલાકો.

જસલોણી ૬ાા, વગદા ૪ાા, ધોતાસકલાણા ૧૬ા, વડવાડીઆ ૧ાા, ફેચોડ ૫, ચાણસમા ૧૫, ઇડર ૫), * પીલુચા ૧૨૫, પીપળીભાગલ ૧૭ા, ગોળા ૧૭ાા, ભાગલ પીપળી ૧૭ાા, વડગામ ૨૦ા, ભાંગરોડા ૨ા, મગરવાડા ૧૨ાા. કુલ રૂ. ૩૬૬-૦-૦

**ઉપદેશક મી. અમૃતલાલ વાડીલાલ.**—સુરત જીલ્લો.

સરભોણ ૧૫, અંભેટી ૧૪, પુણી ૧૬ાા, મલેકપોર ૪, ઇના ૮, મંચર ૫૧, શીનોલી ૨૨ાા.
કુલ રૂ. ૧૩૧-૦-૦

**આગેવાનોએ પોતાની** મેળે મોકલાવ્યાઃ- કુલ રૂ ૧૦-૦-૦

ચાંદુરબજાર ૧૦ એકંદર રૂ, ૧૨૪૦-૪-૦

*પીલુચાના શેઠ **રવચંદ ભાઇચંદે** શ્રી કેશરીઆજીનો સંઘ કહાડી મુનિમહારાજનાં બે અને સાધ્વીજીનાં ૨૩ ઠાણાં સાથે આશરે ૭૦૦ માણસોને ઘણાજ પ્રેમપૂર્વક યાત્રા કરાવી છે. તેઓશ્રીએ આવાં ઉત્તમ કાર્યોમાં ઘણો પૈસો વાપરી આ ફંડને પણ રૂ. ૧૨૫)ની રકમ નવાજેશ કરી છે. તે ખાતે તેમને ખરા અંતઃકરણથી ધન્યવાદ આપવામાં આવે છે. સદરહુ

સંઘમાં ડુમેરાવાળા શેઠ સ્વરૂપચંદ ગોવીંદજીએ ઘણો આગળ પડતો ભાગ લીધો હતો તેથી તેઓને પણ શાબાશી ઘટે છે. વળી મુંબઈના શેઠ **કંકુચંદ મુળચંદે** મંચરમાં પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પ્રાંતિક સભા ભરી આ ફંડમાં રૂ. ૫૧) ની રકમ આપી છે. આવી રીતે દરેક જૈન બંધુઓ દરેક શુભ કાર્યોમાં પોતાના દ્રવ્યનો સદુપયોગ કરી આ ફંડને પણ ધ્યાનમાં રાખશો એમ અમો અંતઃકરણથી ઇચ્છીએ છીએ.

# जैनसमाचार.

**એક આગેવાન જૈન ગૃહસ્થનું મરણ**—કાઠીઆવાડના સાયલા ગામના રહેવાશી અને કરાંચીના આગેવાન શ્રીમંત કુટુંબ કે જે કાળા ગલાના નામથી ઓળખાય છે તેના શેઠ **સોમચંદ** કાળા ગઇ તા. ૨૮ મી એ કરાંચીમાં એકાએક હૃદય બંધ પડવાથી સ્વર્ગવાસ પામ્યા છે. મર્હુમ એક જૈન શાસનની ઉન્નતિકારક, વ્યવહારકુશલ અને ધર્મીષ્ટ પુરૂષ હતા. તેમણે અનેક સખાવતો કુટુંબ તરફથી કરાવવામાં ભાગ આપ્યો છે અને સ્વધર્મીઓને આગળ ચડાવવામાં, મદદ કરવામાં અને આદરસત્કાર કરવામાં જે હૃદયબળ બતાવ્યું છે તે તેમના સંબંધમાં આવેલ દરેક ગૃહસ્થ મુક્તકંઠે સ્વીકારે છે. પ્રભુ ! તેમના આત્માને શાંતિ અર્પો એમ હૃદયપૂર્વક અમે પ્રાર્થીએ છીએ.

**તેમનું સ્મારક કરવા માટે તુરત પગલાં ભરવાની જરૂર**:—આ સંબંધમાં એક ખબરપત્રી જણાવે છે કે:—શેઠ કાળા ગલાની પેઢી અને તેનું કુટુંબ કરાંચીમાં એક ધનાઢ્ય કુટુંબ છે અને દરેક ધાર્મિક કાર્યમાં ભાગ લે છે, આથી તેમને ઘણો ધન્યવાદ ઘટે છે. હવે તેમણે પોતાના કુટુંબીજન અને આગેવાન ધાર્મિક પુરૂષના સ્મારકને ગતિમાં મૂકવાને ખાસ પ્રયત્ન કરવો જોઇએ છે. કરાંચીમાં કાઠિયાવાડ ગુજરાત અને કચ્છ દેશના દેરાવાસી તેમજ સ્થાનકવાસી મળી ૧૫૦૦ માણસ કરતાં વધારે વસ્તી છે. વળી તે વેપારનું સારૂં મથક હોવાથી ઘણા સ્વધર્મી બંધુઓની રોજગારીનું સાધન પૂરૂં પાડે છે, અને તેથી ઘણા લલચાઇ ત્યાં આવે છે. કેટલાક બીચારા વગ વસીલા વગર બીનરોજગારી માલુમ પડે છે અને કેટલાકને ટુંક પગારમાં પોતાના કુટુંબનું પોષણ કરવાનું બહુ મુશ્કેલ થઇ પડે છે, તેથી કેટલાકને કરજમાં ડુબવું પડે છે, કેટલાકને દેશમાં ચાલ્યા જવું પડે છે, કેટલાકને રોગ, ચિંતા વગેરેને વશ થવું પડે છે. આવા ગરીબ, રોગી, અનાથ ભાઇઓને મદદ કરવા માટે એકપણ ફંડ કરાંચીમાં નથી, તો પછી તેમના બાળકોને વિદ્યા આપવા માટે ક્યાંથીજ ફંડ હોય ?

આવાને મદદ તથા વિદ્યા આપવા માટે મર્હુમના કુટુંબીઓ તેમના સ્મરણાર્થે સારી જેવી રકમ કાઢી આપે અને પછી એક ટીપ તે શહેરમાં ફેરવવામાં આવશે તો આશા છે કે એક ઘણી સારી રકમ ભેગી થઇ શકશે. તે ઉપરાંત કેટલાક બંધુઓ માસિક લવાજમ પણ આપવા તૈયાર છે કે જેની વ્યવસ્થા એક સાધારણ સભા બોલાવી કરી શકાય તેમ છે. તો આશા છે કે કોઇપણ જાતના ભેદ વગર મર્હુમના કુટુંબી કે જેઓ ઘણા સુજ્ઞ, દુરંદેશી અને ધર્મપ્રિય સજ્જનો છે તે આ બાબતને પૂરૂં વજન આપશે અને પોતાના ઉદાર હાથને લંબાવી પોતાની ફરજ બજાવશે. કહ્યું છે કે—

પ્રાણી પક્ષીઓ પીએ, ઘટે ન સરિતા નીર;
ધર્મ કીએ ધન ના ઘટે, સહાય કરે રઘુવીર. —દીનબંધુ.

# પહોંચ.

નીચેની વધુ પહોંચ અમે માનસહિત સ્વીકારીએ છીએઃ—

| | |
|---|---|
| આનંદ પુ. ૧૦ અં. ૭ | બુદ્ધિપ્રકાશ પુ. ૬૦ અં. ૪ |
| દિગંબર જૈન પુ. ૬ અં. ૬ | સત્યવિજય પુ. ૬ અં. ૧૧ |
| **जैन हितैषी पु. ९ अं. ५** | ગુજરાત શાળાપત્ર પુ. પર અં. ૧ |
| આત્માનંદપ્રકાશ પુ. ૧૦ અં. ૮-૯ | વૈશ્યપત્રિકા પુ. ૯ અં. ૭-૮ |
| જૈનધર્મ પ્રકાશ પુ. ૨૯ અં. ૧ | સત્ય પુ. ૨ અં. ૧૧ |
| બુદ્ધિપ્રભા પુ. ૫ અં. ૧ | કેળવણી પુ. ૨૫ અં. ૯ |
| **जैनतत्त्व प्रकाशक पु. १ अं. ३** | સાહિત્ય પુ. ૧ અં. ૫ |
| વિવેચક પુ. ૧ અં. ૪ | પુષ્ટિ ભક્તિ સુધા. પુ. ૩ અં. ૧૨ |
| શ્રી ભક્ત પુ. ૯ અં. ૯-૧૦. | |

# લવાજમની પહોંચ.

(જે નામ સાથે રકમ દર્શાવેલ નથી તેમના તરફથી ૧ વર્ષનો રૂ. ૧ાા આવેલો સમજવો) તા. ૩૧-૧૨-૧૨ સુધી.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ાા | શેઠ પનાજી ભીમાજી | મુંબઇ. | ૨ાા | શેઠ જમનાદાસ મોરારજી | મુંબઈ. |
| ૨ાા | ,, હીરાચંદ નેમચંદ જે. પી. | ,, | | ,, મેઘજી ખેતસી | ,, |
| ૨ાા | ,, વેરશી પુંજાભાઇ | ,, | | ,, અમૃતલાલ કેવળદાસ | ,, |
| ૨ાા | ,, ઝવેરચંદ કલ્યાણજી | ,, | | ,, મોતીચંદ હરખચંદ | ,, |
| ૨ાા | ,, કલ્યાણજી ખુશાલચંદ | ,, | | ,, મોતીચંદ દેવચંદ | ,, |
| ૨ાા | ,, પ્રેમચંદ કેશવજી | ,, | | ,, કેશરીચંદ ભાણાભાઇ | ,, |
| ૨ાા | ,, મગનલાલ પરશોત્તમ | ,, | | ,, ગોમાજી કેવળદાસજી | ,, |
| | | | | ,, હીરાચંદ લીલાધર ઝવેરી | ,, |
| ૨ાા | ,, નગીનચંદ ફુલચંદ | ,, | | ,, મુલચંદ ગુલાબચંદ | પુનાદરા |
| | ,, નંદલાલ પરીખ | બીલસા. | | | |

તા. ૩૧-૧૦-૧૩ સુધી શેઠ લલ્લુભાઈ ધરમચંદ બારીયા.

તા. ૩૧-૧૨-૧૩ સુધી.

| | | | | |
|---|---|---|---|---|
| ૨ાા | શેઠ ચીમનલાલ વાડીલાલ | માંડલ | રાયશેઠ કેશરીસીંહ બેંકર | રતલામ |
| | ,, મણીલાલ અમીચંદ | ગોધરા | શ્રી જૈન તિર્થ ક્ષેત્ર કારખાના | મેત્રાણા |
| | ,, દુલભ દેવાજી | કરચલીયા | શેઠ ગોવીંદરાવ દીપાજી | વડોદરા |
| | ,, માનસંગ ટોકરશી | ખાખરા. | | |

## શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ( શ્રી સુકૃતભંડાર ફંડ કમીટી. )

તરફથી

### શ્રી હિંદુસ્તાનના સકળ જૈન સંઘને અપીલ.

નીચે મુજબ પત્ર દરેક ગામના આગેવાન ગૃહસ્થ ઉપર મોકલવામાં આવેલ છે. જે ગામના આગેવાન ગૃહસ્થને પત્ર ન મળ્યો હોય તે અંક વાંચી તેનો અમલ કરશેઃ—

"જયજિનેંદ્ર સાથે લખવાનું કે, ચાલુ વર્ષના ફેબ્રુઆરીની તા. ૧૯–૨૦–૨૧ મીના દિવસોમાં મુલતાન ( પંજાબ ) ખાતે મળેલી આપણી કૉન્ફરન્સના આઠમા અધિવેશન વખતે પસાર થયેલા ૧૭ ઠરાવોની નકલ આ સાથે આપને મોકલી છે. તે ઠરાવોનો અમલ કરવો એ દરેક જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન બંધુની ફરજ છે. તે ઠરાવો પૈકી **શ્રી સુકૃત ભંડાર ફંડના દશમા ઠરાવ** ઉપર ખાસ ધ્યાન આપી આપના ગામમાંથી શ્રી સુકૃત ભંડાર ફંડની રકમ વસુલ કરી તાકીદથી મોકલાવી આપશો એવી ઉમેદ છે. સદરહુ ફંડમાં ભરેલી રકમનો ઘણો સદુપયોગ થાય છે. આપણી ઉન્નતિનો મૂળ પાયો જે વિદ્યા ( કેળવણી–જ્ઞાન ) છે તેમાં તથા કૉન્ફરન્સ નિભાવફંડમાં આ રકમ વપરાતી હોવાથી, નહીં જેવી રકમના ખર્ચથી લાખો રૂપીઆનું પુણ્ય પ્રાપ્ત કરવાનું આ સાધન છે, તો અમે આશા રાખીએ છીએ કે આપ સાહેબો તરફથી આ ફંડમાં ઘણી સારી રકમ આવશે. ફંડની રકમ અહીં આવ્યાથી છાપાદ્વારા (કૉન્ફરન્સ હેરલ્ડ, જૈન, હીંદી જૈન, મુંબઈ સમાચાર, સાંજ વર્તમાન આદિ પેપરોમાં ) પ્રગટ કરવામાં આવશે, તે વાંચી બીજા ગામોવાળા તેનો દાખલો લેશે અને ફંડ મોકલાવશે તેનો યશ પણ આપનેજ મળશે. પુના કૉન્ફરન્સ વખતે થયેલ સુકૃત ભંડાર ફંડની સવિસ્તર યોજનાની નકલ પણ સાથે મોકલીએ છીએ. તે વાંચી વાકેફગાર થશો. વળતો જવાબ તુરત લખશો. એજ વિનંતિ. તા. સદર.

લી० શ્રી સંઘનો સેવક,

**મોહનલાલ હેમચંદ,**

ઑનરરી સેક્રેટરી, **શ્રી સુકૃત ભંડાર ફંડ કમીટી.**

**તા૦ ક૦**—પત્ર વ્યવહાર અમારા નામથી કરવો તથા મનીઑર્ડર નીચેને શીરનામે મોકલવો :—**ઍસીસ્ટન્ટ સેક્રેટરી, શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ,**

**પાયધુની–મુંબઈ.** "

મુલતાન કૉન્ફરન્સ વખતે થયેલા ૧૭ ઠરાવો અગાઉ આ માસિકમાં પ્રસિદ્ધ થઇ ગયા છે જેથી આ પ્રસંગે શ્રી સુકૃત ભંડાર ફંડનો દશમો ઠરાવ જે થયેલ છે તેના ઉપર દરેક જૈન બંધુનું ધ્યાન ખેંચવા પ્રકટ કરવામાં આવે છે, તે ઠરાવ નીચે મુજબ છે.

( सुकृतभंडार फंड संबंधी ठाव. )

**" कोन्फरन्सकी तरफसे जो शिक्षा प्रचार आदि कार्य उठाये गये हैं उनके लिये प्रत्येक विवाहित, अविवाहित स्त्री पुरुष एक वर्षमें कमसे कम चार आना दिया करे, चार आनासे अधीक देना उनकी ईच्छापर निर्भर है, यह प्रस्ताव सातवीं कोन्फरन्समें पास किया गयाथा उसपर अमल दरामद करना चाहिये; जिन गृहस्थोंने प्रस्तावपर अमल किया है उनको यह कोन्फरन्स धन्यवाद देती है."**

Reg. No. B. 525.

# श्री जैन श्वेताम्बर कॉन्फरन्स हॅरल्ड.

# Shri Jain S. Conference Herald.

પુસ્તક ૯–અંક ૭ ] વીર સંવત્ ૨૪૩૯. [ જુલાઈ, ૧૯૧૩.

## विषयानुक्रम.


१ તંત્રી નોંધ (Editorial Notes) ... ... ...213

२ Soul; its evolution... ... ... ...219

૩ માફી— (કવિતા) ... ... ... ...૨૨૧

૪ જ્ઞાનચર્ચા. ... ... ... ... ...૨૨૨

૫ જૈન સંઘને અપીલ.દેરાસરના ટ્રસ્ટીઓને સૂચના...૨૨૪

૬ લેખકોને નિમંત્રણ. ... ... ... ...૨૨૬

૭ સ્વીકાર અને સમાલોચના. ... ... ...૨૩૨

૮ કૉન્ફરન્સ મિશન. ... ... ... ...૨૩૫

૯ માસિક દિગ્દર્શન... ... ... ... ...૨૩૭

૧૦ અમારો સત્કાર ... ... ... ... ...૨૩૮

૧૧ ધાર્મિક પરીક્ષાનો રિપોર્ટ. ... ... ...૨૪૦

૧૨ મંથર જૈન પ્રાંતિક કૉન્ફરન્સ. ... ... ...૨૪૨



वार्षिक मूल्य. (पोस्टेज सह) रू. १-४-०

તંત્રી:—મોહનલાલ દલીચંદ દેસાઈ બી. એ. એલ્. એલ્. બી,
હાઈકોર્ટ પ્લીડર, પ્રિન્સેસ સ્ટ્રીટ—મુંબઈ.

પ્રકટ કર્તા:—શ્રી જૈન શ્વે૦ કૉન્ફરન્સ ઑફિસ તરફથી,
લાલચંદ લક્ષ્મીચંદ શાહ, પાયધોની,–મુંબઈ.

Printed at Shri Satya Prakash P. Press,—AHMEDABAD,
by Lalchand L. Shah

# પર્યુષણ અંક.

આવતા અગષ્ટ માસમાં **પવિત્ર પર્યુષણ પર્વ**ની શરૂઆત થાય છે તો તે સમયે ગયા વર્ષે માફક "હેરલ્ડ" માસિકનો ખાસ દળદાર અંક બહાર પાડવાનો છે અને તેમાં સાંસારિક, ધાર્મિક, તાત્વિક, ઐતિહાસિક લેખો દાખલ કરવાના છે, તો વિદ્વાન્ અને સંઘસેવાભિલાષી મુનિ મહારાજાઓ અને શ્રાવક બંધુઓને ખાસ આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવે છે કે તેમણે પોતાના લેખો તા. ૧૫ જુલાઇ પહેલાં અગર જેમ બને તેમ વહેલા તંત્રીપર મોકલી આપવા કૃપા કરવી.

આ માસિકમાં જૈન તેમજ જૈનેતર વિદ્વાનોના લેખોને ખાસ સ્થાન મળશે.

જાહેર ખબર આપવા જેઓનો ઇરાદો હોય તેમણે પ્રસિદ્ધકર્તા સાથે પત્રવ્યવહાર કરવો.

પ્રિન્સેસ સ્ટ્રીટ—**મુંબઈ.**

**મોહનલાલ દલીચંદ દેશાઇ,**
બી. એ. એલ્ એલ્ બી.
**તંત્રી**—શ્રી જૈનશ્વેતાંબર કૉ૦ હેરલ્ડ.

# 'હેરલ્ડ' માસિકના ગ્રાહકોને નમ્ર વિનંતિ.

૧. આ માસિકની ઘણી નકલો લાઇબ્રેરીઓ, મુનિ મહારાજ આદિને મફત મોકલાતી હોવાથી તેમજ વાર્ષિક લવાજમ જુજ હોવાથી તેના ખર્ચને પહોંચી વળવા માટે આવતા લવાજમ ઉપરજ આધાર છે. આ વાત ધ્યાનમાં રાખી સુજ્ઞ ગ્રાહકો **લવાજમ મોકલવાની તસ્દી લેશે** અને **બીજા ગ્રાહકો વધારવા પોતાથી બનતું સઘળું કરશે.**

૨. જેમની પાસે લવાજમ બાકી નીકળે છે તેમને તે બાબત લખેલ **પત્રનો અમલ** તુરતજ કરશે.

૩. **ચાલુ ૧૯૧૩ની** સાલનું લવાજમ બહાર ગામના ગ્રાહકો એક મહિનાની અંદર મોકલી આપવા કૃપા કરશે, નહિતો આવતો અંક **વી.પી. થી** મોકલવામાં આવ્યે કૃપા કરી **સ્વીકારી લેશે.** વી.પી. પાછું કાઢવાથી નાહક કૉન્ફરન્સને નુકશાન થાય છે એ વાત લક્ષમાં રાખવાની છે.

૪. **મુંબઈના ગ્રાહકો કૉન્ફરન્સની ઑફીસમાં પોતાના માણસ સાથે** લવાજમ મોકલવા મહેરબાની કરશે; બનતાં સુધી કૉન્ફરન્સ ઑફીસનો પટાવાળો બીલ વસુલ કરવા આવશે, તો તેને લવાજમ આપી બીલમાં સહી લેશે. **કોટ, વાલકેશ્વર** વિગેરે દૂરના ભાગમાં પટાવાળાને આવવાની ઘણી અગવડ પડતી હોવાથી તે ભાગમાં વસતા શેઠ સાહેબો પોતાના માણસ સાથે લવાજમ મોકલવાની અવશ્ય ગોઠવણ કરશે. અગર પછી **જુલાઇનો** અંક વી. પી.થી મોકલવામાં આવશે તે તેઓ કૃપાથી સ્વીકારી લેશે.

૫. **જૈન ગ્રેજ્યુએટ એસોસીએશનના સભાસદો** પોતાનું લવાજમ તે સંસ્થાપર મોકલાવી આપવા કૃપા કરશે.

૬. લવાજમની પહોંચ આ માસિકમાં પ્રગટ થશે.

પાયધુની, પોષ્ટ નં ૩, **મુંબઈ.**

આસિસ્ટંટ સેક્રેટરી.
શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

**તા. ક:**—ગ્રાહકોપર અમારી ફતેહનો આધાર છે, તેમજ આ પત્ર કૉન્ફરન્સ હેવીનું છે, અને તેમાં આવતા લેખો વિવિધ જાતના તેમજ ઉત્તમ અને ઉપયોગી છે તો તેને સહાય આપવામાં આપ અચૂક મદદગાર થશો એવી સંપૂર્ણ ખાત્રી છે. વળી ગયા વર્ષે જબરો **પર્યુષણ અંક** બહાર પડયો હતો, તેવીજ રીતે આ વખતે પણ દળદાર અંક નીકળશે, તો તેથી આ પત્ર કેવું કાર્ય કરી શકે છે તે સમજી શકાશે.

# श्री जैन श्वेताम्बर कॉन्फरन्स हॅरल्ड.

"साधूनां पुनर्भगवतां महाराज ! नश्यन्त्येवामी पूर्वोदिताः सर्वेऽपि क्षुद्रोपद्रवाः यतस्तेषां भगवतां प्रनष्टं मोहतिमिरं, आविर्भूतं सम्यग्ज्ञानं, निवृत्तं सर्वत्राग्रहविशेषः, परिणतं संतोषामृतं, व्यपगता दुष्टक्रिया, त्रुटितप्राया भववल्लरी, स्थिरीभूता धर्ममेघसमाधिः ॥ तथा गाढानुरक्तमंतरंगमतःपुरं ॥ यतस्तेषां भगवतां संतोषदायिनी धृतिसुंदरी, चित्तप्रसादहेतुः श्रद्धा, आल्हादकारिणी सुखासिका, निर्वाणकारणं विविदिषा, प्रमोदविधायिनी विज्ञप्तिः, सद्बोधकारिणी मेधा, प्रमदातिरेकानिमित्तमनुप्रेक्षा, अनुकूलचारिणी मैत्री, अकारणवत्सला करुणा, सदानंददायिनी मुदिता, सर्वोद्वेगघातिनी उपेक्षेति."—श्री सिद्धर्षिः

"હમે તો તું, હમે નહિ તો—નહિ તું જાણજે નિશ્ચે;<br>
નહિ જો બીજ, ક્યાંથી વૃક્ષ ? ફળ કોના ઉપર ફળશે ?<br>
હમારી હસ્તીમાં હસ્તી, રહી ત્હારી અજબ રીતે,<br>
હમો પર ઘાવ કરતાં ઘાવ આવી તમ ઉપર પડશે."

પુસ્તક ૯-અંક ૭.] વીર સંવત્ ૨૪૩૯. [ જુલાઇ, ૧૯૧૩.

## स्फुट नोंध.

## Editorial notes.

### पालीताणामां त्रासजनक कुदरती कोप.

ગયા માસમાં આપણા પવિત્ર તીર્થસ્થળ પાલીતાણામાં એકાએક મધ્યરાત્રીના સમયે જળપ્રકોપ થવાથી સેંકડો મનુષ્યો અને જાનવરોનો ત્રાસદાયક નાશ થયાના અને સેંકડો મકાન નાબુદ થયાના ખબર સાંભળી કયું હૃદય રડયા વગર રહી શકશે ? નિદ્રાનાં જાદુઈ ખોળામાં પોઢેલા મનુષ્યો પૈકી પાંચસેથી વધુ જેટલી સંખ્યા એ જળપ્રલયનો ભોગ થઇ પડી છે, સંખ્યાબંધ કુટુંબો તણાઇને કે પોતાના જ આશ્રયદાતા મકાનોમાં ચગદાઇને નાશ પામ્યાં છે.

કુદરતના આ ત્રાસદાયક કોપનો ભોગ થઇ પડેલાઓમાં પાલીતાણા ખાતેની જૈન બોર્ડીંગના ૧૭ વિદ્યાર્થીઓ તથા વિધવાશ્રમની ૨૫ બ્હેનોનાં નામો પણ વાંચવામાં આવે છે,

તેથી આપણા ખેદમાં ઓર વધારો થાય છે. એ બે પરમાર્થી ખાતાના મુખ્ય કાર્યવાહક શ્રીયુક્ત કુંવરજી દેવશીએ આ પ્રલય વખતે પુષ્કળ અંગ મહેનતથી ઘણાએક કિમતી જાનોનો બચાવ ન કર્યો હોત તો એક પણ વિદ્યાર્થી બચવો મુશ્કેલ હતો.

આ હૃદયદ્રાવક સમાચાર **મુંબઇ, અમદાવાદ** વગેરે સ્થળે તારથી પહોંચી જતાં કેટલાક પરોપકારી જૈન શ્રીમંતોએ પુષ્કળ મદદ સાથે માણસો **પાલીતાણા** તરફ વિદાય કર્યા હતા અને બચવા પામેલા નિરાધારોને અન્ન વસ્ત્ર તથા રહેવાના સ્થળની સગવડ કરી આપી હતી. ત્યાર બાદ જૈનેતર ગૃહસ્થોએ પણ જગાએ જગાએ મીટીંગો ભરીને ફંડો કર્યાં હતાં અને હમણાં નવી મળતી રકમો એકત્ર કરી એક જ કમીટી દ્વારા તેની વ્યવસ્થા થાય એવી ગોઠવણ થઇ છે.

મદદમાં મ્હોટો ફાળો આપણા બખ્તાવર દીલના કચ્છી ગૃહસ્થ શેઠ **ખેતશીભાઈ ખીઅસી** તરફનો છે. ઉપરાંત **અમદાવાદ, મુંબઇ** વગેરે સ્થળોના બીજા જૈન શેઠીઆઓ અને જૈનેતર ગૃહસ્થોએ પણ સારી રકમો મોકલવાથી લગભગ બે લાખ જેટલી રકમ થવા જાય છે, જે સંતોષજનક છે, જો કે હજી વધારે મદદની જરૂર હોવાનું સંભળાય છે. શેઠ **આનંદજી કલ્યાણજી** તરફથી પણ અમુક રકમ આપવામાં આવી છે, એ સ્તુત્ય છે, પરન્તુ એવા જાહેર અને સમર્થ ખાતામાંથી આવા ગજબ વખતે છેકજ એટલી ન્હાની રકમ અપાયા માટે ઘણા જૈનો અસંતોષ જાહેર કરતા સાંભળવામાં આવ્યા છે.

જૈનો તેમજ જૈનેતર ગૃહસ્થોએ આવે વખતે પોતાથી બને તેટલી મદદ પદરથી તેમજ બીજાઓ પાસેથી એકઠી કરીને **પાલીતાણે** મોકલવી જોઇએ છે અને કમકમાટ ભરેલા અકસ્માતના ભોગ થઇ પડેલા મનુષ્યોના આત્માને શાન્તિ મળવા માટે દરેક સહૃદય આત્માએ પ્રાર્થના કરવી જોઇએ છે.

લક્ષ્મી, ઘરબાર, કુટુંબકબીલો અને ખુદ આ સ્થૂળ દેહ એ સર્વ કેટલાં અસ્થીર છે –ચપળ છે, તેનું ખરેખરૂં ભાન આવા અકસ્માત વખતેજ થાય છે. જો કોઈ લક્ષ્મી સ્થીર સ્વભાવ વાળી હોય તો તે 'સચ્ચારિત્ર' (character) રૂપ લક્ષ્મી જ છે, કોઇ ઘર દગો ન દે એવું અભય સ્થળ હોય તો તે 'અંતર આત્મા' રૂપી ભોંયરૂં જ છે, કોઇ કુટુંબ કદી વિયોગદુઃખ ન ઉપજાવી શકે એવું હોય તો તે 'અમિશ્ર પ્રેમ' છે, અને કોઈ દેહ 'છેહ' ન દઈ શકે એવો હોય તો તે 'પવિત્ર કાર્મણ દેહ' છે.

ગૃહસ્થોએ તેમજ ત્યાગીઓએ જે જે પુદ્દગલસમુહોમાં મોહવૃત્તિ હોય ત્યાંથી પોતાનું મન ખેંચી લઇને બીજી તરફ—ઉચ્ચ પ્રેમ તરફ, સચ્ચારિત્ર તરફ, પવિત્ર પુરૂષોના જીવન ચરિત્રોમાંથી ઉપજતા વિચારો તરફ—વાળવા કોશીશ કરવી જોઇએ અને મૃત્યુ આ પળે જ આવી પ્રહોંચે તો તેને ભેટવા તૈયાર રહેવું જોઇએ. આ ક્ષણિક જીવનના નિભાવ માટે અયોગ્ય હરીફાઇ, નિંદા અને ખટપટ, આડંબર અને અહંપદ, સંકુચિત વૃત્તિ અને લોભ, વિષયવૃત્તિ અને સ્વાર્થી ભક્તિ, અશ્રદ્ધા અને અંધશ્રદ્ધા આદિ જે દોષો મનુષ્યોથી નિરંતર થયા કરે છે તે દોષો આવા હજાર જળપ્રહાર કરતાં કે અગ્નિપ્રકોપો કરતાં પણ વિશેષ ત્રાસદાયક છે, તે છતાં સાચા ગુરૂની સહાયથી જેઓની આંતર દષ્ટિ ખુલી નથી તેઓ એ ભય જોઈ શકતા નથી. કેટલી મોહ દશા! જગતની કેટલી બધી દયામણી સ્થિતિ! દુનીઆમાં સાચા ગુરૂઓની કેવડી મોટી અછત!

પ્રિય આત્મબંધુઓ! **પાલીતાણાના પ્રકોપનો ખ્યાલ લાવવા માટે અને એમાં હોમાયલાના આત્માઓની શાન્તિ માટે પ્રાર્થના કરવા માટે થોડી મીનીટ એક એકાંત સ્થળમાં** બેસો, અને તમારા શુદ્ધાત્માને પૂછો કે **પાલીતાણાથી** પણ જબરા પ્રકોપના ભોગ તમે પોતે દર મીનીટે થાઓ છો ખરા? એ ભય જો તમે જોઇ શકો તો પછી એ ભયમાંથી બચવાને કાંઈ તૈયારીઓ કરવાનું લક્ષપર લેશો? થોડા વખતને માટે તમે પણ આંતર રેલમાં તણાવા લાગો—સ્વેચ્છાથી તણાવા લાગો—અને નીચેના ભાવ અનુભવો:—

પરમ પ્રભુ ઓ! આવૂં આવૂં! **પ્રદેશ નવીનમાં**
હૃદયબલ કૈં બાકી બાકી રહ્યૂં નથી દીનમાં!
**પુરુષ**! પ્રભુ હો! રોતો-બ્હીતો હું **પ્રકૃતિ** પામવા,
**દ્વિજ જીવનનૂં**, માગૂં માગું! તું દ્વાર ઉઘાડવા:
'કુદરત તણા નીલા લીલા નવા સુરમાં સાંભળૂં;
**'બસરૂં બનવૂં છોડી છોડી નવા સુરમાં ભળૂં;**
'અમર શિશુ'ની× ઓથે ઓથે નવૂં કંઇ ચાલવૂં:
'નયન-નમણું—મીંચી મીંચી-નવીન ઉઘાડવૂં;
**'ઉર અટવીમાં ઊંડું ઊંડું તપોવન સ્થાપવૂં.**
'અજબ ધુનીએ છૂપું છૂપું નવૂં તપ તાપવૂં;
**'તિમિરગઢ આ તોડી તોડી નવૂં ડગ માપવૂં;**
**'નવીન થઇ જ્યાં ઝાંખી ઝાંખી: તહીંજ પ્રયાણવૂં;**
**'સહુ સ્થૂલ તણી બાંધી બાંધી હવા થકી છૂટવા—**
'હૃદય શઢને ચીરી ચીરી ભરી પવને નવા—
'કંઈ કંઈ જહીં થાકી થાકી હવે ન ચહે જવા—
'અમર શિશુ તો દોડે દોડે મુસાફિર ત્યાં થવા!
**'સ્થલ-સમયનાં* જૂદાં જુદાં બધાં પડ ઊખડે:**
'નયન પડદા ભેદે ભેદે દિવાલ બધી પડે:
'જગત ભમતાં બૂઠાં બૂઠાં ન તીર કશાં નડે:
'નવીન નૂર કૈં લાધે લાધે! નવી ગતિ સાંપડે!
'નવલી ધવલી રેલી રેલી અહીં ઉર ચંદ્રિકા!
'અવનવી કંઇ દીપે દીપે હવે અરૂણ પ્રભા:
'રમણીયપણૂં રૂડૂં રૂડું નિહાળી શકૂં નવૂં:
**'કૃપણ ઉર આ ત્યાગી ત્યાગી અતીત હવે થવૂં:**

× અમર શિશુ = પ્રેમ.

* **સ્થલ અને સમયના પ્રતિબંધ દૂર કરાય તો જ દીવ્ય જ્યોતિ પ્રાપ્ત થાય.**

'નવીનમયતા ભેટી ભેટી તહીં સહકારવું:
'પ્રભુમય થવા સ્નેહે સ્નેહે તહીં સહચારવું:
**'શરીરમયતા ગાળી ગાળી તહીં સમરૂપવું:**
'બહુબહુપણું ટાળી ટાળી નવું ફરી જન્મવું:
'ત્રુટિત થયલું! ત્હેને ત્હેને જ શાશ્વત સાંધવા
'અમર રસનું દૈવી દૈવી સુરામૃત આપવા—
**'અગમ ગગને પાકું પાકું ય મન્દિર બાંધવા—**
'નવલ રવિનું જ્યોતિ! જ્યોતિ સનાતન સ્થાપવા—
'નવીન નૂર ત્હેં દીધું દીધું! પિછાન કરાવવા
'વિરલ બલ ત્યાં ત્હારૂં ત્હારૂં, પ્રભો! અવતારવા—
'વરદ **વિભુ**, હો! માગું માગું! બધું પલટાવવા—
'નવ જીવનમાં **अस्तु! अस्तु!** અહો ફરી જીવવા."
**પ્રણય રસમાં ન્હાશે ન્હાશે બધાં જગ સામટાં—**
**અમર રસમાં હૈડે હૈડાં હશે કંઈ મ્હાલતાં—**
**द्विज जीवन**ના સાચા સાચા ઉરે અભિલાપ ત્યાં—
હૃદય રસ છે-જ્યાં જ્યાં—ત્યાં ત્યાં કહીં શમણાં ફળ્યાં. §

---

# जैनशास्त्र अने शिल्प विद्या.

આપણાં પવિત્ર અને નમુનેદાર ભવ્ય જૈનમંદીરો સાક્ષી પુરે છે કે, જૈનસમાજે શિલ્પવિદ્યામાં આગળ વધવા થોડો શ્રમ સેવ્યો નથી. કેટલાક જૈનગ્રંથોમાં શિલ્પશાસ્ત્ર સંબંધી ઉલ્લેખ પણ છે. પરન્તુ આવા ઉલ્લેખોનો સંગ્રહ કરી આધુનિક શિલ્પવિદ્યામાં જૈન શિલ્પજ્ઞાનનો ફાળો આપવાની કોશીશ કરાયલી અમારા જાણવામાં આવી નથી. સુભાગ્યે આજકાલ કેટલાક જૈન બન્ધુઓ સીવીલ ઍન્જીનીઅરીંગમાં ઉંચે દરજ્જે પહોંચેલા છે અને તેઓ તરફથી જૈન શિલ્પવિદ્યાને લગતું સાહિત્ય એકઠું કરવાનો પ્રયાસ થાય તો એક અગત્યની સેવા બજાવી ગણાશે.

ઍન્જીનીઅરીંગ અને આર્કીટેક્ચરના કામમાં પડેલા જૈન બન્ધુઓને જૈન શિલ્પવિદ્યાને લગતા સાહિત્યનો સંગ્રહ કરવામાં જૈન સાધુઓએ અને જૈન શાસ્ત્રો તથા જૈન ઇતિહાસના અનુભવી વિદ્વાનોએ શરૂઆતની મદદ કરવા બહાર પડવું જોઇએ છે. તે મદદ તેમને જોઇતી માહેતી પુરી પાડવાના રૂપમાં છે. કયા કયા જૈન ગ્રંથોમાં શિલ્પવિદ્યાને લગતા ઉલ્લેખ છે, તે ગ્રંથો કોણે ક્યારે બનાવેલા છે, તે ગ્રંથો છપાયેલા હોય તો ક્યાંથી મળી શકે છે અને કઈ ભાષામાં છે, ન છપાયલા (હસ્તલિખિત) ગ્રંથો ક્યાંથી અને કોની મારફતે જોવા મળી

---

§ રા. **સાગર.**

શકે તેમ છે, આ વગેરે બાબતની માહિતી જો આ પત્રની ઑફીસ પર મોકલી આપવામાં આવશે તો તે મોકલનાર મુનિરત્નો અને ગૃહસ્થોનો ઉપકાર માનવામાં આવશે અને મળેલી માહિતીઓનો સંગ્રહ જૈન ઍનજીનીયરોને પુરો પાડવામાં આવશે, જેથી એમને એક અગત્યનું માર્ગસૂચન થશે. અમે ધારીએ છીએ કે જૈન મુનિઓ અને ખાસ કરીને યતિઓ આ રસ્તે પણ સારી સેવા બજાવી શકે.

જનસમાજનું હિત કરવા યોજાયલો દરેક ધર્મ માત્ર સુખ્ખી ફીલસુફી આપીને જ અટકતો નથી, પરંતુ શિલ્પ, સાહિત્ય ( literature ) , વિજ્ઞાન, (science) વગેરેને પણ પોષણ આપતો હોય છે. અને જૈન ધર્મ એ તો સર્વનો સમુદ્ર છે એમ દરેક જૈન સાધુ પોકારે છે, તો પછી આવી આવી શોધ કરવામાં તેઓએ પાછળ પડવું જોઈતું નથી.

---

## समाजबळ वधारवानो दिगंबर भाइओनो स्तुत्य प्रयास.

જૈન વર્ગમાં **દિગમ્બર** અને **શ્વેતામ્બર** એવા બે ફીરકા હયાતી ધરાવે છે. **શ્વેતામ્બર**માં વળી **મૂર્તિપૂજક** અને **સ્થાનકવાશી** એવા બે પેટાવર્ગ હયાતી ધરાવે છે અને એ દરેક પેટાવર્ગ પણ અનેક ગચ્છો અને સંઘાડામાં વિભક્ત થઇ ગયેલા જોવાય છે. જૈન '**સંઘ**' આવી રીતે વિભક્ત થઇ ગયો છે એટલું જ નથી, પરંતુ જૈન '**જ્ઞાતિ**'ઓ પણ અનેક પેટાજ્ઞાતિઓમાં વ્હેંચાઈ ગઇ છે. આથી સંઘ તરીકે તેમજ જ્ઞાતિ તરીકે આપણું બળ બહુ ઓછું થઇ ગયું છે અને અનેક કલેશો, અગવડો, મુશીબતો અને દુરાગ્રહો વધી પડ્યા છે. સુભાગ્યે કેટલુંક થયાં જૂદા જૂદા સંઘો વચ્ચે સર્વસામાન્ય સિદ્ધાંતોના આધાર પર ચણાયલો સંપ જોડવા કેટલાક સજ્જનો તરફથી ભગીરથ પ્રયાસ આદરાયો છે. પણ જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓને એક કરવા બાબત પ્રયાસ તો જવલ્લે જ જોવામાં આવે છે. નાની નાની પેટાજ્ઞાતિઓ પ્રતિદિન વિશેષ ટુંકી થતી થતી હમણાં બહુ દુઃખી હાલતમાં આવી પડી છે અને તેને પરિણામે સુયોગ્ય લગ્નોની શક્યતા છેક જ ઘટી જવા પામી છે. દાખલા તરીકે, **દિગંબર હુમડ** જ્ઞાતિમાં દશા–**વિશા** એવા બે વિભાગ છે, જેમાં **વિશા** કરતાં દશાની સંખ્યા વિશેષ છે; **વિશા**ની સંખ્યા ઘણી નાની હોવાથી યોગ્ય વર કે યોગ્ય કન્યા મેળવવામાં ઘણી મુશ્કેલી પડવા લાગી ત્યારે હમણાં હમણાં કેટલાક પરોપકારી **દિગંબરો**એ એ હરકત દુર કરવા માટે એવો પ્રયાસ આદર્યો છે કે જેથી દશા–**વિશા હુમડો** પરસ્પર લગ્નવ્યવહાર કરે એવો શુભ પ્રસંગ નજીકમાં આવવાની આશા રહે છે. તેઓએ બંને પેટાજ્ઞાતિના જૂદે **જૂદે** સ્થળે રહેતા આગેવાનોની **સમ્મતિ** અને સહીઓ આ સુધારા ઉપર લેવા માંડી છે અને જાણીને સંતોષ થાય છે કે એવી ઘણી **સહીઓ** ઘણા સુજ્ઞો તરફથી મળી આવી છે. જે વખત જાય છે તેમાં એ સુધારો દાખલ થઇ જશે એવો દરેક સંભવ છે. અને જો એ ડહાપણભરેલો સુધારો દાખલ થશે તો કજોડાં, કન્યાવિક્રય અને મૃત્યુપ્રમાણ ઘટશે તથા અન્ય પેટાજ્ઞાતિઓ એ પરિણામ જોઈ સંયુક્ત જ્ઞાતિ બનવા લલચાશે. એવો દિવસ ક્યારે આવે કે શ્રી **મહા**વીર નામ જપતા તમામ મનુષ્યો એક 'સામાન્ય જ્ઞાતિ' બાંધે અને દુનિયાની કલ્પિત દીવાલોને તોડી એક સૈયારી પ્રેમમ્હેલમાં બેસે !

---

# पंजाबमां थयेलुं अनुकरणिय संघबंधारण.

**પંજાબના** શહેર **અમૃતસરમાં** ગયા માસમાં સુમારે ૫૦૦૦ શ્રાવકો, ૪૦ મુનિઓ અને ૨૩ આર્યાઓએ એકઠા મળીને એક અનુકરણીય બંધારણ બાંધ્યાના ખબરો મળતાં સંતોષ થાય છે. એક ગચ્છાધિપતિ, ૧૨ ઠરેલ મુનિઓ અને અમુક શ્રાવકોનું એક 'રીપબ્લીક' અથવા પ્રજાસત્તાક રાજ્ય સ્થાપવા જેવી વ્યવસ્થા કરવામાં આવી છે. બહુમતે નિર્ણય કરવાનો ઠરાવ કર્યો છે. સંઘનાં ચારે અંગ માટે અમુક ઠરાવો ઘડવામાં આવ્યા છે. એ ઠરાવોમાં મુનિઓને વ્યાકરણ ભણવાનો અને જૈન સૂત્રોનું હિંદી ભાષાંતર કરવાનો ખાસ આગ્રહ કરવામાં આવ્યો છે. કોઇ મુનિનો દોષ કોઇ શ્રાવકના જાણવામાં આવે તો પ્રથમ તેના ગુરૂને ખબર આપવી, તે દાદ ન આપે તો ગચ્છાધિપતિને ખબર આપતાં ઉપર કહેલી સાધુ-શ્રાવકની કમીટી સઘળી વાત સાંભળીને ઘટીત શિક્ષા કરે અને દોષ ગંભીર હોય તો દોષિત સાધુને ગચ્છથી દૂર કરે અને શ્રાવકોએ તેનો કોઈ રીતે સત્કાર ન કરવો એવો હુકમ કરે, એવું પણ ઠરાવ્યું છે. સાધુવર્ગની નિંદા અટકાવવા માટે જો કોઈ રસ્તો વ્યવહારૂ હોય તો તે આ જ છે. શ્રાવકોને તેમજ સાધુઓને ખાસ ફરમાવવામાં આવ્યું છે કે, કૉન્ફરન્સના ઠરાવોનું ઉલ્લંઘન ન કરવું. આવી રીતે સાધુવર્ગ કૉન્ફરન્સની અગત્ય સ્વીકારે અને તેને બળ આપે એ ખચીત ખુશ થવા જેવું અને સમયસૂચક પગલું છે. આ મુનિઓએ સમયને એટલે સુધી પીછાન્યો છે કે, "હવે સમય એવો આવ્યો છે કે, સારી રીતે સ્વમત તેમજ પરમતનાં તત્વો જાણ્યા વિના ધર્મોન્નતિ થઇ શકવાની નથી" એવા શબ્દો એમના ઠરાવમાં દાખલ કર્યા છે અને ઉદાર દીલથી જૈન અને જૈનેતર ફીલસુફીના અધ્યયનની આવશ્યકતા સ્વીકારી છે. સંઘનાં ચારે અંગો માટે તૈયાર કરેલી પ્રથક્ પ્રથક્ શિક્ષાપત્રીમાં "તપ-સંયમની વૃદ્ધિ થાય અને પરસ્પર પ્રેમને પુષ્ટિ મળે એમ વર્તવું" એ ઉપદેશ જગાએ જગાએ આપેલો છે અને દરેક સાધુએ 'અનર્થ દંડ'થી દૂર રહી સ્વાધ્યાયમાં મચ્યા રહેવું તથા આઠમ-પાંચમના ઉપવાસ અવશ્ય કરવા એ બાબત ઉપર ભાર મૂકયો છે. આર્યાઓને તેમજ શ્રાવિકાઓને પણ વિદ્યાભ્યાસ કરવા સલાહ આપી છે પણ તે પુરૂષ વર્ગ પાસે નહિ પરંતુ સુપઢ આર્યા કે સુશીલ સ્ત્રી પાસેજ કરવા ફરમાવ્યું છે, કે જે ભયંકર પરિણામોના સંભવને અટકાવવા માટે ડહાપણભરેલી સલાહ છે. દીક્ષાના ઉમેદવારને ઓછામાં ઓછા બે માસ સુધી ગુરૂએ પોતાની પાસે રાખી તેની કસોટી કરવી અને તેની યોગ્યતા-વર્તનની ખાત્રી થાય તો જ દીક્ષા આપવી, એવો સમયધર્મ પણ સ્વીકાર્યો છે. પક્ષપાતો અને અંધશ્રદ્ધા એ બેનું જોર ચાલે નહિ એ માટે આ શિક્ષાપત્રીમાં ખાસ સૂચનાઓ આપવામાં આવી છે.

આ સુધારો અલબત પ્રશંસાપાત્ર છે તેથીજ, જો કે એ કાર્ય એક ભાઇબંધ ફીરકાનું —**સ્થાન**કવાશી જૈન ફીરકાનું—છે તો પણ, અમે તેનું અવલોકન કરવાની અગત્ય વિચારી છે. જૈન ધર્મના અંદર ફીરકાઓ, ગચ્છો, સંઘાડાઓ પ્રતિદિન આવી રીતે સુવ્યવસ્થા, સુધારા અને પ્રગતિ કરતા જાય અને સર્વના સામાન્ય પિતા મહાવીરની જયધ્વજા ચોતરફ ફરકાવે તથા સાચા આત્મબળથી દયા અને સચ્ચારિત્રનો સર્વત્ર પ્રચાર કરે એમ ઇચ્છવાને દરેક જૈન બંધાયલો છે.

# SOUL; ITS EVOLUTION ACCORDING TO JAINISM.

**Excerpts From A Lecture Delivered In The South London Temple.**

( April, 1212. )

Jainism is one of the faiths of the world; it originated in India, and it maintains that non-injury is the highest religion.

According to the Jain Metaphysics, truth is knowledge purged of all intoxicating elements, and the Jain Scriptures are handed down as being the teachings of those who have in the past purged their knowledge of all intoxicating elements and reached omniscience.

The substance of the universe is not, never was, nor ever will be, one homogeneous mass; EACH of us can divide it into self and not-self. The not-self is absent in each person, one soul does not ever become another. That which is not-self is made up of living beings and of dead things; each of us is therefore a social being; there are others. His right relation towards them is one of kindness. The insentient things have no feeling and he cannot pain them. "Self" is a synonym for soul; "others" is also a synonym for soul, which is one kind of substance, its characteristic being consciousness, life.

The word soul may produce in the mind nothing but a blank beyond, perhaps, a mental picture of the letters composing the word. In order that we may have a concrete idea of soul, any living being may be thought of, a butterfly, man, or anything alive. These are souls; the soul is not absent in them. But they are not pure souls; and it is not rational to assume that as far as the past is concerned they ever have been pure. Metals are not found in the pure state; gold has to be refined, and the soul has to be developed. The soul in any living being is there in its completeness; its qualities are only obscured by some impurity in combination with the soul. That impurity is matter. When matter is in combination with a soul, the nature is changed, repulsion becomes aversion; attraction becomes attachment; aversion take the

forms of anger and pride; attachment takes the forms of deceitfulness and greed in the living being. These forces are felt as impelling forces to wrong action, but they do not compel us; anger may inmpel us to injure someone, but does not compel us to do so; we are free to refrain. Anger is no more a quality of the pure soul than the dirty colour of muddy water is a quality of water;—water is white or colourless, the pure soul is forgiving.

The examples suggested above, butterfly, man, for a concrete idea of soul are beings in the process of development. According to the Jain belief, there is an infinity of souls whose development is completed; and there is an infinity of souls whose development has not begun (avyakta nigoda)

During the process of development the being goes through a series of reincarnations until it reaches the state where it lives without any material body, gross or fine. There are four planes in which existence is possible during this process of development, namely (1) the angel, (2) human, (3) animal, vegetable, mineral, (4) hell. According to the life, whether good or bad, in any one of these states, so is the next life, fortunate or unfortunate; we reap as we sow, FORTUNE AND MISFORTUNE ARE NOT ACCIDENTAL.

The pure soul is invisible, and it is only the matter in combination with the soul that renders it in a sense visible, giving the soul a visible body, either fine as in the case of angels, or gross like our own. The body is no factor of the soul; we are different from the body. If we disregard all that is visible in a butterfly, angel, or man, what is there left to be called a living soul? Knowledge, or consciousness is left, and is invisible literally; belief is left; attention and choosing are left. All there are invisible; the man's consciousness of the butterfly, belief that it feels pain and carefulness not to hurt it, are not qualities of the body. A sewing machine exercies no conscious carefulness, you can never get consciousness into a machine; only soul is conscious and feels.

The qualities of the soul are infinite, but the characteristic quality is knowledge; where there is soul there is knowledge; where there is no knowledge, or consciousness, there is no soul. When all impurity is removed from the being,

the knowledge is unlimited. Blissfulness, compassion, right belief, right conduct, everlasting life, are qualities of the pure soul. And each soul is always one; higher-self and lower-self simply mean the self in a higher state or lower state, but it is the same self.

During the process of development the chief business of life should naturally be to remove our impurities, anger, greed, fear, unkindness, etc., and so liberate the natural qualities of the pure soul and finally attain the pure state.

The word 'non-injury' sums up the means of reaching an ideal state; we injure our selves and others by unlimited desire to possess property, by unchastity, by stealing, speaking untruth, and by killing; if we wish to make spiritual progress we should refrain from these activities as much as possible, and by doing so we liberate the qualities of the soul.

H. Warren.

---

## માફી.

ભલે માંગો તમે માફી, કહો આપી શકું ક્યાંથી ?
હૃદયનો દોર તુટયો જે, કહો સંધાય તે ક્યાંથી ?
પરસ્પર આપી લ્યો માફી, મને તેની નહિ પરવા !
પડયો જે દાગ દિલમાં તે, કહો ભુંસી **શકું** ક્યાંથી ?
**'હૃદય ખાલી છતાં હસવું' કહો તે આવડે ક્યાંથી ?**
**તુટેલો** તાર સાંધ્યાથી, પડે જે **ગાંઠ** પ્રીતિમાં,
હજારો મુર્શિદો આવી, નિવારી એ **શકે** ક્યાંથી ?
અગર છે પાક દિલ મારૂં, કરો છો ખાક આતશથી,
સુખી હું તેજ દુઃખેથી, હૃદય એ ભાવના ક્યાંથી ?
અચલ જો પ્રીતિની રીતિ, પછી શું માફીની પરવા ?
**નથી** તુટયું પછી સાંધી, કહો હું એ શકું ક્યાંથી ?
કહે લોકો ખરી શુદ્ધિ, વસે છે એજ માફીમાં,
પરંતુ વિષ પીઉ હું, **વિના દર્દે** કહો ક્યાંથી ?
કર્યું કુરબાન આ દિલ જો, સખાની મસ્ત યારીમાં,
જીગરથી જે દીધું અર્પી, પછી માફી મળે ક્યાંથી ?
દીધી માફી, લીધી માફી, વળી લીધી, વળી દીધી,
કુડાઈ ને બુરાઈનો, લહું લ્હાવો અરે ક્યાંથી ?
વળેછે સિન્ધુનાં વારી, સમુદ્રે થાયછે ખારાં,
પરંતુ સાંભળ્યું કોએ, કહો માંગી કદી માફી ?
ખરી પ્રીતિ, ખરી માફી, વસે છે યુગપત્ પ્રેમે,
ખરી માફી ન દીધાથી, બતાવું ભેદ એ ક્યાંથી ?

—સુશીલ.

# જ્ઞાન-ચર્ચા.

( ૩ )

**પ્રશ્ન:**—અનાદિથી કર્મનો સંબંધ આત્મા સાથે છે, એ વાતમાં ગતઃકાલમાં આપણે સદા જડ–કર્મની સાથે સંબંધવાળા **હતા** એવું આવે છે, તો તેવીજ રીતે એમ કેમ ન હોય કે આપણે સદા કર્મ સાથે સંબંધવાળા **નહતા**? આપણા સત્ય આત્મસ્વરૂપ સંબંધી અજ્ઞાનને માટે કોણ જવાબદાર છે?

આ એક ઘણોજ દુર્ઘટ પ્રશ્ન છે. આ પ્રશ્ન એના જેવો છે કે ફક્ત કંઇ વસ્તુ છે એવું શામાટે હોય છે? શામાટે કંઈ પણ વસ્તુ **નથી** એવું નથી? અને એમ હોય તો પછી કંઈ દુઃખ કે પીડા જેવું રહેજ નહિ....ખુલાસો કરતાં આગળ......જે શુદ્ધતત્વ છે તેનું સંપૂર્ણ સ્વરૂપ આપણે નથી, આપણા કરતાં બીજું શુદ્ધતત્વ છે અને તેનો સ્વભાવ અમુક અમુક પ્રકારે આપણાપર સામી અસર જ–પ્રત્યાઘાત–કરવાનો છે...પ્રત્યાઘાત દૃષ્ટિએ આપણે તેના અને તે આપણા દુઃખના કારણભુત છે–છીએ.

( મી. હર્બર્ટ વૉરનનો પ્રશ્ન. )*

*" How is it we have always *been* in the past in combination with matter ? Why is it we could not just as well always have been in the past *not* in combination ? Who is responsible for our ignorance of our own true nature ?

It is a most difficult question; it is like the question: How is it that there *is* anything at all ? Why is there *not* nothing at all, and then there would not have been all this pain and misery.

At any rate I think I get one idea towards the solution of the question: it is something like this: life is always satisfactory: in the past we have ever been satisfied to live the life of getting pleasure and trying to avoid pain; when we come to realise that being satisfied with pleasure brings pain in its train ( in its wake ), that our pains are simply part and parcel of our pursuit of pleasure and that we need not have them,then we leave off pleasure-hunting and no pains or miseries come upon us, — when our cessation is complete and permanent. Realising this, we change our life, we leave off pleasure-hunting, we are satisfied with our natural calm peace of mind, internal happiness which is not of the senses; thus we are again satisfied. So there is no such thing as compulsion to live as we always have. L'fe is always whatever we are satisfied with. As soon as we become dissatisfied with our life, we leave it and follow another with which we are satisfied; thus we are ever following that kind of life with which we are satisfied; the pleasure-hunter is satisfied to put up with the consequent pains; he is satisfied to get drunk though he knows he will afterwards have a headache; he is satistied to murder though he knows he will afterwards be hanged; and so on. Thus the problem is solved, we are not *the whole* of reality; there is other reality than us, and its nature is to react upon us in certain ways; we are always *free* to live that kind of life with which we are satisfied; but we *cannot stop* the reaction of the rest of reality. From its point of view we are the cause of its sorrows, as it is the cause of ours. "

**ઉત્તર**—આપણે જાણીએ છીએ કે સદા આપણે કર્મ-જડની સાથે સંબંધવાળા હતા. તે કેવળ એક જાતના અધ્યાસથી જાણીએ છીએ. જેવી રીતે ત્રાટક મુદ્રા સાધનાર, સાધ્ય પદાર્થના અભ્યાસને લઈને સર્વત્ર તે સાધ્યને જ જુએ છે, તેમ મનને પણ અનાદિ કાળનો એવો અભ્યાસ થઈ ગયો છે કે હું મનરૂપ આત્મા, કર્મ-જડ સાથે સંબંધવાળો છઉં. એવો સંસ્કાર આસપાસના સામાજિક સંયોગોથી તથા વંશપરંપરાથી પણ પડે છે, કે આપણે કર્મ એટલે જડની સાથે સંબંધવાળા છીએ. અધ્યાસને લઈને જ આપણને એમ જણાય છે. એ જડ સંબંધવાળો અધ્યાસ દૂર થાય અને આપણે કર્મ-જડની સાથે કદિ પણ સંબંધવાળા નહતા એવો નિશ્ચયનયદ્વારા અભ્યાસ થાય તો તેમ પ્રતીત થાય કે આપણે કદિ પણ કર્મ-જડની સાથે સંબંધવાળા નહતા.

બહિર્દષ્ટિએ આત્મા કર્મ-જડની સાથે સંબંધવાળો છે પણ અંતર્દષ્ટિની સંપૂર્ણ હદે આત્મા, કર્મ-જડની સાથે સંબંધવાળો નથી જ. કર્મ અને આત્મા એ બંને ભિન્નભિન્ન છે, તેમ તેઓના સ્વભાવ પણ કેવળ ભિન્નભિન્ન જ છે.

તે બંને પોતપોતાના સ્વભાવમાં સ્થિત છે. એ બંનેને વાસ્તવ કોઈ પણ પ્રકારનો સંબંધ નથી. આત્મા જાતે શુદ્ધચૈતન્ય જ્ઞાનઘન, નિર્વિશેષ, દેશકાલ વસ્તુ પરિચ્છેદ રહિત, સર્વજ્ઞ, અને અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર તથા વીર્યમય છે. કર્મો, જડ અને પારિણામિક છે; તેમાં ફેરફાર-રૂપાંતર થાય છે; તે વિણસે છે, મળે છે. પણ આત્માનો તો અખંડ જ્ઞાનમય -ઉપયોગ સ્વભાવ છે. એવો જ્ઞાનઘન શુદ્ધ ચૈતન્ય તે હું છું, મારો કોઇ પણ સાથે સંબંધ જ નથી એવો અભ્યાસ અને કર્મ તરફ તથા કર્મના પરિણામ રૂપ જગત્ તરફ વૈરાગ્યની ભાવના એ બંને દ્વારા-અભ્યાસ અને વૈરાગ્યદ્વારા, મારો કર્મ-જડની સાથે સંબંધ નથી એમ પ્રત્યક્ષ અનુભવ થશે. એ નથી સમજાયું ત્યાં સુધી જ પોતે એટલે મનરૂપ આત્મા કર્માનુસાર સુખ દુઃખ ભોગવે છે; તેથી ત્યાં સુધી તે અજ્ઞાનના જવાબદાર પણ પોતે એટલે મનરૂપ આત્મા છે. જ્યારે મનરૂપ આત્મા, શુદ્ધ ચૈતન્યમાં સર્વથા વિલીન થઇ જશે ત્યારેજ તે અજ્ઞાનની જવાબદારીમાંથી મુક્ત થશે, એટલુંજ નહિ પણ, હું અનાદિ અનંત છું—મારે કર્મ સાથે સંબંધ હતોજ ક્યાં?—અજ્ઞાન હતું જ ક્યાં?—એવો દૃઢ નિશ્ચય—અનુભવ થશે એટલે ત્યાં તેની જોખમદારી સંભવે જ ક્યાંથી? અભ્યાસદ્વારા એવો અપૂર્વ અનુભવ થશે; પણ જ્યાં સુધી તે અજ્ઞાનમય છે ત્યાં સુધી તે જવાબદાર છે.

જ્ઞાની પુરૂષોને ઇતર કશું છેજ નહિ; માટેજ જ્ઞાનીઓને **દુઃખ કે પીડા** જેવું કશું નથી. ભગવાન સૂત્રકારે પણ જ્ઞાની સિદ્ધ પુરૂષોને—કર્મ સંબંધ રહિત આત્માને "**तत्थ सिद्धा महा भागा**" મહાભાગ એટલે મહાસુખી-ઉત્કૃષ્ટ સંતોષી—ઉત્કૃષ્ટ શાંત, પરમ-જ્ઞાની, સર્વોત્કૃષ્ટ ગુણયુક્ત કહેલ છે.

શુદ્ધતત્ત્વ તે શુદ્ધચૈતન્ય છે, અને આપણે છીએ એવો હું હું કરનાર પદાર્થ તે મનરૂપ આત્મા છે. મનરૂપ આત્મા જ બુદ્ધિ વગેરે ઉપર અસર કરી દુઃખી થાય છે. શરીરાદિની અસર મન ઉપર થાય છે, તેથી મનરૂપ આત્મામાં પણ દુઃખ પ્રતીત થાય છે. વાસ્તવ શુદ્ધ ચૈતન્યઘન આત્મામાં દુઃખાદિ કશું છે જ નહિ. તે જ સત્ય સ્વરૂપ છે. તે જ ત્રિકાલાતીત—ગુણાતીત-કર્માતીત-શબ્દાતીત છે. તે ચેતન્યસ્વરૂપ અનાદિ કાળથી પોતાના સ્વરૂપે સ્થિત છે, સંતોષમય છે,- સર્વોત્કૃષ્ટ સંતોષમય છે, પરમાનંદમય છે, અને પરમશાંત છે. મન,

બુદ્ધિ અને શરીરાદિ સંબંધવાળાં હોઈ એક બીજાને પ્રત્યાઘાત કરી શકે છે, પણ તેમાંથી કોઈ શુદ્ધાત્માને પ્રત્યાઘાત કરી શકે નહિ. ભગવાન સૂત્રકાર પણ ઉપદેશે છે કે " **तक्काजत्थ णविज्जाति मतितत्थ णगाहिता** "—તર્ક તેને પહોંચતા નથી અને મતિ તેને ગ્રહણ કરી શકતી નથી. જ્યારે આવું છે ત્યારે તે, તેને એટલે આત્માને પ્રત્યાઘાત શી રીતે કરી શકે ? આત્માનો તો પ્રત્યાઘાત કરવાનો સ્વભાવ જ નથી. આત્મા તો કેવલ આનંદમય જ છે.

જેઓની પૂર્વ કમાઇ બળવાન છે, જેમને સત્સંગની પ્રબળતા છે, જેમની સમજણ-શક્તિ પ્રબળ છે, ગ્રાહકશક્તિ પ્રબળ છે, જેઓ મહાભદ્રિક છે, જેઓનો અભ્યાસ અને વૈરાગ્ય પણ પ્રબળ છે, તેઓને સહજ રીતે અનુભવ થઇ શકે છે કે, આત્મા–શુદ્ધાત્મા કર્મની સાથે સંબંધવાળો નથી અને કશું દુઃખ કે પીડા પણ નથી; કેવલ સુખ, સુખ ને સુખ તથા આનંદ, આનંદ અને આનંદ જ છે. તેવા આનંદી પુરૂષોને શતશઃ ધન્યવાદ ઘટે છે. તેવા આનંદી પુરૂષો જ ઇશ્વરરૂપ છે, તેવા આનંદી પુરૂષો જ અર્ચનીય, વંદનીય, પૂજનીય છે.

ગોકુલભાઈ **નાનજીભાઇ** ગાંધી.

# શ્રી હિન્દુસ્તાનના સકળ જૈન સંઘને અપીલ.

## देरासरना ट्रस्टीओने नम्र सूचना.

દરેક ગામોના દેરાસરોમાં તપાસ કરીશું તો સાધારણ ખાતામાં ત્રુટો હશે. કોઈ એવું ગામ ભાગ્યેજ જોવામાં આવશે કે જ્યાં સાધારણ ખાતું સારા પાયા ઉપર હશે. આનું કારણ ફક્ત આપણા શ્રાવક ભાઇઓની **બીનકાળજી** ને **ગેરવ્યવસ્થા** જ છે. સાધારણ ખાતામાં ત્રુટાને લઇ દેરાસરોમાં મુનીમ કે ગોઠી તરીકે શ્રાવક રહી શકે નહીં, આથી જ્યાં જોઇશું ત્યાં શ્રાવક સિવાય અન્ય કોમના મુનીમ કે ગોઠી રાખવામાં આવે છે; પણ જેવું કામ શ્રાવકો મુનીમ કે ગોઠી તરીકે રહી કાળજીથી તથા અશાતના ટાળી કરશે તેવું બીજા નહીં જ કરી શકે.

શ્રાવકને સાધારણ ખાતાનો પગાર લઇ દેરાસરોમાં નોકરી કરવાનો કાંઈ પણ જાતનો બાધ નથી. કેટલાક શ્રાવકોના મનને એમ શંકા થાય છે કે, શ્રાવકને દેરાસરની નોકરી કરવી ને પગાર ખાવો તે ઠીક નહીં. પણ જો વિદ્વાન મુનિ મહારાજાઓને પુછશો તો તેઓ સત્ય વાત કહેશે કે, સાધારણ ખાતાનો પગાર લઈ શ્રાવકોને દેરાસરની નોકરી કરવામાં બાધ નથી. માટે જ્યાં સુધી ગોઠી કે મુનીમ તરીકે શ્રાવકો જ મળે ત્યાં સુધી બીજાને રાખવા જોઇતા નથી. કારણ કે શ્રાવકો **પોતાના** ધર્મની **લાગણીથીજ** કામ કરશે અને વળી અશાતના ટાળીને કરશે; વળી શું કરવાથી સાધારણ ખાતું સારા પાયા ઉપર આવે તેને માટે તે પુરતું લક્ષ આપશે.

સાધારણ ખાતા માટે દરેક શહેરોમાં નીચે પ્રમાણે ધારા બાંધી લાગો નાંખવામાં આવે તો શ્રાવકોને જણાય નહીં ને સાધારણ ખાતું સારા પાયા ઉપર આવેઃ—

૧ શ્રાવકના ઘર દીઠ (ચુલા દીઠ) બાર મહીને જ્યાં જેવો ચાલી શકે તે પ્રમાણે રૂ. ०। કે ०॥ કે રૂ. ૧ જેટલો સાધારણનો લાગો નાંખવો, જે દરેક ગામવાળાએ પોતાના ગામના દેરાસરમાં આપવો.

૨ દીકરાનું સગપણ કરતાં સાધારણનો લાગો ઉપર પ્રમાણે જેવો ચાલી શકે તે પ્રમાણે દીકરાનો બાપ આપે.

૩ લગ્ન પ્રસંગે દીકરાનો બાપ જે ગામમાં દીકરો પરણાવવા જાય ત્યાં ( ચોરીનો લાગો ) સાધારણ ખાતે કેટલેક ઠેકાણે લેવાય છે તે પ્રમાણે રૂ. ૩ થી ૫ સુધી જ્યાં જેવો ચાલી શકે તે પ્રમાણે આપે.

૪ પહેલું આણું દીકરાનો બાપ વળાવે ત્યારે દીકરાના બાપ પાસેથી સાધારણના લગતાનો રૂ. ૧) લઇને સાધારણમાં આપે.

૫ મરણ પછવાડે કારજ ન કરવું એવો કેટલેક ઠેકાણે ધારો છે ને કેટલેક ઠેકાણે હજી કરે છે; તો કારજ કરે ત્યાં કારજ ઉપર અમુક સાધારણનો લાગો નાંખવો ને કારજ ન કરે તે ધણીના નામથી શુભ ખાતે અમુક રકમ આપે તેમ તેણે સાધારણમાં કાંઇક આપવું જોઇએ.

૬ વેપાર ઉપર અમુક સાધારણનો લાગો નાંખવો જોઇએ. ( રૂ. ઉપર સો મણે અમુક રકમ ચાલી શકે તે પ્રમાણે; અનાજ વગેરેની ગુણી ઉપર એક પાઈ સુધીપણ લાગો નાંખવો જોઈએ. )

ઉપર પ્રમાણે સાધારણ ખાતા માટે લાગો કોઇ કોઇ ગામમાં છે ને ઘણે ઠેકાણે નથી; તો જ્યાં ન હોય ત્યાંના શેઠીઆઓ એકઠા મળીને ધારો બાંધવો જોઇએ અને બાર બાર મહીને ચીવટ રાખી ઉઘરાણી એકઠી કરવી જોઈએ. આ સિવાય દેરાસરના ચાલતા વહીવટમાં ને ઉપજમાં સાધારણ ખાતાનો અમુક ભાગ નાંખવો જોઇએ, કે જે ભાગ નાંખવો વ્યાજબી જેવો જ છે ને સંઘ મળી ઠરાવ કરે તેને માટે કોઈ જાતનો બાધ નથી.

પૂજા તથા સ્નાત્રની જે ઉપજ આવે છે તેમાં તેને અંગે લાગતું ખર્ચ તે ખાતે મંડાય છે તે બાદ કરતાં જે રૂપીઆ વધે તેના ચાર ભાગ પાડવા જોઈએ તેની વિગતઃ—

૧ સાધારણ ખાતાનો ચોથો ભાગ.

૧ કેસર-સુખડના વપરાસ ખાતાનો ચોથો ભાગ.

૨ ઉપજ ખાતાનો ( ભંડાર ખાતાનો જમે ) અડધો અડધ.

ઉપર પ્રમાણે ભાગ પાડી દરેક ખાતે જમે લેવું. મોટી પૂજા ભણાવાય છે તથા સ્નાત્ર ભણાવાય છે તેને અંગે સાધારણ તથા કેસર-સુખડનું ખર્ચ છે તો તેની ઉપજમાં તેને અંગે લાગતું ખર્ચ બાદ કરતાં વધારાના રૂપિયામાં ઉપર પ્રમાણે ભાગ પાડવાનો સંઘ ઠરાવ કરે તો થઇ શકે. ઉપર પ્રમાણે ધારો કોઇક ગામમાં છે પણ ખરો અને તે ઉત્તમ શ્રાવકના જ હાથથી થયેલો છે.

દરેક દેરાસરોમાં રૂપિયા વ્યાજે આપવાનો ધારો છે, તો તેનું વ્યાજ આવે તે પ્રથમ વ્યાજ ખાતે જમે કરવું ને તે બાર મહિનામાં જે વ્યાજની રકમ થાય તેમાં સાધારણ ખાતાનો ચોથો ભાગ કાઢી બાકી ઉપજ ખાતે જમે કરવો. સાધારણ ખાતે ચોથો ભાગ લેવાનું કારણ કે પ્રથમ તો જે નામું માંડવાના ચોપડા બંધાય તે સાધારણ ખાતે માંડી લેવા ને તેના વહીવટ કરનારા મુનિમ વગેરેનો પગાર પણ સાધારણ ખાતે મંડાય. તો તે બદલ વ્યાજની ઉપજમાંથી ચોથો ભાગ સાધારણ ખાતે જમે કરવાનો સંઘ ઠરાવ કરે તો થઇ શકે. મુંબઇમાં પણ પર્યુષણમાં સ્વપ્નના ઘીની ઉપજ ઘણી સારી થાય છે. કોઈ દેરાસરમાં આ ઉપજ સાધારણ ખાતે જમે લીધેલી છે; તો દરેક ઠેકાણે સ્વપ્નમાં ઘીની ઉપજ સાધારણ ખાતે જમે લેવી એમ સંઘ મળી ઠરાવ કરે તો થઈ શકે.

ઉપર પ્રમાણે સાધારણ ખાતા માટે લાગો તથા દેરાસરના વહીવટમાં આવતી ઉપજમાં ભાગ વગેરે નાખી પુરતું ધ્યાન આપવામાં આવે તો સાધારણ ખાતું સારા પાયા ઉપર આવી જાય ને દરેક ઠેકાણે મુનિમ તથા ગોઠી માટે સારા આચરણવાળા શ્રાવકોને રાખી શકાય. વળી દરેક દેરાસરોમાં અગરબત્તી તથા કેસર વગેરેનું વેચાણ થાય છે, તો દેરાસરોમાં વપરાતી જણસનું લીસ્ટ રાખી એકંદર મહીને મહીને જે વપરાણું હોય તે કેસર સુખડના વપરાસખાતે માંડી દરેક દરેક જુદે જુદે ખાતે જમે થાય. ને વેચાણ થાય તે પણ દરેકનું જુદું જુદું ખાતું હોય તેમાં જમે થાય, જેથી બાર મહીને દરેક ખાતાનો મેળ કાઢી શકાય ને દરેક ખાતામાં શું વટાવ થયો તે પણ નીકળી શકે; ને તે વટાવ થાય તે સાધારણ ખાતે જમે લઇ શકાય. કારણકે તે એક જાતનો વેપાર છે ને તે સાધારણના પગારદારો કરે છે.

શ્રાવક ભાઇઓ ચીવટ રાખશે તો સાધારણ ખાતું સારા પાયાપર આવશે ને સાધારણ ખાતાનો વધારો હશે તે બીજા સારા કામમાં વાપરવો હશે તો વાપરી શકાશે, પણ બીજા ખાતામાંથી સાધારણ ખાતે વાપરી શકાશે નહીં. સંઘ મળી ઉપર પ્રમાણે ઠરાવ કરે તો થઇ શકે.

શ્રીસંઘનો દાસ,
**પારેખ ત્રિભોવન મલુકચંદ.**

---

# લેખકોને નિમંત્રણ.

## जैनो अने जैन धर्म विषये केवां लखाणोनी जरुर छे ?

આવતા પવિત્ર પર્યૂષણમાં અમે એવી પ્રભાવના કરવા માગીએ છીએ કે જેથી જ્ઞાન સાથે કર્તવ્ય દિશા પ્રાપ્ત થાય. આ માસિકનો ખાસ અંક કે જેને 'પર્યૂષણ અંક' નામ યોગ્ય રીતે આપ્યું છે તેમાં જૈન તેમજ જૈનેતર વિદ્વાનોને પોતાના વિદ્વત્તાભરેલાં સુરસ અને ઉપયોગી લેખ મોકલવા ખાસ આમંત્રણ કરેલું છે અને તેની

સાથે દરેકને વિધવિધ વિષયો સૂચવ્યા છે. આ વિષયોની ચુંટણી એવા પ્રકારની કરી છે કે તે પરથી જૈન, જૈન સાહિત્ય અને જૈનધર્મ માટે કેવા કેવા લેખોની જરૂર છે તે તુરત જણાઇ આવે. આથી અમે તે વિષયોની સૂચિ ઉપયોગી ધારી, અહીં પ્રગટ કરીએ છીએ:–

૧ જૈન પ્રાચીન સાહિત્ય.
૨ જૈનોએ સાહિત્યમાં આપેલો ફાળો.
૩ જૈન પ્રાચીન કાવ્યમાળાની યોજના.–તે કઇ રીતે સફલ થાય ?
૪ જૈનોની પ્રાચીન લેખ પદ્ધતિ.
૫ જૈનોની અસલની નામું માંડવાની પદ્ધતિ.
૬ શ્રીમદ્ સરકાર ગાયકવાડે જૈન સાહિત્ય માટે કરેલો પ્રયાસ.
૭ પાટણના ભંડાર.
૮ જૈન પંચાંગ બનાવવા માટે સાધનો.
૯ જૈન સાહિત્યનો વિકાસ કેમ થાય ? તે માટે જૈનોએ શું કરવું જોઇએ ?
૧૦ જૈન નાટકો.
૧૧ સ્વ. ડાહ્યાભાઇની નાટકલેખક તરીકેની સફલતા કેટલે અંશે થઈ છે ?
૧૨ જૈન સંસ્કૃત નાટકો.
૧૩ જૈન સંસ્કૃત સાહિત્ય.
૧૪ જૈન ન્યાય.
૧૫ જૈન સાહિત્યના પ્રાચીન ગ્રંથો.
૧૬ જૈનોની ગુજરાતી પ્રાચીન ભાષાનું સ્વરૂપ.
૧૭ સ્વ. મણિલાલ નભુભાઇની જૈન સાહિત્ય પ્રત્યે સેવા.
૧૮ સ્વ. હરિલાલ ધ્રુવની ગુ. ભાષા સેવા.
૧૯ પ્રાચીન ગુજરાતી ભાષા અને હાલની ભાષામાં વિશેષ અંતર છે કે નહિ ?
૨૦ સરસ્વતીચંદ્રમાં જૈન સંબંધે ઉલ્લેખ.
૨૧ જૈન સ્તોત્રો.
૨૨ શ્રીમદ્ શંકરાચાર્ય અને જૈનો.
૨૩ જૈન યોગ.
૨૪ જૈન જ્યોતિષ.
૨૫ જૈન શિલાલેખો; કઇ રીતે શિલાલેખો વાંચી શકાય અને તેનો સંગ્રહ શી રીતે થઈ શકે ?
૨૬ પ્રાચીન જૈન મંદિરોની શોધખોળ કેવી રીતે કરવી અને તેને માટે સરકાર સાથે શું ગોઠવણ કરી શકાય ?
૨૭ જૈનોની વિવાહ પદ્ધતિ.
૨૮ જૈન પ્રાકૃત સાહિત્ય.
૨૯ પ્રાકૃત ભાષા કેમ ખીલવી શકાય ?
૩૦ પાણીની અષ્ટાધ્યાયી અને હેમચંદ્રની અષ્ટાધ્યાયીમાં અંતર.
31 Jain Archeology.
32 Hemchndra or Malli shen as a logician.
33 Hemchndra or Malli shena as a philosopher.
34 Prakrit Language and Jain Literature.
35 Jain Logic.
૩૬ કુમારપાળ રાજન્ સમયની દેશસ્થિતિ.
૩૭ હેમચંદ્ર સૂરિની સમગ્ર ગુજરાતની ધર્મભાવનાપર અસર.
૩૮ જૈનોએ ગુજરાતના ઇતિહાસમાં બજાવેલી સેવા.
૩૯ પાટણનો ઇતિહાસ.
૪૦ બંગાલી ભાષામાં જૈનીય સાહિત્ય.
૪૧ મરાઠી ભાષામાં જૈનીય સાહિત્ય.
૪૨ મહાવીર સમયમાં સાધુઓની સ્થિતિ.
૪૩ મહાવીર સમયમાં સંઘની વસ્તી.
૪૪ મહાવીર સમયના રાજાઓની ઐતિહાસિક તપાસ.
૪૫ મહાવીર ચરિત્ર પરથી ઉદ્ભવતો બોધ.
46 Mahavir as a preacher.
47 Mahavir as a philosopher.
48 Mahavir as a student.
49 Mahavir as a propounder of religion.
50 Comparision between **Mahavir** and Buddha.

૫૧ જૈન ધર્મની પ્રાચીનતા.
૫૨ જૈનો અને જાતિભેદ.
૫૩ જૈનોમાં પ્રાયશ્ચિત.
૫૪ જૈન કથા સાહિત્ય.
૫૫ જૈન સૂત્રો પ્રકટ કરવાની યોજના.
૫૬ પ્રાકૃત ભાષાનો પુનરૂદ્ધાર.
૫૭ જૈનો અને શબ્દકોશ.
૫૮ જૈનોના ગુજરાતી સાહિત્યથી વર્તમાન સાહિત્ય પર પડતો પ્રકાશ.
૫૯ જૈનોએ ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીમાં ભજવેલો ભાગ.
૬૦ જૈન પ્રત્યેનો પૂર્વકાલિક તિરસ્કાર શેને આભારી હતો?
૬૧ જૈન કવિઓ.
૬૨ વીરપુત્રો ક્યારે બની શકીએ?
૬૩ જૈનોને હમણાં શેની જરૂર છે?
૬૪ ગૃહસ્થની દિનચર્યા.
૬૫ કર્મયોગી વીર કોણ?
૬૬ ખરો જૈન કોને કહેવો?
૬૭ જૈનો આગળ કેમ વધે?
૬૮ જૈનોનું પરાવર્તન.
૬૯ જૈન દીક્ષા બીજા કરતાં કઇ રીતે ચઢે છે?
૭૦ ખરા સમાજસેવક કેમ બની શકીએ?
૭૧ જૈનો અને વ્યાપાર.
૭૨ જૈનોની પ્રાચીન અને હાલની વ્યાપાર કળા.
૭૩ ઝવેરાતનો વ્યાપાર.
૭૪ જૈનોની સ્થિતિ સુધારો.
૭૫ પ્રાચીન વ્યાપાર પદ્ધતિ.
૭૬ વૈશ્ય અને અન્ય વર્ણ સાથે સંબંધ.
૭૭ જૈન ટ્રેનિંગ કૉલેજ કેવી હોવી જોઇએ?
૭૮ જૈનોની વર્તમાન જાગૃતિ.
૭૯ જૈનોની ઘટતી વસ્તીનાં કારણ અને તેનો ઉપાય.
૮૦ જૈનોનું ભવિષ્ય.
૮૧ જૈનોની પ્રાચીન-અર્વાચિન સંસ્થાઓ.
૮૨ જૈનોમાં કેલવણી કેમ વધે?
૮૩ જૈનપાઠશાળાઓનું બંધારણ-તેને વ્યવહારૂ કેમ બનાવાય?
૮૪ જીવદયાપ્રસારની સરસ રીત.
૮૫ શું રેશમ અને મોતી જૈનોને કલ્પ્ય છે?
૮૬ **વીર**પ્રભુનાં બાલકો.
૮૭ ધર્મઢોંગ.
૮૮ જૈન ધાર્મિક શિક્ષણ સરકારી શાળામાં વ્યવહારૂ કેમ બને?
૮૯ હાલના સાધુઓની સુધારણા.
૯૦ જૈન સાધુઓ કેટલી કેટલી રીતે શ્રાવકને ઉપયોગી-ઉપકારી થઇ શકે?
૯૧ હાલના વિચારકોએ કઇ શ્રેણીએ જવા જોવું છે?
૯૨ હાલની સ્થિતિ આપણને કયાં લઈ જશે?
૯૩ જૈનોમાં ગુણાનુરાગ દૃષ્ટિ કઇ રીતે વધે?
**९४ उदारचरितानां तु वसुधैव कुटुंबकम्**
**९५ महाजनो येन गतः स पंथाः**
**९६ कर्मण्येवाधिकारस्ते.**
૯૭ જૈનોનો ભક્તિયોગ.
૯૮ કુટુંબ ભાવના.
99 Duties of Educated Jains.
100 Are educated Jains truly religious?
101 Social Status of Jains in India.
102 How Jains can take their legal share in politics.
103 Social organism; how to improve it.
104 Social reform among Jains.
૧૦૫ સમાજના નાયકો કેવા હોવા જોઇએ?
૧૦૬ હાલના આગેવાનોની ફરજ.
૧૦૭ ઉપદેશકના ગુણો.
108 A Bird's-eye-view of the present state of Jains in the light of a non-Jain.
109 Co-operation of wealthy and educated Jains.
110 Jain litigation.

111 Means of unification of Jains; common Jainism.
૧૧૨ સ્ત્રીઓ ગૃહને સુંદર અને સ્વચ્છ કેમ બનાવી શકે?
૧૧૩ જૈનોએ સ્ત્રીઓમાં જ્ઞાનપ્રસાર માટે શું કરવું જોઇએ?
૧૧૪ આદર્શ સૌભાગ્યવતી.
૧૧૫ સમાજસેવિકા.
૧૧૬ ઘર બેઠાં સેવિકા કેમ થઇ શકાય?
૧૧૭ સ્ત્રીઓને સ્વતંત્રતા કેવી અને કેટલી આપવી?
૧૧૮ સ્ત્રીઓ માટે કસરતો.
૧૧૯ પવિત્ર વૈધવ્ય જીવન.
૧૨૦ જૈન સ્ત્રીઓની સ્થિતિ-તે સુધારવાના ઉપાય.
૧૨૧ જૈન સ્ત્રી સંસ્થાઓ.
૧૨૨ સ્ત્રીઓનું દૈનિક કાર્ય.
૧૨૩ સ્ત્રીઓના ચાલુ રોગ અને ઉપાય.
૧૨૪ સતી થવાનો રિવાજ શું પસંદ કરવા લાયક હતો?
૧૨૫ બાલકો માટે સાહિત્ય.
૧૨૬ દુકાળ વખતે ઢોરની સેવા કેમ કરી શકાય?
૧૨૭ કુતરાંની વિશ્વવ્યવસ્થામાં જરૂર.
૧૨૮ જૈન તીર્થો; તેનું સંરક્ષણ; તે સંબંધી ઉઠતા હક્ક માટે સમાધાન.
૧૨૯ **આનંદઘન**જીની અધ્યાત્મદશા.
૧૩૦ **આનંદઘન**જી અને **યશો**વિજયજીની તુલના.
૧૩૧ **યશો**વિજયજી અને જૈન ન્યાય.
૧૩૨ **માન**તુંગસૂરિ.
૧૩૩ જૈન પ્રભાવકો.
૧૩૪ **રાજ**સુર અને **આનં**દસૂર-પક્ષ શા કારણથી પડયા?
૧૩૫ **આનં**દવિમલ સૂરિનો ક્રિયોદ્ધાર કેવા પ્રકારનો હતો?
૧૩૬ **મલ્લ**ધારીનો અર્થ, અને **થારા**પદ્રીય વગેરે ૮૪ ગચ્છોની હકીકત.
૧૩૭ **ઓસવાલ પોરવાડ** વગેરેની ઉત્પત્તિ.
૧૩૮ **મહાવીર** સમયના ત્રણસેં પાખંડીઓ.
૧૩૯ **મહાવીર**નો કાલ નિર્ણય કરતાં **રહેતી** મુસ્કેલીઓ.
૧૪૦ સ્વ. **વીર**ચંદ ગાંધીનું જીવન અને કાર્ય.
૧૪૧ રાજન્ કુમારપાળ અને ગુજરાત.
૧૪૨ **ચિદાનં**દજીનો ઇતિહાસ અને યોગનિષ્ઠતા.
૧૪૩ જૈન ઐતિહાસિક રાજાઓ અને પુરૂષો.
૧૪૪ જૈનોએ ગુજરાતના ઇતિહાસમાં બજાવેલી સેવા.
૧૪૫ જૈન મંત્રીઓ-પ્રધાનો.
૧૪૬ જૈન ઐતિહાસિક સ્ત્રીઓ.
૧૪૭ વ્યાવહારિક શિક્ષણમાં ધાર્મિક શિક્ષણ કેટલે અંશે આવશ્યક છે?
૧૪૮ પ્રતિક્રમણનું શિક્ષણ કેટલા વર્ષનાં વિદ્યાર્થીને આપવું યોગ્ય છે અને તે સંગીનરૂપમાં કેમ આપી શકાય?
૧૪૯ જૈન વાંચનમાળા કેવી હોવી જોઇએ?
૧૫૦ ભાષા સાહિત્યથી દેશની ઉન્નતિ.
૧૫૧ ધર્મજીવન.
**૧૫૨ धर्मस्य तत्त्वं निहितं गुहायां.**
૧૫૩ જૈન ધર્મનું રહસ્ય (Mysticism.)
૧૫૪ સ્યાદ્વાદ.
૧૫૫ મિથ્યાત્વનું સ્વરૂપ.
૧૫૬ પ્રમાણ રહસ્ય.
૧૫૭ નય બોધ.
૧૫૮ નિક્ષેપ જ્ઞાન.
૧૫૯ પ્રમાણ અને નયનો સંબંધ.
૧૬૦ સપ્તભંગી.
૧૬૧ કર્મ મિમાંસા.
૧૬૨ મોહનીય કર્મ.
૧૬૩ લેશ્યાનું સ્વરૂપ (વિસ્તારથી.)
૧૬૪ કાલ વિવરણ.
૧૬૫ ચૌદ ગુણસ્થાન સમજવા માટે પ્રસ્તાવ.
૧૬૬ જૈનમાં **ચં**દ્રકાંત જેવા પુસ્તક રચવા માટેની યોજના-સંકલનાદિ.

૧૬૭ મિથ્યાત્વનું સ્વરૂપ.
૧૬૮ શું અન્યધર્મીઓ મિથ્યાત્વી છે?
૧૬૯ જૈન દર્શન અને વેદાંત દર્શનની તુલના.
૧૭૦ જૈન અને બૌદ્ધ દર્શનમાં રહેલ સમાનતા અને ભિન્નત્વ.
૧૭૧ જૈન, બૌદ્ધ અને વેદાંતની એકવાક્યતા.
૧૭૨ જૈનોનું અન્ય દર્શનોમાં સ્થાન.
૧૭૩ ઔદારિક આદિ પાંચ શરીરોનું સ્પષ્ટીકરણ.
૧૭૪ વર્ગણાનું સ્વરૂપ.
૧૭૫ ષટ્કારક.
૧૭૬ પંચ સમવાય.
૧૭૭ યથાખ્યાતાદિ ત્રણ કરણનું સ્વરૂપ.
૧૭૮ નિશ્ચયધર્મ.
૧૭૯ શુદ્ધ માર્ગનું સ્વરૂપ.
૧૮૦ સમ્યકત્વનું શુદ્ધ લક્ષણ.
૧૮૧ જીવની નિગોદથી તે મનુષ્ય સુધીની ઉત્ક્રાંતિ અને તેમાં યથાપ્રવૃત્તિ આદિ ત્રણ કરણનું પૂર્ણ સ્વરૂપ.
૧૮૨ વનસ્પતિમાં સાયન્સ દૃષ્ટિએ જ્ઞાનતંતુઓ.
૧૮૩ વિશ્વવિષે મિલનો સિદ્ધાંત.
૧૮૪ વિશ્વવ્યવસ્થા સંબંધે જૈનનિર્ણય.
૧૮૫ જડ અને ચૈતન્યનો સંબંધ.
૧૮૬ એક જલબિંદુનું પરિક્રમણ.
૧૮૭ પ્રાર્થનાનું રહસ્ય(Psychologically.)
૧૮૮ માનસ શાસ્ત્ર અને ધર્મ.
૧૮૯ અજ્ઞાન પરિસહ.
૧૯૦ સમ્યકત્વ પરિસહ.
૧૯૧ જૈનધર્મ અને ફ્રેંચ ડા. ગૅરિનો.
૧૯૨ ધર્મનું વ્યાવહારિક સ્વરૂપ.
193 Is electricity a matter?
૧૯૪ જૈન સિદ્ધાંત અને આરોગ્યશાસ્ત્ર.
૧૯૫ 'સાયન્સ' દૃષ્ટિએ જૈનધર્મ.
196 Theosophy in Jainism.
197 Jainism as a practical religion.
198 Jain theory of Universe tested by science.
૧૯૯ અષ્ટ દૃષ્ટિ.
૨૦૦ આત્મતત્ત્વ.
૨૦૧ જૈન શિલ્પવિદ્યા.
૨૦૨ સાયન્સને લગતી બાબતો જૈન શાસ્ત્રોમાં ક્યાં ક્યાં અને કેવા રૂપમાં મળી આવે છે?
૨૦૩ ભક્તિયોગ જૈન દૃષ્ટિએ.
૨૦૪ જૈન યોગશાસ્ત્ર; એ જ્ઞાન ખરા સ્વરૂપમાં કેળવવાનાં સાધનો; એક વર્ગ (Class) એવો બનાવી શકાય ખરો?
૨૦૫ "Sons of India" જેવો વૉલંટીઅર વર્ગ જૈન સંઘ અને જૈન જ્ઞાતિઓના ઉદ્ધાર અને સેવા માટે બની શકે એવો સંભવ છે? એક યોજના સૂચવો.
૨૦૬ જૈન શાસ્ત્રોના ભાષાંતર માટે સર્વોપયોગી અને વ્યવહારૂયોજના.
૨૦૭ ત્રણે જૈન ફીરકાને ઉચ્ચ ચારિત્ર, કર્ત્તવ્યપરાયણતા, પ્રગતિસૂચક વિચારો અને ખબરો આપે એવું એક સાપ્તાહિક પત્ર હોવાની જરૂર; એ પત્ર કેવા પાયા ઉપર ચલાવવું જોઇએ? સાધનો અને કર્ત્તવ્યસીમા.

* * *

ઉપર સૂચવેલા ૨૦૭ વિષયો છૂટથી ચર્ચવા યોગ્ય છે, વિદ્વાન મુનિરાજો, વ્યવહારકુશળ જૈન અગ્રેસરો તેમજ વિદ્વાનો અને જૈનશાસ્ત્રોના અભ્યાસીઓએ આ વિષયોનું લીસ્ટ કાળજીપૂર્વક વાંચી જઇને પોતપોતાના અનુભવ કે અભ્યાસને લગતા વિષયો ઉપાડી લઇને તે ઉપર બીજા અનુભવીઓ તથા ગ્રંથોમાંથી વધુ પ્રકાશ મેળવી 'હૅરોલ્ડ'ના ખાસ અંક માટે લેખો લખી મોકલવા કૃપા કરવી; એટલું જ નહિ પણ ખાસ અંક બહાર પડયા પછી પણ આ વિષયો ઉપર જૈન ધર્મમાં તેમ જ જાહેર પેપરોમાં અને અલાયદાં પુસ્તક રૂપે આ વિષયો ચર્ચવા અમારી આગ્રહપૂર્વક નમ્ર અરજ છે. —અધિપતિ, 'કૉ૦ હૅ૦'

# સ્વીકાર અને સમાલોચના.

**કચ્છી વીસા ઓસવાળ (દેશવાસી) જૈન પાઠશાળાઃ—**મુંબઇ ૮ મો વાર્ષિક રિપોર્ટ આ જૈન પાઠશાળા મુંબઇમાં જીવતી અને જાગતી ચાલે છે તે જાણી આનંદ થાય છે. આપણી ઘણી જૈન પાઠશાળાઓ માંડમાંડ નભતી, વખતે સૂઇ જતી, વળી પગભર થતી, અને પાછી મૃત થતી જોવામાં આવે છે, તેમજ કેટલીકમાં સારી રીતે શિક્ષણ અપાતું નથી, વળી કેટલીક સારી રીતે શિક્ષણ આપતી હોય તો તેને માટે સ્થાનિક ગૃહસ્થો તરફથી કે કોઇ સખી ગૃહસ્થ કે સંસ્થા તરફથી પોષણ મળતું નથી. આમ અનેક અનેક કારણોને લઇને જૈનશાળાઓથી મળતા ધાર્મિક શિક્ષણનો પ્રસાર ઉગતી પ્રજામાં થઈ શકતો નથી આ જાણી અમોને અત્યંત ખેદ થાય છે. આની અપેક્ષાએ જ્યારે અમુક સંસ્થાઓ જાગતી જીવતી જોવામાં આવે ત્યારે આનંદ કેમ ન થાય ? અવશ્ય થાય જ.

આ પાઠશાળામાં ધાર્મિક સાથે વ્યાવહારિક જ્ઞાન આપવામાં આવે છે. દરેકનો શિક્ષણક્રમ ઘણો માર્ગદર્શક, સરલ, અને પદ્ધતિપુરઃસર રાખેલ છે તેને માટે તેના કાર્યવાહી અને નિયંતાઓનો ધન્યવાદ ઘટે છે. સેક્રેટરી રા. રા. નાનચંદ માણેકચંદ મહેતાના પરિશ્રમના પરિણામે વ્યવસ્થા બહુ સારી રખાઇ છે તેથી તેનો ઉપકાર આ સંસ્થાએ સ્વીકારવાનો છે. અમે આમાં રાખેલ શિક્ષણક્રમ દરેક પાઠશાળાને જોવા વિચારવાની ભલામણ કરીએ છીએ અને આની ઉન્નતિ શિક્ષણમાં વધુ થાય એ ઇચ્છીએ છીએ, જૈનોમાં જ્ઞાનના પ્રસાર સાથે જ જૈન કોમની ઉન્નતિ છે અને તેમાં રહેલ કુસંપ, સહિષ્ણુતા, અધૈર્ય અંધતા, એ સર્વનો નાશ છે. તો Deeper and deeper let us roll, In the mines of knowledge. જ્ઞાનના ભંડારોમાં જેમ ઉંડા ને ઉંડા જવાય તેમ ચાલો આપણે બધા વિહરીએ.

**वंदे जिनवरम्** પુ. ૫. અં. ૨ મે. ૧૯૧૩. પૃ. ૪૦ આ નામનું દિગંબરીય માસિક મરાઠી ભાષામાં રા. આર. આર. ખોવડે, વકીલના તંત્રીપદ નીચે નીકળે છે અને તેના પ્રસિદ્ધકર્તા કૃષ્ણાજી રામચંદ્ર લાટકરગામ નીવાણી છે દરેક ભાષામાં જૈનધર્મની ઉપયોગિતા, અને તેમાં રહેલું રહસ્ય સમજાવવા માટે, તેમ જ તે તે ભાષા બોલતા જૈન ધર્માવલંબીઓના બોધ માટે જૈનપત્રની ઘણી જ જરૂર છે, અને આવી જરૂર દિગંબર બંધુઓ પીછાની શક્યા છે જાણીઘણો આનંદ થાય છે અને તેવી જરૂર શ્વેતાંબર બંધુઓ પીછાનશે એમ અમે આશા રાખીએ છીએ. દિગંબર બંધુઓનાં ત્રણ માસિક પત્રો જાણ્યામાં છે. ૧ જૈન હિતેષી. હિંદી ભાષામાં કે જે વિદ્વાન્ બંધુ નથૂરામ પ્રેમી સંપાદિત કરે છે. તે મુંબઇથી નીકળે છે. ૨. આ પત્ર મરાઠીમાં, ૩ દિગંબર જૈન ગુજરાતીમાં સુરતથી નીકળે છે.

આ પત્રમાં વિશેષ સારા અને ઉપયોગી લેખો લાવવાની જરૂર છે. મરાઠીમાં રા. તાત્યા પાંગળે સારા લેખક છે અને તેવા બીજા સારા લેખકોને વિનતિ કરી તેમના તરફથી આવતા લેખો પ્રસિદ્ધ કરવામાં આવે તો આ માસિક આથી ઘણું વધુ દીપી શકે તેમ છે. એકંદરે આમાં આવતા લેખો સાદી અને સરલ ભાષામાં લખાયેલા છે. અને તેથી

જનસમજને ઠીક વાંચન પૂરૂં પાડે છે. આનું પાંચમું વર્ષ ચાલે છે હમણાં વળી એકાદ એ ચિત્ર પણ આપવામાં આવે છે. મરાઠીભાષા બોલનારામાં આ માસિક વધુ ફેલાશે અને વંચાશે એવું ઇચ્છીએ છીએ.

**જિનાચાર વિધિ**—(લેખક આર. આર. બોવડે. વકીલ મૂર્તિજાપુર. પ્રસિદ્ધકર્તા કૃષ્ણાજી રામચંદ્ર લાટકર. નેપાણી. પૃ. ૧૪૬ કિં. રૂ. એક) આ પુસ્તક દિગંબર બંધુઓ માટે મરાઠીમાં લખાયું છે અને તેમાં સ્નાનપૂર્વે કરવાની વિધિ અને સ્નાન પછી કરવાની વિધિનોસમાવેશ કરવામાં આવ્યો છે. લેખકે આ લખવામાં અનેક સમર્થ દિગંબર વિદ્વાનોનાં પુસ્તકોનો આધાર લઇ ઘણો પરિશ્રમ સેવ્યો છે. વળી આમાં ભોજનવિધિ, પ્રાયશ્ચિત, સૂતક, રાત્રિભોજનત્યાગ આદિ અનેક ઉપયોગી વિષયો ચર્ચ્યા છે, વિધિક્રિયાત્મક પુસ્તકોની જરૂર છે એમ બંને નય સમજનાર મુક્તકંઠે કબુલ કરશે. આજકાલ પ્રાચીન વિધિમાં રહેલ હેતુ, રહસ્ય ન સમજાતાં તે પ્રત્યે ગુણવિઘાતક તિરસ્કાર જોવામાં આવતો હોય તો આવા સાંપ્રદાયિક અને ઉત્તમ લેખકોથી લખાયેલ પુસ્તક તે તિરસ્કાર દૂર કરી શકે તેમ છે એમાં કોઈ જાતનો શક નથી. દરેક દિગંબર શ્રાવક બંધુએ આ ગ્રંથ અવલોકવા યોગ્ય છે.

**સનાતન જૈનધર્મ**—(સં. શ્રીલાલ જૈન શાસ્ત્રી–પ્રકાશક પં. પન્નાલાલ બાકલીવાળા જૈનમંત્રી જૈનધર્મ પ્રચારિણી સભા–કાશી. પૃષ્ટ ૧૬ કિં. ના આનો.) આ નાનું ચોપાનીયું દિગંબર જૈનની ભેટ તરીકે મળ્યું છે. તેમા મોક્ષ માર્ગના ઉપાયભૂત સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યગ્ચારિત્ર એ ત્રણનું ટુંકામાં ટુંકું સ્વરૂપ જણાવવાનો પ્રયત્ન કરેલ છે. આ વાંચવા જેવું છે. અમારા અધીનમત પ્રમાણે સમ્યગ્દર્શન એટલે શું, કેમ પ્રાપ્ત થઇ શકે? તેનાં લક્ષણ, ફલ, વગેરે એવો સરસ વિષય છે કે તેના પર આવા અનેક ચોપાનીયાં નીકળે; અને તેવાં ચોપાનીઆં કાઢવા એ વધારે ઉપયોગી નીવડશે. આ ચુન્નીલાલ જૈન ગ્રંથમાલાનો ૧ લો મણકો છે. આવા અનેક મણકા નીકળો એ ઇચ્છીએ છીએ, આવા મણકા શ્વેતાંબર ભાઇઓમાં કયારે નીકળતા જોઇશું? જે કોઇ નીકળે છે તો તે ખરાબ કાગળપર અને અસુંદર લખાણવાળા નીકળે છે. તો તેવું અનુકરણ શ્વેતાંબર બંધુઓ કરશે.

**ચરિત્રમાળા**—(મુનિ **માણેક**કૃત. પૃ.૫૪, કિં દોઢ આનો. પ્ર૦ જૈનમિત્રમંડળ–માંડળ) આમાં સ્વ૦ શ્રીમન્ મોહનલાલજી, પં. હર્ષમુનિ, મુનિ જયમુનિ, પદ્મમુનિ, રંગમુનિ, ભક્તિમુનિ, ક્ષમામુનિ, એ પોતાના ગુરૂપરંપરાના શિષ્યાદિનાં ટુંક વર્ણન છે. ચરિત્રની જે દૃષ્ટિ હોય તે દૃષ્ટિએ લખાયેલા નથી, છતાં તેમાંથી તારીખ, બનાવ, વગેરે જે જોઇએ તે બધા સરલ અને સાદી ભાષામાં આપેલ છે તેથી તે ઉપયોગી થઇ પડશે. આની સાથે ચાર પાંચ ઉપયોગી વિષયો પણ આપવામાં આવ્યા છે.

| | | |
|---|---|---|
| **સદ્બોધ ચિંતામણિ અને ગુણમાલા.** | કિં.૪ આના–પૃ.૭૮ | લેખક મુનિશ્રી **માણેક**.પ્ર૦ જૈનમિત્રમંડળ–માંડળ–(વિરમગામ.) |
| **માણેકમાળા.**(રૉયલ સોલપેજી. | કિં.૧ આનો–પૃ.૪૮ | |
| **વિશ્વાનુભવ અને દર્પણ શતક** (,,) | કિં.૧ાાઆનો–પૃ.૧૦૦ | |
| **સકામ નિર્જરા અને નારીહિત શિક્ષા.** | કિં.૩ આના–પૃ.૬૬ | |

મુનિશ્રી **માણેક** મુનિથી વાંચક વર્ગ અજાણ્યો નથી. તેઓ જૈન પત્રમાં દર અઠવાડીએ એક લેખ મોકલવાના અને તે આવવાનો. આ દરેક લેખ એવી સાદી અને સમજી શકાય

તેવી ભાષામાં લખેલ હોય છે કે સામાન્ય જનસમૂહ તે વાંચી અવસ્ય કંઇને કંઇ લાભ મેળવી શકે. લોકભોગ્ય સાહિત્ય આપણે સૌએ ઘણી સારી રીતે ઉત્પન્ન કરાવી પ્રસાર કરાવવું ઘટે છે. જેઓ આ સાહિત્યમાં ફાળો આપી શકે તેવાઓને સરલ ભાષા ઉપરાંત સંસ્કારી ભાષામાં સાંકળ પછી સાંકળ આવે તેમ લખવા વિનવવાનું છે. મુનિશ્રી **માણેક** ઘણા પ્રયત્નશીલ, ધર્મપ્રસારની અખંડ ભાવનાવાળા, સૌમ્ય અને શાંત મુનિ છે. તેઓ પોતાના પ્રવાસમાં કંઇને કંઈ લેખન પ્રવૃત્તિમાં સતત જોડાયા રહી પોતાને જે અવલોકન થયું હોય, જે ઉપયોગી લાગ્યું હોય તે છાપાદ્વારા, પુસ્તકદ્વારા બહાર પાડે છે જાણી અમોને તે પાંતીનો બહુ સંતોષ થાય છે. ઉપલાં બધાં પુસ્તકો દોહરામાં લખ્યા છે, અને તે દરેક દોહરાનો અર્થ આપ્યો છે. સદ્બોધ ચિંતામણીમાં અંતકાળ વખતની વિધિ ને દુખીને દિલાસો આપેલ છે. ગુણમાળામાં અને માણેકમાળામાં વિશ્વાનુભવ અને દર્પણશતકમાં સામાન્ય બોધ છે. સકામનિર્જરા અને નારીહિત શિક્ષા–એ બે ભેગા પુસ્તકમાં સકામનિર્જરા અને અકામનિર્જરા કોને કહેવી એ દૃષ્ટાંતથી બતાવ્યું છે, તથા નારીના હિતની શિખામણ આપી છે. આ સર્વ સામાન્ય સ્ત્રી પુરૂષોને ઉપયોગી છે. વ્યુત્પત્તિમાં ઘણા સુધારાનો અવકાશ છે. પ્રાસત્રુટિ માટે ખાસ ઉપયોગ રાખવો ઘટે છે અને દીર્ઘ અભ્યાસ, કાવ્યાભ્યાસ, તેમ જ સુંદર લેખનપદ્ધતિનો સ્વિકાર કરવો ઘટે છે. ગદ્યમાં બોલીએ કે લખીએ તે પ્રાસમાં ગોઠવી દેવું એ કાવ્ય નથી એ ખાસ લક્ષમાં રાખવા યોગ્ય છે'

**ચંપક શ્રેષ્ઠીનું ચરિત્ર.** પૃ–કિં. } લેખક મુનિ **માણેક** પ્ર૦ જૈનમિત્રમંડળ
**સતી શિયળવંતી.** પૃ–૧૮૧કિં.૩ આના } માંડળ. માંડળ એ વિરમગામ પાસે ગામ છે તેમાં કેટલાંક જૈન યુવકોએ ઉત્સાહપૂર્વક આ મંડળ કર્યું છે અને તેને મુનિ માણેકમુનિ સારો માર્ગ બતાવી આશ્રય આપે છે. આ મંડળે અત્યારસુધી આઠ પુસ્તકો છપાવ્યાં છે. તેમાં ઉપલા પાંચ અને આ બેનો સમાવેશ થાય છે. અને આઠમું સતિ નર્મદાચરિત્ર છે. ઉત્તમ આર્ય મહાપુરૂષો અને સ્ત્રીઓનાં ચરિત્રો સારરૂપે તેમજ વાંચકને રસ પડે તેવી રીતે લખીને—લખાવીને પ્રગટ કરવાં એ સામાન્ય જનોમાં ધર્મનો પ્રસાર કરવાની ઉત્તમ કૂંચી છે.

**ઝેરી જાનવરોના ડંખના તાત્કાલિક ઈલાજો**—( કર્તા **દીનશાહ** દાદાભાઈ દોરડી. પૃ. ૧૩૪ પ્રગટકર્તા. ગોરખા ગ્રંથ પ્રચારક મંડળી. જામેજમશેદ પ્રિ. પ્રેસ. મુંબઈ, ફક્ત દેશાવર ખાતે મુફત વહેંચવા સારૂ ). આ ઉપયોગી પુસ્તક લોકોમાં મફત વહેંચવા સારૂ ઉક્ત મંડળીએ પ્રગટ કર્યું છે તે માટે તેને ધન્યવાદ ઘટે છે. ડાકટર ધનજીશાહે અકસ્માત વખતે લેવાના ઉપાયો પર પુસ્તક રચ્યા પછી ઝેરી જાનવરોના ડંખ માટે ઉપાય બતાવવાનું માન પણ એક પારસી ગૃહસ્થ ખાટી જાય છે જાણી આનંદ થાય છે. પારસી કોમ પરમાર્થી છે અને તેના પુરાવા તરીકે તેના શ્રીમંતો લખલૂટ ધન ઉપયોગી સખાવત માટે ખર્ચે છે અને તેના વિદ્વાનો આવાં ઉપયોગી પુસ્તકો રચી છપાવી જનસમૂહને તેનો લાભ આપે છે. મી. દીનશાહે આ પુસ્તકને જેમ વધુ ઉપયોગી, વિસ્તારવાળું અને પૂર્ણ બને તે માટે ઘણો પરિશ્રમ લીધેલ છે. અનેક પુસ્તકો, અને બીજાના અનુભવનો આધાર લીધો છે. ઈલાજ ઉપરાંત મંત્રો પણ આપેલ છે. 'ભાષા પારસી ગુજરાતી છે, તો તેમાં સુધારો કરાવી બીજી આવૃત્તિ પ્રગટ થાય તો સારૂં. બીજી આવૃત્તિ આની થવાની છે તો

બીજા અનુભવી અને વૈદ્યો આમાં રહેતી અપૂર્ણતા અગર વધારવા લાયક ઉપાયો નવસારી દોરડી સ્ટ્રીટ આના કર્તાને જણાવશે તો ઉપકાર થશે. આ સિવાય કર્તા 'ઘરગતુ રામબાણ ઇલાજોનો સંગ્રહ' એ નામનું જુદું પુસ્તક બહાર પાડવાના છે એ જાણી વધુ આનંદ થાય છે. દેશાવરના સાહેબો એક આનો પોસ્ટેજનો 'ગોરખા ગ્રંથ પ્રચારક મંડળી મલબાર હીલ મુંબઇ' એ સરનામે મોકલી મફત મેળવી શકશે.

**શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા—મહેસાણા**-સં. ૧૯૬૫-૬૬-૬૭ રિપોર્ટ. મુખપૃષ્ઠપર જ કહ્યું છે કે

**निर्वाणपदमप्येकं भाव्यते यन्मुहुर्मुहुः**
**तदेव ज्ञानमुत्कृष्टं निर्बंधो नास्ति भूयसा ।**

નિર્બંધ કરી નિર્વાણ પ્રાપ્ત કરાવનાર જ્ઞાન પ્રથમ પાયો છે, અને તેનો પ્રચાર કરવા અર્થે સારા શિક્ષકો તૈયાર કરવાના ઉદ્દેશથી આ સંસ્થાનો આવિર્ભાવ છે. આપણામાં આના જેવી બલ્કે આ કરતાં મોટી સંસ્થા કાશીની શ્રીયશોવિજય પાઠશાળા છે, તે ઉપરાંત મુંબઇમાં શ્રી મોહનલાલજી પાઠશાળા અને બીજી પાઠશાળાઓ છે. આ બધી એકત્રિત થઇ કંઇ એક અભ્યાસક્રમ નિર્ણીત કરી કલકત્તા આદિની સંસ્કૃત પરીક્ષાઓમાં આપણા વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થાય તેવું શિક્ષણ આપવામાં આવે, અને શિક્ષકોનું ધર્મકાર્ય બરાબર રીતે શીખવાય તો ઘણા લાભ પ્રાપ્ત થઈ શકે તેમ છે. આમ થવા માટે એકતા, ક્ષમતા એ ગુણોની બહુજ અપેક્ષા રહે છે.

ઉત્તમ શિક્ષકો તૈયાર કરવા એ ઓછી જોખમદારીનું કામ નથી. શિક્ષકો ખરી રીતે કેવા હોવા જોઇએ એ પ્રથમ જાણી તે દૃષ્ટિએ નિર્ધાર કરી કાર્ય લેવાનું છે. તો પ્રથમ આપણે જોઇએ કે શિક્ષકોમાં કયા ગુણો અને કેવું જ્ઞાન હોવું જોઇએ ?:—

"ધર્મનીતિનું શિક્ષણ આપનાર શિક્ષક ઉત્સાહી અને મનોબળવાળો જોઇએ, તેમજ તેનામાં એ વિષયમાં રસ ને જીજ્ઞાસા ઉત્પન્ન કરવાની શક્તિ જોઇએ. જો શિક્ષક નિઃસત્વ અને નિર્બળ હોય તો પરિણામ અનિષ્ટ આવે તેમાં નવાઇ નથી.

ધર્મનીતિના ઉપદેશનું સઘળું પરિણામ શિક્ષકપર આધાર રાખે છે માટે ધર્મ શિક્ષક માણસ ઘણીજ સંભાળથી પસંદ કરવો. સ્વાર્થત્યાગી સાધુવૃત્તિનો વિદ્વાન્ મળે તો ઘણું સારૂં, નહિતો ધાર્મિક અને બહુશ્રુત વિદ્વાનને યોગ્ય દરમાયો આપી રાખવો."

'ઉંચું' મન, રૂડા વિચાર, સર્વાત્મભાવ, નિર્ભય અને વિશાલદૃષ્ટિ, નીતિમત્તા, તથા નિર્લોભતા એ ગુણો શિક્ષકમાં ખાસ હોવા જોઇએ.'

'ગમે તેવાં સારાં પુસ્તકો રચાયાં હશે તોપણ શિક્ષણપદ્ધતિ જો દોષપાત્ર હશે તો ધારેલું પરિણામ આવશે નહિ. શિક્ષકનામાં ખાસ કરીને ત્રણ ગુણની આવશ્યક્તા છે. (૧) શિખવવાનો અત્યંત ઉત્સાહ; ( ૨ ) છોકરાંઓના મનની સ્થિતિ યથાર્થ સમજવાની શક્તિ; ( ૩ ) એ સ્થિતિમાં શું કહેવું યોગ્ય છે, તે કેવી રીતે કહેવું જોઇએ, તેની પાકી સમજણ. આ ત્રણ ગુણ ધરાવતા શિક્ષકો તે કામને માટે યોજવા જોઇએ.'

'ધર્મનું શિક્ષણ આપનારો શિક્ષક અમુક ધર્મનાં પુસ્તકો શીખેલો છે, એમ સમજીનેજ તેની લાયકાત જોવાની નથી, પણ તે જેટલું શીખેલો છે તેની છાપ તેના વર્તનમાં કેટલે અંશે ઉતરેલી છે તે જોવું વધારે અગત્યનું છે.'

આટલું કહી કહેવું જોઈશે કે હજુ આપણામાં યોગ્ય પુરૂષશિક્ષકો ઉત્પન્ન થયા નથી, ત્યાં સ્ત્રીશિક્ષકોની ક્યાં વાત કરવી? સ્ત્રી શિક્ષકોની ઘણી જરૂર છે, પરંતુ તેને માટે હજુ ઘણો વખત જોઈશે તે સંબંધી એએક યોજના પ્રજા સંમુખ આ માસિકના એક ગત અંકમાં મૂકવાની અમે તક લીધી છે. પુરૂષ શિક્ષકો માટે ટ્રેનિંગ કૉલેજ જેવી યોજના મૂકાઇછે પરંતુ તે અંગે હજુ કાંઇપણ પ્રયત્ન થયો નથી, જ્યારે જૈન કૉલેજ—અરે જૈન યુનિવર્સીટીજેવી મહાભારત અને ચાંદ પકડવાજેવી યોજનાનો વિચાર થાયછે તથા તે પ્રત્યે અનુમોદન અપાય છે! અસ્તુ.

શિક્ષકો સારા તૈયાર થાય તે માટે યોગ્ય સાધનો જેવાંકે ડીબેઇટીંગ સોસાઇટી—વક્તૃત્વપ્રચારક સભા, વાંચનાલય કે જેમાં શિક્ષણવિષયક પત્રો જેવાંકે 'કેળવણી' 'ગુજરાત શાળા પત્ર' આદિ તેમજ અન્ય સામયિક પત્રો હોવાં જોઇએ, અર્થ પાઠ આપી શકાય તેવાં સાહિત્ય, નકશાઓ, ચિત્રો વગેરે પૂરાં પાડવાની જરૂર છે, અને તેઓનો ઉત્સાહ વધે તે માટે ઉત્તેજક ઇનામો (રોકડ, કે પુસ્તકાદિ) આપવાની જરૂર છે. તે ઉપરાંત શિક્ષણશાસ્ત્ર, માનસશાસ્ત્ર આદિ પુસ્તકો પૂરાં પાડી તેમનું મનન કરાવવું ઘટે છે.

આ રિપોર્ટમાં આ સંસ્થાને ન લગતાં એવાં ઘણાં ખાતાનો રિપોર્ટ આપેલ છે. બધાં મળી ૨૫-૨૬ ખાતાંઓ છે. આ રીત યોગ્ય નથી. આમાંના ખાતાં પૈકી શ્રી જ્ઞાન ખાતું જોતાં પુસ્તક લખાવવામાં જે પૈસાનો ખર્ચ થાય છે તે ઘણો ઉપયુક્ત છે. તે માટે પુસ્તકોની ચુંટણી પણ સારી થઇછે. આ સિવાય ચોપડીઓ છપાવી ભેટ ખાતું પણ ઠીક કાર્ય કરે છે. આ ચોપડી છપાવવા સંબંધમાં થોડું વક્તવ્ય કહી આ અવલોકન સમાપ્ત કરીશું. અત્યારસુધીમાં આ મંડળે ૨૦ પુસ્તકો પ્રકટ કર્યાં છે. તે પુસ્તકો એકંદરે ઠીક છે, પરંતુ આ મંડળ કેવાં પુસ્તકો છપાવે તો **વધારે** સારૂં એ સંબંધમાં કહેવું જોઇશે કે કેળવણીના પોતાના ઉદ્દેશને સારી રીતે યુક્ત થાય, જીવવિચારાદિ પ્રકરણો દરેક શાલામાં ચાલે છે તેને નવીન સ્વરૂપમાં વિસ્તારપૂર્વક સમજ સાથે આગમાનુસાર લખાય,તો બહુ ફાયદો થાય. કેટલાંક કુલકો છે તેને પ્રગટ કરાવવાં ઘટે છે; અને એક અભ્યાસક્રમ કૉન્ફરન્સના અભ્યાસક્રમાનુસાર નિર્ણીત થાય તો તે ક્રમને અનુકૂલ પુસ્તકો રચાવવાં જોઇએ છે.

છેવટે ઉપસંહારમાં આ શાળાએ કરેલી સેવા ભૂલી જવી જોઇતી નથી. જૈનવિજયના અધિપતિ મર્હુમ રા. **મોહનલાલ અમરશી** આ શાલામાં અભ્યાસી વિદ્યાર્થી હતા. આ શાલામાં ભણી આવેલાએ કેટલીક શાળાના શિક્ષકની ગરજ સારી છે અને આશા છે કે **बालादपि हितं ग्राह्यं** એ સૂત્રાનુસાર અમારી ઉપરોક્ત નમ્ર સૂચનાઓ લક્ષમાં લેવાશે તો ઘણું સુંદર પરિણામ આવી શકશે એમ અમારૂં ચોક્કસ માનવું છે.

# કૉન્ફરન્સ મિશન.

## ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદનો પ્રવાસ.

**વસઇ**—તમામ ગરાસીઆઓને એકઠા કરી વ્યસન અને હિંસા વિરૂદ્ધ ઉપદેશ કરવાથી મદ્ય-માંસ અને વ્યસનની પ્રતિજ્ઞાઓ લેવામાં આવી હતી (બહારગામ તે પાળવામાં

હરકત આવે છે એમ કહી ઘણાખરાએ બહારગામ માટે છુટ રાખી હતી. તેમાં પણ કેટલાકોએ તો તેવી પણ રાખી નથી. )

**અડીઆ**—કન્યાવિક્રય ન કરવા ઘણાઓએ પ્રતિજ્ઞા કરી. રૂ. ૧૪ાા ફંડના વસુલ કર્યા. અને કેટલીક બાઇઓએ ફટાણાં ન ગાવા કબુલ કર્યું.

**મણુંદ**—ગામના તમામ લોક વચ્ચે જાહેર ભાષણો આપતાં જીવહિંસા ન કરવા કોળી ઠાકરડાઓએ સોગન ખાધા. બીજા કેટલાક સુધારા કરવા કબુલ કર્યું.

**કુણઘેર**—ઘણા જણે કન્યાવિક્રય ન કરવા, ગરાસીઓએ જીવહિંસા ન કરવા અને બાઇઓએ ફટાણા ન ગાવા કબુલ કર્યું રૂ. ૭ાા ફંડના વસુલ કર્યા.

**જમનાપુર**—ભાષણોથી સારી અસર થતા સુકૃત ભંડાર ફંડ વસુલ કરી આપ્યું.

**કુંબોઈ**—જૈન સિવાયના પાટીદાર લોકોએ કન્યાવિક્રય ન કરવા પ્રતિજ્ઞાઓ કરી.

**વાંસા**—જીવદયા વિષે ભાષણ આપતાં ઘણી સારી લાગણી ઉપજી છે.

**જુનામાંડા**—જીવદયા બાબત ભાષણ આપવાથી કોળી લોકોએ દારૂ માંસ ન વાપરવા પ્રતિજ્ઞા કરી.

**દુનાવાડા**—કન્યાવિક્રય સંબંધી પંચ મળવાથી ઠરાવ કરવા નકી કર્યું.

**ગોલીવાડા**—દારૂ નહીં પીવા ઠાકરડાઓએ દેવી સમક્ષ સોગન લીધા.

**ઉંદરા**—ફંડમાં રૂ. ૧૦। વસુલ કરી મોકલાવ્યા. કોળી લોકોને જીવદયાના ભાષણથી દારૂ માંસ ન વાપરવા અંતઃકરણથી લાગણી થતાં જીંદગી સુધીના સોગન લીધા.

## ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદનો પ્રવાસ.

**ઠાકરવાડા**—પાંચ દિવસ સુધી જાહેર ભાષણો આપ્યાં. ઘણી બાઇઓએ બંગડીઓ ન પહેરવાં, ફટાણાં ન ગાવા, શિયળવ્રત પાળવા પ્રતિજ્ઞાઓ કરી ફંડમાં રૂ. ૨૦) આવ્યા.

**જગાણા**—હાનિકારક રીવાજો બંધ કરવા સારી અસર થઈ. ફંડમાં રૂ. ૨૩) મોકલાવ્યા. મેહેતાજીએ સર્ટીફીકેટ આપ્યું.

**ધોતા**—અસરકારક ભાષણોથી સારી અસર કરાવી છે.

## ઉપદેશક મી. અમૃતલાલ વાડીલાલનો પ્રવાસ.

**સરભેણ**—કોન્ફરન્સના ઠરાવો ઉપર ભાષણો આપતાં દરેકના હૃદયમાં સારી છાપ પડી છે. પાટીદાર લોકોનું પંચ વાગેર મુકામે એકઠું મળેલ ત્યાં પણ ઉપદેશકને ભાષણ આપવા તેડી ગયા હતા તેઓને સારી અસર થઈ છે. ફંડમાં રૂ.૧૫) મોકલાવ્યા છે.

**અંભેટી**—કેળવણી, કન્યાવિક્રય વગેરે ઉપર ભાષણો આપતાં સૌને તે બાબત યોગ્ય ઠરાવ કરવા વિચાર થયો. ફંડમાં રૂ. ૧૪) વસુલ થયા.

# मासिक दिग्दर्शन.

**પંન્યાસ શ્રી ગંભીરવિજયજી**—જન્મ સંવત્ ૧૯૦૦ ચૈત્ર શુદિ ૩ ગ્વાલીઅર પાસેના **સોનાગીર** ગામમાં, અયાચક એવા **ભાગોર** જાતિના બ્રાહ્મણ કુલમાં થયો હતો. **સંવત્** ૧૯૨૪ માં યતિપણું, ૧૯૩૧માં **મુક્તિવિજય** ગણિના હસ્તથી શ્રી **વૃદ્ધિચંદ્ર**જીના શિષ્ય તરીકે **રાજનગર**માં સંવેગી દીક્ષા, અને સં. ૧૯૪૮ માં ગણિ તેમજ પંન્યાસ પદવી મેળવી હતી. તેમણે રચેલ કૃતિઓ;— સંસ્કૃત–૧ **જ્ઞાનસાર** પર ટીકા. ત્રણ હજાર શ્લોક ( જૈન ધર્મ પ્ર. સભા તરફથી પ્રકટ થઇ છે). ૨ **અધ્યાત્મસાર** ઉપર ટીકા આઠ હજાર શ્લોક ( તેજ સભા તરફથી પ્રકટ થશે) ૩ **શાંત** સુધારસ પર ટીકા ત્રણ હજાર શ્લોક. (તેજ સભા તરફથી છપાય છે ). ૪ **નયકર્ણિકા** પર ટીકા. ( **બનારસના** જૈન સ્તોત્રસંગ્રહમાં છપાઇ છે. ) ગુજરાતીમાં—પૂજા—સ્તવન—સઝાય આદિ બનાવેલ છે અને તે શ્રી **ગંભીરવિજયજી** કૃત સંગ્રહમાં કેટલીક છપાઇ છે. ૬. તેમની વિરચિત પૂજાઓ ૭ તત્ત્વવાર્તા, પ્રશ્નોત્તર રૂપે. ( છપાય છે. ) હમણાંજ આમનો સ્વર્ગવાસ ગયા પોષ વદિ ૮ ની રાત્રે થયો છે, **જૈન ધ. પ્ર.** ફાગણ ૧૯૬૪.

આમના સંબંધમાં આપણા વિદ્વાન્ બંધુ શ્રી **મોતીચંદ ગિરધર** કાપડીઆ લખે છે કે 'તેઓ પાસે જતાં પૂર્વકાળના શાંત મહાત્માઓનું તેઓ સ્વરૂપ હોય, શાંત સ્વરૂપ પોતે જ હોય, **વીર** પ્રભુની વાનકી હોય એવું ભાન થતું હતું, અને હવે જ્યારે તેઓનો અભાવ થયો છે ત્યારે તેવા ઉત્તમ જ્ઞાન ક્રિયા ઉભયના સંયોગમાં ઇષ્ટ સાધનાર, **ગચ્છનાયક** તરીકે કામ કરનાર અને અનેક જન પર અનેક પ્રકારના ઉપકાર કરનારની ભાવનામૂર્તિ આપણા હૃદયચક્ષુ સન્મુખ આવે છે અને શાસ્ત્રની **ભવિષ્ય સ્થિતિ માટે અતિ ખેદ કરાવે છે. ભાવ**નગરપર તેઓનો ખાસ ઉપકાર હતો. આવા આત્માનું ઋણ **ભાવન**ગરના બંધુઓ ભૂલી ન જતાં ભવિષ્યની પ્રજાપર આ મહાત્માની છાપ રહે તેવા આકારમાં તેઓશ્રીના પવિત્ર નામને યોગ્ય યાદગીરી રાખવા જરૂર પગલાં ભરશે એવી આશા છે. યાદગીરીના પ્રસંગોમાં **વણિકબુદ્ધિ રાખવી યોગ્ય નથી.** હાલ જે પ્રબંધ થયો છે (**ભા**વનગરમાં **'ગંભીરવિજયજી પુસ્તકાલય' વૃદ્ધિચંદ્રજી** જૈન પાઠશાળાની અંદર રહેલ પુસ્તકાલયને નામ આપી ભરાયેલ રૂ. ૩૦૦૦ તે પેટે આવ્યા છે અને હજુ ફંડ ચાલુ છે એમ અમારા સાંભળવામાં આવ્યું છે. તંત્રી. ) તે પૂજ્યશ્રીના ઉપકારને અનુરૂપ અથવા નામને યોગ્ય નથી એમ મારૂં માનવું છે. વિશિષ્ટ પ્રસંગોએ તો વિશિષ્ટરૂપમાં યાદગીરી કરવી જોઇએ. એક સુંદર જ્ઞાનમંદિરની વચ્ચે મહાત્માનો (આરસનો) બસ્ટ મૂકી બાજુમાં ઉપકારનું વર્ણન થાય તો તે ભવિષ્યની પ્રજાને અને સાધુઓને બહુ રીતે લાભ કરનાર નીવડે. "

**પ્રાચીન પુસ્તકોના લાભ લેનાર**ને જણાવવાનું કે સ્વર્ગસ્થ **મોહનલાલ** મહારાજના સ્મારક અર્થે ખોલવામાં આવેલ **સુરત**માંના જ્ઞાન ભંડારમાં તાડપત્ર તેમજ પાનાંપર હાથથી લખેલાં ને છાપેલાં પુસ્તકોનો ઘણા મોટા જથ્થામાં સંગ્રહ કરેલ છે. તે દરેક **વ્યક્તિયે** ભણવા વાંચવા લખાવવાને વાસ્તે તેના બદલામાં કંઇ પણ ફી લીધા સિવાય ધારા મુજબ પુસ્તક યા પત્ર આપવામાં આવે છે, ને બહાર ગામથી મંગાવનારને ધારા મુજબ પોસ્ટથી પુસ્તક યા પત્ર મોકલવામાં આવે છે. મંગાવનારે માસ્તર **સવચંદ દામોદરદાસ શાહ**, શ્રી **મોહન**લાલજી જ્ઞાનભંડાર, **ગો**પીપુરા, **સુ**રત લખવું.

# અમારો સત્કાર.

**(૧)** ભાદબંધ 'જૈનહિતેચ્છુ' માસિકના **જુન**ના અંકમાં 'હૅરોલ્ડ'નું 'રિવ્યુ' નીચેના શબ્દોમાં કરાયું છે:—

**જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ હૅરલ્ડ**'—શ્રીમતી જૈન શ્વે૦ (મૂર્તિપૂજક) કોન્ફરન્સ ઑફિસનું આ વાજીંત્ર શ્રીયુત ઢઢ્ઢાના આધિપતપણા નીચે આજથી ૮૫ા વર્ષ ઉપર શરૂ કરવામાં આવ્યું હતું. ઘણા વખતસુધી એ માસિક પત્રે લોકોનું દીલ ખેંચવામાં ફતેહ મેળવી ન હતી, જેમ થવાનાં કારણો અત્રે જણાવવાં અમને ઉચિત લાગતાં નથી. છેલ્લા કેટલાક માસથી આ પત્ર વધારે ઉદારચિત્ત, વધારે સમયસૂચક અને પ્રૌઢ બન્યું જોવાય છે. છેલ્લા **મે—જુન**ના અંકમાં નીચેના વિષયો લક્ષ ખેંચે છે:—

'સ્ફુટ નોંધ'માં સાધુસુધારણ સંબંધી વિચારો દરેક સંપ્રદાયે ખાસ લક્ષમાં લેવા જેવા છે. 'ધર્મમય જીંદગી સ્હેલી કે મુશ્કેલ ? એ લેખ ધર્મપંથે ચ્હડવા ઇચ્છનારને મ્હોટા દીલાસા અને હિંમત રૂપ છે. રા. દોશીનો 'સ્યાદ્વાદ' નો લેખ મનન કરવા જેવો છે. 'સંસારની રાણીના જુલમમાંથી છૂટવા મથતા બે મુસાફરો ' એ એક રસીલી વાર્તા છે, કે જે સંસારનું સ્વરૂપ અચ્છી રીતે બતાવી તેમાંથી નરવા માટે પ્રથમ અગત્યના સાધન તરીકે મનોબળ (દ્રઢતા) સૂચવે છે. 'વ્રત-પ્રત્યાખ્યાનની જરૂર છે કે ?' એ લેખ આજના કેળવાયલા કહેવાતા યુવાનોના પ્રશ્નોનો ઉત્તર સચોટ આપે છે અને જૈન સાધુઓએ વ્રત-પ્રત્યાખ્યાન કેવાં આપવાં જોઇએ એ બાબત ઉપર સારો પ્રકાશ નાખે છે. જ્ઞાનચર્ચા માં રા. **ગો**કળદાસ આત્મિક બાબતોની ચર્ચા કરે છે. રા. **પો**પટલાલ **કે**વળચંદનો જૈન સાહિત્યનો લેખ પણ ઠીક છે. આ **ગુજરાતી** માસિકમાં '**वीर्य-सत्व**' એ મથાળાનો એક વ્યવહાર ઉપદેશ આપતો **હિંદી** લેખ પણ જોવાય છે. જૈનશાળામાં ભજવવા લાયક આડંબર-ખંડન કરવાનો એક સંવાદ રમુજી હોવા સાથે અર્થપૂર્ણ છે. અમારૂં શ્વે૦ સ્થા૦ જૈન કૉન્ફરન્સનું '**પ્ર**કાશ' માસિક '**હૅરોલ્ડ**'ની સ્થિતિએ ક્યારે આવશે ?' હૅરોલ્ડ'ના સતત ઉદ્યમી સમ્પાદક મહાશયે ગયા પર્યુષણમાં ખાસ અંક પ્રગટ કરી વિદ્વાનોનું સારૂં લક્ષ ખેંચ્યું હતું. આ વખતે એથીએ વધારે સારા ખાસ અંક માટે અત્યારથીજ તજવીજ ચાલે છે એ જાણી અમને સંતોષ થાય છે. સઘળા નિઃસ્વાર્થી કાર્યવાહકોને અને કાર્યોને **પ**રમાત્મા અથાક શક્તિ અને અમર કીર્ત્તિ આપો એ જ અમારી યાચના છે.

**( ૨ )** '**સુંદરી સુબોધ**'પત્ર **નવેંબર** ૧૯૧૨ ના અંકમાં, હૅરલ્ડના પર્યુષણના **ખાસ અંકની** નોંધ નીચેના શબ્દોમાં લે છે:—

જૈન બંધુઓની ધાર્મિક અને સામાજિક સુધારણાની વિશાળ પ્રવૃત્તિમાં "જૈન શ્વેતાંબર કોન્ફરન્સ"નું આ પત્ર આગળ પડતો ભાગ લેતું આવ્યું છે એ જાણીતું છે. **પર્યુષણ અંક** પ્રકટ કરીને ત્હેના તંત્રીએ જૈન સાહિત્યમાં એક સારા પુસ્તકનો વધારો કીધો છે. જૈન ધર્મના અને બીજા વિદ્વાનોના ઉપયોગી લેખ આ **અંકમાં** પ્રકટ થયા છે. અને લેખક ભગિનીનાં પણ એક કરતાં વધુ લખાણ ત્હેમાં જોવામાં આવે છે. કેટલાક જૈન અગ્રેસરોની જીવનચરિત્ર સાથે છબીઓ ત્હેમાં આપવામાં આવી છે. અને કાવ્યો તથા ગદ્ય લેખ જૂદા જૂદા દષ્ટિબિંદુથી તથા વિવિધ પ્રસંગોને લઇને લખાયલાં હોવાથી અંક રસીક તેમજ ઉદ્બોધક થયો છે, જેને માટે ત્હેના **તં**ત્રીને ધન્યવાદ ઘટે છે. આવા ધાર્મિક અને સામાજિક ચર્ચા ચલાવતા **ખાસ અંકોની** ઘણી જરૂર છે, કારણ કે ત્હેમાં આવતું સાહિત્ય પુસ્તકોમાં ભાગ્યે પ્રાપ્ત થાય છે અને છૂટક અંકોમાં સાધારણ રીતે બાબાદ અપ્રાપ્ય થઇ જાયછે.

# ધાર્મિક હિસાબ તપાસણી ખાતું.

**તપાસનાર**-શેઠ ચુનીલાલ નહાનચંદ, ઑન૦ ઑડીટર, શ્રી જૈનશ્વેતાંબર કૉન્ફરન્સ.

૧ **મોરબી**---કાઠીઆવાડ. )

**શ્રી સાધારણ તથા ધર્મશાળા**—સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહીવટકર્તા શેઠ કાનજીભાઈ સુંદરજી તથા શેઠ સ્વરૂપચંદ રાયચંદ તથા વકીલ ધનજીભાઈ રાયચંદ હસ્તકનો સંવત ૧૯૬૪ થી ૧૯૬૬ ના આસો વ. ૩ સુધીનો હિસાબ તપાસતાં જણાયું કે વહીવટ સારી રીતે ચલાવી બહાર ગામથી આવતા જાત્રાળુઓ માટે સારો બંદોબસ્ત રાખે છે તે માટે તેઓને ધન્યવાદ ઘટે છે. જે ખામીઓ દેખાણી તેનું સૂચનપત્ર વહીવટકર્ત્તા ગૃહસ્થોને આપવામાં આવ્યું છે.

**શ્રી ધર્મનાથજી મહારાજ તથા પાર્શ્વનાથજી મહારાજ અને ગોડી પાર્શ્વનાથ મહારાજનાં દેરાસરો**—સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા ઉપરના જ ગૃહસ્થો હોઈ તેમના હથુનો સંવત ૧૯૬૪ થી સં. ૧૯૬૭ ના આસો વ. ०)) સુધીનો હિસાબ તપાસતાં વહીવટ ચોખ્ખી રીતે ચલાવી નામું સારી રીતે રાખવામાં આવ્યું છે. કેટલીએક ખામીઓ છે તે તાકીદે દૂર કરવા અને તેમાં સુધારો કરવા સૂચવ્યું છે.

વહીવટકર્ત્તા ગૃહસ્થોએ પોતાના તાબાની ધાર્મિક સંસ્થાના વહીવટો. વેપારીની રીતે નહીં ચલાવતાં જૈન શ્રેણીને અનુસરીને ચલાવવા જોઈએ.

સદરહુ વહીવટકર્ત્તા ગૃહસ્થોએ આ સંસ્થાનું નામું સારી રીતે રાખી વહીવટ સરલપણે ચલાવ્યો છે તે બહુ ખુશી થવા જેવું છે. શેઠ કાનજીભાઇ પોતાના કીંમતી વખતનો ભોગ આપી પૂરતી કાળજીથી કામ બજાવે છે તે માટે તેઓને પૂરેપૂરો ધન્યવાદ ઘટે છે.

૨ **મેહસાણા**--( ઉ. ગુજરાત. )

**શ્રી યશોવિજય જૈન સંસ્કૃત પાઠશાળા**—સદરહુ સંસ્થાના વહીવટકર્ત્તા શેઠ વેણીચંદભાઈ સૂરચંદ હસ્તકના વહીવટનો સંવત ૧૯૬૧ થી સં. ૧૯૬૮ ના આસો વ. ૩૦ સુધીનો હિસાબ તપાસતાં જણાયું કે સદરહુ સંસ્થાનો વાર્ષિક હિસાબ ઓડીટ કરાવી તેના વાર્ષિક રિપોર્ટ બહાર પાડવામાં આવતા હોવાથી જૈન સમુદાયનું તે તરફ ધ્યાન ખેંચાઈ તેમાં મદદ કરવાની ઉત્કંઠા વધે છે અને તેથી જ આ ખાતાને સારી જેવી મદદ મળી તેનું બંધારણ સંગીન પાયાપર રચી શકાણું છે. જેનો કેટલોક લાભ આપણે મેળવી શકીએ છીએ. તો પણ તેમાં કેટલીક ખામીઓ દેખાય છે તે દૂર કરવામાં આવશે તો ખાત્રીથી જણાવીએ છીએ કે આ ખાતું હજુ પણ વધારે સંગીન પાયાપર આવી આપણે તેમાંથી વધારે લાભ મેળવી શકીશું.

શેઠ વેણીચંદભાઇ આ ખાતા માટે જે જે પ્રયાસો કરી રહ્યા છે તે માટે તેમને જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછો છે. તેઓ આ સંસ્થાનો વહીવટ ચલાવવામાં એટલી બધી કાળજી રાખે છે કે તેમના તાબાના વહીવટ માટે કોઇ પણ ગૃહસ્થ કોઇ પણ જાતનો સુધારો કરવા સૂચના કરે છે કે તે ઉપર પૂરતું ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરી આપે છે તે માટે તેઓનો પૂરેપૂરો આભાર માનીએ છીએ. જે ખામીઓ દેખાણી તેનું સૂચનપત્ર વહીવટકર્ત્તાને સોંપવામાં આવ્યું છે.

# શ્રી સુકૃત ભંડારફંડ.

(સં. ૧૯૬૯ ના વૈશાક વદ ૧૨ થી જેઠ વદ ૧૧, તા. ૧-૬-૧૩ થી તા. ૩૦-૬-૧૩)
વસુલ આવ્યા. રૂ. ૪૧૬ાાꠓ ની વિગત. ગયા માસ આખરના વસુલ રૂ.૧૨૪૦-૪-૦

**ઉપદેશક મી. વાડીલાલ સાકળચંદ**—ઉ. ગુજરાત.
લોદરા ૧૧, ભાભર ૪૦ાા, ભેસાણા ૦ાા, રવલ ૦ાા, જાડા ૨,
કુંવાળા ૧૦, મીઠીપાલડી ૧૧, થરા ૩૪ાાꠓ, જામપુર ૭ા. કુલ રૂ. ૧૧૭-૧૧-૦

**ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદ**—પાલણપુર ઇલાકો.
પીલુચા ૫૪ાા, ટેંબાચુડી ૩૧ાા, બાવળચુડી ૮ાા, મજાદર ૧૩ા,
માલોસણા ૧૧, ભરકાવાડ ૨ાા, ચાંગા ૨૨ાા. કુલ રૂ. ૧૩૪-૮-૦

**ઉપદેશક મી. અમૃતલાલ વાડીલાલ**—દક્ષિણ.
જુન્નેર ૨૨ા, મંચર ૫૧, રાજુર ૩૦, વાડા ૧૬ા,
સાંગલી ૩૩. કુલ રૂ. ૧૫૨-૮-૦

**આગેવાનોએ** પોતાની મેળે મોકલાવ્યા.
ચાંદુરબજાર ૧ શેઠ પોકારચંદ મુનીમ, સાદલી ૧૧ શેઠ નાથાલાલ દેવચંદ
કુલ રૂ. ૧૨-૪-૦
એકંદર કુલ ૧૬૫૭-૩-૦

**નોટ**—ગયા અંકના પૃષ્ઠ ૨૧૧ મે આપેલા લીસ્ટમાં નીચે મુજબ સુધારી વાંચવું. માલણના રૂ. ૨૬ાા ઉપદેશક મી. પુંજાલાલ માર્ફત અને ચાણસમાના રૂ. ૧૫ મી. વાડીલાલ માર્ફત આવેલ છે. તથા વડગામના રૂ. ૨૦ા છાપ્યા છે પણ તે રૂ. ૨૦) જોઇએ અને તે **સત્તર-સતાવીસ અને અઢાર ગામના** માહાજનના (વડગામ) સમજવા. આ ફેરફારથી મી: વાડીલાલ મારફત કુલ રૂ. ૨૧૬ાા અને મી. પુંજાલાલ માર્ફત રૂ. ૨૭૮ આવ્યા જાણવા.

---

# धार्मिक परीक्षा.

## परीक्षकनो रिपॉर्ट.

"बाइ रतन स्त्री जैन धार्मिक हरीफाइनी परीक्षा"मां कन्याओ तथा स्त्रीओ माटे धोरण १ लाने लगता प्रश्नो में काढ्या हता, अने उमेदवारोना आवेला उत्तरो तपास्या हता. प्रश्नोमां घणाखरा प्रश्नो बेवडा हता, पेहेला प्रश्ननो उत्तर जे उमेदवारनुं वांचन खरेखरी समजपूर्वक होय ते आपी शके तेम हतुं. अने 'अथवा' लखीने बीजो प्रश्न पूछवामां आवेलो तेनो उत्तर जेणे मुखपाठ अने अर्थ कर्या होय ते आपी शके तेम हतुं. उमेदवारोनो अभ्यास केवा प्रकारनो छे ते जाणवा खातर खास सूचना आपवामां आवी हती के आवडे त्यां सुधी पहेला प्रश्नना उत्तर लखवो.

केटलाक उमेदवारोना जवाबो संतोषकारक हता; अने तेओए सारी समजपूर्वक अभ्यास करेलो जणातो हतो. परंतु तेवा उमेदवारो थोडा जणाइ आव्या छे.

घणाखरा उमेदवारोए प्रश्नोमांना बीजा प्रश्नोना उत्तर लखेला हता. प्रथम प्रश्नोना उत्तर न आपी शकवाथी, बेवडा प्रश्नो कर्या न होय तो उमेदवारो नापास थइ तेओनो उत्साह मंद थइ जाय, तेम थतुं अटकाववाने विकल्पित प्रश्नो पूछवामां आवेला; तेना जवाब आपवाथी पास थयेलानी संख्यानुं प्रमाण सारुं जणाय छे. पण ते प्रमाणथी अभ्यासनी रीतिमां संतोषकारक सुधारो थयो होय एम समजवानुं नथी.

प्रतिक्रमण सूत्रो शिखववानी रीतिमां जो योग्य फेरफार करवामां आवे तो विद्यार्थीने तेमांथी घणुं ज्ञान आपी शकाय. एटलुंज नहीं पण तेमना चारित्र एटले Character उपर पण घणी सारी असर थइ शके. देव, गुरु अने धर्मनुं तत्व सारी रीते तेमना समजवामां आवे, अने धार्मिक मुख्य क्रियाओ शा शा हेतुनेमाटे करवामां आवे छे ते पण सेहेज समजाय. प्रतिक्रमण सूत्रोपरथी एक अति उपयोगी अने उत्तम नीतिनुं शिक्षण कोइपण विद्यार्थीने आपी शकाय तेम छे. सूत्रोनी बांधणी अने रचना ज तेवी छे.

प्रतिक्रमण सूत्रोनो अभ्यास खरेखर सार्थक करवाने माटे फक्त मुखपाठ अने अर्थनुं ज्ञान बस नथी. दरेक सूत्रनुं रहस्य विद्यार्थीने समजावी तेना मनमां ठसाववुं जोइए. तेम थाय तोज तेने आपोआप धार्मीक क्रियाओ उपर श्रद्धा अने रुची थशे अने ते आचारमां मूकवानी अंतःकरणनी वृत्तिओ जागशे. तेम थाय त्यारेज अभ्यासनी सार्थकता थयेली मानी शकाय.

ए हेतु साधवाने माटे जे जे पाठशाळाओमां विद्यार्थीओ अभ्यास करता होय तेना अध्यापकोनुं खास लक्ष खेंचाववुं जोइए. मारा नम्र अभिप्राय प्रमाणे परीक्षाना प्रश्नोनुं वलण पण कायमने माटे तेवा प्रकारनुं होय तो ए कार्य साधवामां विशेष मदद थइ पडशे, अने अध्यापकोना शिक्षणनुं वलण आपो आप ते तरफ दोराशे.

विद्यार्थीओने लेखी उत्तरो आपवानो अभ्यास घणो ओछो होय एम जणाय छे. लेखन पद्धति पण घणे अंशे वखाणवालायक नथी. तेमज ह्रस्व दीर्घ अने बीजी लेखनशुद्धि पण थोडी जोवामां आवे छे. केटलाक विद्यार्थीओ प्रश्नो बराबर समजेला के केम ते शक पडतुं जणाय छे. आ खामीओ सुधारवाने माटे पाठशाळाओमां साप्ताहिक के मासिक लेखी परीक्षा लेवानी गोठवण राखवा खास भलामण करुं छुं.

दहाणुं—ता. २४-३-१३.

ली. सेवक
सुरचंद पुरषोत्तम बदामीना प्रणाम—

# श्री जैन श्वेतांबर प्रांतिक कॉन्फरन्स—मंचर.

( मंचरमां प्रतिष्ठा उत्सव थयो हतो ते वखते उपरनुं नाम आपी ता. ६-७-९ माहे मे १९१३ ने दिने जे ठराव थया छे ते नीचे आपीए छीए. प्रमुखस्थान शेठ कंकुचंद मुलचंद पटणीए लीधुं हतुं. )

ठराव १ लो. ( प्रमुखसाहेब तरफथी )

" ब्रीटीश सरकार आपणा उपर राज्य करे छे ते न्यायी राज्यना कर्ता श्रीमान् पंचम ज्योर्ज तथा श्री राज्ञी मेरी अमारा उपर यावत्चंद्र दिवाकर सुधी राज्य करो तथा सुख संपत्तिवान थाओ एवी अमो जिनशासन देव प्रत्ये प्रार्थना करीए छीए. "

टेको—पंडीत रतनशी नेणशी तथा उपदेशक मी. अमृतलाल वाडीलाल.

ठराव २ जो. ( प्रमुखसाहेब तरफथी )

" आपणा लोकप्रिय दयाळु वॉइसरॉय लॉर्ड हार्डींग पर कोइ नराधमे बॉम्ब फेंकी जे असह्य दुःख आप्युं हतुं तेने माटे आ कॉन्फरन्स ते पापी प्रत्ये तिरस्कार दर्शावे छे तथा तेओ नामदारने जलदी आराम थयो जाणी आनंद थयो छे. अने तेओ नामदार दीर्घायुष्यवान थाओ तेवुं खरा अंतःकरणथी इच्छे छे. "

टेको—डॉक्टर चंदुलाल तथा उपदेशक मी. सुखलाल.

ठराव ३ जो. ( प्रमुखसाहेब तरफथी )

"आपणी कोमना स्थंभरुप गणाता नररत्नोने आपणे गुमाव्या छे ते नररत्नोमां शेठ लालभाइ दलपतभाइ, नगरशेठ चीमनलाल लालभाइ, शेठ मनसुखभाइ भगुभाइ तथा शेठ मणीभाइ जेसंगभाइना अकाळ मृत्युथी आ प्रांतिक कॉन्फरन्स पोतानी दीलगीरी जणावे छे ने तेओना पवित्र आत्माओने शांति मलो एवुं अंतःकरणपूर्वक इच्छे छे. "

टेको—डॉ. चंदुलाल तथा उपदेशक मी. अमृतलाल वाडीलाल.

ठराव चोथो—मंदीरोद्धार तथा पुस्तकोद्धार.

" जे जे तीर्थोमां देवद्रव्य वहु जमा होय तेथी अने उदार गृहस्थो पासेथी धन एकत्र करी जीर्ण मंदिरोद्धार करवानी अने ज्यां ज्यां ज्ञानद्रव्य जमा होय तेथी अने उदार गृहस्थो पासेथी धन एकत्र करी पुस्तकोद्धार करवानी आ प्रांतिक कॉन्फरन्स आवश्यकता धारे छे. "

दरखास्त करनार—पंडित फतेहचंद कपुरचंद लालन.

टेको—पंडित रतनशी नेणशी तथा मी. अमृतलाल वाडीलाल.

### ठराव ५ मो–हानीकारक रीवाजो.

" आपणी जातीमां आजकाल हानीकारक रीवाजो जेवा के कन्याविक्रय, बाळलग्न, वृद्धविवाह, वेश्यानो नाच, हाथीदांतना चूडा पहेरवा, मृत्यु पाछळ रोवुं, मृत्यु पाछळ जातीभोजन करवुं, मीथ्यात्वी पर्वोने मानवां, एक स्त्रीनी हयातीमां बीजी स्त्री करवी, फटाणां गावां इत्यादि जे कुरीवाज प्रचलीत छे तेने हमेशने माटे छोडी देवा आ प्रांतिक कॉन्फरन्स सूचना करे छे. "

दरखास्त करनार–उपदेशक मी. अमृतलाल वाडीलाल शाह.

टेको आपनार–मी. मणीलाल सुंदरजी शाह.

### ठराव ६ ठो–केळवणी.

"आपणा संतानोना धार्मिक तथा व्यवहारिक शिक्षणने माटे जे जे गाममां तेवुं शीक्षण मेळववानां साधन न होय त्यां त्यां पाठशाळाओ, बोर्डींगो तथा लाइब्रेरीनी स्थापना करी तेवुं शीक्षण आपवुं तेमज मोटा पायापर एक जैन गुरुकूळ स्थापवानी योजना करवी."

दरखास्त करनार–मी रतनशी नेणशी अने टेको आपनार– मी. मणीलाल सुंदरजी शाह तथा मी. लालन, मी. सुखलाल, मी. अमृतलाल.

### ठराव ७ मो–जीवदया.

"आपणा धर्मनो मुख्य सिद्धांत 'अहिंसा परमोधर्म' छे, तो ते महान् सिद्धांतनुं अनुकरण करवाने माटे आपण सर्वेए आटली बाबतो ध्यानमां राखवी जोइए. (१) जे कारणथी जीवहिंसा थती होय तेनो परित्याग करवो. (२) ज्यां ज्यां जीवहिंसा थती होय तेने बनता प्रयासे अटकाववी. (३) जे मनुष्यो पोतानी जाते पशुवध करे छे तेवाओने उपदेशद्वारा समजावीने वध बंध कराववो. (४) केटलाक लोको धर्मने नामे पशुवध करे छे तेवाओने वर्तमान पेपरोद्वारा या अन्य रीते ते बंध करवा समजाववा. (५) पांजरापोळो नीयुत थयेली होवाथी दरेक जातना पशुओनुं तेमां रक्षण थाय छे तो तेवी नानी पांजरापोळोने निभाववाने द्रव्यवान पांजरापोळे मदद आपी निभाववी जोइए. (६) दशेरा जेवा पवित्र तहेवारो उपर केटराज्यमां पशुहिंसा थाय छे ते बंध कराववा प्रयास करवो."

दरखास्त करनार–पंडित फतेहचंद कपुरचंद लालन.

टेको आपनार–पंडित रतनशी नेणशी.

### ठराव ८ मो—श्री सुकृत भंडार फंड.

"पुना कॉन्फरन्स वखते दरेक जैन विवाहीत स्त्री पुरुषे एक वरसमां आ·

छामां ओछा चारआना अने वधु पोतानी इच्छानुसार श्री सुकृत भंडार फंडमां आपवा जे ठराव थयो हतो तेने आ प्रांतिक कॉन्फरन्स कायम राखे छे.

"जे जे गृहस्थोए आ ठरावनो अमल कर्यो छे तेमनो आ प्रांतिक कॉन्फरन्स आभार माने छे अने जेओए हजु सुधी आ ठरावनो अमल नथी कर्यो तेओने आ कॉन्फरन्सना ठरावनो अमल करवा प्रार्थना करे छे."

दरखास्त करनार—पंडित फतेहचंद कपुरचंद लालन.

टेको आपनार—मी. अमृतलाल वाडीलाल.

ठराव ९ मो—( उपकार मानवा बाबत. )

शेठ आणंदराम मानमलजीए पन्यासजी कमळाविजयजी तथा मुनि महाराज श्री लाभविजयजीनो उपकार मानवानो ठराव रजु करतां जणाव्युं के हमो अमारा गाममां आ प्रतिष्ठा, प्रांतिक कॉन्फरन्स तथा जे जे उत्सवो करवा भाग्यशाळी थया छीए तेनो सर्व आधार उक्त मुनि महाराजश्रीए लीधेला परिश्रमनुंज परिणाम छे तो तेमनो उपकार मानवानुं आ कॉन्फरन्स स्वीकारे छे.

उपली दरखास्तने पंडित लालने टेको आपतां जणाव्युं के महाराजश्रीना उत्तम तेमज शांतमय गुणोथी तेमज तेमना शुभ पगलांथी जे आ कार्य करी शक्या छीए तेथी तेमनो उपकार अवश्य मानवो जोइए. उपरनो ठराव सर्वानुमते ताळीओना अवाज वच्चे पसार थयो हतो.

पंडित लालने दरखास्त मुकी के कॉन्फरन्स भरवामां तथा सर्व रीते आपणी सगवडो साचववामां श्री मंचर जैन संघे तन, मन अने धननो भोग आप्यो छे तेने माटे अंतःकरणपूर्वक आ कॉन्फरन्स तेमनो उपकार माने छे.

उपली दरखास्तने उपदेशक मी. अमृतलाल वाडीलाले टेको आप्यो हतो तथा शेठ बापुलाल लालचंदना अनुमोदनथी ते ठराव पण ताळीओना ध्वनी वच्चे पसार थयो हतो.

मंचरना श्री संघ तरफथी शेठ गोकळभाई मोहोकमदास तथा शेठ आणंदरामजी मानमलजी तथा शेठ तलकचंद इच्छाराम जुन्नेरना जैन संघनो उपकार मानतां जणाव्युं के आ प्रांतिक कोन्फरन्स तथा प्रतिष्ठा विगेरे सत्कार्यो अमो करवाने भाग्यशाळी थया छीए तेनो मुख्य आधार जुन्नेरना श्री जैन संघनो छे तेथी आ कॉन्फरन्स तेमनो उपकार मानवानुं स्वीकारशे. छेवट प्रमुख शेठ कंकुचंद मुळचंदने मानपत्र आपी तेमज उपकार मानी संमेलन विसर्जन थयुं हतुं.

## તૈયાર છે !    તૈયાર છે !    તૈયાર છે !

### કોન્ફરન્સ ઓફીસની ચારવર્ષની અથાગ મહેનતનું અપૂર્વ ફળ.

## શ્રી જૈન ગ્રંથાવલિ.

જુદા જુદા ધર્મ ધુરંધર જૈન આચાર્યોએ ભિન્ન ભિન્ન વિષયો ઉપર રચેલા અપુર્વ ગ્રંથોની સંપૂર્ણ યાદી આ પુસ્તકમાં આપવામાં આવી છે. જૈન આગમ, ન્યાય, ફિલોસોફી, ઔપદેશિક, ભાષા સાહિત્ય તથા વિજ્ઞાન સંબંધી ગ્રંથોનું લીસ્ટ, ગ્રંથ કર્તાઓનાં નામ, શ્લોક સંખ્યા, રચ્યાનો સંવત, હાલ કયા ભંડારમાંથી કેવી સ્થિતિમાં મળી શકે તેમ છે વિગેરે સઘળી હકીકત બતાવનારૂં આ અમુલ્ય પુસ્તક છે. વિશેષ ફુટનોટમાં ગ્રંથોને લગતી ઉપયોગી માહિતી આપવામાં આવેલી છે. ગ્રંથ અને પૃષ્ઠ, ગ્રંથકર્તા અને પૃષ્ઠ, રચ્યાનો સંવત્ અને ગ્રંથ, એવી રીતે ત્રણ પ્રકારની સંભાળ પૂર્વક બનાવવામાં આવેલી અનુક્રમણિકાઓ આ પુસ્તકની છેવટે આપેલી છે. આ પુસ્તક દરેક પુસ્તકભંડાર, લાઇબ્રેરી તથા સભા મંડળમાં અવસ્ય રાખવા લાયક તેમજ દરેક જૈનને ઉપયોગી છે.

કીંમત માત્ર રૂ. ૩-૦-૦    શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ.

---

### શ્રી જૈન શ્વેતાંબર મંદિરાવલિ.

પ્રથમ ભાગ.

આ પુસ્તકમાં ગુજરાત, કાઠિયાવાડ, કચ્છ અને મારવાડ દેશના દેરાસરોની ( ઘર-દેરાસર સુદ્ધાંત ) હકીકત આપવામાં આવેલી છે. મુંબઇની કોન્ફરન્સ ઓફીસ તરફથી મહાન ખર્ચ કરી શરૂ કરવામાં આવેલ ડીરેકટરીના અમૂલ્ય તેમજ પ્રથમ ફળ રૂપે આ પુસ્તક જૈન સમાજના હિતને માટે બહાર પાડવામાં આવેલ છે. હિંદુસ્તાનમાં આવેલા આપણા પવિત્ર ક્ષેત્રોની યાત્રા કરવા જનાર જૈન ભાઇઓને આ પુસ્તક એક સુંદર ( ભોમીયો ) તરીકે થઇ પડવા સંભવ છે આ પુસ્તકમાં જુદી જુદી કલમો પાડી દેરાસર વાળા ગામનું નામ, નજીકનું સ્ટેશન યાને મોટાગામનું નામ તથા તેનું અંતર, દેરાસરનું ઠેકાણું, બાંધણી, વર્ણન, બંધાવનારનું નામ, મુળ નાયકનું નામ, બંધાયાની સાલ, પ્રતિમાજીની સંખ્યા, નોકરોની સંખ્યા તથા મકાનની સ્થિતિ વિગેરે તમામ હકીકત સવિસ્તર દાખલ કરવામાં આવી છે. આ પુસ્તક રોયલ સાઇઝ ૨૫૦ પાનાનું સુંદર પુંઠાથી બંધાવેલું છે. બહાર ગામથી મંગાવનારને વી. પી. થી. મોકલવામાં આવશે.

કીંમત માત્ર રૂ. ૧-૮-૦    આસિસ્ટંટ સેક્રેટરી.
પાયધુની મુંબઈ નં. ૩    શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

# લેખકોને નમ્ર વિનંતિ.

પૂજ્ય મુનિમહારાજાઓ, જૈન ગ્રેજ્યુએટો તથા વિદ્વાન જૈન લેખકોને સવિનય વિનંતિ કરવામાં આવે છે કે જૈન વસ્તીવાળા લગભગ તમામ શહેરોમાં મહાન કોન્ફરન્સનો વિજય વાવટો ફરકાવના તથા કોન્ફરન્સના સર્વ માન્ય વાજીંત્ર ગણાતા આ માસિક પત્રમાં કોન્ફરન્સે હાથ ધરેલા વિષયો સંબંધી તથા સમસ્ત જૈન કોમની સામાજીક, નૈતિક અને ધાર્મિક ઉન્નતિ સાથે પ્રત્યેક વ્યક્તિની આત્મિક ઉન્નતિ થાય તેવા સરળ ભાષાનાં લખાયેલા લેખોને પ્રથમ પદ આપવામાં આવે છે અને જૈન જાહોજલાલી સૂચવનાર ઐતિહાસિકને પણ ખાસ સ્થાન અપાય છે. અને આશા રાખીએ છીએ કે પદવીધારી જૈન ગ્રેજ્યુએટોની માફક અન્ય વિદ્વાન જૈન લેખકો તથા પુજ્યમુનિ-મહારાજાઓ, વધારે નહીંતો માત્ર વર્ષમાં એકાદ વખત આઠ દશ પૃષ્ટ જેટલો લેખ આ પત્રમા લખી મોકલી સ્વધર્મી બંધુઓને પોતાની વિદ્વતાનો લાભ આપવાનું મન ઉપર લેશે.

( ૧ ) આ પત્ર માટેનું લખાણુ કાગળની એકજ બાજુએ, સારા અક્ષરથી અને શાહી વડે લખવા તસ્દી લેવી. કાગળની બન્ને બાજુએ, અથવા પેનસીલથી લખેલું લખાણુ ટાઇપોમાં ગોઠવતાં બહુ અડચણ પડે છે તેમજ ભૂલો થવાનો પણ વિશેષ સંભવ છે માટે આ સૂચના તરફ લક્ષ્ય આપવા ખાસ વિનંતિ છે.

( ૨ ) લખાણુ મોડામાં મોડું દરેક મહીનાની તા. ૧૫ મી પહેલાં અમોને મળવું જોઇએ.

( ૩ ) લેખકનો લેખ જે અંકમાં પ્રસિદ્ધ થશે તે અંક અને નીયમીત લેખકને નીયમીત પણે સર્વ અંક મફત મોકલવામાં આવશે.

( ૪ ) પસંદ નહિ પડેલા લેખો પાછા મોકલવાનું બનતું નથી, જેને જોઇએ તેણે ટપાલ ખર્ચ મોકલી મંગાવી લેવા.

( ૫ ) અપ્રકટ પ્રાચીન જૈન ગુજરાતી સાહિત્ય, ધાર્મિક અભ્યાસ વધે તેવા સંવાદ, શિક્ષણ સારી રીતે આપી શકાય તેવા અભ્યાસપાઠો, પટ્ટાવલિઓ, શિલાલેખો, ગ્રંથની પ્રશસ્તિઓ, પ્રાચીન જૈન પ્રભાવકોનાં ચરિત્રો વગેરેને ખાસ પ્રથમ સ્થાન આપવામાં આવશે.

( ૬ ) રાજ્યકીય, ધાર્મિક વિવાદવાળું, નિંદાત્મક વગેરે આડે માર્ગે દોરનાર અને ક્લેશ ઉપજાવનાર લખાણને સ્થાન બીલકુલ આપવામાં નહિ આવે.

( ૭ ) લેખકે પોતાનું પુરૂં નામ તથા ઠેકાણું લખવા કૃપા કરવી. તે પ્રગટ કરવા ઇચ્છા હોય તો તે, અગર તેમ ન હોય તો કોઇ સંજ્ઞા-તખલ્લુસ મોકલવું. નનામા લેખ લેવા કે પાછા મોકલવા બંધાતા નથી.

મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલ્. એલ્. બી
પ્રીન્સેસ સ્ટ્રીટ. મુંબઇ. તંત્રી. જૈન શ્વે. કોન્ફરન્સ હેરલ્ડ.

### જૈન બંધુઓ વાંચો અને અમૂલ્ય લાભ લ્યો.

# શ્રી જૈન શ્વેતાંબર ડીરેકટરી.

વ્હાલા બંધુઓ, આપ સારી રીતે જાણતા હશો કે વડોદરા અને પાટણ કોન્ફરન્સ વખતે જૈન શ્વેતાંબર કોમની આધુનિક સ્થિતી જાણવા માટે સર્વે જૈન બંધુઓનો વિચાર થવાથી ડીરેકટરી કરવાનુ કામ કોન્ફરન્સ ઓફીસે હાથ ધરેલું હતું. આ મહાભારત કામના પ્રથમ ફળ રૂપે અમદાવાદ કોન્ફરન્સ પહેલાં શ્રી જૈન શ્વેતાંબર મંદિરાવળિ, ભાગ ૧ લો. બહાર પાડવામાં આવ્યો હતો. ત્યાર પછી કોન્ફરન્સ ઓફીસ તરફથી આ મુસ્કેલ કામના દ્વિતીય ફળ રૂપે શ્રી જૈન શ્વેતાંબર ડીરેકટરીના—ભાગ ૧ લો (ઉત્તર ગુજરાત) અને ભાગ ૨ જો (દક્ષિણ ગુજરાત) એવી રીતે બે ભાગ જૈન પ્રજા સમક્ષ પ્રસિદ્ધિમાં મુકવામાં આવેલ છે. આ બન્ને ભાગમાં સમસ્ત ગુજરાત દેશની પ્રાચીન તેમજ અર્વાચીન જાણવા લાયક હકીકતો દાખલ કરવામાં આવી છે; જૈનોની વસ્તી સંખ્યા દેખાડનારી ગામની નિશાનીઓ ઉપરાંત તીર્થ સ્થળ, દેરાસર, તથા રેલ્વેની સરળ માહિતી આપનારાં ચિન્હો વાળો સુંદર નકશો પણ આપેલો છે. ટુકમાં જૈનોની વસ્તી વાળા જીલ્લા અને તાલુકાવાર ગામ, રાજ્ય, નજીકનું સ્ટેશન અને તેનું અંતર, નજીકની પોસ્ટ તથા તાર ઓફીસ, દેરાસર, તીર્થસ્થળ, ધર્મશાળા, ઉપાશ્રય, પુસ્તક ભંડાર, લાઇબ્રેરી, પાઠશાળા, પાંજરાપોળ અને સભા મંડળ વિગેરેને લગતી સઘળી ઉપયોગી બાબતોથી આ ડીરેકટરી ભરપુર છે. આ સિવાય ગામવાર જ્ઞાતિ અને ગચ્છના કુંવારા, પરણેલા, વિધુર અને વિધવાની તેમજ ભણેલ તથા અભણની સંખ્યા આ ડીરેકટરીમાં સમજપુર્વક આપવામાં આવેલ હોવાથી દરેક જૈન બંધુને આપણી આધુનિક સ્થિતિ નજરે તરી આવે છે. વિશેષમાં જીલ્લાવાર તેમજ જનરલ રીપોર્ટ તથા તે ઉપરથી ઉપજતા વિચારોથી આ ડીરેકટરી જૈન સમાજ માટે બહુ ઉપયોગી કરવામાં લગાર પણ કચાશ રાખવામાં આવી નથી. ડીરેકટરી તૈયાર કરવા પાછળ રૂ. ૧૫૦૦૦ની મોટી રકમ ખર્ચવામાં આવી છે; તે છતાં જુજ કિંમત રાખવાનું કારણ કમાવાની ખાતર નહીં પરંતુ શ્રીમંત તેમજ ગરીબ જૈન બંધુને આ પુસ્તકનો લાભ આપવાનું છે. માટે સર્વ જૈનબંધુઓ આ મોટો લાભ અવશ્ય લેશેજ એવી અમારી સંપુર્ણ ખાત્રી છે.

| | |
|---|---|
| કિંમત માત્ર પહેલા ભાગના | રૂ. ૦-૧૨-૦ |
| બીજા ભાગના | રૂ. ૧-૪-૦ |
| બન્ને ભાગ સાથેના | રૂ. ૧-૧૪-૦ |

નકશાની છુટી નકલ અઢી આનાની પોષ્ટ ટીકીટ મોકલનારને મોકલવામાં આવશે.

પાયધુની મુંબઇ- નં ૩

આસિસ્ટંટ સેક્રેટરી
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

# Rates for Advertisement.

## જાહેરખબર આપનારાઓને અમુલ્ય તક.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું વાજીંત્ર ગણાતું આ માસિક કે જેનો હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં વસતી જૈનો જેવી ધનાઢય કોમમાં બહોળો ફેલાવો છે તેમાં જાહેરખબર આપવાના ભાવો નીચે મુજબ રાખવામાં આવ્યા છે.

| | એક પેઇજ | અડધું પેઇજ | પા પેઇજ | ચાર લાઈન |
|---|---|---|---|---|
| એક વર્ષ માટે. | ૩૦ | ૨૦ | ૧૨ | ૬ |
| છ માસ માટે | ૨૦ | ૧૨ | ૬ | ૪ |
| ત્રણ માસ માટે | ૧૨ | ૬ | ૪ | ૩ |
| એક અંક માટે | ૫ | ૩ | ૨ | ૧ |

જાહેરખબરો હિંદી, ગુજરાતી યા ઇંગ્રેજી ભાષામાં લેવામાં આવશે. જાહેરખબરના નાણાં અગાઉથી મળ્યા સિવાય જાહેરખબર દાખલ કરવામાં આવશે નહિ. આ માસિકની મારફત હેન્ડબીલ વહેંચાવવાના ભાવો પત્રવ્યવહારથી અગર રૂબરૂ મળવાથી નક્કી થઇ શકશે, તે માટે સઘળો પત્ર વ્યવહાર તથા મનીઓર્ડર વીગેરે નીચેના શીરનામે મોકલવા.

પાયધુની, મુંબઇ નં. ૩ { આસિસ્ટંટ સેક્રેટરી.<br>શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

# લવાજમની પહોંચ.

(જે નામ સામે રકમ દર્શાવેલ નથી તેમના તરફથી ૧ વર્ષના રૂ. ૧ા આવેલા સમજવા.)
૩ા રા. બ. શેઠ બાલાભાઈ મંચ્છારામ અમદાવાદ ( ૧૯૧૧ સુધી. )

**તા. ૩૧-૧૨-૧૨ સુધી.**

શેઠ રાધવજી જેવંત મોંબાસા.
૨ા ,, કેશવજી રંગજી ,,
૧ાા= ,, મંગળદાસ ભીખાભાઇ પેશળુ
,, જેચંદભાઇ વેલશી મુળી
,, વેલજીભાઇ કાનજીભાઇ મુંબઈ
,, લલ્લુભાઈ જેચંદ ફુરસંગી.
,, વીઠલદાસ ભગવાનદાસ લોણી(પાબલ)
,, નેમીચંદ પુનમચંદ પીસરવા.
,, પોપટલાલ ગુલાબચંદ ઔરંગાબાદ
,, પ્રેમરાજજી ચોરડીઆ બાનપુરા.
શેઠ પોચાલાલ ડુંગરશી પ્રાંતીજ
,, જેઠમલજી લુંબાજી અંધેરી.
,, જુહારમલજી સમીરમલજી નવાસહર
,, નાગરદાસ પુરૂષોત્તમ શાણપુર
,, ધરમચંદ ભીખાચંદ કણજટ
શ્રી જૈન લાયબ્રેરી યુનીયનકલબ બીલીમોરા
શેઠ શીવદાન શામલાલ સીરસા.
૩ા ,, જેઠાભાઇ નરસી કેશવજી મુંબઈ
,, શીવબક્સજી કોચર બીકાનેર
૨ા ,, ભોગીલાલ વીરચંદ જે. પી. મુંબઈ

**તા. ૩૧-૩-૧૩ સુધી,**

શેઠ રાયચંદ ગણેશદાસ વાકડ
,, જેચંદભાઇ બેચરદાસ સોનાવલા.
,, કસ્તુરચંદ હુકમચંદ યેવત.
શેઠ લક્ષ્મીચંદ રવચંદ લોણીકલભોર
,, હુકમચંદ ભાઇચંદ ભોજાપુર
૧ાા ,, ખેમચંદ વ્રજલાલ લુણાવાડા ( તા. ૩૧-૫-૧૩ સુધી. )
,, નાથાભાઇ લવજી સાદલી ( તા. ૩૦-૬-૧૩ સુધી. )
,, લલ્લુભાઇ જેઠાભાઇ અમદાવાદ ( તા. ૩૧-૮-૧૩ સુધી. )
,, છઇરભાઇ પ્રાગજી લાલબરાહ ,, ,,
,, સાકરચંદ પાનાચંદની વિધવા બાઇ જડાવ. સીપોર ( તા. ૩૦-૬-૧૩ સુધી. )

**તા. ૩૧-૧૨-૧૩ સુધી.**

શેઠ હેમચંદ તુળસીદાસ લુણાવાડા.
,, રવચંડ તારાચંદ કરાડ
,, ગુમાનમલ ગણેશમલ તાસગાંવ
,, ફકીરચંદજી વીઠુરામજી વાંચુર
૩ાા ,, બાબુ જીવણલાલજી પનાલાલજી મુંબઈ
શેઠ કંકુચંદ મુળચંદ મુંબઈ
,, નથુભાઈ નેમીદાસ કચ્છ-માંડવી.
,, જીવણચંદ સાકરચંદ મુંબઇ
બુકસેલર મેઘજી હીરજીની કું. ,,
શેઠ અમરચંદ જસરાજ ભાવનગર
,, લલ્લુભાઇ અમથાલાલ મુંબઇ

**તા. ૩૦—૬—૧૪ સુધી**—શેઠ મોતીજી હંસરાજ કરજૂલ.

( બાકી આવતા અંકમાં )

# श्री जैन श्वेतांबर कोन्फरन्स सुकृत भंडार फंड,

## જૈન બંધુઓને ચેતવણી.

શ્રી સુકૃત ભંડાર ફંડની નીચે લખ્યા નંબરની પાવતી બુકો જુદા જુદા ગામોના આગેવાન જૈન બંધુઓ વગેરેને મોકલાવેલી હતી. તે કેટલાકો પાસેથી ગુમ થએલી હોવાથી હજી સુધી અમને પાછી નહીં મલવાથી તે પાવતીબુકો અમોએ રદ કરી છે. માટે સદરહુ નંબરની પાવતીનો કોઇએ ઉપયોગ કરવો નહીં. તેમ તે પાવતી ખરા દાખલ નહીં વાપરતાં તેના પૈસા કોઇએ આપવા નહીં.

નં. ૨૦૧–૪૫૦, ૫૦૧–૫૫૦, ૨૪૦૧ થી ૨૪૫૦, ૩૭૫૧–૩૮૦૦, ૬૨૫૧–૬૬૧૦, ૮૭૫૧–૮૮૦૦, ૧૦૧૫૧–૧૦૨૦૦, ૧૦૭૦૧–૧૦૮૦૦, ૧૧૯૫૧–૧૨૦૦૦, ૧૨૨૦૧—૧૨૨૫૦, ૧૪૮૫૧–૧૪૯૦૦, ૧૫૧૫૧–૧૫૨૦૦, ૧૯૩૦૧–૧૯૩૫૦, ૨૦૦૦૧–૨૦૦૫૦, ૨૧૭૦૧–૨૧૭૫૦, ૨૩૮૦૧–૨૩૮૯૭.

ઉપર જણાવેલી નંબરની પાવતીબુકો કોઇની પાસે હોય અથવા કોઇને મળે તો અહીં મોકલી આપવા મહેરબાની કરવી.

| | |
|---|---|
| શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ. | **મોહનલાલ હેમચંદ.** |
| પાયધુની, મુંબઈ નં. ૩ | ઓનરરી સેક્રેટરી શ્રી સુકૃત ભંડાર ફંડ કમીટી. |

# पहोंच.

| | |
|---|---|
| આનંદ પુ. ૧૦ અં. ૮ | બુદ્ધિપ્રભા પુ. ૫ અં. ૨ |
| શ્રી શ્વે. સ્થા. જૈન કો.પ્રકાશ પુ.૧ અં.૩-૪ | કેળવણી પુ. ૨૫ અં. ૧૦-૧૧ |
| બુદ્ધિપ્રકાશ પુ. ૬૦ અં. ૫-૬ | સત્ય પુ. ૨ અં. ૧૨ |
| દિગંબર જૈન પુ. ૬ અં. ૭-૮ | સાહિત્ય પુ. ૧ અં. ૬ |
| સત્યવિજય પુ. ૬ અં. ૧૨ | વિવેચક પુ. ૧ અં. ૫-૬ |
| **जैन हितैषी पु. ९ अं. ६-७** | પુષ્ટિ ભક્તિ સુધા પુ. ૪ અં. ૧-૨ |
| ગુજરાત શાળાપત્ર પુ. ૫૨ અં. ૫ | શ્રી ભક્ત પુ. ૯ અં. ૧૧-૧૨ |
| આત્માનંદ પ્રકાશ પુ. ૧૦ અં. ૧૦-૧૧ | **वन्दे जिनवरम् पु. ५ अं. ३** |
| જૈન હિતેચ્છુ પુ. ૧૫ અં. ૬ | સુન્દરીસુબોધ પુ. ૧૦ અં. ૮-૯ |
| વૈશ્ય પત્રિકા પુ. ૯ અં. ૧૦ | Jaina Gazotte Vol No. 1—3 |
| જૈનધર્મ પ્રકાશ પુ. ૨૯ અં. ૨-૩ | વસન્ત પુ. ૧૨ અં. ૪ |

અમદાવાદ જૈન કન્યાશાળાનો રીપોર્ટ ૧૯૧૨. શેઠ માણેકચંદ પાનાચંદ દિગમ્બર જૈન—બોર્ડીંગ સ્કૂલ રતલામનો રીપોર્ટ ૧૯૧૧-૧૨ જૈનધર્મ પ્રસારક સભાનો ૩ વર્ષનો રી. સં. ૧૯૬૫-૬૮.

Reg. N. B 525.

# श्री जैन श्वेताम्बर कॉन्फरन्स हेरल्ड.

પુસ્તક ૯. ] પર્યૂષણ અંક [ અંક ૮-૯.

ઑગસ્ટ, સપ્ટેમ્બર ૧૯૧૩.

खामेमि सव्वे जीवा, सब्बे जीवावि खमंतु मे।
मित्ति मे सव्व भूएसु, वेरं मज्झं न केणई ॥

× × × × ×

જીવ સર્વે ખમાવિયે સાહેલડી રે, યોનિ ચોરાશી લાખ તો;
મન શુદ્ધે કરી ખામણાં સાહેલડીરે, કોઇ શું રોષ ન રાખ તો.
સર્વ મિત્ર કરી ચિંતવો સાહેલડીરે. કોઇ ન જાણો શત્રુ તો;
રાગ દ્વેષ એમ પરિહરો સાહેલડીરે, કીજે જન્મ પવિત્ર તો.
સ્વધર્મી સંઘ ખમાવિયે સાહેલડીરે, જે ઉપજી અપ્રીતિ તો;
સજ્જન ! કુટુંબ કરો ખામણાં સાહેલડીરે, **એ જિનશાસન રીતિ તો.**
ખમિયે ને ખમાવિયે સાહેલડીરે, એહજ ધર્મનો સાર તો;
શિવગતિ આરાધન તણો સાહેલડીરે, એ ત્રીજો અધિકાર તો.

વિનયવિજયજી ( સં. ૧૭૨૯ )

शिवमस्तु सर्वजगतः परहितनिरताः भवन्तु भूतगणाः।
दोषाः प्रयांतु नाशं सर्वत्र सुखिनः भवंतु लोकाः ॥

× × * × ×

માનદ તંત્રી:—**મોહનલાલ દલીચંદ દેસાઈ**, બી. એ, એલ્, એલ્. બી.
હાઇકોર્ટ પ્લીડર, પ્રિન્સેસ સ્ટ્રીટ—**મુંબઈ.**

પ્રગટકર્તા:—જૈન શ્વે. કૉન્ફરન્સ ઑફિસ તરફથી લાલચંદ લક્ષ્મીચંદ શાહ,
પાયધોની—મુંબઈ.

આ અંકની કિંમત ૦-૮-૦ **વાર્ષિક મૂલ્ય.** (પોસ્ટેજ સહ) ૧-૪-૦

# 'हॅरल्ड' मासिक, कॉन्फरन्स देवी अने जैन संघ.

આખા હિન્દના શ્રી શ્વેતાંબર જૈન સંઘની એકતા, અભિવૃદ્ધિ અને ઉત્કર્ષ કરવાના આશયથી શ્રીમતિ કૉન્ફરન્સ દેવીએ આ દુનીયાપર જન્મ લીધો છે. દેવો પોતાના હાથવડે મનુષ્યોનાં કામ કરી આપતા નથી, પણ મનુષ્યોને કરવા યોગ્ય કામોમાં પ્રેરે છે અને જ્યારે એવી પ્રેરણાથી મનુષ્યો **દૃઢ નિશ્ચયવાળા** બની **ભક્તિપૂર્વક** કામ કરવા લાગી પડે છે ત્યારે તેમને શુભ મદદ આપવાનું અને તેમના રસ્તામાંના કાંટા દુર કરવાનું કામ દેવો કરે છે. એ પ્રમાણે **જૈન સંઘનો** ઉત્કર્ષ કરવાની પ્રેરણા **મહાદેવી** કૉન્ફરન્સે કેટલાક જૈનોને કરી છે અને હવે તે દેવી તેમને શુભ મદદ કરવાની રાહ જોતી બેઠી છે; તેણીને એવી તક આપવા માટે આપણે **દૃઢ નિશ્ચય** અને **ભક્તિ** એ બે ચિન્હો બતાવી આપવાં જોઇએ. **દેવીએ** પ્રેરેલા કાર્યથી જ આપણો ઉદય છે એ બાબતમાં આપણને સંપૂર્ણ **શ્રદ્ધા** હોવી જોઇએ. અને તે કાર્ય બજાવવા માટે પ્રાસંગિક બનાવોથી નાહિંમત થવાને બદલે **દૃઢનિશ્ચયથી** આગળ વધવામાં જરૂર આપણો ઉદય છે એવી સંપૂર્ણ શ્રદ્ધા રાખવા તૈયાર રહેવું જોઇએ; એમ થયેથી આપણાં વિઘ્નો દુર કરવાની અને આપણને વિજય અપાવી આગળ ને આગળ વધારવાની જોખમદારી તે **મહા**દેવીના શિર રહેશે. આપણે આપણા તરફનું દેવું ચુકવીએ **નહિ** અને તેથી થતી આપણી લાચારી માટે **તેણીને** જોખમદાર ઠરાવવા તૈયાર થઇએ તે માત્ર અજ્ઞાનતા **અને આત્મદ્રોહ** છે. ઉઠો, જાગો, નિદ્રા, પ્રમાદ તથા અશ્રદ્ધાને તીલાંજલિ દો; **કૉન્ફરન્સ મહાદેવી** દ્વારા જ આપણો ઉદય થવો નિર્મયેલો છે એ સત્યમાં દૃઢ **શ્રદ્ધા** રાખો અને એ **મહાદેવીના** રચના અશ્વ બનો. જેના માથાપર **મહાદેવી** કૉન્ફરન્સ માતા અને **શાસન**નાયક **પિતા** જેવા **સમર્થ** રક્ષક, પાલક અને નિયંતા બેઠા છે તેને ભય શો છે? ભય અને ચિંતા માત્ર **અશ્રદ્ધા** અને અદ્રઢતાનાંજ કડવાં ફળ છે. ફેંકી દો તે બલાઓને, આવી જાઓ **શ્રદ્ધા** અને નિશ્ચયના પ્રકાશિત પ્રદેશમાં, કે જ્યાં **શાસનનાયક** પિતા અને તેની પ્રેરીતા **મહાદેવી** કૉન્ફરન્સ તમને દોરવાને, હિંમત આપવાને, રસ્તો બતાવવાને, બળ ધીરવાને, આગળ વધારવાને,—કહો કે તમારા સર્વ ઇપ્સિતાર્થ સફળ કરવાને તૈયાર થઇ ઉભાં છે.

એ **મહાદેવીના** હુકમો (ઠરાવો) હરવખત સાંભળતા રહો, એનો અમલ કરો, ચાર આના ફંડ વગેરે જે કાંઇ તેણીના દેવળની સલામતી માટે લેવાતુ હોય તે ખુશીથી આપો અને તેણીની દરેક હીલચાલથી જાણીતા રહી દરેક કામમાં ભાગ લેવા પ્રયત્ન કરો.

**મહાદેવીનું** વાજીંત્ર 'કૉન્ફરન્સ હૅરલ્ડ' અવશ્ય વાંચો. એમાં તમને ઘણું જાણવા જેવું, શીખવા જેવું, ધારવા જેવું મળશે. એ માસિક પત્ર તેણીનો દુત—કાસદ છે, કે જે પ્રતિમાસ તમને તેણી તરફના સંદેશા તેમજ ઉપદેશ ઘેર બેઠાં સંભળાવશે. તે દુતનો ખોરાક માત્ર રૂ. ૧૧ છે. શું ભક્તિ અને દૃઢ નિશ્ચયવાળા પ્રગતિપ્રેમી જનોએ વરસે દહાડે રૂ. ૧૧ નો ભોગ આપવો એ મોટી વાત છે? જેઓને એટલું પણ વસમું લાગે છે તેઓમાં ભક્તિ, નિશ્ચય, ઉત્સાહ, પરમાર્થ કે ખરો સ્વાર્થભાવ કાંઇ નથી એમ એક બાળક પણ કહેશે પાંચ લાખ માણસોનું કાસદું કરતો આ દૂત હજી અડધો ભૂખ્યો મરે છે, એ શું દિલગીર થવા જેવું નથી? આત્મબંધુઓ! સંકુચિત દૃષ્ટિ સદાને માટે છોડો, તમારો—તમારા સંઘનો ઉદય શામાં છે તે બરાબર સમજો અને આ 'હૅરલ્ડ' દૂતને પ્રેમપૂર્વક પોષો. તેનું વાર્ષિક લવાજમ તમે ભરો અને મિત્રોને તેમ કરવા ભલામણ કરો.

શ્રીમતી કૉન્ફરન્સ દેવી અને તેના દુત 'હૅરલ્ડ પત્ર' વડે સમસ્ત શ્વેતામ્બર જૈન સંઘમાં એકતા, અભિવૃદ્ધિ અને ઉત્કર્ષ શીઘ્ર થાઓ!

☞ મુનિરાજો અને વિદ્વાનોને આ ખાસ અંક માટે પોતાના સ્વતંત્ર અભિપ્રાય લખવા વિનંતિ છે.

---

# अनुक्रमणिका.


૧ પ્રભાત. ( કાવ્ય ) રા. રા. ન્હાનાલાલ દલપતરામ કવિ M. A. ૨૪૫
૨ Jain Phraseology into English. Late Mr. Govindji Mulji Mehpani B.A LL.B. 246
૩ Naya Philosophy. Mr. Mansukhlal Kiratchand Mehta 254
૪ વિશ્વાસજનક સ્થળેથી વિશ્વાસ ગયો ! ( કાવ્ય ) મુનિશ્રી નાનચંદ્રજી ૨૫૯
૫ આશાભર્યું પ્રભાત ( કાવ્ય ) રા. રા. વસંત ૨૬૦
૬ ધર્મમહાવીર ( કાવ્ય ) રા. રા. લલિત ૨૬૦
૭ સ્ફુટનોંધ ( Editorial notes ) (૧) હૅરલ્ડનો પર્યુષણ અંક (૨) જૈનસમાજની પ્રગતિનું ટુંક અવલોકન (૩) જૈનસૂત્રોના ઉદ્ધારનો એક વધુ પ્રયાસ (૪) જૈન સાહિત્યે ગુમાવેલો એક વૃદ્ધ સેવક (૫) પાચોરા સંયુક્ત પાઠશાળા. ૨૬૧
૮ પ્રભુનો પંથ ( કાવ્ય ) રા. મગનલાલ દલીચંદ દેશાઇ ૨૬૭
૯ સ્વધર્મ એજ પ્રભુપ્રાપ્તિનો રસ્તો ( કાવ્ય ) ,, ,, ,, ૨૬૭
૧૦ મનોવિજયનો મહામંત્ર. રા. વસન્ત ૨૬૮
૧૧ સ્ત્રીઓનું જીવન રા. રા. ભોગીંદ્રરાવ ર. દિવેટિયા B. A. ૨૭૮
૧૨ નેમિનાથચતુષ્પદિકા ( કાવ્ય ) J. S. (Patan.) ૨૮૦
૧૩ નવા બાલકને ( કાવ્ય ) રા. રા. રમણીયરામ ગોવર્ધનરામ ત્રિપાઠી ૨૮૩
૧૪ વિધવા બ્હેનને આશ્વાસન. ( કાવ્ય ) ૨૮૪
૧૫ જૈન. મુનિરાજશ્રી ચારિત્રવિજયજી. ૨૮૫
૧૬ મુનિજીવન. કચ્છીમુનિ T. ૩૦૦
૧૭ જૈનો અને કેળવણી રા. રા. હિંમતલાલ ગણેશજી અંજારીઆ M. A. LL. B. ૩૦૯
१८ सद्धर्म संदेश ( काव्य ) श्रीयुत समय ३११
૧૯ સ્થૂલભદ્ર ( એક ઐતિહાસિક ધર્મકથા. ) ૩૧૩
૨૦ સ્થૂલિભદ્ર અને કોશા ( કાવ્ય ) રા. રા. અમૃત. ૩૨૮
૨૧ આ કોપ કયા પ્રકારનો ? ( કાવ્ય ) મુનિશ્રી નાનચંદ્રજી ૩૩૨
૨૨ શું કરૂં ? ( કાવ્ય ) રા. મણિલાલ મોહનલાલ વકીલ ૩૩૨
૨૩ એક પ્રાચીન જૈન ગણિતશાસ્ત્રી. ૩૩૩
૨૪ જ્ઞાનચર્ચા રા. રા. ગોકુળભાઈ નાનજીભાઈ ગાંધી. ૩૪૧
૨૫ ધર્મબ્હેનને ( કાવ્ય ) ૩૪૭
૨૬ આપણને ઐક્યભાવનાની જરૂર છે. પ્રોફેસર નરભેશંકર પ્રા. દવે. M. A. ૩૪૮
૨૭ આત્મનિવેદન ( કાવ્ય ) રા. સાગર ૩૫૪

૨૮ જૈનસાહિત્યના વિકાસમાટે જૈનોએ શું કરવું જોઇએ ?
( રા. રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી. M. A. LL. B. ) ૩૫૫
૨૯ અમારી મસ્ત ફકીરી ( કાવ્ય ) રા. રા. વસન્ત ૩૫૬
૩૦ જૈનો અને ગુજરાતનું નવજીવન. રા. રા. રણજિતરામ વાવાભાઇ B. A. ૩૫૭
૩૧ દીનનાં દર્શન ( કાવ્ય ) રા. રા. લલિત ૩૬૨
૩૨ જૈનોનું કથાસાહિત્ય રા. રા. ચુનિલાલ વર્ધમાન શાહ ૩૬૩
૩૩ લગ્નવિચાર અને દંપતિધર્મ રા. રા. સાગર ૩૬૮
૩૪ નૈતિક અને ધાર્મિક શિક્ષણ. રા. રા. હાકેમચંદ હરજીવન મણિયાર M. A. LL. B. ૩૭૨
૩૫ મારી બ્હેનડી ( કાવ્ય ) ૩૭૫
૩૬ જીવનથી કંટાળેલા મિત્રને પત્ર. સ્વ. ગોવિંદજી મૂલજી મહેપાણી B. A. L L. B. ૩૭૬
૩૭ સ્ત્રીઓનો પોશાક. રા. રા. ડાહ્યાભાઈ લક્ષ્મણ પટેલ ૩૮૧
૩૮ મનુષ્ય પૂજાની મજા અથવા આત્મદર્શનનો આનંદ. રા. રા. અમૃતલાલ સુંદરજી પઢિયાર ૩૮૪
૩૯ આદર્શ જૈનસાધુઓ જગતનું હિત શું ન કરી શકે ? મુનિમહારાજશ્રી કર્પૂરવિજયજી ૩૮૮
૪૦ આજ. રા. મણીલાલ મોહનલાલ વકીલ પાદરાકર ૩૯૧
૪૧ બાળકો માટે સાહિત્ય. હિંમતલાલ ગણેશજી અંજારીઆ M. A. LL B. ૩૯૨
૪૨ બુદ્ધનો અંતિમ ઉપદેશ ( બેન નિર્મળા ) ૩૯૪
૪૩ **भारतकी भावीभलाइका उपाय**( ટહલરામ ગંગારામ જમીનદાર ) ૩૯૫
૪૪ ઓસ્યો જોષ્યો આફ્રમાં સીવીલ મેરજ બીલ (રા. જે. ટી. કોઠારી. B. A. LL. B)૩૯૭
૪૫ જીવનમાં અનુકરણીય નિયમો . ( કાપડીઆ નેમચંદ ગીરધરલાલ ) ૪૦૧
૪૬ પર્યૂષણપર્વ રા. રા. ગોકુળદાસ નાનજીભાઇ ગાંધી. ૪૦૫
૪૭ પ્રભાતનો પડઘો ( કાવ્ય ) રા. રા. વસંત ૪૧૨
૪૮ જીવનને મંદિરીએ ( કાવ્ય ) રા. રા. પાદરાકર ૪૧૨
૪૯ વ્હાલીને વિદાય. ( કાવ્ય ) રા. રા. વસન્ત ૪૧૩
૫૦ પાંજરાપોળ પ્રત્યે સમાજસેવકોનું કર્તવ્ય. રા. રા. વાડીલાલ મોતીલાલ શાહ. ૪૧૪
૫૧ ભૂલા પડેલા મુસાફરને ( કાવ્ય ) રા. રા. વસન્ત ૪૧૯
૫૨ બાળકોને કેળવો ( કાવ્ય ) મુનિશ્રી નાનચંદજી ૪૨૦
૫૩ વીરમાર્ગ શું તેના ભક્તોજ ભૂલ્યા કે ? (કાવ્ય) ,, ,, ૪૨૦
૫૪ Divine Discontent. Mr. Shushil 421
૫૫ બાલિકા ( કાવ્ય ) રા. અમૃત ૪૨૭
૫૬ **एक ऐतिहासिक प्रशस्ति. मुनि जि०** ૪૨૮
૫૭ અગ્રેસરોની ઉંઘ ( કાવ્ય ) મુનિ નાનચંદજી ૪૩૨
૫૮ આજીજી અને અટક ( કાવ્ય ) એક કચ્છી મુનિ. ૪૩૩
૫૯ જૈન ભંડારોની ટીપ કેવી રાખવી જોઇએ ? ૪૩૩

| | | |
|---|---|---|
| ૬૦ માગધીલેખ | ઉપાધ્યાય શ્રી **આત્મારામજી** મહારાજ | ૪૩૭ |
| ૬૧ દિવ્યશશિ ( કાવ્ય ) | **નિર્મળાબહેન** | ૪૪૧ |
| ૬૨ માગધી લેખકા હિન્દીભાષાંતર | પંડિત **જ્ઞાનચંદ્રજી** મહારાજ (પંજાબી) | ૪૪૨ |
| ૬૩ ચિત્રપરિચય | (૧) શ્રીયુત **મકનજી જુઠાભાઇ મહેતા** B. A. LL. B. Bar-at-law. (૨) ડાકટર **નાનાલાલ મગનલાલ મહેતા** L. M. & S. I. M. S. &c. | ૪૪૯ |
| ૬૪ અભ્યાસક્રમ. | | |
| ૬૫ ચિત્રપરિચય. | **(૩) स्व. श्री विजयानंद सूरि. (पं. हंसराज.** | |
| ૬૬ **ધર્મ.** | **( श्रीयुत चंदनमलनागोरी. )** | |
| ૬૭ શ્રી પાર્શ્વજીન સ્તવન. (કાવ્ય) | શ્રી યશોવિજયજી. | |
| ૬૮ દેશભક્તિ (કાવ્ય.) | | |
| ૬૯ સાધુ--સ્નેહીના દર્શને જતાં. | રા. અમૃત. | |


આ માસિકમાં પ્રગટ થતા લેખના દરેક વિચાર સાથે ઑન. તંત્રી સમ્મત છે એમ કાંઈ માની લેવાનું નથી. દરેક વિચારની જોખમદારી તેના લેખકને શિર છે. કોઇ લેખકના વિચારોમાં કાંઇ અનુચિતતા જેઓને ભાસે તેઓ જો યુક્તિ અને પ્રમાણ સહિત શાન્ત શૈલિમાં તે અનુચિતતા સમજાવી સત્યનું સમર્થન કરવાના ઇરાદાથી લેખ લખી મોકલશે તો તેવા લેખોને આ પત્રમાં સાભાર પ્રગટ કરવામાં આવશે.

આ ખાસ અંકમાં તેમજ વર્ષ દરમ્યાનમાં આ પત્રમાં લેખો લખી મોકલનાર મહાશયોનો આ સ્થળે અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે.

# કૉન્ફરન્સ શ્રી સુકૃત ભંડાર ફંડ.

(સંવત્ ૧૯૬૯ ના જેઠ વદ ૧૨—અશાડ વદ ૧૩, તા. ૧-૭-૧૩ થી તા. ૩૧-૭-૧૩) વસુલ આવ્યા રૂ. ૩૭૫-૪-૦ ની વિગત. આ માસ આખરના વસુલ ૧૬૫૭-૩-૦

**ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદ**—ઉ. ગુજરાત.

ભલગામ ૦ાા, ઊણુ ૩પા, માનપુરા ૨ાા, વાલપુરા ૨, ભદરવાળી ૧, સીયા ૦।, જાખેલ. સીરવાડા ૧।, માંડલા ૨ાાા, રૂવલ ૩ાા, તેરવાડા ૧૮।, ઇસિરવા ૦ાા, એદરમાણા ૧ાા, વડા ૪ાાા, ડુંગરાસણ ૨, માનપર ૧ાાા, આકોવી ૬, રવીઆણા ૩ાા.

કુલ રૂ. ૯૨-૦-૦

**ઉપદેશક મી. અમૃલાલ વાડીલાલ**—દક્ષિણ.

ખડકલાટ ૨૫, નવલીહાશે ૧૨, બેડકીહાલ ૩૦, સદલગા ૫, નીપાણી ૪૦ાા, કાગળ ૨.

કુલ રૂ. ૧૨૩-૮-૦

**ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદ**—પાલણપુર ઇલાકો.

ગઢ ૩૨, વસુ ૩૧ાાા, મેતા ૪૮, કોરડી ૧૫ાા, તેનીવાડા ૨૫ાાા, સેદરાણા, ૫, એદરાણા ૩ાા, કેન્દરાલી ૧। નાંદોત્રા ૧૪।,

કુલ રૂ. ૧૫૯-૦-૦

**આગેવાનોએ** પોતાની મેળે મોકલાવ્યા.

સંદેર ૦।, સમલી ૦ાા.

કુલ રૂ. ૦-૧૨-૦

એકંદર કુલ **રૂ. ૨૦૩૨-૭-૦**

**ઊણ**ના શેઠ ઉજમશી કુલચંદે રૂ. ૧૧) તથા **થરા**ના શેઠ ચતુર ગણેશે રૂ. ૪) આ ફંડમાં પોતાને ત્યાં કારજ પ્રસંગ આપ્યા છે.

---

## ઉપદેશક મી. વાડીલાલ સાકળચંદનો પ્રવાસ.

**રૈયા**—જાહેર મેળાવડામાં ભાષણ આપતાં જીવ દયા, દારૂનિષેધ, માંસાહાર ન કરવો ઈત્યાદિની પ્રતિજ્ઞાઓ ઘણા માણસોએ તેજ વખતે લીધી હતી. તેમજ જૈન સમાજમાં ભાષણ આપતાં લગ્ન પ્રસંગે ગવાતાં ફટાણાં નહિ ગાવાની હાજર રહેલી બ્હેનોએ પ્રતિજ્ઞા લીધી હતી.

**લોદરા**—કન્યાવિક્રય, મૃત્યુ પાછળ મિષ્ટાન, ફટાણા નહિ ગાવાં વિગેરે વિષયો પર ભાષણ આપતાં હાજર રહેલ જૈન બંધુઓ-બ્હેનો ઉપર ઘણી અસર થઇ હતી. વર્ષમાં એક બે વખત ઉપદેશક મોકલવાનો આગ્રહ કરવામાં આવેલ છે.

**થરા**—ફટાણા નહિ ગાવાની હાજર રહેલ ઘણી બ્હેનોએ પ્રતિજ્ઞા લીધી લતી. સુકૃત ભંડાર ફંડ વસુલ કરી આપ્યું હતું.

**ઊણ**—એક અઠવાડીઉં રહી જીવહિંસા, માંસાહાર, રડવું કુટવું, ફટાણાં ગાવાં, હોલીપૂજન ઇત્યાદિ વિષયોપર જૈન તેમજ જૈનેતરના શ્રોતાઓ સમક્ષ ભાષણો આપતાં ઘણાએ પ્રતિજ્ઞાઓ લીધી હતી તેમજ ફટાણાં કોઇ ગાય તો મહાજનને સવા રૂપીયો દંડ આપવાનું ઠરાવવામાં આવ્યું હતું. સુકૃત ભંડાર ફંડ વસુલ કરી આપ્યું. વળી ભલગામમાં કોળીનાં ઘર ૧૨૫ છે તેઓને જમાડી ભાદરવા સુદ ૪ ને દિવસે ખેતી વિગેરે બંધ કરી કોઇ પણ જાતની હિંસા ન કરવા દસ્તાવેજ લખાવી આપ્યો.

**જાખેલ**—દારૂ, હુક્કો, બીડી વિગેરે વ્યસનની ચીજોથી થતા ગેરફાયદા એ વિષયપર ભાષણ આપતાં સારી અસર થઇ હતી. સુકૃતભંડાર ફંડ વસુલ કરી આપ્યું હતું.

**માંડલા**—કન્યાવિક્રય ઉપર જાહેરભાષણ આપતાં હાજર રહેલ સર્વેએ પ્રતિજ્ઞાઓ લીધી હતી.

**બારીઆ**—જીવહિંસા, માંસાહાર, કેફી વસ્તુ પીવાથી ગેરફાયદા ઉપર ભાષણ આપતાં ત્યાંના ઠાકોર ભુપતાજી હજુરજીએ પ્રતિજ્ઞા લીધી હતી તથા સાકર વહેંચી હતી.

जैनाचार्य न्यायांभोनिधि श्रीमद्विजयानंदसूरि.

जन्म-संवत् १८९३. ( आत्मारामजी महाराज ) स्वर्गवास-संवत् १९५३.



Jainacharya Nyayambhonidhi Shreemad Vijayanandsoori.

Birth. V. S. 1893 (Atmaramji.) Death V. S. 1953

# श्री जैन श्वेताम्बर कॉन्फरन्स हॅरल्ड.

"तत्साधूनां पुनर्भगवतां महाराज ! नश्यन्त्येवामी पूर्वोदिताः सर्वेऽपि क्षुद्रोपद्रवा यतस्तेषां भगवतां प्रनष्टं मोहतिमिरं, आविर्भूतं सम्यग्ज्ञानं, निवृत्तं सर्वत्राग्रहविशेषः, परिणतं संतोषामृतं, व्यपगता दुष्टक्रिया, त्रुटितप्राया भववल्लरी, स्थिरीभूता धर्ममेघसमाधिः ॥ तथा गाढानुरक्तमंतरंगमतःपुरं ॥ यतस्तेषां भगवतां संतोषदायिनी धृतिसुंदरी, चित्तप्रसादहेतुः श्रद्धा, आल्हादकारिणी सुखासिका, निर्वाणकारणं विविदिषा, प्रमोदविधायिनी विज्ञप्तिः, सद्बोधकारिणी मेधा, प्रमदातिरेकानिमित्तमनुप्रेक्षा, अनुकूलचारिणी मैत्री, अकारणवत्सला करुणा, सदानंददायिनी मुदिता, सर्वोद्वेगघातिनी उपेक्षेति."—श्री सिद्धर्षिः

પુસ્તક ૯-અંક ૮-૯.]  વીર સંવત્ ૨૪૩૯.  અગષ્ટ-સપ્ટેંબર, ૧૯૧૩.

## प्रभात.

ઉગે છે પ્રભાત આજ ! ધીમે ધીમે;
ઉગે છે ઉષાનું રાજ્ય ! ધીમે ધીમે:
    ઉગે છે પ્રભાત આજ ! ધીમે ધીમે.
રજનીની ચુંદડીના
છેડાના હીરલા શા
ડુબે છે તારલા આજ ! ધીમે ધીમે.
    ઉગે છે પ્રભાત આજ ! ધીમે ધીમે.
પરમ પ્રકાશ ખીલે,
અરૂણનાં અંગ ઝીલે;
જાગે પ્રભુ વિશ્વમાં આજ ! ધીમે ધીમે;
જાગે પ્રભુ જીવમાં આજ ! ધીમે ધીમે;
    ઉગે છે પ્રભાત આજ ! ધીમે ધીમે.

નાનાલાલ દલપતરામ કવિ. M. A.

# Jain Phraseology into English.

*WITH EXPLANATORY NOTES.*

( BY THE LATE BROTHER GOVINDJI MULJI MEHPANI B.A.LL.B. )

***Avyapti*—अव्याप्ति**—The fault, in a definition, of the special characteristic not found in all the members of the class; too narrow a definition.

***Asambhava*—असंभव**—lit. 'impossibility;' the fault of the special characteristic in a definition being contrary to the nature of the thing defined.

*Ativyapti*—**अतिव्याप्ति**—too wide a definition; the fault of the special characteristic in a definition being found in things other than the one defined.

*Astikaya*—**अस्तिकाय**—means the substance is a collection of *pradeshas* ( indivisible inseparable parts. )

*Adharmastikaya*—**अधर्मास्तिकाय**—that *dravya* (substance) which is the *hetu* ( accompanying cause ) of the stationary states of things and beings that are not moving, or that are resisting in the sense of not moving. Fulcrum of rest.

*Akashastikaya*—**आकाशास्तिकाय**—That *dravya* (substance) which acts as a receptacle of all the other *dravyas.* ( This particular *dravya* is not a kind of thing that needs to be contained—it has got the nature of needing to be contained. )

*Astitva*—**अस्तित्व**—existence. It is a general nature ( *Samanya Svabhava* ) of *dravyas* ( substances. )

*Astita*—**अस्तिता**—same as *astitva.*

*Agurulaghutva*—**अगुरुलघुत्व**—increase and decrease in various ways in the *paryayas* of all *dravyas.* Agurulaghu is not in the atom but only in the mass. It is a common nature ( *Samanya svabhava* ) of all *dravyas.*

*Astisvabhava*—**अस्तिस्वभाव**—It is a secondary *samanya svabhava.* It is the same thing as *astitva.* The *astisvabhava* is the *hetu* of the changes of space time and modifica-

tion. (*Asti* and *Nasti* are copulas 'is' and 'is not.') The fact that it it such and such.

*Arhat*—अर्हत्—( the deserving one ) Such *Jinas* who become spiritual heads and regenerators of the community.

*Anekanta-Vada*—अनेकांतवाद्—doctrine of non-isolation.

*Ajiva*—अजीव—insentient, inanimate or unconscious things or substances.

*Akasha*—आकाश—space.

*Asrava*—आस्रव—Attraction of *Karma*.

*Ahinsa parmo dharmah*—अहिंसा परमो धर्मः—non-injury is the highest religion. The preaching of this grand principle has almost entirely superceded Brahmanical sacrifices of animals.

**Avagraha*—अवग्रह—indefinite cognition ( ? perception ), the state of mind in which there is no clear differentiating notion about the object. It is a state in which the mind in a vague way feels that it ( the object ) is something. It is the state of mind prior to analysis=Greek Syn.

---

* All the words begin with vowels. There are others which our late brother Mr. Govindji has collected though without assigning any English equivalents to them but at the same time citing some authority against them. They are as follows:—

अकषाय Akashaya VI. 5, अकामनिर्जरा Akamanirjara VI 20. आगारी Agari VII 14, 15, अग्निकुमार Agnikumara VI 6 c. 11, अंग Anga VIII. 12, अंगप्रविष्ट Angapravista I 20 c, अंगबाह्य Angabahya I 20 c. अच्युत Acyuta IV 9 c. 20. 38. अजीव Ajiva I 4, VI 8, अजीवकाय Ajivakaya VI, अज्ञान Ajnana I. 32 c, 33 c, II 5, IX 9 : 13; आज्ञा Anjna=Pankaprabha, III 1. c, अणु Anu V 11. 25. 27, अणुव्रत Anuvrata VII 2 m. VII 15, अंडज Andaja II 34, अतत Atata IV 15 c, अतिक्रम VII 24-31, अतिथि संविभाग व्रत Atithisambibhaga Vrata VII 16 (30), अतिभारारोपण Atibharāropana VII 20, अतिसर्ग Atisarga VII 33, अतिचार Aticara VII 18 ff. अदर्शन adars'ana IX 9, अधर्म Adharma V 1-J-13-1J. अधिकरण

*Bhava*—भाव—the actual state or condition or modification.

*Bandha*—बंध—Assimilation of karmas with the individual.

*Chetana*—चेतना—knowledge; it is the characteristic of *Jiva* or soul.

*Dravya*—द्रव्य—substance; the highest category; that which is real. Primal substance.

From the *dravya* (substance) point of view it may be defined as " that in which the differences of time, space, and modifications inhere to-gether. "

From the *paryaya* ( modification ) point of view it may be defined as " subject of having qualities ( *gunas* ) and modifications ( *paryayas.* )"

---

Adhikarana I 7, VI 7.8, अधिगम Adhigama I 3·6, अधोगौरव adhogaurava X 6 c, अंगार Angara VII 14, अनंगक्रीडा Anangkrida VII 23, अनंत Ananta V 2, ० भाग ० bhaga I 29, अनंतरपश्चात्कृत्तिक Anantarrpascatkrtika X 7 c, अनंत वियोजक Anantaviyojaka IX 47, अनंतानुबंधी Anantanubandhin VIII 19, अनपवर्त्यायु Anapavrtyayus II 52, अनभिगृहीत Anabhigrihita VIII 1 c, अनर्थदंड-विरति Anarthedandavirati VII, 16 (27), अनर्थांतर Anarthantara I 14, अनर्पित Anarpita V 31, अनवस्थित Anavasthita I 23 c, अनशन Anasana IX 12, अनादर Anadara VII 28·29, अनादि Anadi II 42, V 42, अनाहारक Anaharaka II 31, अनित्य Anitya IX 7: अनिंद्रिय Anindriya I 14, 19, II 22, अनिश्रित Anisrita I 16, अनीक Anika IV 4, अनुकंपा Anukampa I 2 c, अनुक्त Anukta I 16, अनुचिंतन Anucintana IX 7, अनुत्तर Anuttara IV 22 c, अनुत्सेक Anutseka VI 22, अनुपस्थापना स्मृति Anupasthapna Smrti ० VII 28.29 अनुपात Auupata VII 26, अनुप्रेक्षा Anupreksa IX 2.), अनुभाव Anubhava IV 22, VIII 4·22, अनुमत Anumata VI 9, अनुश्रेणी Anusreni II 27, अनृत Anrta VII 1·9, IX 36, अंतर I 8, X 7, अंतरद्वीप Antardvipa III 13 c, 15 c. IV 15 c, अंतराय कर्म Antaraya ( Karman ) VI 26, VII 11, VIII 5.15, 15, X 1. अन्यत्व Anyatva IX 7, अंतर्धान स्मृति Antardhana Smrti ० VII 25, अन्यदृष्टि Anyadrsti VII 18, अपराजित Aparajita IV 20·38, अपवर्तन Apavartana II 52 c. VIII 22 c, अपर्याप्तक Aparyaptaka I 23 c, अपान Apana V 19, अपाय Apaya I 15, VII 4 IX 37.

From both the *dravya* and *paryaya* point of view it may be defined as that " in which there are origination, destruction and permanence " *i. e.* the origination of a new *paryaya*, the destruction of the old *paryaya*, and the permanence of the *dravya*.

The *dravyas* are six in number; *viz dharmastikaya, adharmastikaya, akashastikaya, pudgalastikaya, jivastikaya* and *kala*.

A particular *dravya* is that which has an infinite number of *samanya* and *Vishesha svabhavas* *i. e.* general and particular natures; also that which performs a special action.

*Dravyatva*—द्रव्यत्व—The fact of its being a *dravya* ( -*tva* means-ness ). As a *Samanya svabhava* ( general nature ) it means the fact of all the *dravyas* performing their special specific functions.

*Distinction*—means that it is separable only in thought.

*Difference*—means a real difference in actual fact. There is only a distinction and not a real difference between *guna* and *paryaya*.

*Dharmastikaya*—धर्मास्तिकाय—that *dravya* (substance) which is the *hetu* ( हेतु—accompanying cause ) of the motion; of moving things and beings; the fulcrum of motion; ( a fine ether ? )

*Devardahi Gani*—देवर्द्धिगणी—the redactor of the sacred canon.

*Guna*—गुण—Quality, it is constant *i. e.* unchanging. ( the use of the Sanskrit word '*guna*' is preferable, as the English word ' quality ' has connotations which the word *guna* has not. ) It is the modality.

*Hetu*—हेतु—the accompanying cause, wiihout which you cannot do.

*Is*— the word sometimes means ' exists; ' sometimes it is merely a copula asserting that the predicate is compatible with the subject of the proposition.

*Jivastikaya*—जीवास्तिकाय-that *dravya* (substance) the characteristic of which is *chetana* (चेतना knowledge;) soul.

*Jain(a)*—जैन—A follower of *Jina.*

*Jina*—जिन—A generic term applied to those parsons ( men and women ) who conquer their lower nature (passion, hatred and the like) and bring into prominence the highest.

*Jiva*—जीव—sentient, animate or conscious beings.

*Kala*—काल—time; it is figuratively ( for the matter of convenience ) called a *dravya;* it is only from the *vyavahara* (practical) point of view, by *upachara* ( attribution ) called a *dravya* ( substance ). It is that *paryaya* ( common to all *dravyas* ) which enables us to know the oldness or newness, or anteriority or posteriority, co-existences and sequences of things or beings. It is not made up of *pradeshas.* Time is the duration of the states of substances. ( Duration is the fact that a given state stays for a certain length of time. )

*Kshetra*—क्षेत्र—the space or room a thing occupies.

*Karma*—कर्म—an energy which an embodied being generates-be it vital, mental or moral—and which keeps him in the mundane world—*sansara.* It is, in short, the whole *sansaric* make-up of an emobodied being. ( It is entirely divested of the (vedic) sacrifice idea.)

*Lakshana*—लक्षण—special characteristic ( of the thing to be defined. )

*Moksha*—मोक्ष—liberation, the ultimate state of a perfected individual.

*Maya*—माया—illusion.

*Mukta*—मुक्त—liberated beings.

*Moksha*—मोक्ष—attainment of perfect spiritual individuality which does not disappear, is not dissolved, is not merged into a supreme being, is not a state of unconsciousness, but persists for ever and consists of perfected consciousness aud highest rectitude.

*Nimitta*—निमित्त—the instrumental cause. Both the *upadana* ( substantial ) and the *nimitta* causes are equally necessary in causation.

*Nastisvabhava*—नास्ति स्वभाव—lit. the nature of non-existence; the fact that it is not such and such. As a secondary *samanya svabhava* it means that both existence and non-existence must be predicated of a thing (existence of some predicates and non-existence of other predicates *i. e.* the existence of its own *dravya*, *Kshetra*, *Kala* & *bhava*, and non existence of the *dravya*, *kshetra*, *kala* and *bhava* of other *dravyas* )

*Nastita*—नास्तिता—same as *nastitva* नास्तित्व ( Presence of its own *paryayas* (*astita*—अस्तिता) and absence of another thing's *paryayas* ( *Nastita*—नास्तिता ) simultaneously.)

*Nayavada*—नयवाद्—consideration of aspects.

*Niyama*—नियम—law, a proposition which expresses the constant or regular order of phenomena, or the constant mode of action of things or beings under certain definite circumstances.

*Nirjara*—निर्जरा—working out of the *karmas*.

*Paryaya*—पर्याय—Modification; a particular modification of the *guna* ( quality ); *paryayas* succeed each other, they are changing. The sanskrit word *paryaya* has not all the connotations which the English word 'modification' has; therefore it is preferable to use the sanskrit word.

*Pradesha*—प्रदेश—an indivisible inseparable part of a substance. The *pradeshas* can only be thought of in imagination. In every *pradesha* there are infinite capacities of performing ways. Any particular dravya has many *pradeshas*; but the atom has no *pradeshas*.

*Pudgalastikaya*—पुद्गलास्तिकाय—that *dravya* ( substance ) the nature of which is such that its qualities ( colour etc. ) increase and decrease. ( Here the real *dravya* is the atom—the ultimate indivisible atom ( not in the theosophical sense. )

*Parmanu*—परमाणु—an atom of matter; the substantial (*upadana*) cause of all *pudgala* ( matter ). It is not a mixture

of other things; it is minute, indivisible, and permanent.

*Padarth*—पदार्थ—a real concrete existing thing ( substance ); a *vastu*.

*Prameyatva*—प्रमेयत्व—knowableness: the fact of being the subject of knowledge *i. e.* being known by the souls. It It is a *samanya svabhava i. e.* general nature of all *dravyas* ( substances ).

*Prakriti*—प्रकृति—primordial matter.

*Papa*—पाप—*karmas* which keep the individual in a backward condition.

*Punya*—पुण्य—*karmas* which help the individual in advancement.

*Soul*— —it is the conglomerate of the 8 characteristics viz.

*Sansari*—संसारी—embodied beings.

*Svabhava*—स्वभाव—nature.

*Samanya*—सामान्य—general; a *Samanya svabhava* is eternal, unanalytic, inactive.

*Sattva*—सत्त्व—the fact of having origination, destruction, and permanence; the fact of having the capacity of originating new *paryayas*, of destroying old *paryayas*, and of keeping itself permanent.

*Syadvada*—स्याद्वाद—the doctrine that in order to know a thing you must express it in seven ways.

*Syat*—स्यात्—It is a prefix. It presupposes that there are other aspects or modes of expression. It also shows that while a certain set of *paryayas* is being expressed or spoken of, they are changing and another set have come into existence.

*Sat*—सत्—The Jain position is this: First that right knowledge is the only test or measure on our part of the existence of a reality; secondly, that knowledge is always a knowledge of relations; thirdly, that reality is never out of relations ( a particular reality may not be in physical relation with another reality, it may be in the relationship of subject and object, knower and known ); and fourthly, that the relations are

constantly changing. To be is to be in relation So, when we know a thing, we know the relations-some, if not all-in which it stands to us and to other things. *To that extent* we *know* the *thing as it is.* There are other present relations which we do not know, and there are other possible relations also which we may not know under our present state of development. This residuum of relationships is the noumenon. ( The task of our research ought to be to fix these unknown relations, and not to go in the quest of the phantom " thing-in-itself. " ) ( Gandhi's lecture ) Asiatic Quarterly Review p. 174 July 1900.

*Samyag-jnana*—**सम्यग्ज्ञान**—knowledge purged of all infatuating elements.

*Syad-vada*—**स्याद्वाद**—doctrine of the inexpugnability of the inextricably combined properties and relations.

*Sansara*—**संसार**—the mundane world.

*Samvara*—**संवर**—Stopping the inflow of *karmas.*

*Tirthankaras*—**तीर्थंकराः**—(bridge-makers in the figurative sense-that is those by the practice of whose teaching we can cross the ocean of mundane life and reach the perfect state.

*Upadana*—**उपादान**—the substantial cause.

*Vyapya*—**व्याप्य**—that which is permeated by.

*Vyapaka*—**व्यापक**—that which permeates.

*Vyapya-Vyapak-bhava*—**व्याप्य व्यापकभाव**—the relationship between the thing defined, and the special characteristic given in the definition; viz, wherever the thing is, the characteristic must be, and wherever, the characteristic is not, there the thing must not be.

*Vastu*—**वस्तु**—( see padartha **पदार्थ** ) every *dravya* is a *vastu* ( substance ).

*Vishesha*—**विशेष**—particular (as opposed to general ( *samanya*—**सामान्य.** )

*Vastutva*—**वस्तुत्व**—the fact of being the subject of *gunas* (qualities) and *paryayas* ( modifications ); it is a *samanya svabhava* a general nature of substances ( *dravyas* ).

ॐ

# Naya Philosophy.

## *Elementary.

NAYA means a standpoint or an aspect of viewing a thing from that stand-point or aspect. According to Shreemat Siddhasena Deevakar, there are as many Nayas as there are words, and this statement is borne out by the fact that each word has to express something of an object. There are innumerable words and thus there are innumerable Nayas.

### TWO PRINCIPAL NAYAS OR ASPECTS OF THINGS, DRAVYARTHIKA AND PARYAYARTHIKA.

But Jaina Philosophers viewed the Universe with two principal aspects, viz (1) Dravyarthika Naya or an aspect which considers the common attributes or qualities, of all the Dravyas or objects of the Universe, and recognizes the real as well as the attributed state of things; and (2) Paryayarthika Naya or an aspect which considers the specific attributes or qualities of each Dravya or object and recognizes only the real natural state of the thing.

### THE SEVEN NAYAS.

These Dravyarthika and Paryayarthika Nayas are divided into seven other Nayas, viz ( 1 ) Naigama Naya, ( 2 ) Sangraha Naya (3) Vyavahara Naya (4) Riju-Sootra Naya (5) Shabda Naya (6)Samabhiroodha Naya and (7)Evambhoota Naya. The first four constitute the Dravyarthika Naya, and the rest three the Paryayarthika. According to some philosophers the first three constitute the Dravyarthika Naya and the rest

* This contribution was written for my guidance in response to the Introduction of *Naya-Karnika* written by me into English and sent to the writer for his perusal and consideration. English translation of the said *Naya* Karnika has already been published in the last Pajusan issue of this periodical and taking this would serve a very short introduction to it, I have deemed necessary to have this published here. *Editor.*

four the Paryayarthika. This difference is due to the different aspects from which the scholars see the thing; and really speaking, it is no differenco, because both the schools consider and accept the arguments of each other. Shree Uma Svati Vachaka includes the 6th Samabhiroodha and the 7th Evambhoota into the 5th Shabda, and gives to Shabda the other name of Samprata. Each of these five or seven Nayas can be divided hundredfold; so there can be 500 or 700 Nayas, and if we go further-most there will be innumerable Nayas or aspects, because there are innumerable words, and it is in the beginning said that there are as many Nayas as there are words. All these innumerable Nayas are included in the afore-said seven Nayas. Among these seven Nayas each succeeding Naya is purer and of greater importance than the preceding one.

### Samanya and Vishesha or the general and specific qualities of things.

Before we define the seven Nayas, it is necessary to define Samanya and Vishesha which have a great bearing to them. Among other properties, all objects have these two properties also, viz Samanya or the generalizing properties and Vishesha or the differentiating properties.

### Illustrations of Samanya and Vishesha,

Suppose there are here lying a certain number of jars; if we look to them from the stand-point of their general property–their genus, we shall realize 'Jarness' or the quality of their being 'Jar' common in all of them; but if we view them from the aspect of their differantiating properties, we shall feel their qualities different, some jars being large, some small, some of red colour, some of black, some belonging to A, some to B, some made in Japan, some in China, some made for holding butter, some for water, some dear in price, some cheap, some made a year back, some two months back and so on.

### NIKSHEPAS OR THE MODES RECOGNIZINC THINGS.

Like Samanya and Vishesha, Nikshepas also have a great bearing to the Nayas. There are four modes of recognizing a thing. They are technically termed 'Nikshepas.' They form the unreal, attributed and the real, natural state of the thing. The first three are unreal, attributed and the fourth—the last real, natural. A thing is recognized (1) by its name (or Nama Nikshepa) (2) by its shape or image (or Sthapana Nikshepa) (3) by the unfailing causes surely to bring out or evolve its real, natural state (or Dravya Nikshepa) and (4) by the (final, effectual) real, natural state ( or Bhava Nikshepa ). Neither the name nor the shape or image, nor the unfailing causes surely to bring out the real, natural state of the thing constitute its real natural state; they are all its unreal, attributed qualities. Only the natural state ( Bhava Nikshepa ) of the thing really constitutes the thing. Each succeeding Nikshepa is purer and of greater importance than the preceeding one.

### RELATION OF SAMANYA, VISHESHA AND THE NIKSHEPAS TO THE NAYAS.

The Naigama Naya regards both Samanya and Vishesha and all the four Nikshepas. The Sangraha Naya gives preponderence to Samanya and regards all the Nikshepas. The Vyavahara Naya gives weight to Vishesha and regards all the Nikshepas. The Rijusootra, Shabda, Samabhiroodha and Evambhoota Nayas also give weight to Vishesha, but accept only the fourth Nikshepa, viz the real, natural state of the thing. According to some scholars, the Rijusootra accepts all the Nikshepas; In this case there will be no difference between Vyavahara and Rijusootra; but Rajusootra is quite distinct from Vyavahara, in so far as it ( Rijusootra ) regards only the living-present, irrespective of the past and future. Vyavahara regards the past, the present and the future.

### (1) NAIGAMA.

The Naigama Naya means that which does not consider only one aspect, that is which regards both Samanya and

Vishesha. ( न=not, एक=one, गम=view, aspect, stand-point, नैको गमो यस्येति नैगमः ) This aspect of Naigama is true, because Samanya is not irrelative of Vishesha and vice versa. In the definition of Samanya and Vishesha we saw that all objects are possessed of both general and specific properties

(2) SANGRAHA.

The Sangraha Naya considers an object as possessing only the general properties. This view of Sangraha is also right, because there exists no Vishesha apart from Samanya, *i. e.* both Samanya and Vishesha are co-existing, co-incident, correlative; Samanya devoid of Vishesha or vice versa is quite a nonentity. The mango-tree and the nimb-tree and the oak tree and all other trees and plants give us the common idea of their bring 'Vegetables' as trees and plants they are different but they are all alike 'Vegetables,' the common property of 'vegetableness' running alike through all of them.

(3) Vyavahara.

The Vyavahara Naya considers an object as possessing only the specific properties. This view of the Vyavahara Naya is also based upon a right argument. because the genus apart from the species, or the general properties devoid of the specific is 'Nowhere.' A man wants the special vegetable of the mango-fruit. He asks his servant in *general* terms, 'Bring me a vegetable;' he does not *specialize* the mango-vegetable. What will the servant bring ? He may bring any vegetable other than the mango, which is of no use to his master. Similarly the practical view of things ( Vyavahara Naya ) has regard to only the specific properties of things, irrespective of their general ones. General conceptions have no utility in practice. A wound, or a bruise or a mere scratch on any part of the body would require an omitment for their healing; but the wound will require its *special* ointment and so the bruise and the scratch. As genus they will all be 'Ointments,' but as 'species' to heal the wound &c, their properties *must* be different and specific.

### (4) Riju Sootra.

Without any regard for the past or the future, the Rijusootra Naya considers a thing only as it exists at present and that also in its real natural state ( Bhava Nikshepa ). This Naya argues that it is of no good to think of the past or the future, or the unreal, attributed, (conventional) qualities (Nama, Sthapana and Dravya Nikshapas). The past, the future and the conventionally attributed qualities are, like flowers in the sky, nonentities. A thing living in the present and that in its natural state, is only real.

### (5) Shabda Naya.

There are different words, expressing one object. Shabda Naya does not take into consideration the difference of the terms, it takes them as equivalents. For example Kumbha, Kalasha, Ghaṭa &c. (Sanskrit terms expressing 'Jar') though different as words, express one and the same object.

### (6) Samabhiroodha.

Whereas the Samabhiroodha Naya does consider the difference of words, expressing the same object. It holds that with the difference of the words expressing the object, the expression of the object also differs. It considers such words as synonyms, and not as equivalents like the Shabda Naya.

### (7) Evambhoota

An object may be denoted by only one term; but if it is fulfilling (or is in the state of fulfilling) at the very moment when it is denoted by the said term its own natural function as expressed by the term,—then Evambhoota recognizes it. According to the Evanbhoota Naya the expression of the object and the fulfilling of the function of the object as expressed by term must be simultaneous. For if a thing is not in the state of fulfilling the function as expressed by the term, at the very moment that the expression is made and still it be recognized as *that* thing, then why? even a jar can be called a cloth, though it (the jar) is not in the state of fulfilling

the function of a cloth. Etymologically Evambhoota means True in its entirety to the word and the sense, all the qualities denoted by the word being prominent. Samabhiroodha is also true to the word and the sense, but not entirely, some of the qualities denoted by the word being in the back-ground, or not yet realized; Shabda is also true to the word and the sense, but is not so true as Samabhiroodha, more qualities being in the back-ground here. Thus Shabda, Sambhiroodha and Evambhoota are more or less one and the same sort of Nayas, and so Shree Umasvati Vachak groups them all in one ' Samprata ' but separately each succeeding Naya is purer and of greater importance than the preceeding one.

*Morvi-Kathiawad.* } MANSUKHLAL KIRATCHAND MEHTA.
6 v. 11

---

## વિશ્વાસજનક સ્થળેથી વિશ્વાસ ગયો !

( રાગ—ભેખ રે ઉતારો રાજા ભરથરી )

વિશ્વાસ રહ્યો નહિ વિશ્વને, કુગુરૂએ કીધાં એવાં કામ જી;
વેશ ધરાવ્યો વૈરાગ્યનો, ન મળે શાંતિનું નામ જી— વિશ્વાસ. ૧
દયા નવિ જેના દિલ વિષે, પ્રેમ નથી જેની પાસ જી;
સત્ય નથી જેના શબ્દમાં, આખર બનાવે ઉદાસ જી— વિ૦ ૨
અંતર નથી જેનું ઊજળું, સૌમ્ય ન જેનો સ્વભાવજી;
ન્યાય નથી જેના નયનમાં, જૂઠો જેનો જમાવ જી— વિ૦ ૩
ભણ્યા ઉપર ન ભૂલશો, કરી વર્તનનો વિચાર જી;
ઠગાશો નહિ તેના ઠાઠમાં, ઉપરનો દેખી આચારજી— વિ૦ ૪
દુષ્ટ હૃદયના દંભીઓ, પંડિત થઇને પંકાય જી;
ભ્રષ્ટ કરે નિજ ભક્તને, ખોટે જેહનું ખાય જી— વિ૦ ૫
ઝાઝું ભણેલા ઝગડા કરે, વેર વધારે વિદ્વાન્ જી;
પંડિત પડીઆ પ્રપંચમાં, અધિક ધરે અભિમાન જી— વિ૦ ૬
પલાળી દીએ મન પર તણાં, ગાળે અવરની ગાંઠ જી;
પોતે રહે જે પથ્થર સમા, ઠગી ખાવાનો ઠાઠ જી— વિ૦ ૭
ડોળી નાખી દુનિયા બધી, નાસ્તિક થયા નરનાર જી;
ધર્મ બધા શું ધાંધલ થયાં ? કર્યો વૈરાગે વિહાર જી— વિ૦ ૮
ભેદુ બનીને ભુલાવીઆ, સળગાવ્યો આ સંસારજી;
બોળી માર્યાં બધાં બાળને, આંખો ખોલી જુવોય ૧૨ જી— વિ૦ ૯
સંત ગણીને સંગત કરે, અંતર ધરી રૂડી આશ જી;
**સંતશિષ્ય** શાંતિ નવ કરે, તેનો નરકમાં વાસ જી. વિ૦ ૧૦

**—મુનિશ્રી નાનચંદ્રજી.**

---

# आशा भर्युं प्रभात.

એ ! વ્હાલાં એ ! થાળ ભરી સેવાને ચરણે લાવીએ.
પ્રભુનાં બાળો ! ભાવ ભરી અંતરમાં શરણે આવીએ.
ધરી જન્મ નથી સાર્થક દીધું,
નથી અંતરધન લીધું દીધું,
કરી નિશ્ચય આજે વ્રત લીધું. એ ! વ્હાલાં એ !
તમ દ્વાર સમીપ હું આવું છું !
મ્હારો ગુરૂનો મંત્ર શુણાવું છું;
ઉભો હું અલખ જગાવું છું. એ ! વ્હાલાં એ !
સુકૃત કરશે વ્રત દીનબંધુ,
ખિલશે ઉજ્વળ ગગને ઇંદુ,
બાંધવડાં તરશે ભવસિંધુ, એ ! વ્હાલાં એ !
જે સાક્ષી સૂર્ય, શશી, તારા,
વિકસ્યાં ફુલડાં મધુરાં પ્યારાં,
પ્રભુ બીરદ નહિ વિસરે મારા. એ ! વ્હાલાં એ !
છે ભિક્ષા એક જ પ્રેમ તણી,
નિરખો નજરે મધુરી નમણી,
ઉર ભરશે મારો નાથ ધણી, એ ! વ્હાલાં એ !

—वसन्त.

# ધર્મ મહાવીર.

( કહાનરાની લયમાં-)

૧

ધર્મ મહાવીર ! કર્મ પ્રકટ તું !
દીન દયા વ્રત એક જ ધર તું !

૨

કર કલ્યાણ સજીવ જગતનું:
હો પરમાર્થ પથે જ પ્રગત તું !

૩

જીરવ જોગવ જગવ જીવન તું:
સંસારે સાધુજન બન તું !

૪

સુન્દર શાંત પ્રસન્ન મને તું—
સફલ સદા ભગવંત બને તું !

# स्फुट नोंध.

## EDITORIAL NOTES.

---

## 'हॅरोल्ड' नो पर्यूषण अंक.

---

પર્યુપાસના અથવા ભક્તિનું ખાસ સ્મરણ થાય એ હેતુથી નિર્માયલા પવિત્ર પર્યૂષણ પર્વમાં જૈન ભાઇઓને પ્રાયઃ ફુરસદ સારી હોય છે, કે જે ફુરસદનો ઉપયોગ આત્મભાવ-પોષક અને સમાજહિતકર વિચારોમાં કરાય તો ઘણો લાભ થાય એમ સમજીને આ 'હેરો-લ્ડ' પત્રનો ખાસ અંક કહાડવાની પ્રથા ગત વર્ષથી શરૂ કરવામાં આવી છે. જૂદા જૂદા ફીરકાના જૈન મુનિઓ અને ગૃહસ્થ લેખકો તેમજ જૈન સમાજનું હિત હૈડે ધરાવતા જૈનેતર વિદ્વાનોને આ ખાસ અંક માટે અમુક વિષયો ઉપર પોતાના વિચારો લખી મોક-લવાની અરજ કરવામાં આવે છે અને વિવિધ મગજોના વિચારોની વિવિધતાથી જૈન ભાઇઓને આનંદ આપવા સાથે નવીન માર્ગસૂચન કરવામાં આવે છે. અમારો આ દિશાનો પ્રયાસ ગત વર્ષમાં કેટલે અંશે સફળ થયો હતો તે જૂદા જૂદા વિદ્વાનોએ ગયા પર્યૂષણ અંક ઉપર આપેલા અભિપ્રાયો (કે જે તે પછીના અંકોમાં પ્રગટ કરવામાં આવ્યા છે) ઉપરથી સહજ સમજાઈ શકશે. વિચારકો તરફથી મળેલા આ પ્રકારના સત્કારથી ઉત્સાહીત થઇ અમે આ સાલ ગત વર્ષથી પણ વધુ શ્રમે વધારે મ્હોટા કદનો અંક બહાર પાડવા હિમત ધરી છે અને આશા રાખી છે કે, આ સાહસ જ્ઞાનમાં અને ઉત્કર્ષમાં આગળ વધવા ઇચ્છતા જૈન ભાઇઓના મગજ તેમજ હૃદયને કાંઇ નહિ તે કાંઇક નવો ખોરાક આપનાર થઇ પડશે. આ સ્થળે, જે જે મુનિઓ અને જૈન તેમજ જૈનેતર વિદ્વાનો આ અંક માટે લેખો લખવા શ્રમીત થયા છે તેમનો અમે અંતઃકરણથી આભાર માનીએ છીએ; અને જૈન જેવી વ્યાપારી કોમના ઉદયમાં હિંદમાતાનું અંશતઃ હિત સમાયલું માની તે વિદ્વાનો તે કોમ તરફની પોતાની ભલી લાગણીઓ હંમેશ ચાલુ રાખશે એમ પ્રાર્થીએ છીએ.

અનેક વિદ્વાનોએ લીધેલા શ્રમની ખરી સફળતા તો ત્યારે જ થઈ શકે કે જ્યારે દરેક સ્થળે બીરાજતા અમારા મુનિવર્યો આ ખાસ અંકના લેખો પોતાના ગામના શ્રાવકોને વાંચી સંભળાવે અને એમાંના અતિ અગત્યના મુદ્દાઓ ઉપર વિવેચન કરી ભાવિક ભક્તોનું તે તરફ ખાસ લક્ષ ખેંચે. ઉદારચિત્ત વિચારોનું વાતાવરણ સર્વત્ર ફેલાવવું એ હરકોઈ સમા-જની ઉન્નતિ કરવાનું પહેલું પગથીઉં છે; કારણ કે 'વિચાર'માંથી આચાર—ક્રિયા—કાર્ય સહજ ઉદ્ભવે છે.

---

# जैन समाजनी प्रगतिनुं टुंक अवलोकन.

જૈન સમાજ, તેના વિવિધ ઉપવર્ગો સાથે, આજ સુધીમાં કેટલી પ્રગતિ કરી **શકયો** છે તે બાબતનો ચોક્કસ ખ્યાલ, **હવે** આપણે કયે રસ્તે જવું **જોઇએ** તે સવાલ હાથ ધરવા **પહેલાં,** વિચારકોની સંમુખ રજુ કરવો જોઇએ છે. વર્ત્તમાન સ્થિતિનું ભાન આવ્યા વગર, ભવિષ્ય માટેની કોઈ **ખરી** યોજના યોજી શકાય નહિ. દરદ પીછાન્યા ( diagnosis ) વિના અપાયલી દવા અસર કરવાની આશા રાખી શકાય નહિ. આ વિચારથી અમે એમ ઇચ્છયું હતું કે, જૈનના ત્રણે ફીરકામાં હયાતી ભોગવતાં તમામ સામયિક પત્રો ( છાપાંઓ ), પાઠશાળાઓ, પુસ્તકશાળાઓ, બોર્ડીંગ હાઉસો, સ્કૉલરશીપ ફંડો, વિદ્યોત્તેજક ફંડો, કન્યાશાળાઓ, શ્રાવિકાશાળાઓ, ધર્મશાળાઓ, મંદીરો, કૉન્ફરન્સો, સભાઓ અને મંડળીઓ, સાધુશાળાઓ અને સાધુસમાજ ઇત્યાદિ સર્વ સંસ્થાઓની પાસેથી તે દરેક સંસ્થાને લગતી જાણવાજોગ તમામ હકીકતો મેળવવી અને તે ઉપરથી એક Bird's eye-view 'ઉડતી નોંધ' તરીકે એક લેખ લખીને જૈન વિચારકોને ખ્યાલ આપવો કે આપણે આજે અમુક સ્થિતિમાં છીએ. કઈ કઈ સંસ્થાઓ નીભાવવા જેવી છે, હેમને કઈ જાતની સ્હાયતાની ખામી છે, કઇ સંસ્થાઓ આજના જમાનામાં ( તે પાછળ થતા શક્તિ, સમય અને દ્રવ્યના વ્યયના પ્રમાણમાં ) ઓછી હિતકર હોઈ દુર્લક્ષ આપવા જેવી છે, સઘળી સંસ્થાઓની પ્રગતિને બાધક કયાં સામાન્ય તત્વો શોધી શકાયાં છે: આ બધું એ લેખમાં બતાવવાની અમારી ઇચ્છા હતી. અને એ વિચારથી અમે જે જે સંસ્થાઓનાં નામ જાણતા હતા તે દરેક પાસે અમુક અમુક વિગતો મેળવવા પત્રવ્યવહાર દ્વારા અરજ પણ ગુજારી હતી. પરંતુ અમને જણાવતાં ખેદ થાય છે કે, માત્ર વીશેક સંસ્થાઓ સિવાય કોઇએ કાંઈ હકીકત લખી મોકલવાનો શ્રમ સેવ્યો નથી. એકાદ બે પેપરો, એકાદ બે પાઠશાળાઓ, એકાદ પાંજરાપોળ કે બે ત્રણ ફંડોના રિપોર્ટો ઉપરથી જૈન પ્રગતિનું માપ કહાડવા હિંમત ધરવી એ જૈન સમાજને અન્યાય આપવા બરાબર જ ગણાય, એમ સમજી અમારે આ વિષય ઉપર કાંઈ લખવાનો વિચાર આ વર્ષને માટે તો માંડી વાળવો પડયો છે. આવતી સાલ એ પ્રયાસ થોડા મહીના અગાઉથી શરૂ કરવાથી કદાચ ઘણી સંસ્થાઓના હેવાલ મળી શકશે અને તે ઉપરથી ઇચ્છીત 'ઉડતી નોંધ' લખવાનું શક્ય થશે. આ સ્થળે દરેક જૈન સંસ્થાના ચાલકોને અમે વિનંતિ કરવાની તક લઇશું કે, માગવામાં આવતી હકીકત આ ઑફિસને પુરી પાડવા તેઓએ કૃપાવંત થવું. કેટલાક મહાશયો ૫-૭ વર્ષના રિપોર્ટો મોકલી આપે છે, જે માટે હેમનો આભાર માનીશું, પણ દરેક સંસ્થાના ઘણા વરસના રિપોર્ટો વાંચી જવા જેટલા અવકાશની આશા ભાગ્યેજ રાખી શકાય; માટે પૂછવામાં આવતા થોડા સવાલોના ખુલાસા લખી મોકલવા કૃપા કરવી અને વધુ માહેતીની જરૂર હોય તો રિપોર્ટો કામ લાગશે એમ સમજી **વધારામાં** રિપોર્ટો મોકલવા.

# जैन सूत्रोना उद्धारनो एक वधु प्रयास.

પ્રાચીન જૈન મહર્ષિઓએ તત્વજ્ઞાનના ભંડાર ભરવામાં કાંઇ કચાશ રાખી નથી; પરન્તુ તેઓના અનુયાયીઓ એ ભંડારમાં વૃદ્ધિ કરવાને બદલે તેમને સાચવી રાખવા જેટલું પણ કામ કરી શકયા નથી એ ખરેખર ખેદનો વિષય છે. આપણે અત્યારે થઇ ગયેલી ભૂલ કે ગફલત માટે રોદણાં રોવામાં વખત ગુમાવવાને બદલે યથાશક્તિ પ્રયત્ન કરીને હયાત રહેલો ખજાનો એકઠો કરવામાં, તેને શુદ્ધ કરવામાં, તેનો પ્રચાર કરવામાં અને તેનો મહિમા વધારવામાં ઉદ્યમી થવું ઘટે છે. એક તરફથી દીગંબર ભાઇઓ 'જૈન ગ્રંથ રત્નાકર કાર્યાલય' અને 'જૈન સિદ્ધાન્ત ભવન—આરા' આદિ સંસ્થાઓદ્વારા ઉત્તમ જૈન ગ્રંથોનું સંશોધન અને પ્રસિદ્ધિ કરવાને ઉદ્યુક્ત થાય છે, તેમ બીજી તરફથી જૈન સૂત્રોનું ( તે પરની સંસ્કૃત ટીકાઓ સાથે ) સંશોધન અને પ્રસિદ્ધિ કરવામાં બન્ને શ્વેતામ્બર ફીરકા જો ઉદ્યુક્ત થાય તો ઘણું જૈન સાહિત્ય પ્રકાશમાં આવે. જૈન સૂત્રોના ભાષાન્તર માટે પહેલો નોંધવા સરખો પ્રયાસ મુર્શિદાબાદવાળા રાય ધનપતિસિંહ બહાદૂર તરફથી થયો હતો, અને ત્યાર પછી છૂટાં છવાયાં સૂત્રોનું ભાષાંતર જૂદી જૂદી વ્યક્તિઓ તરફથી થયું છે. બાબુ સાહેબના સ્તુત્ય પ્રયાસને, ટીકાનું શુદ્ધ ગુજરાતી કે શુદ્ધ હિંદી ભાષાંતર નહિ આપવાને લીધે–ટાઇપ કલકત્તાશાહી હોવાને લીધે તેમજ સમર્થ ટીકાકારો અને ભાષાંતરકારો નહિ મળવાને લીધે, જોઇએ તેટલી સફળતા મળી શકી નથી અને તેમનાં સૂત્રોની પ્રતો આજે મળી પણ શકતી નથી. ડૉ. દોશીએ પ્રા૦ જેકોબી વગેરે પાશ્ચાત્ય વિદ્વાનો પાસે એકાદ બે સૂત્રોના માત્ર મૂળ પાઠ શોધાવવા મહેનત કરી છે, પણ તે પાઠો પણ કેટલીક જગાએ અશુદ્ધ હોવાનું સ્વર્ગસ્થ મોતીલાલ મ. શાહે પ્રસિદ્ધ કરેલી આવૃત્તિ ઉપરથી જણાઇ આવે છે; વળી ડૉ. દોશીએ ના તો પ્રાચીન સંસ્કૃત ટીકા કે એનો અર્થ આપ્યો છે, ના નવીન પ્રકાશ નાખ્યો છે. રાજકોટથી બહાર પડેલું ઉત્તરાધ્યયન સૂત્ર ડૉ. દોશીના સૂત્ર કરતાં કાંઇક વધારે પ્રકાશ નાખે છે, પરન્તુ તે પણ ઘણે ભાગે પાશ્ચાત્યભાષાંતરકારનું અનુકરણ હોઈ, નિર્દોષ ભાગ્યેજ કહી શકાય એવું છે. આવા સંયોગોમાં, સૂત્રોના ભાષાન્તર માટે એક સુવ્યવસ્થિત ખાતું સ્થપાય અને તે દ્વારા જૈન અને જૈનેતર સમર્થ વિદ્વાનોની મદદથી સંશોધન અને ભાષાંતરનું કામ થાય એ ઘણુંજ ઇચ્છવા યોગ્ય છે. આવી સંસ્થા સઘળા શ્વેતામ્બર ભાઇઓની સ્હાય પામી શકે અને તેથી જોઇએ એટલો સમય અને દ્રવ્યનો વ્યય અકેક સૂત્ર પાછળ કરી શકે. એક ભાઇબંધ પત્રકારે આ બાબતનું માર્ગસૂચન સુમારે બે માસ ઉપર કર્યું હતું; અને અમને જાણીને હર્ષ થાય છે કે, અમદાવાદનિવાસી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનબંધુ શ્રીયુત પુંજાભાઇ હીરાચંદ અને તેમના મિત્રમંડળે આ અતિ ઉપયોગી સવાલ ઉપાડી લઇને મી. મનસુખલાલ રવજીભાઈ મહેતા સાથે મળી 'શ્રી જિનાગમ પ્રકાશક સભા' સ્થાપવા ઇચ્છયું છે અને તે માટે એક સારીસરખી રકમ પણ કહાડી છે. તેઓની યોજના આજના આ પત્રના અંક સાથે વહેંચવામાં આવેલા સૂચનપત્રમાં વાંચવામાં આવશે.

અમો દરેક જૈન બન્ધુનું લક્ષ આ યોજના તરફ ખેંચવાની રજા લઇએ છીએ

અને પોતાના અનુભવ વડે સૂચના કરવા રૂપે તેમજ તે સંસ્થા તરફથી પ્રગટ થનારાં સૂત્રોની એકેક પ્રતના ગ્રાહક થઇ તે ખાતાને ઉત્તેજન આપવા રૂપે પોતાની સહાનુભૂતિ દર્શાવવા ભલામણ કરીએ છીએ. તે સાથે આ ઉપકારી કાર્યના શુભેચ્છક તરીકે એક બે બીજી સૂચનાઓ કરી લેવાની પણ અમે ફરજ સમજીએ છીએ. આ સંસ્થા કોઈ અમુક ગચ્છ, પક્ષ કે ફીરકા તરફ પક્ષપાત ધરાવનારા ગૃહસ્થોની નથી, એટલુંજ નહિ પણ ભાષાંતર કાર્ય પણ એવા તટસ્થ જૈન અને જૈનેતર સમર્થ વિદ્વાનોનેજ સોંપવાની તજવીજ ચાલે છે, તેથી કોઇએ કશી જાતનો સંશય લઈ જવો જોઈતો નથી. તથાપિ એકાદ માસિક તરફથી અપાતી આવી ખાત્રી અને સલાહ, ઘણા વખતથી વિરૂદ્ધના વિચાર બાંધી બેઠેલા સામાન્ય વર્ગને આ કાર્યની કદર બુજવા સમજાવી શકશે કે કેમ એ સંશયાત્મક છે. અને આવાં કામો ઘણાં ખર્ચાળ હોવાથી સામાન્યવર્ગની ભલી સમજ મદદમાં લીધા સિવાય પરોપકારી આશય પાર પડવો અતિ મુશ્કેલ–કહો કે અશક્ય–છે. તેથી અમે નમ્રતાપૂર્વક સૂચવીશું કે, પ્રસિદ્ધ કરવા ધારેલાં સૂત્રો ઉપર જે સ્વર્ગસ્થ વિદ્વાનનું નામ મૂકવા ઇચ્છયું છે તે ન મૂકતાં માત્ર "શ્રી જૈનાગમ સંગ્રહ" એટલુંજ નામ રાખવું એ પરિણામે વધારે ઉપકારી થઇ પડશે. અમારો આ અભિપ્રાય કોઇ વ્યક્તિની યોગ્યાયોગ્યતાના નિર્ણયને અવલંબીને નહિ પણ, જે સમાજના હિત માટે આ કાર્ય ઉઠાવવામાં આવે છે તે સમાજને વધુમાં વધુ લાભ પહોંચવામાં કાંઇ અંતરાય ન થાય એ ખ્યાલને અવલંબીને અપાય છે, એ ધ્યાનમાં રાખવા અમે એક વાર ફરીથી પાઠકગણને વિનવીશું.

એક વધુ સૂચના, અને પછી બસ. આ સંસ્થા તરફથી બહાર પાડવાનાં સૂત્રોમાં મૂળ પાઠ તેમજ સંસ્કૃત ટીકા બન્ને અને તે બન્નેનાં ભાષાંતર આપવા ઇચ્છયું છે. મૂળ પાઠ, તેનું અક્ષરશઃ (literal) ભાષાંતર, તેમજ સંસ્કૃત ટીકા મૂળ રૂપમાં એ ત્રણના સંબંધમાં તો અમે એકમત છીએ; પરન્તુ ટીકાનું ભાષાંતર આપવાની રીતમાં જરા જૂદા પડવાની રજા લઇશું. સંસ્કૃતનો અભ્યાસ કરનારા મહાશયોને અનુભવ હશે કે, સંસ્કૃત ટીકાકારો ટીકામાં સમાસ છોડવામાં અને વ્યાકરણના નિયમો આદિ ચર્ચવામાં ઘણી જગા રોકે છે. વ્યાકરણ કે સાહિત્ય વિષય ઉપરના ગ્રંથોની ટીકામાં એ પ્રથા ઉપયોગી ભલે હો, પણ ઉપદેશ અને તત્વજ્ઞાનને લગતા ગ્રંથોની ટીકામાં વ્યાકરણનાં ચૂંથણાં પાછળ ઘણી જગા રોકવી એ શ્રેયસ્કર ભાગ્યેજ માની શકાય. જે જરૂરનું છે તે એ છે કે, સંસ્કૃત ટીકા અક્ષરે અક્ષર છાપવી, પણ તે ટીકાનું ભાષાંતર અક્ષરશઃ નહિ કરતાં વ્યાકરણ વિભાગ છોડીને ભાષાંતર કરવું અને એવા ભાષાંતર પછી એમાંના કથનપર વિશેષ પ્રકાશ પાડે એવી આધુનિક શોધખોળો અને માહેતીઓનો ઉમેરો 'વિશેષ વિવેચન' રૂપે કરવો.

પહેલા પ્રયાસ માટે ભગવતીજી સૂત્ર પસંદ કરવામાં આવ્યું છે, એ યોગ્ય જ કર્યું છે; કારણ કે એ સૂત્રમાં ઘણું જાણવા જોગ જ્ઞાન સમાયલું છે. તેની કિંમત, તેના કદના પ્રમાણમાં, ખર્ચના પ્રમાણમાં, કાગળ–છાપ–પુંઠા વગેરેની ધારેલી ઉત્તમતાના પ્રમાણમાં, અને સૌથી વધારે તો તેની શુદ્ધતા અને ઉપયોગીપણાના પ્રમાણમાં, જોઇએ તે કરતાં વધારે નથી જ; અને અમે આશા રાખીએ છીએ કે જૈનભાઇઓ તે ઉપકારી પ્રયાસને પુરતી રીતે સ્હાયભૂત થવા ચૂકશે નહિ.

# जैन साहित्ये गुमावलो एक वृद्ध सेवक.

જૈન સાહિત્યની સેવા બજાવનારાઓ ગણ્યાગાંઠ્યા જ છે, તેમાં પણ ગઇ. તા. ૧ લી ઑગસ્ટે એકની સંખ્યા ઓછી થઈ છે, જે જાણી અમને ઘણી દીલગીરી થાય છે. જૈનકોષ માટે ૧૦ વર્ષ સુધી અથાગ પરિશ્રમ ઉઠાવનાર, 'શમ-રામ' જેવા જૂની જૈન ગુજરાતી ભાષાના સાહિત્યનું સરસ સંશોધન કરનાર, આઠેક જૈન સૂત્રોનાં ભાષાંતર લખનાર, વૃદ્ધ અને ઠરેલ જૈન લેખક શ્રીયુત **મો**તીલાલ **મ**નઃસુખરામ **શા**હ **અ**મદાવાદ મુકામે ઉપર કહેલી તારીખે સ્થૂલદેહ છોડી ગયા છે. તેઓએ '**પ્રા**ણીહિંસા અને પ્રાણીખોરાક-નિષેધક' નામનો, એ વિષય ઉપર **સઘળી** દિશાથી પ્રકાશ નાખનારો, ગ્રંથ બહાર પાડીને એ વિષયની અગત્ય કેળવાયલા માંસાહારીઓમાં પહેલી વાર જ સમજાવી હતી, કે જે પછી તે પુસ્તકના ઉતારા કે અનુકરણ તરીકે બીજાં ગુજરાતી પુસ્તકો થવા પામ્યાં હતાં. 'સદુપદેશમાળા' નામનો નૈતિક ઉપદેશ માટે યોજાયલો તેમનો કથાગ્રંથ અને **ન**ર્મકોષમાં નહિ આવેલા ગુજરાતી ભાષાના શબ્દોનો સંગ્રહ કરી તેમણે છપાવેલો 'ગુજરાતી શબ્દાર્થકોષ' (કે જે **સ**રકારી તેમજ **ગા**યકવાડી કેળવણી ખાતાએ મંજુર કર્યો છે) તથા તેમનાં કેટલાંક ઉપદેશી સરળ કાવ્યો: એ સર્વ, તેમનું નામ તેમના વાચકોના હૃદયમાંથી ભૂલાવા નહિ દે એમ અમને વિશ્વાસ છે. તેઓ **સ્થા**નકવાશી જૈનધર્મ પાળતા ખાનદાન કૂળમાં જન્મેલા હોઇ તે વર્ગની સેવા એમણે બહુધા કરી છે તથા એ વર્ગને 'જૈનહિતેચ્છુ' માસિકદ્વારા છાપાનો શોખ પહેલવહેલો આજથી ૧૯ વર્ષ ઉપર તેમણે જ લગાડ્યો હતો અને આજસુધી એ માસિક ઘણું સારૂં કામ બજાવી રહ્યું છે. તેઓ સ્વભાવે મીલનસાર, સતત ઉદ્યમી, સાહિત્યપ્રેમી અને ઘણાજ સાદા હતા અને એમની સલાહ ઘણાને ઉપયોગી થઇ પડતી. ભાઇબંધ જૈન, દિગંબર જૈન, ગુજરાતી તેમજ ટાઇમ્સ, ક્રૉનીકલ વગેરે પત્રોએ એમના મૃત્યુ માટે ખેદ બતાવ્યો છે એમ અમે પણ આવા ઉપયોગી સાહિત્યસેવકના વિયોગથી અમનેથતું દુ:ખ છુપાવી શકતા નથી; અને એમના આત્માને શાન્તિ મળો એમ ઇચ્છ્યા વગર રહી શકતા નથી. દીલાસો લેવા જેવું છે કે, મરહુમ પોતાની પાછળ પાંચ પુત્રો મૂકતા ગયા છે, જેમાંના વડા પુત્ર મી.**વા**ડીલાલની ઓળખ જૈન સમાજને કરાવવી પડે તેમ નથી; કારણ કે **જૈન**સમાચાર, **જૈન**હિતેચ્છુ અને **હિં**દી જૈનહિતેચ્છુ એમ પોતાનાં ત્રણ પત્રોદ્વારા કેટલીક વખતે જૈનના ત્રણે ફીરકાને જમાનાને અનુસરતી સલાહો આપીને તથા ખાસ કરીને **સ્થા**નકવાસી **જૈન**વર્ગ માટે સંઘ-સુધારા, જ્ઞાતિસુધારા અને વિદ્યાપ્રચારને લગતી હીલચાલો ઉપાડીને તેમણે પોતે પોતાની ઓળખ અત્યાર આગમચ જૈન સમાજને સારી રીતે કરાવેલી છે. મરહુમના મૃત્યુના બીછાના પાસે બેસીને ઉકત યુવાને '**મ**હાવીર **મિ**શન' નામની જે સંસ્થાની યોજના ઘડી કહાડી છે અને જેમાં પોતે ૩ વર્ષ સુધી વગર પગારે કામ કરવાનું વચન આપ્યું છે તે યોજના ગયા માસના 'જૈનહિતેચ્છુ'માં વાંચનારને એમ લાગ્યા વગર નહિ જ રહે કે ઉત્પાદક તેમજ **મોક્ષફલદાયક** એમ બન્ને પ્રકારના જ્ઞાનના પ્રચાર માટે એવી કાંઇ સંગીન હીલચાલ **વગર** આ જમાનો ચલાવી લે એ આશા ફોકટ છે. આ યોજનાને તે વર્ગ પૈકીના સ્વધર્માભિમાની જૈનોએ વધાવી લેવી જોઇએ છે અને વ્યવસ્થાપક કમીટી નીમીને ફંડ માટે શરૂઆત તાકીદે કરવી જોઇએ છે. **શ્વે**તામ્બર **મૂ**ર્તિપૂજક વર્ગના પણ કેટલાક દાના વિચારકો પોતાના સ્વધર્મીઓમાં

ઉપર કહેલું બન્ને પ્રકારનું જ્ઞાન ફેલાવવાના આશયથી એક યોજના ઘડવામાં ગુંથાયા છે, જે શુભસૂચક છે. આજનો જમાનો લોકસેવામાં પ્રભુસેવા સમજવાનો છે, અને જેઓ શુભ વિચારોનું વાતાવરણ ફેલાવીને કે પોતાના દ્રવ્યવડે સમાજની પ્રગતિના સાધનભૂત બનીને સમાજના ઉપકારી થશે તેમનાં જ નામ અમર રહેશે; માત્ર વિદ્યા કે લક્ષ્મીના ભારવાહકોને યાદ કરવા તો કોઈ નવરૂં થશે નહિ.

# पाचोरा (खानदेशनी ॲन्ग्लो-व्हर्नाक्युलर) संयुक्त जैन पाठशाळा.

આખા ખાનદેશમાં જૈનો તરફથી ચાલતી કોઈ પણ કેળવણીની સંસ્થા હોય તો તે એકમાત્ર પાચોરાની જૈન પાઠશાળા છે, કે જે જૈનો તેમજ જૈનેતરોના સંયુક્ત હિતાર્થે શ્વેતામ્બર બન્ને ફીરકાના વ્યાપારીઓએ મળીને સ્થાપી છે, અને જેમાં ગુજરાતી સાત અને અંગ્રેજી ત્રણ ધોરણના અભ્યાસ ઉપરાંત ધાર્મિક જ્ઞાન પણ બન્ને ફીરકાને અનુકૂળ રીતે અને વગર ફીએ આપવામાં આવે છે. આ લખનારને ગઈ સાલ આ શાળાની વાર્ષિક પરીક્ષા લેવાનું આમંત્રણ મળતાં, એની ઉપયોગીતા અને સંગીનતાનો અનુભવ કરવાની તક મળી હતી. ચાલુ સાલ એ સંસ્થાના સ્થાપકોએ મી. વાડીલાલ મોતીલાલ શાહને આમંત્રણ આપવાથી તે ગઈ તા. ૧૦ મી ઑગષ્ટે ત્યાં ગયા હતા અને પરીક્ષા પૂરી થયા બાદ ત્યાંના મામલતદાર સાહેબ (ખાનબહાદુર)ના પ્રમુખપણા નીચે એક જાહેર મેળાવડો કરીને આગેવાન સર્વધર્મના વ્યાપારીઓને એમણે આગ્રહ કર્યો હતો, કે આ ગામમાં એક સારી લાઇબ્રેરી સ્થાપવી અને હાલની પાઠશાળાને વધારે વિશાળ રૂપ આપીને અંગ્રેજી પત્રવ્યવહાર, વ્યાપારી ભૂગોળ, દેશી તથા અંગ્રેજી નામું અને ટાઈપ-રાઇટીંગ શિખવનારી 'કોમર્શ્યલ સ્કુલ' બનાવવી. ખાનદેશ હજી મધ્યમ કાળની નિરાંતની જીંદગી ગુજારેછે, ત્યાં હજી વ્યાપારધંધાની હરીફાઇ ગુજરાત-કાઠિયાવાડ જેટલી જોવામાં આવતી નથી, અને ઘણા લોકો જમીનદાર તથા દ્રવ્યવાન છે, તેથી આગામી ૨૫-૫૦ વર્ષમાં હરીફાઇનું જોર વધી જાય ત્યારે જમાનાને બરના વ્યાપારી શિક્ષણના અભાવે હિંદના બીજા ભાગોને જે નિર્ધનતાની બેડીમાં સપડાવું પડયું છે તેવી બેડીમાં ખાનદેશને સપડાવા વખત ન આવે એટલા માટે અત્યારથી ચેતી સુધરેલા દેશોની વ્યાપારી તાલીમ ખાનદેશના દરેક ધર્મના વ્યાપારી વર્ગના બાળકોને આપવા ખાતર એવી એક સ્કુલ અને બોર્ડિંગ બન્નેની ભેગી સગવડ કરવા તરફ ખાસ લક્ષ આપવું જરૂરનું છે એમ જણાવી ભાષણકર્ત્તાએ તે માટે બે લાખ રૂપીઆનું ફંડ કરવા ભલામણ કરી હતી. બન્ને સૂચનાઓ ઉપર છેવટે મામલતદાર સાહેબે પુરતો ભાર મૂકી બે લાખનું ફંડ આવા ઉપયોગી કામ માટે થવું ખાનદેશને માટે અશક્ય નથી એમ જણાવ્યું હતું અને હાજર રહેલા જૂદી જૂદી કોમના વ્યાપારીઓએ આ રસ્તે બનતો પ્રયાસ કરવા ઇચ્છા દર્શાવી હતી. લાઇબ્રેરીની સ્થાપના માટે તો તેજ વખતે બે સખી ગૃહસ્થોએ સારી સરખી રકમ આપવાનું વચન જણાવ્યું હતું. જ્યારે પાઠશાળા માટે અલાયદું ભવ્ય મકાન બંધાવું શરૂ થઇ ગયું

છે, કે જેમાં રૂ. ૫૦૦૦ એકજ (સ્થાનકવાસી)ગૃહસ્થ તરફથી ખર્ચાય છે, ત્યારે આપણને આશા રાખવાનું કારણ મળે છે કે લાઇબ્રેરી અને કૉમર્શ્યલ સ્કુલ પણ એવા બીજા પરોપકારી સદ્‌ગૃહસ્થોની સખાવતથી જલદી થવા પામશેજ. મી. વાડીલાલને ત્યાંથી જળગામ, ભુસાવલ, ચાલીસગાંવનાં આમંત્રણ હોવાથી થોડા કલાક ભાષણ આપવા માટેજ તેઓ ત્યાં ગયા હતા, અને તે દરેક સ્થળે સરકારી અમલદારો, વકીલો તેમજ પ્રજાગણે તેમના વિચારો અને સૂચનાનો સારો સત્કાર કર્યો હતો. અત્રે અમે એટલું તો આગ્રહપૂર્વક જણાવી લઇશું કે, ખાનદેશ જેવા વ્યાપારી વર્ગથી વસાયલા દેશમાટે પાચોરા કે જળગામ જેવે સ્થળે કૉમર્શ્યલ સ્કુલ જેટલી જરૂરીઆતની ચીજ છે તેટલી બીજી કોઇ ચીજ નથી, અને પોતાની આ ઉપયોગી નવીન સૂચનાને વ્યવહારમાં મુકાતી જોવા ખાતર મી. વાડીલાલે ફુરસદ વખતે એકાદ બે માસ ખાનદેશમાં 'લેક્ચરીંગ ટુર' ઉપર નિકળી પડવાનું ભૂલવું જોઇતું નથી.

## प्रभुनो पंथ.

( દાસ પરે દયા લાવો રે–એ લયમાં )

પ્રભુ પંથે સંચરીએ રે–બન્ધુ બ્હેનો–પ્રભુ.
જ્ઞાતિનાં સુકાર્ય કરવા, સંકટ ગણકારવાં ના, સેવા જગ કરવી ઉત્તમ ભાવેરે– બન્ધુ બ્હેનો.
દુઃખીઆની વારે ધાવા, પ્રાણ પાથરીએ વ્હાલાં, એવાં જીવનનાં લ્હાણાં લઇએરે– બન્ધુ.
સંતના શબ્દ સુણી, અંતરના ભાવ જગવી, દેવોની સામે દીપી રહીએરે– બન્ધુ...
પરનાં અપરાધ ભુલી, ઝેર ને વેર વિસરી, હૈયુ ચીરીને માફી દઇએ રે– બન્ધુ.
સૌનું કલ્યાણ થાજો, સંસારે સુખ અનુભવજો, અંતે પ્રભુચરણે જઈ પડીએ રે– બન્ધુ.

—મગનલાલ દલીચંદ દેશાઇ.

—※—o—※—

## सैवाधर्म एज प्रभुप्राप्तिनो रस्तो.

( પહાડી ગઝલ )

અમો તો પ્રેમસાગરમાં ઉછળતાં માંછલાંઓ !
તરીને પહોંચશું જ્યાં વિશ્વનો મહાવીર ઉભો !
પ્રેમી જીવ પ્રેમે જીવે, પ્રેમે ચાલે સાથ !
ડૂબે જ્યારે એક જન, બીજો ઝાલે હાથ—
દુઃખીનાં દુઃખની વાતો સુણી દુઃખી બને છે,
પ્રભુને પામવાનો પંથ સાચો એ દિસે છે,
દીનજનનાં દુઃખ દેખીને, નયણે નીર ન માય;
લુછે તેનાં આંસુડાં, પ્રભુની ઓળખ થાય—
નથી દરકાર પ્યારા પ્રાણની પરોપકારે,
શેડાની જાળ વચ્ચે પ્રેમથી ઉપકાર કરીએ.

—મગનલાલ દલીચંદ દેશાઇ.

# मनोविजयनो महामंत्र.

## मानसिक चंचळताने दूर करवानो उपाय.

મનુષ્યનું મન સ્વભાવથી જ સાપ જેવી કુટિલ ગતિવાળું, ઝેરી નાગની પેઠે નસેનસ વિષયવાસનાના વિષમ વિષથી ભરેલું, જન્મજન્માન્તરના કુસંસ્કારોથી કટાએલું, અને દીર્ઘ સમયના સંસારવાસથી સૂકાયેલા કાષ્ટની પેઠે ભાગે ત્યાંસુધી પણ વળે નહિ એવું, દુર્ધર્ષ-હઠીલું–દુરાગ્રહી હોય છે. શ્રી ગીતામાં ભક્ત અર્જુન, શ્રીકૃષ્ણને કહે છે કે—**चंचलं हि मनः कृष्ण प्रमाथी बलवद्दृढम् । संयमस्तस्यमन्येऽहं वायुरिव सुदुष्करम् ॥** ” અર્થાત્—“હે કૃષ્ણ ! કુટિલ મન અતિ ચંચળ, વેગવાળું, પોતાની વૃત્તિને ચોંટી રહેનારૂં, દૃઢ અને દુરાગ્રહમાં સબળ છે, તેનો નિગ્રહ વાયુના નિગ્રહની પેઠે દુષ્કર–કષ્ટસાધ્ય--અસાધ્ય રોગ જેવો સામાન્ય યત્નથી થઇ શકે તેમ નથી.

આ સિદ્ધાન્તની સત્યતાનો આ સંસારમાં અનુભવના ઉંબર ઉપર સર્વને સાક્ષાત્કાર થયો જ હોય છે. શ્રીકૃષ્ણના દર્શાવેલા માર્ગ પ્રમાણે તીવ્ર વૈરાગ્યનો તેની આંખપર પાટા બાંધીને અખંડ અભ્યાસના અંકુશથી તેને ભલે વશ કરી શકાતું હોય પણ આ વિલાસી, સુખેચ્છ, આલસપ્રિય, પ્રમાદપ્રધાન ચંચળ જમાનામાં એવા અખંડ અભ્યાસ કે તીવ્ર વૈરાગ્યને અવકાશ જ ક્યાં છે? જ્યાં દિવસ અને રાત સંસારના મેદાનમાં સુખસ્પર્ધાની શરત ચાલી રહી છે, સ્વાર્થપરંપરાનું તોફાન મચી રહ્યું છે, તેમજ વિષયસુખની છુટે હાથે લ્હાણી ચાલી રહી છે, ત્યાં સંયમ, સાધના કે વિરાગવૃત્તિને કોઈ ઉભાં પણ રહેવા દે તેમ નથી! ત્યાં મનને ક્યાં વશ કરવું? જ્યાં પડ્રસ ભોજન, નવરસ રંજન, શૃંગારનાં ભજન, મન્મથનાં અંજન અને ભાતભાતનાં વિષય વ્યંજનની તડામારી ચાલી રહી હોય, પોતે પોતાને જ ભૂલાવી દે, એવી માયાની, ભસ્માસુરને હાથ ચ્હડેલાં શ્રી શંકરનાં કંકણ જેવી ભુરકી ભાન ભૂલાવી રહી હોય, સાંસારિક સ્નેહસુખનાં સ્વપ્નામાં હૃદયને તરબોળ કરનારી અજ્ઞાનની અંધારી રાત્રિયો ફેલાઈ રહી હોય ત્યાં,--આ ભવનાટકનાં ઝડઝમક ભર્યાં રસમય વાતાવરણમાં–બિચારા વનોકસ વૈરાગ્યનો વિચાર પણ કોણ કરે છે? વિષમાં સુધાની સંભાવના અને રુધિરમાં કંચનની જો કદી સંભાવના થઈ શકે તો જ આજના આ વિષયલોલુપ વિલાસી જડવાદી જમાનામાં વૈરાગ્યની સંભાવના કે કલ્પના પણ થઇ શકે! આજકાલ તો મનને વશ કરવાને બદલે મનને વશ થયેલા મનુષ્યો ભક્તરાજ તુલસીદાસ કહે છે તેમ પ્રાયઃ ચંચળતાના ઘોડાપર ચ્હડીને કલ્પિત ત્રિલોકનાં સ્વપ્નસામ્રાજ્યમાં દોડાદોડી કરી રહ્યા છે! ભક્તરત્ન તુલસીદાસજી કહે છે કેઃ—

> “કબહુ મન રંગ તરંગ ચ્હડે, કબહુ મન ચાહત હૈ ધનકો;
> કબહુ મન કામિની સંગ કરૈ, કબહુ મન ધાવત હૈ રનકો.”

આવા બળવાન મનને મારવાને આજે કયો શૂરવીર સમર્થ છે? સહુ જાણે છે કે, સઘળાં સુખ દુઃખનું–ચડતી અને પડતીનું, બંધન અને મોક્ષનું કારણ પણ એક માત્ર મન જ છે. **मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः** એ મનને અંકુશમાં રાખીને સીધા રાહમાં ચલાવવાથી આ જન્મમરણની ચરમાળ આ જગતમાં બંધન, માયાની

બેડીઓ અને કાળની ફાંસીને તોડીને અક્ષય મોક્ષમંદિરના સુખસિંહાસનપર આરોહણ કરી શકાય છે. એ સમજે છે સહુ, પણ તેનો સદુપયોગ કોણ કરે છે? એ મનની ચંચળતા-અનિશ્ચિતતાની કંઈ હદ કે સીમાજ નથી! ખરેખર એ મન એકાદ ન્હાના અજ્ઞાન બાળક જેવું જ છે. ન્હાનું, તોફાની છોકરૂં જેમ રડીને એક રમકડું લે છે, તરત જ તેને મૂકી દઈ બીજું ઉપાડે છે, પળમાં તેની પણ એજ દશા કરીને ત્રીજાની ઇચ્છા કરે છે! દુધ અને ભાત એકઠા કરે છે, એકઠા થયા પછી તેને જૂદા કરી દેવાની હઠ લે છે! પોતાને હાથે જ એકાદ રમકડું ભાગી-ફોડી તેના કકડા કર્યા પછી તેને જ પાછું સાજું કરી દેવાનું અનિવાર્ય તોફાન મચાવે છે; સમજાવ્યું સમજતું નથી; બીજું એવું રમકડું લાવી આપતાં પણ શાંત થતું નથી; બસ, એને તો પેલું ભાગેલું જ સાજુ કરવું છે! મનની પણ એ જ દશા છે. તે એક વસ્તુ છોડી બીજીને ઉપાડે છે, બીજી હજી હાથમાં નથી આવી ત્યાં તો ત્રીજીપર વૃત્તિ દોડાવે છે! એક ફેંકે છે, બીજું ફોડે છે, અને એવી મનમાની ભાંગફોડ કર્યા પછી તેને માટે પશ્ચાત્તાપ કરતું માથાં પટે છે! કોઈ એક વસ્તુ જોઇ દૃષ્ટિસંમોહન થયું, તેનાં વખાણ સાંભળ્યાં એટલે તેની પ્રાપ્તિની ઇચ્છા જાગી! ઇચ્છામાંથી આતુરતા અને તેમાંથી તન્મયતા પ્રકટી! તેને માટે સતત પ્રવૃત્તિ સેવતાં જ્યાંસુધી તેની પ્રાપ્તિ નથી થતી, ત્યાંસુધી તેની પ્રીતિની અતિવ્યાપ્તિને કાંઠા કે કિનારો જ હોતો નથી! તેના માનસિક વેગના મુખ્ય મથક મોહની કશી મર્યાદા જ નથી જણાતી! અને તેને મેળવવા માટે તન-મન-ધન-આત્મા-આલોક-પરલોક-દાન-ઇમાન જે કંઇ કહો તે સર્વસ્વની શાન્ત આહુતિ આપવી તેની કંઇ સીમા જ નથી હોતી! આમ, સર્વસ્વ અર્પણ કરવા છતાં તે ન મળે ત્યાંસુધી શાન્તિ-તૃપ્તિ કે અલંબુદ્ધિ જ નથી થતી! મનનો એ કેવો દુરાગ્રહી સ્વભાવ!

" એ મેળવ્યા પછી તેનું કેવા યત્નથી રક્ષણ કરીશ, કેવા કેવા આનંદથી તેનો ઉપભોગ કરીશ, જે વિના એક ઘડી પણ જીવાતું નથી, તેને કેવા જીવના જોખમે જાળવી રાખીશ, અરે! એક પળ પણ વિખુટી પડવા નહિ દઉં, આટલો સમય તો તેના અભાવે ચાલ્યું કેમ હશે એ એક આશ્ચર્ય છે! મળ્યા પછી મરતાં પણ જૂદી નહિ કરૂં." આવી આવી અનેક વિચારમાળામાં અટવાતું એ જ મન મહાપરિશ્રમે અને મહાન્ ભોગે એ હૃદયસ્થ વસ્તુને પ્રાપ્ત કર્યા પછી કિંચિત્ કાળમાં જ તેનાથી ધરાઇ રહે છે. એકવાર મળી એટલે થોડા જ સમયમાં તે અતિ સામાન્ય તુચ્છ જેવી જ તેને જણાય છે, એ કેટલું બધું આશ્ચર્ય? હથિયારનાં ઉતરી ગયેલાં પાણીની પેઠે, પાણીના વહી ગએલા રેલાની પેઠે, પ્રાણીના પ્રાણ જવા પછી પડી રહેલા મૃત શરીરની પેઠે, એ વસ્તુ હાથમાં આવતાં જ પ્રાપ્તિની પ્રબળ ઇચ્છામાંથી આતુરતાનું પાણી ઉડી જતાં, પ્રાપ્ત વસ્તુનો મોહ-આદર-ત્હેની કિંમત અને એ સર્વનું કુતુહલ શાન્ત થાય છે! મોહ ઉતરી જતાં કિંમત ઘટી જાય છે! દૂરથી હીરાકણિ જેવી કિંમતી જણાતી વસ્તુ કરગત થતાં કાચના કટકા જેવી કોડીની થઇ પડે છે! એટલું જ નહિ પણ સર્વ પ્રતિજ્ઞાઓને પાણીમાં પલાળતી માનસિક ચંચળતાના એ મહાયત્ને મેળવેલી વસ્તુને પણ એવી જ રીતે આગળ એકઠી કરેલી અને પાછળથી નકામી કરેલી બીજી ખૂણે પડેલી નિર્માલ્ય વસ્તુઓમાં ભેળવી દે છે! તેને એકાદ અંધારા ખૂણામાં ધકકેલી દે છે, જ્યાં પાછું ત્હેનું સ્મરણ કરવાનો અવકાશ પણ ઓછો

હોય છે! એ અમૂલ્ય વસ્તુની આવી ગતિ થતાં જ પળવારમાં કોઇ બીજી વસ્તુને માટે એવો જ બળવાન આતુર મોહ જાગૃત થાય છે! એકને મૂકીને તુરત ત્યાંથી ઉતરેલી મનની નજર બીજી નવી વાત ઉપર દોડે છે! હાયરે! મન! આ પ્રમાણે અનંત બ્રહ્માંડની કેટલી બધી અનંત વસ્તુઓ ઉપર નજર દોડાવી?! કેટલી બધી મેળવી અને ફેંકી દીધી?! તો પણ તને કદિ તૃપ્તિ મળી જ નહિ! મનના પ્રેરેલા આવા નાશકારક મોહમાર્ગમાં મરતો પછડાતો મનુષ્ય વારિને વૃથા વલોવી વલોવીને માનવજીવનનો અમૂલ્ય વખત ગુમાવી દે છે. પરિણામશૂન્ય પુરૂષાર્થમાં જ—નિષ્ફળ યત્નમાં જ તેનું આખું આયુષ્ય વહી જાય છે; અને જેને સુખ સમજીને પ્રાપ્ત કરવાનાં તરફડીયાં મારે છે, તે તો મૃગજળની પેઠે, ભૂતના ભડકાની પેઠે દૂરનું દૂર જ નાશતું ફરે છે! જે વસ્તુને મેળવવા પોતાનો અમૂલ્ય અવતાર અર્પણ કરે છે, તેની માત્ર છાયા જ હાથમાં આવે છે અને એ છાયામાં ધુમાડાના બાચકા ભરતાં ખાલીના ખાલી રહેલા હાથ તરફ નજર કરતો—પશ્ચાત્તાપ કરતો—નિસાસા ભરતો છેલ્લાં ડચકાં સાથે આ જગતને છેલ્લી સલામ કરીને, "બાંધી મુઠ આયો સો પસાર હાથ જાયગો" એ અમૂલ્ય વાક્યનાં સત્યને અનુભવમાં ઉતારીને, પસારેલી ખાલી હથેળી જગતને બતાવતો જાણે કહેતો હોય કે, 'ભાઇઓ! ચેતો, અને આ અમૂલ્ય જીવનનું જે માર્ગમાં સાર્થક થવાનું છે, તે ધર્મ માર્ગનું ગ્રહણ કરો. નહિ તો એક દિવસ તમને પણ આમ મારી જ પેઠે પશ્ચાત્તાપ કરી ખાલી હાથે પાછા વળવું પડશે! જગતનાં નાશવંત—ક્ષણિક—ભાસમાત્ર સુખ સાધનમાં તમારૂં કંઇ નહિં વળશે. એ સુખ, એ સંસાર અને હેના સ્નેહસંબંધ નથી કોઇના થયા અને નહિ કોઇના થાય, માટે એ મોહજાળમાંથી છૂટાય એવા ઉપાય કરીને શ્રીપ્રભુનું શરણ સેવો, સ્વધર્મનું પાલન કરો, પરમાર્થમાં પ્રાણાર્પણ કરો તો જ આ અમૂલ્ય અવસરનું સાર્થક થશે. મનુષ્યનું મન આવું અનિશ્ચિત અને ચલ છે. એક સામાન્ય દૃષ્ટાંતથી આપણે એ અસ્થિરતાનો નિર્ણય કરીએ. જલ નિર્મળ હોવા છતાં નિશ્ચલ નથી, ચંચલ છે. કેમકે વહી જવું, સરી જવું અને ઉડી જવું એ તેનો સ્વભાવ જ છે. વાંકું વળીને, નિચાણમાં નમીને, જમીનમાં શોષાઇને, ઉષ્ણતાથી ઉડીને જ્યાં માર્ગ મળે ત્યાં, તે સરલતાથી સરી જાય છે. તેમાં પણ ઢોળાવવાળી વિષમભૂમિમાં, રેતીવાળા પ્રદેશમાં કે આડાઅવળા કુટિલ માર્ગમાં તો તે થોડો કાળ પણ સ્થિર રહી શકતું નથી. ચારે મેર મજબુત ફરતી દિવાલો બાંધી તળાવ, વાવ, કૂવા કે સરોવરમાં તેને કેદ કરી પૂરી રાખવામાં આવે તો ત્યાંજ અમુક સમય સૂધી તે સ્થિર રહી શકે છે. જો કે ત્યાંથી પણ વરાળ થઇને ઉપર ઉડી જવાનો અથવા પૃથ્વીનું તળિયું ભેદી નીચે પાતાળમાં ઉતરી પડવાનો તેનો પ્રયત્ન તો સતત્ ચાલુ જ રહે છે. યત્નપૂર્વક સાચવી રાખવાની અને તેને ઉપયોગમાં લેવાની ઇચ્છાવાળા મનુષ્યો ઘડા, ગાગર કે ગોળામાં તેને પુરી—ભરી ઢાંકણાનો ડૂચો તેના ઉપર દઇ રાખે છે. આવી સુરક્ષિત અવસ્થામાં જ, આવા નિયમન અને અંકુશમાંજ માત્ર તે લાંબો વખત રહીને સ્થિરતાપૂર્વક ટકી શકે છે, અથવા તેના નિયંતાને ઉપયોગી થઇ શકે છે. મનુષ્યનું મન પણ આવું અસ્થિર, ઉડતી પાંખોવાળા જલ જેવું જ છે. એવું જ પોચું, એવું જ ચંચલ, અને એવું જ શીઘ્ર સરી જનારૂં છે. તેને અભ્યાસના મજબુત ઘડામાં કેદ કરી પૂરીને વૈરાગ્યરૂપી ઢાંકણાનો ડૂચો દેવામાં ન આવે ત્યાંસુધી તેને કદીપણ રોકી શકાતું નથી, સ્થિર રાખી શકાતું નથી અથવા

તેનો સદ્‌ઉપયોગ થઈ શકતો નથી. તેને છૂટું રાખવાથી મોહ, લોભ, કામ, ક્રોધાદિ કુટિલ માર્ગોમાં તેમજ વિષયના ઢોળાવવાળી વિષમભૂમિમાં તે તરત સરીને વહી જાય છે. કામના કીચડમાં ખરડાઈ ગંદુ-મેલું થઇ કાળક્રમે નિર્મળતાને બદલે મલીન દુર્ગંધીનો વિસ્તાર કરે છે.

મનને સરી જવાના કંચન અને કામિની એ બે મ્હોટા ઢોળાવ છે. એ બેમાં રૂપના મોહથી મનને અનિવાર્ય આકર્ષનારી કામિની એ મુખ્ય-ભયંકર ખાડ છે; જેણે બ્રહ્મા અને શંકર સરખા, તેમજ વિશ્વામિત્ર અને પરાશર સરખા પુરૂષોનાં મનને પણ સ્થિર રહેવા દીધાં નથી, ત્યાં સામાન્ય મનુષ્યોનાં નિર્બળ મન અનાયાસે ફસી પડે એ સ્વાભાવિક જ છે. એથી જ શાસ્ત્રકાર લખી ગયા છે કેઃ—

**विश्वामित्रपराशरप्रभृतयो वाताम्बुपर्णाशना ।**
**तेऽपि स्त्री मुखपंकजं सुललितं दृष्ट्वैव मोहं गताः ॥**
**शाल्यान्नं सघृतं पयोदधियुतं भुंजंति ये मानवाः ।**
**तेषामिन्द्रियनिग्रहो यदि भवेद्विंध्यस्तरेत्सागरे ॥**

એથીજ સૃષ્ટિમાં માનવ જાતિની સેંકડે નવાણું વ્યક્તિ—પ્રાયઃ સોએ સો જીવોનાં મન કામમાં, મોહમાં અને રૂપતૃષ્ણામાં ફસ્યાં જ રહે છે. સ્ત્રી અને સુવર્ણ એ બે પદાર્થો મનમત્સ્યને મીઠા ગળ બતાવી, તુરત જાળમાં ફસાવી એ ખાંસાદ્વારા જીવાત્માને તરફડાવીને મારી નાંખે છે. આ ભયંકર ખાડમાંથી મનને બચાવી સ્થિર રાખવું હોય તો, તેનો સરલ ઉપાય એજ છે કે, મનને એ ભયંકર ખાડની નજીક જ જવા ન દેવું. કાંટાવાળા માર્ગનો આગળથી જ ત્યાગ કરી દૃઢનિશ્ચય અને યત્નપૂર્વક તેનાથી દૂર રહેવું. સમીપ જવાનું બંધ થયું ત્યાં સંકટ કે ભયનો સંભવ પણ નથી. આ પ્રમાણે મોહના આકર્ષણમાંથી મનને બચાવનારૂં-ભયંકર ભવરોગનું તત્કાળ નિવારણ કરનારૂં સસંર્ગપરિત્યાગ અર્થાત્ સંગત્યાગ જેવું બીજું કોઇ રામબાણ ઔષધ જ નથી. માટે જ્યાં જ્યાં ભુવનમોહિની સ્ત્રી જાતિનાં સુંદર મુખનું દર્શન થતું હોય, તેના કમનિય કંકણનો ખણખણાટ અથવા ચરણનુપુરનો ઝણઝણાટ પણ કાને પડતો હોય, એ ડાકિનીના વળગાડ જેવી તેની છાયા, તેનો ઓળો આંખે જણાતો હોય, જ્યાં તેના પ્રસ્વેદની ગંધ પણ નાકને પહોંચતી હોય અથવા તેનો અલ્પ વિચાર પણ જે જે સ્થાનમાં-વાતાવરણમાં તરવરતો હૃદયને સ્પર્શ કરી શકતો હોય, ત્યાંથી દૃઢતાપૂર્વક દૂર રહેવું. વાઘ કે સિંહની ગંધ આવતાં ગાય, ઘોડા વગેરે પશુઓ જેમ પાછાં હઠી દૂર નાસે છે, તેમ વિનાશમાંથી બચવાની ઇચ્છાવાળો અજીત જીવાત્મા પણ ઉપરનાં સર્વ સ્થાન અને સંસર્ગજન્ય સ્વપ્નાઓને માત્ર ભયના નહિ, પણ સાક્ષાત્ વિનાશનાં સ્થાન સમજીને તુરત તેનો ત્યાગ કરવાથી જ પોતાના ઓજ ને ટકાવી શકે છે. રક્તપિપાસુ પ્રચંડ ચામુંડા જેમ ખડ્ગ હાથમાં ધારણ કરી અનંત રક્તબીજને રણમાં રગદોળી તેના લોહીનું પાન કરતી ખડખડાટ હસી રહી છે, અનંત રાક્ષસસેનાનો પણ એક નયન પલકારે જય કરી રહી છે, તેમ સાક્ષાત્ મહામાયાનો અવતાર સ્ત્રીજાતિ પણ મોહક ખડ્ગ હાથમાં ધારણ કરી, પશુવૃત્તિપરાયણ પામર જીવોને પીલી, નિચોવી, તેના

ઉપર જય કરી હાસ્યપૂર્વક તેનું લોહી પીવામાં પાંછી હઠતી નથી, માત્ર સ્વપ્નમાં પણ સંગદોષથી સાક્ષાત્ કરનારા નિર્બળ જીવાત્માનું સત્યાનાશ કાઢ્યા વગર રહેતી નથી. ત્યારે સમક્ષ વ્યવહારમાં દિવસરાત સંસર્ગ સેવનારાને મોહનિસો ચડાવવાની, આવાગમનના શીશામાં ઉતારવાની એ મહાશક્તિને શી વાર લાગે? એટલા માટે જ શાસ્ત્રો ઢોલ વગાડી, ઉંઘમાંથી જગાડી જીવાત્માને સાવધાન કરતાં આદેશ આપી રહ્યાં છે કે:—

**तप्तांगारसमा नारी घृतकुम्भः समः पुमान् ।**
**तस्मात्पुरूषं च नारीं च नैकत्र स्थापयेद् बुधः ॥**

નીતિકાર કહે છે:—નારી ધગધગતા અંગારા જેવી છે. પુરૂષહૃદય ઘીના ઘડા જેવું છે. બન્નેને પાસે રાખવાથી ઘી પીગળ્યા વગર રહે નહિ એ કુદરતનો કાયદો જ છે. માટે કલ્યાણની ઇચ્છાવાળા બુદ્ધિશાળી મનુષ્યે એ દેવતા અને દારૂને કદિપણ એક સાથે ન રાખવા. વળી બીજે ઠેકાણે પણ કહ્યું છે કે:—

**हृदयतृणकुटीरे दीप्यमाने स्मराग्नौ ।**
**विहितमविहितं वा पंडितोऽपि न वेत्ति ॥**

વાસનારૂપી તણખલાની બનેલી હૃદયરૂપી ઝુંપડીમાં જ્યારે કામનો અગ્નિ સળગી ઉઠે છે ત્યારે પંડિતને પણ—સમર્થ જ્ઞાની પુરૂષોને પણ સારૂં માઠું કે સાચું ખોટું જાણવાની શક્તિ રહેતી નથી. એથી જ પરિણામદર્શી પુરૂષો કહી ગયા છે કે:—**कामान्धौ नैव पश्यति**—જેમને કામનો અંધાપો આવ્યો છે તેઓ કંઇ પણ જોઇ શકતા નથી. કામ મોહથી અને મોહ સંગથી ઉત્પન્ન થાય છે, માટે એ અંધાપાથી તેમજ આત્માના સર્વ નાશમાંથી બચવું હોય તો નિશ્ચયપૂર્વક સંગત્યાગ સેવવો.

"**नरकस्य द्वारं नारी**" અને "**नारी प्रत्यक्ष राक्षसी**" આદિ શાસ્ત્રના સિદ્ધાંતો શ્રવણ કરીને "સ્રીસંગ"ની ઝેરી અસરથી દૂર રહેવા, સ્રીનું નામ માત્ર સાંભળતાં ભડકનારો એક સોળ વરસનો બ્રાહ્મણ કુમાર પોતાનાં માતપિતાથી લ્હડી બ્હડીને, ઘરસંસારનો ત્યાગ કરી, બ્રહ્મચારી બનીને વનમાં નાશી ગયો. ગૃહવાસ અને ગ્રામને દૂરથી નિરખતાં નમસ્કાર કરી દૂર ભાગતો તે જંગલમાં જ વસવા લાગ્યો. એક દિવસ રાત્રિના વખતે ભરજંગલમાં એક વિશાળ વાવના છોબંધ બાંધેલા કાંઠાપર તે સુઈ ગયો. મધ્ય રાત્રિએ તેને સ્વપ્ન આવ્યું. એક સુંદર વસ્ત્રાભૂષણમાં સજ્જ થયેલી સુંદરી તેને પોતાની નિકટ આવતી જણાઇ. બ્રહ્મચારીએ સ્વપ્નમાં જ કહ્યું કે,—"ઝેરી નાગણ જેવી સુંદર દેખાતી, પણ સ્પર્શ કરનારનો પ્રાણ હરનારી હે વિષવેલી! તું મ્હારાની દૂર રહેજે. ત્હારાં રૂપ લાવણ્યથી અંધ બનીને હું મારે હાથે જ મ્હારા ગળાંમાં ફાંસો નહિ નાખું." આવાં વચનો બડબડતો નજીક આવતી એ સુંદરીના સ્પર્ષદોષથી દૂર રહેવા માટે સ્પનમાં ને સ્વપ્નમાં છેટો ખસ્યો! જરા પાછળ ખસતાં જ પાળપરથી નમીને એ ઉંડી વાવમાં પડી ગયો! તરવાના જ્ઞાન વગરનો બ્રહ્મચારી, સ્વપ્નમાં સમીપ આવેલી સુંદરીને યોગે ઉંડા પાણીમાં ડૂબી મુઓ; ત્યારે જીવતી જાગતી સ્રીઓનો સંસર્ગ શું ન કરે?

**धर्मस्य लवमात्रोऽपि त्रायते महतो भयात्** અર્થાત્ નરકના--વિનાશના—મૃત્યુના મહાન્ ભયમાંથી મનુષ્યને એક ધર્મ જ તારી શકે છે. પણ ધર્મશાસ્ત્ર સ્પષ્ટ કહે છે કે:—

"**अर्थ कामेष्वसक्तानां धर्मज्ञानं विधीयते**" કનક અને કામિનીથી દૂર રહે તેને જ ધર્મનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. અર્થાત્ 'સ્ત્રી સંગ' સેવનાર અથવા કામિનીની કામના પણ કરનારને ભવસાગરથી તારનાર ધર્મનું જ્ઞાન કદિ પણ થઈ શકતું નથી; માટે શ્રીકૃષ્ણ ગીતાજીમાં ઉપદેશે છે કેઃ—

**ध्यायतो विषयान्पुंसः संगस्तेषूपजायते ।**
**संगात्संजायते कामः कामात्क्रोधोऽभिजायते ॥**
**क्रोधाद्भवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः ।**
**स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥**

વિત્ત--વનિતાદિ વિષય સાધનોનો વિચાર માત્ર કરવાથી તેમના પર રાગ--પ્રીતિ ઉત્પન્ન થાય છે; પ્રીતિથી સંગની ઇચ્છા ઉત્પન્ન થાય છે; ઇચ્છા કામજ્વરને આતુરતાને—ઉત્કંઠાને ઉપજાવે છે. એ ઇચ્છા તૃપ્ત ન થતાં ક્રોધ ઉપજે છે. ક્રોધથી સંમોહ--મિથ્યાજ્ઞાન ઉપજે છે, ભ્રમિત મન બની જાય છે. આ સંમોહથી સ્મૃતિ-યાદદાસ્ત બગડે છે. એ ચિત્તભ્રમથી બુદ્ધિનો પણ નાશ થાય છે. અને બુદ્ધિનો નાશ થતાં મૃત્યુ-પ્રાણનાશ થાય છે. આમ કામિનીની કામના માત્ર મનુષ્યનું કામ કહાડી નાંખે છે; અને એક પગથિયું ચૂકનારનો આખરે અધઃપાત થાય છે. "**विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः**" વિષયનો વિચાર કરવા જેટલી વિવેકભ્રષ્ટતા થતાં જ-એ એક ભૂલ, અનેક ભૂલોને ઉપજાવી, શતમુખ વિનિપાત—સર્વ નાશના કારણરૂપ થઇ પડે છે. માટે સુખેચ્છુ પુરૂષે સ્વપ્નમાં પણ સ્ત્રી જાતિનો વિચાર સુદ્ધાં ન કરવો જોઇએ એમ શાસ્ત્રો સમજાવે છે અને શ્રીકૃષ્ણ ત્હેની સાક્ષ પૂરે છે. વળી અન્યત્ર પણ કહ્યું છે કેઃ—

**नारीं सुप्रेयसीं मत्वा प्रीतिं कुर्वन्ति ये नराः ।**
**ते शठा मन्दमतयस्ते मुढा नर देहकाः ॥**

સ્ત્રીને સુંદર સમજીને, જે નર ધરતા પ્રેમ;
તે શઠ-ખર-મતિમન્દ અતિ, કેમ મેળવે ક્ષેમ ?

**संस्पृष्टं दुःखदंचाहे विषं नारी तु चिन्तिता ।**
**ज्ञानं ध्यानं तथा प्राणान् समूलान्हरते पुनः ॥**

અહિ કરડયે તન વિષ ચ્હડે, પ્રાણ જ માત્ર ત્યજાય;
સ્ત્રી વિષ ચિંતવતાં ચ્હડે, જ્ઞાન, પ્રાણ, તપ જાય.

**दर्शनाद्धरते चित्तं स्पर्शनाद्धरते बलम् ।**
**संभोगाद्धरते वीर्यं नारी प्रत्यक्ष राक्षसी ॥**

દર્શન છે મન હરણકર, બળ હરનારો સ્પર્શ:
વીર્ય હરે સંભોગથી, સ્ત્રી રાક્ષસી પ્રત્યક્ષ.

**विषमासौ मदनज्वालारूपेन्धनसमेधिता ।**
**कामिभिर्यत्र हूयन्ते यौवनानि धनानि च ॥**

રૂપ કાષ્ટથી સળગતી, વિષય કામની જ્વાળ;
યૌવન ધનને હોમતા, કામી પામે કાળ.

આવી રીતે **બ્રહ્મા**, વિષ્ણુ, **મહેશ** અને **સુરેશ** જેવા સમર્થ દેવતાને પણ હથેલીમાં નચાવનાર, **વિશ્વામિત્ર**, પરાશર જેવા ચિરકાલ તપ સાધનથી મનને વશ કરનાર, તપસ્વીઓને પણ ભમાવનાર, સમગ્ર જગતમાં સત્તા જમાવી શ્રીશંકર સરખાનું ઉપહાસ કરનાર મહારાજ **કામદેવ** કોને ખરાબ કર્યા વગર રહે છે? કેટલા મહાપુરૂષોના તે કોળીઆ કરી ગયો છે, કેટલાં મહારાજ્યો તેણે તારાજ કર્યાં છે, કેટલી બળવાન પ્રજાઓને તેણે પાયમાલ કરી છે અને વિશ્વનો વિનાશ કરનારૂં તેનું કેવું તેમજ કેટલું બધું અગાધ સામર્થ્ય છે એ માત્ર પ્રાચીન પુરાણોમાં કે આગળના ઇતિહાસોમાંજ નહિ પણ આજના આપણી આંખ સામેના વ્યાવહારિક જગતમાં આપણી આગળ પાછળ અને આસપાસ આપણે નિરંતર જોઇ અને અનુભવી શકીએ છીએ. એ કામનેજ પ્રતાપે પ્રાયઃ ઘેરઘેર વેરઝેર, કજીઆ, લડાઈ, નબળાઇ અને આળસાઈ એ ઘેરો ઘાલ્યો છે. મનુષ્ય તોપના ગોળાથી, તીર તરવાર કે કટારના ઘાથી, બોમ્બ અથવા ડાઈનામાઇટના ઉલ્કાપાતમાંથી વખતે ભાગ્યબળે બચી જાય છે, પણ જળસ્થળવ્યાપી **મદન** મહારાજના મારથી--કામદેવનાં બાણથી તો કરોડમાં કોઇકજ બચી, પોતાનું શાશ્વત કલ્યાણ સાધીને ઉભય લોકને જીતી શકે છે. બાકી તો વિશાળ જનસમુદાય તો એ ઝેરી બાણથી ઘાયલ થઇને આ **સંસારસાગરમાં** ગોથાં ખાતાં ડુબતો મરતો જન્મમરણની રેંટમાળમાં—વંટોળીઆમાં ચ્હડેલા તણખલા પેઠે ઘુમ્યા કરે છે. આ જગતની મોહમાયા રૂપી ઝંઝાવાતની ચકરડીમાં ઉલગબરડીઓ ખાતો, ત્રિવિધ તાપની ભઠ્ઠીમાં શેકાતો, અનેક આફતોના ખડકો સાથે અફળાતો ને ટીચાતો, તોફાની ભવસાગરમાં સૂકાન કે સ્નેહી વગરના તુટેલા—ફુટેલા નાવની પેઠે ખેંચાતો અને તણાતો પ્રલયના ભયંકર દિવસ પર્યન્ત અનંત દુઃખનો અનુભવ કરે છે. આવા ચાલુ ભયંકર મોતમાંથી—આત્માનું એવું મોત ઉપજાવનારા કામદેવના વિષમ બાણમાંથી પોતાની પ્રજાને-પોતાની સંતતિને બચાવવા માટેજ આપણા દીર્ઘદર્શી પ્રવીણ પૂર્વજોએ —આર્યઋષિ મહર્ષિઓએ તેમના આડી બ્રહ્મચર્યની અભેદ્ય પ્રબળ દિવાલ બાંધી દીધી છે. જ્યાંસૂધી એ દિવાલોનું આર્યો દત્તચિત્તથી રક્ષણ કરતા, ત્યાં સૂધી એ દિવાલ પણ વિષયનો ચેપી ભયંકર રોગ ફેલાવનારાં કામનાં રજકણો અને બાણોમાંથી તેમનો બચાવ કરતી. એ દિવાલને પ્રતાપેજ **વેદવ્યાસ** અને **વાલ્મીક** જેવા, **મનુ** અને **યાજ્ઞવલ્કય** જેવા, **ભીષ્મ** અને **અર્જુન** જેવા, શ્રી **રામ** અને શ્રીકૃષ્ણ જેવા શ્રી **મહાવીર** અને **બુદ્ધ** જેવા પ્રતાપી મહાપુરૂષો આગલા યુગમાં **ભારતે** ઉપજાવ્યા હતા. આ યુગમાં પણ મહારાણા **પ્રતાપ** અને **શિવાજી** સરખા, તત્વજ્ઞાની શ્રી **શંકર** અને **ગૌત્તમ** સરખા, ભક્તરાજ **વિજયસિંહ** અને શ્રી **ચૈતન્ય** સરખાં અમૂલ્ય રત્નો આ દેશમાં ઉત્પન્ન થયાં છે. જેમની કીર્તિ માત્ર **હિંદમાંજ** નહિ પણ સમગ્ર જગતના ઇતિહાસમાં સુવર્ણાક્ષરમાં અંકાઇ ચુકી છે. **ભારતના** દુર્ભાગ્યે આજે અભેદ્ય દિવાલમાં ઠેકઠેકાણે ગાબડાં પડયાં છે. તેનો યમ નિયમરૂપી ચુનો વિષયના લુણાથી ખવાઇ ગયો છે. તેના કોઠા અને કાંગરાઓ મરામત કે વારફેર વગર—શાસ્ત્રાવલોકન અને અધ્યયનના હાથફેરા વગર, કટાઈ કાળાં ઠીકરાં જેવાં થઈ ગયાં છે. આળસુ આર્યો આજે દેખતી આંખે પોતાનું અભય રક્ષણ નષ્ટ કરી

રહ્યા છે. પોતાની અમૂલ્ય જીવનદોરીને પ્રમાદની છરીવડે છેદવા લાગ્યા છે. કરાલ કલિની ઉષ્ણતાથી એ આશ્રમ ધર્મના મૂલાધાર પ્રબળ પાયારૂપ બ્રહ્મચર્યની દુર્ભેદ્ય દિવાલને આગ લાગી છે. અંધ આર્યસંતાનો પોતાનાં બળતાં ઘરને, ભવિષ્યનો—ભાવી પ્રજાનો લેશ પણ વિચાર કર્યા વિના, આંખો ટમટમાવતા જોઈ રહ્યા છે. અરે, એ દિવાલમાંથી ક્રમાનુસાર ખરી પડતા મજબુત પત્થરને પોતાને જ હાથે ઉપાડી ઉલટા દૂર ફેંકવા લાગ્યા છે. પોતાના હાથે જ પોતાના પગપર કુહાડી મારી દેખતી આંખે વિનાશ માગનારાને કોણ બચાવી શકે?

સમગ્ર જગત્‌નું ખરાબ કરનારા એ કુટિલ કામના ભયંકર મારમાંથી બચવાને માટે બ્રહ્મચારીઓ કઠોર વજ્રમય નિયમોનું પાલન કરતા. બ્રહ્મચર્યાશ્રમના એ અસરકારક નિયમો કોઈક કેસમાં જ નિષ્ફળ જતા. એ નિયમોના અવિચલિત પાલન સહિત, વિહિત વિધિ અને નિશ્ચયપૂર્વક, આશ્રમધર્મને અનુસરનારની સમીપમાં પણ કામદેવ કદીએ આવી શકતો નથી. વ્રતધારી વીરબાલકોનાં હૃદયમાં તે કદી પણ ફાવી કે તેમને સતાવી શકતો નથી. એવું વિધાન છે કે, અલ્પ આહાર, અલ્પનિદ્રા અને સત્સંગતિમાં રહી સારા આચારવિચાર અને સદ્‌વિદ્યાઓનું સેવન, કરવાથી,વાસના કે વિકારવર્ધક આહાર-વિહાર તેમજ તદૂષિત સંસાર-વ્યવહારનો પણ સંસર્ગ ત્યાગ કરવાથી, કામ તેને કનડી શકતો નથી. શરીરમાં રસો હોવા છતાં તેની શક્તિ કંઇ કામ કરી શકતી નથી. તેની તીવ્રતા, તેનું ઝેર, તેની અસર મરી જાય છે. તેનો જુસ્સો મંદ પડી જાય છે. જો તે ચ્હડી જાય તો પછો ઉતરતો નથી. આ સત્ય વિદ્યાર્થી–બ્રહ્મચારીઓના લક્ષમાં જ હોય છે, તેથી તેઓ શત્રુને ચ્હડવા કે વધવા દેતા જ નથી, નસ કે નાડીઓમાં પ્રવેશ કરવાનો અવકાશ પણ આપતા નથી. અને ત્હેના પ્રબળ અંકુશમાં તેનું જોર નરમ પડી જાય છે. તેઓ સ્ત્રીશૂન્ય એકાંતમાં ગુરૂ અથવા બીજા વિદ્યાર્થીઓના જ સહવાસમાં રહે છે. પોતાના સ્થાનનો ત્યાગ તેઓ પ્રાયઃ કરતા નથી, ગ્રામ કે જનસંસર્ગમાં જતા નથી, સ્ત્રીઓનો સહવાસ તો શું પણ તેમનાં દર્શનને પણ તેઓ દોષરૂપ-પાપરૂપ સમજે છે. નાચ–તમાશા–નાટક-ચેટક–ભાંડ ભવાઇ–વિવાહ–વરઘોડા એવા વિષયવર્ધક સંસારી કીચડથી તેઓ કદી ખરડાતા જ નથી. પોતાને માટે—પોતાના ભવિષ્યને માટે નરકની બારી જેવી ગણેલી સ્ત્રીજાતિ તરફ તો તેઓ ઝાંખીને જોતા પણ નથી. અભ્યાસ–તપ–ઇંદ્રિયોનું દમન અને વ્રતપાલન તેમને ચોમેર બચાવે છે.

એ એક કુદરતી નિયમ જ છે કે, વિષયો અને તેમની વાસના ભોગ વડે જ વૃદ્ધિને પામે છે. લોહી ચાખનાર વાઘ શિકારી થાય છે; લોહી ન ચાખ્યું હોય ત્યાંસુધી તેમની રક્તપિપાસા જાગૃત થતી નથી. એવાં પ્રમાણ પદાર્થવિજ્ઞાન અને પ્રાણીવિદ્યાના ગ્રંથોમાં અનેક પ્રમાણ મળી આવે છે. આર્યશાસ્ત્રો આ નિયમને બરાબર સમજી શક્યાં છે એથી તેમણે ચેતવણી દેવાને સત્સિદ્ધાંતનો દીવાદાંડી જગાવી કહ્યું છે કેઃ—

**न जातु कामः कामानां तु उपभोगे नैव शाम्यति ।**
**हविषा कृष्णवर्त्मे व भूयएवाऽभिवर्धते ॥ (मनु)**

પ્રકટ થયેલો કામ એ કામનાના **ઉપભોગ વડે** કદી પણ શાન્ત થતોજ નથી. શાન્ત હોય એવું જેઓ માને છે, તેમની મ્હોટી ભૂલ છે. કેમકે અગ્નિમાં ઘીની આહુતિઓ આપવાથી એ અગ્નિ શાન્ત થવાનો બદલે વૃદ્ધિનેજ પામે, તે પ્રમાણે કામાગ્નિ–વિષયાગ્નિ પણ ભોગરૂપી આહુતિઓના પ્રદાનથી શાન્ત થવાને કે બુઝાઇ જવાને બદલે વૃદ્ધિનેજ પામે છે.

આ સિદ્ધાન્ત—આ સત્ય—આ શાસ્ત્રવચનનું મૂલ્ય આગળના આર્યધર્મવીરોથી કાંઈ અ-જાણ્યું ન્હોતું; એથી તેઓ વિષયના ચિન્તવનને પણ મહાદોષરૂપ ગણીને બિલ્કુલ અવકાશ દેતા નહિ. દિવસ રાત અભ્યાસ કરતા અવકાશ મળે ત્યારે પ્રણવનો જપ કરતા. રાત્રિમાં જ્યારે આલસ્યનું પ્રાબલ્ય વધે અને નિદ્રાના સંદેશા આવવા લાગે ત્યારેજ પથારી પર પડતા અને પડ્યા કે તુરત શાન્ત ચિત્તથી સુષુપ્તિમાં લીન થઈ જતા. એ નિદ્રા પણ દિવસના પૂરતા પરિશ્રમને લીધે સ્વપ્નશૂન્ય, શાન્ત અને સુખરૂપ આવતી. રાત્રિના બે કલાક બાકી હોય ત્યાં તેઓ પથારીનો પરિત્યાગ કરીને ભગવદ્ભજન, અધ્યયન અથવા શ્રીઇષ્ટસ્મરણમાં ચિત્તને પરોવી દેતા. ત્યાર પછી શૌચ, સ્નાનાદિ નિત્યકર્મોથી પરવારી પાછા પોતાના સ્વા-ધ્યાયમાં જોડાતા. અલ્પ આહાર અને અલ્પનિદ્રાનું મુખ્ય પ્રયોજન એજ છે કે, તેથી આલસ્ય–પ્રમાદ–બેચેની–ખોટી વાસનાઓ–કુતર્ક કે નિદ્રાકાલે સ્વપ્નાઓ નથી આવતાં. અ-ધિક સૂનારા ઉંઘણસીને તેમજ પ્રાતઃકાળમાં સૂઈ રહેનારા આળસુને અવશ્ય ખરાબ સ્વપ્નો આવે છે. વધારે નિદ્રા કરવાથી જડ—સ્થૂળ શરીરમાં સૂક્ષ્મ શરીર શાન્ત રહી શકતું નથી; તેથી તેમાં મન અનેક તર્કવિતર્કનાં જાળાં ગુંથવાનું કરોળીઆનું કામ ચાલુ કરે છે. હૃદયમાં ભ્રમનું વૃક્ષ ઉભું થાય છે. માટે વ્હેલા ઉઠી શૌચાદિથી પરવારી, પાંચ સાત દાણા માલકાંકણાનાં મ્હોંમાં નાંખી, પોતાના કાર્યમાં લક્ષ લગાવે છે. ખરાબ–વિષયવર્ધક પ્રાણી પદાર્થો તરફ નજર કરતા નથી, તેવો વિચાર કરતા નથી, તેવી વાતો સાંભળતા નથી. વૃત્તિ કે સ્મૃતિને એ દિશામાં કદિપણ દોડાવતા નથી, પરંતુ નિરંતર બ્રહ્મના ધ્યાનમાંજ મગ્ન રહ્યા કરે છે; તેમને કામ ક્યાંથી સ્પર્શી શકે? મોહ કેમ ભમાવી શકે? માયા શું સતાવી શકે? અને સ્વપ્ન સૃષ્ટિનું મૃગજલ કેમ ડુબાવી શકે?

આવાં ઉગ્ર મનોબળ, પવિત્ર વર્તન અને સંસર્ગપરિત્યાગના બળથીજ આર્ય બ્રહ્મચા-રીઓ જગતની બજારમાં ભારતની કિંમત કોહીનુર જેવી કરાવી ગયા છે. આવા માર્ગના અવલંબનથીજ તેઓ નવનિધિ અને અષ્ટસિદ્ધિ મેળવી ચુક્યા છે. આવાં અવિચલિત વ્રત નિયમથીજ ભગવાન્ તીર્થંકરો, આર્યશાસ્ત્રકાર, દર્શનકાર અને સ્મૃતિકાર, ગૌતમ, કણાદ, પતંજલિ, વ્યાસ, વાલ્મિકી આદિ મહાન્ ઋષિયો, વેદાંતપ્રચારક શંકરાચાર્ય અને બૌધ-મત પ્રચારક કપિલમુનિ–ગૌતમબુદ્ધ, એવાજ ઉગ્રવર્તનવાળા હેમચંદ્ર સૂરિ, બપ્પભટ્ટ સૂરિ કે જયવિજય આ જગતમાં શાશ્વત જય મેળવીને ધર્મના પવિત્ર માર્ગને પોતાની નિ-ર્મળ પ્રભાથી પ્રકાશિત કરી ગયા છે. અને એજ માર્ગ છે કે જેના અવલંબન અને અ-નુસરણમાંજ ભારતનો પુનરૂદ્ધાર–તેના ધર્મોનો જીર્ણોદ્ધાર, તેનાં બાળકોનું પુનરૂજ્જીવન અને તેના જ્ઞાનનો પુનઃપરિષ્કાર સમભાવે સમાઈ રહ્યો છે. આજે એ મનોનિગ્રહ વિના હિંદનું વ્હાણ અસ્થિરતાના મહાસાગરમાં ઝોકાં ખાતું, વૃત્તિ વાયુના વંટોળિયા પર ચ્હડીને વિષ-યની બારીમાં ચક્કર ખાતું, અધર્મના વિનાશકારક ખરાબાપર અથડાવા લાગ્યું છે. ધડો-ધડ લાગતી પવનની ઝડીઓથી સખત પત્થરના વધારે સખ્ત ખડકનાં બહાર નીકળેલાં જ-ડબાંઓમાં એ વહાણ પછડાય છે, અથડાય છે. તેનાં પાટીઆંઓ એક પછી એક ભાગીને ખસી જવા લાગ્યાં છે. તેમાં થઈને પાણીનાં તોફાની મોજાંઓ વહાણમાં ધસવા લાગ્યાં છે અને મૃત્યુશય્યાપર પડેલા મનુષ્યની પેઠે એ વહાણ પણ " એ ડુબ્યું ! એ ચાલ્યું ! " થઈ રહ્યું છે. આત્મપ્રિય, ધર્મપ્રિય, શ્રદ્ધાપ્રિય પ્રવાસી વીરાઓ ! એ ભરદરિયે ડૂબતાં વહાણને જો બચા-વવું હોય અને આ ભવસાગરને પેલેપાર જો સહિસલામત ઉતરવું હોય, તો ઉપર દર્શાવેલા

માર્ગમાંથી નિશ્ચયનાં નવાં પાટીઆં સંગ્રહી આ તમારા અસ્તવ્યસ્ત થતા વહાણને જડો, તેને દઢ અને મજબુત એવા સંયમના ખીલા લગાવો. સંગપરિત્યાગનાં તેની બન્ને બાજૂએ ત્રાંબાનાં પત્રાં છેક તળીઆં સૂધી ઠોકી દો અને શ્રદ્ધાના શઢ ચ્હડાવીને પશ્ચિમ છોડી પૂર્વ દિશા તરફ આગળ વધો. ખરાબાના માર્ગમાંથી પાછા વળો. પછી જૂઓ કે ધડધડાટ કરતું તમારૂં વહાણ મોક્ષબંદરને કિનારે કેવું ત્વરાએ જઈ પહોંચે છે? પછી જૂઓ કે, તમારા વિજયના ડંકા દિગંતને ભેદીને શ્રી પરમાત્માના ચરણસૂધી જઈ પહોંચે છે કે નહિ?

શાસ્ત્ર, ધર્મ, કે તત્વજ્ઞાનની નજરે જોતાં દુનિયાંમાંના બધા મત સંપ્રદાયો, આ સાધનનેજ સર્વોત્તમ સાધન કહે છે. તેમાં પણ તર્ક, વિચાર, દર્શન, આલોચના અને મન્થનપ્રધાન પ્રાચીન આર્યશાસ્ત્રો, વેદમત, જૈનમત અને બૌધમતના સિદ્ધાંતોમાં તો મનોનિગ્રહ-મનોજયનેજ માનવની મહત્તા અને મોક્ષમંદિરના દ્વારમાં પેસવાની કળારૂપે વર્ણવે છે. **मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः** બંધન, સુખ અને દુઃખ એ બધાંનું કારણ મનજ છે. મનને જીત્યું ત્યાં, મોક્ષ, મહત્તા, સુખ, સંતોષ અને આનંદ છે. મનથી જીતાયો તેને દુઃખ-આફત, તરફડાટ, લઘુતા, ચિંતા, નરક અને બંધન છે. માટે ઓ, શિક્ષણમાં પાછા પડનારા, શક્તિ, સ્મૃતિ અને સમજશક્તિ ગુમાવી બેઠેલા વિદ્યાર્થીઓ! વકીલાત, ડાક્ટરી, ઇજનેરી કે આર્ટસલાઇન જેવી યુનિવર્સીટીની કોઈ ઉંચી જ્ઞાનશાખાને પકડીને અધવચ્ચે લટકી પડનારા અથવા વારંવાર નિષ્ફળ નિવડનારા ઓ યુવકો! દિવસ-રાત ધંધામાં અંધા થઇ દોડાદોડી કરવા છતાં જશને બદલે જુતિયાં ખાઇને નિરાશાની ખાઇમાં હડનારા ઓ જવામર્દો! ધર્મ-અર્થ-કામ અથવા મોક્ષની કોઈ પણ લાઇન પકડી ઇશ્વરની દિવ્ય યુનિવર્સીટીમાં અભ્યાસ કરી કર્મ દેવતાના કુઠારાઘાતથી વારંવાર નાપાસ અને નિરાશ થનારા ઓ માનવબંધુઓ! આ લોકમાં કે પરલોકમાં, સમાજમાં કે રાજકાજમાં, વ્યવહારમાં કે પરમાર્થમાં, ધર્મમાં કે કર્મમાં, ધનમાં, તનમાં કે મનમાં અથવા એ સર્વથી શ્રેષ્ઠ એવા સર્વોત્તમ આત્માના પ્રદેશમાં આગળ વધવું હોય તો સત્સંગથી, અસત્સંગના ત્યાગથી તેમજ અભ્યાસ અને વૈરાગ્યથી **મન ઉપર રાજ ચલાવતાં શીખો;** મનને તમારાપર રાજ કરવા ન દો. મન એ હાથી છે. તેનાપર અભ્યાસના અંકુશ અને ત્યાગની અંબાડી વડે સવાર થઇ સંસારસંગ્રામમાં આગળ વધો. જય તમારો છે; કેમકે મંગલાચરણમાંજ તમે મનને જીત્યું છે. મનને જીતનારો અજીત કહેવાય છે. માટે દઢ પ્રવાસ કરી નિયમિત જીવન ગાળી, ધર્મ-કર્મનું પાલન કરી, પરોપકારની દોરી હાથમાં ધરી, સર્વને પોતાના સરખાંજ સમજવાની અભેદબુદ્ધિમાં—આત્માનુભવનિધિમાં ઉંડા ઉતરી, મનને જીતો. ભાઇઓ! મનને જીત્યું કે તમે જગને જીતી ગયા એમ નક્કી માનજો.

મન જીત્યું તેણે સઘળું સાધ્યું! ચરણે પ્રકૃતિ મૂલ ખડી રે;
દેશ વિશેષ જીત્યા થકી શું થયું? મન ન જીતાયું તો ધૂળ પડી રે!

આથી વિશેષ શું?

સર્વનો હિતચિંતક,
જન સંઘનો દાસાનુદાસ
દીન—**વસંત.**

# સ્ત્રીઓનું જીવન.

લખનારઃ-રા. રા. ભોગીંદ્રરાવ ર. દિવેટિયા બી. એ.

**પ્રસ્તાવના.—**

"સ્ત્રી, પુરૂષની અર્ધાંગના છે, સ્ત્રી વિના ગૃહ નથી. રાજ્ય નથી. સ્ત્રીની ઉન્નતિ વિના દેશની ઉન્નતિ અશક્ય છે" એ સિદ્ધાન્તો જાણ્યા પછી એમનું જીવન ઉત્સાહભર્યું આનંદભર ઉપયોગી ન કરીયે તો દોષ કોનો? આ લખનો ઉદ્દેશ-આશય જૈન બન્ધુઓના ગૃહજીવન વધારે આનંદનિર્ભર, શાન્તિપ્રદ બને એજ છે; જૈનેતરની ટીકા કે આક્ષેપ નથી અને એજ વૃત્તિથી વંચાશે એવી આશા છે.

**કન્યા—**સામાન્ય રીતે જૈનોમાં કેલવણી-તેમાંએ સ્ત્રીકેલવણી સુદ્દલ નથી. પુરૂષવર્ગ-યુવાન વર્ગને વિદ્યા પ્રત્યે ભાવ વધતો જાય છે અને આનું પરિણામ એ આવે છે કે ઘણીવાર યુવાનવર્ગના ગૃહજીવન અસંતુષ્ટ નિવડે છે. મૂળતો હિંદુ સંસારમાં કોણ જાણે કેમ પુત્રીજન્મ એટલો હલકો મનાયો છે કે બાલ્યાવસ્થાથીજ કન્યાઓ પ્રત્યે એમનામાં ઉત્તમ ગુણોનું પ્રતિપાદન કરવા ઓછું લક્ષ અપાય છે. મૂળ માતા અજ્ઞાન-પિતા વ્યાપાર રોજગારને અંગે અને કાંઇક બાલક પ્રત્યેનાં કર્તવ્યના અજ્ઞાનપણાને લીધે ગૃહજીવન ગાળતા ન હોવાથી બાલકો બાગના કુમળા છોડની માફક નહિ પણ જંગલના વૃક્ષો માફક ઉગે છે, ઉછરે છે, ઉછેરાતાં નથી. **મુંબાઇ, અમદાવાદ, સુરત** જેવાં શહેરોમાં કન્યાઓ નિશાળે જાય છે, પણ તે મોકલવા ખાતરજ, દ્રવ્યવાન્ ધારે તો વિદ્યાનો લાભ આપી શકે. સામાન્યવર્ગ ઘેર બેઠાં તોફાન કરશે એજ વિચારે મોકલે છે, ત્યારે ગરીબ વર્ગ ઘરકામને લીધે કન્યાને કેળવણી આપી શકતો નથી. આમ છતાં અપાય તો પણ અનિયમિત અને ઉપલકીયાંજ. **જૈનોમાં** ધાર્મિક લાગણી વિશેષ છે, ને તે કેટલેક દરજ્જે પસંદ કરવા લાયક છે; છતાં કહ્યા વિના નહી ચાલે કે ધર્મના બ્હાને જૈન વિદ્યાર્થીઓ અભ્યાસમાં બહુજ અનિયમિત રહે છે. જૈનોની વર્ષમાં સરેરાશ હાજરી જોઇશું તો ઘણીજ ઓછી. જ્યાં છોકરાઓની આ સ્થિતિ ત્યાં કન્યાઓ અનિયમિત રહે એમાં શી નવાઈ? પરણ્યા પછી નિશાળે ન જવાય એ વિચાર ઘણાના મનમાં હોવાથી કન્યાઓની કેળવણી અરધેજ અટકી પડે પડે છે. સદ્ભાગ્યે શ્રાવિકાશાળાઓ થતાં આમાં કાંક સુધારો થયો છે.

કેલવણીના અભાવે-વાતાવરણ બહુ સારૂં ન હોવાથી પુરૂષવર્ગની નિયમિત ગેરહાજરીને લીધે કન્યાઓમાં સારા સંસ્કાર પડતા નથી એટલે માબાપના દોષે એમને પતિગૃહે શોસવું પડે છે.

**પત્ની—**જૈન સ્ત્રીઓ સામાન્ય હિંદુ સ્ત્રીઓની માફક ઘરરખ્ખુ, કરકસરથી ગૃહ નિભાવનાર-પતિપરાયણી હોય છે પરન્તુ નવો વર્ગ-શિક્ષિતવર્ગને આથી સંતોષ થતો નથી. દ્રવ્યવાન જૈનોને ત્યાં રસોઈ માટે ભટ હોય છે. સામાન્યવર્ગમાંજ રસોઇનું કાર્ય સ્ત્રીઓ પાસે હોય છે. કેળવાયલા જૈનો-જૈન યુવાનો વ્યાપારમાંજ જોડાય છે અને છૂટાછવાયા નોકરી કરે છે. એમણે **કાલિદાસની શકુન્તલા, શેક્સપીઅરની પોર્શીઆ, ગોવર્ધનરામની ગુણસુંદરીનાં** સ્વપ્નાં જોયાં હોય છે એટલે એમના ગૃહમાં એવી સુંદરીઓ જોઇએ, પણ લાવવી ક્યાંથી? કેલવણી લીધેલી ન હોવાથી વાંચી શકે નહિ, સમજી શકે નહિ, રીતરીવાજ, લાજમર્યાદા, સંયુક્ત કુટુમ્બને લીધે ફરીહરી શકે નહી, સાથે લઇ જઈ શકે નહી એટલે નિરાશા-અસંતોષ ઉત્પન્ન થાય. આનું પરિણામ એ આવે કે પુરૂષોને સામાન્ય રીતે ગૃહ કરતાં નાટક, સીનેમેટો-

ગ્રાફ, પાર્ટી અને છેવટે દુકાને બાર-બાર વાગ્યા સુધી રહે ગૃહ એ માત્ર હોટેલ, નિવાસસ્થાન તરીકેજ લેખાય. પત્નીઓ માત્ર વિના પગારની રસોયણ કિંવા વૃત્તિ સંતોષનાર વ્યક્તિ લેખાય.

**સ્ત્રીઓ**—દ્રવ્યવાનની સ્ત્રીઓ મોતી-સોના-હીરા જડીત ઘરેણાં પહેરી દેવદર્શન જાય એટલે સંતોષાય. નવરાં પડે નિંદા કે કુથલી થાય એમાં દોષ કોનો ? સ્ત્રીઓનું આવું જીવન ગળાવી-હાથે કરી ગૃહનો આનંદ નષ્ટ કરનાર પુરૂષોજ છે. કેલવણી આપી પિતા, પતિ તરીકેની ફરજ શા માટે અદા ન કરવી ? દુકાનમાં અજાણ્યા ગુમાસ્તાને કેળવી કેમ હોંશીયાર કરો છો ? દુકાનધંધો પડી ગયો હોય તો રાત્રી દિવસ મથી કેમ ધીકતો કરો છો ? તો પછી આપણી સ્ત્રીઓ જેમાં સફ્રેજીટનો પવન નથી, પતિ તેજ પરમેશ્વર માને છે તેઓ તમારે માટે તમારા એક મીઠા બોલ માટે, ત્હમારા સુખ માટે શું નહિ કરે ? ધંધા ઉપરાંતનું બાહ્ય જીવન બંધ કરો, રાત્રીના—વાર તહેવારે કુટુમ્બમાં બેસો-વાર્તાવિનોદ કરો, એમનામાં ઉચ્ચ સંસ્કાર પાડો, અને જુવો પછી શું પરિણામ આવે છે ? ! સ્હવારના બજારમાં, બપોરે બજારમાં, રાત્રે નાટક, પાર્ટી કે બજારમાં-રજાને દહાડે જયાફતમાં તમારી માતા, બ્હેનો, ત્હમારી પત્નીઓ, તમારી પુત્રીઓ પાસે કેટલો સમય બેસો છો ત્હેનું સરવૈયું કાઢો. મૂળ અજ્ઞાન હોય અને પછી સુધરવાના પ્રસંગો-સાધનો ત્હમે પૂરાં ન પાડો પછી એઓ એવાંજ રહે એમાં દોષ કોનો ?

**માતા**—પાયોજ કાચો પછી મકાન ક્યાંથી મજબૂત થાય ? આમ નિઃસત્વ જીવન ગાળ્યું હોય, બાહ્યજીવનનો અનુભવ ન હોય, જગતની સપાટી ઉપર શા શા પરિવર્તનો થાય છે ત્હેનું ભાન ન હોય, વિદ્યા શું ? સાયન્સ શું ? ધૈર્ય શું ? કર્તવ્ય શું ? જીવન શું ? એ પોતેજ સમજતી ન હોય પછી માતા બાલકનામાં ક્યાંથી ઉન્નત વિચારો આણી શકે ? ઘરકુકડી જીવન ગાળવાથી, બાલ્યાવસ્થાથીજ નિરૂત્સાહી જીવન ગાળવાથી શરીર અને મન પ્રફુલ્લિત ન રહે પછી એ છોડનાં પુષ્પો ક્યાંથી ખીલે ?

**વિધવા**—આપણી આર્ય સ્ત્રીઓ ને ત્હેમાં જૈનોમાં ધર્મની વૃત્તિ એટલી સચોટ છે કે એ વૃત્તિ સ્ત્રીઓમાં ન હોત તો આપણામાં આવત કે કેમ તે શક છે. વિધવાઓનાં જીવન હિંદુ સંસારમાં હાલના બાવારૂપ છે. વિધવાઓ પ્રત્યે પૂજ્ય ભાવ ન હોવાથી—એમનામાં જ્ઞાન ન હોવાથી કુટુંબમાં કલેશ અને દુઃખરૂપ થઈ પડે છે.

સવારસાંજ મંદિરમાં-ઘરકામ અને વાર્તાવિનોદમાંજ જીવન જાય છે પરંતુ આ વિધવાઓમાં સારા સરકારવડે એમને એમના કર્તવ્યનું ભાન કરાવવામાં આવે તો નર્સીંગએસોશીએશનની, સ્ત્રીશિક્ષકોની, બાળકો ઉપર ઉચ્ચ સંસ્કાર પાડનારની-ધર્મોપદેશિકાની-યુવતિઓ તેમજ કન્યાઓને ગૃહ કેળવણી આપનાર લાગણીવાળી માતારૂપ આધેડ સ્ત્રીઓની જરૂર રહે નહી. પણ એ ક્યારે ? કન્યા અને પુત્રમાં તફાવત જાય, મહાત્માઓ પણ સ્ત્રીનાજ પેટેજ જન્મ્યા હતા માટે સ્ત્રીઓ પૂજનીય છે, સ્ત્રીઓને જેટલી હલકી રાખીયે છીએ તેટલી આપણી હલકાઈ છે એમ માનીએ, કન્યાને યોગ્ય વિદ્યા આપીએ, પત્નિ તરીકે આપણે એમને જીવનમિત્ર ગણી એમની સાથે વધારે સહવાસમાં આવી, ગૃહજીવન ગાળી એમને આપણી સાથે આપણા જેવાં કરીએ-એમનામાં ઉત્સાહ—**આનંદ**—રેડીયે એ માત્ર વિષયવાસનાનું સાધન નથી પરંતુ એક જરૂરની વ્યક્તિ છે—આપણે પોતેજ છીએ એમ માનીએ ત્યારે.

વિલરવિલા સાંટાક્રુઝ.

# नेमिनाथ चतुष्पदिका.

## राजिमतिनो सखी साथे संवाद.

### प्राचीन गुजराती साहित्यनो नमुनो.

સોહગ સુંદર ઘણુલોયન્નુ, સુમરવિ સામિઉ સામલવન્નુ
સખિ પતિ **રાજલ** ચડિ ઉત્તરિય, બારમાસ સુણિ જિમ બજ્જરિય, ૧
**નેમિ**કુમરુ સુમરવિ **ગિર**નારિ, સિદ્ધી **રાજલ** કન્નકુમારિ ॥ આંકિણી ॥
**શ્રાવણિ સરવણિ** કડુયં મેહુ, ગજ્જઇ વિરહિરિ ઝિઝઇ દેહુ,
વિજ્જુ ઝબક્કઇ રખસિ જેવ, **નેમિ**હિ વિણુ સહિ સહિયઇ કેમ ? ૨
**સખી** ભણઇ સામિણિ મન ઝૂરિ, દુજ્જણ તણા મ વંછિત પૂરિ,
ગયઉ **નેમિ** તઉં વિણઠઉં કાઇ, અછઇ અનેરા વરહ સયાઇ. ૩
બોલઇ **રાજલ** તઉ ઇહુ વયણુ, નત્થી **નેમિ** સમં વર રયણુ,
ધરઇ તેજુ ગહગણ સવિ તાવ, ગયણિ ન ઉગ્ગઇ દિણયરુ જાવ. ૪
**ભાદ્ર**વિ ભરિયા સર પિક્ખેવિ, સકરુણ રોઅઇ **રાજલ** દેવિ,
'હા એકલડી મઇ નિરધાર, કિમ ઉવેખિ (ખિ) કરુણાસાર.' ૫
ભણઇ સખી **રાજલ** મન રોઇ, નીઠુરુ **નેમિ** ન અપ્પણુ હોઇ,
સિંચિય તરુવર પરિ પલવંતિ, ગિરિવર પુણ કઠ ડેરા હુંતિ. ૬
સાચઉં સખિ વરિ ગિરિ ભિજ્જંતિ, કિમઇ ન ભિજ્જઇ સામલ કંતિ,
ઘણુ વરિસંતઇ સર ફુટ્ટંતિ, સાયરુ પુણુ ઘણુઓહ ડુલિંતિ. ૭
**આસો** માસહ અંસુ પ્રવાહ, **રાજલ** મિલ્હઇ વિણુ **નમિ**નાહ,
દહઇ ચંદુ ચંદણ હિમ સીઉ, વિણુ ભત્તારહ સઉ વિવરીઉ. ૮
સખિ નવિ ખીના **નેમિ**હિ રેસિ, મન આપણુ પઉં તઉં ખય નેસિ,
જીણિ દિખાડિઉ પહિલઉં છેહુ, ન ગણિઉ અઠ ભવંતર નેહુ. ૯
**નેમિ** દયાલૂ સખિ નિરદોસુ, કીજઇ ઉગ્રસિણુ ઊપરિ રોસુ,
પસુય ભરાવિઉ મૂકઉ વાડુ, મુઝુ પ્રિય સરિસઉ કિયઉ વિહાડુ. ૧૦
**કત્તિગ** કિત્તિ ગઉ ગઇ સંઝ, **રજ**મતિ ઝિઝિઉ હુઇ અતિ ઝંઝ,
રાતિ દિવસુ અછઇ વિલવંત, વલિ વલિ દયકરિ દયકરિ કંત. ૧૧
**નેમિ** તણી સખિ મૂકિ ન આસ, કાયરુ ભગ્ગઉ સો ઘરવાસ,
ઇમઇ ઇસી સનેહલ નારિ, જાઈ કોઇ છંડવિ **ગિર**નારિ. ૧૨
કાયરુ કિમ **સખિ** **નેમિ** જિણંદુ, જિણિ રિણિ ચિત્તઉ લખુ નરિંદુ,
**કુરઇ સાસુ** (ભુ ?) જા અગ્ગલિ નાસ, તાવ ન મિલ્હઉં **નેમિ** હિ આસ. ૧૩
**મગસિરિ** મગ્ગુ પલોઅઈ બાલ, ઇણ વરિ પભણઇ નયણ વિસાલ,
જો મઈ મેલઇ **નેમિ** કુમાર, તસુણી વેલવહઉં સવિ વાર, ૧૪

એહુ કદાગ્રહુ તઉં સખિ મિલ્હિ, કરિસિ કાઇ તિણુ નેમિહિ હિસિ,
મંડિ ચડાવિઉ જો કિરમાલિ, હે હે કુ કરઇ ટોહણુ કાલિ. ૧૫
અટ્ઠ ભવ સેવિઉ સખિ મઇં નેમિ, તસુ ઊમાહઉ કિમ ન કરેમિ,
અવગન્નેસઇ જઇ મઇં સામિ, લગ્ગી અછિસુ તોઇ તસુ નામિ. ૧૬
પોસિ રોસ સવિ છંડિવિ નાહ, રાખિ રાખિ મઇ મયણહ પાહ,
પડઇં સીઉ નવિ રયણિ વિહાઇ, લહિય છિદ્દ સવિ દુખ અમાઇ. ૧૭
નેમિ નેમિ તૂ કરતી મુદ્ધિ, જુવ્વણુ જાઇ ન જાણિ સિ સુદ્ધિ,
પુરિસ રયણ ભરિયઉં સંસારુ, પરણિ અનેરઉ કુઇ ભત્તારુ. ૧૮
બોલી તઉં સખિ ખરી ગમારિ, વરિ અછંતઇ નેમિ કુમારિ,
અન્નુ પુરિસુ કુઇ અપ્પણુ નડઇ, ગઇવરૂ લહિઉ કુ રાસભિ ચડઇ. ૧૯
માહ માસિ માચઇ હિમરાસિ, દેવિ ભણઇ મઇ પ્રિયલઇ પાસિ,
તઇં વિણુ સામિય દહઇ તુસારુ, નવ નવ મારિહિ મારઇ મારુ ૨૦
ઇહુ સખિ રોઇસિ સહુ અરન્નિ, હત્થિ કિજાંમઇ ધરણઉ કન્નિ,
તઉ ન પતિ જિસિ માહરી માઇ, સિદ્ધિ રમણિ રતઉ નમિ જાઇ. ૨૧
કંતિ વસંતઇ હિયડામાહિ, વાતિ પત્તી જઉં કિમહ લસાઇ,
સિદ્ધિ જાઇ તઉ કાઇતિ બીહ, સરસી જા ઉત ઉગ્રસેણ ધીય. ૨૨
ફાગુણ વાગુણિ પન્ન પડંતિ, રાજલ દુખિ કિતરુ રોયંતિ,
ગબ્ભિ ગલિવહઉં કાઇં ન મૂય, ભણઇ વિહંગલ ધારણિ ધૂય. ૨૩
અંજિઉ ભણિઉં કરિ સખિ વિમ્માસિ, અછઇ ભલા વર નેમિહિ પાસ,
અનુરાખિ મોદક જઉ નવિ હુંતિ, ક્ષુહિય સુહાલીકિ ન રૂચ્ચતિ. ૨૪
મણહ પાસિ જઇ વહિલઉ હોઇ, નેમિહિ પાસિ તતલઉ ન કોઇ,
જઇ સખિ વરઉં ત સામલ ધીરુ, ઘણ વિણુ પિયઇ કિ ચાતકુ નીરુ. ૨૫
ચૈત્ર માસિ વણસઇ પંગુરઇ, વણિ વણિ કોયલ ટહકા કરઇ,
પંચબાણુ કરિ ધનુષ ધરેવિ, વેઝઇ માંડી રાજલ દેવિ. ૨૬.
જુઇ સખિ માતઉ માસુ વસંતુ, કણિ ખિલિજ્જઇ જઇ હુઇ કંતુ,
રમિયઇ નવ નવ કરિ સિણગારુ, લિજ્જઇ જીવિય જુવ્વણ સારુ. ૨૭
સુણિ સખિ માનિઉ મુઝુ પરિયયણુ, નવિ ઉવરિયિઉ બંધવ વયણુ,
જઉ પડિવન્નઇ ચુક્કઇ નેમિ, જીવિય જુવ્વણુ જલણિ જલેમિ. ૨૮
વઇસાહહ વિહસિય વણરાઇ, મયણુ મિત્તુ મલયાનિલુ વાઇ,
કુદ્રિરિ હિયડા માઝિ વસંતુ, વિલવઇ રાજલ પિખિઉ કંતુ. ૨૯
સખી દુખ વીસરિવા ભણઇ, સભલિ ભમરઉ કિમ રુણઝુણઇ,
દીસ પંચ થિરુ જોવ્વણુ હોઇ, ખાઉ પિઉ વિલસઉ સહુ કોઇ- ૩૦
રમણિ પસંસઇ રાજલ કન્ન, જીહ કંતુ વસિ તે પર ધન્ન,
જસુ પ્રિઉ ન કરઇ કિમઇ મુહાડિ, સા હઉં ઇક્કિજ ભુંડ નિલાડિ. ૩૧
જિટ્ઠ વિરહુ જીમ તપ્પઇ સૂરુ, ધણુ વિરૂગિ સુસિયં નક્રિ પૂરુ,
પિખિઉ ઝૂલિઉ ચંપઇ વિલ્લિ, રાજલ મૂકી નેહ ગહિલ્લિ, ૩૨

મૂછી રાણી હા સખિ ધાઉ, પડિયઉ ખંડઇ જેવડુ ઘાઉ,
હરિય મુછ ચંદણુ પવણેહિં, સખિ આસાસઈ પ્રિય વયણેહિં. ૩૩
ભણઇ દેવિ વિરતી સંસાર, પડિખિ પડિખિ મઇ જાદવ સાર,
નિય પડિવન્નઉં પ્રભુ સંભારિ, મઇ લઇ સરિસી ગઢિ ગિરિનારિ. ૩૪
**આસાઢહ** દિઠ્ઠુ હિયઉં કરેવિ ગજ્જુ વિંજ્જુ સવિ અવગન્નેવિ,
ભણઇ વયણુ ઉગ્રસેણહ જાય, કરિસુ ધમ્મુ સેવિસુ પ્રિયપાય. ૩૫
મિલિઉ સખી રાજલ પભણંતિ, ચિણય જેમ નમિ રિય ખજ્જંતિ,
અઉગીઆત્થ સખિ ઝંખિ મન આલ, તપુ દોહિલ્લઉ તઉં સુકુમાલ. ૩૬
અઠ ભવ વિલસિઉ પ્રિયહ પસાઈ, કિમઈ છવુ સખિ ! સખહ ન થ્રાઈ,
હિવ પ્રિય સરિસઉં જીવિય મરણુ, ઇણિભવિ પરભવિ નિમિ જ્જુ સરણુ. ૩૭
**અધિકુ** માસુ સવિ માસહિ ફિરઇ, છહરિતુ કેરા ગુણુ અણુહરઇ,
મિલિવા પ્રિયઉ બાહુલિ હૂય, સઉ મુકલાવિઉ ઉગ્રસેણ ધૂય. ૩૮
પંચ સખી સઈ જસુ પરિવારિ, પ્રિય ઊમાહી ગઈ ગિરિનારિ,
સખિ સહિત **રાજલ** ગુણરાસિ, લેઈ દિખ પરમેસર પાસિ. ૩૯
નિમ્મલ કેવલનાણુ લહેવિ, સિદ્ધી સામિણિ **રાજલ** દેવિ,
**રયણસિંહસૂરિ** પણમવિ પાય, બારઇ માસ ભણિયા મઈ ભાય. ૪૦

---

## શ્રી વિનયચંદ્ર સૂરિકૃત શ્રી નેમિનાથ ચતુષ્પદિકા:

---

આ ૪૦ પદ્યની '**રાજીમતી** અને તેની સખીના સંવાદ રૂપમાં ' નાનકડી ચોપાઈ છે તે ***પ્રાચીન ગુજરાતી**ના નમૂના રૂપે છે. કર્તાનું નામ ચૌપાઇની અંદર નથી, પરંતુ લખેલા પુસ્તકમાં લેખકે ચૌપાઇની અંતમાં '**श्री विनयचंद्रसूरिकृत नेमिनाथ चतुष्पदिका**' આ પ્રમાણે લખેલું હોવાથી, કોઇ **વિનયચંદ્ર** નામના પંડિતે બનાવેલ છે એમ સ્પષ્ટ જણાય છે, તેમના ગુરુનું નામ અથવા ગચ્છપતિનું નામ '**રત્નસિંહ સૂરિ**' હતું એમ ૪૦ માં પદ્યના '**રયણસિંહસૂરિ** પણમવિ પાય ' આ ત્રીજા પાદ ઉપરથી જણાઈ આવે છે. એ સિવાય 'તેઓ ક્યા ગચ્છમાં અને ક્યારે થયા ?' એ શંકાનું સમાધાન સાધનાભાવે થવું મુશ્કેલ છે, છતાં એટલું તો લખેલી પ્રતિ ઉપરથી માલમ પડે છે કે ૧૪ મી સદીના પૂર્વાર્દ્ધમાં અથવા એનાથી પણ પૂર્વેના કોઇ સમયમાં આ ચૌપાઇ રચાઇ છે. કેમકે જે પુસ્તકમાં મ્હને આ ચોપાઈ મળી આવી છે, તેના અંતમાં "સંવત્ ૧૩૫૩ ભાદ્રવા શુદી ૧૫ રવૌ ઉપકેશ ગચ્છીય પં. **મહોચંદ્રેણ** લિખિતા પુ૦" આ પ્રમાણે લખેલું હોવાથી સંવત્ ૧૩૫૭ ની પૂર્વે ના કોઇ પણ સમયમાં એની રચના થઇ એસ્વતઃ સિદ્ધ છે.

*J. S. (Patan)*

---

* બીજી સાહિત્ય-પરિષદ્‌ના વિદ્વાન પ્રમુખ શ્રી કેશવલાલભાઈ ધ્રુવના "પહેલા યુગની ભાષાને અપભ્રંશ કે પ્રાચીન ગુજરાતી નામ આપવું ઘટે છે." આ કથન પ્રમાણે.

# નવા બાલકને–

હસ બાલ સખે! નવનીત મુખે
નવ નાજુક ને મધુરા વદને
મધુ હાસ હસી
નવ રાસ રચી
શિશુ બાલ પ્રિયે! કમનીય બની !— ૧
તવ જન્મ ભયો, શુભ ઘોઘડીએ
મુજ ગૃહ ઉગ્યો રવિ હાટકનો,
કુલ તારક તું !
મુજ બાલક તું !
રસમાંજ રમી રસથી વધ તું !— ૨
પજવે, ચિહડવે, કુદી કુદી ધસે
તુજ માત તણા મૃદુ અંક વિશે
તુજ માત વદે
" અળગો—દુર રે'
" કર મસ્તી નહિં, રડવું પડશે. "— ૩
ચિહડમાં તુજને જરી માર પડે
રડવું જ તુને જરીમાંજ ગમે
તુજ માત વદે
'રડ-ના—રડ-ના
" રહી જા-રહી જા-નહિં મારૂં હવે "— ૪
રસબાલ નવા ! તુજ માત તહને
દરરોજ અને ઘડીએ ઘડીએ
સુંદરી જેમ ખણે
તુંય તેમ રડે
રસ બાલક તોય તું ત્યાંજ રમે— ૫
તુજ પ્રેમ અતિ તુજ માત વિશે;
નકી બાલકની રમતો નિરખી
પ્રીતિ માતની જે
રતિ વ્હાલ ઝરે
પ્રતિ તે શિશુ વ્હાલ કરે નહિ શું ?— ૬
ધરૂં મોદ ઘણો ! કરૂં પ્રીતિ હૃદે
નવીની અધિકાધિક નિત ઊરે.
મુજ બાલ સખા
ઉર આવ સદા
રમવા—અતિ હોંશ ગ્રહી કુદવા— ૭

તુજ ન્હાનકડું! તુજ વ્હાલ ભર્યું
તુજ અર્ધ મીચ્યું! તુજ અર્ધ લસ્યું
અણુવિકસ શું
મધુરૂં મુખડું
મુજને જ ગમ્યું! ઉરનેય રૂચ્યું—
શિશુ બાલ રમો! પ્રિય થૈજ રહો!
સુખમાંજ વસો! રસથીજ વધો!
નિજ ગૃહ વિશે
અમી નેહ દિજે!
સઉને શુભ દો! પિતુને પ્રિય હો!

મુંબઇ; ૨૭ જુલાઈ ૧૯૧૨ રમણીયરામ ગોવર્ધનરામ ત્રિપાઠી.

# विधवा बहेनने आश्वासन.

શિરનો મુકુટ આધાર પ્રાણતણો ગયો! ઉડી ગયો!
પ્રિય બ્હેન! આ તુજ દેહ જીવવો નિરસ ને નિષ્ફલ થયો.
શોકાર્દ્ર થઇ આંસું ઝરે, આ જગત્ શૂન્ય થઇ ગયું,
વ્હાલાં બિચારાં આપની સ્થિતિ જોઈ કહે "આ શું થયું?"
જે દિવ્ય નિર્મળ દેહધારી કૂલ ભૂષણ વીર હતો,
જે હૃદયબળથી સ્નેહી દીનને વિસામો આપતો,
જે અન્યનાં દુઃખે દુભાઇ દુઃખ ફેડી નાંખતો,
તે સ્થંભ સ્વર્ગે સંચર્યાથી શોક દિલમેં ચીરતો.
જન્મભર જે સાલતાં દુઃખો ઘણાં આવી પડે,
પણ ધૈર્યવાળાં વેદતાં સમભાવથી તે ના પડે,
શત લાખ આઘાતો ભલે આ હૃદય-કુંદનને ઘસે,
નહિ આર્તરૌદ્ર કુધ્યાન કરવા તેનું મન તો શોધશે.
આંસું મહીં જો જો ભલી! શું દુઃખ-ડુંગર શીખવે?
આ આત્મમંથનમાં ભર્યો કલ્યાણ-સાગર ધુઘવે,
ભાવી હતું તે તો થયું, ઘટના જુનાં કર્મો તણી,
શૃંગાર છે નહિ દીનતામાં, જા પ્રભુભક્તિભણી.
તુજ સંતતિ સંભાળજે, પ્યારાં ગણી તું પાળજે,
એ દેવનાં બાલકભણી, તું દિવ્યનયન નિહાળજે,
પરમાર્થદૃષ્ટિથી અનેરી સેવના દિલ ધારજે,
આ બંધુને તેની પ્રસાદી આપી શોક નિવારજે.
ગત તે થયો ગત તું થશે, મારી ગતિ પણ તેહવી,
તે પૂજ્ય શુભગતિમાં ગયો, આપણ બધાને શોધવી,
બાપુ! રડયે શું થઇ જશે, શ્રેયો ઘણેરાં સાધવાં,
જે કૃત્ય તેનાં, તે થકી, જાશું પ્રભુને ભેટવા.

# જૈન.

( લેખકઃ—મુનિમહારાજ શ્રી ચારિત્રવિજયજી—માંગરોલ. )

આ વિષયની શરૂઆત કરવા પહેલાં દુનિયાં અને તેની પરિસ્થિતિ તરફ લક્ષ આપીએ તો સમજાશે કે, ભિન્ન રૂચિના મનુષ્યો ભિન્નતામાં તણાતા નજરે પડે છે. એક બીજાની ભિન્નતા એક બીજાને પ્રહારક, કે ઉપહાસ્યાસ્પદ અથવા તો કલહોત્પાદક થઇ પડે છે. વિચારની વિભિન્નતા વિચાર કરતાં અટકાવે છે, આગ્રહી બનાવે છે, અને પોતા તરફ બીજાઓને ખેંચવા લલચાવે છે. ઘણીકવાર આવી પરિસ્થિતિમાં તણાતાં મનુષ્યો આગળ વધી શકતાં નથી, તત્વ નિહાળી શકતાં નથી, અને તેવો કોઇ વિદ્યાર્થિ–ઉમેદવાર નીકળે તો તેને મદીરામત્તની માફક ભાન ભૂલી, અતિચારી બની, પ્રહરવા–પરાસ્ત કરવા–છેવટ વગોવવા લોકો ધસી આવે છે; તેમજ પોતાના હૃદયપટમાંની જુની પુરાણી, જર્જરીત, નિર્માલ્ય અંધશ્રદ્ધાની દુર્ગંધને બહાર કાઢી, યથાર્થ અને સત્યસુગંધને દબાવી દે છે, લોકોને તેનો ઉપયોગ લેતાં અટકાવે છે, ભડકાવે છે, અને પોતાના જેવા દુરાગ્રહી બનાવે છે. આથી ઘણા ભાગે સત્ય છુપાયેલું રહી જાય છે. જાણતાં છતાં તેવું સત્ય પ્રકટાવવામાં ઉપલી બીના દૃષ્ટિ આગળ તરી આવે છે, અને તેથી ઘણા તત્વવેત્તાઓનું મન ઘણીકવાર નિર્બળ બને છે. આવાં કાર્યોમાં પોતાની સત્તાનું પ્રબળ ન હોય તો તેવા અધીકારીઓ, સત્તાધીશો, રાજામહારાજાઓને ઉશ્કેરી સત્યશોધકો અને સત્યપ્રકાશકોને, રાજ્યદંડ–અધિકાર-શિક્ષા કરાવી દબાવવામાં આવે છે. આ વાત ગતકાળના ઇતિવૃત્તો (ઇતિહાસો)માંથી પણ પુરવાર થાય છે. આ ટેવ **આર્યાવર્ત**માં નહિ, બલ્કે, ઘણાભાગે દરેક દેશોમાં અનુભવાયેલ છે; પણ જે કાર્ય મનુષ્યશક્તિ–મનુષ્યબળ નથી કરી શકતું, તે કાર્ય **જમાનો** કરી શકે છે. જમાનાની પ્રગતિ જો કે, બીજા સંજોગોને લઇને, ઉન્નતિના શિખર તરફ થાય છે, તો પણ આપણે કહીશું કે તેવા સંજોગોનું સેવન પણ જમાનો જ શીખવે છે. બીજીરીતે "સંજોગોથી ઉત્પન્ન થએલ એક જાતની સમષ્ટિભાવના"ને 'જમાનો' કહીએ, તો તે પણ અનુચિત અથવા અયોગ્ય નહિ ગણાય. વર્તમાન જમાનો શોધખોળનો, સત્ય સમજવાનો છે, જે વર્તમાન જમાનામાં વિચરતા મનુષ્યોનું વર્તન સિદ્ધ કરી આપે છે. એક તરફ વ્યાવહારીક—વૈદેશિક કેળવણીને લઇને, સમજ્યા પછી જ હા પાડવાની પડી ગએલ ટેવવાળા સાક્ષરોને નિહાળી, જુની આંખે જોનારા તેવાઓને ઉદ્ધત, અવિવેકી, શ્રદ્ધાહિન કહે છે; કેમકે તેઓ વગર સમજણે હાએ હા પાડતા નથી. આવા સાક્ષરોને માટે ખરી રીતે માન ધરાવવું જોઇએ. જેઓ સમજી શકે છે, અને સમજ્યા પછીજ સ્વીકાર કરે છે, તે જ સ્વીકાર જીંદગીના છેડાસુધી ટકી રહે છે. જેઓ લાજથી કે શરમથી હામાં હા મેળવી વર્તન કરે છે તેઓ પોતાના વિચારમાં મક્કમ રહી શકતા નથી, કેમકે જ્યાં પોતે પોતાના વિચાર શું છે તે ઓળખતા નથી, ત્યાં મક્કમતા શાની? અને કેમાં હોય? આવાઓ કરતાં તો શ્રદ્ધાવિનાના પણ સમજતાં **સમજી શકે,** યુક્તિપ્રયુક્તિઓ કરી શકે, શંકા સમાધાનનું સ્વરૂપ જાણી શકે, તેવા મનુષ્યો સો દરજ્જે સારા છે. જ્યારે ત્યારે પણ સમજવાનો

અધિકારી તે જ હોઈ શકે છે. સમજણ એ એક એવી અસર છે કે તેનો પટ હૃદય ઉપર જો દેવાયો તો તે પછી તે હૃદય ઉપર બીજી અસર ચોંટવા દે નહિ, અને હૃદય હૃદયવાનને પોતાને થએલી અસર મુજબ વર્તવા ફરજ પાડે છે. દુનિયામાં કોઇ પણ મનુષ્ય અંતઃકરણની ઇચ્છા વિના સ્વતંત્ર આનંદમયી પ્રવૃત્તિ કરી શકતો નથી. હૃદય વિરૂદ્ધ કોઇપણ દબાણથી જો કાંઇ કરવામાં આવે છે, તો ત્યાં આનંદ નથી, અને તેવા વર્તનને અનુભવ હૃદય વેદતો નથી, પણ ધીક્કારે છે.

ભેદો વિકલ્પને જન્મ આપે છે; વિકલ્પ વિકળતા પેદા કરે છે. વિકળતાથી ભાન ભૂલાય છે, અને તેથી મનુષ્યજીવન બગડે છે, નષ્ટપ્રાય થાય છે. અભેદ, એકત્વસંપાદક છે, અને ત્યાં વિકલ્પનો વિરામ છે. જ્યાં વિકલ્પાભાવ, ત્યાં જ જ્ઞાન છે; અને જ્યાં વિકલ્પ, ત્યાં અજ્ઞાન છે. ગમે તેટલી અપેક્ષાઓ સ્વીકારો, પણ એકબીજી અપેક્ષા, એકબીજીને મુકીને અધુરી સમજણ ગણાય છે. કહેનારાઓ પોતાના બચાવમાં, અને પોતાની ઉત્તમતાનો ઉલ્લેખ કરતાં વદે છે-લખે છે કે, "અમો આ અપેક્ષાએ આ વાત સ્વીકારીએ છીએ. તમો જે અપેક્ષાએ તમારી માન્યતામાં મગરૂર છો, તે અપેક્ષા અમારે માન્ય નથી. તમારી અપેક્ષા કરતાં અમારી અપેક્ષા શ્રેષ્ઠતમ છે." આવી રીતે સાપેક્ષશિરોમણી બનીને એકબીજાની અપેક્ષાથી જુદા પડતા, અને એકબીજાની અપેક્ષાને-માન્યતાને પ્રહરતા જ્યાં નજરે પડે છે, ત્યાં તેઓ અપેક્ષાની માન્યતામાં છેતરાયા છે, અને છેતરાય છે. **અપેક્ષાનો અર્થ એવો નથી કે એકબીજાએ એકબીજાથી જુદા પડવું. પણ અપેક્ષા, એ શીખવે છે કે એક બીજાની બોલવાની કે સમજવાની મતલબ દેખાવમાં-વર્તનમાં એકબીજાથી જુદી હોવા છતાં એક જ લક્ષ્યને લક્ષીને વર્તવું.** આ સમજણ સાપેક્ષતા સિદ્ધ કરે છે, પણ ઉપર લખી ગયેલી અપેક્ષામાં સાપેક્ષતા નથી, પણ શત્રુતા છે, જેને લઇને તેવાઓની સમજણ કે માન્યતા "આ સાપેક્ષ છે" એમ કહેવું એ મૃષાવાદનું સેવન કરવા જેવું છે. **આનંદઘનજી** મહાત્મા **અનન્તનાથજીના** સ્તવનમાં કહી ગયા છે કેઃ—

> વચન **નિરપેક્ષ,** વ્યવહાર **જુઠો** કહ્યો,
> વચન **સાપેક્ષ,** વ્યવહાર **સાચો.**

જ્યાં વચનમાં અપેક્ષા છે ત્યાં વિચારમાં અપેક્ષા હોવી જોઇએ. વિચારાપેક્ષા વર્તનમાં રહેવીજ જોઇએ. જ્યાં આવો સમૂહ હોય ત્યાં સમૂહો છતાં ભેદ નથી, અને સમૂહ છતાં જ્યાં ભેદ છે—વિવાદ છે, ત્યાં વચનસાપેક્ષતા-વિચારસાપેક્ષતા-વર્તનસાપેક્ષતા નથી; ભલેને પછી પોતાના મનને ફોસલાવવા તેવાઓ તેમ માને. વસ્તુતઃ તેમનું વર્તનજ તેમની માન્યતાનું ખંડન કરે છે.

જુદીજુદી જાતના ખાતાઓની બનેલી ખાતાવહીનાં સરવૈયાં ખોટા નફાનાં ગમે તેવાં હોય, પણ દરેક સરવૈયાનો આધાર ઉપજખાતાના એક સરવાળા ઉપર રહે છે, અને તે સરવાળાના પરીણામે જ ખોટ અગર લાભની સમજણ સ્વીકારાય છે. ભિન્નભિન સ્વભાવની અને સ્વાદની વનસ્પતિઓને એકત્ર કરી વૈદ્ય ગુટિકા બનાવે છે, તે ગુટિકાનો અમુકરોગપ્રતિઘાતક એક સ્વભાવ બને છે. તેમજ તીખી, કડુક, મધુર, આમ્લ વગેરે ભિન્ન રસોથી બનેલી રસવતી, એક નૂતન સ્વાદને અર્પે છે. આવાં અનેક દૃષ્ટાંતોથી એમ પણ

માનવાને સબળ કારણ મળે છે કે, ભિન્નતાને જો સુસ્થાને યોજવામાં યોજક પોતાની કુશળતાનો સદુપયોગ કરે, તો ત્યાં ભિન્નતા ટળી, ઐક્યતા આવી મળે છે અને તે હિતાવહ થઇ પડે છે. તેમ વિધિનિષેધના તેમજ ભિન્નાપેક્ષાદર્શક શાસ્ત્રો સ્થૂળ દૃષ્ટિથી અથવા તો બદ્ધ દૃષ્ટિથી ઉપલક ઉપલક, વાંચતાં, જે શાસ્ત્રોમાં એકબીજાથી વિરોધ નજરે ભાસતો હોય, તેજ શાસ્ત્રોને વિશાળ દૃષ્ટિથી વાંચનાર એકબીજા શાસ્ત્રોની સાંકળના મંકોડા, જે છુટા છુટા રહેલા, તેને એકબીજા મંકોડા સાથે, જો પોતાના બુદ્ધિકૌશલ્યના સદુપયોગથી યોજે, તો ભિન્નભિન્ન શાસ્ત્રોની એક સાંકળ બની જાય. ભિન્નતામાંથી અભિન્નતા શોધી કાઢવી, અથવા તો ભિન્નતા, એ અભિન્નતાને સિદ્ધ કરનાર એક ઉત્તમ સાધન છે, એમ સમજાય, તો ભિન્નતા ટળી અભિન્નતા સર્વત્ર પ્રસરી રહે, એ નિઃસંદેહ છે. શાસ્ત્રો વિરોધી નથી, શાસ્ત્રમાં વિરોધ નથી, પણ જો વિરોધ હોય તો તે માત્ર દૃષ્ટિનો છે. સત્યને સત્ય તરીકે, અસત્યને અસત્ય તરીકે, આગ્રહી લખાણને આગ્રહી લખાણ તરીકે, નિરપેક્ષ એકાન્તને તે રૂપે, સાપેક્ષ અનેકાન્તને તથાપ્રકારે જો સમજવામાં આવે અને શોધી કાઢવામાં આવે તો, દરેક શાસ્ત્રોમાંથી દરેક શાસ્ત્રો વાંચતાં હેય, ઉપાદેય, અને જ્ઞેય એ ત્રિપુટીને ઉપયોગમાં લઇ વર્તતાં, કોઈ પણ વાંચકને કોઇપણ શાસ્ત્ર અહિતકર્ત્તા હોય એમ લાગતું નથી. વિદ્વાનોને માટે ખરી રીતે અમુક ધર્મ એ "અમારો ધર્મ છે" એમ કહેવા કરતાં "અમારી શોધખોળના પરિણામે અમારા વિચારો તેજ અમારો ધર્મ છે" એ માનવું વધારે શોભાસ્પદ છે. આ લેખના પ્રારંભમાં આટલી લાંબી પ્રસ્તાવના કરવાનો હેતુ માત્ર વધી ગએલી ભેદબુદ્ધિ જ છે, અને વર્તમાન કાળના કેટલાએક અનનુકરણીય પ્રસંગો છે.

પૂર્વ કાળમાં એક એવો ઉત્તમ પ્રવાહ પ્રચલિત હતો કે જે કાળમાં ગમે તે વિદ્વાન, ગમે તે સિદ્ધાંત અથવા પોતાના વિચારોને પુસ્તકદ્વારા અગર વચનદ્વારા જાહેર કરે, તો, તે જો સંપ્રદાય વિરૂદ્ધ, ધર્મ વિરૂદ્ધ, શાસ્ત્ર વિરૂદ્ધ હોય, એમ બીજા વિદ્વાનોને ખાત્રી થાય તો તેને માટે બે પ્રકારના માર્ગો સ્વીકારાતા હતા. એક તો લોકોની જાણ માટે તેવા વિચારોને શાસ્ત્રાધારે, સપ્રમાણ યુક્તિપુરઃસર ખંડન કરી અને સત્ય શું છે તે દર્શાવતા હતા. બીજો માર્ગ એ હતો કે વિદ્વાનોની સભા કરી, અધ્યક્ષ નીમી, સામાસામા પોતપોતાના કથનને સિદ્ધ કરવા, સપ્રમાણ વિવાદ કરતા હતા, અને તેને અંતે નિર્ણય થાય, તે સત્ય મનાતો હતો. હાલમાં આ બન્ને માર્ગના આદર કરવામાં પ્રાયશઃ મંદતા જોવામાં આવે છે. એક વાર ધારો કે અમુક સંપ્રદાયની અથવા અમુક વ્યક્તિઓની સાચી ભૂલ હોય, તેમનું કથન શાસ્ત્રવિરૂદ્ધ હોય, તોપણ તેને અમુક ગાલિપ્રદાન આપી, નિરક્ષરોના સમૂહોને ઉશ્કેરી, અગર સમજાવી સાંપ્રદાયિક શિક્ષા કરાવવા, પ્રયત્ન સેવવો, તે ઉચિત નથી; કેમકે, તેને લઇને કેટલાએક વિદ્વાનો—તટસ્થો શંકાશીળ રહે છે, અને સત્ય જાહેરમાં આવતું નથી, તેમજ નિર્ણય થતો નથી. આવા પ્રવાહમાં કેટલાએકો પોતાના દ્વેષની સફલતા કરવા માટે યથાર્થ લેખકો અને સત્યવકતાઓને દબાવવા માટે પોતાની પ્રપંચજાળમાં નિરક્ષરોને ફસાવી, ફોસલાવી, અયોગ્ય ચર્ચા ઉભી કરે, અને તેથી સત્યને સત્યનો ન્યાય ન મળી શકે, અને અસત્યનો પ્રવાદ વિસ્તારને પામે, એ સંભવિત છે. આવી પ્રવૃત્તિમાં સત્યાંશ હો, અથવા અસત્યાંશ હો, પણ તે પ્રવૃત્તિના પ્રવર્તકોમાં નિઃસત્ત્વપણું છે એમ સિદ્ધ થાય છે. આવા વર્તમાન કાળનું વહન અમુક અંશે દૃષ્ટિપથ પડે છે. બીજી તરફ પ્રમાણ કસો-

ટીએ કસાયેલી વાર્તા માત્ર સ્વીકારવી, એ પ્રઘોષ આધુનિક વિદ્વાનો તરફથી થઈ રહ્યો છે. આવા દ્વિધાવર્તનવાળા જમાનામાં સત્ય બતાવવા પહેલાં કેટલુંક લખવાની આવશ્યકતા આ લેખકે સ્વીકારી છે, અને તેને અંગે જ શરૂઆતમાં કેટલુંક લખવું પડયું છે.

મૂળ વિષય જૈન છે, જે શબ્દ નિરૂપાધિક અવિશિષ્ટ છે. જ્યાં અગર જેમાં આવું જૈનત્વ હોય, તે પવિત્રાત્માનું અંતઃકરણ પણ નિરૂપાધિક અને અવિશિષ્ટ હોવું જોઇએ. એવા જૈનને જ **જૈન** તરીકે કહેવો એ સર્વથા ઉચિત છે. હાલમાં કેટલેક અંશે, તેથી વિપરીત જોવામાં આવે છે. અમો **જૈન** છઇએ એમ કોઇ વ્યક્તિ તરફથી કહેવામાં આવે, ત્યાં તરતજ શ્રોતા તરફથી પ્રશ્ન ઉભો થાય છે કે, તમો **કેવા** જૈન છો ? ત્યાં ઉત્તરમાં ઉપાધિ–વિશેષણનું પુંછડું વળગાડી પોતે પોતાને ઓળખાવવા તૈયાર થાય છે કે, અમો અમુક જાતના જૈન છઇએ. આ સાધારણ દીલગીરીનો વિષય નથી ? જૈન બનવું, જૈન તરીકે પોતાને ઓળખાવવું, અને બીજા જૈનોથી જુદા પડવું, કે **તે** જૈન અમો નથી, તે કેવી વાત ? **જૈન** શબ્દનો અર્થ એટલોજ થાય છે કે, **"જિન--રાગદ્વેષ વિજેતાનો માર્ગ સ્વીકારનાર"** તે **જૈન**. જેના માર્ગમાં રાગદ્વેષ જીતવાનો જ મુખ્ય ઉદ્દેશ છે, અને જે માર્ગને સ્વીકારનારાઓમાં રાગદ્વેષની મંદતા જ ઉપલબ્ધ થવી જોઇએ, તેમાં જો તેની જ વૃદ્ધિ નિહાળવામાં આવે, એકબીજા એકબીજાઓથી ભિન્ન બની, એકબીજાઓને પોતાના પ્રતિપક્ષિ તરીકે ગણે, તો તેવાઓને **નિરૂપાધિક** જૈન શબ્દ લાગુ થઇ શકતો નથી. જ્યાં ઉપાધિ છે, ત્યાં રાગદ્વેષ છે; જ્યાં રાગદ્વેષ છે ત્યાં સંસારવૃદ્ધિ છે; અને જ્યાં સંસારવર્ધકતા રહેલી છે ત્યાં **ખરૂં** જૈનત્વ ક્યાંથી હોઇ શકે ?

**જૈન** એ શબ્દ, 'ધર્મ'નું વિશેષણ છે. એટલે જૈન ધર્મ એવા અર્થનો, **'જૈન'** શબ્દ બોધ કરે છે. ધર્મ એ કોઇપણ વિભાવિક વસ્તુ નથી. પણ આંહી **જૈનધર્મ** એ શબ્દથી **આત્મિક ધર્મ** સમજવાનો છે. જેટલે અંશે રાગદ્વેષ વિનિવૃત્તિ, તેટલે અંશે મોહનો નાશ, અને મોહ સાથે તથાપ્રકારના અજ્ઞાનનો નાશ અને જ્ઞાનનો પ્રકાશ થાય છે, જે પ્રકાશ આત્માનો ધર્મ છે. તેવા ધર્મને જે પ્રકટાવે અથવા તેવો ધર્મ જે પ્રાપ્ત કરે, તેજ **જૈન** કહી શકાય. તેને માટે **તીર્થંકરોએ આત્મગુણની સ્થિતિના પ્રકાશક્રમ માટે** ચૌદ સ્થાનક કહેલાં છે. જે સ્થાનકોને, 'ગુણસ્થાનક'ના નામથી ઓળખાવેલ છે; તેવાં ગુણસ્થાનકોને ક્રમશઃ પ્રાપ્ત કરવાં અને આગળ વધતા જવું તેને **" ગુણસ્થાન ક્રમારોહણ "** કહેવામાં આવે છે. જૈનપણાની શરૂઆત ચતુર્થ ગુણસ્થાનકથી થાય છે; કેમકે ગુણસ્થાન ચૌદ છે, જેનાં નામ નીચે મુજબ છેઃ—

(૧) મિથ્યાત્વ ગુણસ્થાનક (૨) સાસ્વાદન ગુણસ્થાનક (૩) મિશ્રગુણસ્થાનક (૪) અવિરતિ સમ્યક્દૃષ્ટિ ગુણસ્થાનક (૫) દેશવિરતિ ગુણસ્થાનક (૬) પ્રમત્ત સંયત ગુણસ્થાનક (૭) અપ્રમત્ત બાદર (૮) અપૂર્વકરણ ગુણસ્થાનક (૯) અનિવૃત્ત બાદર ગુણસ્થાનક (૧૦) સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક (૧૧) ઉપશાંતમોહ ગુણસ્થાનક (૧૨) ક્ષીણમોહ ગુણસ્થાનક (૧૩) સયોગીકેવલી ગુણસ્થાનક (૧૪) અયોગીકેવલી ગુણસ્થાનક.

ગુણસ્થાનકની સ્થિતિનો આધાર જૈનોએ માનેલાં આઠ કર્મ અને તેના ભેદોનો ઉદય, સત્તા, તથા ઉપશમ, ક્ષયોપશમ, અને ક્ષાયક ભાવો ઉપર રહે છે, જેનું અવિસ્તર વર્ણન

કરવાનું આ સ્થળ નથી, કેમકે તેમ કરતાં લેખગૌરવનો ભય રહે છે. માત્ર આંહી **જૈન** એજ હકીકત સમજાવવાની છે; તોપણ સામાન્યતઃ કેટલાંએક ગુણસ્થાનકની સ્થિતિનું દિગ્દર્શન અર્થ માત્રથી કરાવીએ છીએ.

**મિથ્યાત્વ**—વસ્તુસ્થિતિના યથાર્થ જ્ઞાનના અભાવને લઇને જે અયથાર્થ શ્રદ્ધાન તેને મિથ્યાત્વ કહેવામાં આવે છે; કેમકે યથાર્થપણાની શ્રદ્ધા તથા જ્ઞાન એ જ આત્માનો ગુણ છે, પણ તે ગુણ મિથ્યાત્વમોહની નામે કર્મના આચ્છાદનથી વિભાવ દશાને પામી ગએલો, જેથી અયથાર્થતાને ભજે છે. પણ તે વિભાવિક પણ આત્મિક ગુણ છે, તેથી તેને ગુણસ્થાનક કહેવામાં આવે છે.

આત્મા સાથે વળગેલા કર્મપરમાણુઓ ઉદયમાં હોય છે, તેને **ઉદયિકભાવ** કહેવામાં આવે છે, અને તે જ કર્મપુદ્ગલો ઉદયમાં હોય તેટલા ક્ષય થઇ જાય, ખરી જાય, અને સત્તામાં રહેલાં કર્મપુદ્ગલો ઉદયમમાં ન આવે તેવી સ્થિતિને **ઔપશમિકભાવ** કહેવાય છે; અને ઉદયમાં આવેલાં કર્મપરમાણુઓના રસનો ક્ષયઃથઇ જવાથી, શુદ્ધ નિર્મળ કર્મપરમાણુઓ આત્માથી જુદા પડેલા ન હોય, એટલે આત્મા સાથે રહ્યા હોય તે નિર્મળ કર્મપરમાણુ દ્વારા આત્મશક્તિનો આવિર્ભાવ થએલો હોય, તેવી સ્થિતિને **ક્ષાયોપશમિકભાવ** કહેવામાં આવે છે; અને ઉદયમમાં આવેલાં અમુક જાતનાં કર્મો સદંતર નાશ પામી જાય, અને ફરીથી તેવાં કર્મપરમાણુઓને આવવાપણું ન રહે, તેવી દશાને **ક્ષાયકભાવ** કહેછે. આ ત્રણ પ્રકાર અમુક કર્મો અથવા અમુક કર્મોના ભેદોના સંબંધમાં હોઇ શકે છે. ઉપર બતાવેલા ઔપશમિકભાવ બે સ્થિતિએ હોઈ શકે છે; એક તો અંતરમુહુર્તકાળ સુધી સર્વથા મિથ્યાત્વના અવેદક જીવને ઔપશમિક સમ્યકત્વ થાય છે તે, અને બીજો ઉપશમશ્રેણીપ્રતિપન્ન જીવને મિથ્યાત્વનો ઉપશમ થતાં સ્વશ્રેણીગત ઔપશમિક સમ્યકત્વ થાય છે. આ બન્ને પ્રકારનું ઉપશમસમ્યકત્વ એ બીજા ગુણસ્થાનક **સાસ્વાદન**ની ઉત્પત્તિમાં મૂળ કારણ છે. હવે જ્યારે શાન્ત થએલાં મિથ્યાત્વ કર્મપુદ્ગલો, ક્રોધ, માન, માયા લોભ એ ચારમાંથી એક પણ જ્યારે ઉદયમાં આવી જાયછે, ત્યારે ઔપશમિક રૂપ ગિરિશિખરથી પડતાં મિથ્યાત્વ રૂપ ભૂતળને પ્રાપ્ત થતાં, પહેલાં એક સમયથી લઇને છ આવલિકા કાળ સુધી જીવ, જે હદે અટકે છે, તેને **સાસ્વાદન** ગુણસ્થાનક કહેવામાં આવે છે. જેમ એક માણસે દુધપાક અગર બાસુદીનું ભોજન કરેલ હોય અને તેને પાછી ઉલટી થઈ જાય તે વખતે મુખમાં ફરીથી જમેલા ભોજનનો સ્વાદ આવે છે, તેની માફક પતિત જીવને પૂર્વકાળમાં અનુભવેલ ઔપશમિક શાન્તિનો આસ્વાદ માત્ર રહી જાય છે, તે કારણથી તેને **સાસ્વાદન** કહેવામાં આવે છે.

**મિશ્રગુણસ્થાનક**—જે જીવ સમકાળે મિથ્યાત્વ, સમ્યકત્વ બન્નેના એકત્ર મળવાથી મિશ્રભાવમાં વર્તે છે, તે જીવ મિશ્રગુણસ્થાનકસ્થ કહેવાય છે. મિશ્રપણું જે છે તે બન્નેના મેળાપનું એક જાત્યંતરરૂપ છે. જેમ ગર્ધવ અને અશ્વ બન્નેથી ઉત્પન્ન થએલ ખચ્ચર ત્રીજી જાતી કહેવાય છે, તેમજ દહીં અને ખાંડ મળવાથી શ્રીખંડનો એક વિલક્ષણ સ્વાદ થઇ જાય છે, જેને ખાટું પણ કહી ન શકાય, તેમ મીઠું પણ કહી ન શકાય; આવી દશા મિશ્રગુણસ્થાનકવર્તિ જીવની હોય છે. તે સત્ય—અસત્ય, યોગ્ય—અયોગ્યની તુલના કરતા નથી, કરવાની ઇચ્છા થતી નથી, સર્વને માને—સ્વીકારે, એટલે કે દરેક ધર્મોનાં તત્વો, દરેક

ધર્મોની ક્રિયાઓ, એકબીજાથી વિભિન્ન છતાં સર્વને માન આપે, જેને વર્તમાનકાળમાં લોકો 'પંચપીરીયા'ના નામથી બોલાવે છે.

**ચતુર્થ ગુણસ્થાનક**—ચતુર્થ ગુણસ્થાનકવર્તિ જીવની, ઉપર લખવામાં આવેલ છે તે પ્રમાણે ઉપશમ સમ્યકત્વ, ક્ષયોપશમ સમ્યકત્વ અને ક્ષાયક સમ્યકત્વ, એ ત્રણ પ્રકારનાં સમ્યકત્વવાળી સ્થિતિ ચતુર્થગુણસ્થાનકમાં હોય છે. આંહી ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયક એ ત્રણે ભાવ મિથ્યાત્વમોહની કર્મ અને તેના ભેદો સંબંધી સમજવાનું છે. ઉપશમ ઇત્વરકાળિક અને ક્ષયોપશમ અને ક્ષાયિક દીર્ઘકાળિક છે. **આ ગુણસ્થાનકથી જૈનત્વ પ્રકટે છે.** મિથ્યાત્વ મલના અસદ્ભાવે, આત્મિક શક્તિ નિર્મળ હોઇ યથાર્થ જ્ઞાન વડે કરી વસ્તુસ્થિતિના સ્વરૂપને સમજી શકે છે. સમ્યક્ દ્દષ્ટિએ જ અર્થ સૂચવે છે કે, યથાર્થ દ્દષ્ટિ. જે વસ્તુ, જે જીવ, જે જીવની ક્રિયા અથવાતો જે કર્મના ઉદયથી સુખ, લાભ, હાનિનું થવું, વગેરે અમુક અમુક કર્મના સદ્ભાવને લઇને છે એમ જ્યારે સમ્યક્દ્દષ્ટિપણાને લઇને સમજાય છે, ત્યારે તે જીવ, ત્યાં નિમિત્તકારના ઉપર રાગ દ્વેષ કરતો નથી. દાખલા તરીકે એક માણસે ગાળ દીધી, બીજાએ સ્તુતિ કરી, એક માણસ હણવા તૈયાર થયો, બીજાએ રક્ષણ કર્યું. એકે ઘરમાંથી ચોરી કરી, બીજાએ તે ચોરીનું ધન મેળવી પાછું સોંપ્યું. એવીજ રીતે સંયોગવિયોગ વગેરે જે જે નિમિત્તોથી થતા હોય, તે નિમિત્તો તેમાં કારણભૂત છે, એમ ન માનતાં; આ બધોએ કર્મપ્રવાદ છે; જો મારાં તથાપ્રકારનાં કર્મો ન હોય તો આવા જીવોને જુદી જુદી રીતે જુદું જુદું કરવાનું મારા માટે મન શાનું થાય? એમને તેમ કરવાની જે પ્રેરણા થઇ, અથવા એમનામાં જે ઇચ્છા થઇ, તેમાં મારાં શુભ અશુભ કર્મ મૂળકારણરૂપ છે, તો પછી આ નિમિત્ત કારણો ઉપર મારે રાગ કરવો, અગર દ્વેષ કરવો તે નકામો છે, કારણ કે તેઓ જેનાથી કરે છે; તે મારાં કર્મો છે. રાગ દ્વેષ કરૂં અગર તેવાં કર્મોથી દુર થવા પ્રયત્ન કરૂં, અગર શુભકર્મ ઉપાર્જવા પ્રયત્ન સેવું એ બધું મારૂં, મારા માટે, મારાથીજ થતું, અને થવાનું કર્તવ્ય છે. આવી સ્થિતિમાં સમ્યક દ્દષ્ટિ જીવ વર્તતો હોવાથી, રાગદ્વેષને મંદ કરે છે, તેથીજ તે ખરો **જૈન** કહેવાય છે.

જેઓ **જૈન**પણાનું અભિમાન ધરાવતા છતાં એકબીજા ઉપર વેરવિરોધ ઉભા કરે છે અને રાખે છે, અમુક વ્યક્તિએ મારૂં આ બધુંએ બગાડયું માટે તે મારો કટ્ટો શત્રુ છે, આણે મારૂં ભલું કર્યું તે મારો મિત્ર છે; દ્રવ્યની પ્રાપ્તિથી અને પુત્રના જન્મથી પરમાનંદ માનવો, અને તેમ તે બન્નેના જવાથી પોક મુકવી, દીલગીર થયવું, હાયપીટ કર, વૈરી સાથે વેર લેવાં, પ્રાણાંત સુધી પ્રયત્નો યોજવા, અને જો પોતાનું ચાલી શકે તો તેને દુનિયાંપાર કરતાં મનમાં આંચકો ન ખાવો, ધર્મના નામથી ઝઘડા ઉભા કરવા અને તે નિમિત્તે હજારો રૂપીયાનો લડાઇઓમાં ધુમાડો કરવો, એ વગેરે મલિન ધીક્કારવા લાયક પ્રવૃત્તિ સેવવી અને 'અમો **જૈન** છઇએ' એમ દુનીયામાં છાતી ઠોકીને પોતાને ઓળખાવવું, એ શરમાવા જેવું નહિં તો બીજું શું? વર્તમાનકાળમાં એટલા સુધી અનુભવ પુરૂષો અનુભવી શક્યા છે કે, કેટલાએક મિથ્યાભિમાનીઓના માનની ક્ષતિ કોઇ વ્યક્તિ તરફથી કે સમુદાય તરફથી સકારણ કરવામાં આવી હશે, તો તેનું વેર લેવા, સામાજીક, ધાર્મિક કાર્યની ક્ષતિના ભોગે પણ, પોતાની વાત કેમ રાખવી, એજ કરવામાં જેમનું જીવન પુરૂં થતું જોવાય છે, તેવાઓ પોતાને માત્ર જૈનના નામથી ન ચલાવી લેતાં,

જૈનોના અને જૈન શાસનના **તેના** બની બેસે છે, અને અમારા ઉપર જૈન શાસનનો આધાર છે, અમો જૈન શાસનના સ્થંભ છીએ, એમ પોતે પોતામાં માની લે છે, અને હાજીઆઓ તેમને તે વિષયમાં અગ્રગણ્ય ગણવા તૈયાર થાય છે. આ દરેક જૈનો નથી પણ ખુલ્લેખુલ્લી રીતે કહેવું જોઈશે કે, તેઓ **જૈનાભાસો** છે. જો કે સમ્યક્ દ્રષ્ટિ જૈન પ્રમાદ યોગે કદાચિત્ કષાયવશ બની ભૂલ કરે છે, પણ તે તરતજ પોતે પોતાથી અથવા બીજાથી જ્યારે પોતાની ભૂલને ભૂલ તરીકે સમજે કે તરત તે સંબંધમાં પશ્ચાતાપ સાથે "મિથ્યા દુષ્કૃત" દઇ પોતાની ભુલથી પોતે શુદ્ધ થાય છે, જે **મિથ્યા દુષ્કૃત**, વર્તમાનકાલિય જૈનોએ એક સાધારણ ઉપહાસ્ય રૂપે બનાવી દીધું છે. વ્યવહાર અથવા પરંપરાથી ચાલી આવેલી પ્રણાલિકા સાચવવા, **મિથ્યા દુષ્કૃત** એક બીજાને દેશે, છતાં હૃદયગત કલુષતાને વિસ્મરી જશે નહિ. બીજે દિવસે, બલ્કે, તેજ દિવસે તે દોષને ક્રિયામાં મુકતાં અટકશે નહિ. આવા જૈનો ખરી રીતે જૈન શબ્દને અને પવિત્ર વીતરાગના માર્ગને લાંછન લગાડનારા છે, એટલું જ નહિ, પણ બીજી રીતે કહીએ, તો વગોવનારા છે, અન્યની દ્રષ્ટિમાં ઉચ્ચમાં ઉચ્ચ જૈન ધર્મને હલકો પાડનારા છે. આવા જૈનોથી જૈનપણું જળવાય છે, એમ કહેવા કરતાં, જૈનપણાનો વિલોપ થાય છે, એમ કહેવું વધારે સારૂં છે. અનેક ફીરકાઓ અને અનેક ભેદો જૈન નામથી જે જન્મ પામ્યા હોય, તો તે આવા જૈનોનેજ આભારી છે. જ્યાં ખરૂં જૈનત્વ છે, જેઓ ખરા જૈનો છે, એટલે કે જેઓની સમ્યક્ દ્રષ્ટિ છે, ત્યાં ફીરકા કે ભેદ, એ શબ્દની ગંધજ ન હોય, એ સ્વાભાવિક છે. આવું જૈનપણું જે છે, તે આત્મિક ગુણ છે, અને તેવો આત્મિક ગુણ જે આત્મામાં પ્રકાશ પામ્યો હોય, તેનુંજ વર્તન યથાર્થ અને ઉચ્ચ પ્રકારનું, અંશે અથવા સર્વથા હોઇ શકે છે. જેટલે અંશે પોતે પોતાનું વર્તન ઉચ્ચ સ્થિતિમાં રાખી શકતા નથી, તેટલે અંશે તેવા પોતાના અસદ્ વર્તનને નિન્દે છે, ધીક્કારે છે, અસત્ માને છે, અને તેના ત્યાગને માટે ભાવના ભાવે છે. સર્વથા સદ્‌વર્તન સેવનારાઓ અપ્રમત્ત રહેવા આતુર—જાગૃત રહેવા પ્રયત્નશીલ રહે છે, અને તેથી જ અંશસદ્‌વર્તનની સ્થિતિ, પંચમગુણસ્થાનકવર્તિ જીવને હોઇ શકે છે અને સર્વથા સદ્‌વર્તનવાળા જીવની સ્થિતિ છઠ્ઠા ગુણસ્થાનકમાં હોઈ શકે છે. એટલે છઠ્ઠું સાતમું ગુણસ્થાનક એક જીવને કહી શકાય છે. આ ઉપરથી સ્ફુટ કરી સમજાવવાનું કે, જેઓ શ્રાવકનાં દ્વાદશ વ્રતને પાલનારા સામાયિક, પ્રક્રિતમણ, જીનપૂજા, તીર્થયાત્રા વગેરે સુકૃતોને સેવનાર હોય તે પંચમ ગુણસ્થાનકવર્તિ કહેવાય, અને જેઓ સર્વથા સંસારત્યાગી, **નિર્વેદ્ય** માર્ગમાં વર્તનારા પરમયોગી મુનિવરો હોય છે તે છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનકવર્તિ કહેવાય છે.

પાંચમા, છઠ્ઠા, અને સાતમા ગુણસ્થાનક સુધી પહોંચવું, તે જેણે ચતુર્થ સ્થાનક **સિદ્ધ કરેલ હોય** તેજ પહોંચી શકે છે, અને તેથીજ દરેક સ્થળે જ્ઞાની પુરૂષોએ ભાર મુકીને સમ્યક્ત્વની પ્રાધાન્યતા લખેલ છે. તત્વાર્થમાં શરૂઆતનું સૂત્ર છે કે, **સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ** આંહી પણ સમ્યગ્ દર્શન અને સમ્યગ્ દ્રષ્ટિપણું, પ્રથમ સ્વીકારેલું છે, અને જે સમ્યગ્ દ્રષ્ટિ હોય તેનુંજ જ્ઞાન સમ્યગ્ જ્ઞાન હોઈ શકે છે; સમ્યગ્ જ્ઞાનીનુંજ ચારિત્ર—વર્તન યથાર્થ બની શકે છે, તેથી ઉપરોક્ત સૂત્ર સુષ્ઠુ કથેલ છે. અન્યત્ર **"સમ્યક્ત્વ વિનાની ક્રિયા તે આંક વિનાનાં મિંડાં છે" તેમજ "સમકિત વિણ**

**ચારિત્ર નહિ.**" **ज्ञानक्रियाभ्यां मोक्षः** એ કારિકા પણ સમ્યકત્વનેજ અગ્રપદ આપે છે; કેમકે આપણે લખી ગયા છઇએ કે, "**સમ્યકત્વવિના સમ્યક્જ્ઞાન હોઇ શકે નહિ.**" જે જ્ઞાન ક્રિયાથી મોક્ષ કહેવામાં આવ્યો તે જ્ઞાન સમ્યકત્વ પછીનુંજ ગ્રહણ કરવાનું છે, અને તેવાં જ્ઞાન, ક્રિયા મોક્ષસાધક નીવડે તો તે વાસ્તવિક છે. વસ્તુતઃ ખુલ્લી રીતે, અનેક શાસ્ત્રવલોકનને અંતે, અને વિચારપરિણામને અંતે, એ સિદ્ધ થાય છે કે, યથાર્થ **દૃષ્ટિ પહેલી હોવી જોઇએ.** યથાર્થ દૃષ્ટિના પાયા ઉપરજ તે પછીનાં ગુણસ્થાનકોની ઇમારતનું ચણતર રચાયેલું છે, અને તપ, જપ, ક્રિયા, અનુષ્ઠાન વગેરેની સફલતા પણ સમ્યકત્વપ્રાપ્તિ અનંતરજ હોઈ શકે છે. સકામ નિર્જરા એટલે મોક્ષની અનુકૂળ, ઉપયોગ સહિત, કર્મ નિર્જરા સમ્યકૃત્વવાન્‌ની ક્રિયામાંજ રહેલ છે. સિવાય, જ્યાંસુધી સમ્યકત્વ રત્ન પ્રાપ્ત થયું નથી, ત્યાં સુધીની ધાર્મિક પ્રવૃત્તિ એ માત્ર કાયકલેશ વગેરે લાભ આપનાર છે, અને અકામ નિર્જરા તેનાથી થાય છે, અને તેવા જૈનો ખરા જૈનો તરીકે સર્વજ્ઞની દૃષ્ટિએ કહી શકાય નહિ. ખરા જૈનોમાં બાહ્યાડંબર ઓછો હોય, કેમકે તેઓ આત્મહિત તરફ પોતાનું લક્ષ વિશેષ રાખે છે, અને અભિમાનાદિકને અંતઃકરણથી ધિક્કારે છે; જ્યારે નામના જૈનોમાં બાહ્યાડંબરને વિશેષ માન અપાય છે. માનાકાંક્ષિપણું પણ તેવાઓમાં ઉગ્ર હોય છે, અને તેવાઓને પોતાના માનની ક્ષતિમાં ઘણું લાગી આવે છે, જેથી કૃત્ય-અકૃત્ય, ધર્માધર્મ, પાપપુન્ય, નિરપેક્ષ બની પોતાના માનને ખાતર ગમે તે કરવા તૈયાર થાય છે. આવા જૈનો, જૈનો નથી પણ સંસારપરિભ્રમણને લાયક પામર પ્રાણી છે. પછી તે શ્રાવક નામધારી કે સાધુ નામધારી કે ગમે તે હો, પણ સમ્યકૃત્વનો અભાવ અથવા સમ્યકત્વની ખામી મારામાં છે, એવા વિચારથી પોતાનું હૃદય પારખ્યું નથી, પોતાની સ્થિતિ ઓળખી નથી, તેવાઓ બાહ્ય પ્રવૃત્તિથી પોતામાં સાધુ શ્રાવકપણાની પૂર્ણતા માની આગળ વધતા અટકે છે. અધુરાથી મનાઈ ગએલી પૂર્ણતા અધુરાપણા માટે છે. હાલમાં સભાઓથી, મંડળોથી, મંડળીઓથી, અને સંસ્થાઓથી થતા સુધારા જૈનધર્મની ઉન્નતિનાં કારણો છે, એમ માનવામાં આવે છે તે, ભલે બાહ્ય વ્યવહારની અમર્યાદામાંથી મર્યાદામાં લાવવા સમર્થ થાય, પણ જૈનત્વ તો કર્મમળને (મિથ્યાત્વને) દૂર કર્યા વિના, નવ તત્વનું યથાર્થ સ્વરૂપ સમજ્યા વિના, અને તેમાં યથાર્થ શ્રદ્ધા થયા વિના, આવવાનું નથી. નવ તત્વને અંતેજ લખ્યું છે કે, **जीवाइ नव पयथ्थे, सोजाणइतस्स होइसम्मत्तं** એટલે જીવાદિક નવ પદાર્થને જે જાણે, તેને સમ્યકત્વવાન કહેવા, એટલે નવ તત્વની ગાથાઓ મુખ પાઠ કરવી, તેના અર્થ ભણી જઈ, અમો નવતત્વ શીખ્યા છીએ, એમ માનવું અગર બોલવું, તે જ્યાંસુધી તે નવ તત્વથી થએલું જ્ઞાન પોતામાં જોવાપણું નથી, એટલે હું જીવ છું, આ અજીવ છે, આ પાપ છે, આ પુન્ય છે, આ બંધ છે, આ આશ્રવ છે વગેરે પોતામાં નવ તત્વમાંથી કયાં કયાં ઉપલબ્ધ છે, પોતે કઈ પરિસીમામાં વર્તે છે, એવો ખ્યાલ નથી, એવું મનન નથી ત્યાંસુધી નવ તત્વનું જે જ્ઞાન છે, તે **ચંદન ભારવાહી ગર્ધવવત્** છે. શાસ્ત્રોમાં સ્થળે સ્થળે શ્રાવકોના વર્ણનમાં 'જીવાજીવાદિક નવ પદાર્થના જાણ' એવાં વિશેષણો પૂર્વ શ્રાવકોને માટે વાંચવામાં આવે છે. હાલમાં જુગારી પણ જૈન, અત્યાચાર સેવનાર પણ જૈન, વેપારમાં અનેક જાતના મૃષાવાદના ટોપલા ઉપા-

ડનારા પણ જૈન, ચોરી કરનાર પણ જૈન, વિશ્વાસઘાત કરનાર પણ જૈન, કોમમાં-સંઘમાં -જ્ઞાતિમાં-કુટુંબમાં-મિત્રોમાં કલહ જગાડનાર પણ જૈન, એમ જૈનોના ઓઘેઓઘ ઉભરાઈ નીકળ્યા છે. વળી જેઓ કંઈ બે અક્ષરનું જ્ઞાન સંપાદન કરી, જ્ઞાનીઓમાં ખપનારા છે, તેઓ પૈકી કેટલાએક ગચ્છાગ્રહી, મતાગ્રહી, અને કેટલાક સ્વમતસ્થાપનશૂરા જોવામાં આવે-છે; બીજાઓનો વિશ્વાસ પોતા ઉપર બેસાડી, ઘણી વખતે તે વિશ્વાસનો ગેરઉપયોગ કરતા દેખાય છે. જાણવું બોલવું અને વર્તવું, એ ત્રણે એક જાતના હોય એવું સહસ્રમાંથી એક બેમાંજ ભાગ્યે દેખાવા સંભવ છે. અત્ર કેટલાએકો એમ કહેવા ઉઠશે કે, આવું જૈનત્વ જો શોધવા અને પ્રાપ્ત કરવા જશું, અને તેવા જૈનોનેજ જૈન કહેવા, એમ માનવા તૈયાર થશું તો, તીર્થનો ઉચ્છેદ થઈ જશે; ત્યાં અમો **યશોવિજયજી** મહારાજના શબ્દો યાદ કરાવીએ છીએ. તે મહાત્મા લખી ગયા છે કેઃ—

**तीर्थोच्छेदभियाहंताविशुद्धस्यैवचादरे ।**
**सूत्रक्रियाविलोपः स्याद् गतानुगतिकत्वतः ॥**

**ભાવાર્થ**—**યશોવિજયજી** મહારાજ દીલગીરી સાથે કહે છે કે તીર્થઉચ્છેદના ભ-યથી અવિશુદ્ધ ( અયથાર્થ ) અનુષ્ઠાનના આદરમાં લોકો ગતાનુગતિકપણાથી સૂત્ર અને ક્રિયા બન્નેનો વિલોપ કરે છે.

**વિવેચન**—આ ઉપરથી **યશોવિજયજી** મહારાજ એમ કહેવા માગે છે કે, શાસ્ત્રોક્ત યથાર્થ શ્રદ્ધાપૂર્વક ઉપયોગસહિત ક્રિયા કરવી જોઈએ. પણ તેવી ક્રિયા જેઓ નથી કરી શકતા, તેઓ પોતાના બચાવમાં અને પોતાની યદવાતદવા પ્રવૃત્તિ ચલાવી લેવા માટે કહે છે કે, " આમ બધું યથાર્થ કરવા જશું તો એવા દરેક ક્યાંથી નીકળી શકશે ? અને તેમ થવાથી તીર્થનો ઉચ્છેદ થઈ જશે, મતલબ કે તેવા યથાર્થ શુદ્ધ ક્રિયા કરનારાઓ સોમાંથી એક નીકળશે, તો તેમ થવાથી જૈનધર્મ વિચ્છેદને નહીં પામે કે ? જેવી તેવી ક્રિયા કરીને અને જેમ તેમ કરીને જૈનધર્મને તો અમે જાળવી રાખ્યો છે ?" આમ કહેનારાઓને **યશોવિજયજી** મહારાજ કહે છે કે, તમો આવી રીતે 'ગતાનુગતિક' એટલે દેખાદેખીથી પ્રવૃત્તિ કરનારાઓ શાસ્ત્ર અને શાસ્ત્રોક્ત ક્રિયા, એ બન્નેનો નાશ કરોછો. વળી આગળ વધતાં તેજ પરમયોગી ટપકો દેતાં કહે છે કેઃ—

**धर्म्मोद्यतेन कर्त्तव्यं कृतं बहुभिरेवच ।**
**तदा मिथ्यादृशां धर्मो न त्याज्यः स्यात्कदाचन ॥**

**ભાવાર્થ**—ઘણાઓએ જે કર્યું હોય, તે ધર્મના ઉદ્યમ વડે કરવું એમ જો કહેશો તો, મીથ્યાદષ્ટીઓનો ધર્મ કોઈ કાળે મુકી શકશો નહીં.

**વિવેચન**—કેટલાએક મુર્ખાઓ એમ કહેવા તૈયાર થશે કે, ઘણાઓ જે કરતા હોય તે કરવું. એમ બોલનારાઓને, **યશોવિજયજી** મહારાજ સમજાવે છે કે, આ સમજણ તમારી ભૂલભરેલી છે. જો તમારો સિદ્ધાંત અને માનવું એવું હોય કે ઘણાઓ જે કરે તે કરવું તો જ્ઞાનીઓ કરતાં અજ્ઞાની ઘણા છે, સમજુથી મૂર્ખ ઘણા છે, સમ્યક્દૃષ્ટિ ( યથાર્થ દૃષ્ટિ )-વાળાથી મિથ્યા દૃષ્ટિ ( અયથાર્થ દૃષ્ટિ )વાળા ઘણા છે, તો તમારી માન્યતા મુજબ ઘ-ણાઓનું માનવું સ્વીકારવા જતાં સત્ય ને યથાર્થ કોઈ કાળે પ્રાપ્ત કરી શકશું નહિ. માટે તેમ ન માનતાં, જે સત્ય અને યથાર્થ હોય, થોડા પણ સમજુ પુરૂષો જે કરતા હોય, તે

પ્રમાણે વર્તવું, એ શ્રેષ્ઠતા છે, નહીંતો તમારી પ્રવૃત્તિ નીચે બતાવેલા શ્લોકોમાં વર્ણવેલી હકીકત મુજબ ગણાશે.

**तस्माद् गतानुगत्या यत् क्रियते सूत्रवर्जितम् ।**
**ओघतो लोकतो वा तदननुष्ठानमेवहि ॥**
**अकामनिर्जरांगत्वं कायक्लेशादि होदितम् ।**
**सकामनिर्जरा तु स्यात् सोपयोगप्रवृत्तितः ॥**

**ભાવાર્થ**—માટે ગતાનુગતિકપણાએ કરી, શાસ્ત્રોના નિયમોને દૂર મુકી, ઓઘસંજ્ઞા કે લોકસંજ્ઞાથી જે અનુષ્ઠાન કરવામાં આવે, તે અનુષ્ઠાન નથી પણ અનનુષ્ઠાન છે. આવા અનનુષ્ઠાનથી કાયક્લેશાદિક થવાથી ઉપયોગ વિનાની ક્રિયાને લઇને, અને શરીરાદિકને કષ્ટ આપવાથી અકામ નિર્જરા થાય. પણ સકામ નિર્જરા તો શાસ્ત્રયુક્ત, ઉપયોગ સહીત જે ક્રિયા કરવામાં આવે તેનાથીજ થાય છે.

**વિવેચન**—લોકો શું કહે છે તેની પરવા વિના, શાસ્ત્રોમાં શું લખે છે તેની દરકાર વિના, ગુરૂ શું ઉપદેશે છે તેની અપેક્ષા વિના, શું અને શામાટે આ હું કરૂં છું તેના વિચાર વિના, શૂન્યપણે અમુક જાતની ધાર્મિક પ્રવૃત્તિ કર્યા કરવી, એને **ઓઘસંજ્ઞા** કહેવામાં આવે છે; અને શુદ્ધ સમજીને કરવા જશું તો તીર્થનો ઉચ્છેદ થઇ જશે, એમ બોલનારાઓ, લોકો જેમ કરે છે તેમ કરવું, એવી શ્રદ્ધાવાળા **લોકસંજ્ઞા**વાળા કહેવાય છે. ગતાનુગતિક એટલે એકબીજાની દેખાદેખી અંધપરંપરાની માફક અગર બીજી રીતે કહીએ તો ગાડરીયાપ્રવાહની માફક સમજાવીને શાસ્ત્રોક્ત વિધિ નિરપેક્ષ વર્તનારાઓ ઓઘસંજ્ઞાથી કે લોકસંજ્ઞાથી જે ધર્મક્રિયા કરે છે, તે ક્રિયાને યશોવિજયજી મહારાજ ધર્મક્રિયા જ નથી માનતા, અને તેવી ક્રિયાથી કાયાને ક્લેશ આપવાથી અકામ નિર્જરા માત્ર ભલે થાય પણ સકામ નિર્જરા તો ઉપયોગ સહીત ક્રિયા કરવાથીજ થાય છે.

ઉપરની હકીકત ઉપરથી વાચક વૃન્દ સમજી શકશે કે, જૈનપણું કહેવરાવવું એ સહેલું નથી અને કેટલાએક જૈનાભાસો પોતામાં જૈનપણાનું મિથ્યાભિમાન રાખી કહેશે કે "અમો જૈન છીએ, **જૈનની ક્રિયા કરનારા છીએ, જૈનધર્મ પાળનારા છીએ**" તેવાઓને ઉપરના શ્લોકો મનન કરવા જરૂર છે. જોકે કેટલાએકોમાં સામાન્ય રૂચિ, જૈનધર્મના ફરમાનો ઉપર અથવા તો જૈનીય ક્રિયા ઉપર અંતઃકરણમાં સ્ફુરતી હોય, અને તેને લઇને તેવાઓ એમ માની લેતા હોય કે અમારામાં શ્રદ્ધા છે, તો તેવી સમજવાળા તે વિચારમાં કેટલીક વખત છેતરાવા સંભવ છે. કેમકે શ્રદ્ધા કાંઈ જુદીજ ચીજ છે, અને મોહ જુદી ચીજ છે, કુલધર્મને લઇને, લાંબાકાળના પરિચયને લઇને, અથવા તો તેવાં બીજાં કારણોને લઇને કેટલાકોને અમુક ક્રિયા ઉપર, અમુક ધર્મ ઉપર, અને અમુક ધર્મના અંગ ઉપર, એક જાતનો મોહ થઇ જાય છે, જે મોહની કસોટી કેટલીક વાર સફળ, અને કેટલીક વાર નીષ્ફળ નીવડે છે. સત્ય શ્રદ્ધા તેથી જુદીજ ચીજ છે. શ્રદ્ધામાં યથાર્થ દૃષ્ટિ છે, ત્યારે મોહમાં આગ્રહ પેદા થાય છે. આ હકિકત બહુ વિચાર કરવાથી, અને પોતાના અંતઃકરણને પૂછવાથી, વિચારશીલોને સમજાય તેવી છે. બીજી રીતે શાસ્ત્રમાં એમ પણ કહેલું છે કે, વ્યવહારથી સમ્યકત્વ આરોપણ કરી, જૈન બનાવેલા, અને તે ક્રમશઃ શુદ્ધ આહારસેવનથી, સતસંગથી, સતશાસ્ત્રપરિ-

ચયથી ભાવજૈન થઇ શકે છે. આ વાક્યને લેખક અંતઃકરણથી માન આપે છે, પણ જેઓનો વ્યવહાર પણ તથાપ્રકારના પરિણામની સ્થિતિ પ્રાપ્ત કરનાર હોય તેવાઓને માટે સત્ય નીવડો; પણ જે આવાં વચનનો સ્વીકાર કરી, પોતામાં પૂર્ણતા માની બેસે છે, તેવાઓનો વ્યવહાર કદી પણ ભાવજૈનતાને પ્રાપ્ત કરી આપતો નથી. બીજા ગુણો મનુષ્ય જાતમાં અને તેમાં પણ જૈનોમાં ભલે ક્રમશઃ પ્રાપ્ત થાઓ, પણ મનશુદ્ધિનો પ્રયત્ન તો પ્રથમ સેવવો જોઇએ. અંતઃકરણની શુદ્ધિમાટે જ્યાંસુધી બેપરવાઇભરેલી પ્રવૃત્તિ કરવામાં આવે છે, ત્યાંસુધી તેવા જૈનોમાં ભાવજૈનપણું પ્રાપ્ત થવું દુર્લભ છે; સમ્યકત્વની માફક અંતઃકરણની શુદ્ધિ પણ એક ઉત્તમ શરૂઆતનું સાધન છે. તે માટે પણ **યશોવિજયજી** મહારાજ લખે છે કે:—

**उचितमाचरणं शुभमिच्छतां प्रथमतो मनसःखलु शोधनम् ।**
**गदवतां ह्यकृतेमलशोधने कमुपयोगमुपैतु रसायनम् ॥**

**ભાવાર્થઃ**—ઉત્તમ અને યોગ્ય આચરણને ઇચ્છનારાઓએ પહેલાં મન શુદ્ધ કરવું જોઇએ. ( મન શુદ્ધ કર્યા વિના ઉત્તમ અને યોગ્ય આચરણ આચરી શકાતાં નથી. ) રોગીને મળશુદ્ધિ કર્યા વિના રસાયણનો ઉપચાર ઉપયોગી થતો નથી.

**વિવેચનઃ**—અંતઃકરણની શુદ્ધિ માટેજ દરેક ધર્મક્રિયાઓ છે, તેમ અંતઃકરણશુદ્ધિથીજ દરેક ધર્મક્રિયા કરવી તે ઉત્તમ છે, એમ ઉભય રીતે સમજવાનું છે. પણ ઉભય સમજણની સ્થિતિથી એ જ સિદ્ધ થાય છે કે, જો ધર્મક્રિયા કરતાં મનઃશુદ્ધિ કરી શકાય તો તેજ ધર્મક્રિયા કરી ઉચિત ગણાય અને આ ક્રિયા હું મારા અંતઃકરણની અશુભભાવના દૂર થવા માટે તેમજ શુભભાવના પ્રાપ્ત કરવા માટે કરૂં છું એમ ક્રિયાકર્તાનો ઉદ્દેશ અંતઃકરણમાં હોવો જોઇએ, જે ઉદ્દેશ પવિત્ર ઉદ્દેશ હોવાથી, તેવા ઉદ્દેશવાળાનું મન, એ, એક રીતે પવિત્ર મન કહેવાય છે. આંહી દ્રષ્ટાંત આપે છે કે, કોઇપણ રોગીની રેચકાદિથી મલશુદ્ધિ કર્યા વિના વૈદ્ય ગમે તેવી રસાયણ ખવરાવે, તે નિરૂપયોગી છે. મતલબ પ્રથમ મળશુદ્ધિ કરીને પછીજ એને રસાયણાદિક આપવામાં આવે તો તે રોગનો નાશ કરે અને પુષ્ટિને આપે. એમ શુભ આચરણ—શુભ પ્રવૃત્તિ મનશુદ્ધિથીજ સાર્થક છે.

વર્તમાનકાળના જૈનો પૈકી ઘણા જૈનો પોતે પોતાની જાત માટે પોતાના અંતઃકરણને પૂછશે, અને પોતાની જીંદગી દરમ્યાન કરેલી સામાયિક, દેવપૂજા, તીર્થયાત્રા વગેરેનો સરવાળો મૂકશે, તો તેના પરિણામે માનસિક શુદ્ધિની સફલતા કેટલી મેળવી, એ તપાસશો તો બાળ અવસ્થામાં જે દશા હતી, તેજ યૌવનાવસ્થામાં, અને યૌવનાવસ્થામાં જે સ્થિતિ હતી, તેજ વૃદ્ધાવસ્થામાં, પોતાના અંતઃકરણમાં પ્રાયઃ કરીને નિહાળશે. જીવનનો ઘણો ભાગ શુભ ક્રિયાઓમાં નિર્ગમન કર્યા છતાં, અંતઃકરણ જેવું અને તેવું રહ્યું, મલિનતા દુર ગઇ નહીં, કુવાસના ખસી નહીં, વૈરવિરોધને તિલાંજલિ અપાઇ નહીં, અત્યાચાર ભૂલાયા નહિ, ક્રોધાદિક મંદ પડયા નહિ, ધન ધાન્ય પુત્ર પૌત્રાદિક કુટુંબ ઉપરથી મૂર્છા મંદ પડી નહીં, સ્વશરીરની હાજતો અને ઇન્દ્રિયવેપારમાં ઉદાસીનતા આવી નહીં, તો પછી કરેલી શુભ ક્રિયાઓથી શું મેળવ્યું ? મમતા, તૃષ્ણાની વૃદ્ધિ કરે છે; અને તૃષ્ણાવશવર્તિ જીવ રાગદ્વેષમાં વીંટલાઇ અનેક અનર્થો સેવે છે. તેવા જીવો પ્રાયશઃ ધર્મપરાઙ્મુખ બની જાય છે. શ્રાવક હો, વા સાધુ હો, પણ મમતાત્યાગ, અથવા મમતાની નિર્બળતા

જ્યાં સુધી કરી નહોય ત્યાંસુધી ઉચ્ચ સ્થિતિએ ચડી શકતા નથી, બલ્કે પ્રાપ્ત થએલ સ્થિતિથી પતીત થવાને પાત્ર થાય છે. મમતાના સંબંધમાં પણ યશોવિજયજી મહારાજ નીચે મુજબ બોધે છે:—

निर्ममस्यैववैराग्यं स्थिरत्वमवगाहते ।
परित्यजेत्ततःप्राज्ञो ममतामत्यनर्थदाम् ॥
विषयैः किं परित्यक्तैर्जागर्ति ममता यदि ।
त्यागात्कंचुकमात्रस्य भुजंगो नहि निर्विषः ॥
कष्टे नहि गुणग्रामं प्रगुणीकुरुते मुनिः ।
ममता राक्षसी सर्वं भक्षयत्येकहेलया ॥

**ભાવાર્થ**—નિર્મમત્વમાં જ વૈરાગ્ય સ્થિરતાને પામે છે, માટે ડાહ્યા પુરૂષો અત્યંત અનર્થને આપનાર મમતાને છોડી દે છે. જો હૃદયમાં મમતા જાગ્રત છે, તો વિષયને છોડી દેવાથી શું ? કારણ કંચુક માત્ર ત્યાગ કરવાથી સર્પ નિર્વિષ થતો નથી. મુનિઓ અનેક પવિત્ર ક્રિયાઓથી કષ્ટ કરીને ગુણના સમુદાયને એકઠા કરે છે, પણ મમતા રાક્ષસી તે સર્વ ગુણસમૂહને સહજમાં ભક્ષણ કરી જાય છે.

**વિવેચન**—મમતા અનેક અનર્થને આપનારી છે, કેમકે તેની વૃદ્ધિ વડવાઈની માફક અનેક મહાપ્રપંચની કલ્પનાને વધારી દે છે, અને મમતાવ્યાધિ પ્રતિક્ષણે વધતાં જ્યારે વિશેષ વૃદ્ધિંગત થઈ જાય છે ત્યારે તે છેદવી દુઃશકય થઈ પડે છે. મમતાવાન મનુષ્ય પાપનો ભય રાખ્યા વિના આરંભની પ્રવૃત્તિમાં નિઃશંકપણે વર્તે છે. ધનલોભી મનુષ્યો માટે ઘણાઓએ વાંચ્યું અને સાંભળ્યું હશે કે, તેઓ સગા પુત્રનું ખૂન કરતાં આંચકો ખાતા નથી. મમતાંધ જે નથી, તે દેખે છે; અને જાત્યંધ જે છે, તે નથી દેખતો. આ મમતાંધમાં અને જાત્યંધમાં મોટો ભેદ છે. પુત્ર, સ્ત્રી, માતા, પિતા વગેરેમાં જે ગુણ ન હોય, તે મમતાંધો મમતાને લઈને દેખે છે, એટલે તેઓ જે નથી તે દેખે છે. આવી રીતે અનેક અનર્થનો જન્મ આપનારી મમતા હોય ત્યાં વૈરાગ્ય સંભવે નહીં. તેથી પ્રાજ્ઞ પુરૂષો પોતામાં વૈરાગ્યને સ્થિર રાખવા મમતાનો ત્યાગ કરે છે. પાંચ ઇંદ્રિયના વિષયનો ત્યાગ કરો, માતા પિતા કુટુંબ પરીવાર ત્યજી, વનવાસમાં જઈ, ગવ્હર ગુફાઓમાં ધ્યાન ધરો, સૂર્ય સંમુખ એક પગે ઉભા રહી આતાપના લ્યો, ગમે તે કષ્ટ કરો, ગમે તે ત્યાગો, પણ હૃદયમાંથી મમતા જ્યાં સુધી ગઈ નથી ત્યાં સુધી તે બધું "છાર ઉપર લીંપણ કરવા જેવું" છે, એટલે બાહ્ય ત્યાગથી ત્યાગીપણું પ્રાપ્ત થઈ શકાતું નથી; જેમ કાંચળી કાઢવાથી સર્પ નિર્વિષ બની શકતો નથી તેમ. મહાન મુનિએ અનેક કષ્ટો સેવી, અનેક ગુણો પોતામાં પ્રાપ્ત કર્યા હોય, પણ તેવા પુરૂષોમાં જ્યારે મમતા પ્રાપ્ત થાય છે ત્યારે તે મમતાના લોભથી પ્રાપ્ત કરેલા ગુણો ક્ષણમાં તેઓમાંથી નાશ પામી જાય છે. મમતા ક્યાંથી અને શાથી પેદા થાય છે, તેને માટે અમુક સ્થળ કે અમુક કારણ નિર્મિત નથી: ગમે તે સ્થળમાં, ગમે તે વિષયમાં, મમતા પોતે પોતાનો દેખાવ દે છે અને જગતના જીવોને છેતરે છે. પુત્ર ત્યજ્યા, અને શિષ્ય પર મમતા થઈ; ઘર મુકી અનગાર બન્યા, ત્યાં ઉપાશ્રયના વેશમાં મમતા જાગ્રત થઈ; ધન મુકયું, ત્યાં પુસ્તકના સ્વરૂપે મમતાએ દેખાવ આપ્યો.

આ બધુંએ સચવાયું તો છેવટ સ્વમતાગ્રહ રૂપે મમતાએ પોતાનો વેશ ભજવ્યો. આમ અનેકધા, અનેક વિષયમાં, મમતા સબળોને નિર્બળ બનાવે છે. એક સાદી અને નાનામાં નાની ચીજ, જેને આપણે નકામી માનતા હોઇએ, તેમાંથી પણ મમતા જન્મ પામે છે. તેને માટે એક દાખલો છે કેઃ—

કોઈ તપસ્વી હતો, અને તે માત્ર એકજ લંગોટી મર્યાદા માટે રાખતો હતો. એક વખત તેના મનમાં સામાન્યતઃ એની સ્ફુરણા થઈ કે, એકથી બીજી લંગોટી હોય તો અનુકુળતા ઠીક થઇ પડે. આ ઉપરથી એકની બે લંગોટી થઇ. ત્યાર પછી લંગોટી મુકવા માટે સ્થળ નિર્માણ કર્યું. સ્થળમાં ઉંદરો લંગોટી કાપવા લાગ્યા, એટલે બીલાડી રાખવાનું મન થયું. બિલાડીને બચ્ચાં થયાં તો તેને દુગ્ધપાન કરાવવા, તે મહાતપસ્વીએ ગાય રાખી; તેમાંથી વાછડા થયા, એટલે ખેતીવાડી કરવા લાગ્યા. રાજાની જમીન વિનાઆજ્ઞાએ ખેડવાથી ગુનેહગાર ઠર્યો, કેદ પકડાયા, રાજ્ય તરફથી શિક્ષા મળી કે આખો દિવસ વાંસા ઉપર પથ્થર મુકી તડકામાં ઉભો રાખવો. મહાત્માની તરતજ તે પ્રમાણે સ્થિતિ કરવામાં આવી, ત્યારે તે વખતે મહાત્માને વિચાર થયો કે, મારી આ દશા કરનાર આ લંગોટી છે. જો એકની બે લંગોટી ન કરી હોત તો હું આ સ્થિતિએ પહોંચત નહિ. કહેવાનું તાત્પર્ય એ છે કે, **એક સાધારણ ચીજમાં** મમતા પોતાનું સામ્રાજ્ય કેવી રીતે વધારે છે તે આવાં દ્રષ્ટાંતોથી સમજી, તેથી વિમુખ કેમ રહેવું એ તરફ વિશેષ લક્ષ આપવા જરૂર છે. ત્યાગીઓ માટે જ્યારે આવી ફીકર રહે છે, તો પછી જે ગૃહસ્થાશ્રમમાં રહેનારાઓ બહારથી એટલે વ્યવહારથી, ભલે અમુક જાતના નિયમો કે વ્રતો સ્વીકારે, પણ તેઓએ એટલું ખાસ યાદ રાખવું જોઇએ કે, જ્યાં સુધી હૃદયમાંથી મમતા તૃષ્ણા મંદ થઈ નથી, તથા તે મંદ કરવા પ્રયત્ન સેવાણો નથી, ત્યાંસુધી તેઓ ઉચ્ચકોટિએ કદી પણ ચડી શકવાને અધિકારી બનવાના નથી. આ દરેક હકિકત ઉપરથી એમ સમજવાને સબળ કારણ મળે છે, કે **ક્રિયાજૈનો** કરતાં **વિચારજૈનો** તેજ ખરા અને શ્રેષ્ઠ જૈન કહી શકાય. વિચાર અને ક્રિયા બન્ને પક્ષે જેઓમાં જૈનતા ઉદ્‌ભવી છે, તેઓ **શ્રેષ્ઠતમ** જૈનો તરીકે માની શકાય. પણ વિચારજૈનપણા વિના ક્રિયાજૈનો માત્ર નામના જૈનો છે, એમ ઘણા ભાગે માનવું પડશે, અને તેથીજ કેટલાએક ઠેકાણે લખ્યું છે કે, **મેરૂપર્વતના** જેટલા ઓઘા—મુહપત્તિ કેટલાએક જીવોએ કર્યાં છે, તોપણ પાર પામી શક્યા નથી.

વિચારજૈન, ક્રિયાજૈન, વિચારક્રિયાજૈન, એમ ત્રણ જાતના જૈન કહેવાય. તેવાં પાત્રો પૂર્વકાળમાં કોણ કોણ હતા, તે તરફ આપણે આપણું લક્ષ ખેંચીએ. **શ્રેણિક** અને કૃષ્ણ વાસુદેવ જેવા રાજાઓ, માત્ર વિચારજૈન હતા, અને તેઓએ ક્ષાયક સમ્યક્ત્વ પ્રાપ્ત કરેલ હતું, જેથી તેઓ માત્ર સમ્યક્ત્વના પ્રભાવે તીર્થંકર નામકર્મ બાંધવા ભાગ્યશાળી થયા છે. માત્ર ક્રિયાજૈનમાં કેટલાએક અભવી-દુર્ભવી ગણવા પડશે. વિચારક્રિયા જૈનમાં **આનંદ**, કામદેવ વગેરે પવિત્ર શ્રાવકોને ગણવા જોશે, કેમકે તેઓ સમ્યક્ત્વવાન હતા અને શુદ્ધ ક્રિયા કરનાર પણ હતા. મુનિઓનો સમાવેશ પણ આજ ભેદમાં આવી જાય છે, કેમકે તેઓમાં પણ વિચાર-ક્રિયા સાથે જૈનપણું હોય છે. અને તથાપ્રકારના ગુણ**વિના** માત્ર વેષધારીનો સમાવેશ, વસ્તુતઃ ક્રિયાજૈનોમાં પણ હોઈ શકતો નથી, કેમકે તેવા વેષવિડંબકો ક્રિયામાં પણ અવ્યવસ્થિત હોય છે, અને તેથી તેઓને માટે નીચેનું વાક્ય લાગુ પડે છે કેઃ—

"હોળીનો રાજા રે, ગુણ વિનાનો સંયમી."

ક્રિયા જૈનો માટે માત્ર એટલો અપવાદ સ્વીકારવો પડશે કે, જેઓ પોતે સરળ છે, અને વિચારજૈનોના આશ્રિત બનીને જેઓ ક્રિયા કરનારા છે, એટલે કે પોતામાં તથાપ્રકારની અજ્ઞાનતા છતાં તથાપ્રકારના જ્ઞાનીઓના કહ્યા મુજબ તદનુયાયી બની, ક્રિયા કરનારાઓને જૈનપણામાંથી બાતલ કરવા જોઈતા નથી.

હાલમાં રૂઢપરંપરાથી મૂર્ખ સમૂહો અને અર્ધદગ્ધોના સમૂહોમાં એમ સુદ્રઢ મનાઈ ગયું છે કે, કોઇપણ જૈનનામધારક હોય તેને અમુક અમુક જાતની ક્રિયા તો કરવીજ જોઇએ; જો કોઇ જાતની ક્રિયા ન કરે તો તે જૈન ન કહેવાય. કોઇ વિચારજૈન તેમને કહે કે 'હું જૈન છું,' તો તેવાને હાલના જૈનમન્યો હસી કાઢશે, ધિક્કારશે, અને જૈન કહેવાને આંચકો ખાશે, એટલુંજ નહિ પણ 'તું જૈન નથી, જૈન હોય તો અમો જેમ કરીએ છીએ તેમ તું કેમ કરતો નથી?' એમ બોલી દેવાને તૈયાર થશે. આવી માન્યતાથી જૈન ધર્મનો અમુક જ્ઞાનિએ જાણે ઇજારો લીધો હોય, તેમ મનાઇ ગયું છે: ત્યાં કોઈ મુસલમાન, પારસી, કે અંગ્રેજ અગર યાહુદી, અંતઃકરણમાં જૈન તત્વોની સુદ્રઢ છાપ પડવાથી જૈનનાં તત્વો સત્ય અને તે પણ યથાર્થ સત્ય છે એમ માનતા હોય, તે તત્વો ઉપર તેમને સંપૂર્ણ શ્રદ્ધા હોય, પણ કેટલાએક સંજોગોને લઇને અથવાતો જ્ઞાતિના કારણને લઇને, તેઓ જૈનધર્મની બાહ્ય ક્રિયા ન કરી શકતા હોય, કંઇ ત્યાગ ન કરી શકતા હોય, તો તેવાઓને જૈન ન જ કહેવા એમ હાલના જૈનો એકી અવાજે, ઘણા ભાગે, કહેવા તૈયાર થશે. અફસોસ ! કે એવાઓએ વિચારની વિશુદ્ધિને ગૌણ ગણી, અને બાહ્ય વ્યવહારને મુખ્ય ગણ્યો છે. જો કે ઘણા ભાગે જેઓમાં વિચારજૈનતા પ્રકટે, તેમનો વ્યવહાર ક્રમશઃ પવિત્ર થવો જોઇએ, પણ ધારોકે તેમ કરવા તે અસમર્થ નીવડયો તેથી તે જૈનકોટિમાં ન ગણાય એમ જે કહેવું અગર માનવું તે તદ્દન ભૂલભરેલું છે. જ્ઞાન, જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ, અથવા ક્ષયથી થાય છે: શ્રદ્ધા ( યથાર્થ શ્રદ્ધા ) સમ્યક્ત્વ, સમકિતમોહનીકર્મના ક્ષયોપશમથી અથવા ક્ષયથી પ્રકટે છે; અને ત્યાગ વૃત્તિ ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમ અગર ક્ષયથી પ્રાપ્ત થાય છે. આમ કર્મો એકબીજા ગુણોને આચ્છાદન કરવામાં ભિન્ન ભિન્ન છે, ત્યારે તે ગુણના પ્રકાશ કરવામાં તે ગુણનો અભાવ પણ ભિન્ન ભિન્ન રીતે કારણભૂત છે. કોઇએ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કર્યો, તો તેને માત્ર જ્ઞાનજ પ્રાપ્ત થાય છે, પણ સમ્યક્ત્વના અભાવે અયથાર્થતા હોવાથી, અજ્ઞાનના નામથી ઓળખાય છે. સમ્યક્ત્વ, મિથ્યામોહનીય કર્મના ક્ષયોપશમ, ક્ષાયક અથવા ઉપશમપણાથી થાય છે. તો કોઇમાં માત્ર શ્રદ્ધા હોઈ શકે, કોઇમાં જ્ઞાન અને શ્રદ્ધા બન્ને હોઈ શકે, અને કોઇમાં ચારિત્ર સાથે ચારિત્રમોહનીકર્મનો ક્ષયોપશમ હોય તો ત્રણે પણ હોઇ શકે; એટલે કે કોઇપણ જાતનો એમાં નિયમ જ્યાં નથી ત્યાં અમુક સ્થિતિવાળાને જ જૈનો કહેવા, એમ માની લેવું, તે પોતાનું ડહાપણ નહિ તો બીજું શું ?

ચતુર્થ ગુણસ્થાનકથી ક્રમશઃ પાંચમા છઠ્ઠા ગુણસ્થાનક સુધી આર્ત્ત–રૌદ્રધ્યાનની મંદતા થાય છે, અને ધર્મધ્યાનની શ્રેષ્ઠતા વધતી જાયછે. જો કે ગુણસ્થાનકની હકિકતમાં ચૌદે ગુણસ્થાનકનાં નામ આપેલ છે, કે જેથી હવે પછીના ગુણસ્થાનકના સ્વરૂપનું દિગ્દર્શન પણ કરવું જોઇએ, એમ વાચકવૃન્દને લાગશે, અને વસ્તુતઃ તે સત્ય છે, પણ અમારો વિષય 'જૈન' છે, એટલે કે, જૈનો નામથી વર્તમાનકાળમાં વર્તનારા મનુષ્યો પોતા-

નામાં જૈનપણું માની આગળ વધતા અટકે છે, તેમને જૈનપણું પ્રાપ્ત કરવું એ કેટલું દુર્લભ અને દુર્ઘટ છે તેજ બતાવવાનો આ લેખનો ઉદ્દેશ છે. જ્યારે આપણામાં અધુરાશ મનાશે ત્યારે લઘુતા પ્રાપ્ત થશે, અને લઘુતા અનુત્પન્ન ગુણોને પોતાનામાં ઉત્પન્ન કરશે, તેમજ તેવા ગુણો પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ બનવા માટે તથાપ્રકારના અભ્યાસ તરફ લક્ષ ખેંચાશે. વર્તમાનકાળમાં સરળ હૃદયના ઘણા જૈનો હસ્તી ધરાવે છે, જેઓ માત્ર તથાપ્રકારના જ્ઞાનને અભાવે, ઉપદેશ અગર સંગત જે તરફ ઘસડી જાય છે, તે તરફ સત્યતા માની ઘસડાય છે. તેવા અવાસિત સરળ હૃદય વાળાઓને માટે, આ લેખ ઉપયોગી થઈ પડે અને તેઓ એમ સમજતાં શીખે કે, જૈનપણું પ્રાપ્ત કરવાને માટે આપણે આ દિશા સ્વીકારવી જોઇએ. જેઓએ ઘણું વાંચ્યું છે, ઘણું જાણ્યું છે, તેઓને માટે આ લેખ લખવાનો ઉદ્દેશ નથી. **લેખક પોતે પણ પોતાનામાં તથાપ્રકારના ગુણોનો સદ્ભાવ થયો છે, એ માનવાનું અભિમાન ધરાવતો નથી; તો પણ સત્ય શું છે તે જાણવું અગર જણાવવું એ સર્વમાન્ય સિદ્ધાન્તને માટે કોઇથી ના કહી શકાય તેમ નથી; કેમકે તથાપ્રકારની સ્થિતિ નહીં પ્રાપ્ત કરેલા અનધિકારીનો તથાપ્રકારની સ્થિતિ દર્શાવવાનો અધિકાર નથી એમ માનવાનું નથી.** સત્ય એવી ચીજ છે, કે જે સર્વને પ્રિય જ હોય છે, અને તેની પ્રશંસા ગમે તે સ્થિતિમાં રહેલા મનુષ્યોથી થયા વિના રહેતી નથી. તમો જોઇ શકશો કે, નાટકમાં નાટકકારક પાત્રો અનેક જાતનાં નાટક ભજવે છે, પ્રેક્ષકો અનેક હેતુથી ત્યાં પ્રેક્ષક તરીકે પોતાની હાજરી આપે છે; તેઓમાં દરેક ગુણગ્રાહી હોતા નથી, તેમ સદ્વર્તનવાળા દરેક હોય તેવો નિયમ હોતો નથી, છતાં પણ જ્યારે **સી**તા અને **રામ**ચંદ્રજીનું નાટક ભજવાતું હોય, તેમાં **રાવણ** **સી**તાને હરી જઈ, **અ**શોક વાટિકામાં રાખી પોતે પ્રેમભિક્ષા માગે છે, અને **સીતા** તે વખતે **રા**વણનો તિરસ્કાર કરે છે, તે વખતના દેખાવની અસર, જેઓ **રા**વણને ધિક્કારવા તૈયાર થઇ જાય છે તેઓના મનમાં સજ્જડ થઈ જાય છે. **ભર્તૃ**હરિના નાટકમાં **પીં**ગલા પ્રપંચ કરી, **ભર્તૃ**હરીને છેતરે છે, અને તેનું પોકળ જ્યારે જાહેરમાં આવે છે ત્યારે તે વખતમાં એક અવાજે પ્રેક્ષકો **પીં**ગળાને ધિક્કારવા તૈયાર થાય છે, અને **ભર્તૃ**હરી તરફ દયાજનક સ્થિતિએ જોવા આતુર બને છે. આવી રીતે પ્રેક્ષકોના મનની સ્થિતિ અનેક નાટકોમાં ઘણે ભાગે નીતિના પાત્ર તરફ જ આકર્ષાય છે, અને અનીતિનાં પાત્રો તરફ અપમાનની નજરથી જુએ છે. ભલેને પોતામાં તેવી નીતિ-પાત્રતા ન હોય, છતાં નીતિ સર્વપ્રિય હોવાથી, અનીતિનાં પાત્રોને પણ નીતિ પ્રિય જ લાગે છે. તેમ આ લેખકમાં યથાર્થ જૈનતા પ્રાપ્ત થઈ છે એમ એ પોતે પોતામાં માનતો નથી, પણ યથાર્થ જૈનતા ઉત્તમ અને શ્રેષ્ઠ છે, તેની આવશ્યક્તા છે, તેની જરૂર છે, તે વિના મોક્ષ-નિકટવર્તિ કોઈ કાળે બની શકાય તેમ નથી, આત્મહિત અને સંસારપરિભ્રમણનો છેડો યથાર્થ જૈનતા પ્રાપ્ત થયેથી જ થશે, એમ લેખક સમજે છે, લેખકને તે પ્રિયકર છે, તેથી જે કંઇ હૃદયમાં સ્ફુર્યું છે, તે આ લેખ રૂપે લખાયું છે; એટલે બીજી રીતે કહીએ તો લેખકે પોતે પોતામાં યથાર્થ જૈનપણું પ્રાપ્ત કરવાને આ લેખ દ્વારા એક જાતની ભાવના ભાવેલી છે; તે ભાવના પોતાને માટે, અને વાંચકોને માટે સફળ થાઓ, એમ ઇચ્છી આટલેથી વિરમે છે.

# મુનિજીવન.

લેખક:—સ્થાનકવાસી જૈન સંપ્રદાયના કચ્છી મુનિ T.

આ વાત સુસ્પષ્ટ છે કે, બધું દેહગત કાર્ય બહુધા **બુદ્ધિથી** જ થાય છે. ઇંદ્રિયોની પ્રવૃત્તિ અને મનની વૃત્તિઓની નેતા-પ્રેરક-પાલક-શાસક પ્રધાનપણે બુદ્ધિ જ છે, (જો કે એ બુદ્ધિનો પ્રકાશક, સ્વતંત્ર અને ઇંદ્રિય-મન-બુદ્ધિના ધર્મોથી અલિપ્ત એવો કોઇ **ચેતન** પદાર્થ છે; પણ અહિં એ વિષય નથી, એટલે એ વાત પડતી મૂકી સામાન્ય રૂપક લીધું છે.) અને એટલા જ માટે મનુષ્યશરીરમાં બુદ્ધિ શ્રેષ્ઠ સ્થાન ભોગવે છે. મનુષ્ય ઇતર પ્રાણીઓથી શ્રેષ્ઠ અને એ શ્રેષ્ઠતાના પ્રમાણમાં વિશેષ જવાબદાર મનાય છે. તે પણ બુદ્ધિની પ્રાપ્તિથી જ. બુદ્ધિની જેવી જેવી સ્થિતિ, તેવા તેવા નિશ્ચયો બંધાય. આંતર તેમ બાહ્ય પ્રવૃત્તિઓનાં તેવાં તેવાં સ્વરૂપ ઘડાય છે, અને તદનુરૂપ ફલ મળતાં રહે છે. આ સાદું રૂપક સમાજને લગાડીને એમ કહીએ કે, **સમાજરૂપ શરીરમાં** તે તે સમાજગત વિદ્વાન ઉપદેશક વર્ગ બુદ્ધિનું શ્રેષ્ઠ (અને એટલા જ માટે વિશેષ જવાબદારીવાળું) સ્થાન ભોગવે છે. તો તેમાં કાંઇ અડચણ જેવું નથી. કોઇપણ સમાજમાં ચાલતી **વિચાર સંગતિ** અને **આચાર પદ્ધતિનું** મૂળ સ્વરૂપ તેના વિદ્વાન ઉપદેશકવર્ગ તરફથી ઘડાયલું હોય છે, જો કે તેમાં સમાજગત વ્યક્તિઓની નિર્બળતા અને સદોષતાની દુષ્ટ ગંધ **પાછળથી** મળી જાય છે. બુદ્ધિશાળી વિદ્વાન **ઉપદેશકવર્ગની** જેટલી યોગ્યતા, શ્રેષ્ઠતા અને મહત્તા, તેટલી તે **સમાજની** અન્ય સમાજો કરતાં શ્રેષ્ઠતા અને મહત્તા હોય છે. ઇતિહાસ જોતાં જણાયું છે કે, સમાજની ચાલક તેમજ શાસક સત્તા જેટલે અંશે અને જેવારૂપમાં યોગ્ય વિદ્વાન ઉપદેશકવર્ગના હાથમાં હોય છે, તેટલે અંશે અને તેવા રૂપમાં તેની ઉચ્ચ સ્થિતિ થાય છે. એકની અસર બીજા ઉપર થાય એવા સંબંધથી જેમ દેહાદિ અને બુદ્ધિ, તેમ સમાજ અને વિદ્વાનવર્ગ સંકળાએલા છે. રોગી અને દુર્બલ શરીર તથા નિર્બલ ભ્રમિત અને સાશંક મનની અસરથી બુદ્ધિ પણ વિકારી, દુર્બલ, સંશયશીલ, અસ્થિર અને મેલી બને છે અને તેથી તેના કરેલા નિશ્ચયો પણ વિપરીત, અદૃઢ અને અસ્પષ્ટ હોય છે. તેવી જ રીતે અજ્ઞાન, વહેમી, જડ અને દુર્બલ વ્યક્તિઓથી બનેલા સમાજમાં ઉપદેશકવર્ગ પણ યોગ્ય સ્થિતિમાં હોતા નથી. એથી ઉલટું ઉપદેશકવર્ગની અયોગ્ય સ્થિતિ અને કર્તવ્યવિમુખતાને પરિણામે સમાજ પણ અધોગતિએ પહોંચે છે. આમ છે એટલે આ તો સ્પષ્ટ રીતે કહી શકાય કે, ઉપદેશકવર્ગની અમુક વિશિષ્ટ પ્રકારની સ્થિતિ હોવામાં જેમ સમાજની સ્થિતિ પણ એક કારણરૂપ છે, તેમ સમાજની સ્થિતિ માટે ઉપદેશકવર્ગ જવાબદાર અને જોખમદાર છે. કોણ કેટલે અંશે કેવા પ્રકારે પરસ્પર અપકારક વા ઉપકારક છે એ સંબંધી નિષ્ફળ તકરારમાં નહિ ઉતરતાં સામાન્ય રીતે વ્યવસ્થા ખાતર એટલું તો નિર્વિવાદ રીતે કહી શકાય કે, વિદ્વાનવર્ગની જરૂર સમાજની ઉચ્ચ સ્થિતિ થવા માટે ખાસ કરીને છે અને એ વર્ગની જેવી જોઇએ તેવી યોગ્ય સ્થિતિ હોય, તેઓ ધર્મપરાયણ હોય એટલે કે પોતાનાં નિયત કર્તવ્ય બજાવવામાં તત્પર રહેતા હોય, પોતાનાં

જવાબદારી અને જોખમદારી સ્હમજવાની ઇચ્છા અને શક્તિ ધરાવતા હોય, તેના પાલનમાં દૃઢ રહી નિષ્કામભાવે પરોપકારપરાયણ રહેતા હોય, તો ધર્મ અને સમાજની ઉન્નતિ બહુ વહેલી થાય ખરી. ફલિત એ થાય છે કે, **સદસદ્વિવેકી બુદ્ધિરૂપ સારથી જેમ** મન અને ઇન્દ્રિયના વેગને યોગ્ય રસ્તે વાળી દેહધારીને પરમપદની પ્રાપ્તિ કરાવે છે, તેમ પ્રવૃત્તિ અને નિવૃત્તિવિષયક ધર્મની બાબતોમાં દેશકાળપરિસ્થિતિને અનુકૂળ પડતી યોજના ઘડી લઇ કુશળ સમર્થ વિવેકી ઉપદેશક, સમાજને યોગ્ય રસ્તે વાળી જાય છે અને પરમ ઉન્નત સ્થાને પહોંચાડે છે.

કોઇ પણ કાર્યનો આરંભ કરતાં પહેલાં **સંકલ્પ** અને **દેશકાલાદિના વિચારની** અપેક્ષા રહે છે. સંકલ્પ **સત્ય** જોઈએ અને વિચાર **શુદ્ધ** જોઇએ. સત્ય અને શુદ્ધિ સચવાય એટલા માટે **નિશ્ચિંતતા** અને **નિઃસ્પૃહાની** આવશ્યકતા છે. આવા કોઇ વિચારથી, સંતોષ, સંયમ અને નિયમ આદિથી સંસારી વિભાવજન્ય વૈભવને તુચ્છ તથા નિરૂપયોગી કરી નાખનાર વિદ્વાન્ મનુષ્યોનો એક વર્ગ ઉભો કરવાની સમાજને ઘણી જરૂર રહે છે. આ વર્ગ નિશ્ચિંત રહી સંસારની અનેક ઉપાધિઓથી બચી **અવ્યગ્રપણે** પ્રજાના હિતશોધનમાં તત્પર રહે તે માટે તેમના ઉદરપોષણનું કર્ત્તવ્ય **અન્યવર્ગને** સોંપવામાં આવે છે. આ સત્ય સંકલ્પ અને શુદ્ધ વિચારથી ઘડેલી શુદ્ધ વિચારસંગતિ અને આચારપદ્ધતિનું અનુસરણ પ્રજા વર્ગ કરે છે, અને કલ્યાણને પામે છે. દેશકાલાદિનાં વારંવાર પરિવર્તન પામતાં સ્વરૂપોનું જ્ઞાન, શાસ્ત્રજ્ઞાન અને નિઃસંગતા, એ સર્વ એ વર્ગને વિશેષ ઉચ્ચ બનાવે છે, અને પછી તેઓ લોકોના જીવનને વિશેષ ઉચ્ચ બનાવે છે, અને લોકો પાસે ધાર્યું કામ કરાવી શકે છે. એમાં જેટલી ન્યુનતા તેટલી કર્ત્તવ્યપાલનમાં શિથિલતા; તેટલે અંશે અવિહિત પ્રવૃત્તિનું સેવન વધે છે અને ઉચ્ચ સ્થિતિ દૂર રહે છે. **જૈન સંપ્રદાયમાં** એવાજ વિચારથી ચતુર્વિધ સંઘનું બંધારણ થયું છે. સાધુ–સાધ્વી વર્ગ પૂજ્ય અને વંદનીય મનાય છે તે એ વર્ગે અમુક સાંપ્રદાયિક વેષ ધારણ કર્યો છે અને સંસાર સુખોને તિલાંજલિ આપી છે **એટલા માટે નહિ,** પણ સમાજહિત અને જૈન શાસનની ચઢતી કરવાને તથા **એમ કરીનેજ**–બીજી રીતે નહિ–આત્મિક શાન્તિ મેળવવાને તેમણે વિષયોપભોગની લાલસાઓ–કામનાઓનો તથા સુત–યુવતિ–ધનવિભવનો ત્યાગ કીધો છે, અહંતા મમતા અને કષાયને ત્યજી **પરજીવનમાં આત્મજીવન અનુભવવાની 'દીક્ષા' લીધી છે તે માટેજ** તેમનાં **શ્વેત** વસ્ત્ર એજ સૂચવે છે કે, મન વચન અને કાર્યની **વિશુદ્ધ પ્રવૃત્તિવડે** હૃદયને કષાયાદિ દોષો રહિત કરવાનું વ્રત લીધું છે. **જૈન** ધર્મ આવાજ મુનિજીવનને વખાણે છે–અનુમોદે છે. અધ્યયન–અધ્યાપન તથા પ્રજાહિતના સત્ય સંકલ્પ અને શુદ્ધ વિચારમાં અવ્યગ્રપણે નિમગ્ન રહી **ઓછામાં ઓછી ઉપાધિવાળું સાદું સરળ નિશ્ચિંત જીવન** ગાળવાનું એ વર્ગ માટે શાસ્ત્રે વિધાન કરેલ છે; અને એવાજ મુનિત્વના પરિરક્ષણથી જૈન ધર્મે વિશ્વવિખ્યાત યશ મેળવ્યો છે. **મુનિત્વનું** રક્ષણ થાય તોજ જૈનધર્મ અને જૈનસમાજ સુરક્ષિત રહે; અન્યથા નહિ.

એક સાધુ કે જેણે સંસારની ક્ષુદ્ર વાસનાઓનો ત્યાગ કર્યો છે, જે શાન્ત પવિત્ર અને અનાસક્ત રહી **કેવળ** ધર્મમય જીવન ગાળે છે, તેના તરફ અતિ પ્રાચીન કાળથી સન્માનવૃત્તિથી જોવાનું **સહજ** (સ્વાભાવિક) છે; અને તે એટલે સુધી કે, એવા જીવન-

નો જેમાં આભાસ પણ ન હોય તેવી વ્યક્તિઓ પણ સન્માન પામે છે ! અહંકારજન્ય બેદરકારી અને કર્મરહિતતા એ સાધુસંપ્રદાયનાં મુખ્ય લક્ષણો છે એમ આજે કેટલાક લોકોની માન્યતા છે; પોતાના મનમાં મસ્ત રહેવું, જગતની પરવા કરવી નહિ, કંઈ પણ કામકાજ કરવું નહિ, આળસમાં દિન વ્યતીત કરવા કે ધર્મને નામે મિથ્યાચાર સેવવા એને સાધુપણું કેટલેક સ્થળે સમજવામાં આવે છે. કેવો ભૂલભરેલો ખ્યાલ ! મુનિઓના **કર્મયોગ** ઉપર કેટલુંક આગળ લખવામાં આવશે; અહિં માત્ર એટલુંજ જણાવીશું કે, સાધુ સંપ્રદાય એ એક ઉંચામાં ઉંચું અધ્યાત્મ જીવન છે; તે સંપ્રદાય પાળનારાઓ મ્હોટી મ્હોટી **ભાવના**-ઓને **આચાર**માં મૂકી જનસમુદાયનું કલ્યાણ કરે છે. સાધારણ રીતે એમ માનવામાં આવે છે કે, સાધુઓ જનસમાજને ભારરૂપ થઈ પડે છે; પણ સાધુ (**તેના ખરા અર્થમાં**) કોઇ પણ રીતે ભારરૂપ થઇ પડે એ શક્ય જ નથી. ઇતિહાસ તરફ નજર કરીશું અને સાધુઓએ જનસમાજ માટે **શું શું કર્યું** છે તે તપાસીશું તો એ વાતનો ખુલાસો મળી રહેશે. **ધર્મદૃષ્ટિએ જોઇએ તો** આ સાધુ–નામ માત્ર ધારણ કરનાર નહિ પણ ખરા અર્થમાં સાધુ—ના સંપ્રદાયે મનુષ્યનાં નયન સમીપ પવિત્રતા, આત્મનિગ્રહ અને **વ્યવહારૂ** વૈરાગ્યની ઉચ્ચતમ ભાવનાઓ મૂકી છે, સશક્ત લોકોએ અશક્ત લોકોને મદદ કરવી જોઇએ એવી વૃત્તિ ઉત્પન્ન કરી છે, સત્ય કલ્યાણનો માર્ગ બતાવી અનેકને એ તરફ વાળ્યા છે; એ ઉપર-ઉપરથી જોનારને પણ ધ્યાનમાં આવી શકે એવું છે. **સામાજિક દૃષ્ટિએ જોતાં** સમાજમાં રહેલા અનિષ્ટ તત્વો દૂર કરવામાં–સમાજસુધારણામાં એ વર્ગે ઘણું કર્યું છે અને કરે છે. જ્યારે એક પક્ષે સાધુઓ મનુષ્યાવસ્થાનું અંતિમ લક્ષ્ય નિવૃત્તિ છે એવી ઉચ્ચ ભાવના મનુષ્યોની સંમુખ નિરંતર મૂક્યાં કરે છે, ત્યારે અન્યપક્ષે એ અતિ ઉચ્ચ ધર્મ પ્રાપ્ત કરવાના **સાધન** તરીકે ગૃહધર્મોનું અને સમાજધર્મોનું પાલન કરવાને તેઓ કંઈ ઓછું પ્રબોધતા નથી. જૈન સંપ્રદાય સાધુજીવનનું–મુનિધર્મનું બહુ સૂક્ષ્મ રીતે અવલોકન કરે છે અને તેના આચારાદિના સુઘટિત નિયમો યોજે છે. એ જીવનનું બંધારણ એવું છે કે, જેથી એ વર્ગ સમાજઉન્નતિમાં બહુ સાહાય્યક નીવડે. એને સંસારની ઉપાધિ નથી, ભરણપોષણની ચિંતા નથી, દીકરાદીકરી પરણાવવાં નથી, ઘરહાટ ચણાવવાં નથી, ટુંકામાં મનને અન્યત્ર રોકવું પડે એવું એક પણ કાર્ય તેને કરવાનું નથી, તેમ વળી માન સન્માન ગાદી કે એવી બીજી ધર્માચાર્યોને અંગે રહેતી ઉપાધિઓનાં બંધન નથી. **એ જીવન એકાન્ત પરોપકારપરાયણ છે.** એમાં આળસરૂપ નિવૃત્તિ નથી, પરંતુ **વિશુદ્ધ પ્રવૃત્તિગર્ભિત નિવૃત્તિ** છે; સંકોચ–સ્વાર્થ–કૃપણતા–પ્રતારણાનો એ માર્ગ નથી, પણ સર્વ પુરૂષાર્થોને પૂરતો માર્ગ આપી પરોપકારની વૃત્તિને પૂરતો રસ્તો આપે એવો પરમ વિશુદ્ધ માર્ગ છે. દેશકાલ–સ્થિતિ–સંબંધાદિનો વિચાર કરતા રહી કર્તવ્યયોજના ઘડવી, તેવા કર્તવ્યપાલનમાં પોતે દૃઢ રહી, તે તે સમયને ઉચિત એવાં કર્તવ્યના સ્વરૂપનું લોકોને જ્ઞાન આપી તેમાં પ્રવર્તાવવા, સત્ય સંકલ્પ અને શુદ્ધ વિચારોમાં પ્રજાના હિતશોધનમાં તત્પર રહી આદર્શ દૃષ્ટાન્ત ખડું કરવું: એવાં એવાં કર્તવ્યો બજાવવાની અનુકૂળતા આ ઓછી ઉપાધિવાળા નચિંત અવ્યગ્ર જીવનને વિશેષ છે. ખરી વાત છે કે, કાળબળે કે ગ્રહના અવળાયોગે કે ગમે તે બીજાં કારણોથી આવા જીવનમાં પ્રમાદ, આળસ, અવ્યવસ્થા, સંકુચિતતા, વ્યગ્રતા અને ચિંતાએ ધામા નાંખ્યા છે; કર્તવ્યનિષ્ઠા, શ્રદ્ધા, ઉદારતા, પ્રેમ અને સત્યનિષ્ઠાને

સ્થાને તેમનામાં કર્તવ્યવિમુખતા, વ્હેમ, સ્વાર્થ, સંકોચ, મોહ, કૃપણતા, પ્રપંચ અને પ્રતારણાએ પ્રવેશ કર્યો છે; કેટલેક સ્થળે તો બહારના આડંબર, દંભ અને ઢોળનાં જ નાટક ભજવવામાં આવે છે. તોપણ **શ્રદ્ધાનું** તત્વ આપણા લોકને પરંપરાએ માતાના ધાવણની સાથેજ મળતું હોવાથી એ જીવન પ્રત્યેની આપણી સન્માનવૃત્તિ, પૂજ્યભાવ અને શ્રદ્ધા ટકી રહ્યાં છે. અને એ પૂજ્યભાવ અને માનવૃત્તિને લીધેજ હજી એ જીવન સુધારી લેવામાં આવે તો બહુ સારૂં કામ કરી શકે એમ છે. આ સંમત પણ ખરી ટીકા **જે વાતને ગર્ભમાં રાખીને** કરવામાં આવી છે તે એ છે કે, આ જીવન પ્રત્યે ગૃહસ્થ વર્ગની સામાન્ય પૂજ્ય બુદ્ધિ રહે છે, સ્વાભાવિક શ્રદ્ધા હોય છે, એક વિદ્વાન્ ગૃહસ્થના ઉપદેશ કરતાં એક સાધારણ પ્રકારના ત્યાગી મુનિનો ઉપદેશ કોઈ કોઈવાર વધારે અસરકારક નીવડે છે; તો તેનો લાભ લઇ એ જીવન ગાળનારાઓ તેમને અવિહિત એવી પ્રવૃત્તિમાં ન પડે તેમજ શ્રાવકવર્ગ પણ ખરી વસ્તુસ્થિતિ ધ્યાનમાં લઈ વર્તે. આથી વિરૂદ્ધ થવામાં પૂર્વોક્ત ટીકા કરવાનાં બીજ રહેલાં છે. કેવળ સ્વાર્થપરાયણતા, પોતાના ઉદરપોષણ અર્થે જીવનવ્યવહાર કે કંઈજ ન કરતાં જ્ઞાન રહીત ત્યાગ લઇ **નિવૃત્તિને નામે આળસ-પ્રમાદ-અસત્પ્રવૃત્તિ કે મનોરથ-સૃષ્ટિમાં નિમગ્નતા**ના સેવન માટે મુનિવ્રત હોયજ નહિ,—છે પણ નહિ. આ જીવનની મહત્તા એટલાજ માટે છે કે એથી સ્વપરહિત સાધવાની અનુકૂળતા વિશેષ છે. સર્વસંગપરિત્યાગ એ અનુકૂળતાના, આધાર રૂપ છે. આપણે ધ્યાનપૂર્વક જોઈશું તો જણાશે કે, વૈરાગ્ય ભાવની જેમજેમ ન્યુનતા થતી જાય છે, તેમતેમ ધર્મના ક્ષેત્રમાં પ્રપંચો વધારે ને વધારે પ્રમાણમાં પ્રવેશ કરતા જાય છે અને તેટલા પ્રમાણમાં આત્મિક દશાની ન્યૂનતા અને ખરા કર્તવ્યથી વિમુખતા આવે છે. વૈરાગ્યની ઉગ્રભાવનાવાળા સમર્થ સાધુઉપદેશકો પોતાના જીવનકાળમાં પોતાના ઉપદેશ પ્રમાણે વર્તન રાખે છે અને એવી રીતથી તેમનો ઉપદેશ હિતસાધક નીવડે છે.

પ્રત્યેક સુવિચારક જાણે છે કે, કોઈ પણ સમાજની કે ધર્મની ઉન્નતિ, પ્રસાર, કે અવનતિનો આધાર તેના ઉપદેશકવર્ગ ઉપર રહે છે, અને ધાર્મિક ઉન્નતિ **વિના** સામાજિક સુધારણાની આશા વ્યર્થ છે. સાંસારિક અભ્યુદય અને પારમાર્થિક નિઃશ્રેયસ્‌ના ઉપદેશો યોગ્ય આચાર્યોદ્વારા નીકળતા અને શાસન ઉન્નત અવસ્થાએ પહોંચતું, એ વાત પણ આપણા સંપ્રદાયના ઇતિહાસથી સુસિદ્ધ છે. જંબુ સ્વામી, ભદ્રબાહુ સ્વામી, હેમચન્દ્રાચાર્ય, હરિભદ્રસૂરિ, સુંદરમુનિ વગેરે આચાર્યોના પ્રયાસ પ્રત્યેક જૈનધર્માભિમાનીને સુવિદિતજ હશે. કાળે કરી ઉપદેશકવર્ગમાં શિથિલતા આવી, ગચ્છભેદના કલહ વધ્યા, પરસ્પર વિદ્વેષનાં બીજ રોપાયાં, ઉપદેશકવર્ગ તરફથી તેમાં જળસિંચન થતું ગયું, એક જૈન ધર્મ અનેક શાખા-પ્રશાખામાં વ્હેંચાઇ ગયો, સંઘશક્તિ—સંયુક્ત બળ છિન્નભિન્ન થઇ ગયું, અને વ્યવહાર તેમ પરમાર્થના તેમ જૈન તત્ત્વજ્ઞાનના વાસ્તવ સ્વરૂપનું જેમને બીલકુલ ભાન કે જ્ઞાન નહિ એવા નામના વેષધારી પુરૂષો ઉપદેશકવર્ગમાં ઉભરાવા લાગ્યા. આથી પરિણામે ક્રિયા-જડતા, શુષ્કજ્ઞાન, બાહ્ય ક્રિયામાં જ રાગ, સ્થૂલતા, આંતર દોષોની સંવૃદ્ધિ, વિવેચક શક્તિને અભાવે પરીક્ષક શક્તિનો અભાવ, અયોગ્યનો આદર, કર્તવ્ય-અકર્તવ્ય યોગ્ય-અયોગ્ય ઔચિત્ય-અનૌચિત્યનું અજ્ઞાન, અને એવાં બીજાં અનેક હાનિકર અનિષ્ટ તત્ત્વો

પ્રજામાં પ્રસરી ગયાં. આ નામના ઉપદેશકોએ જો કાંઇ પણ કર્યું હોય તો તે એટલુંજ કે જૈન પ્રજામાંથી ધર્મનું સંજ્ઞા માત્ર નામ જતું અટકાવી રાખ્યું છે. ધર્મને સ્થાને ધર્માભાસ, જ્ઞાનને સ્થાને ક્રિયાજડતા આવ્યાં ખરાં, પણ કોઇનેકોઇ રૂપે ધર્મ રહ્યો તો ખરો. (ઉપકાર !) નામના ઉપદેશકોએ ટકાવી રાખેલ એ નામના ધર્મથી કંઇ વિશેષ લાભ નથી. એવા ધર્માભાસથી સંતોષ માની બેસી રહેવું એ શ્રેયસ્કર નથી.

જૈન દર્શન જે તત્વજ્ઞાનથી ભરપૂર છે અને 'તર્ક' પર બંધાયલ છે, તેનું રહસ્યપૂર્ણ જ્ઞાન પામવાની યોગ્યતા સંસારવાસનામાં સુખ માનનારા, બહારના આડંબર-ટાપટીપ-વિચારશુન્ય ક્રિયામાં લાગી રહેલા જ્ઞાનરહિત પુરૂષોમાં હોવીજ **ઘટતી** નથી, તો એ દર્શનના ઉત્તમ વિચારોને **અન્યમાં** સંક્રાન્ત કરવાની યોગ્યતા તો ક્યાંથીજ હોય ? જૈનધર્મ મલિન-અસ્વચ્છ-નાસ્તિક-સારરહીત અને અગ્રાહ્ય છે એવું કેટલેક સ્થળે મનાઇ જાય છે તે પણ **આવા નામના ઉપદેશકોને પ્રતાપેજ.** લોકમત હમેશાં હાર્દ સમજીને બંધાતો નથી, લોકને કંઈ તત્વ સમજવાની ઇચ્છા નથી-અવકાશ નથી-તેમ જરૂર પણ નથી. એ તો ઉપરઉપરની ક્રિયા, બાહ્ય વ્યાપાર, અનુયાયી વર્ગના આચારવિચાર અને ધર્મની કહેવાતી પુરાણ કથાઓ ઉપરથી કાંઇક સાધાર અને કંઇક નિરાધાર **કલ્પનાઓને** પ્રમાણ રૂપે ગણી મત બાંધે છે. આવા સ્વભાવવાળો પ્રજાવર્ગ, નામના ઉપદેશકોના ઉપદેશ, શિથિલાચાર, જડક્રિયાપરાયણતા અને અનુયાયીવર્ગની અજ્ઞાનયુક્ત પ્રવૃત્તિઓ જોઇ વિરૂદ્ધ અનુમાન બાંધે તો તેમાં અપરાધ એમનો નહિ પણ જૈન દર્શનના જ્ઞાન તથા કર્મ આદિના રહસ્ય અને ગૌરવથી છેક અજ્ઞાન એવા **ઉપદેશકોનો** છે, એમ કહેવામાં ધૃષ્ટતા નહિ જ ગણાય. આમ આપણે જોયું કે કોઇ પણ સમાજ અને ધર્મની ઉન્નત અવસ્થા થવામાં વિદ્વાન્ ઉપદેશકવર્ગ બહુ અગત્યનો ભાગ બજાવે છે અને વિશેષે કરીને એ વર્ગ જેમ ત્યાગી, નિ:સ્પૃહી, સર્વસંગપરિત્યાગી, જ્ઞાનવિજ્ઞાનયુક્ત, દેશકાલાદિનો સૂક્ષ્મવિવેક કરી કર્તવ્ય યોજના ઘડનાર, તેને અમલમાં મૂકાવવાની શક્તિ ધરાવનાર, અને **તેથીજ** પૂજ્ય અને વંદનીય, હોય, તેમ તે વધારે સારૂં કામ બજાવી શકે છે. જૈન ધર્મમાં આવા સમર્થ ઉપદેશકો થઇ ગયા છે. અહિં આ વાત લખતાં લેખકને અભિમાન થાય છે કે જૈનમાં જે ચતુર્વિધ સંઘનું બંધારણ તથા તેના કર્તવ્યવિભાગ આદિની વ્યવસ્થા છે તે બહુ સુંદર, ઉપકારક અને સર્વ પ્રકારના દેશકાળપરિસ્થિતિમાં કામ લાગી શકે તેવી ઉત્તમ છે. આ ધર્મે સ્ત્રીઓને વીસારી નથી, મોક્ષનો અધિકાર તેના હાથમાંથી છીનવી લીધો નથી, તેને પણ પરમ ગતિ પામવાનો અધિકાર સ્વીકાર્યો છે; અને વિવેકવિરાગસંપન્ન મોક્ષેચ્છુ તેમજ શાસ્ત્રોક્ત લક્ષણયુક્ત સ્ત્રી ઇચ્છાનુસાર પુરૂષની પેઠે જ દીક્ષા લઇ શકે છે. આવા સાધ્વીના વર્ગ માટે કેટલાંક ઉંચા પ્રકારનાં બંધારણો બાંધવામાં આવ્યાં છે. સાધુવર્ગના ઉપદેશનો લાભ સ્ત્રીવર્ગ ચોક્કસ જ મર્યાદામાં પામી શકે છે: તેમનો સહવાસ અમુક નિયમો આધિન રહી સેવી શકે છે અર્થાત્ એ વર્ગનો વધારે લાભ લઇ શકાય એમ નથી. આ શ્રાવિકાવર્ગની ઉન્નતિ માટે સાધ્વીનો વર્ગ બંધાયો છે. સંસારની કટુતામાં સ્ત્રીવર્ગ તરફથી વધારો નહિ પણ ઘટાડો કરવા, તેને સ્વર્ગમય બનાવવા, સ્ત્રીનાં કર્તવ્ય તેને યથાવત્ સમજાવવા, કર્તવ્યમાં ઉત્સાહ લેતી કરવા, ધર્મ અને નીતિના સંસ્કારો ભરવા, તે સાધ્વી વર્ગને કેળવવાની કેટલી અગત્ય છે એ વગેરે બાબતનું વિવેચન કરવાનો અહિં

પ્રસંગ નથી, એટલે એ સંબંધમાં મૌન રાખવું પડે છે. તો પણ સુવિચારક વિવેકી વાચક કલ્પી શકશે કે, આ ધર્મ અને નીતિના વૈરાગ્ય, અને જ્ઞાનના સંસ્કારથી સંસ્કૃત થયેલા સાધ્વીવર્ગના સંસર્ગથી શિખી સ્ત્રીવર્ગ ધાર્મિક અને નીતિમય જીવન શિખી સંસાર સુધારી શકેછે, પોતાને અને પોતાનાં કુટુમ્બીઓને ઉચ્ચગતિએ લઈ જઇ શકેછે. પુરૂષ અને સ્ત્રીવર્ગ જે રાત્રિદિવસ સંસારના કાર્યના ભારથી દબાયલો, ધર્મ અને પરમાર્થજ્ઞાન પામી શકવાને અનુકૂળ નહિ તેવી સ્થિતિમાં રહેલો છે, તેમને સાધુ અને સાધ્વીવર્ગ કે જે ઉપાધિરહીત, નચિંત છે, ધર્મ અને પરમાર્થનાં તથા નીતિ અને વ્યવહારના સ્વરૂપને યથાવત્ સમજી તેમ સમજાવી શકે છે, ઉત્તમ પ્રકારનાં ચારિત્રશીલ છે, તે, ધર્મનાં સુવ્યવસ્થિત બંધારણોને લેઇ પોતાનો લાભ આપે-અભ્યુદય અને નિઃશ્રેયસસાધક ઉપદેશ આપે-એ બંધારણ કેટલું બધું ઉત્તમ છે! ધર્મ, નીતિ, ચારિત્ર્ય, સંયમ, તપ આદિ સાત્વિકવૃત્તિ અને પ્રવૃત્તિઓનાં વાતાવરણયુક્ત સ્થાનકો, ઉત્તમ સંસ્કારવાળા, સંયમી, ચારિત્રશીલ શાસ્ત્રનિર્દિષ્ટ લક્ષણથી યુક્ત સાધુસાધ્વીવર્ગ અને શ્રદ્ધા-તત્પરતાયુક્ત ભોળોભલો ધર્મ ઉપર રૂચિવાળો શ્રાવક શ્રાવિકાનો વર્ગ, આ સર્વનો સુઘટિત સંયોગ; અહો આ દર્શન કેટલું બધું રમ્ય, આકર્ષક અને રોચક છે! આ કેટલું બધું ઉન્નતિકર બંધારણ છે! ધન્ય છે તે શાસનના રચનારાઓને! ધન્ય છે તેમની તત્વભાવના તથા ક્રિયા-કાંડાદિના સહસ્યજ્ઞાનવાળા ઉપદેશકવર્ગને, કે જેમના પ્રયાસથી, શુદ્ધ સંકલ્પોથી, સત્ય વિચારથી જૈનધર્મ એક વખત સર્વોપરી પદને પામી ચૂક્યો હતો; અકબર અને જહાંગીર જેવા બાદશાહો પાસે પોતાના તીર્થસ્થળમાં હિંસા બંધ કરવાના પરવાના લેઇ શક્યો હતો! એક વખત મ્હોટા મ્હોટા રાજા રાણાઓ આ શાસનની સત્તામાં મસ્તક નમાવતા હતા, નિઃસ્પૃહી ત્યાગી સાધુ મહાત્માઓના પગ પાસે પોતાના રાજ્યની સર્વ વિભૂતિ-ઐશ્વર્ય અર્પણ કરતા હતા, તેમના સામે હાથ જોડી ઉભા રહેતા હતા; અને આ મહાત્માઓ પણ તત્ત્વભાવનાઓમાં, તત્ત્વચિંતનમાં, સ્વકર્તવ્યમાં એટલા મસ્ત રહેતા હતા કે એ સર્વથી લેશ પણ ડગતા નહિ કે ઘમંડ કરતા નહિ. પરંતુ ક્યાં છે એ રમ્ય મનોહર ચિત્ર, ક્યાં છે એ ઉત્તમ વાતાવરણથી યુક્ત સ્થાનકો, ક્યાં છે એ જ્ઞાની ચારિત્ર્યશીલ સાધુ મહાત્માઓ, ક્યાં છે એ ધર્મ પર રૂચિ રાખનારો શ્રદ્ધાળુ શ્રોતાવર્ગ, ક્યાં છે એ વખતનાં શ્રેષ્ટ શ્લાઘ્ય પરિણામો? શી કાળની વિચિત્રતા, ગ્રહના અવળા યોગ! શી અગમ્ય કારણોની પરંપરા! આજ એમાંનું કશું નથી. 'કશું નથી' એટલે કેવળ શૂન્ય છે એમ નથી; અમારા આ ઉદ્‌ગાર સમગ્ર રીતે છે નહિ, હોઇ શકે પણ નહિ, ગમે તેમ તોએ માનવદૃષ્ટિ પરિચ્છિન્ન છે; અમુક મર્યાદાથી બહાર તેની ગતિ નથી, એટલે આ દૃષ્ટિની પરિચ્છિન્નતા, તથા જ્ઞાનની અલ્પતાના અંશ, એ ઉદ્‌ગાર કહાડવાનાં કારણોમાં ભળી જાયજ. આવી સ્થિતિમાં ઉચ્ચારાયલા આ ઉદ્‌ગાર માટે કષાયત્યાગી સાધુમહાત્માઓ તથા શ્રાવક વર્ગ ક્ષમાદૃષ્ટિ રાખશે એવી આશા છે.

વસ્ત્રપાત્રાદિ ઉપકરણોની તાલમેલ, શિષ્ય, ક્ષેત્ર અને પુસ્તકૈષણા, આહારપાણીની તજવીજ અને ગોચરીના જ નિયમોનું પઠનપાઠન જ્ઞાન, તથા ગામગપાટામાં સાધુ જીવન વ્યતીત થાય તો તેથી વધારે શોકની વાત કઇ છે વારૂ? કેટલેક સ્થળે તો સમજ્યા વગરના સૂત્રસિદ્ધાન્તોના અશુદ્ધ મુખપાઠ સિવાય અન્ય શાસ્ત્રનાં વાચનનો, કાવ્ય વ્યાકરણ સાહિત્ય ફિલોસોફિ આદિના અભ્યાસનો, વિદ્વચ્ચર્ચાનો, અન્ય ધર્મના વિચારોના સંસર્ગનો,

વગેરેનો સ્પષ્ટ નિષેધ હોઇ જ્ઞાન અને સુધારાનાં દ્વાર બંધ થયાં છે. ધર્મને નામે સંકુચિત દૃષ્ટિ, વ્હેમ, જડતા ઉપદેશાય છે. અને કંઇ પણ સત્ક્રિયા થાય તો ધર્મનો ભંગ થાય, સમકિત નાશ થાય. કર્મબંધ થાય, એવી માન્યતાથી કેવળ અહંત્વપૂર્વક આત્મપરાયણ રહેવામાં ધર્મ અને મુનિત્વ સમાયલાં સ્હમજાય છે. મુનિત્વ શામાં છે એનો શાસ્ત્ર તેમ વ્યવહારની દૃષ્ટિએ વિચાર કરતાં એમ તો નહિ જ જણાય કે, નિયમબદ્ધ ખાનપાનના પાલનમાં, ડોળડમાકવાળાં ટાપટીપીઆં ભાષણમાં, નાટકીયાં ગાયનો રચવામાં અને જેવાંતેવાં પુસ્તકો બહાર પાડવામાં મુનિત્વ સમાયલું છે; તો પછી પરસ્પર વિદ્વેષ કરવામાં, અન્યનાં છિદ્રો તપાસવામાં, અન્યના જરા જેટલા દોષને મ્હોટા કરી બતાવવામાં. ઝીણી ઝીણી વાતોને મનમાં રાખી કુસંપ વધારવામાં, પોતાના વાડામાંનાં ઘેટાંઓ બીજાના વાડામાં ન ઘુસી જાય તે માટે એક નાદાન ભરવાડ જેટલા જ જુસ્સાથી મ્હોટા ડંગોરા લઇ સામસામા શબ્દવિષથી ભર્યાં પ્રહારો કરવામાં, શિષ્ય કરવા માટે એક અમુક ગૃહસ્થ જેટલી ચિંતા સેવી ગમે તેવા પ્રપંચોમાં પડવામાં, અને બિચારા ભોળા અજ્ઞાન વર્ગને ફસાવવામાં મુનિત્વ શાનુંજ હોય? પરંતુ જનોઇના દોરામાં બ્રાહ્મણત્વ અને રાતાં વસ્ત્રમાં સંન્યાસીત્વ મનાય છે તેમ, મુનિત્વ પણ એવા એવા નિષિદ્ધ વ્યવહારોમાં મનાઇ ગયું છે. વિરાગ, અભ્યાસ, વિચારણા, ધર્મધ્યાન, યોગાનુષ્ઠાન, પ્રજાહિતના સંકલ્પ, અભ્યુદયસાધક ઉપદેશ અને શિક્ષણ એનાં તો સ્વપ્નાંજ રહ્યાં છે. કોઇ કોઇ ઉપદેશકનાં વ્યાખ્યાન ક્વચિતજ સંભળાય છે. **मननात् मुनिरुच्यते 'મનન કરે છે માટે** 'મુનિ' કહેવાય છે' પરંતુ મનન શાનું? શું આહાર, નિદ્રા, ભય, મૈથુનાદિ **પશુધર્મોનું**? શું કેવળ **આપસ્વાર્થનું**? પરદોષદર્શન કે પરનિન્દાકથનનું? શાસ્ત્રનિષિદ્ધ ત્યાજ્ય વ્યવહારનું? ના, ના, એમ તો નજ હોય અને નથીજ. એ મનન તે નિદ્રા, લોકવાર્તા, શરીર આદિના **વિસ્મરણપૂર્વક** આત્મભાવનું, શાસ્ત્રનું, લોકસ્થિતિનું, દેશકાલાદિનું, વારંવાર બદલાતી જતી જવાબદારીનું મનન છે. **આવા મનનમાં મસ્ત એજ મુનિ.** આવાં મનનને પરિણામે નીપજતી સંશય અને વિપર્યયરહીત નિશ્ચિત કર્તવ્યપદ્ધતિને ઘડવામાં અને જવાબદારી બજાવવામાં નિમગ્ન એજ મુનિ. આત્મહિત સાધી ચૂકેલો, ભવસાગર તરી પાર ગએલો, અહેતુક દયાથી લોકહિત અર્થે પ્રયતમાન એજ 'યતિ.' '**આનંદઘનોર્મિ**'માં કહ્યું છે કે—"આતમજ્ઞાની શ્રમણ કહાવે; બીજા તો દ્રવ્યલિંગી રે......" શાન્ત–દાન્ત–ધીર–રાગદ્વેષરહીત–જ્ઞાન, દર્શન, ચારિત્ર, સંયમમાં જ ક્રીડા કરનાર–પ્રીતિરાખનાર–તૃપ્તિલેનાર તેજ પૂજ્ય–વંદનીય **જૈનમુનિ** છે. શાસ્ત્રદીપના પ્રકાશવડે આવું આદર્શ મુનિત્વ સ્પષ્ટ સ્હમજાય છે. ચિત્તગત દોષોના સામર્થ્યવશાત્ આ વાત આપણે ન સમજીએ, એ પ્રકાશથી જ્ઞાન પામી તદનુસાર ન વર્તીએ, તો **આપણો** દોષ છે, અને તેની શિક્ષા પણ **આપણેજ** ભોગવવી પડે છે–ભોગવીએ પણ છીએ.

તોપણ જમાનો પલટાયો છે, હજી પલટાય છે. મુદ્રણકળા, પત્રવ્યવહારાદિની થએલી સવડ, કેળવણીની સુલભતા, પાશ્ચાત્ય વિચારોનો સહવાસ, નવશિક્ષિત યુવક વર્ગ, બદલાયલા દેશકાલ સંબંધ આદિનો યોગ થયો છે. અંધશ્રદ્ધા, ધર્મઘેલછા, ગચ્છભેદના કલહ, મતભેદની અસહિષ્ણુતા, હૃદયસંકોચ, સ્વાર્થ, આડંબર, બાહ્ય સ્થૂલ વિચારશૂન્ય ધર્માભાસયુક્ત જડક્રિયાપરાયણતા: એ સર્વને સ્થાને કોઇ કોઇ સ્થલે કંઇક કંઇક (સર્વાંશે તો નહિજ) ઘણો ભાગ હજી ઉપર કહી તેવી સ્થિતિમાં છે. વિચારયુક્ત શ્રદ્ધા, ખરૂં ધર્માભિમાન, સહન-

શીલતા, હૃદયવિસ્તાર પરાર્થ બુદ્ધિ, તત્ત્વભાવના અને જ્ઞાન પર રૂચિ, આંતર દોષો ટાળવાની પ્રવૃત્તિ તથા હરેકનું કહ્યું સાંભળવાની વૃત્તિ જોવામાં આવે છે. જમાનો **વિચારસ્વતંત્રતા**નો છે. ન્યાયસિદ્ધ પ્રમાણોની કસોટીએ ચડાવેલા સિદ્ધાન્તોજ સ્વીકારાય છે, દરેક સિદ્ધાન્તનું રહસ્ય જોવાય છે, દરેક ક્રિયાનું પ્રયોજન-ફલ-વિધિ પૂછાય છે, જેવુંતેવું ચલાવી લેવામાં આવતું નથી: આવી સ્થિતિ થતી જાય છે-થવા પર છે.

આથી મુનિવર્ગ ઉપર પણ અસર થવા માંડી છે. એ વર્ગ પણ પોતાની ખરી મહત્તા શામાં છે તે આસ્તે આસ્તે સ્હમજવા લાગ્યો છે. જો કે પ્રમાણમાં અજ્ઞાન, અંધકાર અને અથડામણ વિશેષ છે ખરાં, તોપણ કંઇક સંતોષ થાય એવી સ્થિતિસૂચક ચિન્હ જોવામાં આવે છે ખરાં.

મુનિઓએ કેવા થવું અને શું કરવું એ બે પ્રશ્નો હમેશાં વિચારવા જોઇએ. તેમના કેટલાક ધર્મો દેશકાલાદિની દૃષ્ટિએ ફેરવાય છે; કેટલાક નથી ફેરવાતા. જમાનાનો વિચાર કરી પ્રજાહિત માટે તેમણે તત્પર રહેવું જોઇએ. ભગવાન્ **શંકર**, **બુદ્ધ**, **પતંજલી** વગેરે પૂર્વાત્ય અને કેન્ટ, **મીલ**, **હર્બર્ટ સ્પેન્સર** વગેરે પાશ્ચાત્ય તત્ત્વજ્ઞ, અર્થશાસ્ત્રી, ન્યાયશાસ્ત્રીના વિચારોનો પ્રવાહ, સંબંધ, સહવાસ અને આજુબાજુની હવાને અંગે બેસતા કેટલાક સંસ્કારો, **એ સર્વપર લક્ષ રાખી** હાલની કર્તવ્યયોજના ઘડવાનો દીર્ઘદૃષ્ટિથી અભ્યાસ કરનાર, ઘડેલી યોજનાને અમલમાં મૂકનાર તેમજ મૂકાવવાની શક્તિ (સત્તા) ધરાવનાર **મુનિવર્ગની અત્યારે જરૂર છે.** પાશ્ચાત્ય તત્ત્વજ્ઞોના ઉલ્લેખો અને સ્વતંત્ર લેખોથી વાકેફ થઇ નવશિક્ષિત યુવકોને નવીન પદ્ધતિએ જૈન ધર્મનાં રહસ્યભૂત તત્ત્વો સ્હમજાવવાની અગત્ય છે. નવીન ફિલોસોફી સાથે જૈન તત્ત્વજ્ઞાનને સરખાવી સર્વ હકીકત બરાબર રીતે સ્હમજાવવા-ઉપદેશવા પૂરતી જ્ઞાનસામગ્રી મેળવવી જોઇએ. પ્રજાની જરૂરીઆતો અને પરિસ્થિતિ સમજી તેમના ઉદ્ધાર માટે વિચારપુરઃસર ઉપદેશપદ્ધતિ ઘડવી જોઇએ. પ્રજાહિત અને આત્મહિતના વિશુદ્ધ સંકલ્પો અને સત્ય વિચારોમાં નિમગ્ન રહેવું જોઇએ. એમ અનેક વિધિઓ જમાનાની નજરે બતાવી શકાય એમ છે.

સમાજરૂપ ગાડાને યોગ્ય માર્ગે દોરી જવાનું સારથીપણું જેને પ્રાપ્ત થયું છે એવો મુનિવર્ગ યોગ્યમાર્ગના જ્ઞાનવાળો, તેવે માર્ગે દોરી જવાથી શક્તિવાળો, કુશળ, વિવેકી હોવોજ જોઇએ એ નિઃસંદેહ છે. એ વર્ગ તેવો થાય તે માટે પ્રયાસ લેવાનું કામ **સર્વનું** છે. વાસ્તવિક રીતે મુનિઓનો કર્તવ્યપ્રદેશ સંકુચિત નહિ પણ વિશાળ છે. વિસ્તારભયથી અહિં તો કંઇક દિગ્દર્શન આ પ્રમાણે થઇ શકે:—

(૧) મુનિજીવનનો પાયો વિશુદ્ધ **વિરાગ** અને **વિવેક** ઉપર રચાવો જોઇએ.

(૨) વિવેક-વિરાગસંપન્ન જ્ઞાની મુનિ હોય તેજ પોતાના કર્તવ્યપ્રદેશનું **સ્વરૂપ સ્હમજી** તેમાં ચારે ખૂણે વિચરી શકે છે.

(૩) કર્તવ્ય જાણવાની **ઇચ્છા**, કર્તવ્ય સમજવાની **શક્તિ** અને કર્તવ્ય પાળવાની **દૃઢતા** એ કર્તવ્યનિષ્ઠાનાં ત્રણ અંગ છે, આ ત્રણમાંથી એક પણ અંગ જેમાં ન્યૂન ન હોય તેજ કર્તવ્યનિષ્ઠ રહી શકે છે.

(૪) આ વિવેકવિરાગશીલ, જ્ઞાની, કર્તવ્યનિષ્ઠ મુનિનો **કાર્યપ્રદેશ વિશાળ** હોય છે, અને વગર બતાવ્યે તે તેમાં ઘૂમી શકે છે અને **ઉચ્ચતમ પરિણામો લાવે** છે.

(૫) હવે **કર્તવ્યપ્રદેશ**નો અંગુલિનિર્દેશ કરીએ:—આ સૂચનામાં કંઈ અપૂર્વત્વ ચમત્કાર કે વિશેષતા જેવું છે એમ લેખકનું માનવું નથી; તો પણ તેની પરિચ્છિન્ન દૃષ્ટિએ જણાતું કર્તવ્ય સૌની પેઠે તે પણ જણાવે છે.

જ્યાં જ્યાં વિહાર કરવાનો હોય ત્યાં ત્યાં લોકોની સ્થિતિ, ધર્મરૂચિ, જરૂરીઆતો વગેરેનું જ્ઞાન મેળવી, પછી લાંબો વિચાર કરી, તદનુસાર ઉપદેશપદ્ધતિ રાખવી અને કંઈને કંઇ સારૂં **કામ કરાવવું.**

ધર્મની કેળવણીનો, પુસ્તકાલયોનો, સદ્‌જ્ઞાનનો પ્રસાર કરવો. ધર્મવૃત્તિને સતેજ બનાવી સમાજમાં ધર્મવૃદ્ધિ કરવી.

કુસંપ, વિદ્વેષ, ઝઘડા, તડ, વાંધાનો સમૂલ નાશ થાય તે માટે બનતા પ્રયાસ કરવા.

શાસ્ત્રજ્ઞાન પામી તેનું રહસ્ય લોકોને સ્હમજાવી ધર્મને નામે ચાલતી કેટલીક વિનાશક રૂઢીઓનો નાશ કરવો; લોકોને ભ્રમમાંથી કાઢી સાચી હકીકતથી વાકેફ કરવા.

સાધુશાળા અને સાધ્વીશાળા ખોલાવવી તથા સાધુસાધ્વીનો વર્ગ ઉચ્ચ પ્રકારનો નીવડે એવા પ્રયાસ લેવા.

નમાલા ગ્રંથો બહાર પાડવાની, જગતની જુઠી મ્હોટાઇ મેળવવાની, અને જે પ્રવૃત્તિ સામાન્ય ગૃહસ્થો પણ સેવી શકે તેવી પ્રવૃત્તિઓમાં પડી કવિ-પંડિત-લેખક-ગ્રંથકાર કહેવડાવવાની લાલસાને અટકાવી **માગધી અને સં**સ્કૃત ભાષામાં નિષ્ણાત થઇ **ધર્મશાસ્ત્રોનાં ગંભીર રહસ્યોના** ચિંતનમાં મસ્ત થઇ અપૂર્વ તત્ત્વો બહાર લાવી **નવીન પ્રકાશ પાડવો.** ઉંડા ઉતરી ખરાં મોતી બહાર લાવવાં. સપાટી ઉપર તરવાથી કે કાંઠે કાંઠે રખડવાથી તો નમાલાં શંખલાં અને કોડીઓ જ મળશે. આવાં શંખલાં અને કોડીથી રમવાની **બાલ** રમતો **મુનિ**ને શોભે નહિ.

ધર્મના પ્રદેશમાંથી પ્રપંચ, પ્રતારણો દૂર કરવાં.

પ્રજાના હિતશોધનમાં નિષ્કામભાવે મસ્તિષ્કનું વ્યય કરવું.

જૈન સમાજમાંથી 'યોગ'નું નામ જતું રહ્યું છે. યોગનો ઉપદેશ તો કોઇકજ સ્થળે **થતો** હશે. તો આ પણ એક કર્તવ્ય છે. યોગ સાધવાને મુનિઓને કેટલીક અગવડો છે ખરી, પણ એક એવું ખાસ મંડળ સ્થાપી એકાન્ત સ્થળમાં એ શાસ્ત્રનો અભ્યાસ થાય, કંઇક અનુષ્ઠાન થાય, અને યોગ-વિદ્યા ખીલે તો અવશ્ય કંઇ સિદ્ધિ જણાય. આ વિષય એવો છે કે તેના પર વિસ્તારથી લખવાની જરૂર છે. સુજ્ઞ મુનિવરો વિચારશે.

લેખક પોતાને ઉચ્ચસ્થાને બેસાડી કર્તવ્યનો ઉપદેશ આપવાનું ઘમંડ નથી ધરાવતો; તે પણ એક સાધારણ વ્યક્તિ છે. તેને ઇચ્છાઓ મહાન્ છે ખરી, એ ઇચ્છા પાર પાડવાની અનુકૂળતા તેને હાથ નથી. આવી ઇચ્છાના વેગે આ લેખને જન્મ આપ્યો છે. એ વેગની તીવ્રતામાં કંઇ વિરૂદ્ધ લખાયું હોય તો તે માટે ક્ષમા મળશે એમ તેને વિશ્વાસ છે.

અંતમાં મુનિનું નિશ્ચિંત અવ્યગ્ર જીવન ગાળવાનું સદ્‌ભાગ્ય જેઓને મળ્યું છે તે વર્ગ તે જીવનનું સ્વરૂપ અને ઉદ્દેશ યથાવત્ સ્હમજી તેનો સદુપયોગ કરે અને તેના કુશળ સારથીપણાથી સમાજ ઉચ્ચ સ્થાનને પામે એવી પ્રાર્થનાપૂર્વક વૃત્તિ વિરમે છે. **ૐ શાન્તિ:**

જૈન સ્થાનક, **અંજાર** } **'વિજ્ઞાન ભિક્ષુમંડલ'માંનો એક 'ભિક્ષુ'**
તા. ૧૧-૭-૧૩ } **મુનિ T.**

# જૈનો અને કેળવણી.

( લખનારઃ-રા. રા. હિમ્મતલાલ ગણેશજી અંજારીઆ એમ્. એ. એલ્. એલ્. બી. )

જગત આનંદથી જુએ છે કે જૈનોએ કેળવણીની જરૂર ત્વરાથી સ્વીકારી છે અને તત્પરતાથી પગલાં ભરવા કમ્મર કસી છે. પરંતુ, દીલગીરી સાથે જણાવવું પડે છે કે એટલાં બધાં નાણાં બહોળે હાથે ખરચવામાં આવે છે, છતાં કેળવણી વિષે **સંગીન** અભ્યાસ કરી, **સ્વતંત્ર વિચારો બાંધી શકે તેવા** કેળવણી-પૂજકો દેખાતા નથી. આવા કેળવણી-પૂજકોને અભાવે જે ખરચ થાય છે તેનો લાભ જેટલો મળવો જોઇએ તેટલો મળતો નથી.

'કેળવણી-પૂજકો' એ નવો શબ્દ વાપરતાં તેનો હું શો અર્થ કરૂં છું તે મારે કહેવું જોઇએ. પૂજક એટલે પૂજનાર; કેળવણીને પૂજનારાઓ જૈનોમાં નથી એમ ન કહેવાય, જો પૂજકમાં હું 'પૂજનાર' એટલોજ અર્થ સમાવું તો પૂજક એટલે પૂજનાર ખરા, પણ હાલના આપણા **ગતાનુગતિક** પૂજનાર જ નહિં, પણ કેળવણી વિષયે ખરૂં જ્ઞાન મેળવી, આપણી જરૂરીયાતોનો ઉંડો વિચાર કરી, ખરી કેળવણીના પ્રચાર માટે પોતાનું સર્વસ્વ તજી દઈ, ખરો ભક્ત પોતાના દેવને જેવી રીતે પૂજે-પૂજે તેટલું જ નહિ પણ—પોતાપણું ભૂલી જઈ, પૂજ્યદેવમાં જ પોતાપણાનો સમાવેશ કરી દે તેવા ભક્ત, તેવા અનન્ય ભક્તનેજ "કેળવણી પૂજક" હું કહું છું. ખાસ કરીને ત્રણ બાબતોના વિચારમાં જ પોતાનું જીવન-અગર જીવનની અમુક ઘડીયો સમર્પવાને તૈયાર હોય તેવાજ કેળવણીપૂજક કેળવણી સંબંધે કાંઇક કહી શકે અને તેવાજ ખરો લાભ આપી, વપરાતા પૈસાનો પૂરો બદલો લઇ શકે. તે ત્રણ બાબતો હું નીચેની ગણું છું:-૧ ખરી કેળવણી કોને કહેવાય એ દેશકાળ અને પાત્રનો વિચાર કરી જાણવું; ૨ તેવી કેળવણી કેવી પદ્ધતિથી આપી શકાય તેનો વિચાર કરી, આચાર માટે માર્ગ નિર્દેશ કરવો. ૩ તેમ કરવા માટે જોઇતાં નાણાં એકઠાં કરવાં અને તેને સન્માર્ગે ખરચવા જીવતોડ પ્રયાસ કરવા. આવી રીતે પ્રયાસ કરનારાને અને ઉપર કહ્યું તેટલું જ્ઞાન અને વિચાર કરનારાઓનેજ હું 'કેળવણીપૂજક' કહું છું. આવો સંપૂર્ણાર્થમાં 'કેળવણીપૂજક' કોઇપણ નહિં હોવાથી જૈનોનો કેળવણી માટેનો ઉત્સાહ ખારી જમીનમાં પ્રવેશ કરનારા ઝરણ પેઠે ગુમ થઇ જાય છે અને કેળવણી માટે ખરચાતાં નાણાં અનુત્પાદક બીઆં પેઠે કાંતો સડી જાય છે અને નહિતર બહુજ કંગાળ પેદાશ આપે છે.

આ ખરેખર ખુશી થવા જેવું છે કે, જૈનો સારો પૈસો કેળવણી માટે ખરચી શકે તેવા છે અને ખરચે પણ છે. પરંતુ ઉપર કહેલા કારણને લીધે તે પૈસાનો પૂરો લાભ મળી શકતો નથી એ બતાવવાનો આ પ્રયાસ છે.

કેળવણી કેવી જાતની આપવી જોઇએ એ તો કોઇપણ વિચાર કરતુંજ નથી. દેશકાળને ધ્યાનમાં લઇ ઘટતા ફારફેર સાથે કેળવણી આપવાનું બની શકે તો, ખરેખર, જૈનો પણ એક આગળ પડતી કોમ થઈ જાય. હમણાં તો જૂને ચીલે વગર વિચાર્યેજ જવાય છે, અને તેમાં માત્ર ધર્મનો વિષય ઉમેરાય છે: તે ઉમેરો પણ કેટલાં સારાં ફળ આપશે એ તો અત્યારે કોઇ કહી શકે નહિ.

જૈનો એ મુખ્ય કરીને વ્યાપારી પ્રજા છે. આપણા હાલના રાજકર્ત્તાઓ પણ એક વ્યાપારી પ્રજા જ છે એમ સામ્ય આપીએ તો તેમાં અત્યુક્તિ કે ખુશામત કહેવાને કાંઇ કારણ નથી. પોતાની પરંપરાપ્રાપ્ત વૃત્તિને પોષી, કેળવી, સમર્થ કરવામાં આવે તો ભવિષ્યમાં જૈનો શું ન કરી શકે એ કહી શકાય નહિ. પણ તેવાં સામર્થ્ય માટે કઈ જાતની કેળવણી ઇષ્ટ છે તે વિચારવું જોઇએ. તે વિચારવા માટે કેળવણીનાં શાસ્ત્ર અને તેની કળાનો પણ ગાઢ અભ્યાસ કરવો જોઇએ. જ્યાં સુધી એવા વિચારને જ પોતાના જીવનનું મુખ્ય લક્ષ્ય બનાવનારા ન નીકળે ત્યાં સુધી કેળવણીની દિશા નિર્ણીત થઈ શકશે નહિ. માટે પહેલી જરૂર તો કેળવણી વિષે સંપૂર્ણ, સર્વતોમુખ, સર્વગ્રાહી, અને સ્વતંત્ર અભ્યાસ કરનારની મોટી જરૂર છે. જો જૈનોમાં તેવા ન નીકળી શકે તો અન્યથી પણ તે જાતની મદદ લેવામાં નાણાં ખરચવાં પડે તો તે પણ લાભકારક ખરચ છે એમ સમજવું જોઇએ.

હાલ તેવું કોઇ નહિ હોવાથી, હાલના જૈનોનાં કેળવણીખાતાંઓપર દેખરેખ રાખનારા કાંતો વકીલવર્ગમાંના ઉત્સાહી પુરૂષો અને તે પણ ન મળે તો વેપારીવર્ગમાંથી કોઇ મહેનતુ સ્વયંસેવકો હોય છે. વકીલનો ધંધો અને વેપારીની ઉદ્યોગી જીંદગી દેખરેખ માટે પણ ભાગ્યે જ ફુરસદ આપી શકે છે. તો પછી કેળવણીની દિશા બતાવવાનું તો તેવા લોકોથી કેમજ બની શકે ? અને કદાચ કોઇ તે બાબતપર મહેનત કરવા વિચાર રાખે, તોપણ તેમના પ્રયાસ છુટાછવાયા અને ક્ષણ ક્ષણનાજ હોઇ શકે.

જ્યારે લોકોની આંખમાં સામેથી પેસી જાય તેવાં પરિણામ બતાવી શકાતાં નથી, ત્યારે સ્વાભાવિક રીતેજ લોકો નાણાં આપવામાં ઉદાર રહી શકતા નથી. એટલે જૈનોની કેળવણીની સંસ્થાઓમાં બીજી મુસ્કેલી નાણાંની પડે છે. એક વખત તો એક સંસ્થા તાબડતોબ કાઢવામાં આવે છે, પણ પછી તે નિભાવવા માટે જોઇએ તેટલાં નાણાં નહીં હોવાથી જેમ તેમ કરી તેને ચાલુ રાખવામાં આવે છે. કેળવણી સારી આપવાના કે તેને માટે સારા શિક્ષકો કે સારાં સાધનો પૂરાં પાડવાના વિચાર માત્રને દૂરજ કરી દેવા પડે છે. માત્ર ઉઘાડેલું ખાતું કેમ ચાલે તેટલોજ વિચાર રાખી ગમે તેવું કામ સ્વીકારવું પડે છે. આવી સ્થિતિના ગેરફાયદાનું વિવેચન કરવાની જરૂર નથી. જો કોઈપણ એકાદ સંસ્થામાં ઉપર ફરતી નજર નાખશે તોપણ જાણી શકશે કે ઉપરની ટીકામાં કેટલું સત્ય છે.

જૈનો પૈસા ખરચવે બહુજ ઉદાર છે, જૈનો નવા પ્રયાસો ખેડવે બહુજ સાહસિક હોય છે, જૈનો પરોપકાર માટે સદા તત્પર હોય છે, જૈનો સ્વધર્મ માટે બહુજ ચુસ્ત હોય છે, જૈનો એવી સુંવાળી અને શુભેચ્છક કોમ છે કે સારા રસ્તા બતાવવામાં આવે તો તે તુર્ત વળી શકે છે; આવા કોમના સાહજીક ગુણોનો લાભ લેવો અને તેનાં સારામાં સારાં પરિણામ લાવવાં એ દરેક સમજુ જૈનનું અને બીજા પણ—જાહેરદાનનું પણ કર્ત્તવ્ય છે. તે કર્તવ્યનાં ભાનથીજ ઉપરની ટીકા કરવામાં આવી છે અને આશા છે કે તેનો સારો અર્થ લેવામાં આવશે અને જૈન ભાઇઓ તેમના કેળવણી માટેનાં પગલાંઓ વધારે ત્વરાથી અને વધારે લાભ આપી શકે તેવી રીતે ભરવાનું ચાલુ રાખશે. તથાસ્તુ.

# सद्धर्म-सन्देश.

मन्दाकिनी दयाकी, जिसने यहां बहाई ।
हिंसा कठोरताकी, कीचडको धो बहाई ॥
समता सुमित्रताका, ऐसा अमृत पिलाया ।
द्वेषादि रोग भागे, मदका पता न पाया ॥ १ ॥
उस ही महान् प्रभुके, तुम हो सभी उपासक ।
उस वीर वीर जिनके, सद्धर्मके सुधारक ॥
अतएव तुम भी वैसे, बननेका ध्यान रक्खो ।
आदर्श भी उसीका, आँखोंके आगे रक्खो ॥ २ ॥
संकीर्णता हटाओ, दिलको बडा बनाओ ।
निज कार्यक्षेत्रकी अब, सीमाको कुछ बढाओ ॥
सबहीको अपना समझो, सबको सुखी बना दो ।
औरोंके हेतु अपने, प्रिय प्राण भी लगा दो ॥ ३ ॥
ऊंचा उदार पावन, सुखशान्तिपूर्ण प्यारा ।
यह धर्मवृक्ष सबका, निजका नहीं तुम्हारा ॥
रोको न तुम किसीको, छायामें बैठने दो ।
कुल जाति कोई भी हो, संताप मेटने दो ॥ ४ ॥
जो चाहता हो अपना, कल्याण, मित्र ! करना— ।
जगदेकबन्धु जिनका, पूजन पवित्र करना ॥
दिल खोल करके करने दो, चाहे कोई भी हो ।
फलतेहैं भाव सबके, कुल जाति कोई भी हो ॥ ५ ॥
सन्तुष्टि शान्ति सच्ची, होती है ऐसी जिससे ।
ऐहिक क्षुधा पिपासा, रहती है फिर न जिससे— ॥
यह है प्रसाद प्रभुका, पुस्तक—स्वरूप इसको ।
सुख चाहते सभी हैं, चखने दो चाहे जिसको ॥ ६ ॥
यूरुप अमेरिकादिक, सारे ही देशवाले ।
अधिकारि इसके सब हैं, मानव सफेद काले ॥

अतएव कर सकें वे, उपभोग जिस तरहसे ।
यह बाँट दीजिए उन, सबको ही उस तरहसे ॥ ७ ॥
यह धर्मरत्न धनिको !, भगवानकी अमानत ।
हो सावधान सुन लो, करना नहीं खयानत ॥
दे दो प्रसन्न मनसे, यह वक्त आ गया है ।
इस ओर सब जगतका, अब ध्यान लग रहा है ॥८॥
कर्तव्यका समय है, निश्चिंत हो न बैठो ।
थोथी बडाइयोंमें, उन्मत्त हो न ऐंठो ॥
सद्धर्मका संदेशा, प्रत्येक नारि नरमें ।
सर्वस्व भी लगाकर, फैला दो विश्व भरमें ॥ ९ ॥

—समय ।

## ચતુર્વિધ સંઘને સંદેશો.

અને

## પ્રભુપ્રાર્થના.

હરિગીત.

શ્રીમંત, સંત,ધીમંત, લક્ષ્મીવંત, જય વરતાવજો,
લાયક બધા નાયક તમારા, શ્રેય કાર્ય સજાવજો;
અભિમાન તે સેતાન તજી, ધરી ખંત ખૂબ ખમાવજો,
પર અપર પંથે જૈનનાં વર, નિગૂઢ તત્વ જણાવજો. ૧
દારિદ્ર દુર્બળતા મટી, બળ અતુલ અંગે લાવજો,
તિમિરો તણાં દળ તોડી, પ્રેમ પ્રકાશ અતિ પ્રગટાવજો;
રંગે ભરી રસબસ હૃદય, શુભ ભવ્ય ખેલ બજાવજો,
શાસનપતિ સમુદાયમાં, જીવન નવીન જમાવજો. ૨
**શ્રી** પર્યૂષણનાં પ્રતિક્રમણ કરી, પાપ તાપ પતાવજો,
**જૈનો** તણો જય થાય એવી, ભાવના શુભ ભાવજો;
**નરવીર** ધીર ગંભીર બની, **મહાવીર** પંથ મલાવજો,
**સમજી** સમાજ સુધારવાના, અંગ રંગ રચાવજો. ૩
**માયા** કપટ તજી જંતુપર, ખરી મિત્રતા દર્શાવજો,
**જય રૂપ** જૈન સમાજમાં, ચારૂ વિષય ચર્ચાવજો;
**નીસ્તેજ**તાનો નાશ કરી, વિભુ અચળ વેગ અપાવજો,
**ચડતી કળા દિન દિન પ્રત્યે,** (કહે) **સંતશિષ્ય કરાવજો.** ૪

—સંતશિષ્ય (લિંબડી)

# स्थूलभद्र.

## एक एतिहासिक धर्मकथा.

**मंगलं भगवान् वीरो मंगलं गौतमः प्रभुः**
**मंगलं स्थूलिभद्राद्या जैनधर्मोस्तु मंगलम् ॥**

શ્રીમંગલમય જૈનધર્મનું શાસન જ્યાં સુધી હશે ત્યાં સુધી મંગલમય શ્રી વીરપ્રભુ, શ્રી ગૌતમગણધર અને શ્રી સ્થૂલિભદ્ર આદિ મંગલ રહેશે—અવિચળ રહેશે

ઇસ્વી સન પૂર્વે ચોથા સૈકામાં **મગધ** ( હાલનું **બિહાર** ) દેશની રાજ્યધાની **પા-ટલીપુત્ર** ( હાલનું **પટના** ) નામે વિશાલ નગરમાં નવમો **નંદરાજા** રાજ્ય કરતો હતો. તે છખંડ પૃથ્વીનો રાજા હોય તેમ અખૂટ લક્ષ્મીવાળો અને અનેક રાજાઓનો વિજેતા હતો.* તેને કલ્પક વંશનો અને **નાગર** બ્રાહ્મણ જ્ઞાતિનો **શકટાળ** ( **શકડાલ** ) નામે** લક્ષ્મીના આવાસ સરખો અને બુદ્ધિનો ભંડાર મંત્રી હતો. તેને **લક્ષ્મીવતી** ( **લાચ્છલદે** ) નામે સ્ત્રી હતી, અને તેનાથી બે પુત્ર અને સાત પુત્રીઓ થઇ હતી. બે પુત્રમાં મોટાનું નામ **સ્થૂલભદ્ર** ( **સ્થુલિભદ્ર** ) હતું અને તે વિનયાદિ ગુણોથી પૂર્ણ, ઉત્તમ કાંતિવાળો હતો. બીજાનું નામ **શ્રીયક** હતું અને તે ભક્તિમાન્ અને **નંદરાજાના** હૃદયને અત્યંત આનંદ આપનાર ગોશીર્ષચંદન સરખો હતો. સાત પુત્રિઓ નામે **યક્ષા**, **યક્ષદત્તા**, **ભૂતા**, **ભૂતદત્તા**, **એણિકા** ( **સેણા** ), વેણા તથા રેણા હતી. પહેલીને એકવાર સાંભળેલું આવડી જાય છે. બીજીને બે વાર સાંભળેલું સ્મરણમાં રહી જાય છે, એ પ્રમાણે સાતમીને સાતવાર સાંભળેલું શાસ્ત્ર આવડી જાય છે. આ આખું કુટુંબ જૈનધર્માનુરક્ત હતું.

---

* ઇ. સ. પૂર્વે ૪ થા સૈકામાં આખા આર્યાવર્તમાં નંદોની આણ એક ચક્રે વર્તી રહી હતી. મુખ્ય નંદ ઉંચા ખાનદાનનો ડાહ્યો ને પ્રતાપી રાજા હતો. દેશ સમગ્રમાં દ્રોણ આદિ એકધારાં માપ પહેલવહેલાં ઠરાવવાનું માન એનેજ છે. (**મુદ્રારાક્ષસ.** પ્રસ્તાવના **કેશવ હર્ષદકૃત.**)

** આ મંત્રી ઐતિહાસિક વ્યક્તિ છે; અને તે જૈનેતર પ્રમાણથી પણ સિદ્ધ થાય છે. "**ચાણાક્યે નવનંદ** રાજાના નિર્મૂલ માટે **મૌર્ય ચંદ્રગુપ્તના** સમક્ષ પ્રતિજ્ઞા લીધી. **શકટાલ પ્રધાનની** સૂચનાથી **નંદના** કોઇ પૂર્વજના ત્રયોદશીના શ્રાદ્ધમાં નંદભવનના એક ઓરડામાં સંમાનસહિત પાટલા ઉપર અથવા મતાંતરે અગ્રાસન ઉપર બેઠેલા **ચા-ણાક્યને નંદોએ** તિરસ્કાર સહિત ઉઠાડી મુક્યો. આવું અયોગ્ય કાર્ય કરતાં **નંદોને** અટકાવ કરવામાં મંત્રિવર્ગે ઘણો યત્ન કર્યો તે વ્યર્થ ગયો-(**મુદ્રારાક્ષસ**, પ્રસ્તાવના, **સવાઇલાલ છોટા-લાલ** કૃત.) આના પ્રમાણમાં જુઓ દશરૂપાવલોક પૃ. ૫૯ '**तत्र बृहत्कथामूलं मुद्राराक्षसम् । चाणक्यनाम्ना तेनाथ शकटालगृहे रहः । कृत्यां विधाय सहसा सपुत्रो निहतो नृपः ॥ योगनंदे यशः शेषे पूर्वनंदसुतस्ततः । चंद्रगुप्तो धृतो राज्ये चाणक्येन महौजसा॥** આ ઉપરથી જાણવાનું કે **નંદરાજાને** મંત્રિવર્ગ હતો. તે પૈકી **વક્રનાસ**, **રાક્ષસ** અને **શકટાલ** હતા. જુઓ **મુદ્રા રાક્ષસ** સ. છો. કૃત-"**વક્રનાસ** વિગેરે મંત્રીઓ તેનું રાજ્યસૂત્ર હસ્તમાં સદ્બુદ્ધિથી ધારણ કરતા હતા. તે મંત્રીઓ પૈકી **રાક્ષસ** નામે એક મંત્રી રાજખટપટ અને રાજનીતિમાં એક્કો અને અનન્ય પુરૂષ હતો."

# (१) स्थूलभद्र अने कोशा.

"સંતોષ રૂપી ઐશ્વર્યના વાંછક એવા પુરૂષો રાજ્યને પસંદ કરતા નથી, જેવી રીતે કે **સ્થૂલભદ્રે મંત્રીની પદવી તજી દઇને સંયમ અંગિકાર કર્યો.**

**સ્થૂલ**ભદ્રનો જન્મ વીરાત્ ૧૧૬ માં (ઈ. સ. પૂર્વ ૪૧૦ માં) થયો હતો. તેણે વિદ્યાભ્યાસ સારી રીતે કરી યુવાન અવસ્થા પ્રાપ્ત કરી. ૧૮ વર્ષની યુવાન્ વયે એક વખત વિનોદ કરતો સતો મિત્રોથી પરિવૃત્ત થઇ વન જોવાને ગયો. પાછો આવતાં તેને કોશા નામની વેશ્યાએ જોયો. કોશા (કોશ્યા) તે **નં**દરાજાની એક એક ગણિકા હતી. તે બહુ સ્વરૂપવાન હતી અને રૂપમાં દેવાંગનાથી પણ વધતી- તે વેશ્યાએ **સ્થૂલ**ભદ્રના રૂપથી મોહિત થઈ તેને વાત કરવાના મિષથી ખોટી કરી ચાતુર્યગુણથી તેનું ચિત્ત વશ કરી લીધું. **સ્થૂલ**ભદ્ર પણ તેના ગુણ ને રૂપથી રંજીત થઈ તે વેશ્યાને ઘેર રહ્યો. અને તેની સાથે વિષયસુખ ભોગવતો સતો તે નવા નવા વિનોદ કરવા લાગ્યો. તેના પિતા પણ પુષ્કળ દ્રવ્ય મોકલવા વડે તેનું વાંચ્છિત પૂર્ણ કરવા લાગ્યા. આ પ્રમાણે ૧૨ વર્ષ સુધી એટલે ૩૦ વર્ષની વય સુધી **સ્થૂલ**ભદ્રે સાડીબાર ક્રોડ સોનામહોરનો વ્યય કર્યો. કહ્યું છે કે:—

"ક્ષત્રીઓનું દ્રવ્ય ઘણું કરીને ઘોડા, શસ્ત્ર, અને અંહિજનોમાં, કૃપણ પુરૂષોનું ભૂમિમાં, વ્યસની પુરૂષોનું સ્ત્રી, જુગાર અને ચોરીમાં, વેશ્યાઓનું શંગારમાં, વણિકજનનું વ્યાપારમાં, ખેડૂતોનું ખેતીમાં, પાપી પુરૂષોનું મદ્યમાંસમાં અને સુકૃતી પુરૂષોનું ધર્મોપકારના ઉત્સવમાં જાય છે."

# (२) वररुचिनो प्रयोग अने पितानुं मृत्यु.

આ વખતે ઈ. સ. પૂર્વે ૩૮૦ માં **શ**કટાળ મંત્રીનું મૃત્યુ **વ**રરૂચિ બ્રાહ્મણે કરેલા પ્રયોગથી થયું. આ **વ**રરૂચિ કોણ હતો, શું પ્રયોગ કર્યો અને કેવી રીતે મૃત્યુ થયું તે કહીશું. આજ નગરમાં કવિ, વાદી, વૈયાકરણી વગેરેમાં શિરોમણિ સરખો **વ**રરૂચિ નામે એક મોટો બ્રાહ્મણ્ રહેતો હતો. તે હમેશાં **સરસ્વતી**ના પ્રસાદથી ૧૦૮ કાવ્ય નવાં રચતો અને તેનો **નં**દરાજાને ભેટ કરતો, પરંતુ એ કાવ્યોમાં મિથ્યાત્વ રહેતું હોવાથી **શ**કટાલ મંત્રી તે બ્રાહ્મણનાં રાજાના દેખતાં વખાણ કરતો નહીં, તેથી ભૂપતિ તેને કાંઇ ઇનામ આપતો નહિ. વરરૂચિને ખેદ થયો અને રાજાનું દાન મેળવવા માટે **શ**કટાલ મંત્રી કાર્યભૂત છે તો તે કંઇ સ્તુતિ કરે તેમ કરવા તેની સ્ત્રીનું (**લા**ચ્છલદેનું) આરાધન કરવા માંડ્યું; એક દિવસે મંત્રીપત્નીએ ખુશી થઈ કહ્યું 'તારે કંઇ કાર્ય હોય તે મને કહે.' ત્યારે તેણે કહ્યું કે 'આપનો સ્વામી રાજા પાસે મારાં કાવ્યની પ્રશંસા કરે એ મારે જોઇએ છે.' ત્યારે તેણીએ પછી તેના ઉપરોધથી તે વાત પોતાના સ્વામીને કહેતાં સ્વામીએ જણાવ્યું કે 'તે મિથ્યાદ્રષ્ટિ છે માટે તેની પ્રશંસા હું નહિ કરૂં.' પણ આખરે તેણીના બહુ આગ્રહથી તે વાત મંત્રીએ કબૂલ કરી; કારણ કે અંધ, સ્ત્રી, બાલક તથા મૂર્ખ—એ ચારનો આગ્રહ દુસ્ત્યજ છે.

વરરૂચિ ત્યાર પછી રાજા પાસે પોતાનાં કાવ્યો બોલવા લાગ્યો ત્યારે મંત્રીએ તેની પ્રશંસા કરી અને રાજાએ સંતુષ્ટ થઈ ૧૦૮ સોના મહોર આપી અને હમેશાં એવી રીતે ૧૦૮ સોના મહોર રાજા દેવા લાગ્યો. મંત્રીએ રાજાને આમ કરતો જોઈ પૂછ્યું ' આ આપ શું કરો છો ? ' ત્યારે રાજાએ કહ્યું ' ફક્ત તેં તેની પ્રશંસા કરેલી તેથીજ હું તેને દાન કરૂંછું, કારણ કે જો હું મારી પોતાની ઇચ્છાથીજ કરતો હોઉં તો પહેલાંજ શા માટે ન આપત ? ' ત્યારે મંત્રીએ કહ્યું ' મેં કંઇ તેની પ્રશંસા કરી નથી, પણ આપનાં કરેલાં કાવ્યો ઉત્તમ છે એમ મેં પ્રશંસા કરી છે. ' ત્યારે રાજાએ કહ્યું: ' તે બ્રાહ્મણ બીજાનાં કરેલાં કાવ્યો અહિં પોતાના તરફે લેખાવીને સ્તુતિ કરે છે તે બાબતની ખાત્રી શું ? ' ત્યારે મંત્રીએ યુક્તિ શોધી કહાડી કહ્યું કે " તે કાવ્યો તો મારી પુત્રીઓ ( કે જે ઉપર કહેવા મુજબ સ્મરણ શક્તિવાળી હતી ) પણ જાણે છે અને હું તેની આપને આવતી કાલે પ્રભાતે ખાત્રી કરાવી આપીશ. "

બીજી સવારે મંત્રી પોતાની ૭ પુત્રીઓ સહિત રાજસભામાં આવ્યો. વરરૂચિ નવાં કરેલ પોતાનાં× ૧૦૮ કાવ્યો બોલ્યો. તે પહેલી પુત્રીએ સાંભળ્યાં એટલે ફરી બોલી ગઈ, પછી બીજી બોલી ગઇ, એમ અનુક્રમે સાતે પુત્રીઓ તે કાવ્યો બોલી ગઇ! રાજાએ ચમત્કાર પામી મંત્રીને કહ્યું: " આપની પુત્રીઓ સાક્ષાત્ સરસ્વતી છે. " અને વરરૂચિપર ગુસ્સે થઈ તેને દાન આપવું બંધ કર્યું, કેમકે **મંત્રીઓના ઉપાયો નિગ્રહ–અનુગ્રહ કરવામાં સમર્થજ હોય છે.**

હવે તે બ્રાહ્મણે એમ કરવા માંડયું કે દરરોજ પ્રભાતે ૧૦૮ કાવ્યથી *ગંગાની સ્તુતિ કરીને તે તેની પાસેથી ૧૦૮ મહોરો મેળવવા લાગ્યો. આ વાત સર્વ લોકમાં પ્રસિદ્ધ થઇ તેથી એની સ્તુતિ થવા લાગી. " અહો ! આ બ્રાહ્મણ તો પુણ્યવાન છે, જ્ઞાનવાન છે–પૂર્વે તેણે જ્ઞાનની આરાધના કરી હશે; કારણ કે કહ્યું છે; કે:–જ્ઞાનદાનથી જ્ઞાનવાન્ થવાય છે, અભયદાનથી નિર્ભય થવાય છે, અન્નદાનથી સુખી થવાય છે અને ઔષધદાનથી નિરોગી થવાય છે. "–આ વાત રાજાએ લોકોના મુખથી સાંભળીને મંત્રીને કહી. **શકટાલ** મંત્રી મહાનિપુણ અને ચતુર હતો, તે સમજી ગયો કે દેવતાની આવી પ્રસાદી બ્રાહ્મણપર થઇ છે એ વાત ખોટી હોવી જોઇએ અને કંઇક યુક્તિ તે બ્રાહ્મણે કરી હોવી જોઇએ. આમ વિચારી જવાબ આપ્યો કે ' રાજન્ ! જો એમ હોય તો આપણે પ્રભાતમાં ત્યાં જઇ નજરે જોઇ ખાત્રી કરીશું. ' રાજાએ પણ તેમ કરવાને કબૂલ કર્યું. પછી સંધ્યાકાલે મંત્રીએ ગુપ્ત માણસોને નદીને કિનારે તેની તપાસ કરવા મોકલ્યા. તેમાંનો એક કોઇ જોઇ ન શકે તેમ એક પક્ષી માફક ઝાડીમાં ભરાઇને બેઠો. રાત્રીનો સમય હતો. અંધકાર હતો તેવામાં વરરૂચિએ ગુપ્ત રીતે ત્યાં આવી નદીના પાણીમાં સોના મહોરોની થેલી રાખીને પાછો તે પોતાને ઘેર ગયો. પછી પેલા ગુપ્ત પુરૂષે તેના ( વરરૂચિના ) જીવીત સરખી તે થેલીને લઇને ગુપ્તરીતે આવી મંત્રીને સોંપી. હવે પ્રભાતે મંત્રી પણ તે થેલી પોતાની સાથે ગુપ્તપણે રાખીને રાજાની સાથે ગંગાને કિનારે ગયો તથા તે વખતે વરરૂચિ પણ ત્યાં આવ્યો. આ વખતે તે મૂઢ

---

×**ભરતેશ્વર** બાહુબલીવૃત્તિમાં ૫૦૦ ની સંખ્યા આપી છે.

*ગંગા નદીને કિનારેજ **પાટલીપુત્ર** નગર આવેલું છે.

રાજા પણ જોવા આવેલો છે તે જાણીને પોતાની ઉત્કૃષ્ટતાનું માન લાવીને વિસ્તારસહિત **ગંગાની** સ્તુતિ કરવા લાગ્યો. તે સ્તુતિ કર્યા પછી તેણે જે યંત્ર પોતે ગોઠવ્યું હતું તે ચલાવ્યું પણ સોનામહોરની પોટલી તો તેના હાથમાં આવીને પડી નહિ; પછી તો તે હાથથી કરીને તે પોટલી શોધવા લાગ્યો, પણ નહિ જડવાથી મૌન રહ્યો. પછી મંત્રીશ્વરે કહ્યું "કેમ! આટલી સ્તુતિ કર્યા પછી પણ **ગંગા** આજ કંઈ નથી આપતી? બીજું તો રહ્યું પણ તારૂં થાપણ તરીકે રાખેલું દ્રવ્ય પણ **ગંગા** ન આપે? કે તારે આવી રીતે તે શોધવું પડે છે!" ત્યારે બ્રાહ્મણે કહ્યું "કંઈ સમજાતું નથી. આજસુધી તો **ગંગા** મારૂં માગ્યું આપતાં, આજ આપતાં નથી. શું કરવું? અભાગ્ય ઉદય આવે છે ત્યારે પુરૂષોને દારિદ્રય આવે છે. ભાગ્યોદય થાય છે ત્યારે તો સરસ્વતી પણ વશવર્તી થાય છે." આ ઉપરથી મંત્રીએ પોતે પેલી થેલી બતાવી અને પૂછ્યું કે "એ કોની છે?" બ્રાહ્મણ વિચારમાં પડયો; જો એ મારી નથી એમ કહું, તો થેલી જાય છે, અને તે મેં મૂકી હતી તેથી મ્હારી છે એમ કહું તો ખોટો ઠરૂં છું.' આખરે મારી નથી એમ કહીશ તો લક્ષ્મી સમૂળગી જતી રહેશે એ ઠીક નહિ તેથી બોલ્યો કે "તે મારી છે." આથી સર્વને ખબર પડી કે **વરરૂચિએ** **ગંગા** નદીમાં એક યંત્ર ગોઠવ્યું હતું અને તેની અંદર ૧૦૮ સોના મહોરને લુગડામાં બાંધીને રાખતો. પછી પ્રભાતમાં **ગંગા** નદીમાં સ્નાન કરીને તે તે યંત્રને પગથી હણતો તેથી તે સોનામહોરની થેલી ઉછળીને તેના હાથમાં પડતી. આ જાણી રાજા અને લોકોએ તેને ધિક્કારી કાઢયો. આના પરિણામે-ત્યારથી આ બ્રાહ્મણ મંત્રી ઉપર વૈર રાખવા લાગ્યો અને તેનાં છિદ્ર જોવા લાગ્યો.

હવે **વરરૂચિ** પણ મનમાં ઇર્ષ્યા લાવીને મંત્રીપર પોતાનું વૈર વાળવાની ઇચ્છા કરવા લાગ્યો, તેથી મંત્રીના ઘરની સઘળી વાતો મંત્રીની એક દાસીને મળીને પૂછવા લાગ્યો. એક દિવસ તે દાસીએ **વરરૂચિને** કહ્યું કે **શ્રીયકના** લગ્નમહોત્સવમાં મંત્રી રાજાને પોતાને ઘેર જમાડવાનો છે, અને તે દિવસે રાજાને ભેટ આપવા માટે તે શસ્ત્રો તૈયાર કરાવે છે; કારણ કે રાજાઓને તે ભેટ અત્યંત પ્રિય હોય છે. આનો લાભ લઇને છળના જાણનારા એવા તે **વરરૂચિએ** ગામના છોકરાઓને ચણા આદિક આપીને ગામમાં એવું બોલવાને શિખવ્યું કે 'રાજા એમ જાણતો નથી કે **શકટાલ** મંત્રી પોતાને (રાજાને) મારીને **શ્રીયકને** ગાદીએ બેસાડવાનો છે.' છોકરાંઓ હમેશાં આવું આવું બોલવા લાગ્યા એટલે લોકના મુખથી રાજાને ખબર પડતાં તેણે વિચાર્યું કે "બાળકોનું વચન અન્યથા હોય નહિ; કારણ કે કહ્યું છે કેઃ—દિવસે વિજળી નિષ્ફળ હોય નહિ, રાત્રિનું ગર્જિત નિષ્ફળ હોય નહિ, સ્ત્રી કે બાળકનાં વચન, અદ્રશ્ય વાણી અને દેવનાં દર્શન નિષ્ફળ હોય નહિ." આની ખાત્રી કરવા રાજાએ પોતાના એક ગુપ્ત માણસને મોકલ્યો. તે માણસે મંત્રીના ઘરનો વૃત્તાંત જણાવ્યો કે શસ્ત્રો તૈયાર થાય છે. પછી સેવા વખતે મંત્રીએ આવીને જેવો રાજાને નમસ્કાર કર્યો કે તુરત રાજાએ ક્રોધથી તેના સન્મુખ પણ જોયું નહિ.

મંત્રીએ તુરત રાજાનો ભાવ જાણી લેઇ ઘેર આવી **શ્રીયકને** કહ્યુંઃ 'કોઇએ મારા વિષે રાજાને કંઇ બૂરૂં સમજાવ્યું છે, માટે આ આપણા કુલનો અકસ્માત ક્ષય થવાનો વખત નજદીક આવી પહોંચ્યો છે, પણ જો હું કહું તેમ તું કરે તો સર્વ કુલનું રક્ષણ થઇ શકે તેમ છે. માટે હવે જ્યારે રાજાને નમન કરૂં ત્યારે તારે મારૂં મસ્તક છેદી નાંખવું અને

કહેવું કે સ્વામીનો અભક્ત સેવક એવો પિતા પણ વધ કરવા લાયક; માટે ઘડપણથી મૃત્યુને યોગ્ય થયેલો એવો હું જો આવી રીતે મૃત્યુ પામીશ, તો તું મારા કુલગ્રહનો સ્તંભરૂપ થઇને લાંબા કાળસૂધી આનંદ પામીશ.

**શ્રી**યક આંખોમાં આંસુ લાવી કહેવા લાગ્યો—'હે તાત! આવું ઘોર કર્મ તો એક કસાઈ પણ શું કરી શકે ખરો?'

મંત્રીશ્વર—'એવો એવો વિચાર કરીને તો તું કેવલ વૈરીના મનોરથોને સંપૂર્ણ કરીશ. માટે જેટલામાં રાજા કુટુંબસહિત મને મારી નાંખે નહિ તેટલા સુધીમાં એક ફકત મારા જ નાશથી આખા કુટુંબનું તું રક્ષણ કર. વળી હું મુખમાં તાલપુટ નામે ઝેર રાખીને નમસ્કાર કરીશ, તેથી મને હણવાથી તને પિતૃહત્યાનું પાપ પણ લાગશે નહિ.'

આવી પિતાની શિખામણથી **શ્રી**યકે તેમ કરવા કબુલ્યું અને તે પ્રમાણે જ કર્યું. **આગામી કાલના સુખ માટે બુદ્ધિમંતો પોતાના નાશપર્યંત પણ ભયંકર કાર્ય કરે છે.**

આથી રાજાએ સંભ્રમપૂર્વક પૂછ્યું—'હે વત્સ! તેં આ દુષ્કર કાર્ય શું કર્યું?—તેં વૃથા પિતાનો વધ કેમ કર્યો?'

**શ્રી**યક—'જે મારા સ્વામી એવા રાજાનો દ્વેષી થાય તેને એવી જ શિક્ષા થવી જોઇએ! જ્યારે આપે મારા પિતાને દોષિત જાણ્યા ત્યારે મારે તેમનું મરણ કરવું પડયું, કેમકે ચાકરોએ તો સ્વામીના ચિત્તને અનુસારે જ વર્તવું જોઇએ. વળી ચાકરો પોતે જ્યાંસુધી દોષોને જાણે ત્યાંસુધી જ તેઓ તેના ઉપાય માટે વિચાર કરે, પણ જ્યારે સ્વામી પોતેજ તે દોષોને જાણે ત્યારે તેમાં ચાકરે વિચાર કરવા જેવું હોય જ નહિ!'

રાજાએ ફરીથી કારણ પૂછ્યું, ત્યારે તેણે પેલા બ્રાહ્મણનું સ્વરૂપ કહી બતાવ્યું, તે ઉપરથી **નં**દરાજાએ બ્રાહ્મણને દેશત્યાગ કરાવ્યો. પછી **શ**કટાળની સર્વ ઔર્ધ્વદેહિક ક્રિયા અગ્નિસંસ્કાર કર્યા પછી **શ્રી**યકને કહ્યું: "તને ધન્ય છે! તું જ સઘળા સેવકોમાં શિરોમણિ છે. શાસ્ત્રોમાં સેવકનું સ્વરૂપ કહ્યું છે તેવો જ તું છે. કહ્યું છે કેઃ જે યુદ્ધને પ્રસંગે આગળ ચાલે, નગરમાં પાછળ ચાલે, મહેલમાં દ્વાર પાસે સદા ઉભો રહે, તે સેવક રાજાને વલ્લભ થાય. વળી સ્વામીએ બોલાવ્યો છતો 'ચિરંજીવ' એમ કહે તે, કૃત્યાકૃત્યમાં ચતુર, અને જે પોતાના ધ્યાનમાં આવ્યું એમ કરનારો ન હોય તે સેવક રાજાને વલ્લભ થાય; તેમજ તેજસ્વી એવો સૂર્ય પણ જેમ કિરણો વિના દીપતો નથી, તેમ લોકો પર અનુગ્રહ—દયા કરનારા એવા સેવકો વિના રાજા દીપતો નથી. આમ છે માટે, હે **શ્રી**યક! તું મંત્રીમુદ્રા ગ્રહણ કર."

**શ્રી**યક—'મારો મોટો ભાઇ **સ્થૂલભદ્ર** કોશા ગણિકાના આવાસમાં પિતાજીની કૃપાથી ભોગવિલાસો ભોગવે છે તેને એ મુદ્રા આપો.'

રાજાએ વિચાર્યું કે 'અહો! આવો નિર્લોભી મેં કોઈ જોયો નથી, કારણ કે પૃથ્વી ઉપર તો ઘણું કરીને બહુ લોભીઆ જ દેખાય છે, લોભને વશે તો તેઓ વિદેશ જાય છે, સમુદ્રમાં પણ ફરે છે, વળી તૃષ્ણા પણ ભયંકર છે. કહ્યું છે કે—સર્વ દાંત પડી ગયા, બુદ્ધિ જાડી થઇ ગઇ, હાથ પગ કંપવા લાગ્યા, આંખમાંથી પાણી સરવા લાગ્યું, બળ ગળી

ગયું, સૌંદર્ય નાશી ગયું અને યમરાજાની મોટી દાસી જે જરા તે પણ આવી, છતાં તૃષ્ણા એ એકલી જ સુભટા હૃદયરૂપી નગરમાં નૃત્ય કરે છે.'

પછી રાજાએ સ્થૂલભદ્રને તેડવાને પોતાના સેવકને મોકલ્યો. તેણે તે વેશ્યાની ચિત્રશાળામાં દેવાંગના સરખી તે સ્ત્રી સાથે પાસા રમવામાં તલ્લીન થએલા સ્થૂલભદ્રને પ્રણામ કરીને શકટાળ મંત્રીના મૃત્યુવિષે વાત કરી અને કહ્યું કે 'તેથી હવે રાજા 'આપને મંત્રીમુદ્રા આપવાના છે તે માટે બોલાવે છે!' તે વખતે વજ્રઘાત થયો હોય તેમ તેને લાગ્યું. નયનમાંથી આંસુ પડવા સાથે મુખનું તાંબુલ નાંખી દેતાં તેણે કોશ્યા પાસે દરબારમાં જવાની રજા માગી.

કોશા—'હે સ્વામિન્! જેમ વર્ષાઋતુમાં પાણી ચઢવાથી કમલિની (પોયણી) ખુટે નહિ, તેમ સંધ્યા પ્રસરતે એટલી વાર કોણ વાટ જોશે? બીજાં જે જોડલાં છે, તે અખંડ સુખ વૈભવને ભોગવે છે,-તેઓ ક્યારે પણ વિરહના દુઃખને દેખતાં નથી પણ તેઓનો જ્યારે વિરહ થાય છે ત્યારે તેમને મરણથી પણ અનંતગણું દુઃખ લાગે છે. વિરહના દુઃખથી ભય પામેલો મહાદેવ ત્રણ લોકની લાજ ત્યાગ કરીને સ્ત્રીને પાસે રાખીને અર્ધનારી નટેશ્વરરૂપ થયો-એવો એ મહાદેવ તે એક પ્રશંસવા યોગ્ય છે'-આમ કહી, તેણીએ વિનતિ કરી "આપ પાછા આવો ત્યાંસુધી કોઇને પણ અહીં મૂકતા જાઓ." આ ઉપરથી સ્થૂલભદ્રે ત્યાં પોતાના સેવકને બેસારીને રાજા પાસે જઈ પ્રણામ કર્યા.

---

# (३) त्याग.

---

રાજમાં રહેવું ભૂંડું, પગલે પગલે પાપ,

રાજમાં રહેવું ભૂંડું—નથુરામ.

રાજાએ સ્થૂલભદ્રને કહ્યું 'મંત્રી મુદ્રા પહેર; કારણકે તારો પિતા મૃત્યુ પામ્યો છે, માટે એ પદ ક્રમ પ્રમાણે તું ગ્રહણ કર. સ્થૂલભદ્રે રાજાને કહ્યું 'આપનું કહેવું પ્રમાણ છે, પણ વિચાર કરીને ગ્રહણ કરીશ.'

સ્થૂલભદ્ર સીધો રાજ્યમહેલ પાસેના અશોકવનમાં ગયો. અહીં એકાંતમાં વિચાર કરવા લાગ્યો; વિકારો અને વિતર્કોમાં વિખરાયેલી સર્વ આત્મિક શક્તિઓને એકઠી કરીને તે સર્વ શક્તિઓ એકજ દિશામાં 'પ્રધાનપદ લેવું કે નહિ?' તે પ્રશ્નના નિરાકરણમાં કામે લગાડી અને તુરતજ જેમ દિવા આગળ પ્રકાશ થવોજ જોઇએ તેમ તેના આગળ જ્ઞાનનો પ્રકાશ થયો. ગણિકા અને રાગરંગના ખ્યાલ હમણાં તેની કલ્પનામાંથી દેશનિકાલ થયાં હતાં. હમણાં તે સ્વસ્થ ચિત્ત અને મનોશાંતિને લીધે નવીન વિચારસૃષ્ટિમાં મ્હાલતો હતો. તેના Soul-vision,-intuition અંતર્જ્ઞાનમાં તેણે જે કાંઈ જોયું તેથી વિચાર થયો કે 'પિતાનું મૃત્યુ થયું. શાથી થયું, ? તેજ વૈતરણી નદીરૂપ મંત્રીમુદ્રાએજ પિતાનું મૃત્યુ નિપજાવ્યું. આવી વિટંબનાકારક મુદ્રાનું શું ગ્રહણ કરવું? નહિ જ-તેનો ત્યાગ કરવો ઘટે છે. વળી જે માણસો આવા મંત્રી આદિકનાં કાર્યોમાં જોડાય છે, તે લોકો સ્નાન, ભોજન, નિદ્રા આદિક સુખો અનુભવી શકતા નથી; તેમજ તેવાં કા-

યોમાં જોડાયાથી, પોતાના અને પરના રાજ્યની ચિંતામાં પડયાથી, સ્ત્રી સંબંધી સુખનો તો અવકાશજ મળતો નથી એટલુંજ નહિ પણ સઘળા સ્વાર્થોને તજીને ફક્ત રાજ્યકાર્ય કરવાથી પણ ખલ લોકોનો ઉપદ્રવ સહન કરવો પડે છે. આ દુઃખપરંપરામાં કોઈપણ મદદ કરવાના નથી. સર્વ સ્વાર્થી છે. કહ્યું છે કેઃ—

**वृक्षं क्षीणफलं त्यजंति विहगाः शुष्कं सरं सारसाः**
**पुष्पं पर्युषितं त्यजंति मधुपा दग्धं वनांतं मृगाः ।**
**निर्द्रव्यं पुरुषं त्यजंति गणिका भ्रष्टं नृपं सेवकाः**
**सर्वः स्वार्थवशाज्जनोभिरमते नो कस्य को वल्लभः ॥**

—પક્ષીઓ ફળ વિનાના વૃક્ષને, સારસ પક્ષીઓ જળ વિનાના સરોવરને, ભ્રમરો કરમાયલાં પુષ્પોને, મૃગો બળેલા વનને, ગણિકા નિર્ધન પુરૂષને અને સેવક લોક રાજ્યભ્રષ્ટ થયેલ રાજાને તજે છે, માટે સર્વ સ્વાર્થને વશ થઇને રમ્યા કરે છે બાકી વાસ્તવિક રીતે કોઇ કોઇને પ્રિય નથી.

'અહો મિત્ર શોક! ભગવાન્ વિવેક! અરે તમે માર્દવ અને વૈરાગ્ય, હે માતા કરૂણા! હે ભગવતિ ક્ષમા! હે સખી લજ્જા! તમે સૌ સાંભળો. તમે અનુક્રમે પ્રથમ કોઈ ન આવ્યાં તથા મારા બંધુઓને અને મને અહીં અતિ ગહન એવા યૌવનને વિષે તજી દઇને કયાં જતાં રહ્યાં! ડાહ્યા માણસોને અનુભવ હોય છે અને તેઓ હૃદયથી વિચારે છે કે કદી બધું જગત્ નાશ પામે છે તોપણ રાજાઓ કોઇના મિત્ર થતા નથી; માટે પરભવને પમાડનારી એવી મંત્રીમુદ્રા તો મારે લેવી નથી.'

'ગણિકા પણ નિર્ધન પુરૂષને તજે છે–હા! જે કોશાને ચાહું છું તે પણ જ્યાંસુધી પિતાએ મોકલેલા દ્રવ્યથી તેનું મન સંતોષતો હતો ત્યાં સુધી તે પણ ચાહતી હતી. અહો! તેની સંગત પણ તજવાજ લાયક છે. ભ્રષ્ટાચારમાં પડેલા એવા મને રાજાએ ચાહીને બોલાવ્યો–મંત્રીપદ આપવા ઇચ્છા બતાવી એવા પ્રબળ પુણ્યબળને હું ગણિકાની સોબતથી પાયમાલ કરૂં છું એ કેવું શરમ ભરેલું છે? એ પુણ્યબળને મંત્રીપદવડે થતાં અનેક જુલમો અને ત્રાસો વડે પાયમાલ કરવું પડે એ પણ નહિ ઇચ્છવા યોગ્ય છે. જ્યારે પુણ્યનો ખજાનો ખવાઇ જશે ત્યારે પછી શી વલે થશે? તે વખતે ગણિકા કે રાજા કોઇ કામ લાગશે નહિ; માટે મને ઉચિત છે કે મારો પ્રેમ ગણિકા ઉપરથી ઉતારી સતી સાથે –જે આત્મિક શાંતિ મને છોડી કદી દગો દેજ નહિ તે સતી સાથે જોડવો; મને ઉચિત છે કે ચપળ સ્વભાવી રાજાની નોકરીમાં જોડાવા કરતાં અંતરાત્મા જેવા દ્રઢસ્વભાવી રાજાની જ નોકરીમાં જોડાવું.

'ત્યારે શું કરવું? ગણિકાના ભોગવિલાસ છોડ્યા, મંત્રીપદ નથી જોઇતું; હવે તો બસ દીક્ષા. દીક્ષા તે શું? જગહિતનું–પરમાર્થનું વ્રત પવિત્ર જીંદગી ગાળવાનું વ્રત, આપણે બધા જે શ્રેણીમાં હરીએફરીએ છીએ તે શ્રેણીથી ઘણી ઉંચી શ્રેણીમાં અહોનિશ મ્હાલવાનું વ્રત, દેખાવામાં માણસ છતાં અંદરથી દેવ જેવા બની જવાનું વ્રત. એ વ્રતનો અંગિકાર કરવો એજ–બસ એજ–મારે માટે આ સમયે કર્તવ્ય છે. હું તો પરમ ઉદયનું કારણ એવી જે જિનેશ્વરની મુદ્રા–દીક્ષા તેજ ગ્રહણ કરીશ. કહ્યું છે કેઃ—વિવિધ પ્રકારની

બુદ્ધિવાળા પુરૂષોનાં સ્થાનને મલિન બુદ્ધિવાળા રોકે છે. એઓ (રાજાઓ)એ ક્રોધ કરીને વેરથી સર્વે સત્પુરૂષોને ઉખેડી નાખ્યા છે. જેમને ઘણાં વસ્ત્રાભૂષણો ધારણ કરાવાતાં હતાં તેઓ પણ વૈરાગ્યને ભજનારા થયા. જે માણસ દુઃખનો ઉપદ્રવ થએ છતે પોતાના રજોગુણને મૂકી દઇને દુઃખના પ્રતિકારરૂપ રજોહરણ મુખવસ્ત્રિકાને ધારણ કરે છે, તે માણસ ઉત્તમ ગણાય છે."

પોતાની પંચમુષ્ટિથી સ્વકેશનો લોચ કર્યો, પરિધાન વસ્ત્ર રત્નકંબલના તાંતણા છૂટા કરી તેનું રજોહરણ બનાવ્યું અને સાધુવેશમાં રાજા પાસે હાજર થયા.*

સ્થૂ૦—ધર્મલાભ !

રાજા—**किम् आलोचितम्**—શું વિચાર કર્યો ?

સ્થૂ૦—**हा लोचितम्**—અરે! લોચ કર્યો. જે વિચાર્યું છે અને પછી 'કરવા યોગ્ય લાગ્યું તે કર્યું. પ્રધાનની મુદ્રા દુઃખ દેનારી છે. મારે એ મુદ્રા વ્યાપાર નહિ જોઇએ, અને તે મુદ્રાવ્યાપાર પાંચ પ્રકારનો છે-હાથને વિષે મુદ્રા, બંને પગે બે મુદ્રા અને ત્યાર પછી ધરને વિષે પણ મુદ્રા; માટે ધર્મલાભ !

આમ કહી **સ્થૂલભદ્ર**મુનિ મુદ્રામાંથી જેમ કેસરીસિંહ ભાગે, તેમ રાજસભામાંથી રસ્તે ચાલતા થયા. આ જોઇ રાજાએ વિચાર્યું કે કદાચ કપટ કરીને પાછો **કોશા** વેશ્યાને ત્યાં જતો તો નહિ હોય?—આ જોવા ઝરૂખા પર ગયો અને **સ્થૂલ**ભદ્ર ક્યાં જાય છે તે જોવા લાગ્યો. તેને જણાયું કે મડદાઓથી દુર્ગંધ મારતા એવા પ્રદેશમાં પણ નાસિકા આડું કપડું રાખ્યા વિના જ **સ્થૂલ**ભદ્ર પોતાનો રસ્તો કાપે છે. રાજાએ પોતાનું મસ્તક ધુણાવ્યું તથા તેનાં વખાણ કરી પોતાની નિંદા કરવા લાગ્યો 'ધિક્કાર છે, મારા દુષ્ટ વિચારને કે તેમના પર મેં શંકા લાવી. તે તો વીતરાગ મહાત્મા છે!' પછી રાજાએ **શ્રીયક**ને મુખ્યમંત્રીની મુદ્રા આપી.

**સ્થૂલ**ભદ્ર મુનિ શ્રી §**સં**ભૂતવિજય આચાર્યને મળ્યા, અને તેમની પાસે સામાયિકના ઉચ્ચારપૂર્વક દીક્ષા અંગીકાર કરી. (વીરાત્ ૧૪૭ માં ઇ. સ. પૂર્વે ૩૭૯ માં.) આ વખતે તેમનું વય ૩૦ વર્ષનું હતું. **સ્થૂલ**ભદ્રમુનિ ગુરૂના ચરણની સેવા કરતા તપશ્ચર્યાદિ કરતા કરતા અભ્યાસ કરવા લાગ્યા. એકવાર વર્ષાઋતુ શરૂ થયા પહેલાં **સં**ભૂતવિજય ગુરૂપાસે તેના ત્રણ શિષ્યોએ આવીને એવો અભિગ્રહ-નિયમવિશેષ લીધો:—એકે કહ્યું કે 'હું ચારે મહિના-ચોમાસાના ચારે મહિના સિંહની ગુફા પાસે કાયોત્સર્ગે રહીશ'; બીજાએ કહ્યું કે 'હું સર્પના બીલ-દર પાસે ચાર મહિના સુધી કાયોત્સર્ગે રહીશ'; ત્રીજાએ કહ્યું કે 'હું કુવાના ભારવટીઆ ઉપર કાયોત્સર્ગે રહી ચોમાસું નિર્ગમન કરીશ.' આ વખતે **સ્થૂલ**ભદ્રે કહ્યું.

---

* પ્રણામ કરીને રે, અશોકવન જાવે, શમતત્ત્વ વિચારી રે લોચ કર્યો ભાવે,
રતન કંબલનો રે, તિહાં ઓઘો કીધો, જઇ રાજ સભામાં રે, ધર્મ લાભ જ દીધો.
—શ્રી **વીર**વિજયકૃત સ્થૂલિભદ્ર શીયલ-વેલ.

§ **સંભૂતવિજય**—શ્રી **મહાવીર**થી ૭ મી પાટે શ્રી **યશો**ભદ્રના શિષ્ય-(ગુરૂભાઇ **ભદ્ર**બાહુ સ્વામીની સાથે)-ગોત્ર માથર ગૃહસ્થપણે વર્ષ ૪૨, વ્રતી તરીકે વર્ષ ૪૦, યુગપ્રધાન તરીકે ૮ એમ ૯૦ વર્ષની વયે વીરાત્ ૧૫૬ માં (ઇ. સ. પૂર્વે ૩૭૦ માં) સ્વર્ગસ્થ થયા.

'હે ભગવાન્ ! હું કોશા ગણિકાની ચિત્રશાળાએ વિષે ષડ્રસ ભોજન લેતો છતો ચોમાસું પૂર્ણ કરીશ.' ગુરૂએ ઉપયોગ દઈ સર્વને કહ્યું "સૌ પોતપોતાના વાંછિત સ્થાનકે જાઓ; પણ ત્યાં તમારે ધર્મની વિષે તત્પર રહેવું.×

## (૪) कोशा अने स्थुलभद्रयोगी.

वेश्या रागवती सदा तदनुगा षड्भी रसै भोजनम्
शुभ्रं धाम मनोहरं वपुरहो नव्यो वयः संगमः ।
कालोऽयं जलदाविल स्तदपि यः कामं जिगायादरात्
तं वंदे युवतिप्रबोधकुशलं श्रीस्थूलिभद्र मुनिम् ॥*

—પૂર્વની પ્રીતિવાળી વેશ્યા અને તે પણ સર્વદા અનુકૂળ વર્તનારી, ષડ્રસ ભોજન, સુંદર મહેલ, મનોહર શરીર, યુવાવસ્થા ને વર્ષાઋતુ આટલી કામોત્પાદક વસ્તુનો અજબ યોગ છતાં પણ જેણે આદરથી કામને જીત્યો એવા યુવતિજનને પ્રતિબોધ પમાડવામાં કુશલ સ્થૂલિભદ્ર મુનિને હું વંદું છું.

× આ સ્થલે વાચકોનું ખાસ ધ્યાન ખેંચવાનું એ રહે છે કે સંભૂતવિજય અને સ્થૂલભદ્ર એ બે વચ્ચેનો કાલ્પનિક સંવાદ વિદ્વાન્ લેખક રા. રા. સુશિલે ઘણો વિદ્વત્તાપૂર્ણ, માર્મિક અને અર્થભર્યો આલેખ્યો છે અને તે આનંદ માસિકના સં. ૧૯૬૮ ના આશ્વિન માસના ( પૃ. ૧૦ અં. ૨ ) અંકમાં પ્રગટ થયો છે તે ખાસ જોઈ લેવો. અહીં સ્થાનાભાવને લઈને આપી શકાયો નથી.

* આજ શ્લોકથી કુમારપાળ રાજાની સભામાં શ્રી હેમચંદ્ર સૂરિએ સ્થૂલભદ્ર મુનિની પ્રશંસા કરી હતી. ત્યારે રાજાની પાસે બેઠેલા કોઈ દ્વેષી બ્રાહ્મણે આ સાંભળી એમ કહ્યું કે:—

विश्वामित्रपराशरप्रभृतयो ये चाम्बुपत्राशिनः
तेऽपि स्त्रीमुखपंकजं सुललितं दृष्ट्वैव मोहं गताः ।
आहारं सघृतं पयोदधियुतं भुंजंति ये मानवाः
तेषामिंद्रियनिग्रहः कथमहो दंभः समालोक्यताम् ॥

—વિશ્વામિત્ર અને પરાશર વિગેરે ઋષિઓ કે જેઓ જળ અને પાંદડાં માત્રનો જ આહાર કરતા હતા, તેઓ પણ સ્ત્રીનું સુંદર મુખકમળ જોઈને જ મોહ પામી ગયા હતા; તો જે લોકો ઘૃત (ઘી), દૂધ અને દહીંવાળો આહાર કરે, તેઓને ઇંદ્રિયોનો નિગ્રહ શી રીતે કહી શકાય ? અહો ! જુઓ ! કેવો દંભ છે ?

આ સાંભળી શ્રીમદ્ હેમાચાર્યે જવાબ આપ્યો કે 'હે રાજા ! શીલનું પાલન કરવામાં આહાર કે નીહાર કારણભૂત નથી. પરંતુ મનની વૃત્તિ જ કારણ છે, કેમકે

सिंहो बली द्विरदसूकरमांसभोजी संवत्सरेण रतिमेति किलैकवारम्
पारापतः खर शिला कणमात्रभोजी कामी भवत्यनुदिनं ननु कोऽत्र हेतुः ॥

—બળવાન્ સિંહ હાથી અને સૂકરનું માંસ ખાય છે, તો પણ તે એક વરસમાં એક જ વાર કામક્રીડા કરે છે અને પારેવાં મરડીઆ કાંકરા અને જુવારના કણ ખાય છે તે છતાં તેઓ હંમેશાં કામીજ રહે છે તો તેનું શું કારણ ?

આ સાંભળી તે કુવાદીનું મુખ શ્યામ થઈ ગયું.

**સ્થૂલભદ્ર** રાજા પાસે ગયા અને પછી મુનિવ્રત લીધું. આ વાતની ખબર **કોશાને** પડી ત્યારે બહુ દુઃખિત થઇ આંખમાં આંસુ લાવી વિરહાતુરપણે વિવિધ પ્રકારના વિલાપ કરવા લાગી કે-'હે ચતુર ચાણાક્ય! તમે રાજ્યમુદ્રા તજીને ભિક્ષુમુદ્રા શા માટે અંગીકાર કરી? હે પ્રાણનાથ! મારે તમારા વિના કોનો આધાર છે? હવે હું શું કરૂં? કેવી રીતે જીવું?' એવી રીતે અનેક પ્રકારનાં વિરહવાક્યો બોલવા લાગી. આમ અનેક દિવસ, માસ, વર્ષ વીતી ગયાં, પરંતુ તેને **સ્થૂલભદ્ર** મુનિનાં દર્શન થયાં નહિ. તે બિચારી જાણતી ન હતી કે મુનિનાં પવિત્ર પગલાં પોતાની ચિત્રશાળામાં થવાનાં છે, એક ઘડિ માટે નહિ પણ ચાર માસ સુધી થવાનાં છે, અને તેનાં ભોગવિલાસોમાં રહીને પણ નિર્લેપ મુનિ રહી તેણીને જ પ્રતિબોધવાના છે! અહો! એ વિચિત્ર સંયોગમાં કેવી અવનવી મધુરતા, ભક્તિ અને ધર્મપ્રીતિ રહેલી છે તે પરિણામે જ જણાય છે; નહિ તો,

> અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ, થયા કાં ગોગભ્રષ્ટ એ,
> ગણાયા ભૂલને પાત્ર, હતા માત્ર મનુષ્ય એ.

**સ્થૂલભદ્ર સમર્થ** યોગી હતા,—રોમ રોમે યોગ હતો, મન વચન અને શરીરના યોગનો નિગ્રહ કરનાર અપૂર્વ આત્મસંયમી હતા, અને તેની કસોટીથી પરીક્ષા કરાવી પોતાનામાં કેટલું પ્રબલ ચેતન છે તે જણાવવા ઉપર જણાવ્યા પ્રમાણે પૂજ્ય ગુરૂની આજ્ઞા લઇ ગત વર્ષોમાં-ગૃહસ્થપણે જેની સાથે પોતે અનેક ભોગવિલાસો કર્યા હતા, તેમાં રસ લીધો હતો અને તેથી અનેક કર્મબંધન બાંધ્યા હતાં તે **કોશા** વેશ્યાને ઘેર મુનિ તરીકેનું ચાતુર્માસ કરવા આવી પહોંચ્યા. આગળની વ્હાલી **કોશા** સામે આવી, ઓળખી લીધા અને વિચારતી રહી કે કેલના સ્તંભ સરખા સાથલવાળા કોમળ શરીરવાળા આ **સ્થૂલભદ્ર** વ્રતભારથી ખિન્ન થઈને અહીં પાછા આવ્યા જણાય છે; પછી–

**કોશા**—'હે સ્વામિન્, આપ ભલે પધાર્યા, તથા આપનું શું કાર્ય હું કરૂં? તુરત જ ફરમાવો. ફરમાવો. આ શરીર, ધન, પરિવાર વગેરે સઘળું આપનું જ છે.

**સ્થૂ૦**—'ચાતુર્માસ સુધી રહેવા માટે તમારી ચિત્રશાલા મને આપો!

**કોશા**–' તે આપનીજ છે. ખુશીથી ગ્રહણ કરો અને આનંદ આપો.

**સ્થૂલભદ્ર** કોશાની રજા લઇ તેમાં તે રહ્યા. ધ્યાનમાં સ્થિત થઇ મનસાથે ગોષ્ઠી કરવા લાગ્યાઃ "ઓ પ્રબળ આત્મન્! તું સાવધાન થા; ઉચ્ચભાવના રૂપી દેવદૂતો! સ્હાયમાં રહો! પેલી લલિત બલાને તેણીને ખરા રૂપમાં જોવાની-પ્રતિબોધવાની મને શક્તિ આપો."

**કોશા** મનસાથે એવું વિચારવા લાગીઃ 'મુનિવ્રત સહન ન થવાથી અહીં પૂર્વરસ ચાખવા આવ્યા છે. લજ્જાને લીધે તે હમણાં કંઇ નહી બોલે, અનુક્રમે બોલશે અને મને લક્ષ્મી આપશે. હું એને ક્ષણવારમાં ચાતુર્ય અને શૃંગાર રસરૂપી સમુદ્રમાં ડુબાવીશ.' આમ વિચારી તે બાકણ, સંબાકણ અને સંબાનેમ એવા ત્રણ પ્રકારના ધાન્યથી, તથા દૂધ દહીં ઘી કાંજી છાશ અને મદ્ય એ છ રસોથી, તથા મૂળ, કંદ, ઇક્ષુરસ, લતા, પુત્ર, પુષ્પ અને ફળ એ છ પ્રકારના શાકથી મુનિને જમાડવા લાગી. તેમના જમી રહ્યા પછી પડી રહેલું

પોતે જમતી. પછી તે વેશ્યા અનેક મનોરથાદિક કરતી દુઃસહ ભ્રૂકુટીરૂપ બાણને હલાવતી મુનિની પાસે આવતી. મુનિ અને કોશા સાથે અનેક પ્રકારના સંવાદો થતા. મુનિ તત્ત્વમાર્ગે દોરી લઇ જવા માંગતા અને કોશા શૃંગારમાં ઝબોળવા પ્રવૃત્તિ કરતી હતી. આ સંવાદ કેવા પ્રકારનો હતો તેમાં આપણે ડોકીઉં કરીએ.

કોશાએ પહેલાં પ્રથમજ પૂછ્યું-'હે સ્વામિન્! સ્વાધીન એવી કામિનીનાં આલિંગન આદિ છોડીને આવું કઠોર તપ શા માટે કરો છો? આ ત્યાગ સાધવાનો સમય નથી, માટે મારી સાથે ફરીથી યથેચ્છ વિષયસુખ ભોગવી તેનો સ્વાદ લ્યો. ફરીથી આ મનુષ્ય ભવ પામવો દુર્લભ છે, અને આ યૌવન પણ પામવું દુર્લભ છે.

સ્થૂ.—'હે ભદ્રે! અપવિત્ર અને મલમૂલનું પાત્ર એવા કામિનીના શરીરને આલિંગન કરવાને કોણ ઇચ્છે? વળી આ વિષયો અનેકવાર ભોગવ્યા છતાં તેનાથી તૃપ્તિ થતી નથી અને થઇ નથી.

**अवश्यं यातारश्चिरतरमुषित्वापि विषया**
**वियोगे को भेदस्त्यजति न जनो यत्स्वयममून् ।**
**व्रजंतः स्वातंत्र्यादतुल परितापायमनसः**
**स्वयं त्यक्त्वा ह्येते शिवसुखमनंतं विदधति ॥**

—આ વિષયો લાંબા વખત સુધી રહીને પણ છેવટે જનારા છે એતો નક્કી છે, તો પછી તેના વિયોગમાં ફેર ક્યાં રહ્યો કે જેથી માણસો પોતાની મેળે વિષયોને છોડતા નથી, કેમકે જો એ વિષયો પોતાની મેળે આપણાથી છુટા પડે છે તો મનને અતિ પરિતાપ ઉત્પન્ન કરે છે, પણ જો આપણે પોતેજ ખુશીથી તેનો ત્યાગ કરીએ છીએ તો તે અનંત મોક્ષનું સુખ આપે છે.

માટે સર્પની ફેણ જેવા આ વિષયોને છોડી દઇ શીલરૂપી અલંકારથી તારા સુંદર અંગને અલંકૃત કર. આ મનુષ્ય ભવ ફરીથી મળવો મુસ્કેલ છે, અને તે ભવ ધર્મવિના હારી જઇશ. સર્વ કાર્યોમાં ઉત્તમ કાર્ય ધર્મ છેઃ—

**न धम्मकज्जा परमत्थि कज्जं न पाणिहिंसा परमं अकज्जं ।**
**न पेमरागा परमत्थि बंधो न बोहिलाभा परिमत्थि लाभो ॥**

—ધર્મ કાર્યથી ઉત્કૃષ્ટ બીજું કોઇ કાર્ય નથી, પ્રાણીની હિંસા ઉપરાંત બીજું કોઇ અકાર્ય નથી, પ્રેમરાગથી વિશેષ કોઇ બંધન નથી અને બોધિ (સમ્યકત્વ)ના લાભ ઉપરાંત બીજો કોઇ પરમ લાભ નથી.

માટે પ્રેમ રાગ છોડી દે.

કોશા—'વાહરે પ્રધાનજી! રાજાએ તહમને આવુંજ પ્રધાનપણું આપ્યું કે! જાઓરે જી જાઓ! આવા ઢોંગ છોડી દો!

સ્થૂ.—'મેં ખરે જ સઘળા ઢોંગ છોડી દીધા છે, કોશા! રાજાએ મને પ્રધાનપણું આપવા ઇચ્છ્યું તે લેવું કે નહિ તેનો વિચાર કરતાં મને પ્રધાનપણા કરતાં રાજાપણું—મહારાજાપણું લેવા મન થયું. તેથી આ વેશ અંગીકાર કર્યો છે. જ્યારથી મેં આ વેશ

પહેર્યો છે ત્યારથી હું રાજાનો પણ રાજા બન્યો છું. કોશા! ખરેજ હું પહેલા કરતાં વધારે સામર્થ્ય સાથે અત્રે આવ્યો છું.'

કોશા—'પણ તે સામર્થ્ય જો તમે મ્હને ચાહતા બંધ થયા હો તો શા કામનું છે?'

સ્થૂ.—'ના, હું તને ચાહતો બંધ થયો નથી. મેં કોઇનો પ્રેમ ઉતારી નાંખ્યો નથી. બલ્કે જેમને અગાઉ નહોતો ચાહતો તેમના સુધી પણ મેં હવે પ્રેમ લંબાવ્યો છે. તને, મારી બેનને, મારી માતુશ્રીને, મારા નોકરને, મારા રાજાને મારા, મિત્રને, મારા શત્રુને, એક પશુને, એક પક્ષીને, એક કીડીને પણ હવે હું મારા ઉરથી ચાહું છું. સઘળાને ચાહવું,—સઘળાનો ઉદય ઇચ્છવો-સઘળાનું સુખ જોઈ રાજી થવું એજ હવે મારી જીંદગીનું કર્તવ્ય છે.'

કોશા—'તે હું સમજતી નથી. તમને કોઇએ ભભૂતી નાખી છે. એ ભભૂતીની અસર હમણાંને હમણાંજ ધોવાઈ શકવી મુસ્કેલ છે. પણ ભલા, મને કહોતો ખરા કે, શું હવે તમે મને હાવભાવ કરવા પ્રેરશો નહિ? શું હવે તમે—'

સ્થૂ:—'કોશા! કોશા! સ્વસ્થ થા! તારી ભ્રમણા દૂર થાઓ! કોશા! કહે, તને થોડીવારનો પ્રેમ જોઇએ છે કે હમેશનો? તારા વગર બોલ્યેજ હું સમજી શકું છું કે તું પ્રેમને હમેશનો જોવા ઇચ્છે છે. અરે સમજ હાવભાવાદિ સર્વ કાંઈ બાહ્ય પ્રેમનાં—શારીરિક પ્રેમનાં ચિન્હ છે; અને શરીર જરૂર નાશ પામવાનું છે, તે શરીર સાથે તે પ્રેમ પણ નાશ પામવાનોજ છે. નહિ, કોશા! આપણે આત્મિક પ્રેમ જોડીશું. જે પ્રેમ કોઇકાળે પણ નાશ ન પામે અને વિયોગના પરિણામરૂપ રૂદન સહન કરવાની ફરજ ન પાડે એવા પ્રેમથી આપણે જોડાઇશું. હાવભાવ અને ચુંબન એ બાલીશ ક્રિયાઓ છે. મોટા માણસની બાબતમાં બાલીશ ક્રિયાઓ કદરૂપી લાગે છે. ભદ્રે! સ્વસ્થ થા. હું જોઉં છું કે હમેશના પરિચિત વિચારો અને આ નવા વિચારો સાથે તારા દિલમાં યુદ્ધ થાય છે. તું સ્થિર રહે, સ્વલ્પ રહે, તે યુદ્ધમાં તું પડીશ નહિ. તે વિચારોનેજ પડી રહેવા દે. એ ગરબડથી તું જરા કે ગભરાતી ના. હું ઈચ્છુછું અને ભાવના ભાવું છું કે, આ ગભરાટમાંથી તું જલદી મુક્ત થા. જ્વરમય વિકારો તને છોડી ચાલ્યા જાઓ. જ્યાં એક સાધુનાં પગલાં છે ત્યાંથી તે બલાઓને ઓ અદ્રશ્ય દેવો! દૂર કરો! દૂર કરો! કોશા! તું સ્વસ્થ થા; જા, આરામ લે અને આરામની સ્થિતિમાં જે કાંઈ જુએ તે મને કાલ કહેજે.'

કોશા તદ્દનજ શબવત્ ઉભી રહી, તે કાંઈ બોલી શકી નહિ. તેણીની કમલ જેવી આંખોમાંથી સ્વચ્છ જળ મોતીની માફક પડવા લાગ્યું. પછી તે બીજા ખંડમાં ચાલી ગઇ.

બીજે દિવસે કોશા ગંભીરવદને સ્થૂલભદ્ર પાસે આવી અને કહેવા લાગી, 'ઓ ગુરો! ત્હમારો કેટલો આભાર માનુ? તમે મને નવું જીવન આપ્યું છે. તમે મને સર્વસ્વ આપ્યું છે. આજ પછી કોઇપણ માશુકને આશક મળો તો તમારા જેવા જ મળજો કે જેણે પ્રથમ શારીરિક સુખોમાં સંતોષ આપીને પછી કાયમનાં સુખોમાં પણ ભાગ આપ્યો. મારા વિચારો બદલાઇ ગયા છે, જેને માટે તમને ચળાવવા બહુ બહુ રીતે પ્રયાસ કર્યો અને તમે ચળ્યા નહિ તે કંદર્પનું તમે વિદારણ કર્યું છે. આપને છોડી કાલે હું શયનગૃહમાં ગઇ, અને આપના જ ધ્યાનમાં મગ્ન બની તે વખતે મને અલૌકિક વિચારો થયા. આ

જીંદગી કે જેને હું રંગરાગનું નાટક સમજતી હતી તે ભ્રમણા-તે નિદ્રા ટળીને હું તેને કર્તવ્યનો એક 'યુગ' અથવા 'કાળ' સમજવા લાગી છું. મારા જીગરને પ્રથમ કરતાં વધુ શક્તિ મળી છે અને અલૌકિક આનંદ મને થયો છે. હું હવે તમારી શિષ્યા બની રહીશ, હું તમારો ઉપદેશ પ્રતિદિન સાંભળ્યા કરીશ અને હાલતો એક શુદ્ધ શ્રાવિકા બનીશ.!÷

એક વખતના આશુક-માશુક, હાલ ગુરૂ-શિષ્યા માફક શિષ્યાને ત્યાં જ દિવસો ગુજારવા લાગ્યા. પ્રતિદિન તેઓ નવી નવી ધર્મકથાઓ કરતાં, જ્ઞાનચર્ચામાં ભાગ લેતાં, આત્મધ્યાનનો અનુભવ કરતાં અને આત્મિકબળમાં વધતાં જતાં. કોશાએ શ્રાવિકાનાં બાર વ્રત અંગિકાર કર્યાં અને 'રાજાએ મોકલેલ પુરૂષ સિવાય અન્ય પુરૂષનો વચનથી પણ હું સ્વીકાર કરીશ નહિ! એ પ્રમાણે ભોગ સંબંધી પચ્ચખાણ લીધું તેમ જ જીવ અજીવ આદિ તત્ત્વોની પણ જાણકાર થઇ.

## (५) गुरुअे स्थूलभद्रने आपेल मान.

એ પ્રમાણે કોશા વેસ્યાને પ્રતિબોધ પમાડી ચાતુર્માસ પૂર્ણ કરી સ્થૂલિભદ્ર સ્વગુરૂ શ્રી સંભૂતિવિજયની પાસે આવ્યા. પેલા સિંહગુફાવાસી આદિ ત્રણ મુનિઓ ચાતુર્માસ કરી સ્થૂલિભદ્રની પહેલાં આવ્યા હતા તેઓને ગુરૂએ 'દુષ્કર કાર્ય કર્યું' એ પ્રમાણે એકવાર કહીને માન આપ્યું. સ્થૂલભદ્ર આવતાં દૂરથી ગુરૂએ ઉભા થઈ તેને 'દુષ્કર કાર્ય કર્યું, દુષ્કર કાર્ય કર્યું, દુષ્કર કાર્ય કર્યું' એમ ત્રણવાર કહી ઘણા આદરપૂર્વક માન આપ્યું. પાસે બેઠેલા તે ત્રણ મુનિઓને મત્સર આવ્યો અને વિચારવા લાગ્યા: 'આપણે સામાન્ય કૂળમાં જન્મેલા છીએ અને આ સ્થૂળભદ્ર તો શકટાળ મંત્રીનો પુત્ર ખરોને! એથી ગુરૂએ એને એ પ્રમાણે અતિ દુષ્કરકારક એમ કહ્યું. છ રસના આહાર ભોગવનારાની તેમણે પ્રશંસા કરી. ગુરૂને પણ કોઇકે અધિક છે, ને કોઈ ઓછા છે! માટે હવે આપણે આવતા ચોમાસામાં દુષ્કરદુષ્કરકારક થઇશું.'

( આ પછી ૮ મહિના કાઢીને બીજા ચોમાસામાં સિંહગુફાવાસી મુનિ ગુરૂએ ઘણો વાર્યા છતાં કોશાને ત્યાંજ ચોમાસું ગાળવા ગયો અને કેવી રીતે પુણ્યનો નાશ કરી આખરે તે કોશાથી પ્રતિબોધ પામી પતીત અવસ્થામાં પણ નવીન મુનિ તરીકે આવ્યો તે વાત અમે અત્ર અવકાશને અભાવે કરતા નથી. )×

÷ કોશા અને સ્થૂલભદ્રનો કાલ્પનિક સંવાદ સાક્ષર શ્રી 'સુશિલે' સં. ૧૯૬૭ ના ભાદરવા-આસો માસના આનંદ માસિકમાં ( પુસ્તક ૯ અંક ૧-૨ ) ઘણી ઉત્તમ રીતે ચમત્કારવાળો અને સહૃદયતાથી પૂર્ણ લખી પ્રસિદ્ધ કર્યો છે તે ખાસ અવલોકવાની વાચકોને અમે વિનતિ કરીએ છીએ. એ સંવાદ મોટો હોવાથી અહીં સ્થાન વધુ ન હોવાને લીધે આપી શકાયો નથી. આ સિવાય તે સંવાદ શ્રી વીરવિજયજી મહારાજે રચેલ શ્રી સ્થૂલભદ્રજીની શીયલ-વેલ ( મર્હુમ સમરથ બ્હેન સ્મારકમાળા. ૩ કે જે રા. મોતીચંદ ગિરધર કાપડીઆને લખવાથી ટપાલ ખર્ચ મોકલ્યે મફત મળી શકે છે. ) માંથી પણ જોવા યોગ્ય છે. તંત્રી.

× વળી આ ઐતિહાસિક કથામાં-સ્થૂલભદ્રની કથા સાથે સંબંધ રાખતાં સત્ય પાત્રો-

યોગશાસ્ત્રમાં કહ્યું છે કે:—

**निद्राछेदे योषिदंग स तत्वं परिचिंतयेत् ।**
**स्थूलभद्रादि साधूनां तन्निवृर्त्ति परामृशन् ॥**

શ્રાવકે ( રાત્રિ વીત્યા બાદ ) નિદ્રા ઉડ્યા પછી સ્થૂલભદ્રાદિ સાધુઓએ જેમ સ્ત્રીઓનો ત્યાગ કર્યો તેવો વિચાર કરતા થકાં સ્ત્રીઓનાં અંગોનું સ્વરૂપ તત્ત્વપૂર્વક વિચારવું.

ઉપદેશમાળા ઉપદેશેછે કે:—

**ते धन्ना ते साहू तेसिं नमो जे अकज्ज परिविरया ।**
**धीरा वयमसिहारं चरंति जह थूलिभद्दमुणी ॥५९॥**

જેમ સ્થૂલિભદ્ર મુનિએ આચર્યું તેવી રીતે જેઓ ચતુર્થવ્રત—અસિધાર સદૃશ—ખડ્ગની ધાર ઉપર ચાલવા જેવું આચરે છે-પાળે છે અને જેઓ અકાર્યથી નિવૃત્ત થયા છે એવા વીરપુરૂષોને ધન્ય છે, તેઓ સાધુ-સત્પુરૂષ છે, તે પુરૂષોને નમસ્કાર થાઓ. એટલે જેમ સ્થૂલિભદ્રે દુર્ધર વ્રતને ધારણ કરી ચોરાશી ચોવીશી સુધી પોતાનું નામ રાખ્યું તેમ અન્ય મુનિઓએ પણ ગુરૂની આજ્ઞાને અનુસરી ગ્રહણ કરેલા વ્રતને પાળીને કીર્તિવંત થવું.

'બાંધવે શૂરા તે છોડવે શૂરા' કાંઈ બધાએ માણસ હોઈ શકતા નથી. કેટલાક બાંધવે શૂરા હોય છે પણ છોડવે કાયર હોય છે; કેટલાક બાંધવે કાયર અને છોડવે શૂરા હોય છે; કેટલાક બાંધવે કાયર તેમ છોડવે કાયર હોય છે.—એ ત્રણ જાતના લોકોથી એક જુદીજ જાતના પુરૂષો પણ

---

નામે તેનો ભાઈ મંત્રી શ્રીયક (કે જે આખર સાધુવ્રત સ્વીકારે છે), તેની ૭ બ્હેનો (કે જે આખર સાધ્વી થઈ મહાસતી તરીકે પૂજાય છે), નંદરાજા (કે જે આખર ચાણાક્યની સહાયથી રાજ્યભ્રષ્ટ થાય છે અને ચંદ્રગુપ્ત તેની ગાદીએ બેસે છે), વરરૂચિ પંડિત (કે જે આખર શ્રીયક અને કોશા વેશ્યાની સહાયથી મૃત્યુકારક પ્રાયશ્ચિત્ત લેતાં મરણ પામે છે), કોશા વેશ્યા (કે જેણે સિંહગુફાવાસી મુનિને તેમ જ રથકારને સ્થૂલિભદ્ર ચરિત્રથી પ્રતિબોધ્યા ) વગેરેની વાતો તથા તેમનાં ચરિત્રો અત્ર અવકાશને અભાવે આપી શકાતાં નથી. પ્રસંગે તે દરેક અને તે પૈકી કેટલાક ઐતિહાસિક દૃષ્ટિથી આપવામાં આવશે. સ્થૂલભદ્રની કથા પણ અહીં અધુરી મૂકી દઇએ છીએ, કારણ કે, આ કથા લખવામાં નીચે જણાવેલ પુસ્તકોની સહાય લીધી છે Early History of Inaia by Vincent Smith. રા. કેશવલાલ હર્ષદરાય કૃત અને રા. સવાઇલાલ છોટાલાલ કૃત મુદ્રારાક્ષસનાં ભાષાંતર, ભરતેશ્વર બાહુબલી વૃત્તિ, ઉપદેશમાળા, યોગશાસ્ત્ર, ઉપદેશપ્રાસાદ, જૈનહિતેચ્છુ ( પુ. ૧૦ અં. ૧૨ ), વીરવિજયકૃત સ્થૂલભદ્રની શીયલ-વેલ, ગુર્વાવલિ, પટ્ટાવલિઓ, વગેરે વગેરે-તે સર્વનો ઉપકાર માનું છું.

આ કથા આ અંકમાં આવેલ 'સ્થૂલભદ્ર અને કોશા' એ નામનું કાવ્ય વિશેષ રીતે કથાના ભાન-પૂર્વક સમજાય તેટલા પૂરતી આપવાનું યોગ્ય ધાર્યું છે, જ્યારે આખી કથા ઘણી લાંબી છે અને તે માટે અત્યારે સ્થાન જોઇએ તેટલું છે નહિ. બાર વર્ષના દુકાળ, ભદ્રબાહુ સ્વામીએ સ્થૂળભદ્રને આપેલ પૂર્વો ( કે જે નાશ થવાની સ્થિતિપર હતા ) તેની અધુરી વાચના, તેનાં કારણ વગેરે બાબત બાકી છે તે પ્રસંગોપાત આપીશું

તંત્રી.

* * * * *

કવચિત્ દૃષ્ટિએ પડે છે કે જેઓ બાંધવે શૂરા હોય છે તેમ વખત આવ્યે છોડવે પણ તેવાજ શૂરા થઈ જાય છે. આ છેલ્લી જાતના પુરૂષ સ્થૂલભદ્ર હતા. તેના ચરિત્ર પરથી એ જણાય છે કે એકના એક બળનો સારો તેમજ ખોટો ઉપયોગ કેવી રીતે થાવ છે. આપણને એક અમૂલ્ય પાઠ શીખવાનો જોગ એ પરથી એ મળે છે કે **આપણું સુખ તેમજ દુઃખ આપણા પોતીકા હાથમાંજ છે. આપણી પોતાની શકિતના ઉપયોગની પસંદગી પર છે** બાંધવે શૂરા તેમજ છોડવે શૂરા એવા **સ્થૂલભદ્ર**ને આપણા સર્વની ત્રિકાલવંદના હો ! તેમની ચિત્તશાંતિ, હૃદયબળ અને પવિત્રતા સર્વને શાંત, બળવાન અને પવિત્ર બનાવો !

આ વાર્તાનો ઉપદેશ સર્વ કોઈ સ્હેલાઇથી સમજી શકે તેમ છે. એમાં એક ખરેખરા. શીલવંત મહાપુરૂષનું ચરિત્ર વર્ણવ્યું છે. આ વાર્તા એમ સૂચવે છે કે **સ્ત્રી** કે પુરૂષના શીલની ખરી પરીક્ષા તો ત્યારેજ થાય છે કે જ્યારે એકાંત મળવા છતાં અને એક બીજાનાં અંગોપાંગ નિરખવા છતાં તેમજ રૂપ-ગુણ-દ્રવ્ય-સત્તા-ખોરાક-સામગ્રીઓ-સ્નેહ વગેરેની હયાતી છતાં તે **સ્ત્રી** કે પુરૂષને રોમાંચ ન થાય, મન વિહ્વલ ન થાય, કાયા ગરમ ન થાય.

' નિરખીને નવ યૌવના, લેશ ન વિષય નિદાન
ગણે કાષ્ઠની પૂતળી, તે **ભગવાન** સમાન.

બાકી ઘણીવાર આપણે જોઈએ છીએ કે કેટલાકો વીર્યહીન હોવાથી, કેટલાકો કદરૂપા હોવાથી કેટલાકો પ્રસંગ નહિ મળવાથી, કેટલાકો ઉપર જાપ્તો રહેતો હોવાથી અને કેટલાકો અતિ શરમાળ કે બીકણ હોવાથી શરીરવડે વ્યભિચાર સેવવાના ગુન્હાથી દૂર રહે છે; પણ **તેથી** કાંઈ તેઓ પવિત્ર કહેવાય નહિ.

ગઢ લોઢાનો ને બંદીખાનું, ચોકી અખંડ જયાં લાગ ન બાનું,
એ તે શિયળવ્રત શાનું ?-શિયળ નિર્મળ નહિ તો.
નારકી છે તૈયાર, ભલે જગ ઠગતા અહિં તો.

ઉપર પ્રમાણે સઘળી સગવડો અને લાલચો છતાં જેઓ સ્વસ્વરૂપમા ચાલી રહેલી અખંડ રમણતાને લીધે બાહ્ય આકર્ષણો તરફ ન ખેંચાય એનેજ ખરા પવિત્ર ગણાય, એવાનુંજ વચન ફળે.

ઉગ્રતમ અગ્નિમાં પ્રવેશ કરવા છતાં જે દાઝયા નહિ, ખડ્ગના અગ્રભાગને પામવા છતાં જે છેદાયા નહિ, કાળા નાગના જડબામાં આવવા છતાં દંશ પામ્યા નહિ, અને કાજળના ઘરમાં રહેવા છતાં જેને તેનો લેશમાત્ર ડાઘ લાગ્યો નહિ એવા શ્રી **સ્થૂલભદ્ર**નું ચરિત્ર મનુષ્યમાત્રને શીલથી શોભતા બનાવો !"

આજ કારણે બાવીશમા **તીર્થંકર** ભગવાન શ્રી નેમિનાથથી પણ શ્રી **સ્થૂલભદ્ર** વધારે મહાન છે

કારણકે શાસ્ત્રકારે કહ્યું છે કેઃ—

**श्री नेमितोपि शकडालसुतं विचार्य मन्यामहे वयममुं भटमेकमेव ।**
**देवोऽद्रिदुर्गमधिरुह्य जिगाय मोहं यन्मोहनालयमयं तु वशी प्रविश्य ॥**

–શ્રી નેમિનાથથી પણ વિચાર કરતાં અમે તો સ્થૂલભદ્રા ( શકડાળ મંત્રીના પુત્ર ) ને એક જ મહાન ભટ-યુદ્ધમાં એકકો ગણીએ છીએ, કારણકે શ્રી નેમિનાથે તો ગિરનાર પર્વતનો આશ્રય કરીને મોહને જીત્યો છે; પણ ઇંદ્રિયોને વશ રાખનાર આ **સ્થૂલિભદ્રે** તો મોહના ઘરમાં પ્રવેશ કરીને તેને જીતી લીધો છે.

શ્રી સ્થૂલિભદ્ર જેવો યોગી પુરૂષ કોઈ પણ થયો નથી કહ્યું છે કેઃ—

**श्री शांतिनाथादपरो न दानी दशार्णभद्रादपरो न मानी ।**
**श्री शालिभद्रादपरो न भोगी श्री स्थूलिभद्राद परो न योगी ॥**

–શ્રી **શાંતિનાથ** ભગવાન જેવો કોઈ દાની થયો નથી, દશાર્ણભદ્ર રાજા જેવો કોઈ માની થયો નથી, **શાલિભદ્ર** જેવો ભોગી અન્ય થયો નથી; અને શ્રી **સ્થૂલિભદ્ર** સમાન યોગી બીજો થયો **નથી.**

# સ્થૂલિભદ્ર અને કોશા.

નહીં શીત ઉષ્ણતા વા નહીં છે,
પરમાર્થ ભાવે અનિલો ફરે છે;

.... .... .... ....

સ્ફટિક નિર્મળ વસ્ત્રો ધરીને, સહસ્ર શુદ્ધિ હૃદયે ભરીને,
સાધુ જન કો ગૃહમાં પ્રવેશે, પરિચિત તે ગૃહ કૈં દિસે છે.

ઉભી ઉંબરમાં કોઇ, સુંદરી નવયૌવના,
જોઇ તેને હસી ઊભા, નિરખી કંઈ નૂતન.

.... .... .... ....

સાધુ જન એ એ સ્થૂલિભદ્ર દેવ, હતા ગૃહસ્થ અતિ સૌખ્ય એવ
શૃંગાર ભાવો હૃદયે ભર્યા'તા, કોશા અને એ હૃદયો મળ્યા'તા.
કંઈ એમ વર્ષો ચાલ્યા ગયા ને, કર્યા શિષ્ય કોઈ પછી તેને સંતે.
જાણો જગતની જૂઠી ગણીને, સાધુ બન્યા એ દીક્ષા ગૃહીને.
વૈરાગ્યભાવો ચળવા અચિંર્ણ, હૃદયંગત વા શ્મશાનભાવ,
ઇચ્છા ગુરૂની કસવા સહુ આ, ગણિકાગૃહે ચાતુર્માસ પ્રેષ્યા.

દેહે માનુષી પણ એ, આત્મા તો કો ઈશ્વરી,
બોધે પલાળીને પ્રિયા, શિષ્યા સહૃદયા કરી.

પ્રતિ પ્રભાતે હૃદયે જડે ને, અમોલ બોધો મુખથી ખરે જે;
પૂજે પ્રશંસે એ સાધુ હૃદયને, નિજ આત્મ ઉદ્ધારક ઈશને એ.

.... .... .... ....

નવું પાણી ભર્યા પહેલાં, જૂનું ઇષ્ટ ઉલેચવું,
નવા પંથે પળ્યા પહેલાં, ચોખ્ખું દિલ ઘટે થવું.

.... .... .... ....

નિયમ પ્રમાણે દેવ પુરૂષે, દ્વારે મુકયા પુનિત નિજ પાદ;
નિરખી રમાને, પળમાં સચેત, ચેતી ગયા કંઇ નવલો બનાવ.
એ મુખ ચંદ્રી એ દેહવેલી, રમણી રતિ એ, એ પાદકેલી,
મસ્તિષ્ક સ્થિતિ કિંતુ ફરેલી, ધૂરા હૃદયની છૂટી ગએલી.
પવિત્રતાના પૂરા પ્રતાપે, સ્હામા હૃદયના ચૂરા કરે જે,
હાસત્વ આજે નયને રહ્યું છે, વિકારમય તે નીચાં નમે છે.

અંગો સહુ એ પુલકિત ભાસે, કંપે ધ્રૂજે એ આખું શરીરે;
જાણે ડસ્યા સો સર્પો વિષારી, રંગો ફર્યાથી વિકૃત નારી.
ચક્ષુ નમેલાં ઘડી ઉઘડે ને, છાનાં સ્થૂલિનાં અંગો નિહાળે;
સૌ સ્થિરતા ઉતરી અંગુઠેથી, રસ્તો કરે છે ભૂમિ મહીંથી.
ચિન્હો ફર્યા તે જાણ્યા પુરૂષે, સ્હમજ્યો કસોટીનો દિન આ છે.

ફેંકી દૃષ્ટિ પ્રણય ભર, એ નારીની દૃષ્ટિ સ્હામે,
જાણે તેનું હૃદયબળ સૌ કામિનિમાં ઉતારે,
ફૂટી વાંણી હૃદયભર ને શાંત માધુર્ય ઝરતી,
જાણે ગંગા સ્વરથી ઉતરી પૃથ્વિને શુદ્ધ કરતી.
"કોશા! ત્હારા હૃદયગગને ગાઢ આ અંધકારે!
ક્યાંથી લાગ્યું ગ્રહણ હૃદયે ભાનુને આમ આજે?
ત્હારી બુદ્ધિ વિપથ વળી ને નષ્ટ થઈ આત્મશક્તિ;
રે! રે! આવા કનક હૃદયે લોહની મેખ ક્યાંથી?"
"સાધો! વ્હાલા! સહુપણ કહો, બાકી રાખો ન કાંઇ,
હોલાયે ના દવ હૃદ વને કાંઇ ફાવે ન કારી,
જાગ્યાં સ્મર્ણો ગત વિભવનાં દૃષ્ટિ પાસે ખડાં છે,
ઇચ્છા જાગી પુનરપિ હવે એકદા ભોગ માટે,"
"ત્હારા અર્થે હૃદય મુજ હું અર્પું સો શીર સાથે,
જો તેથી એ જરીક પણ કૈં હિત ત્હારૂં સધાયે;
કિંતુ આ તો પરમપથના પંથીની છે પરીક્ષા,
કોશા! ત્હેને વશ કરી મને યોગથી ભ્રષ્ટ કર ના.
જે જે યોગી જગત્ તજીને ઉચ્ચ માર્ગે ચડે છે,
આ સંસારી વિભવ સુખને તુચ્છ જાણી તજે છે,
તે સર્વેના હૃદય કસવા માર્ગમાં આ કસોટી,
ઢીલા-પોચા પડી ખડી જતા, જીતતા માત્ર યોગી.
જે વાતોની સમજ તુજને પાડવા માંગતો હું,
ને ના જે સો મગજ તુજમાં ભારવા ફાવતો હું,
આવ્યો છે એ સમય રમણી શાંતિથી એ સહી લ્યો,
એ ઇચ્છાને વશ નહીં થતા આત્મબળથી દળી દ્યો."
"આ સૌ બોધો નહીં ઉતરતા આજ મ્હારા મગજમાં,
ખોટાં ખોટાં વચન તમ સૌ લાગતાં આ હૃદયમાં;
હું જાણું છું અનુચિત નથી આજની વૃત્તિ મ્હારી,
કિંતુ તેને તૃપતિ મળતાં ઊગશે ના કદાપિ.

જ્યાં સૂધી આ જન હૃદયની આશ પૂરી ન થાતી,
ત્યાં સૂધી એ રડતું ઝુરતું દુઃખમાં દિન રાત્રી;
છોને હોએ કથન તમ સૌ સત્યતાથી ભરેલું,
પૂરો ઇચ્છા, પ્રભુ ! મુજ, અરે ! એકદા એજ યાચું."
"એ પૂર્યાથી તમ હૃદયને તૃપ્તિ જો કાંઈ થાતે,
તો તો કોશા ! જરૂર પુરતે આપની આશ આજે;
ઇચ્છા જ્યારે ઉઠતી દિલમાં મિષ્ટ આરોગવાને,
તૃપ્તિ થાતી નહીં નહીં નકી એકદા પ્રાશને એ.

જે જે વ્યક્તિ દમી ન શકતી પ્રાથમિકી હૃદેચ્છા,
કોઈ કાલે દમી ન શકશે વાસના એક પણ હા !
પુરી થાતાં ફરી જ ઉગશે આપની આજ ઇચ્છા,
ને એ રીતે ખપી-બળી જશે યોગ ને આત્મબળ આ.

વિભુતિ સૌ જગત હિતમાં સાધુઓ વાપરે છે,
કિંતુ આ તો અહિત પથ છે દિલ તેથી હઠે છે;
કોશા! કોશા! પુનરપિ કહું માની લ્યો શીખ મ્હારી,
ઇચ્છાના આ ઝરણમહીં ના ડૂબવો આત્મશક્તિ"

"કાંઇએ ના સમજ પડતી આપના આ કથનમાં,
શું ના સર્વે જગત વસતું કર્મના આ નિયમમાં ?
કે ઇચ્છા સૌ ગત ભવ તણાં કર્મથી બદ્ધ થાતી.
તો તો નક્કી પુરી થવી ઘટે કર્મના એહ બળથી."
"કર્મો પાસે બળ નથી નકી ઇષ્ટને સાધવાને,
જો હોયે તો જરૂર ક્ષણમાં આપને તૃપ્તિ અર્પે;
જ્યારે ઇચ્છા અમુક ચિજની તૃપ્તિ માટે વિચરતી,
કર્મો અર્પે નિજ:સખી તણા કાર્યમાં સર્વ પુષ્ટિ.
ને બુદ્ધિએ મળી જઈ અને શક્તિ સર્વે જમાવી,
એ તૃપ્તિનું ઉચિતપણું તે યુક્તિથી સિદ્ધ કરતી;
જ્યારે શક્તિ ત્રિપુટિ તણી આ આત્મબળથી ચડે છે,
ત્યારે નીચે જરૂર ક્ષણમાં માનવીઓ પડે છે.

આવો છે આ નિયમ જગતે, સર્વથા દૃષ્ટ એ છે,
જાગો, જુઓ, સહુય તમ આ આત્મબળ હા ! ડગે છે;
હિતેચ્છુ હું તમ હૃદયનો છું, હતો, ને રહીશ,
માટે માનો ફરી ફરી કહું માર્ગ આ છે અનિષ્ટ."

"લાગે છે આ મગજ મમનો ભાર ખાલી થતો રે,
દીસે છે આ હૃદય ખુલતું ચક્ષુઓ ઉઘડે કે;
આ કર્ણો જે કથન તમ તે સુણતાં, સુણતાં ના,
તેમાંથી એ સ્વર તમ તણો ઉતરે દૂર દૂર આ.

ઇચ્છા મારી ફરી ગઈ દીસે આપનો બોધ ઇચ્છે,
મીઠી લાગે અહહ ! અતિ આપની વાણી આજે;
જાણે મ્હારા શરીર પર આ લાખ ચંદ્રો ઢળ્યા છે,
આવી શાંતિ નકી નથી કદિ ભોગવી જન્મ લૈને.

ચંદામાંથી ઝરતું અમીનું વ્હેન, કૈં એમ આજે,
મ્હારામાંથી મમ ગુરૂ પ્રતિ પૂજ્યવૃત્તિ ઝરે છે;
ઝૂકે છે આ ધરણી જનનીપાદમાં જેમ વેલી,
ઉંડા ભાવે મમ તનલતા આપને છે નમેલી.

શું વિચારૂં ? હૃદય મુજ આ છેક પોચું બન્યું છે,
આભારે આ હૃદય મમ તો હૈંભરાઇ ગયું છે;
ચારે બાજુ નજર કરતાં આપની મૂર્તિ દેખું,
આખા વિશ્વે વહન કરતો આપથી પૂર્ણ વાયુ.

વિચારો સૌ મલિન મનના નષ્ટ આજે થયા ને,
વિશુદ્ધિ આ રગ રગ મહીં હર્ષથી ઉછળે છે;
જાણે અર્પું જગત સહુ આ સૂર્ય ને સોમ સાથે !
જાણે ધોઉં તમ પદદ્વય ઉદધી સસ આખે !

શી શી રીતે સજી શકું ? કહો આપની દેવ ! સેવા,
શું શું અર્પું ? સમજી શકું ના તુચ્છ સૌ ભેટ, દેવા !
શક્તિ કાંઇ નથી નક્કી અરે ! આપને અર્પવા, હા !
તો સ્વિકારો નયન ઝરતી અશ્રુની ઇશ ! માળા !"

કસોટીએ ચડેલું તં, નીકળ્યું શુદ્ધ કુંદન,
ગુરૂની શુભ આશીષે, મેળવ્યું મુક્તિનું સુખ.

દેવળીઆ (રાજનું.)
તા. ૨૫-૫-૧૩

—अमृत*

* ઉચિત છે અત્ર જણાવવું કે કેટલાક માસ પહેલાં "આનંદ" માસિકમાં પ્રસિદ્ધ થયેલો આજ મથાળાવાળો એ પ્રભાવશાળી ગદ્ય સંવાદ વાંચીને તેજ કથા પદ્યમાં ઉતારવાનો આ ક્ષુદ્ર યત્ન છે. સુદર પદ્ય લખી શકે છે એવા એ પ્રતિભાવાન્ લેખકે આ કથા ગદ્યને બદલે પદ્યમાંજ લખી હોત તો ગુજંર જૈન સાહિત્યને એ કેવી મૂલ્યવાન બક્ષીસ થાત ?—છપનાર.

## આ કોપ કયા પ્રકારનો?

( રાગ—ભેખ રે ઉતારો રાજા ભરથરી. )

જુલ્મ આવો કયાંથી જાગીઓ? વરસે વિષયો વરસાદજી;
જળમાંથી શું જ્વલન થયું? કરવી કયાં આ ફરીઆદ જી?—જુ.
ઉગરવું કયાં અજાણને, વસવું કયાં કરી વાસજી?
શાંતિને કયા સ્થળે શોધવી? આનંદની કયાં આશ જી?—જુ.
આધાર જેનો અવનિ વિષે, શાંતિ પામ્યાનું સ્થાન જી;
એહજ ઉતારે ઉંડી ખાડમાં, મિથ્યા ધરી અભિમાન જી.—જુ.
મમત કરાવે મુનિ થઈ, જાળ રચે કોઇ જેમ જી;
ગોથાં ખવરાવે ગુરૂ થઈ, કલેશ ઘટે કહો કેમ જી?—જુ.
મોટા મોટા મમતી થયા, નાના થયા નિર્લાજજી;
તાણી તાણીને પાડયાં તડાં, સુધાર્યો ના સમાજ જી?—જુ.
જ્ઞાતિ જ્ઞાતિમાં નવ બને, મહાજનમાં મતભેદ જી;
કટકા અનેક કુટુંબમાં, ખોપે ઉપજાવ્યા ખેદ જી.—જુ.
ધૂમ્રથી કંઇક ધુંધવાઇ રહ્યું, ભડકા કયાંઇક ભળાય જી;
બળતે કેક સ્થળ બાળીઆં, બળીને કેક બુઝાય જી.—જુ.
લાગીરે લાય ઘણાં ઘર વિષે, ઝેર વેર તણી ઝાળ જી;
સુધરી ત્યારે સુંદર બને, સંત લીએ જો સંભાળ જી.—જુ.
સંપ ઘટયા સમુદાયમાં, ઝાઝાં પથરાયાં ઝેર જી;
**સંતશિષ્ય** સમદષ્ટિ વિના, વધીઆં વિશ્વમાં વેર જી.—જુ.

**મુનિશ્રી નાનચંદ્રજી.**

---

## શું કરૂં?!!

બુલબુલ ઉડયુ ગુલઝારથી, ગુલ ગુલ બધાં ધરણી ઢળ્યાં;
ગુલશન પડી મ્હારી સુની, એ ગુલશને જઈ શું કરૂં!
આંબે ન આવ્યો મહોર, ટહુકી કોકિલા ન સ્હવારમાં;
અભ્રે રવિ ઊગતાં જ છાયો, વસંતને હું શું કરૂં?
વ્હાલાં તણાં હઇડાં ન ઊછળે, પ્રેમ નવ નયને વસે;
પણ એકલાં મુખથી હસે, એ વહાલ લઈ હું શું કરૂં?
દિલમાં પડયા કારી ઝખમ, મરહમ નથી ક્યા રૂઝવા;
હૈયા મહિં કળ નથી વળી, રોયા વિના બીજું શું કરૂં?
નવ સમિર મૃદુ શિળો વહે, ઉઠે ન ઉર્મિ સર મહિં!
મુજ હૃદય પણ જડ બની રહે, સરવર તીરે જઇ શું કરૂં?
ગાજે ન પ્રભુનાં ગાન, મન ગળી જાય પ્રભુતામાં નહી;
હૃદયે વિકાર જડયા રહે, તો મંદિરે જઇ શું કરૂં?!!

મણિ-મંદિર પાદરા. —મણિલાલ.

# एक प्राचीन जैन गणितशास्त्री,

## महावीराचार्यकृत गणितसारसंग्रह.

ગણિતશાસ્ત્રનો પ્રશ્ન નિકળે છે તો પ્રાચીન તરફ દૃષ્ટિ કરતાં આપણને તે શાસ્ત્રના પિતા **આર્યભટ્ટ**, **વરાહમિહિર**, **બ્રહ્મગુપ્ત**, **ભાસ્કરાચાર્ય**નું સ્મરણ થાય છે અને તેઓના નિવસ્થાન ગંગા નદીના તટ પર આવેલ **પાટલીપુત્ર** અને **માલવ** દેશમાં આવેલ ઉજ્જયિની વગેરે તરફ નજર પડે છે; અને હિંદુસ્થાનમાં શું આટલાજ ગણિતશાસ્ત્રવેત્તાઓ થઇ ગયા હશે? એવું લાગે છે, અત્યારે ગણિતશાસ્ત્રપર પોતાની અધિકારસંપન્નતા વ્યક્ત કરનાર એક જૈનાચાર્ય થઇ ગયા છે એ વાત જણાવતાં અત્યંત સંતોષ થાય છે.

કાવ્યશાસ્ત્ર, તર્ક, વ્યાકરણ, જ્યોતિષ, વૈદ્યશાસ્ત્ર વગેરે વિવિધ વિષયપર જેવી રીતે જૈનેતર પંડિતોએ પ્રમાણભૂત ગ્રંથો લખ્યા છે તેવાજ જૈનોએ પણ લખેલા છે. તેમાંથી કેટલાક પ્રકાશિત થયા છે, કેટલાક અજ્ઞાત સ્થિતિમાં છે અને કેટલાક ભંડારમાં સડે છે-જંતુના ભોગ થઇ નાશ પામ્યા છે ને પામતા જાય છે.

સુભાગ્યની વાત છે કે બહુ ધીમેધીમે પણ જૈનપ્રાચીન ગ્રંથનો ઉદ્ધાર કરવા અર્થે જુદીજુદી સંસ્થાઓ નીકળી છે અને શ્રીમંતો તેમાં પોતાનો ફાળો આપતા જાય છે. એવો સુદિન આવશે કે દરેક વિષયોપર આપણા મહાન્ બ્રહ્મચારી મુનિઓએ-ઋષિઓએ મહાન ગ્રંથો લખેલા છે તે બહાર પાડી સમગ્ર વિશ્વમાં તેની જ્યોતિ, અને વ્યાપકતા પ્રસારશે; તો શ્રીમંતો, વિદ્વાનો, ભંડારના રખેવાળો એકઠા થઇ એક બીજાને પોતાની પાસેના સાધનોની મદદ આપી એક મહાન્ પુસ્તકભંડાર એકઠો કરી તેનાં બારણાં બધાને માટે ખુલ્લાં મૂકી પૂર્વના જ્ઞાનની અમૂલ્ય પ્રસાદી વિસ્તારશે.

અદ્યાપિ પર્યંત જૈનગણિતશાસ્ત્રી તરીકે કોઇપણ હોય એવું પ્રકટ થયું નથી. જૈનગ્રંથાવલિમાં ગણિતતિલક વૃત્તિ. કર્તા સિંહતિલક, એટલુંજ નામ જોવામાં આવે છે તે શોચનીય વાત છે. પરંતુ આસિવાય એક ગ્રંથ 'ગણિતસારસંગ્રહ' ઉપલબ્ધ થયો છે. તેના કર્તા **મહાવીરાચાર્ય** છે. આના સંબંધે **અમેરિકાની** કોલંબિયા યુનિવર્સીટી-ટીચર્સ કૉલજના ન્યુયૉર્કમાંના ગણિતશાસ્ત્રી પ્રોફેસર ડેવિડ યુજેન સ્મિથ (David Eugune Smith) જૈન ગણિતશાસ્ત્રના નામથી એવું જણાવે છે કે:—

"It is a pleasure to know that such a man has at last appeared and that, thanks to his profund scholarship and great perseverance, we are now receiving new light upon the subject of Oriental Mathematics, as known in another part of India and at a time about midway between that of **आर्यभट्ट** and **भास्कर** and two centuries later than **ब्रह्मगुप्त**. The learned scholar, Professor M. Rangacharya of Madras ( curator of

the Government Oriental Library and Sanskrit Professor in the Presidency College ) some years ago became interested in the work of **महावीराचार्य**, ( Jain Mathematician ) and has completed its translation, thus making the mathematical world his perpetual debtor. "

**મદ્રાસ**ની પ્રેસીડેન્સી કૉલેજના પ્રોફેસર (શિક્ષાગુરૂ) અને ગવર્નમેંટની ઓરિએંટલ લાયબ્રેરીના ક્યુરેટર પ્રોફેસર એમ. રંગાચાર્યે ( કે જે બ્રાહ્મણ છે ) અંગ્રેજીમાં જૈનાચાર્ય **મહાવીરાચાર્ય**થી લખાએલ ગણિતશાસ્ત્રનું અંગ્રેજીમાં ભાષાતંર કર્યું છે ( અને મદ્રાસ સરકારે તેને પ્રસિદ્ધ કર્યું છે ) તેને માટે મી. **સ્મિથ** તેનો ઉપકાર માનતાં કહે છે કે તેની તલસ્પર્શી વિદ્વત્તા અને વિશાલ ખંતને માટે તેને ધન્યવાદ ઘટે છે અને તેનેજ લઇને પૌર્વાત્ય ગણિતશાસ્ત્ર કે જે હિંદના બીજા ભાગમાં અને જે **આર્યભટ્ટ** અને **ભાસ્કરાચાર્ય**ના વચ્ચેના સમયમાં અને **બ્રહ્મગુપ્ત** થયા પછી એ સદી પછી જ્ઞાત થયું હતું તેનાપર હમણાં આપણને નવીન પ્રકાશ મળે છે. આથી ગણિતશાસ્ત્રમાં રસ લેતી પ્રજા પર શાશ્વત ઉપકાર થયો છે. સાથે અમે જૈનપ્રજા તરફથી તે પ્રોફેસરનો ઉપકાર માનીએ છીએ

**મહાવીરાચાર્ય** પહેલાં અને પછી પણ ઘણા જૈનેતર વિદ્વાન્ ગણિતશાસ્ત્રજ્ઞ થઈ ગયા છે, **આર્યભટ્ટ** ઈ. સ, ૫મા શતકમાં, વરાહમહિર ૬ ઠા શતકમાં, **બ્રહ્મગુપ્ત** ૭ મા શતકમાં અને **ભાસ્કરાચાર્ય** ૧૨ મા શતકમાં થઈ ગયા છે. **મહાવીરાચાર્ય**ના કાલ સંબંધમાં તેણે પોતાના ગણિતશાસ્ત્રને છેડે પોતાની પ્રશસ્તિ લખી નથી તેથી તેની ગુરૂપરંપરા નિવાસસ્થાન કે કાલ જાણવાનું કાંઇ સાધન નથી. તેમણે જે રાજાનો ઉલ્લેખ કર્યો છે તે પરથી તેનો કાલ ઠરાવવામાં હરકત આવતી નથી.

પહેલાં શ્રી **મહાવીર** પ્રભુની સ્તુતિ કરી મંગલાચરણ કરે છેઃ—

**अलंघ्यं त्रिजिगत्सारं यस्यानंतचतुष्टयम् ।**
**नमस्तस्मै जिनेंद्राय महावीराय तायिने ॥ १ ॥**

**संख्याज्ञानप्रदीपेन जैनेंद्रेण महात्विषा ।**
**प्रकाशितं जगत्सर्वं येन तं प्रणमाम्यहम् ॥ २ ॥**

—જેના અનંત ચતુષ્ટય (અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંતચારિત્ર અને અનંત વીર્ય ત્રણ જગતના સારરૂપે છે અને જેનો પાર પામી શકાય તેમ નથી એવા તારક જિનેંદ્ર શ્રી **મહાવીર**ને નમસ્કાર કરૂં છું: તે મહાકાંતિમાન્ જૈનેંદ્ર કે જેણે સંખ્યાના જ્ઞાનરૂપી દીપકથી સર્વ જગતને પ્રકાશિત કર્યું છે તેને હું પ્રમાણ કરૂં છું:

પછી જણાવે છે કે:—

**प्रीणितः प्राणिसस्योघो निरीति निरवग्रहः ।**
**श्रीमताऽमोघवर्षेण येन स्वेष्टहितैषिणा ॥ ३ ॥**
**पापरूपाः परा यस्य चित्तवृत्तिहविर्भुजि ।**
**भस्मसाद् भावमीयुस्तेऽवंध्यकोपोऽभवत्ततः ॥ ४ ॥**

वशीकुर्वन् जगत्सर्वं स्वयं नानुवशः परैः ।
नाभिभूतः प्रभु स्तस्मादपूर्वं मकरध्वजः ॥ ५ ॥
यो विक्रमक्रमाक्रांतचक्रिचक्रकृतीक्रियः ।
चक्रिकाभंजनो नाम्ना चक्रिकाभंजनोऽञ्जसा ॥ ६ ॥
यो विद्यनद्यधिष्ठानो मर्यादावज्रवेदिकः ।
रत्नगर्भो यथाख्यातचारित्रजलधिर्महान् ॥ ७ ॥
विश्वस्तैकांतपक्षस्य स्याद्वादन्यायवादिनः ।
देवस्य नृपतुंगस्य वर्धतां तस्य शासनम् ॥ ८ ॥

આમાં જણાવેલ રાજા **અમોઘવર્ષ—ચક્રિકાભંજન-નૃપતુંગનું** વર્ણન તેની સ્તુતિ રૂપે કરેલ છે. તે રાજા **અમોઘવર્ષ** ઇ. સ, ૮૧૪-૧૫ થી તે ૮૭૭-૭૮ સુધી રાષ્ટ્રકૂટ રાજવંશમાં **માન્યખેટક** (મલખેડ)માં રાજ્ય કરતો હતો તે અનેક શિલા લેખોમાંથી માલુમ પડે છે. મી. વિન્સેંટ સ્મિથ પોતાના રચેલ હિંદના પૂર્વ ઇતિહાસમાં લખે છે કેઃ-

The long reign of the next king, (815—77A.D) Amoghavarsha who occupied the throne for at least sixty-two years, was largely spent in constant wars with the Eastern Chalukya Rajas of Vengi. He transferred his capital from Nasik to Manya kheta, the Mankir of the Arab writers, now Malkhed in the Nizam's dominions. In his old age he abdicated in favour of his son, Krishna II, and devoted the brief remainder of his life to ascetic practices. The Digambara, or naked, sect of the Jains was liberally patronised by Amoghavarsha. The rapid progress made by Digambara Jainism late in the ninth and early in the tenth century, under the guidance of various notable leaders, including Jinasena aud Gunabhadra, who enjoyed the favour of more than one monarch, had much to do with the marked decay of Buddhism; which daily lost ground, until it finally disappeared from the Deccan in the twelfth century.

—Early History of India. Page 387.

જેમાટે મહાવીરાચાર્ય પોતાના ગણિતસારસંગ્રહમાં પ્રથમજ **અમોઘવર્ષનો** ઉલ્લેખ કરે છે તે પરથી જણાય છે કે તેજ કાળમાં તે આચાર્ય થયેલ છે એ સ્પષ્ટ છે. પરંતુ **અમોઘવર્ષના** બે મહાન્ આચાર્યો અને ગુરૂશિષ્ય-ભગવજ્જિનસેન અને ગુણભદ્રના સમયમાં થઇ ગયો અને તે બંને તેને વંદ્ય હતા, તેવીજ રીતે આ મહાવીરાચાર્યને

પણ પૂજ્ય માનતો હશે. વળી **મહાવીરાચાર્ય** એ **જિનસેન** અને **ગુણભદ્ર**થી પૂર્વે થયા કે પછી એ એક મોટો પ્રશ્ન છે. **જિનસેન** અને **ગુણભદ્રે** **મહાવીરાચાર્ય**નો ઉલ્લેખ કર્યો નથી તેમ **મહાવીરાચાર્યે** તે એનો ઉલ્લેખ કર્યો નથી. તેથી પ્રથમ કોણ થયા અને પછી કોણ થયા તે પ્રશ્નનું નિરાકરણ થતું નથી, કારણ કે, જો ભગવન્ **જિનસેન**ને **મહાવીરાચાર્ય**ની માહિતી હોત તો તેણે પોતે તેમજ **ગુણભદ્રે** રચેલ **પૂર્વાચાર્યમાલિકા**માં તેમનો ઉલ્લેખ કર્યો હોત-જો સમકાલિન તદ્દન હોય તો અવશ્ય તેનો ઉલ્લેખ થયો હોત! જો **મહાવીરાચાર્ય**ને જિનસેન અને ગુણભદ્રની પછી થયેલ માનીએ તો તે બંનેનો ઉલ્લેખ કર્તાએ પોતાના ગણિત **સારસંગ્રહ**માં કર્યો હોત, પણ તેણે પોતાના સંબંધમાંજ કંઇ ઉલ્લેખ કર્યો નથી તો પછી તેનો પણ સાથે નજ થાય. આથી **મહાવીરાચાર્ય** **જિનસેન** અને ગુણભદ્રથી પૂર્વે થયા છે કે પછી થયા છે તે ચોક્કસ કરવું કઠિન છે.

રા. તાત્યા પાંગળે એવોમત ધરાવે છે કે **મહાવીરાચાર્ય** **જિનસેન-ગુણભદ્રા**દિની પૂર્વે થઇ ગયા હશે કારણ કે નહિતો તેણે તે મહાન્ બે વિદ્વાનોનો ઉલ્લેખ પોતાના ગ્રંથમાં કર્યો હોત, જ્યારે જિનસેન-ગુણભદ્રે પોતાના ગ્રંથમાં **મહાવીરાચાર્ય**નો ઉલ્લેખ એક ગણિત ગ્રંથ લખ્યો તેથી તે મહાન્ વ્યક્તિ થયા એવું કંઈ ગણાય નહિ અને તેથી તેનો ઉલ્લેખ ન કર્યો હોય.

તથાપિ **મહાવીરાચાર્ય** એ **અમોઘવર્ષ**ના સમયમાં થઇ ગયા છે એ નિશ્ચિત છે. આથી વધુ માહીતી તેના સંબંધે મળતી નથી. ઇ. સ. ૯ મા શતકમાં તે થઇ ગયા એ એ માનવામાં કંઇ હરકત નથી.

હવે સાતમા શતકમાં થઇ ગયેલ **બ્રહ્મગુપ્ત** અને ૧૨ મા શતકમાં *વરાહ આ બંનેના મધ્યના વખતમાં-૯ મા શતકમાં **મહાવીરાચાર્ય** થયા એ સ્પષ્ટ છે. **ભાસ્કરાચાર્ય**ની પેઠે **મહાવીરાચાર્ય** જ્યોતિષશાસ્ત્રજ્ઞ પણ હશે, કારણકે જ્યોતિષશાસ્ત્રની ઉપયુક્તતા માટે ગણિત-શાસ્ત્રનો આધાર અને મહત્વ વિશેષ છે એવું પ્રતિપાદન કરેલું છેઃ જેમકે

**सूर्यादिग्रहचारेषु ग्रहणे ग्रहसंयुतौ ।**
**त्रिप्रश्ने चंद्रवृत्तौ च सर्वत्रांगी कृतं हि तत् ॥ १२ ॥**

તોપણ જ્યોતિષી તરીકે તેની પ્રસિદ્ધિ થઇ નથી અને તેવા પ્રખ્યાત જ્યોતિષી હશે પણ નહિ. જૈનધર્મમાં ગણિતશાસ્ત્રનું મહત્વ વિશેષ છે. ચાર અનુયોગના વર્ણનમાં પ્રત્યેક સ્થળે ગણિતશાસ્ત્રમાં સંખ્યાનો સંબંધ હોય છે, અર્થાત્ જૈનોને વ્યવહાર પેઠે ધર્મની બાબતમાં પણ તેનો વધારે ઉપયોગ છે.

**બ્રહ્મગુપ્ત**ના **બ્રહ્મસ્ફુટસિદ્ધાંત**નો અને **મહાવીરાચાર્ય**ના ગણિતસાર**સંગ્રહ**નો વિચાર કરતાં એમ જણાય છે કે **મહાવીરાચાર્ય**ને **બ્રહ્મગુપ્ત**ના સિદ્ધાંતનો પરિચય હતો, કારણ કે **ગણિતસારસંગ્રહ** એ તેણે **બ્રહ્મગુપ્ત**ના સિદ્ધાંતને સુધારી તે ધોરણપર લખેલ છે. **મહાવી-રાચાર્ય**ની ગણિત વિષયે જ્ઞાન આપવાની પદ્ધતિ સારી અને સુબોધક છે, અને તેમાટે અનેક ઉદાહરણ આપ્યાં છે. સારાંશમાં કહીએ તો **બ્રહ્મગુપ્ત**નું ગણિતશાસ્ત્ર **મહાવીરાચાર્ય**ની પૂર્વે

---

*જૈન ઇતિહાસ પ્રમાણે જે **વરાહમિહિર** **ભદ્ર**બાહુ સ્વામી (કે જે ઇ. સ. પૂર્વે ૩૫૬ માં સ્વર્ગસ્થ થયા) તેના ભાઇ હતા તે આ **વરાહમિહિર**થી જૂદા લાગે છે.

સર્વમાન્ય હતું એ વાત અમાન્ય થઈ શકે એમ નથી. હવે **મહાવીરાચાર્ય**નું ગણિતશાસ્ત્ર **ભાસ્કરાચાર્ય**ના કરતાં પહેલું છે કે નહિ તે સમજવું કઠણ છે. તો પણ **ભાસ્કરાચાર્ય**ના (**લી**લાવતી અને બીજગણીત મળી બનેલ) ગ્રંથ **સિદ્ધાંતશિરોમણી** **બ્રહ્મ**ગુપ્તના **બ્રહ્મ**સ્ફુટ-સિદ્ધાંતને વધારે સુલભ અને સુધારો કરીને લખાયેલ છે તેથી એમ જણાય છે કે તે ગ્રંથની પહેલાં અને **બ્રહ્મ**સ્ફુટસિદ્ધાંતની પછી **મહાવીરાચાર્ય**નો ગણિતસારસંગ્રહ ગ્રંથ લખાયેલ છે. કદાચિત્ **મહાવીરાચાર્ય** જૈન હોવાથી તેમાંથી ઉલ્લેખ લેવાનું **ભાસ્કરાચાર્ય**ને યોગ્ય નહિ લાગ્યું હોય એટલું જ ! બાકી **મહાવીરાચાર્ય**નો **ગણિતસારસંગ્રહ ગ્રંથ** ઉત્તરમાં વિશેષ નહિ પણ દક્ષિણ દેશમાં કાનડી ભાષાના પ્રદેશમાં તો અત્યંત પ્રખ્યાત હતો એ નિર્વિવાદ છે; કારણ કે ૧૧ મા શતકમાં **રાજમહેંદ્રી**માં પ્રખ્યાત રાજા–**રાજનરેંદ્ર** રાજ્ય કરતો હતો અને તેના વખતમાં **મહાવીરાચાર્ય**ના ગણિતશાસ્ત્રનું **તેલંગૂ** ભાષામાં પદ્યાત્મક ભાષાંતર **પાવુલુરીમલ્લ**ને કરી તેનો સામાન્ય જનમાં પ્રસાર કરેલ હતો એવું હમણાની **મદ્રાસ** ઓરિયંટલ લાયબ્રેરીમાં રાખેલા કેટલીક જૂની ખંડિત પ્રતમાંથી સિદ્ધ થાય છે. આ પરથી દાક્ષિણાત્ય પ્રદેશમાં (તે વખતે તે ભાગમાં જૈનલોકનો વિશેષ પ્રચાર હોવાથી) **મહાવીરાચાર્ય**ના 'ગણિતસારસંગ્રહ' સર્વત્ર પ્રચલિત હતો એ સ્પષ્ટ છે. **સારાંશ** કે **મહાવીરાચાર્ય** એ એક કાળે સારી રીતે પ્રખ્યાત ગણિતશાસ્ત્રી હોઇને તેના ગણિત**સારસંગ્ર**-હનો દક્ષિણમાં ઘણો દૂર પ્રસાર થયો હતો.

ગણિતસારસંગ્રહનો વાંચકને અલ્પ પરિચય થાય તેથી અહીં થોડા ઉતારા તેમાંથી આપવામાં આવે છે. ગણિતશાસ્ત્રનું મહત્વ, વર્ણન કર્તા નીચે પ્રમાણે કરે છે:—

**लौकिके वैदिके वापि तथा सामायिकेऽपि यः ।**
**व्यापारस्तत्र सर्वत्र संख्यानमुपयुज्यते ॥ ९ ॥**

**द्वीपसागरशैलानां संख्याव्यासपरिक्षिपः**
**भवनव्यंतरज्योतिर्लोककल्पाधिवासिनाम् ॥ १३ ॥**

**नारकाणां च सर्वेषा श्रेणीबंधेंद्रकोत्करा: ।**
**प्रकीर्णकप्रमाणाद्या बुध्यंते गणितेन ते ॥ १४ ॥**

**बहुभि र्विप्रलापैः किं त्रैलोक्ये सचराचरे ।**
**यत्किंचिद् वस्तु तत्सर्वं गणितेन विना नहि ॥ १६ ॥**

**तीर्थकृद्भ्यः कृतार्थेभ्यः पूज्येभ्यो जगदीश्वरैः ।**
**तेषां शिष्यप्रशिष्येभ्यः प्रसिद्धाद् गुरुपर्वतः ॥ १७ ॥**

**जलधे रिव रत्नानि पाषाणा दिव कांचनम् ।**
**शुक्ते मुक्ताफलानीव संख्याज्ञानमहोदधेः ॥ १८ ॥**

**किंचिदुध्धृत्य तत्सारं वक्षेऽहं मतिशक्तितः ।**
**अल्पं ग्रंथ मनल्पार्थं गणितं सार संग्रहम् ॥ १९ ॥**

सज्ञांभोभिरथो पूर्णे परिकर्मोरुवेदिके ।
कालासवर्णसंरूढलुठत्पाठीनसंकुले ॥ २० ॥
प्रकीर्णकमहाग्राहैस्त्रैराशिकतरंगिणि ।
मिश्रकंव्यवहाराद्यत्सूक्तिरत्नांशुपिंजरे ॥ २१ ॥
क्षेत्रविस्तीर्णपाताले खाताख्यसिकताकुले ।
करणस्कंधसंबंधच्छायावेलाविराजिते ॥ २२ ॥
गणकैर्गुणसंपूर्णैस्तदर्थमलयोऽमला ।
गृह्यंते करणोपायैः स्सारसंग्रहवारिधौ ॥ २३ ॥

આ પછી ગણિતશાસ્ત્રમાંથી (સંજ્ઞા) કોષ્ટકોનું મહત્વ આપેલ છે-એટલે **મહા**વીરાચાર્યની ક્ષેત્રપરિભાષા (આમાં પરિમાણથી યોજન સુધી ભૂમિનું માપ કેમ લેવું તે વર્ણવેલ છે), કાલપરિભાષા (સમય માપવાનું કોષ્ટક), ધાન્યપરિભાષા, સુવર્ણપરિભાષા, રજતમપરિભાષા, લોહપરિભાષા-આ પ્રમાણે કોષ્ટકો આપ્યાં છે. તેમાંનું એક નમુના માટે આપીએ છીએ.

**કાલપરિભાષા.**

अणुरण्वंतरं काले व्यतिक्रामति यावति ।
सकाल-समयोऽसंख्यैस्समयै रावलि र्भवेत् ॥ ३२ ॥
संख्या तावलिरुच्छ्वासः स्तोक स्तूच्छ्वास सप्तकः ।
स्तोका सप्त लवस्तेषां सार्धाष्टा त्रिंशता घटी ॥ ३३ ॥
घटीद्वयं मुहूर्तोऽत्र मुहूर्त त्रिंशता दिनम् ।
पंचघ्नास्त्रिदिनैः पक्षः पक्षौ द्वौ मास इष्यते ॥ ३४ ॥
ऋतुर्मासद्वयेन स्यात् त्रिभिस्तैरयनं मतम् ।
तद् द्वयं वत्सरो वक्ष्ये धान्यमानमतः परम् ॥ ३५ ॥

"**કાલમાનનું** કોષ્ટક

| | | | |
|---|---|---|---|
| કાલનો અંશ | ૧ આવલી | ૩૦ મુહૂર્ત | ૧ દિવસ |
| અનેક આવલી | ૧ ઉચ્છ્વાસ | ૧૫ દિવસ | ૧ પક્ષ |
| ૭ ઉચ્છ્વાસ | ૧ સ્તોક | ૨ પક્ષ | ૧ માસ |
| ૭ સ્તોક | ૧ લવ | ૨ માસ | ૧ ઋતુ |
| ૩૮॥ લવ | ૧ ઘટિ | ૩ ઋતુ | ૧ અયન |
| ૨ ઘટિ | ૧ મુહૂર્ત | ૨ અયન | ૧ વર્ષ. |

આ પ્રમાણે કોષ્ટકનો પરિચય આચાર્યે કરાવ્યો છે. બીજા વિષયો નીચે પ્રમાણે છેઃ--

**૧ પરિકર્મ વ્યવહાર**—આ ભાગમાં પ્રત્યુત્પન્ન (ગુણાકાર, ભાગહાર (ભાગાકાર), વર્ગ (વર્ગીકરણ squaring), વર્ગમૂળ (square root), ઘન (cabing),

ઘનમૂળ ( cube root ), સંકલિત ( summation ), વ્યત્કલિત (subtraction) આ પ્રમાણે વિષય છે.

૨ **કાલાસવર્ણ** (અપૂર્ણાંક—fractions આ. બીજા ભાગમાં નીચેના વિષય છે:—

ભિન્ન પ્રત્યુત્પન્ન-અપૂર્ણાંકના ગુણાકાર—( multiplication of fractions ), ભિન્નભાગહાર-અપૂર્ણાંકના ભાગાકાર-( division of fractions squaring ), ભિન્નવર્ગ વર્ગમૂલ ઘનઘનમૂળ (અપૂર્ણાંકના વર્ગ, વર્ગમૂળ, ઘન, ઘનમૂળ-(squaring, squareroot, cubing, cube root of fractions ), ભિન્ન સંકલિત ( અપૂર્ણાંકના સરવાળા summation of fractional series in progression), ભિન્નવ્યુત્કલિત ( fraction in series ). કાલાસવર્ણ ષડ્જાતિ: ( વ્યાકરણની છ જાત-( six varieties of fractions ), ભાગજાતિ: ( સામાન્ય અપૂર્ણાંક જેવા કે સરવાળા બાદબાકી. simple fractions-asAddition subtraction ), પ્રથમભાગ જાતિ ( compound and complex fractions ), ભાગાનુબંધ જાતિ: ( associated fractions) ભાગાપવાહજાતિ: ( dissociated fractions ), ભાગમાતૃજાતિ: (foregoing varieties of fractions ).

૩ **પ્રકીર્ણવ્યવહાર**—આ ત્રીજાભાગમાં જાતિશેષજાતિ:, મૂલજાતિ:, શેષમલજાતિ:, દ્વિરગ્રશેષણલજાતિ; અંશમૂલ જાતિ:, ભાગસંવર્ગજાતિ:, ઊનાધિકાંશવર્ગ જાતિ:, મૂલ મિશ્રજાતઃ, ભિન્નદસ્ય જાતિ:—આ પ્રમાણે જુદા જુદા અપૂર્ણાંકના પ્રકાર છે ( prablems of fractions) છે.

૪ **ત્રૈરાશિકનું સ્વરૂપ**—વર્ણવ્યું છે. તેમાં ત્રૈરાશિક, ગતિ નિવૃત્તિ અને પંચસપ્તનવરાશિકા એવા ત્રણ વિભાગ છે.

૫ **મિશ્રકવ્યવહાર** ( Mixed problems )—આ પાંચમા ભાગમાં સંક્રમણ સૂત્ર, પંચારાશિકવિધિ, વૃદ્ધિવિધાન, પ્રક્ષેપકુટ્ટિકાકાર, વલ્લિકાકુટ્ટિકાકાર, વિષયકુટ્ટિકાકાર, સકલકુટ્ટિકાકાર, સુવર્ણકુટ્ટિકાકાર, વિચિત્રકુટ્ટિકાકાર, શ્રેઢી બદ્ધસંકલન,—આવા વિષય છે તે ઉપરાંત નફાતોટા, કટમિતિ, મુદત વગેરે વિષય છે.

૬ **ક્ષેત્રગણિતનુંસ્વરૂપ**—ચાર પ્રકારે જણાવ્યું છે. વ્યાવહારિક ગણિત ( Calcul ation of the area—ક્ષેત્રફળની ગણત્રી ), સૂક્ષ્મ ગણિત ( minute calcula tion of area ), જન્મવ્યવહાર, અને પૈશાચિક ( કઠિણ ) વ્યવહાર. આ ભાગમાં ભૂમિતિની પદ્ધતિપર પદાર્થોના વર્તુળ, ચતુષ્કોન, ત્રિકોણ, અર્ધવર્તુળ, ભાગનું માપ લેવાની માહિતી ઉદાહરણો સાથે બતાવેલી છે.

૭ **ખાતવ્યવહાર** ( ખોદવા સંબંધી ગણત્રી—calculation regarding excavations ). આમાં ખાતગણિત ( ભીંતના અથવા સ્તંભના માપ ), ચિતિગણિત અને કકચિકા વ્યવહાર એમ ત્રણ વિભાગ છે. આમાં ઇમારતનાં માપ, તેમજ વસ્તુનાં માપ લેવાની પદ્ધતિ ઉદાહરણો સાથે આપેલી છે.

૮ **છાયાવ્યવહાર** ( વસ્તુની છાયાનું માપ ).

આ પ્રમાણે ગણિતસારસંગ્રહમાં વિષયો છે અને તેમાં હાલનાં ભૂમિતિ, બીજગણિત-અક્ષરગણિતનો પણ સમાવેશ થયેલો છે. સારાંશ કે આ પુસ્તક સુપ્ર

રીતિથી અભ્યાસ કરનારને આજના ગણિતશાસ્ત્રનાં અંગો પણ તેમાં ઘણાં સમાયેલાં લાગશે. આથી પ્રોફેસર યુજેન સ્મિથ જેવા વિદ્વાન્ વ્યક્તિએ આ પુસ્તક વાંચી તેનું અધ્યયન કરી તે સંબંધે સને ૧૯૦૮ ના એપ્રિલ માસમાં રોમ શહેરમાં ભરાયેલ ચતુર્થ આંતરપ્રજાકીય ગણિતશાસ્ત્રી પરિષદ્ Fourth International Congress of Mathematicians માં એક નિબંધ વાંચી બતાવ્યું હતું તેવી રીતે અહીંના વિદ્વાનો જેવા કે ગણિતકેશરી પ્રોફેસર રઘુનાથ પ્રાંજપે (પુનાની ફર્ગ્યુસન કૉલેજના પ્રિન્સિપલ) કે જે આપણા અર્વાચીન મહાવીરાચાર્ય ગણાય તે આવા ગણિતશાસ્ત્ર વિષય ગ્રંથનો અભ્યાસ કરી હિંદુસ્થાનવાસીઓના અને પાશ્ચાત્યના ગણિતશાસ્ત્ર, તેમજ ચિનના અને જપાનના પ્રાચીન અને અર્વાચીન ગણિતશાસ્ત્રની સમાલોચના કરી ઉત્તમ કોણ, સુલભ કોણ, સર્વાંગપૂર્ણ કોણ એ બાબતનો નિર્ણય કરી ગણિતશાસ્ત્રનો ઇતિહાસ લખે તો કેવું સારૂં.

પ્રો. યુજેન સ્મિથ મહાવીરાચાર્યની ગણિતપદ્ધતિ સંબંધી એક સ્થલે જણાવે છે કે;

The shadow Problems, Primitive cases of trigonometry and gnomonies suggest a similarity among these three writers, yet those of Mahaviracharya are much better than one to be found in either ब्रह्मगुप्त or भास्कराचार्य and no question is duplicated.

અર્થાત્—છાયા સંબંધી પ્રશ્નો, ત્રિકોણમિતિ અને ... ... ના પ્રાચીન વિષયો જણાવી આપે છે કે ત્રણે ગણિતશાસ્ત્રીઓમાં સમાનતા છે, છતાં પણ મહાવીરાચાર્યે તે તે સંબંધી જે જણાવ્યું છે તે બ્રહ્મગુપ્ત અથવા ભાસ્કરાચાર્યમાં જે જોવામાં આવે છે, તેના કરતાં ઘણું સરસ કહેલ છે અને કોઇ પણ પ્રશ્ન બેવડાયો નથી.

આ પાશ્ચાત્ય પંડિતનું કેટલું સૂક્ષ્મ અવલોકન છે તેનું ઉદાહરણ ઉક્ત કથન પૂરૂં પાડે છે.

પ્રો૦ રંગાચાર્યે આ પુસ્તકનું ભાષાંતર કરીને મદ્રાસ સરકારે તે પ્રસિદ્ધ કરી જૈનવાંઙ્મયનું નિષ્પક્ષપાતપણે સન્માન કર્યું છે તે માટે જૈન સમાજ તેના ઋણી છે. આજ પુસ્તકની એક તાડપત્ર પરની જૂની પ્રત શ્રી પંડિતાચાર્ય ચારૂકીર્તિ ભટ્ટારકના મઠમાં જોવાની તક તેને મળી હતી અને પ્રો૦ રંગાચાર્ય જેવા પંડિતની દૃષ્ટિએ આ ગ્રંથ ન આવ્યો હોત તો કોણ જાણે કેટલાએ શતકો આ પુસ્તકો પ્રગટ થતાં પસાર થાત. આવાં અનેક પુસ્તકો ભંડારોમાં પડયાં છે અને તે કોણ જાણે કયારે બહાર આવશે એ સમજવું કઠિણ છે. આ તાડપત્ર પર લખેલ ગ્રંથની બીજી પ્રત ઓરિયંટલ લાયબ્રરી-મદ્રાસમાં ન હત તો આજ આપણા પૂર્વાચાર્યના અમૂલ્ય ગણિતશાસ્ત્ર પરનો ગ્રંથ જોવાનો અવકાશ મળત નહિ. પ્રો૦ રંગાચાર્યની પહેલાં મી. એચ. જી સ્ટુઅર્ટ ડાયરેકટર ઓફ પબ્લિક ઇન્સ્ટ્રકશન-મદ્રાસનું લક્ષ આ ગ્રંથ ઉપર ગયું હતું એ વાત અહીં જણાવીએ છીએ.

સંખ્યાપરિજ્ઞાન નામનો મહાવીરાચાર્યનો બીજો એક ગ્રંથ ઉપર જણાવેલ મઠમાં છે.

આ ગ્રંથમાંથી વિશેષ મતલબ ઉદાહરણ સાથે કોઈ વેળા બતાવાય તો વધારે સારૂં તો તેને માટે અન્ય સ્થાન શોધીશું.

આ લેખ રા. તાત્યા નેમિનાથ પાંગળના વિવિધજ્ઞાનવિસ્તાર નામના પ્રસિદ્ધ અને વિદ્વત્તાપૂર્ણ મરાઠી માસિકમાં આવેલ લેખનો અનુવાદ છે.

# ज्ञानचर्चा.

## प्राण अने आत्मा संबंधी जैन अने जैनेतर दृष्टिए विवेचन.

**પ્રશ્ન:—**પ્રાણ અને આત્મામાં શું ફેર ? **અન્ય** લોકો પ્રાણ અને આત્મા બે **સરખા** માને છે, જ્યારે **જૈન ભિન્ન** માને છે; તો તે કઈ રીતે ?

**ઉત્તર:—**જૈન દૃષ્ટિએ ' પ્રાણ ' નો વિચાર કરતાં દશ પ્રાણ કહેલ છે. પાંચ ઈંદ્રિયનું બલ તે પાંચ ઇંદ્રિયબલ પ્રાણ, છઠ્ઠું મનબલ પ્રાણ, સાતમું વચનબલ પ્રાણ, આઠમું કાયબલ પ્રાણ, નવમું શ્વાસોચ્છ્વાસબલ પ્રાણ, દશમું આયુષ્યબલ પ્રાણ. આ દશ પ્રાણનો સૂક્ષ્મ વિચાર કરતાં બલ અર્થાત્ શક્તિ એજ પ્રાણ છે એમ સમજાય છે. શક્તિ એ આત્માથી અભિન્ન હોઈ આત્મા રૂપજ છે. દશે પ્રાણો આત્માની પ્રત્યક્ષ હૈયાતી સુધી હોય છે. શરીરમાંથી આત્મા અદૃશ્ય થતાં દશે પ્રાણો અદૃશ્ય થાય છે. મતલબ કે આત્મા ઉપરજ દશે પ્રાણોનો આધાર છે, એ અપેક્ષાએ આત્મા અને પ્રાણની એકતા છે, એટલે કે દેહમાં આત્મા હોય ત્યારે પ્રાણ અવશ્ય હોયજ અને આત્માના અભાવમાં પ્રાણનો પણ અભાવજ હોય. આત્મશક્તિની વપરાશ થવાના, આત્માની હૈયાતી જણાવાના દશ પ્રાણરૂપી દશ સ્થાનો છે અર્થાત્ એ દશ સ્થાનો વડે આત્માનું અસ્તિત્વ જણાય છે. મનરૂપ આત્મા એ દશે પ્રાણરૂપે દેહની પ્રવૃત્તિ ચલાવે છે. શુદ્ધ ચૈતન્ય છે તે તો સર્વથી અત્યંત વિલક્ષણ છે. જો કે તે વ્યાપક હોઈ તેના વડેજ મનદ્વારા પ્રવૃત્તિ ચાલે છે એ વાત ખરી છે, તોપણ તે અત્યંત ભિન્ન છે એ પણ પ્રત્યક્ષજ છે. દેહની પ્રવૃત્તિ દશ સ્થલ દ્વારા ચાલે છે, તે દશ સ્થલો દશ પ્રાણથી કહેવામાં આવે છે એટલે કે એ દશ દેહના આધારભૂત છે, એમના ઉપરજ દેહનો નિભાવ છે, એમનાં વડેજ દેહની પ્રવૃત્તિ ચાલે છે. એ સર્વથી અત્યંત વિલક્ષણ શુદ્ધાત્મા કેવલ આનંદમય છે. આત્માના સાનિધ્ય વડે—વ્યાપકપણા વડે—શરીરની પ્રવૃત્તિનાં **દશ સ્થલો તે** પ્રાણો કહેવાય છે. પ્રાણો પણ આત્મિક સત્તા છે એમ ગણીને પ્રાણ, જીવ, ભૂત અને સત્ત્વને એક અર્થમાં પણ સૂત્રકારે વાપરેલાં ઘણે સ્થળે જોવામાં આવે છે. જૂઓ શ્રી **આ**ચારાંગસૂત્રના ચોથા અધ્યયનના પહેલા ઉદ્દેશમાં—" **सव्वे पाणा सव्वे भूया सव्वे जीवा सव्वे सत्ता णहंतव्वा**—" સર્વ પ્રાણ, સર્વ ભૂત, સર્વ જીવ અને સર્વ સત્ત્વને હણવાં નહિ. આમાં પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વમાં એક અર્થનો ઉપયોગ છે. આમાં પ્રાણની હૈયાતી આત્માની હૈયાતીમાં હોઈ એટલે કે આત્માથી પ્રાણ ભિન્ન નહિ હોઈ આત્મા અને પ્રાણની એકરૂપે પ્રરૂપણા કરેલી છે. સ્થાનપરત્વે દશે પ્રાણ ભિન્ન છે. વળી આત્મા વિભુ અને નિરાકાર ચૈતન્ય લક્ષણવાળો, તેથી ભિન્ન છે, પણ પ્રાણની સત્તા આત્માની સત્તાવડે હોઈ, સત્તારૂપે પ્રાણ, આત્માથી ભિન્ન નથી, કિન્તુ પ્રાણમાં પણ આત્માની સત્તા છે એ રૂપે પ્રાણ અને આત્મા એક છે, એમ સ્યાદ્વાદશૈલીથી સમજી શકાય છે.

એ દશે પ્રાણોને હરણ કરવાં નહિ. પ્રાણનું હરણ કરવાથી શરીરસૌંદર્યનો વિનાશ થાય છે. શરીરસૌંદર્યનો વિનાશ કરવો એ સૃષ્ટિસૌંદર્યનો વિનાશ કર્યા જેવું ગણાય છે.

પ્રાણ અને આત્માનું ભેદાભેદનું સ્વરૂપ ઉપર પ્રમાણે **જૈન શૈલીએ** છે.

પ્રાણના સંબંધમાં **વેદાનુયાયીઓનો** વિચાર જોતાં આ પ્રમાણે સમજાય છે:—

સ્યાદ્વાદમાં જેમ અમુક અપેક્ષાએ પ્રાણ અને આત્માને ભિન્ન કહેલ છે અને અમુક અપેક્ષાએ પ્રાણ એજ આત્મા એમ કહેવામાં આવેલ છે તેમ વેદવાદમાં પણ અમુક અપેક્ષાએ પ્રાણ અને આત્મા ભિન્ન છે એમ કહેલ છે અને અમુક અપેક્ષાએ એકજ છે એમ કહેલ છે. અપેક્ષામાર્ગે બંનેમાં એકજ રીતે લાગુ થાય છે. સઘળી ક્રિયાશક્તિનું મૂલ પ્રાણ છે. પ્રાણ, વૃત્તિભેદથી પાંચ પ્રકારે છેઃ-પ્રાણ, અપાન, સમાન, ઉદાન, અને વ્યાન. (૧) પ્રાણ, છાતીમાં રહે છે અને નાક તથા મ્હોં વાટે અંદર જાય છે તથા બહાર આવે છે. (૨) અપાન, ગુદાસ્થાનમાં રહે છે અને મળ તથા જળ વગેરેને નીચે લઇ જાય છે. (૩) સમાન, ડુંટીમાં રહે છે તે ખાધેલ પીધેલ-પદાર્થના સમાન ભાગ કરી જઠરમાં લઇ જાય છે. (૪) ઉદાન, કંઠમાં રહે છે તે અન્નજલના વિભાગ કરે છે. (૫) વ્યાન, શરીરમાં વ્યાપક છે તે સઘળી નાડીઓના મ્હોંમાં ફેલાઈ રહે છે. વેદાંત પ્રમાણે પાંચ જ્ઞાનેંદ્રિય, પાંચ કર્મેન્દ્રિય, પાંચ પ્રાણ, મન અને બુદ્ધિ એ સત્તર તત્ત્વવડે સૂક્ષ્મશરીર બનેલું છે. પાંચ પ્રકારના કોશમાં પ્રાણમય કોશ, એ પાંચ પ્રકારના કોશમાંનો એક છે. તે પાંચ કોશ અન્નમય કોશ, પ્રાણમય કોશ, મનોમયકોશ, વિજ્ઞાનમય કોશ અને આનંદમય કોશ. આ પાંચે કોશનો દ્રષ્ટા તેમનાથી ભિન્ન શુદ્ધ ચૈતન્ય છે. સ્થૂલશરીર તે અન્નમય કોશ છે. સૂક્ષ્મશરીર કે લિંગશરીરમાં પ્રાણમય, મનોમય અને વિજ્ઞાનમય કોશનો સમાવેશ થાય છે. રજો ગુણથી ઉત્પન્ન થએલ કર્મેન્દ્રિયો તથા પ્રાણોસહિત પ્રાણમય કોશ છે. આનંદમય કોશ તે કારણશરીરમાં છે.

જેમ પાંચ પ્રાણ છે તેમ પાંચ ઉપપ્રાણ પણ છે, નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય. તેમાં નાગથી ઓડકાર આવે છે, કૂર્મથી આંખ મીચાય છે અને ઉઘડે છે, કૃકલથી છીંક થાય છે, દેવદત્તથી બગાસું આવે છે અને ધનંજય શરીરમાં રહી શરીર સ્થૂલ કરે છે તથા મુડદાં ફુલાવે છે.

પ્રાણમય કોશ ઉપર અન્નમય કોશની ઇમારત છે એટલે કે અન્નમય કોશને પ્રાણમય કોશનો આધાર છે. પ્રાણમય કોશના ભાસની અંદરજ મનોમય કોશનો ભાસ છે. સ્વપ્ન પણ પ્રાણમય કોશથી આવે છે. પ્રાણમય કોશરૂપ દર્પણમાં મનોમય કોશરૂપ પ્રતિબિંબવડે હું નિરાકાર સ્થાનરૂપ છું એવો અનુભવ આવે છે. અનુભવ એ વૃત્તિ કે કલ્પના છે. તે વૃત્તિ કે કલ્પના એજ વિજ્ઞાનમય કોશ છે. ચારે કોશથી હું જુદો છું એમ આનંદથી અનુભવી બોલવા લાગવાથી અતિ આનંદ થાય છે તે આનંદમય કોશ છે. આનંદમય કોશને જાણવાવાળો તેથી જુદો શુદ્ધાત્મા છે.

પ્રાણનું મૂલ કારણ આત્મા છે, અર્થાત્ આત્માવડેજ પ્રાણ થએલ છે એમ બતાવવ ભગવતી શ્રુતિ કહે છે કેઃ—

**एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि च ।**

**खं वायुर्ज्योतिरापश्च पृथिवी विश्वस्य धारिणी ॥**

અર્થઃ—એજ આત્મસ્વરૂપથી અર્થાત્ પુરત્રયના અધિષ્ઠાન અને બુદ્ધિનો દ્રષ્ટા કે તુરીય છે સ્વરૂપ જેનું એવા શુદ્ધ ચૈતન્યાત્મા બ્રહ્મથીજ ક્રિયાત્મક શક્તિવાળો પ્રાણ, મન તથા જ્ઞાનશક્તિ જેને છે એવું અંતઃકરણ, સઘળી ઇંદ્રિયો, આકાશ, વાયુ, જ્યોતિ, પાણી અને સ્થાવરજંગમાત્મક વિશ્વને ધારણ કરનારી પૃથ્વી ઉત્પન્ન થએલ છે.

પ્રાણને શુદ્ધ ચૈતન્યાત્મા ગણીને પણ શ્રુતિ કહે છે કેઃ—

**स ब्रह्मा स शिवः सेन्द्रः सोऽक्षरः परमः स्वराट् ।**

**स एव विश्नुः स प्राणः स कालाग्नि स चंद्रमा ॥**

તે દેશકાલ વસ્તુ પરિચ્છેદરહિત શુદ્ધાત્મ ચૈતન્યજ બ્રહ્મા, શિવ, ઇંદ્ર, અક્ષર, પરમ, સ્વરાટ્, વિશ્નુ, પ્રાણ, કાલાગ્નિ અને ચંદ્રમા છે; અર્થાત્ એ સર્વ શુદ્ધાત્માનાં નામો છે. આ શ્રુતિમાં પ્રાણનેજ આત્માનું બીજું નામ કહેલ છે. આનેજ મળતું કથન **મ**નુસ્મૃતિમાં પણ છે કેઃ—

**एतमेके वदन्त्यग्निं मनुमन्ये प्रजापतिम् ।**

**इंद्रमेके परे प्राणमपरे ब्रह्मशाश्वतम् ॥**

અંતર્યામી નિર્વિશેષ શુદ્ધાત્માને કોઇ અગ્નિ, કોઈ મનુ, કોઇ પ્રજાપતિ, કોઈ ઇંદ્રિ, કોઇ પ્રાણ અને કોઈ સનાતન બ્રહ્મ કહે છે. ભાવાર્થ એવો છે કે એ સર્વ નામો શુદ્ધાત્માનાંજ છે.

**સા**મવેદીય **ઉ**દ્ગીથ પ્રકરણમાં એક કથન છે કે-**ચા**ક્રાયણ ઋષિ, **પ્ર**સ્તોતા—સ્તુતિ કરનારાઓને કહેવા લાગ્યા કે, **પ્ર**સ્તોત ! જે દેવતાની તું સ્તુતિ કરે છે તેને, તું જાણ્યા સિવાય—(તે દેવતાનું ઓળખાણ કર્યા સિવાય—સાક્ષાત્કાર કર્યા સિવાય—કેવલ અજ્ઞાનતાથી કે અંધશ્રદ્ધાથી કે માત્ર પરંપરાથી)—સ્તુતિ કરીશ તો તારૂં શિર તૂટી પડશે. આવું વાક્ય શ્રવણ કરીને **પ્ર**સ્તોતાએ પૂછ્યું કે, હે **ભ**ગવન્ ! તે દેવતા કોણ છે ? ત્યારે ઋષિએ ઉત્તર દીધો કે, તે દેવતા તે **પ્રાણ** છે. અત્ર પ્રાણ શબ્દવડે શુદ્ધાત્મ પરબ્રહ્મ સમજવા કે પ્રાણવાયુ સમજવો તે સમજાવવા બ્રહ્મસૂત્રકાર શ્રી **વ્યાસ**જી ઉપદેશે છે કે "**अत एव प्राणः**" અત્ર પ્રાણ શબ્દવડે શુદ્ધાત્મ—ચૈતન્ય પરબ્રહ્મ સમજવા, પણ પ્રાણવાયુ નહિ. શ્રુતિ ભગવતી પણ ઉપદેશે છે કે

**"अतः सर्वाणि हवा इमानि भूतानि प्राणमेवाभिसंविशंति प्राणमभ्युज्जिहते"**

અર્થ એવો છે કે, સર્વ ભૂત, પ્રાણને વિષે લીન થાય છે તથા પ્રાણથી ઉપજે છે. ભાવાર્થ એવો થાય છે કે પ્રાણ છે એજ આ સ્થળે પરબ્રહ્મ ચૈતન્ય સમજવા.

**કૌ**પીતકિ બ્રાહ્મણોપનિષદ્નું પણ કથન છે કે-**દિ**વોદાસના પુત્ર **પ્ર**તર્દને (**કા**શીનો રાજા) સ્વર્ગમાં જઇને ઇંદ્ર સાથે યુદ્ધ કર્યું, ત્યારે ઇંદ્રે પ્રસન્ન થઇને કહ્યું કે, હે **પ્ર**તર્દન ! તું મારી પાસેથી વર માગ. ત્યારે **પ્ર**તર્દન બોલ્યા કે, હે ઇંદ્રિ ! જે મનુષ્યને વાસ્તે અતિહિત વર તું માને છે તેજ મારો વર છે. ત્યારે ઇંદ્રિ બોલ્યા કે "**प्राणास्मि प्रज्ञात्मा तमामायुरमृतमित्युपास्त्व**" હું પ્રજ્ઞાસ્વરૂપ પ્રાણ છું. તેથી મારી આયુ અમૃત એ રૂપકવડે ઉપાસના કર. અત્રે પ્રાણ શબ્દવડે વાયુ માત્ર જાણવો, કે દેવતાત્મા જાણવો કે જીવ જાણવો, કે પરબ્રહ્મ જાણવો તે પરમાર્થ સમજાવવા ભગવાન **વ્યાસ**જી નિરાકરણ કરે છે કે "**प्राणस्तथानुगमात्**" પ્રાણ શબ્દવડે પરબ્રહ્મ—શુદ્ધાત્માનું ગ્રહણ છે એમ જાણવું, કારણ કે તેમાં પૂર્વાપર પદોનો બ્રહ્મ—આત્માની સાથે સંબંધ છે, પણ દેવતા વિશેષ ઇંદ્રિનું ગ્રહણ નથી. જુઓ "**अध्यात्मसम्बन्ध भूमास्मिन्निति**" અધ્યાત્મ સંબંધ જે પ્રત્યગાત્માનો સંબંધ તેનું ભૂમા—બાહુલ્યથી પરબ્રહ્મનું પ્રાણ શબ્દવડે ગ્રહણ છે, પણ દેવતાવિશેષ ઇંદ્રિનું નહિ.

અત્રે પ્રાણ શબ્દથી ઇંદ્ર દેવતાત્માનું ગ્રહણ નથી, કારણ કે જેવી રીતે **વામ**દેવ ઋષિ ગર્ભમાં એમ બોલ્યા હતા કે હું **મ**નુ થયો, સૂર્ય થયો, તેવીજ રીતે ઇંદ્રિ દેવતા પણ પોતાના આત્માને શાસ્ત્રદષ્ટિથી પરમાત્મરૂપ જાણીને મારી ઉપાસના કર એમ કહેલ છે. "**उपासा त्रैविध्यात्**" ઉપાસના ત્રણ પ્રકારે કહેલ છે. જીવોપાસના, પ્રાણોપાસના, બ્રહ્મોપાસના.

**છાં**દોગ્ય ઉપનિષદ્‌માં કથન છે કે "**भूमात्वेव विजिज्ञासितव्यः**" ભૂમા નિશ્ચય કરીને જાણવા યોગ્ય છે. અત્રે પ્રાણ ભૂમા છે કે શુદ્ધ ચૈતન્ય ભૂમા છે તે સમજાવે છે કે "**भूमासम्प्रसादादध्युपदेशात्**" સંપ્રસાદ શબ્દનો અર્થ સુષુપ્તિસ્થાન થાય છે અને તે સુષુપ્તિને વિષે જાગવાવાળો પ્રાણ લક્ષ્યાર્થ છે, તે પ્રાણની અગાડી ભૂમાનો ઉપદેશ હોવાથી ભૂમા વ્યાપક ચૈતન્ય છે પણ પ્રાણ નહિ. "**यो वै भूमा तदमृतम्**" જે ભૂમા-આત્મા છે તે અમૃત છે. આમાં પ્રાણ વ્યાપક નથી પણ શુદ્ધ ચૈતન્યાત્મા વ્યાપક છે. આથી શુદ્ધ ચૈતન્યાત્માથી પ્રાણ ભિન્ન સિદ્ધ થાય છે.

જેનાવડે સર્વ પિંડ-બ્રહ્માંડ ચેષ્ટા કરે છે તે પ્રાણ છે કે ચિદાત્મા છે તેનું સ્પષ્ટીકરણ કરતાં શ્રી બ્રહ્મસૂત્રકાર **વ્યાસ**જી ઉપદેશે છે કે "**कम्पनात्**" કંપનથી. તેના ઉપર શ્રુતિ છે કે:—

**भीषास्माद्वातः पवते भीषोदेति सूर्यः ।**
**भीषास्मादग्निश्चेंद्रश्च मृत्युर्धावति पंचमः ॥**

આ શ્રુતિથી સમજાય છે કે, સકલ પિંડ બ્રહ્માંડની ચેષ્ટાનો હેતુ ચિદાત્મા છે. ભયવડે વાયુ પવિત્ર કરે છે, સૂર્ય ઉદય થાય છે, અગ્નિ બાળે છે, ઇંદ્ર વૃષ્ટિ કરે છે, અને પાંચમો મૃત્યુ દોડે છે.

જેવી રીતે ગૌણ પ્રાણ આત્માવડે થયા છે તેવી રીતે મુખ્ય પ્રાણ પણ આત્માવડેજ ઉત્પન્ન થએલા છે. "**स प्राणमसृजत**"-આ શ્રુતિ કહે છે કે શુદ્ધાત્માએ મુખ્ય પ્રાણ બનાવ્યા છે. અત્રે શુદ્ધાત્માને પ્રાણથી ભિન્ન બનાવ્યો. મુખ્ય પ્રાણનો વિચાર કરતાં સ્પષ્ટ સમજાય છે કે, મુખ્ય પ્રાણ છે તે વાયુ નથી તેમજ ઇંદ્રિયોનો વ્યાપાર પણ નથી; કારણ કે શ્રુતિમાં "**प्राण एव ब्रह्मणश्चतुर्थः पादः स वायुना ज्योतिषा भाति च तपति च**" મનોરૂપ ચૈતન્યના વાક્, પ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એ ચાર પાદ છે. તેમાં જે પ્રાણ છે તે પોતાના અધિદેવ વાયુવડે પ્રગટ થાય છે, અને જ્યોતિવડે પોતાનું કાર્ય કરવામાં સમર્થ થાય છે. એથી વાયુથી અને ઇંદ્રિયવ્યાપારથી મુખ્ય પ્રાણનો ઉપદેશ ભિન્ન છે એમ સમજાય છે.

અત્રે કોઇને શંકા થશે કે, શરીરમાં જેમ જીવ સ્વતંત્ર છે તેમ પ્રાણ પણ સર્વ વાગાદિકથી શ્રેષ્ઠ હોઈ સ્વતંત્ર હોવો જોઇએ; તેનો ખુલાસો એ છે કે "**चक्षुरादिवत्तुतत्सह शिष्ट्यादिभ्यः**" આમાં તુ શબ્દ પ્રાણની સ્વતંત્રતાની નિવૃત્તિને માટે છે. જેવી રીતે ચક્ષુ શ્રોત્રાદિક જીવના કર્તૃત્વ ભોક્તૃત્વના સાધન છે તેવીજ રીતે મુખ્ય પ્રાણ પણ રાજમંત્રીની પેઠે જીવના સર્વ અર્થોને સિદ્ધ કરનાર છે, પણ સ્વતંત્ર નથી; કારણ કે પ્રાણ છે તે ચક્ષુરાદિકોની સાથેજ શેષ રહે છે, મતલબ કે ચક્ષુરાદિકને સમાન ધર્મવાલો છે.

જેવી રીતે નેત્ર શ્રોત્રાદિકને રૂપ શબ્દાદિક વિષય છે તેવી રીતે પ્રાણને નથી; કારણ કે

નેત્રાદિક જેવી રીતે કરણ છે તેવી રીતે પ્રાણ કરણ નથી, તોપણ શરીરરક્ષા એ પ્રાણનું કાર્ય છે. એને માટે શ્રુતિ ભગવતી ઉપદેશેછે કે " **प्राणेन रक्षन्नवरं कुलायम्** " પ્રાણવડે આ નીચ દેહની રક્ષા કરતાં થકાં જીવ સુવે છે.

જેવી રીતે શ્રોત્રાદિક નિમિત્તદ્વારા શબ્દાદિકોને વિષય કરવાવાળી મનની પાંચ વૃત્તિ છે તેવીજ રીતે મુખ્ય પ્રાણની પણ કાર્યદ્વારા પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન એ પાંચ વૃત્તિ છે.

મુખ્ય પ્રાણ અણુ પરિણામવાળા છે. " **अणुश्च** " અણુ શબ્દથી સૂક્ષ્મ તથા પરિચ્છિન્ન પરિમાણનું ગ્રહણ છે. કારણ કે મરણકાલમાં સમીપ બેઠેલા પુરૂષોને પ્રાણ દૃષ્ટિગોચર થતા નથી તેથી સૂક્ષ્મ છે તથા પોતાની પ્રાણાદિ પાંચ વૃત્તિવડે સર્વ શરીરમાં વર્તે છે અને લોકાંતરમાં જાય આવે છે એ હેતુવડે પરિચ્છિન્ન પરિમાણવાલા સિદ્ધ થાય છે.

શ્રુતિમાં પ્રાણને જલમય કહેલ છે કે " **अन्नमयं हि सौम्य मनः आपोमयः प्राणः तेजोमयी वाक्** " હે સૌમ્ય શ્વેતકેતો ! મન પૃથ્વિમય છે, પ્રાણ જલમય છે અને વાક્ તેજોમયી છે.

મુખ્ય પ્રાણ પાંચ પ્રકારે કહેવાઈ ગયો છે. ગૌણ પ્રાણ પાંચ જ્ઞાનેંદ્રિય, વાક્, મન એમ કોઈ સપ્ત પ્રાણ કહે છે, કોઇ સ્થલે હસ્ત ઉમેરીને અષ્ટ પ્રાણ કહે છે, કોઇ સ્થળે બે શ્રોત્ર, બે ચક્ષુ, બે ઘ્રાણ, વાક્, પાયુ, ઉપસ્થ એ નવ પ્રાણ કહે છે. કોઇ સ્થળે પાંચ જ્ઞાનેંદ્રિય, પાંચ કર્મેંદ્રિય મળી દશ પ્રાણ, કોઇ સ્થળે મન સહિત પ્રાણ એકાદશ પ્રાણ, કોઈ સ્થળે બુદ્ધિ સહિત દ્વાદશ પ્રાણ, કોઇ સ્થળે અહંકાર સહિત ત્રયોદશ પ્રાણ કહેલ છે. કોઇક શ્રુતિ તો " **सप्त वै शीर्षण्याः प्राणाः** " શિરને વિષે બે શ્રોત્ર, બે ચક્ષુ, બે ઘ્રાણ તથા એક વાક્ મલી સપ્ત પ્રાણનું જ્ઞાન થાય છે. એ શિરોક્ત વિશેષિત સપ્ત પ્રાણનેજ માનવાં જોઇએ.

મુખ્યત્વે તો એકાદશ પ્રાણ—પાંચ જ્ઞાનેંદ્રિય, પાંચ કર્મેન્દ્રિય, અને મન—માનવા જોઈએ. એ પ્રાણ " **अणवश्च** " અણુ છે. જો સ્થૂલ હોય તો સર્પવત્ પ્રત્યક્ષ જણાવા જોઇએ. મુખ્ય પ્રાણની પેઠે એ પ્રાણ પણ ચૈતન્યથી થાય છે, એમ સમજવું.

એકાદશ પ્રાણો છે તે મુખ્ય પ્રાણથી જુદા છે; કારણ કે શ્રુતિમાં મુખ્ય પ્રાણને વરજીને વાગાદિ એકાદશ ઇંદ્રિયો કહી છે અને મુખ્ય પ્રાણની ઇંદ્રિયમાં ગણના કરેલી નથી—ઇંદ્રિય નથી—એકાદશ પ્રાણ એટલે ઇંદ્રિયો પાપવડે ગ્રસ્ત થાય છે પણ મુખ્ય પ્રાણ તો નિર્વિષય અને દોષરહિત છે. વાગાદિકથી મુખ્ય પ્રાણ વિલક્ષણ છે. " **वैलक्षण्याच्च** " કારણ કે જ્યારે વાગાદિક સર્વ ઇંદ્રિયો સુવે છે ત્યારે એક મુખ્ય પ્રાણજ જાગે છે અને એ પ્રાણની સ્થિતિવડે દેહની સ્થિતિ રહે છે, પણ જો પ્રાણ નીકળી જાય તો દેહનું પતન થાય છે.

ઉપર પ્રમાણે પ્રાણ સંબંધી ખુલાસો છે તે વાંચવાથી જૈન અને વેદાંતદર્શનની પ્રાણ માટેની માન્યતા સમજી શકાશે તથા બંનેમાં શો તફાવત છે તે પણ સમજી શકાશે. આત્માને પ્રાણ નામથી કહેલ હોય ત્યાં આત્માને પ્રાણ જાણવો એ મત જૈન અને વેદાંત બંનેને માન્ય છે, પણ જ્યાં ખાસ પ્રાણ તરીકેજ હોય ત્યાં તે આત્માથી ભિન્ન છે અને તેમાં પણ જૈન અને વેદાંતનું મળતાપણું છે. પ્રાણની બાબતમાં જૂજ જૂજ તફાવતજ

છે, તે ન હોય તો ભિન્ન દર્શનજ સંભવે નહિ. સૂક્ષ્મ પણ નિર્પક્ષપાતપણે વિચાર કરતાં તો છેવટે અભેદ સિવાય બીજું કશુંજ નથી. સમન્વય કરતાં જૈન અને વેદાંતના પ્રાણની વ્યાખ્યા એકજ થાય છે.

જૈન દશ પ્રાણ કહે છે અને વેદાંત એકાદશ પ્રાણ કહીને મહાપ્રાણ તેથી જૂદો ગણે છે. જૈનના દશ પ્રાણમાં વેદાંતના એકાદશ પ્રાણ અને મહાપ્રાણનો સમાવેશ થાય છે. જુઓ:—

| **જૈનના પ્રાણ.** | **વેદાંતના પ્રાણ.** |
| --- | --- |
| પાંચ જ્ઞાનેંદ્રિયો તે પાંચ પ્રાણ ચક્ષુ વગેરે | પાંચ જ્ઞાનેંદ્રિય. |
| મન બલ પ્રાણ. | મન—એકાદશમું. |
| વચનબલ પ્રાણ.<br>કાયબલ પ્રાણ. | કર્મેંદ્રિય (પાંચ) |
| આયુ:ષ બલ પ્રાણ.<br>શ્વાસ બલ પ્રાણ. | મુખ્ય પ્રાણ. |

જૈનનો સરવાળો દશ પ્રાણ—આનીજ બરાબર ——— વેદાંતને સરવાળે એકાદશ પ્રાણ તથા મુખ્ય પ્રાણ છે.

ફક્ત બંનેમાં ભિન્નતા જણાય છે તે તો રૂપાંતરજ છે. મૂલરૂપે તો અભેદજ છે. ભગવાન ભાગવતકાર ફરમાવે છે કે "**यो न पश्यति वैभिद्राम् स शान्तिमधिगच्छति**" જે ભેદદૃષ્ટિવડે જોતો નથી પણ અભેદમાર્ગનીજ ઉપાસના કરે છે તે પરમ શાન્તિને પામે છે. "**भेदनाशोऽनुपश्यति**" અજ્ઞાનીજ ભેદથી જુએ છે. શ્રુતિમાં પણ "**द्वैताद्भयं भवति**" દ્વૈતપણાથી કે બેપણાથી અથવા શ્રી વીતરાગના દેવના અભેદમાર્ગથી ઉલટી દિશાએ જવાથી ભય પ્રાપ્ત થાય છે. અભેદ માર્ગની ઉપાસનાવાળોજ અભય છે. અભેદ માર્ગનો ઉપાસક કોનાથી અને શી રીતે ભય પામે ? ભેદ માર્ગની ઉપાસનાવાળાને સર્વત્ર ભયજ હોય છે. અભેદભાવના રાખવા માટેજ શ્રી દશવૈકાલિકસૂત્રનું કથન છે કે "**सव्व भूएसु संजमो**" સર્વ ભૂત તરફ સંયમ રાખવો. સર્વ તરફ અભેદભાવ અને અભેદ પ્રેમ રાખવો. ભેદદૃષ્ટિમાં રાગ અને દ્વેષ રહેલાજ છે. રાગ અને દ્વેષ ન હોય તો ભેદ કહેવાયજ નહિ અને રાગ તથા દ્વેષને સર્વથા છોડયા સિવાય એટલે કે ભેદભાવને છોડયા સિવાય મુક્તિ મળતીજ નથી પણ છોડવાથીજ મળે છે તે ઉપદેશવા શ્રી ઉત્તરાધ્યયનજીનું કથન છે કે "**रागं दोषं च छिंदिया सिद्धि गई**" રાગ દ્વેષરૂપ ભેદભાવને છેદવાથી એટલે કે અભેદ માર્ગની ઉપાસના કરીનેજ સિદ્ધિ—મુક્તિ કે નિર્વાણને પમાય છે. "**समोय जो ते सुसवीयरागो**" અખિલ વિશ્વ તરફ સમાનભાવ કે અભેદભાવ ધરે તે વીતરાગ કહેવાય છે. "**सव्व भूयप्प भूअस्स सम्मं भूयाइं पासउ**" સાધુપુરષો પ્રતિ ફરમાન છે કે, તેમણે સર્વ ભૂતમાત્ર તરફ અભેદભાવ રાખવો જોઇએ.

ઉપર પ્રમાણે જૈન અને વેદાંતની પ્રાણની માન્યતામાં અભેદતા છે. સ્થૂલપણે કદાચ ભેદ જણાય પણ સૂક્ષ્મપણે એટલે કે પરમાર્થમાં તો ભેદ જણાતો નથી. જૈનનું અથવા વેદનું કે હરકોઇનું વચન ગ્રહણ કરવામાં લોકની દેખાદેખી કરવી નહિ; કારણ કે શ્રી આચારાંગસૂત્રમાં ભગવાન સૂત્રકાર ફરમાવે છે કે "**णो लोगस्सेसणं चरे**" લોકપ્રવાહમાં,

લોકની અંધપરંપરામાં કે દેખાદેખીમાં ચાલવું નહિ. એક આમ કરે છે-કહે છે **માટે** આપણે પણ આમ કરવું-કહેવું એટલે મુક્તિ મળી જશે એમ માનવું નહિ. મતલબ કે લોકની દેખાદેખી નહિ કરતાં સત્યનુંજ ગ્રહણ કરવું. જુઓ ભગવાન સૂત્રકાર ફરમાવે છે કે "**पुरिसा सच्चमेव समभिजाणाहि सच्चस्साणाए सेउवट्ठिए से मेहावी मारं तरति सहिते धम्म मादाय सेयं समणुपस्साति**" હે પુરૂષ! (જો તારે કલ્યાણનો ખપ હોય તો) તું સત્યનેજ સેવ (સત્યનુંજ ગ્રહણ કર), સત્યનેજ જાણ; સત્યની આજ્ઞાનું સેવન કરતાં તે સત્યને સેવનાર બુદ્ધિમાન-મેધાવી પુરૂષ કે સત્યને શોધીને તેને ગ્રહણ કરનાર પુરૂષ મૃત્યુને તરે છે અને ધર્મનું પાલન કરીને શ્રેયને મેળવે છે.

ઉપરોક્ત ખુલાસાથી પ્રાણની સમજ સાથે બીજું પણ કાંઇક જ્ઞાન સંપ્રાપ્ત થાય એવા હેતુથીજ ખુલાસાનું લખાણ લંબાવ્યું છે.

**ટંકારા—કાઠિયાવાડ.** **ગોકુલદાસ નાનજીભાઈ ગાંધી.**

---

# ધર્મવ્હેનને !

ઓ બ્હેન બંધુવત્સલે! લીધો સમીપ દૂર ગાનથી,
મીઠાં મધુસમ વેણુનાદે, ખેંચીઓ મદતાનથી.
નથી દઢ તમારૂં હૃદય કે મમ હૃદય તો પરવશ થયું,
ના જાણતો જાણી જતો એમ કુતુહલી મન થઈ રહ્યું.
ખૂબ સાંભળ્યું પ્રશ્નોત્તરે મનના ખુલાસા કંઈ કર્યા,
કહેવું રહે મનમાં ઘણું પણ શબ્દ શોધ્યા નહિ જડયા.
ભય લોકનો, સંશય અને ચમકાર ચંચલ વૃત્તિના,
ત્યાં હોય બંધુ-બ્હેન નિર્મલ પ્રેમગ્રંથિપ્રવૃત્તિ ના.
જગમાં અનેક થઈ ગયા, રાજર્ષિ, સંત, મુનિવરો,
જેના હૃદય સાત્વિકમાંથી સ્નેહનો વહતો ઝરો,
જેના સુબોધ થકી હજારો લાખ કંઇક તરી ગયા,
પણ નાવ પોતાના ડૂબ્યા ને પંકમાં તેઓ ખુંત્યા.
અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ, થયા કાં યોગભ્રષ્ટ એ,
ગણાયા ભૂલને પાત્ર, હતા માત્ર મનુષ્ય એ.
આવી આવી મનની જબરી કલ્પનાઓ વહે છે,
તેમાં પાર થઇ નિહાળું મળતાં ગંભીર સત્યો રહે છે.
તોયે દિલ અરે મધૂર સ્વરથી ખેંચાઇ તુંને ચહે છે,
'બેની! બેની! બંધુયોગ્ય શું હું છું?' એમ શબ્દો કહે છે.
ઠગાતી તું છે ના, મનથકી પૂરી ખાત્રી કરજે,
થઈ શાણી સુજ્ઞા, કથન મુજ તું લક્ષ ધરજે.
હતો સંશયગ્રસ્ત, કદિ ન મનમાં એમ ગણજે,
૧૫-૭-૧૩ વધુ પ્રીતિ નિર્મલ, કરી શકું અને તૂંય કરજે.

# आपणने ऐक्यभावनानी जरुर छे.

લખનાર:-પ્રોફેસર નરભેશંકર પ્રાણજીવન દવે M. A.

સંખ્યામાં હિંદુસ્તાનની વસ્તી દુનિયાની વસ્તીનો પાંચમો ભાગ ગણાય છે. તેનું ક્ષેત્રફળ પણ અજબ વિસ્તારવાળું છે; અને તેમાં પણ દુનિયાના કોઇપણ દેશ કરતાં આ દેશ ચડી જાય છે. કાશ્મીરથી કન્યાકુમારી અને કરાંચીથી બ્રહ્મદેશ પર્યંત અતિ વિસ્તારવાળા આ દેશમાં કુદરતની અનેક રમણીય લીલાઓ પણ જોવામાં આવે છે. સૃષ્ટિસૌંદર્યમાં બેશક આ દેશ અનુપમ છે. બ્રહ્મપુત્રા અને સિંધુ જેવી સરિતાઓ, હિમાલય અને વિંધ્યાચળ જેવા પર્વતો, કાશ્મીર અને ગુજરાત જેવા દેશો, અનેક જાતના લોકો, અનેક જાતની ભાષાઓ, તરેહતરેહના રીતરીવાજો, અને અનેક દેશી રજવાડા ઉપર ચંદ્રમુકટ પેઠે વિરાજતું અંગ્રેજના જેવું રાજ્ય, આ બધાં અહીંના જેવાં દુનિયાના કોઇ અન્યદેશમાં નથી. પરંતુ સાથે સાથે અનેક જાતના સંપ્રદાય અને મતમતાંતર અને તેમાંથી ઉપજતા અનેક પ્રકારના વેહેમ, સેંકડો નાતો અને તેમાંથી ઉપસ્થિત થતો કલહ, બાળલગ્ન ઇત્યાદિ બુરા રિવાજના પરિણામે થતી દુર્દશા, અને સાંસારિક રીતરીવાજની વિચિત્ર ભિન્નતાને લીધે અરસપરસ થવી જોઇતી શુભ ભાવનાની ખામી; ઇત્યાદિ અનેક કારણોને લીધે, પણ મુખ્યત્વે કરીને દેશના અતિ વિસ્તારને લીધે પ્રજામાં ઐકય ભાવનાની ગેરહાજરી;—આ બધાં પણ અહીંના જેવાં અન્ય કોઇ સ્થળે જોવામાં આવતાં નથી.

આજથી લગભગ પાંચ હજાર વર્ષ પૂર્વે આપણા આર્ય વડવાઓ મધ્ય એશિયાના ઉચ્ચ પ્રદેશમાંથી આ તરફ ઉતરી આવ્યા. આ સમય અગાઉની પણ કેટલાક વિદ્વાનો આર્યોની પ્રાથમિક સ્થિતિ સૂચવે છે; પણ તે ઇતિહાસ હજી બરાબર અજવાળામાં આવ્યો નથી. આ ઉતરી આવેલા આર્યો પ્રથમ પંજાબમાં વસ્યા. ત્યાંથી ગંગા જમનાના પ્રદેશ તરફ અને વિંધ્યાચળ તરફ તેઓ વધી આવ્યા. અને તેટલો પ્રદેશ આર્યાવર્તના નામથી ઓળખાવા લાગ્યો. દક્ષિણ તરફ અને પશ્ચિમ હિંદુસ્તાન તરફ તેઓ પાછળથી વિસ્તરેલા જણાય છે. આ દેશમાં તે વખતે મૂળવતનીઓ પણ રહેતા હતા; પણ સુધરેલ આર્યો આગળ તેઓ જંગલી પશુવત્ ગણાવા લાગ્યા. આર્ય લોકો તેમને અનાર્ય કહેતા. વેદમાં તેમને દસ્યુ કહ્યા છે; પાછળથી અસુર અને છેવટે રાક્ષસો પણ તેઓ કહેવાતા હતા.

અભ્યુદય અને નિઃશ્રેયસ્ એ દરેક મનુષ્ય તેમજ પ્રજાના જીવનની મુખ્ય ભાવનાઓ હોય છે. વ્યવહાર અને ધર્મ એવી બાબતો છે કે તેમના ગૂઢ અને ગહન પ્રશ્નો મનુષ્યના જીવનમાં કોઇને કોઈ કાળે ઉત્પન્ન થયાવિના રહેતા નથી; અને પ્રજાનો ઇતિહાસ એ ભાવનાઓની રેખા સ્પષ્ટ બતાવી આપે છે. આપણા પ્રાથમિક આર્ય વડવાઓને અભ્યુદયની ચિંતા નહોતી. દેશ વિશાળ હતો; જમીન પુષ્કળ હતી; ખેતીનાં સાધનો તૈયાર હતાં; વૃષ્ટિ થતી અને પાણી પુષ્કળ હતું. તેથી ખેતી આબાદ સ્થિતિમાં હતી; અને

વસ્તીની વૃદ્ધિ થતી ગઇ, તેમ તેમ તેઓ આગળ ફેલાતા ગયા; કારણ કે વિશાળ પ્રદેશ તેમની સન્મુખ પડ્યો હતો; સુધારાનું મુખ્ય મૂળ ખેતી છે; અને તેથી ખેતી સુધરતાં અન્ય બાબતોમાં પણ સુધારો વૃદ્ધિ પામતો ગયો. સમાજની વ્યવસ્થા સુઘટિત થતી ચાલી, અને કળા હુનર ખીલતાં ગયાં. પરદેશ જવાની જરૂર ન હોવાથી, પરદેશગમનની વિરૂદ્ધ વૃત્તિ પણ અસ્તિત્વમાં આવતી ગઈ. રાજ્યવ્યવસ્થા બંધાવા લાગી, અને લોકો સુખશાંતિમાં પોતાના દિવસો નિર્ગમન કરવા લાગ્યા.

આવા અનુકૂળ સંજોગોના બળે આર્યપ્રજાની ધર્મભાવના ખુબ ખીલી શકી છે; એવી કે દુનિયાના કોઇ અન્ય દેશમાં તે એટલી ખીલી નથી. વેદકાળનું સાદું જીવન જેમ જેમ વિસ્તૃત પામતું ગયું, તેમ તેમ આર્યજીવનની આ ભાવનાનો પ્રદેશ પણ વિસ્તાર પામતો ગયો, અને વેદકાળમાં કવિતારૂપે થતી દેવપૂજાથી આર્યોનાં ઉન્નત બનતાં હૃદયો અતૃપ્ત થવા લાગ્યાં. કેવળ વાણીથીજ દેવતાઓને પ્રસન્ન કરવાને બદલે તેમાં ક્રિયાઓ હવે ઉમેરાવા લાગી, અને ધીમે ધીમે આ ક્રિયાઓએ યજ્ઞ યાગાદિનું સ્વરૂપ લેવા માંડયું. બ્રાહ્મણગ્રંથો અને આરણ્યકગ્રંથોમાં આ વૃત્તિને સંતોષવાનો પ્રયાસ છે, અને વેદના મંત્રો અને યજ્ઞયાગાદિના પ્રકારનો ઝીણો ખુલાસો અને સ્પષ્ટતા તેમાં આપેલાં છે. સમય જતાં આ ભાવના સૂત્રરૂપે ગુંથાવા લાગી. એમ કરતાં એક કાળ એવો આવ્યો કે તે સમયે યજ્ઞ યાગાદિનો પ્રચાર ઘણો વધી પડ્યો. પશુઓનાં બળીદાન અપાવા લાગ્યાં; વખતે મનુષ્યોનું બળીદાન પણ અપાતું. પ્રથમ સોમપાન થતું તેને બદલે ક્વચિત્ સુરાપાન પણ થવા લાગ્યું એમ પણ કેટલાક વિદ્વાનોનું માનવું છે. બ્રાહ્મણવર્ગ બહુજ આગળ આવ્યો, કારણ કે એ વર્ગ વિના યજ્ઞ યાગાદિ થઈ શકતા નહિ. ચાર વર્ણને બદલે અનેક નાતો અને પેટા નાતો થવાનું વલણ દેખાવા લાગ્યું. અંદર અંદર વિખવાદ થવા લાગ્યો અને અંદર અંદરના કલહને લીધે દેશની દુર્દશા દૃષ્ટિ મર્યાદામાં ભ્રમવા લાગી. **આ સમયે લોકોનો ઉદ્ધાર કરવા બૌધ અને જૈન ધર્મો બહાર પડ્યા.**

આ બન્ને ધર્મોમાં બે વાત મુખ્ય હતી. બ્રાહ્મણધર્મમાં વર્ણવ્યવસ્થાને લઇને ધર્મની બાબતમાં પણ પક્ષાપક્ષ હતો તે કાઢી નાખવો, અને કર્મમાર્ગને લીધે પશુ ઇત્યાદિની હિંસા વધી ગઇ હતી તે નાબુદ કરવી. બ્રાહ્મણો કહેતા કે ધર્મપરત્વે કેટલીક બાબતોમાં અન્ય વર્ણોને અધિકાર નથી; આ વાત આ બન્ને ધર્મોને રૂચી નહિ. પરંતુ અહિંસા ધર્મનો બહુ આગ્રહ બૌદ્ધમતને નહોતો; જૈન ધર્મમાં આ વાત ગળે હતી, અને અદ્યાપિપર્યંત પણ છે. સમય જતાં બૌદ્ધધર્મ હિંદુસ્તાનમાંથી નાબુદ થયો, અને તેનું કારણ પણ સ્પષ્ટ છે. બ્રાહ્મણધર્મનું ખરૂં દૂષણ યજ્ઞ યાગાદિમાં થતી હિંસા હતી; અને તે વાતની સામે બૌદ્ધ ધર્મની લડત જીગરપૂર્વક નહોતી. પણ જૈનધર્મે બ્રાહ્મણધર્મની નબળાઈની ખરી નાડ પકડી; તેથી તે ધર્મનાં મૂળ ઉંડાં નખાયાં, અને અત્યારે પણ તે ધર્મ હિંદુસ્તાનમાં પ્રવર્ત્તે છે. જૈન ધર્મ માનનારાની કૂલ સંખ્યા ચૌદ લાખની ગણાય છે.

જૈન ધર્મની ગ્રંથસમૃદ્ધિ ઘણી મોટી છે, તત્ત્વજ્ઞાન, ન્યાય, વ્યાકરણ, રાસ, ઇતિહાસ ઇત્યાદિના અનેક ગ્રંથો જૈનોએ લખેલા છે. **આ બાબતમાં જૈન ધર્મે ઘણો મોટો ઉપકાર કર્યો છે.**

જૈન એટલે જિનના અનુયાયીઓ. જિન એટલે વિજયી, અર્થાત્ પોતા ઉપર વિજય

મેળવી મોક્ષ સિદ્ધ પુરૂપ જે થાય તે **જિન** એનેજ **અર્હત** કિંવા **તીર્થંકર** કહે છે. પોતાના જીવનની યાત્રા જેણે સફળ કરી હોય તે **તીર્થંકર**. એવા ચોવીસ **તીર્થંકરો જૈનો** માને છે. પ્રથમ **ઋષ**ભદેવ થયા. તે પછી ત્રેવીસમા **પાર્શ્વનાથ** થયા અને ચોવીસમા **મહાવીર** સ્વામી થયા. આ ચોવીસ **તીર્થંકરો**ને ઇશ્વર ગણી **જૈનો** પૂજે છે. **જૈનો**માં મૂર્ત્તિપૂજા છે; અને **આબુ**, **ગિરનાર**, **શત્રુંજય** ઇત્યાદિ સ્થળોએ તેમણે બાંધેલાં ભવ્ય અને સુંદર દેવાલયો શિલ્પકળાના નમુનારૂપ આજ પણ ગણાય છે.

વિદ્વાનો એમ માને છે કે આ ચોવીસ **તીર્થંકરો**માં **પાર્શ્વનાથ** કદિ ઐતિહાસિક પુરૂષ હોય પણ ખરા. પરંતુ જૈનધર્મને સતેજ કરી ચોતરફ ફેલાવનાર **મહાવીરસ્વામી** તો ઐતિહાસિક પુરૂષ હતા એ બાબત કોઇને સંશય નથી. **ભદ્ર**બાહુના કલ્પસૂત્રમાં **મહા**વીર સ્વામીનું જીવનચરિત આપેલું છે. **વિદેહ** દેશમાં આવેલા **કુંદ** ગામમાં તેમનો જન્મ થયો હતો. તેમના પિતાનું નામ **સિદ્ધાર્થ** અને માતાનું નામ **ત્રિશલાદેવી** હતું. તેમનું પોતાનું નામ પૂર્વાશ્રમમાં **વર્દ્ધ**માન હતું. તેમનું ગોત્ર **કાસ્યપ** હતું અને જાતે ક્ષત્રીય હતા. તેમની પત્નીનું નામ **યશોદા** હતું. *૨૮ વર્ષની ઉમરે, માતાપિતા ગુજરી ગયા પછી, વડીલોની રજા લઈ તેમણે દીક્ષા લીધી હતી. બાર વર્ષ તેમણે તપ કર્યું હતું. તપના બીજા વર્ષથી તેઓ દિગંબરાવસ્થામાં રહેતા. આ બાર વર્ષ પછી કૈવલ્ય પદને પામી તેઓ સર્વજ્ઞ થયા; અને **તીર્થંકર** કહેવાણા, પછી ત્રીશ વર્ષ સુધી **જૈન**ધર્મનો તેમણે બોધ આપ્યો, અને પોતાના સાધુઓની સંસ્થા સુવ્યવસ્થિત કરી. તેમના શિષ્યો ગણ અને ગણધરો કહેવાતા. **પાવા** નામના ગામમાં તેમનો દેહ પડયો હતો.

**જૈન** મતમાં જગતના કર્ત્તારૂપ ઇશ્વરનો સ્વીકાર નથી; પરંતુ **અર્હત** અથવા **તીર્થંકરો**ને ઇશ્વરરૂપ માની તેમની પૂજા કરવાનો પ્રચાર છે. જગત અનાદિ છે, અને એની મેળેજ થતું ચાલ્યું આવે છે અને ચાલ્યું જશે. તેનો કર્ત્તા કોઈ સિદ્ધ થઈ શકતો નથી, તેથી કર્ત્તારૂપ ઇશ્વર માનવાની જરૂર રહેતી નથી. જગતમાં ઉત્સર્પિણીકાળ અને અવસર્પિણીકાળ એવા બે કાળ વારાફરતીઆવ્યા કરે છે. અવસર્પિણી કાળમાં સારી વસ્તુઓ ક્ષીણ થતી જાય છે; ઉત્સર્પિણી કાળમાં તેમની વૃદ્ધિ થતી જાય છે. દરેકના ૭ ૭ આરા છે. દુઃખ દુઃખ, દુઃખ, દુઃખ સુખ, સુખ દુઃખ, સુખ અને સુખ સુખ એવા ૭ આરા ઉત્સર્પિણી કાળના છે. અવસર્પિણી કાળના આરા તેથી ઉલટા એટલે સુખ સુખ, સુખ, સુખ દુઃખ, દુઃખ સુખ, દુઃખ અને દુઃખ દુઃખ એવા છે. હાલ અવસર્પિણી કાળનો પાંચમો આરો એટલે દુઃખનો આરો ચાલે છે. દરેક કાળમાં ચોવીસ ચોવીસ **તીર્થંકરો** થાય છે અને તેથી ધર્મની ધ્વજા ફરકતી રહે છે.

પદાર્થને અસ્તિકાય કે તત્વની સંજ્ઞા જૈનો આપે છે. વિશ્વના બધા પદાર્થોના સમાવેશ તેઓ બે તત્વોમાં કરી લે છે. જીવ અને અજીવ. આ વાતનો વિસ્તાર કરી કેટલાક સાત તત્વો માને છે અને કેટલાક નવ તત્વો માને છે. તે નવ તત્વો આ પ્રમાણે છે; જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. જીવના વિસ્તારપૂર્વક ભેદ કહી છેવટે તેઓ તેના ૫૬૩ ભેદ બતાવે છે; અને તેમાં ઝાડ, જીવડાં અને સૂક્ષ્મ

* જુઓ **જે**કોબીનું જૈનસૂત્ર.

જંતુઓ પણ આવી જાય છે. અજીવ એટલે જડ–જેને કર્મનો ભોગ નહિ તે. એના પાંચ ભેદ છે અને તેનો પણ વિવેક કરી અનેક ભેદ કહ્યા છે. અજીવ પદાર્થ અનંત છે. દેહાદિ રચનાને તેઓ પુદ્ગલ નામ આપે છે; અને તેના અણુ અને સ્કન્ધ એવા બે ભાગ પાડે છે. અણુ પુદ્ગલ અતીંદ્રિય છે. સ્કન્ધ પુદ્ગલ ઇંદ્રિયગોચર હોય છે.

જીવ પણ અનંત છે અને અનાદિ છે. જીવોના ત્રણ ભેદ છે; નિત્યસિદ્ધ–મુક્તાત્મા અને બદ્ધાત્મા. નિત્યસિદ્ધ તે જિન. બદ્ધાત્મા મુક્ત થાય ત્યારે મુક્તાત્મા કહેવાય છે. કર્મ-થી લિપ્ત થએલો જીવ બદ્ધાત્મા કહેવાય છે. કર્મ અનાદિ સાંત છે, તેથી બદ્ધાત્માનો મોક્ષ સંભવે છે.

**જૈન** મત પ્રમાણે કર્મથી બંધાએલા પુદ્ગલથી છૂટવું તે મોક્ષ; કારણ **કે** તે મતમાં જીવ તો અનાદિ છે. **બાર્થ** કહે છે તે પ્રમાણે તે મતમાં નિર્વાણનું તાત્પર્ય દેહપુદ્ગલમાંથી છૂટવામાં છે; અસ્તિત્વમાંથીજ છૂટવામાં નથી. **જૈનો** પુનર્જન્મ સ્વીકારે છે, અને ખરા રસ્તા ઉપર ચડયા પછી આઠ જન્મે મનુષ્યનો મોક્ષ થાય છે. 'અસત્ ગુરૂ, અસત્ દેવ, અસત્ ધર્મ ઇત્યાદિમાં પ્રવૃત્તિ કરી, મિથ્યાત્વાદિમાં પડી, મન વચન કાયાને કર્મમાં આ સ્રવાવે–પ્રવર્તાવે, તે 'આસ્રવ.' આ આસ્રવને રોકવો જોઇએ. તે જેનાથી રોકાય તે સંવર. તાત્પર્ય કે, મન વચન અને કાયા ઉપર કાબુ રાખી જ્ઞાનમાર્ગમાં જવું એ મોક્ષનો રસ્તો છે. કર્મ માત્ર જેનાથી નિર્જર થાય–નાશ પામે અને બાકી કાંઈ ન રહે તેનું નામ નિર્જરા; માટે તપ, ધર્મ, યોગ ઇત્યાદિ કરવાં જોઇએ. આ બધાનો બહુ સૂક્ષ્મ વિસ્તાર **જૈન** પુસ્તકોમાં કરેલો છે. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, અને સમ્યગ્ચારિત્ર એ રત્નત્રય મોક્ષનાં સાધન છે, તેથી કરીને જ્ઞાન થાય છે. મોક્ષનો ખરો આધાર તો જ્ઞાન ઉપરજ છે. જીવ, અજીવના વિવેકનું સત્ય જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન. ગુરૂના વચનોમાં અને આગમ કિંવા શાસ્ત્રોમાં અડગ શ્રદ્ધા તે સમ્યગ્દર્શન. સમ્યગ્ચારિત્રને માટે પાંચ વ્રતો જે પંચશીલ કહેવાય છે તે કહેલાં છે. ૧ અહિંસા: ૨ સુનૃત, અર્થાત્, ક્રોધ, લોભ, બીક કે ગમતમાં પણ જૂઠું ન બોલવું; ૩ અસ્તેય, એટલે કોઈ આપણને જે ન આપે તે ન લેવું; ૪ બ્રહ્મચર્ય; એટલે સ્ત્રીસંગ પરહરવો; અને ૫ અપરિગ્રહ કિંવા ત્યાગ, એટલે પંચેંદ્રિયના આકર્ષણને વશ થઇ વિષય પ્રતિ વળવું નહિ અથવા તેને વળગવું નહિ. આ પંચશીલ મોક્ષના માર્ગમાં આવશ્યક છે.

જ્ઞાનની પ્રક્રિયા ( Theory of Knowledge ) માં **જૈનો** સ્યાદ્વાદી છે, અને સપ્તભંગી ન્યાય સ્વીકારે છે. આ સ્યાદ્વાદને અનેકાંતવાદ પણ કહે છે. પદાર્થનો એક અંત કિંવા નિશ્ચય નહિ તે અનેકાંતવાદ. દરેક પદાર્થ સતરૂપ પણ છે અને અસતરૂપ પણ છે; અર્થાત્ સદસદ્રુપ છે. પટની અપેક્ષાથી ઘટ નથી અને ઘટની અપેક્ષાથી ઘટ છે. આમ દરેક વસ્તુ ઉભયરૂપ છે. તેના સત્ ભાગને દ્રવ્ય કહે છે અને અસત્ ભાગને પર્યાય કહે છે. દ્રવ્ય અને પર્યાય એક બીજાથી સ્વતંત્ર રહેતા નથી; પણ સાથેજ રહે છે. પદાર્થ માત્ર દ્રવ્ય પર્યાયરૂપે છે, સદસદ્રુપે છે. અપેક્ષાથી જોતાં દ્રવ્યરૂપે બધું નિત્ય છે, અને પર્યાયરૂપે અનિત્ય છે, આમ નિત્યાનિત્યના યોગરૂપ વિશ્વ માત્ર બનેલું છે.*

જૈનોમાં શ્રાવક અને યતિ એવા બે ભેદ હોય છે. શ્રાવકો પ્રવૃત્તિધર્મ પાળે છે;

* જુઓ સ્વર્ગસ્થ **મણીલાલ નભુભાઇનો સિદ્ધાંતસાર** ગ્રંથ.

યતિ નિવૃત્તિધર્મ પાળે છે. યતિઓ ઉપાશ્રયમાં રહે છે અને સાધુઓ ગામેગામ ફરતા રહે છે. આ યતિઓ અને સાધુઓ પોતાનો ધર્મ સખત રીતે પાળે છે; અને શ્રાવકોને ઉપદેશ આપે છે.

જૈન ધર્મમાં પણ **વે**દો અને **પુ**રાણો છે. ઇંદ્રાદિ દેવોની કથાઓ છે; અને **બ્ર**હ્મા, **વિ**શ્નુ, **શિ**વ અને **ગ**ણપતિની ગૌણ રીતે પૂજા પણ થાય છે. પરંતુ તે ધર્મનું ખરૂં લાક્ષણિક ચિન્હ ' અહિંસા પરમો ધર્મ છે. ' અને આ બાબતમાં એ ધર્મની અસર આખા **હિં**દુસ્તાનમાં બહુ પ્રબળ થઇ છે. **વેદધર્મ પણ આ અસરથી કાંઇક રૂપાંતરતાને પામ્યો છે.**

સમય જતાં ખુદ **જૈ**ન ધર્મમાં પણ અનેક શાખાઓ થઈ ગઈ છે. **દિ**ગંબર અને **શ્વે**તાંબર શાખાઓ પ્રસિદ્ધ છે. સિવાય અનેક ગચ્છ બંધાઇ ગયા છે. **જૈ**નોમાં મૂર્તિપૂજા પ્રથમથી છે, પણ **સ્થા**નકવાસી અથવા ઢુંઢીઆ મૂર્તિને પૂજતા નથી. ઘણીવાર ગચ્છોમાં માંહોમાંહે ભોજનવ્યવહાર હોતો નથી, અને કન્યાવ્યવહાર પણ હોતો નથી. માંહોમાંહે વિખવાદ અને કલહ પણ જોવામાં આવે છે. **તથા**–**ઢું**ઢીઆના કજીઆ ઠેકાણે ઠેકાણે થતા જોવામાં આવે છે. અંતરાત્મા, બહિરાત્મા, અને પરમાત્મા એવા ભેદ જૈન ધર્મ બતાવે છે, અને તેમનું રહસ્ય એ છે કે બાહ્ય સૃષ્ટિ અને આંતર સૃષ્ટિની સાથે એકસુર થઇ રહેવું, અને સમચિત્તતાને સેવવી. પરંતુ આવા કલહથી એ ઉદ્દેશ ફળીભૂત થતોજ નથી એ વાત સુજ્ઞ વાંચનારને સમજાવવી પડે એમ નથી. **હિં**દુસ્તાનને અત્યારે ઐક્યભાવનાની કેટલી બધી જરૂર છે એ વાત દરેક વિચારક સારી પેઠે સમજે છે. પરતુ ઘરમાં કલહ, નાતમાં કલહ, જાતમાં કલહ, રેલવેમાં બે ઘડી જ સાથે બેસવાનું હોય ત્યાં પણ કલહ; આવી અત્યારની સ્થિતિ ઘણી શોચનીય છે. એ સ્થિતિ દૂર કરવાનો પ્રયાસ દરેક સમજુએ કરવો ઘટે છે.

**મુ**સલમાની રાજ્ય સિવાય ધર્મને નામે આપણા દેશમાં જૂલમ થયો નથી કે ત્રાસ વરતાયો નથી એ વાત ખરી છે, પણ સાથે સાથે અનેક મતમતાંતરને લીધે એક બીજાની વચ્ચે ગાઢ પરિચય અને ભ્રાતૃભાવ પણ જામ્યો નથી એ વાત પણ સાચી છે. ગમે તે ધર્મ માનો, પણ આપણે બધા એકજ ભૂમિનાં બાળકો છીએ એ વાત કોઈએ પણ ભૂલી જવી જોઇતી નથી. અને ગૂઢ તત્ત્વચિંતનના ગહન પ્રશ્નોને એક કોરે રાખતાં, **આ**ર્યાવર્તના અનેક ધર્મોમાં મુદ્દે સામ્ય જ રહેલું છે. કયો ધર્મ ચોરી કરવાની પરવાનગી આપે છે ? કયો ધર્મ વ્યભિચારની છૂટ આપે છે ? કયો ધર્મ હિંસામાં આનંદ માને છે ? કયો ધર્મ આચાર વિચાર વિશુદ્ધ રાખવાની ના કહે છે ? સૌને વ્યવહારમાં વિશુદ્ધ રહી આત્માનું કલ્યાણ સાધવું છે; માત્ર જૂદાં જૂદાં મનુષ્યોને જૂદા જૂદા રસ્તા સૂજ્યા છે; સૌનું દૃષ્ટિબિંદુ તો એકજ છે. દરેક ધર્મનો સામાન્ય અંશ લઇએ તો **જૈ**નો **બ્રા**હ્મણધર્મ પાળે છે અને **બ્રા**હ્મણો **જૈ**નધર્મ પાળે છે. વિવાદના વિષયો નિર્જીવ છે. એકને ટીલું ગમે છે, તો બીજાને ચાંદલો ગમે છે. એક કંકુનો ચાંદલો કરે છે, તો બીજો કેસરનો ચાંદલો કરે છે. એક માણસ ટોપી પેહેરે, અને બીજો પાઘડી ઘાલે; અથવા એક અંગરખું પેહેરે અને બીજો કોટ પેહેરે; તો તે વાત આપણે લક્ષમાં લેતા નથી; તો પછી ચાંદલાની વાત એટલી બધી અગત્યની શા માટે થઇ પડે છે ? ખરૂં કહીએ તો આવા બાહ્યાચારમાંજ પોતાના ધર્મની સર્વે સમૃદ્ધિ માની બેઠેલા અજ્ઞાનીઓજ ધર્મના વિવાદમાં અને તકરારમાં પડે છે,

અને વગર સમજ્યે દુરાગ્રહ કરી સંતાપ પામે છે અને બીજાને સંતાપ પમાડે છે. **જૈન** ધર્મમાં તો સ્પષ્ટ કહ્યું છે કે કોઇનું પણ મન દુઃખવવું નહિ; નાનામાં નાના જંતુને પણ દુઃખ દેવું નહિ; ત્યાં સુધી કે એવો પ્રસંગ આવે તો પોતેજ આત્મઘાત કરી મરી જવું; પણ બીજાને મારવું કે દુઃખવવું નહિ. **મનુસ્મૃતિ**માં પણ કહ્યું છે કે સત્ય બોલવું, પ્રિય બોલવું પણ સત્યને પણ અપ્રિય રીતે ન બોલવું. આપણામાંથી કેટલા જણ આ ધર્મ બરાબર પાળે છે ?

તત્ત્વદષ્ટિએ જોતાં પણ મતભિન્નતાને અંગે ઉપજતા કલહ ત્યાજ્ય છે. સૌ કહે છે કે અમારા ધર્મમાંજ સત્ય છે અને તેથી તેમાંજ મોક્ષ છે. આ વાત દલીલની ખાતર કબુલ કરીએ તોપણ ખાસ લક્ષમાં રાખવાની વાત એટલીજ છે કે મોક્ષનો વિચારજ વ્યક્તિપ્રધાન છે, લોકોનું ટોળું ભેગું મળી સામટું મોક્ષ પદને પામી ગયું હોય એવું ક્યાંઇ જાણ્યું નથી. ભક્તિ અને શ્રદ્ધામાં એક પ્રકારની સુંદરતા અને સુખ રહેલાં છે એ વાતની ના નથી; પણ જો જ્ઞાનથીજ મોક્ષ થતો હોય તો તેનો આધાર તો વ્યક્તિના પોતાનાજ પરિશ્રમ અને પ્રકાશ ઉપર રહે છે. સત્ય તો એકજ હોઇ શકે છે; અને જૂદા જૂદા ધર્મો એ સત્યે જવાના ભિન્ન ભિન્ન રસ્તા માત્ર છે; પછી તે રસ્તા ગમે તેવા હોય તેની સાથે આપણે કામ નથી. ઉદ્દેશ તો એકજ છે, પરંતુ પોતાને સૂજે તેવો રસ્તો સૌ લે છે. એકજ સ્થળે જતા જાત્રાળુઓ અનેક પંથે વિચરે છે, તો તેથી તમને ખોટું મોળું લાગવાનું કાંઈ કારણ નથી; આમ છે, તો પછી જૂદા જૂદા ધર્મો જોઇ ખીજાવામાં તમારે પ્રયોજન શું છે ?

**ખ્રિસ્તિ**ઓ કહે છે કે જળમાર્જનની ક્રિયાવિના મોક્ષ નથી. **વેદાંતી**ઓ કહે છે કે બ્રહ્મને ઓળખ્યા વિના મોક્ષ નથી. **શૈવો** કહે છે કે **શિવ**ને માનો તો મોક્ષ થાય. **વૈષ્ણવો** કહે છે કે **વિષ્ણુ**ને માનો તો મોક્ષ થાય. **ન્યાય, સાંખ્યા**દિ મતોમાં પોતાની દૃષ્ટિનો આગ્રહ છે. **જૈનો** અને **બૌદ્ધો** પોતાનું સાચું મનાવવા મથે છે. **ખ્રિસ્તિ**ઓ કહે છે કે જળમાર્જન ( Baptism )ની ક્રિયા કરી **ખ્રિસ્તિ** થાઓ, નહિ તો તમે નરકે જશો. આપણે કહીએ છીએ કે અમારા દેવને માનો, અને તેની તમે પૂજા કરો, નહિ તો તમારી અધોગતિ છે. આપણા ધર્મોના દૃષ્ટાંત હું જાણી જોઇને આપતો નથી. સાચું ખોટું તો જાણનારો જાણે; પણ આવી મતાંધતાથી આપણી બુદ્ધિને એક જબરો આંચકો લાગે છે—ધક્કો લાગે છે. ત્યારે શું આ લોકની પેઠે પરલોકમાં પણ પક્ષાપક્ષી હશે ? અને સૌના વાડા જૂદા જૂદા હશે ? **પ્લેટો**નો **સોક્રેટિસ** કહે છે તે પ્રમાણે શું દેવો પણ માંહોમાંહે વઢી મરતા હશે ? ત્યારે તો બિચારા દેવોની સ્થિતિ પણ દયાજનક ખરીસ્તો ! ખરી વાત એ છે કે દેશ, કાળ અને સમયના સંજોગોને અનુસરી મહાત્મા પુરૂષોએ પોતપોતાના ધર્મો કહ્યા છે અને પ્રસરાવ્યા છે; અને તેટલે અંશે દરેક ધર્મમાં સત્ય સમાએલું હોય છે. અને પોતપોતાના ધર્મ બરાબર સમજીને પાળવામાં દરેકનું અને સમાજનું શ્રેય છે.

કોઇને પોતાનો ધર્મ તજી દેવાનું હું કહેતો નથી. એવું પાપ હું કરૂં નહિ. હું તો ઉલટો એમ કહું છું કે દરેકે પોતાનો ધર્મ બરાબર પાળવોજ જોઇએ. **દેશ-કાળને અનુસરી દરેક ધર્મ રૂપાંતરતાને પામતો આવ્યો છે. અને એમ ફેરફાર બનવા આવશ્યક છે. તમે નહિ કરો તો કાળ એની મેળે એ કામ કરશે અને પછી**

**પ્રબળ પૂરમાં તણાએલા તરખલાની માફક પાછું વળી જોવાનો અવકાશ પણ તમને રહેશે નહિ;** અને તમારી આંખો બંધ હોવાથી આગળ પણ હાથ લાંબા તમે કરી શકશો નહિ. પાશ્ચાત્ય સંસ્કૃતિ અત્યારે આપણામાં એટલી બધી પેસી ગઇ છે કે તેની ઉપેક્ષા કરવી હવે અનુચિત છે. આંખો ઉઘાડી ચાલવાનો હવે સમય છે.

તાત્પર્ય કે દરેક બાબતની પેઠે આ વાતમાં પણ આપણે આગ્રહ રાખવો, પણ દુરાગ્રહ રાખવો નહિ. ધર્મની બાબતમાં ક્ષમાશીલતાને કેળવવી એજ સત્ય માર્ગ છે; કારણ કે આપણે ખાસ કરીને લક્ષમાં રાખવાની વાત એ છે કે સમાજ વ્યક્તિઓનો બનેલો છે, અને નાના નાના સમાજો વધારે મોટા સમાજ કિંવા પ્રજાની વ્યક્તિઓ છે. અને સમાજ અને વ્યક્તિનો સંબંધ સેંદ્રિય છે. માથા ઉપર ઘા આવે તો આપણે આડા હાથ દઇએ છીએ પરંતુ હાથઉપર ઘા આવે તો હાથને પણ બચાવવાનો પ્રયત્ન આપણે કરીએ છીએ. દરેક વ્યક્તિ કિંવા સમાજ પોતાનું શ્રેય સાધવામાં ભલે તત્પર રહે પણ **તે બધાં એક વધારે વિશાળ સમાજનાં અંગ છે** એ વાત કોઇએ ભૂલી જવા જેવી નથી. તેથી **સાર્વત્રિક ભ્રાતૃભાવની લાગણી અરસપરસ રહેવી જોઇએ.** આપણે બધા એકજ ભૂમિનાં બાળકો છીએ એ વાતની તમે ના પાડશો તોપણ બીજા માનશે નહિ; માટે ભ્રાતૃભાવની બુદ્ધિ રાખી દરેક શુદ્ધ બુદ્ધિથી વરતે અથવા વરતતાં શીખે એજ ઉતમ વાત છે, અને તેમાંજ તમારૂં, નાત જાતનું અને દેશનું શ્રેય છે. **પ્રભુ** આ બાબતમાં સૌને સહાય રહો ! તથાસ્તુ !!

**નરભેશંકર પ્રાણજીવન દવે**, એમ, એ, ફિલોસોફીના પ્રોફેસર,
તા. ૯—૭—૧૩. **સામળદાસ** કૉલેજ-**ભાવનગર.**

# आत्मनिवेदन.

યે હિ **જ્યો**તિને મુઝકો બચાયા,
**સ**ખિ ! યેહિ **જ્યો**તિને મુઝકો બચાયાઃ—
—સખિ ! મૈં ગુલામ ગરીબકો બચાયાઃ—

અખિયાંકે પૂરમેં ડૂબતી પન્હાઇ—કન્હાઇ યેહિને તરાયાઃ
અહા! **અ**બિનાશી **શિ**શુ યેહિ આયા, **સ**ખિ ! મૃદુ બચન નબીન સુનાયા ! —**સખિ**•
**સા**ગર ભીતર રાત ભયી તબ—ભઁવરેંને જહાજ ભમાયાઃ
આહ પુકારત રાહ ન પાવત—ગફલત અંધેરા આયાઃ
**સ**ખિ! યેહિ **જ્યો**તિને તિમિર ફરાયા ! —**સખિ**૦
માંગ લિયો મૈંને અમૃત **જ્યો**તિસેં, **દા**ન **દ**યાકા કમાયાઃ
હિરદાકો યેહિ **દ**યાલુસેં છાયા, **સખિ** ! **તે**રી નુરતમેં મૈં મિલાયા ! —**સખિ**૦
**સા**ગર દિલકો પતીજ દિયા પૂર—નવતર કદમ બ્હડાયાઃ
પાગલ દિલકો દિલાસા દિયા અરુ—બંદર દૂર દિખાયા!
**સ**ખિ ! યેહિ **જ્યો**તિનેં મુઝકો બચાયા ! —**સખિ**૦
પામર ભરપૂર ક્ષાર ક્ષમા કર—નવલ કછૂ કછૂ પાયાઃ
**સ**ખિ ! તેરા ગરીબ ગુલામ જીલાયા !
આહા ! યેહિ **જ્યો**તિનેં મુઝકો બચાયા ! —**સખિ**૦

—**सागर**

# जैनसाहित्यना विकास माटे जैनोए शुं करवुं जोइए ?

લખનારઃ—રા. રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી M. A., LL. B.

ઉપલા વિષયપર મારે કાંઇક લખી મોકલવું એવી રા. મોહનલાલ દલીચંદ દેસાઈ તરફથી મને સુચના કરવામાં આવેલી છે, પરંતુ એ સવાલ જેટલો મ્હોટો અને વિસ્તૃત છે તેટલોજ તેનો જવાબ પણ મ્હોટો અને વિસ્તૃતજ હોઇ શકે; અને તેવો આખો જવાબ એક ન્હાના સરખા ચોપાનીઆનાં થોડાં પૃષ્ઠના સંકુચિત ક્ષેત્રમાં માઈ શકે નહિ, તેથી કાંઇક માર્ગદર્શક થઈ શકે તેવાજ રૂપમાં મારો જવાબ ગણી લેવાનો છે.

જૈનસાહિત્યના વિકાસ માટે **પહેલું** પગલું તો જૈનોએ એ લેવાનું છે કે જે મૂઠીભર જૈન વિદ્વાનો આજે જૈનસાહિત્ય ખેડી રહ્યા છે, એટલે કે જૂના જૈનસાહિત્યનો પુનરૂદ્ધાર કરવામાં મચી રહ્યા છે, **તેમને તે કામમાંજ પ્રવૃત્ત રહેવાનું બની શકે અને ઉદરપોષણાર્થે બીજા કોઇ કામમાં રોકાવું ન પડે તે માટે તેમને ઉપજીવિકાનાં સાધન-શિષ્યવૃત્તિ અથવાતો માસીક વેતનરૂપે-પૂરાં પાડવાં.** કૉનફરન્સ તરફથી હાલ, હું ધારૂં છું, કે, કોઇ કોઈ વ્યક્તિને એવા રૂપમાં થોડી થોડી મદદ મળે છે, પણ તે જોઇએ તેટલી નથી.

***બીજું*** *પગલું એ લેવાનું છે કે એ મૂઠીભર મહેનત કરનારાઓ જ્યારે ન હોય ત્યારે* તેમની જગા લઈ શકે એવા બીજા વિદ્વાનોને તૈયાર કરતા રહેવું કે જેથી એ વિકાસરૂપી ખાણ ખોદનારાઓની પરંપરામાં ખામી આવે નહિ. જૈન કોમ બહુ સમૃદ્ધિવાન કહેવાય છે; એટલે જો થોડા શેઠીઆઓ પણ ધારે તો એ બાબત પાર પાડી શકે એમ છે. પોલીસ કોર્ટ કે હાઇકોર્ટમાં બીન અર્થે અને જેમાં કોમનું કોઇ રીતે શ્રેય થાય નહિ એવા કજીઆ લડી નાહક નાણાંની બરબાદી કરવાને બદલે આવાં ઉત્તમ કાર્યમાં વ્યય કરવો એ વધારે પુણ્યમય છે, એમ કહેવાની જરૂર નથી; કારણ એ પ્રમાણ સ્વતઃસિદ્ધ છે.

આ ઉપરાંત **ત્રીજું** સાધન જૈન કોમ પાસે તૈયાર, ખડુંજ છે અને તે જૈન મુનિ, સાધુ, યતિ, આચાર્ય વગેરે પવિત્ર વ્યક્તિઓ છે. એ વર્ગનો સમુદાય એટલો મ્હોટો છે કે જો તેઓ સઘળાને એ રસ્તે વાળી શકાય તો જૈનોને પોતાના સાહિત્યના વિકાસ માટે જૈનેતર તો શું પરંતુ જૈન ગૃહસ્થાશ્રમીઓની સહાયની પણ જરૂર રહે નહિ. નવું સાહિત્ય ઉપજાવવાની જેટલી જરૂર છે, તેથી વધારે જૂનાં પુસ્તકોની શોધખોળ, પ્રસિદ્ધિ, તેનાં ભાષાંતર વગેરે કરવાની છે. કારણ નવા સાહિત્ય સંબંધે તો એટલું પણ કહી શકાય કે દેશની જે સમસ્ત ઉન્નતિ હાલના વખતમાં જોવામાં તથા અનુભવવામાં આવે છે, તેમાં બીજા વર્ગો—જેવાકે મહાવીરના સંપ્રદાયની બહારના હિંદુઓ, ગુજરાતી મુસલમાનો, પારસીઓ વગેરે જેવો ભાગ લે છે, તેવો તેઓ પણ લઈ શકે. પરંતુ પ્રાચીન ભંડારોની કૂંચીઓ તો સાધુ વર્ગનાજ હાથમાં છે, અને ઉદરપોષણાર્થે દુનીઆની ઘટમાળમાં તેમને રોકાવાનું ન હોવાથી તેઓ એ વિષયપરત્વે થોડો સમય હમેશ કાઢતા રહે તો અલબત્ત ઘણું કરી શકે. તેમ કરવા માટે તેમને એ ત્રણ બાબતોની જરૂર છે; જેવી કે અર્વાચીન રીત પ્રમાણે પુસ્તકોનું નિરીક્ષણ કરતાં તેમણે જાણવું જોઇએ, એટલે કે ભાષાશાસ્ત્ર ( Philology ), ઇતિહાસ, પૃથક્કરણની રીત, ( method of analysis ) વગેરે વિષયોની તેમને માહીતી *હોવી જોઇએ અને તે માહીતી જૂની પદ્ધતિના શિક્ષણથી મળી શકે નહિ—થોડું ઘણું* અંગ્રેજીનું જ્ઞાન પણ જરૂરનું છે, કે જેથી યુરોપની અંદર એવાંજ જૂનાં પુસ્તકોપર શી વિધિ કરવામાં આવે છે તે તેમની જાણમાં આવે. અંગ્રેજી જાણનાર જૈન સાધુ—આચાર્ય એ [redacted] એક અસાધારણ બનાવ જેવું લાગશે; પરંતુ જૂનું જૈન સાહિત્ય જોતાં જણાશે

કે, તે અરસાના મહાન આચાર્યો પણ બને તેટલી ( પોતાના સમયમાં પ્રચલીત હોય તેવી ) ભાષાનું જ્ઞાન મેળવવામાં પાછા પડતા ન હતા—ઉદાહરણરૂપે હેમચંદ્રાચાર્યજીનુંજ નામ બસ થશે. યાવની ભાષામાં પારંગત એવા સાધુઓ પણ વખતે નીકળી આવશે; તો પછી એવા ઉત્તમ મહર્ષિને પગલે ચાલવામાં કોઈ રીતનો બાધ ગણવો ન જોઇએ. મને તો લાગે છે કે, જૈન ભાઇઓનો સાધુ વર્ગ કમર બાંધી આ મહાન ઉપયોગી કાર્ય માટે બહાર પડે તો પછી બીજા સાક્ષરો યા વિદ્વાનોને તેમાં માથું મારવાની પણ જરૂર પડે નહિ, અને એ સાધુ વર્ગ જેને હાલના સમયમાં પોતાની ઉપયોગિતા સાબિત કરી બતાવવામાં જે મુશ્કેલી પડે છે, તે સારી રીતે દૂર કરી શકે.

---

# अमारी मस्त फकीरी.

## ( કવ્વાલી. )

ફકિરીમાં સખિ રી ! મેં, ભરી આજે મજા કેવી ?
અમિરી ને ફકિરીમાં, મળી આજે રજા કેવી ?
ફિકર ધુંટી કરી ફાકી, તમન્ના શી હવે બાકી ?
શરીરે ત્યાગની કફની, ચ્હડાવી ત્યાં કજા કેવી ?
ખલકને જાણતાં ફાની, પછી પરવાહ તે શાની ?
નથી દરકાર દુનિયાંની, મળે તે ક્યાં મજા એવી ?
પીવો પ્યાલો ભરી પાવો, કરીને જ્ઞાનનો કાવો;
અમિરીનો ધરી દાવો, ફકિરીમાં મજા લેવી !
કદિ મુખમલ તણી શૈયા, કદિ ખુલ્લી ભૂમિ મૈયા;
કદિ વ્હેતી મૂકી નૈયાં, તરંગોની કજા લેવી !
કદિ ખાવા મળે લાડુ, કદિ ખાવા પડે ઝાડુ;
રંગશિયું દેહનું ગાડું, ઉપર ભગવી ધ્વજા કેવી ?
કદિ છે શાલ–દુશાલા, કદિ લંગોટ ને માલા;
કદિ હો ઝેરના પ્યાલા, મળે તેવી મજા લેવી !
ધર્યા છે કેસરી જામા, કર્યા કાષાય કપડાનાં;
(છો) સંસારના ભામા, કજામાંથી મજા લેવી !
ભર્યા છે જ્ઞાનધન ભાથાં, ઝૂકાવે શાહ પણ માથાં;
જગતનો ગમ સદા ખાતાં, ગમીને જ્યાં રજા દેવી !
ખુશી, આફત મુકી સાથે, ધખાવી હોળીઓ હાથે;
બીજાનાં દુઃખની માથે, ખુશીથી જ્યાં સજા લેવી !
જગત્ જીત્યું અલખ નામે, અચલ એ રાજને પામે !
નમાવી સર, કદમ સ્હામે, ઉભાં ત્યાં દેવ ને દેવી !
અમિરીની મઝા મીઠી, ફકિરીમાં અમે દીઠી !
ન કરવી ચાકરી–ચીઠી, સ્પૃહાને જ્યાં રજા દેવી !
થયા જ્યાં એક ઇશ્વરથી, પછી શી ગાંઠ ધરઘરથી ?
જગાવ્યો પ્રેમ પરવરથી, શલાકા સ્નેહની સેવી !

वसन्त.

# જૈનો અને ગુજરાતનું નવજીવન.

લખનારઃ— રા. રા. રણજીતરાવ બાવાભાઈ.

મુંબાઈ ઇલાકામાં ( વડોદરા રાજ્ય બાદ કરતાં ) જૈનોની સંખ્યા ૪, ૮૯, ૬૫૨ છે. ગુજરાતના શ્વેતામ્બર અને કર્ણાટકના દિગમ્બર જૈનોની ભેગી આ સંખ્યા છે. સરકાર તરફથી પ્રસિદ્ધ થતા વસ્તિગણનાના હેવાલો (Census Reports) પરથી બન્નેની સંખ્યા જૂદી પાડી શકાતી નથી. જેમ ગુજરાતમાં દિગમ્બરો છે તેમ દખ્ખણમાં શ્વેતામ્બર પણ છે. સિંધમાં જે જૈનો છે તે કચ્છ ને ગુજરાતમાંથી વેપાર માટે ત્યાં ગયલા હશે. એમનામાં કેટલાક મારવાડી જૈન પણ હશે. મુંબાઇ બેટમાં ૩૦,૪૬૦ જૈનો છે— આમાં પણ શ્વેતામ્બર, દિગમ્બર અને સ્થાનકવાસી ભેળા ગણાયલા છે તેમ દખણી અને ગુજરાતી પણ. આપણાં ગુજરાતમાં *૨,૬૯,૯૨૮ જૈનો છે. કર્ણાટકમાં ફક્ત ૬૨,૨૮૬ છે. આ પરથી સ્પષ્ટ જણાય છે કે આપણા ઇલાકામાં ગુજરાતી જૈનોની સંખ્યા વધારે છે.

ગુજરાતમાં ૭૬,૮૫,૮૭૫ માણસો વસે છે; એટલે કુલ વસ્તિના લગભગ છવ્વીસમે અંશે જૈનો છે; છતાં દેશના જીવન પર એમનો પ્રભાવ ન્હાનોસૂનો નથી. પારસીઓ ફક્ત ૮૩,૫૬૫ હોવા છતાં અગ્રેસર થએલા છે. સંખ્યા કરતાં દેશના ઐતિહાસિક અને આર્થિક જીવનમાં જેવી પ્રતિષ્ઠા મેળવાય તે પ્રમાણ પ્રભાવ પડે છે.

ભાવનગરની સુપ્રસિદ્ધ જૈનધર્મપ્રસારક સભાના મહોત્સવ સમયે પ્રગટ થયેલા એમના વાજિંત્રના ખાસ અંકમાં ગુજરાતના ઇતિહાસમાં જૈનોએ લીધેલા ગૌરવશાલી ભાગ વિશે મ્હેં એક પરિચ્છેદ લખ્યો હતો એટલે આ સ્થળે તેનું પુનઃ કથન કરતો નથી. ભૂતકાળમાંજ જૈનો ગુજરાતના અગ્રગણ્ય નાગરિકો હતા અને હવે નથી એવું કોનાથી કહી શકાશે? અમદાવાદ શહેરમાં વધતા જતા મીલ ઉદ્યોગમાં, સુરત મુંબાઇના ઝવેરાતના વેપારમાં, મુંબાઇના વેપારમાં અને ન્હાનાં ન્હાનાં ગામડાઓમાં પણ ગામડાની ન્હાની ન્હાની જરૂરિયાતોને પ્હોંચીવળવા જામેલા ન્હાના ન્હાના વેપારમાં પણ જૈનોને મોખરે રહેતા કોણે નથી જોયા? કાઠિઆવાડમાં નાગરોની સાથે રાજ્દ્વારી નોકરી માટે જબરી હરીફાઈ કરનારાઓ આજે કદાચ એ પ્રદેશમાં પાછળ પડયા હશે પણ વેપારમાં તો આગળને આગળ વધતાજ જાય છે.

આધુનિક ગુજરાતમાં વેપાર અને ઉદ્યોગદ્વારા પૈસો પેદા કરનાર વર્ગમાં જૈનો પણ આગળ પડતા છે. ગુજરાત સાથે એમનો જૂનો અને નિકટનો સંબંધ છે. એમનાં કેટલાંક મ્હોટાં તીર્થક્ષેત્રો ગુજરાતમાં છે. અને વેપાર તથા ઉદ્યોગદ્વારા ગુજરાતના પ્રજાજીવનના દરેક થર સાથે તેમને નાના પ્રકારના નાતો છે. ગુજરાતી વાણી અને સાહિત્યની એમના સાધુઓએ સારી અવિરત સેવા કરેલી છે. પોતાની ધર્મભાવના મૂર્ત કરવા બાંધેલા મંદિરોથી હિન્દુસ્તાનની સ્થાપત્ય કલામાં ગુજરાતની જૈન પદ્ધતિ એમણે ઉમેરી છે અને

* વડોદરા રાજ્ય મુંબાઇ ઇલાકામાં ન ગણાતું હોવાથી એમાં વસતા જૈનોની સંખ્યા આમાં ઉમેરી શકાઇ નથી. તેમ કચ્છને ગુજરાતની અંદર લેવામાં આવેલું હોવાથી કચ્છી જૈનોની સંખ્યા આમાં ઉમેરાએલી છે. જ્યાં જ્યાં આ લેખમાં ગુજરાતની વસ્તિ ગણાવી હોય ત્યાં ત્યાં વડોદરાની સામીલ ન લેખવી.

ગુજરાતના મુસલમાન બાદશાહોની મસીદો પર એ પદ્ધતિની છાપ કાયમની પાડી છે-વગેરે વગેરે રીતે ગુજરાતના જીવનપર એમની અસર હોવાથી સ્વાભાવિક પ્રશ્ન થાય છે કે એજ દેશના નવાજીવનપર આ કોમ કેવો પ્રભાવ પાડશે અથવા પાડી શકે ? પ્રશ્ન મહત્ત્વનો છે; તેનો ઉત્તર આપવો સ્હેલો નથી અને તે પણ જૈન નહિ એવાથે ? ગુજરાતમાં વસનારાઓ એકએકમાં ભળી ગયેલા હોવા છતાં હિન્દુઓને, મુસલમાનોને. જૈનોને અને પારસીઓને પોતાના પડોસીઓના જીવનના પ્રશ્નો વિશે અજબ અજ્ઞાન હોય છે-અરે ! અંદર અંદર પણ જબરું હોય છે.હિન્દુઓમાં બ્રાહ્મણોને વાણીઆના જીવનના પ્રશ્નો કે વાણીઆઓને બ્રાહ્મણના જીવનના પ્રશ્નો વિશે માહીતી હોતી નથી. આવી સ્થિતિમાં ઉક્ત પ્રશ્ન ચર્ચવાની ધૃષ્ટતા અક્ષમ્ય જ લેખાય. છતાં એ કારણોસર આ વિષયનું દિગ્દર્શન કરવા પ્રવૃત્ત થયો છું. બ્રિટિશ રાજ્યની હુંફાળી છાયા નીચે, ઇંગ્લીશ પ્રજાજીવન અને વાઙ્મયદ્વારા જીવન ભાવના સાથે વધતા જતા પરિચયથી આપણું દૃષ્ટિબિન્દુ વિશાળ બન્યું છે. શેરીના, ગામડાના, નગરના કે કોમના પ્રશ્નો કરતાં દેશના વિશાળ પ્રશ્નો આપણી સમક્ષ ઉભા થતા જાય છે. આ વિશાળતામાં ન્હાના ન્હાના ભેદોપભેદો અદૃશ્ય થઇ જાય છે એટલે આવા ઉચ્ચ અને વિશાળ દૃષ્ટિબિન્દુથી અવલોકન કરતાં બનતા લગી અન્યાય થવાનો સંભવ ઓછે. થવાનો. બીજું ઇંગ્લીશ કેળવણીએ આપણે માથે મ્હોટી જોખમદારી નાંખી છે. આપણા અસંખ્ય અજ્ઞાન બન્ધુઓને દોરવાનું કર્તવ્ય આપણને સોંપ્યું છે. ભૂતકાળમાં જે કામ ઋષિઓ, સાધુઓ અને બ્રાહ્મણોએ કર્યું છે તે કેળવાયલાઓને આ જમાનામાં કરવાનું છે;-અલબત્ત યથાશક્તિ જ આ કામ તેઓ સાધી શકશે.

વિશાળ દૃષ્ટિબિન્દુથી અને કર્તવ્યની પ્રેરણાથી ટુંકામાં થાય તેવું દિગ્દર્શન કરું છું. એમાં દોષો જણાય તો તે મમતાના દોષ છે-દ્વેષના નથી-એવું ગણી ઉદારતાથી જે હૃદય આ નકશો આંકવા તત્પર થયું છે તેનો સત્કાર કરશો.

અત્યારે આપણે સૌથી મહત્વનો સવાલ કેળવણી છે. સંસારના જે જે પ્રદેશમાં ઉન્નતિ મેળવવા આપણે ઉત્સુક હોઇએ તે તે પ્રદેશમાં કેળવણીવડે સ્હેલાઇથી અને ઝટ જવાય છે. આપણા ધાર્મિક, સામાજીક રાજ્યકીય, આર્થિક અભ્યુદય માટે આપણે સુશિક્ષિત થવાની જરૂર છે. દુનીઆમાં અત્યારે જીવવામાટે અને એ જીવનમાં સુખવૈભવવિલાસ સતત મેળવવા માટે હરીફાઇ ચાલે છે. આપણા પુરાણા દેશને પણ એ હરીફાઇમાં ઉતરવું પડ્યું છે. હવે એ હરીફાઇમાંથી પાર ઉતરવું હોય તો આગણે આપણા હરીફો જેટલા કે બલ્કે તેથી વધારે સાધનસંપન્ન થવું જોઇએ. ન થઇશું તો આપણો નાશ ચોક્કસ થવાનો.

પથ લાંબો છે અને કામ વિકટ છે છતાં પ્રયત્ન કરીશું તો ફાવશુંજ. જૈન જેવી ધનાઢ્ય કોમ આ પ્રયત્નને કેવી રીતે સાહાય્ય આપે ? કેળવણીનાં ફંડો સ્થાપી તેમાંથી શિષ્યવૃત્તિઓ આપે, વિદ્યાર્થીભવનો ચલાવે, ન્હાનાંમ્હોટાં ગામોની જરૂરિયાત પ્રમાણે નિશાળ વગેરે સાધનો આપે પરદેશની કેળવણીનો અનુભવ લેવા વિદ્વાનોને મોકલે, વગેરે. એકલે હાથે આ સર્વ કરવાનું નથી પણ ગુજરાતના બીજા વતનીઓ સાથે મળીને; શક્તિ, વૃત્તિ અને આગ્રહ હોય તો આગેવાની લઇને.

આપણી પડોસમાં પુણામાં દક્ષિણી બંધુઓએ સ્વાર્થત્યાગથી, કર્તવ્યનિષ્ઠાથી અને નિપુણ યોજકશક્તિથી કેળવણીનાં ભવ્ય સ્થાનો સ્થાપ્યાં છે. એમની પાસે આપણા જેટલું ધન નથી પણ આપણા ધનથી કિંમતી મનોબળ અને દેશપ્રેમનું ધન એમની પાસે છે.

આપણામાં પણ એ ધન કેમ ન આવે ? વેપાર કરતાં નફો મેળવવા જે રાત્રિ દિવસ જીવતોડ મહેનત કરીએ છીએ તેનો અર્ધોભાગ પણ આવાં કાર્યોમાં ગાળી શકીએ તો અભ્યુદયનો માર્ગ સરળ નહિ થાય ? સંસાર પરથી મન ઉઠી જતાં સાધુ થઇએ ત્યારે આવા પરોપકારમાં મન પરોવીએ તો શું આપણું કલ્યાણ નહિ થાય ?

પાશ્ચાત્ય કેળવણી એના પૂરેપૂરા સ્વરૂપમાં આપણે નહિ લઇએ ત્યાં લગી આપણો ઉદય નથી. નોકરીમાં, વેપારમાં, ઉદ્યમમાં, ખેતીમાં-જ્યાં જાઓ ત્યાં એમના જેટલાજ સાધનસંપન્ન થઇશું તો જ આપણો શુક્રવાર વળશે.

વેપારઉદ્યોગમાં આગળ પડતા જૈનોએ પોતાની લક્ષ્મીથી સરસ્વતીનાં મંદિરો ઠેરઠેર સ્થાપી અખિલ દેશમાં તે મંદિરોનો ઘંટનાદ રાત્રિદિવસ વાગતો રાખવા ઉપરાંત તેઓએ પોતે પણ ઉંચી કેળવણી લઇ સુશિક્ષિત થવું ઘટે છે. કેળવણી લેવાથી તેઓ આપણા નવજીવનનાં પ્રશ્નો અને સ્વરૂપો વિશે માહીતગાર થશે. પોતાની વ્યવહાર બુદ્ધિથી પ્રશ્નોના ઉકેલ ઝટ આણશે અને એવા આણશે કે દેશની પ્રગતિને લાભદાયક નીવડે. મુંબાઇમાં પગ મૂક્યાને ૧ વીસી થઈ નથી છતાં ઓ. લલ્લુભાઇ સામળદાસ વેપારમાંજ નહીં પણ આપણા ઇલાકાના બીજા પ્રદેશોમાં પણ અગ્રેસર થતા જાય છે એ જૈનોએ લક્ષમાં લેવા જેવું છે. પ્રેમચંદ રાયચંદના સ્વધર્મીઓ આજ આટઆટલાં વર્ષ થયાં મુંબઇમાં વસે છે પણ એવું સ્થાન કેમ નથી મેળવી શક્યા ? અમદાવાદમાં આટઆટલા ધનાઢ્ય જૈનો છે છતાં ત્યાં શું આગેવાની એમના હાથમાં છે ? નગરશેઠાઇ કરનાર કોમમાં ખરી નગરશેઠાઈ હવે રહી છે ? આફ્રિકા તો ઘણા જતા હતા અને હાડમારી ભોગવતા હતા પણ જ્યારે રા. રા. મોહનલાલ કરમચંદ ગાંધી ગયા ત્યારે ત્યાંના મામલાએ કેવું સ્વરક્ષક અને આત્મોન્નતિકારક સ્વરૂપ લીધું ? મોતીનો વેપાર ઘણા જૈન ઝવેરીઓ કરે છે પણ લંકાનાં મોતી લેવા વિલાયતમાં વેપારીઓની 'સીન્ડીકેટ' થઈ એમનો ધંધો એમના હાથમાંથી પડાવી લીધો ત્યાં સુધી એવી રીતે જોડાઈ વેપાર એકહાથે કરવાનું કેમ જૈનોને કેમ ન સુઝ્યું ? કારણ કેળવણીની ખામી અને તે દ્વારા દુનીઆનું હાલનું બંધારણ કેવું છે તે પારખવાની અશક્તિ. ઘણા જૈનો વૈરાગ્યથી સાધુ થઇ જાય છે પણ પુણામાં 'ધી ડેકન એજ્યુકેશન સોસાયટિ,' 'ધી સર્વન્ટસ્ ઑફ્ ઇંડીઆ સોસાયટિ' કે 'નિષ્કામ કર્મમઠ' ના જેવા સાધુઓ છે તેવા કેમ કોઇ નથી થતા ?

વેપારમાં પડનારને કેળવણી લેવાનો વખત નથી એવું બ્હાનું કાઢવામાં આવે તો ઉત્તર સ્પષ્ટ છે કે બ્હાનું ખોટું છે. ગમે તેટલો ધીકતો વેપાર હોય છતાં રોજના કલાક બે કલાક સુશિક્ષણ માટે કહાડી શકાય. તેમ આખું વર્ષ વેપારની ધમાલ પ્હોંચતી નથી. અમુક મહીના શાંતિ હોય છે. અમેરિકામાં હુન્નરઉદ્યોગની નિશાળના વિદ્યાર્થીઓને રજાના દિવસોમાં સાહિત્ય, કલા, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન આદિનું શિક્ષણ આપવામાં આવે છે, તેમ વેપારની રજામાં આંહી જૈનોને દેશના આગેવાન બનાવે એવું શિક્ષણ આપનારી શાળાઓ જૈનો નહિ સ્થાપે તો કોણ સ્થાપશે ? વિશેષમાં ફાયદો એવો છે કે વેપારમાં ઘુમનારની કેળવણી વેદીઆ નીવડવાનો ભય નહિ રહે.

શ્રીમંતો એમ ધારતા હોય કે ભણતર જ્યારે જોઇએ ત્યારે જે ભાવથી લેવા માંગીએ તે ભાવથી વેચાતું મળી શકે છે. વાત ખરી છે, પણ તેથી જે સંગીન લાભની ઉમેદ છે તે પાર પડતી નથી. લક્ષ્મીના નાશ સાથે એ સરસ્વતીનો સંયોગ નાશ પામે છે.

સ્વતંત્રતાને બદલે પરતંત્રતા રહે છે; પોતાના વિચારોને બદલે બીજાના વિચારો પ્રગટ કરતાં કરવી પડતી છેતરપિંડીનું પાતક લાગે છે. પ્રગટ થએલા વિચારો અને નિરંતરના આચારો વચ્ચે કોઈ પ્રકારનો કાર્યકારણભાવ રહેતો નથી, એટલે આચારનાં રૂપાંતર અને ઉચ્ચતા સધાતાં નથી.

સારાંશમાં, જૈનો ધનાઢ્ય હોવાથી, વેપારી હોવાથી, અને ઘણાં સાંસારિક બંધનોથી મુક્ત હોવાથી ગુજરાતના નવજીવનને યોગ્ય કેળવણીની ખીલવણીમાં આગળ પડતો, સમર્થ અને સાધ્યસાધક ભાગ લે એનાથી રૂડો દિવસ કયો ?

કેળવણી પછી બીજો મહત્વનો આપણા જીવનનો પ્રશ્ન સાંસારિક ઉન્નતિનો છે. શરૂઆતમાંજ કહ્યું કે આપણે દુનીઆની અગ્રેસર પ્રજાઓની હારમાં ઉભા રહેવું છે, એમની સાથેની હરીફાઇમાં થતો આપણો હ્રાસ અટકાવવાનો છે અને જે વારસો આપણા પૂર્વજો આપણને આપી ગયા છે તેથી મ્હોટો વારસો આપણાં સંતાનોને આપણે આપવો છે. આપણા સંસારમાં જે જે દોષ હોય, આ ઉચ્ચ સાધ્યની સાધનામાં જે જે અંતરાય આવતા હોય, તે દૂર કરવા જોઇએ.

પ્હેલો સવાલ આપણા ગુજરાતીઓની શરીરસંપત્તિનો છે. જેવી બળવાન એ હોવી જોઇએ તેવી નથી, તેમ જોઇએ તેટલી દીર્ઘાયુ પણ નથી. આપણે મલકુસ્તી કરવા અને સુખવૈભવવિલાસ ભોગવવા બળ અને આયુષ્ય નથી જોઈતાં પણ આપણું જે સાધ્ય છે તે પ્રાપ્ત કરવા. આ લેખ લાંબો થવાને ભયે આ પ્રશ્નવિશે વિશેષ નથી લખતો.

બીજો સવાલ સ્ત્રીઓની સ્થિતિ ઉન્નત કરવાનો છે. જૈનોમાં સ્ત્રીઓ માટે હલકો અભિપ્રાય છે તે બનતી તાકીદે દૂર થવો જોઇએ. દેશના ગમે તે ભાગ સાથે લગ્નથી સંબંધ થઇ શકે, ગમે તેટલી મ્હોટી ઉમ્મરે લગ્ન થઇ શકે એવી કોમની સ્ત્રીઓ ગુજરાતની આગેવાન થવી જોઇએ. તેમની કેળવણી, સંસ્કાર, દેશપ્રીતિ, લક્ષ્મી, વ્યવહારૂપણું વગેરેથી દેશના જીવનમાં તેમના દ્વારા ઓરજ રંગ આવવો જોઇએ. સંસારસેવાના મહાપ્રશ્નોમાં તેમની સામીલગિરિ થવાથી કેટલો બધો લાભ થાય ! હાલ શ્રાવિકાશાળાઓ જે કેળવણી આપે છે તે બસ નથી. તમારી પાસે પૈસો છે, હિન્દુઓ જેવાં તમારે ધર્મનાં બન્ધન નથી, સંસારમાંથી મુક્ત થવું હોય ત્યારે થઇ સાધ્વી બની શકાય છે, તો પછી સરસ્વતીનું સાસરૂં તમારે ત્યાંજ થવું જોઇએ;—સામાન્ય ઉક્તિ છે કે સરસ્વતીનું બ્રાહ્મણોને ઘેર પીએર છે અને જૈનોને ત્યાં સાસરૂં. હસ્તલેખોને સંભાળથી રાખવા માટે પડેલી ઉક્તિ સમગ્ર જીવનથી ખરી પાડવા જૈનો પ્રવૃત્ત નહીં થાય ? તમારામાં દરવર્ષે ગ્રેજ્યુએટોની સંખ્યા નહીં વધે તો કોનામાં વધશે ? યુરોપ સાથે સંબંધ રાખનારી કોમમાં એ પ્રગતિમાન દેશના નારીજીવન જેવું સ્વતંત્ર ઉન્નત અને ઉદાર નારીજીવન નહીં થાય તો કોનામાં થશે ? ગુજરાતની ઈતર કોમોમાં એ જીવન અભિવ્યક્ત કરવા તમારે તમારૂં નારીજીવન ફેરવવું જોઇએ. તમારી સુશિક્ષિત સન્નારીઓ અને સાધ્વીઓ દ્વારા એ કર્તવ્ય તમારે લેવું જોઇએ. શ્રાવિકાશાળાઓ સ્થાપ્યાથી સંતોષ માનવાનો નથી પણ એમાં ઉદ્‌ભવતી સુગંધ સર્વત્ર ફેલાવવાની છે.

લગ્ન સંબંધી પ્રત્યવાય ન હોવાથી-કદાચ હોય તોપણ તમારા ધર્મનું વાસ્તવ સ્વરૂપ સમજી તે દૂર કરી-દેશના અનેક ભાગો અને ઘરોને જોડી દેશમાં એકતાની લાગણી તમે ન ફેલાવો-અનુભવાવો તો કોણ કરશે ? વૈષ્ણવો સાથે પણ તમારે લગ્નવ્યવહાર છે. ન્હાનીમુની તકો તમારે સ્વાધીન દેશસેવા અને જનસેવાની કેટલી બધી છે ?

તમારી પુત્રી સુશિક્ષિત અને સંસ્કારી થશે તો કેળવાયલી બંગાલણોની માફક સમગ્ર હિંદમાં ભિન્નભિન્ન સ્થળે લગ્નસંબંધ બાંધશે અને જ્યાં જ્યાં તમારી વ્યાપારનિપુણતાની ખામી હશે ત્યાં ત્યાં પોતાનાં સંતાનો દ્વારા જગાવશે. આથી શું કામ જઇએ ? દક્ષિણના સ્વાર્થત્યાગ, દેશપ્રેમ, વિદ્યાભિરૂચિ, યોજકશક્તિ અને ગુજરાતના દ્રવ્યોત્પાદકશક્તિ, વ્યવહારનિષ્ણાતતા, દાનવીરતા આદિનો સમન્વય એ બે પ્રાંતો વચ્ચેનાં લગ્નવ્યવહારથી થાય અને આપણા દેશની પ્રગતિ વધે એવો માર્ગ તમારા વિના કોનાથી અખ્ત્યાર કરવાની શરૂઆત થશે ?

પતિત, અધમ, નિરાધાર, રોગી આદિના ઉદ્ધારનો પ્રશ્ન પણ સંસારોન્નતિને લગતો છે. પાંજરાપોળ સ્થાપનાર અને નીભાવનાર જૈનો ઇસ્પિતાલો, અનાથાશ્રમો, પતિતપાવક મઠો વગેરે સ્થાપે એ ધર્મ્ય છે.

નીતિમય જીવન ઉન્નત અને ઉદાત્ત કરવાની જરૂર પૂરેપૂરી સમજવી જોઇએ. વેપાર, નીતિથીજ વધે છે અને ટકે છે. દેશની આગેવાની પણ એજ નીતિથી લેવાય છે. કેળવણીના પ્રસારથી, સંસારમાં સ્ત્રીનું સ્થાન ઉન્નતિપ્રદ કરવાથી અને ધર્મનું ખરૂં સ્વરૂપ જીવનમાં મૂર્તિમંત કરવાથી નીતિની ભાવના અને તદનુસાર આચરણ ઉત્કૃષ્ટ થવાનાંજ.

આપણા રાજદ્વારી જીવનના વિકાસમાં–પ્રાચીન કાળમાં રાજા અને પ્રજા ઉભયની મધ્યસ્થ રહી સર્વેનું હિત સાધનાર નગરશેઠ જે કોમમાંથી થતા તે કોમ આગળ પડતો અને પ્રભાવ પાડતો ભાગ ન લે એ નામોશી ભરેલું નથી ? અમદાવાદના ત્રણ દરવાજાપરના શિલાલેખ અમદાવાદના નગરશેઠની પ્રજાસેવાનો જેવો અનુભવ કરાવે છે તેવો અનુભવ કરાવવાનું ભાગ્ય જૈન કોમમાં નથી? બાદશાહી અને ધારાકેવાર, કાઉન્સીલમાં પ્રજાના પ્રતિનિધિ થઇ, મ્યુનિસિપાલિટિ અને લોકલ બોર્ડોમાં સભાસદ થઇ દેશસેવા કરતાં જૈનો પાછળ રહે, એ જૈનોમાટે જેમને અભિમાન છે તેમનાથી કેમ સંખાય ? પ્રજાના ઘરેઘરમાં વસનારી કોમ પ્રજાની જરૂરિઆતો સમજી શકે, પોતાની વ્યવહારદક્ષતાથી રાજકર્તાને તેનું સ્વરૂપ યથાર્થ સમજાવી શકે અને તે પૂરી પાડવાનાં સાધનો ઉપજાવી શકે. રાજ્યની અને પ્રજાની આબાદી હોય તોજ વેપાર અને ઉદ્યોગની આબાદી છે. રાજા અને પ્રજાથી માન્ય થએલા વેપારીઓ વેપાર અને ઉદ્યોગની વૃદ્ધિમાં પડતી મુશ્કેલીઓ તરી શકે છે. લક્ષ્મીસંપન્ન જૈનો સરસ્વતીસંપન્ન થઇ આ પ્રદેશમાં પડે તો કોમને અને દેશને ફાયદો છે. વારંવાર તીર્થો સંબંધે રાજા પ્રજા વચ્ચે અણરાગ થાય છે તે દૂર કરવાનું ભાગ્ય પણ આવા આગેવાનોને પ્રાપ્ત થાય છે. રાજાની સેવા કરવાની છે, તેમ પ્રજાની સેવા પણ કરવાની છે. અમદાવાદમાં મ્યુનિસિપાલીટીની વ્યવસ્થામાં ધનાઢ્યતાને લીધે જૈનોનો સારો હાથ છે, રા. બા. રણછોડભાઇએ કે સર ચીનુભાઇએ પોતાનાં બુદ્ધિ, અનુભવ અને લક્ષ્મીથી અમદાવાદની જે સેવા આદરી છે તે સેવાનો કેટલો અંશ ધનાઢ્ય જૈનોથી થયો છે ? મંદીરો બંધાવવામાંજ નાગરિકકર્તવ્ય સમાપ્ત થતું નથી. નિશાળો, ગ્રંથાલયો, ઇસ્પિતાલો, સંગ્રહસ્થાન, પ્રયોગશાળા, કર્મમઠ, બગીચા આદિની સ્થાપના પર જેટલું લક્ષ અપાવવું જોઇએ તેટલું અપાયું નથી. પશ્ચિમનાં ઉદ્યોગસ્થાન નગર જેવી અમદાવાદની ખીલવટ જ્યાં લગી થઇ નથી ત્યાં લગી ઉદ્યોગવીર નાગરિકોના ધનાર્જનની સફળતા શી ? રાજદ્વારી જીવનમાં–પ્રજાની જરૂરિયાતો અને અભિલાષાઓ રાજકર્તાઓને રોશન કરી તે તૃપ્ત કરાવવા કરવી પડતી ચળવળમાં તેઓ આગેવાન ન

થાય-પોતાની બુદ્ધિ, અનુભવ, લક્ષ્મિ અને લાગવગ એ ચળવળને ન સોંપે તો ધનને લીધે પ્રાપ્ત થયેલી સ્થિતિનો સદુપયોગ કર્યો કહેવાશે ?

સાહિત્ય અને કલાના ઉત્કર્ષ માટે-ગુજરાતના નવજીવનમાં એ બન્નેનું યોગ્ય સ્થાન સ્થાપવા માટે જૈનો અનેક રીતે પ્રયત્ન કરી શકે એમ છે. પશ્ચિમનું વીર્યવાન સાહિત્ય ગ્રેજ્યુએટો, સાધુઓ વગેરે દ્વારા ગુજરાતીમાં ઉતરાવે અને તેનો પ્રસાર કરાવે, મંદીરો બાંધતાં બાંધકામ, ચિત્ર અને મૂર્તિવિધાનની કળા વિશેષ ખીલવવા જમાનાને યોગ્ય તેમાં જીવનરૂપાંતર કરવા ધ્યાન આપે. અને આ ધ્યાન યથાર્થ આપી શકાય માટે સ્ત્રીપુરૂષોમાં કલાભિરુચિ અને કલાના રસિક સંસ્કાર ભિન્ન ભિન્ન રીતે ફેલાવે. મંદિરોમાં થતાં સંગીત અથવા ધનાઢ્યતાને લીધે મળતી નવરાશ અને તેમાં મણાતી મેજને પ્રસંગે થતાં સંગીતને પણ કલા, પ્રજાજીવન આદિને ઉત્કર્ષ આપે એવું કરવા પ્રયત્ન કરે. અમને સારામાં સારૂંજ રૂચશે—અમારૂંજ પણ તે જોઇએ. બીજાનું અનુકરણ રૂપ અંદરથી હલકું પણ ઉપરથી દેખાવડું નહીંજ પાલવે. નરસું અમારી પાસે બીલકુલ ટકનાર નથી એવી ભાવના રગેરગમાં ભરાય તોજ ખરૂં.

વિસ્તાર ભયે આટલેથીજ વિરમવું ઉચિત છે. આ લખવાનો હેતુ એવો નથી કે આવાં કર્તવ્યો જૈનેતર કોમને નથી કરવાનાં; તેમણે પણ કરવાનાં છે. લખાણમાં સંગીન લેખ કરતાં ઉદ્‌ગારો વિશેષે છે, કર્તવ્યની નિશ્ચિત દિશા નથી દર્શાવાઈ એ કબૂલ કરવા જેવું છે. પણ ભવિષ્યમાં 'હેરલ્ડ' ના તંત્રી આમાં દર્શાવેલા વિષયોપર સમર્થ અને સહૃદય લેખકો પાસે લેખો લખાવી 'પર્યુષણ અંક' કાઢવા ઉદ્યુક્ત થશે તો આ ઉદ્‌ગારો-મમતાના ઉદ્‌ગારો અન્વર્થક થશે. તા. ૧૭-૭-૧૩.

# दिननां दर्शन.

૧

દાનાં એક જ એ તો દીન;
જે બસ રહેતાં સ્નેહાધીન !

૨

સાચાં એ તો એક જ દીન;
સુખદુઃખ સ્હેતાં શોચવિહીન !

૩

ભેલાં એક જ એ તો દીન;
બીજાને દુઃખ જે લયલીન !

૪

બ્હીલાં એ તો એક જ દીન;
હસતે મુખ સેવે નિશદિન !

૫

વ્હાલાં એ તો એક જ દીન;
હૃદયે રમતાં જ્યમ જળમીન !

વડોદરાને વડલે,
અમદાવાદી પોળ.
આષાઢી એકાદશી.

ભક્તાનુરક્ત લલિત.

# જૈનોનું કથાસાહિત્ય.

( લખનાર:——રા. ચુનીલાલ વર્ધમાન શાહ. )

જૈન આચાર્યોએ આર્યાવર્તને અનેક પ્રકારનું સાહિત્ય વારસામાં સોંપ્યું છે, તે સાહિત્યનો કેટલોક વિભાગ કથાસાહિત્યનો પણ છે. સંસ્કૃત, પ્રાકૃત અને માગધી ભાષામાં લખાએલા ગ્રંથોનો મોટો સંગ્રહ જૈન ગ્રંથભંડારોમાં છે અને તેવા ગ્રંથો બહુ ઓછા પ્રસિદ્ધ થયા છે એટલે ગુજરાતી સાહિત્ય ઉપર એ ગ્રંથભંડારોએ જોઇએ તેટલો ઉપકાર કર્યો નથી, તથાપિ તે એક અમૂલ્ય ખજાનો છે અને ભવિષ્યમાં તે ગુજરાતી ભાષાના સાહિત્યમાં વૃદ્ધિ કરનારૂં એક મોટું સાધન થઈ પડશે એવી આશા રાખવી એ કેવળ વ્યર્થ નથી. આ હસ્તલિખિત જૈનસાહિત્યમાં અનેક ચરિત્રના ઐતિહાસિક ગ્રંથો અને કથાવાર્તાનાં નાનાં મોટાં પુસ્તકો હોવાં સંભવિત છે, અને તેવું માનવાનું એટલા ઉપરથીજ બને છે કે જૈનોનું કથાસાહિત્ય–સમુચ્ચયે ગુજરાતમાં પ્રવર્તતા અન્યધર્મીઓના કથા સાહિત્ય કરતાં કોઇ પણ રીતે ઓછું નથી. પ્રસિદ્ધ થઇ ગએલું એ પ્રકારનું સાહિત્ય જ્યારે આટલું મોટું છે, ત્યારે અપ્રસિદ્ધ સાહિત્યના ગ્રંથભંડારમાં બીજાં અનેક જવાહીરો છુપાઈ રહેલાં હશે એમ કેમ ન કહી શકાય ? અસ્તુ ! અત્યારે તો આપણે આપણા હાથમાં જૈન સાહિત્યમાંના જે કથાગ્રંથો બહાર પડી ચૂકયા છે તે ઉપરથીજ તે સાહિત્યના વિસ્તારનું અવલોકન કરીશું.

## જૈન કથાઓના પ્રકાર.

જૈન કથાઓની રચના મુખ્યત્વે કરીને સૂત્રગ્રંથોમાં કોઈ કોઇ પ્રસંગે આવતા ટૂંક ચરિત્રોપરથી કરવામાં આવેલી જણાય છે અને કોઇ કોઇ કથાઓ જે માત્ર રૂપક જેવીજ હોય છે તે ચોક્કસ પ્રકારનો ઉપદેશ શ્રોતાઓના મગજમાં ઠસાવવા ખાતર કલ્પિત ગુમ્ફનથી રચવામાં આવેલી જણાઇ આવે છે. કથાઓ રચાવાના–રચાઈ જવાના બીજા અનેક પ્રકારો છે અને તે તે પ્રકારો વડે ધીમે ધીમે નાની મોટી કથાઓ બીજાઓની પેઠે જૈનોમાં પણ દાખલ થઇ હોવી જોઇએ. આ સર્વ કથાઓને આપણે તેઓનાં જૂદાં જૂદાં લક્ષણોને અનુસરીને સાત વિભાગોમાં વહેંચી નાંખીશું. (૧) લોકોત્તર કથાઓ, (૨) ઐતિહાસિક કથાઓ, (૩) રાજકથાઓ. (૪) વૈરાગ્યોપદેશક કથાઓ, (૫) ચમત્કારિક કથાઓ, (૬) સાંસારિક કથાઓ, અને (૭) નવલકથાઓ.

### (૧) લોકોત્તર કથાઓ.

જીવનું સ્વરૂપ અને મુક્તિમાર્ગના સૂચનના સંબંધમાં સઘળા ધર્મો ન્યુનાધિક અંશે જૂદા પડે છે. વેદ ધર્માઓ, વૈષ્ણવો, શૈવો સર્વ કોઇમાં જીવના સ્વરૂપના સંબંધમાં કાંઇ કાંઇ મતભેદ છે, છતાં તેઓ સર્વ સર્વોપરિ પરમાત્માને–ઈશ્વરને જગતના કર્તા ભર્તા અને હર્તા તરીકે કબુલ રાખે છે. જૈનો કોઇ આવી એક પરમાત્મ વ્યક્તિને સર્વોપરિ નહિ માનતાં બંધ અને મોક્ષ આપનાર તરીકે વિવિધ કર્મપરિપાકને માને છે; તેથી લોકોત્તર

કથાઓનું સાહિત્ય જૈનોમાં અન્યધર્મીઓના તે પ્રકારના સાહિત્ય કરતાં કેવળ ભિન્ન પ્રકારનું છે. ઇશ્વરને વ્યક્તિરૂપ માનનારાઓનું કથાસાહિત્ય-લૌકિક કથાસાહિત્ય તેઓનાં પુરાણોમાં જ મુખ્યત્વે કરીને સમાઈ રહેલું છે. પરમાત્માએ પોતાની અતુલ શક્તિ વડે અમુક અમુક પર્વતો તોડી નાંખ્યા, વાયુને વહતો બંધ કરી દીધો, પાણીને થોભાવી રાખ્યું ઇત્યાદિ ચમત્કારોના સૂચનથી એ પૌરાણિક કથાઓ ભરેલી હોય છે અને એ રીતે શ્રોતાઓ ઇશ્વરઉપર અનન્ય શ્રદ્ધા રાખતા થાય તેવો પ્રયત્ન કરવામાં આવેલો હોય છે. જૈન (લોકોત્તર) કથાઓમાં બહુધા શુભ અને અશુભ કર્મોને પરિણામે જીવ કેવી શુભાશુભ જાતિઓમાં પુનર્જન્મ પામે છે તેનું વર્ણન કરવામાં આવેલું હોય છે. અદ્‌ભુત અને ભયાનક રસના સંબંધમાં તો જૈનોની કથાઓ બીજાઓની કથાઓથી કોઈ પણ રીતે ઉતરતી જણાતી નથી, બલ્કે કેટલીક વાર રસપરિપત્તિમાં ચઢીયાતી જોવામાં આવે છે. ગરૂડ પુરાણનો ભયાનક રસ જૈનોની ઘણી કથાઓમાં ઉભરાતો જોવામાં આવે છે. ખાસ કરીને વાર્તાઓમાં ઇશ્વરના સર્વોપરિપણાના અને સર્વવ્યાપકતાના ચમત્કારો કરતાં જીવના-કર્મપરિપાકથી પરિણમતી નીચ વા ઉચ્ચ ગતિના આલેખ તો શ્રોતાઓને વધારે બુદ્ધિગમ્ય અને અસરકારક માલૂમ પડે છે.

## (૨) ઐતિહાસિક કથાઓ.

ઐતિહાસિક કથાઓના સંબંધમાં જૈન સાહિત્ય ઘણું પશ્ચાત જણાવામાં આવે છે. જૈન અને જૈનેતર મહાપુરૂષોનાં જે ચરિત્રો પ્રાચીન સમયમાં જૈન આચાર્યોને હસ્તે લખાએલાં છે તે બહુધા કથાના રૂપમાંજ લખાએલાં છે અને તેવી કથાઓનો નાનો સંગ્રહ તેજ જૈનોનું ઐતિહાસિક કથાઓને લગતું સાહિત્ય છે. '**ત્રિ**ષષ્ટિશલાકા પુરૂષચરિત્ર' એ એવા ચરિત્રોના સંગ્રહનો મુખ્ય ગ્રંથ છે. તેમાં તીર્થંકરો, વાસુદેવો, ચક્રવર્તીઓ વગેરેનાં ચરિત્રોની કથાઓ રસિક પ્રાચીન ઢબથી આળેખાયેલી છે. જૈનેતર 'પુરાણો' કરતાં કાંઇક ઉચ્ચ શ્રેણીપર ઉભું રહેતું એ એક જૈનીય 'પુરાણ' છે. દેવપ્રભસૂરિકૃત '**પાં**ડવચરિત્ર' એ જૈનોનું **મ**હાભારત છે અને તેવુંજ એક જૈન '**રા**માયણ' પણ છે, જે '**ત્રિ**ષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર'માં સમન્વિત છે. તે ઉપરાંત '**ભા**રતેશ્વર બાહુબલી', '**જ**ગડૂ ચરિત્ર', '**હ**રિવિક્રમચરિત્ર' એવાં પ્રકીર્ણ ચરિત્ર ગ્રંથો પણ છે. '**કુ**મારપાળ ચરિત્ર,' '**કુ**મારપાળ પ્રબંધ,' '**પ્ર**બંધ ચિંતામણિ,' '**વિ**ક્રમ ચરિત્ર' એ સઘળા ચરિત્ર ગ્રંથો જૈન અને જૈનેતર ઇતિહાસની વાર્તાઓના ગ્રંથો છે. '**દ્વ**યાશ્રય'ની શૈલી 'દ્વિધા' છે તોપણ તેમાંના વર્ણનશૈલી કાવ્ય અને કથાની મધ્યવર્તિની છે. **લી**લાવતી, **સુ**લસા, **ર**ત્નપાલ, **ધ**મ્મીલકુમાર, ઇત્યાદિને લગતાં ચરિત્રો પણ પ્રાચીન જૈન વાર્તાસાહિત્યમાં લેખાય. આ વર્ગમાં અપાતી કેટલીક કથાઓ એવી છે કે જેમને ઐતિહાસિક કે કલ્પિત વર્ગણામાં મૂકવાથી ઉભય રીતે શકાશીલ રહેવું પડે છે.

## ( ૩ ) રાજકથાઓ.

રાજાઓનાં પરાક્રમો ને કપોલકલ્પિત કથાઓ પણ સામાન્ય લોકસાહિત્યની પેઠે જૈન સાહિત્યમાં પણ ઘણી છે. લોકસાહિત્યમાં જે કથા વાર્તાઓ છે તે કરતાં એ પ્રકારની જૈન કથા વાર્તાઓમાં એક પ્રકારનું વિશિષ્ટ તત્વ રહેલું છે. પરદુઃખભંજન રાજા **વિ**ક્રમાદિત્યની **ભો**જ અને કાલિદાસની કે **અ**કબર અને **બિ**રબલની નાની મોટી વાર્તાઓ પ્રાકૃત જનસ-

ભાજને બહુ આનંદ આપે છે. આ વાર્તાઓ બહુધા બુદ્ધિચમત્કારવાળી હોય છે અને તેવી વાતો વાંચનારાઓ તેમાંથી કાંઈ ઉચ્ચ બોધ લેઇ શકતા નથી, પરન્તુ કિંચિત્ અંશે બુદ્ધિના વિકાસને અનુભવે છે. આ વર્ગણામાં આવતી જૈન કથાઓમાં બુદ્ધિચમત્કાર ઉપરાંત ઉપદેશનું તત્ત્વ પણ ખાસ કરીને ગુંથવામાં આવેલું હોય છે. રાજા **વિક્રમાદિત્યની** પેઠે **શ્રેણિક** રાજાના સમયમાં જ બનેલી કથાઓ જૈનોના આ પ્રકારના કથાસાહિત્યમાં વિશેષ ઉભરાય છે. સામાન્યતઃ જે કોઈ રાજા કાંઇ વિશિષ્ટતાવાળો અને પરાક્રમી થઈ ગયો હોય છે તેનાજ સમયની વાર્તાઓ રચાય છે અને ગવાય છે. આપણા નાના મોટા રાસો અને ઢાળોમાં આ પ્રકારનું કથાસાહિત્ય છે અને છેલ્લાં થોડાં વર્ષોમાં તે ઉપરથી ગદ્યવાર્તાઓ પણ લખાય છે. કેટલીકવાર આવા બુદ્ધિ ચમત્કારવાળી કલ્પિત કથાઓને ઇતિહાસ સાથે પણ જોડીદેવામાં આવે છે અને એ માર્ગે શ્રોતાઓને ઉત્તમ પ્રકારે બોધ આપવાનો હેતુ સાધી લેવામાં આવે છે.

આ પ્રકારની એક કથાનું એક દૃષ્ટાંત અહીં લખવું અનુચિત નહિ લેખાય. **માળવાના** રાજા **મુંજ**રાજાની ખોપરીનું એક વિચિત્ર દૃષ્ટાંત જૈન પદ્યસાહિત્યમાં જોવામાં આવ્યું છે. '**પ્રબંધ** ચિન્તામણી'માં રાજા **મુંજનો** એક પ્રબંધ છે, તેમાં જણાવવામાં આવ્યું છે કે, **મુંજ** ઉપર **તૈલપે** ચડાઇ કરી હતી અને **મુંજને** કેદ કરીને **તૈલપ** પોતાના દેશમાં લાવ્યો હતો. કેદખાનામાં **મુંજે** **તૈલપની** વિધવા બ્હેન **મૃણાલવતી** સાથે પ્રીતિ જોડી હતી. કેટલાક વખત પછી **માળવાના** મંત્રી **રૂદ્રાદિત્યે** ત્યાં આવીને એક સુરંગ ખોદાવી તેનું મ્હોં કેદખાનામાં લાવી **મુંજને** નસાડી લેઈ જવાનો પ્રયત્ન કર્યો, પણ **મુંજને** **તૈલપની** વિધવા બ્હેને ફસાવ્યો અને **મુંજ** સુરંગમાં નાસતાં નાસતાં પકડાયો. **તૈલપે** **મુંજને** ભિખારીના વેશમાં ત્રણ દિવસ સુધી ગામમાં ફેરવ્યો અને પછી તેનો શિરચ્છેદ કરાવ્યો. તેનું મુડદું જંગલમાં રઝળતું રહ્યું. તે મુડદું તો પશુ પક્ષીઓ ખાઇ ગયાં પણ હાડકાં પડયાં રહ્યાં. એકવાર કોઈ એક વણિક એ જંગલને માર્ગે નીકળ્યો તો તેણે **મુંજની** ખોપરી જોઇ અને તે ખોપરીના કપાળમાં "શું વીતી શું વીતશે" એ પ્રકારના કુદરતી અક્ષરો જોયા ! **મુંજને** માથે ઘણું ઘણું વીત્યું હતું, પરન્તુ આ ખોપરીને માથે વળી બીજું વીતવાનું રહ્યું હશે ? એવો કૌતુહલિક પ્રશ્ન તે વણિકના મગજમાં ઉપસ્થિત થતાં તેણે તે ખોપરી ઉપાડી લીધી અને ઘેર લાવીને તેને એક પેટીમાં સુરક્ષિત રાખી. રોજ સ્હવારમાં ઉઠીને તે વણીક પેટી ખોલીને ખોપરી જોતો હતો-એવું જાણવાના હેતુથી કે એ ખોપરીપર આખા દિવસમાં કાંઇ બીજું વીત્યું છે કે નહિ. રોજ આ પ્રમાણે જોવાથી વણિકની સ્ત્રીને સંશય ઉત્પન્ન થયો. પેટીમાં ખોપરી છે એ વાત તે જાણતી નહોતી. તેણે પતિની ગેરહાજરીમાં પેટી ખોલી અને તેમાં ખોપરી જોતાંજ તે આશ્ચર્ય સાથે પતિ ઉપર ક્રુદ્ધ બની પોતાનો પતિ ખોપરી જેવી અપવિત્ર વસ્તુને લાવીને પેટીમાં મૂકે એ વાત તે ધર્મશીલ સ્ત્રીથી સહન થઈ શકી નહિ. તેણે ખોપરી લઈ લીધી અને તેને ખાંડીને તેનો બારીક ભૂકો કર્યો. તે સ્ત્રીને પતિ ઉપર એટલો ક્રોધ આવ્યો હતો કે તેજ ખોપરીનો ભૂકો રોટલી, દાળ, કઢી વગેરેમાં મિશ્રિત કરીને તેમાં સ્વાદિષ્ટ બીજા પદાર્થો ઉમેરીને પતિને ખવરાવ્યું ! જમ્યા પછી વણિકે પેલી ખોપરીની તપાસ કરી તો પેટીમાં જડાઈ નહિ. તેણે પોતાની સ્ત્રીને એ સંબંધી પૂછયું તો તેણે કહ્યું: " રોજ રોજ જે ચીજનું તમે દર્શન કરતા હતા તે ચીજ મેં તમારા પેટનેજ સોંપી છે, કે જેથી તમારે દર્શન કરવાની

જરૂર રહે નહિ ! એવી અપવિત્ર વસ્તુ ઘરમાં લાવતાં તમે જરાએ વિચાર પણ ન કર્યો ?" વણિકે કૃત્રિમ વમન કરીને સઘળું ખાધેલું બહાર કાઢયું. એ પ્રમાણે મુંજની ખોપરીની વિલક્ષણ અવસ્થા થઈ !

આ અતિશયોક્તિ ભરેલી વિચિત્ર અને કલ્પિત વાર્તા જોડી કાઢવામાં લેખકનો આશય મુંજના કર્મની ગતિની વિચિત્રતા બતાવવાનો છે. મુંજ વિદ્વાન્ અને પરાક્રમી હતો, પરન્તુ તેણે એવાં અવિચારી કાર્યો કર્યાં હતાં કે એ કર્મોનાજ પરિપાકથી તે અત્યંત હીન અવસ્થામાં મરણ પામ્યો હતો. એક રાજા એ રીતે મરણ પામે, તેનું મુડદું પણ રઝળતું રહે અને વળી તેની ખોપરી પર પણ અનેક વીતક વીતે એ કર્મપરિપાકની વિચિત્ર અને ગહનગતિ બતાવવાના આશયથી બુદ્ધિચમત્કારના અતિરેકવાળી એ કથા ગુંથવામાં આવેલી જણાય છે.

## (૪) વૈરાગ્યોપદેશક કથાઓ.

જૈનોનું લગભગ સઘળું સાહિત્ય વૈરાગ્યોપદેશક છે, તે સાથે જૈનાચાર્યોએ અને જૈન મુનિઓએ ગુંથેલી કથા—વાર્તાઓ સર્વાંશે વૈરાગ્યોપદેશક માલૂમ પડે છે. ઐતિહાસિક કથાઓ, રાજકથાઓ, ચમત્કારિક કથાઓ એ સર્વમાં પરિણામે વૈરાગ્યનેજ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે અને તેથી પ્રસંગોપાત રસની વિવિધતા જોવામાં આવે છે છતાં તેનો અંત તો વૈરાગ્યમય શાન્તરસમાં જ આપવામાં આવેલો હોય છે. ઘણા શૃંગારરસથી ભરેલા રાસો પણ અંતિમ વિભાગમાં વૈરાગ્યજનક અસરોથી ભરપૂર માલૂમ પડે છે. " જૈન " શબ્દમાં સમાએલો ઉચ્ચ હેતુ—જે ષડ્રિપુ ઉપર જય મેળવી મોક્ષગતિને પામવાનો છે તે—જૈન સાહિત્યના પ્રત્યેક અંગમાં આ રીતે પ્રાધાન્ય ભોગવતો માલૂમ પડે છે. જૈન આચાર્યો અને મુનિઓએ રચેલી કોઇ ઢાળ કવિતા કે વાર્તામાં વૈરાગ્યમય પરિણામ વિના બીજું કશું જોવામાં આવશે નહિ, એ બાબત " જૈન " શબ્દ ઉપર તેઓનું કેવું અનિમેષ ધ્યાન લાગી રહ્યું હશે તેનું સૂચન કરનારી થઇ પડે છે. કથાઓના આલેખનમાં પરિણામ વૈરાગ્યમય લાવવા છતાં આ લેખકો રસપરિપત્તિ કરવાની શક્તિમાં ન્યૂનતાવાળા જણાયા નથી. કરૂણા અને શાન્તરસ તરફ તો તેઓનો સ્વભાવ સહજ દોરાએલોજ હોય છે, પરન્તુ શૃંગાર, હાસ્ય અને ભયાનક રસમાં પણ તેઓ સારી રીતે આગળ વધેલા જણાયા છે. બિભત્સરસ કથાવાર્તાઓના પ્રસંગમાં બહુ ઉભરાતો નથી, તોયે તે [illegible] જણાય છે. આ રીતે જૈનોનું કથાસાહિત્ય રસમયતાના ધોરણથી પણ ભાષા ઉપર મોટો ઉપકાર કરનારૂં જણાય છે.

## (૫) ચમત્કારિક કથાઓ.

અસંભવ દોષથી ભરેલી ચમત્કારિક કથાઓ સામાન્ય લોકસમાજને માટે ગુજરાતી સાહિત્યમાં બહુ ઉભરાવા લાગી છે અને એવી કથાઓ ગહન વિચારોવાળી કથાઓ નહિ સમજી શકનારાઓને બહુ આનંદ આપનારી થઈ પડે છે. આવી કથાઓ જૈન સાહિત્યમાં છે ખરી પરન્તુ અન્ય કથાઓના પ્રમાણમાં બહુ થોડી છે. વસ્તુતઃ લોકોત્તર કથાઓ ચમત્કારથી ભરેલી જણાય છે, પરન્તુ તે કથાઓ અર્થવિનાના ચમત્કારો બતાવવા માટે રચાયેલી હોતી નથી. ઉચ્ચ હેતુમય દૃષ્ટિથીજ જૈન કથાસંગ્રહ લખાએલો હોવાથી આવી વાર્તાઓ જૈન સાહિત્યમાં નથી. આ પ્રકારની વાર્તાઓ લોકો ઉપર કોઇ ઉપકારક અસર કરનારી હોતી નથી અને પરોપકાર કરવા માટે દિક્ષિત થએલા જૈન મુનિઓએ એજ કારણથી

વ્યર્થ કાળક્ષેપ કરનારી એવી કથાઓ ગુંથી જણાતી નથી. ક્ષણિક આનંદ આપવાને અને મગજને સ્વપ્નવત્ ઘટનાઓમાં ગુંચવી મેલવાને આ વાર્તાઓ કામે લાગી શકે ખરી, પરન્તુ જૈન દૃષ્ટિને એ પ્રકારનું સાહિત્ય અગત્યનું લાગ્યું જણાતું નથી.

## (૬) સાંસારિક કથાઓ અને (૭) નવલ કથાઓ.

નવું સાહિત્ય ઉત્પન્ન કરવું એ કાર્ય જાણે કે એકલા ત્યાગીઓનુંજ હોયની, તેવી માન્યતા જૈનવર્ગમાં વિશેષ પ્રસરેલી માલૂમ પડે છે. પ્રાચીન સમયમાં તો એ કાર્ય જૈન મુનિઓએ કર્યું છે અને હાલમાં ત્યાગી અને સંસારી ઉભયવર્ગ એ કાર્યમાં પડેલા છે. જૈન સંસારી વર્ગ જ્યારથી સાહિત્યપ્રવૃત્તિમાં પડ્યો છે, ત્યારથી જૈન નવલકથાઓ લખવાનું ક્ષેત્ર ઉઘડ્યું જણાય છે. જૈનોનો ત્યાગી માર્ગ ઘણો કઠિન છે. ગ્રંથલેખનમાં એ મુનિઓ માત્ર **ઉપદેશ** શૈલીથી જ લખી શકે તેમના નિયમો પ્રમાણે **આદેશ** શૈલીને તેઓ ગ્રહણ કરી શકતા નથી. આ કારણથી શુદ્ધ સાંસારિક કથાઓ મુનિ વર્ગને હસ્તે લખાએલી ભાગ્યેજ જોવામાં આવે છે. પ્રાચીન સમયની તેવી કથાઓ તો છેજ નહિ અને હાલમાંએ તે તરફ મુનિવર્ગની પ્રવૃત્તિ અતિ ન્યુન છે. ત્યાગી માર્ગ જેવી રીતે ઉત્તમ છે તેવી રીતે ગૃહસ્થ માર્ગ તેની કક્ષાએ ઉત્તમ છે. સફળ રીતે સંસાર ચલાવવો અને ધર્મ તથા નીતિથી સંસારમાં વિચરવું એ માર્ગ મનુષ્યત્વને સફળ કરનારો છે એવો ઉદાર મત વિદ્વાનો પ્રતિપાદન કરે છે, પરન્તુ જૈન ત્યાગી વિદ્વાનો તેને સંમત થતા નથી તેથી તેઓએ સંસારનો ઉપદેશ કરનારી વાર્તાઓ કે રાસો લખેલાં નથી. ઉત્તમ શ્રાવકધર્મનું દર્શન કરાવનારા પ્રસંગો પસંદ કરીને તે વિષે ઘણીવાર લંબાણથી લખવાનું તેઓએ સ્વીકાર્યું છે, પરન્તુ છેવટે ત્યાગ માર્ગને સર્વોત્તમ ગણી 'નારી તો નરકની ખાણ છે' અને 'સંસાર વિષનો કૂપો છે' એવા ઉપદેશો આપ્યા છે અને તેથી આજકાલનો યુવક વર્ગ અને અન્યમતીઓ જૈન વાર્તાઓના સંબંધમાં 'પ્રેજ્યુડીસ' (વહેમ) ધારણ કરવા લાગ્યા છે. સંસાર દુઃખો છે એવો એકાન્ત ઉપદેશ જગત્માં સર્વથા પ્રિય થઇ શકે નહિ. તાત્ત્વિક દૃષ્ટિથી જો સંસાર દુઃખોજ હોય તો તેને રસમય બનાવીને મનુષ્યત્ત્વને સફળ કરવાનો માર્ગ સૂચવવો એ વિદ્વાનોનો પરમ ધર્મ છે. મુનિઓનો પણ એ એક પ્રકારનો ધર્મ છે, તેવું ખુલ્લી રીતે કહેવાને માટે પણ હજી ઘણું કરીને એકાદ સૈકાની જરૂર પડશે !

જૈન નવલકથાઓ તરફ જૈનસમાજની અભિરૂચિ વધતી જતી હોય એમ તો ખુલ્લું જણાય છે. કેટલીક નવલકથાઓ ઉત્તમ પ્રકારની પણ બહાર પડી છે અને જૈન લેખક મુનિઓ પણ આ નવી રોશનીની અસરવાળા થએલા જણાય છે. પ્રાચીન જૈનકથાઓ નવલકથાની ઢબમાં લખાવા માંડી છે અને તેવું સાહિત્ય એકદમ વધી જવાનો તો સંભવ નથીજ, તોપણ એ માર્ગે જે કાંઇ પ્રવૃત્તિ થાય છે તે આશાજનક લાગે છે. નવલકથાઓ દ્વારા ઉપદેશનો પ્રચાર કરવામાં વધુ સફળતા મળી શકે છે એ તથ્ય પાશ્ચાત્ય લેખકોની પેઠે જૈન લેખકો અને મુનિઓને પણ અનુભવસિદ્ધ થશે, ત્યારેજ એ તરફ વિશેષ પ્રમાણમાં પ્રવૃત્તિ થશે, તે સિવાય—પારકા અનુભવને પ્રમાણભૂત માનીને એ દિશાએ આગળ વધવાનું જૈન વર્ગને રૂચે તેવું લાગતું નથી. સાંસારિક કથાઓ અને નવલકથાઓનું સાહિત્ય જમાના તરફ દૃષ્ટિ કરતાં સારી પેઠે લોકોપકારક થઇ પડવાનો સંભવ છે, પરન્તુ તેના સંબંધમાં તો આ પ્રમાણે જૈન કથાસાહિત્યની હીન દશા છે. અમારા મુનિઓ ઉદાર થાય અને જૈનો સંકુચિત્ વિચારોને ત્યજીને એ પ્રકારના સાહિત્યને ઉત્તેજન આપવા માંડે તોજ તે સાહિત્ય વૃદ્ધિ પામે.

# लग्नविचार अने दम्पतिधर्म.

લખનાર:— રા. સાગર.

**વ્હાલા મિત્ર** * * * * !

એક કાર્ડ તમને લખ્યું છે. હવે અહીંના એકાન્તિક અને આહ્લાદક વાતાવરણમાં-થી કંઈ વાતો કહું ? કહું તો સાંભળશો? પણ એવી શંકા શા માટે ? તમે હમેશ જ ધૈર્યથી અને 'કંઇક ઉદારતાથી' પણ મારું સાંભળ્યું છે, 'કંઈક ઉદારતાથી' એમ કહું છું, કારણ કે પૂરતી છૂટ હૃદયની મૂકીને સાંભળ્યું હોત તો સાથે તે વિચારી પણ શકાયું હોત. છતાં તમે જે રીતે સાંભળતા આવ્યા છો તેમાં કંઈક સુધારો કરી સાંભળશો એવી મ્હને આશા છે. અને એ આશા તમેજ મ્હને આપેલી છે. અને તમારી આપેલી નવી આશાથીજ તમને કંઇક વાતો કહેવાને પ્રેરાઉં છું.

ઉપદેશ આપતો નથી. ઉપદેશ આપવાનો દમ્ભ કરતો નથી. ઉપદેશ આપવાને અધિકારી નથી. હું પોતેજ સુધરવા ચાહું છું અને મ્હારે હજી તો બહુ બહુ સુધરવાનું બાકી છે, તો પછી મ્હારી એવી અપૂર્ણ દશામાં ઉપદેશ આપવાનો દમ્ભ કરૂં એ મ્હને પાપ લાગે છે. પણ બન્ધુ, તમારી સાથે હું સુધારણાના વિચારો કરી શકું. આપણે સુધારાની-ઉન્નતિની—હૃદયવિકાસની દિશાના વિચારો તો કરી શકીએ, અને તેથી લાભ થવાને આશા રાખી શકાય.

નવું કશુંજ મ્હારે કહેવાનું નથી, નવું કહેવાનું મ્હને બળ નથી; અને ન હોય એ સ્વાભાવિક છે. તમારા આતિથ્યમાંથી મ્હને પ્રાપ્ત થએલી નવી સામગ્રી વિષે હું કંઈક વાતો કહું એમ મ્હને લાગ્યું છે. જે વાતો વિષે મ્હને બોલવાને હક નથી—મ્હારી પાત્રતા નથી—તે વિષે બોલવાને હું ધૃષ્ટ નહીં થાઉં: તથાપિ હું ધારું છું કે, તમારે ત્યાંથી છુટ્યા પછી હું તમને કંઈક સવિગત લખીશ, એમ તો તમે પણ ધાર્યુંજ હશે. મ્હને તો એમ પણ લાગે છે કે જેટલો થોડો સમય મ્હેં તમારા અને તમારા માયાળુ પત્નીના, તમારાં દેવ-દૂત બાળકોના અને બીજા જાણીતા ભાઈઓના વિવિધરંગી સમાગમમાં ત્યાં ગાળ્યો હતો—છે, તે વિષે તમે યુક્ત વિચાર પણ કર્યો હશે. કદાચ્ તમે એ મુલાકાતોનું રસ-જ્ઞાન-શિક્ષણ અને અનુભવો વીગેરે પ્રાપ્ત વસ્તુનું બ્યાજબી પૃથક્કરણ પણ કર્યું હશે. બેશક, તેમ કરવાને જરૂર હતી—છે. તમારા જેવું અભ્યાસી થવા આવેલું હૃદય એવું પૃથક્કરણ અવશ્ય કરવાને ચાહે. કંઇ નોંધ પણ લખી હશે.

હું પોતે એવું કંઈક પૃથક્કરણ અહીં કરવા ધારતો હતો. અને મ્હને એ ફરજ—ઇશ્વરી પ્રેરણા જેવું કંઈક આજ આવું લાગ્યું. પણ મ્હને થએલી પ્રેરણા તમને પણ થએલીજ હોવી જોઇએ, એ વિચારે હું એટલા વિસ્તારથી એવું પૃથક્કરણ નથી કરતો. છતાં

કંઇંક અંદરથી સ્વાભાવિક રીત્યેજ આવે એવું થાય છે અને તે અટકાવ્યા વિના વહેવા દેવું એજ કર્તવ્ય છે.

અને, એ વાત તો આપણુને પ્રભુના દેવદૂતે—તમારા બાળકે પણ બહુ મઝાથી તાજી કરાવી હતી કે, ' પ્રાથમિક લાગણી પ્રેમની પ્રભુની આવે છે અને તદેતર–તદુત્તર લાગણી રાક્ષસની આવે છે.' મ્હને પ્રાથમિક લાગણીને અનુસરવાને પ્રભુના આદેશ જેવું સ્હમજાય છે.

ગૃહસ્થ ધર્મનું જીવન ભોગવતાં તમો દમ્પતિને જોયાં, અને તે પછી બીજૂં જોડું જોયું. તમારે ત્યાં આવતા પ્હેલાં એક તરતનાં દમ્પતિને આછી નજરે જોયાં હતાં. આજ પ્હેલાં પણ તમો દમ્પતિને તેમજ બીજાં કોઇ યુગ્મમિત્રોને જોયાં હશે. પણ આ વખ્તે તો તપોવનમાંથી અહીં ઉતરી આવ્યો ત્યારથીજ પ્રેક્ષકની નઝર લાવેલી હતી. અને તેથી દુનિયાને અને સૌને જુદી વસ્તુ તરીકે બહુ સ્પષ્ટ જોઈ શકતો હતો. અને તે પરથી જે વિચાર પામ્યો છું તેજ કહું છું.

દમ્પતિ જ્યાં પ્હેલાં શરીરથી અને પછી અન્દરથી જોડાય એવું ચાલે છે ત્યાં કૌટુમ્બિક નિયન્ત્રણો પણ આવશ્યક મનાય છે. બાહ્ય નિયન્ત્રણો પણ જૂઠા પાયા ઉપર કદાપિ નથી રચાતાં. રચાય છે તો તે નિશ્ચિત સમયમાં હમેશ ઉચ્છેદાય છે. આન્તર લગ્નનાં જે નિયમનો છે, જે સ્વાભાવિક લક્ષણો છે તેને અનુસરીને જ બાહ્ય લગ્નનાં નિયમનો તત્વવેત્તાઓએ ઠરાવેલાં છે.

હિંદુસ્તાન એ અને એવી બીજી ઘણી બાબતોમાં પૂર્વ કાલમાં વસ્તુ પામેલું હતૂં. ઇંગ્લન્ડ હજી યે ઘણી બાબતોમાં બાળકજ છે. અલબત્ત હાલ હિન્દ ભૂલી ગયું છે પણ તેથી શાસ્ત્રો જૂઠાં નથી પડતાં.

આન્તર લગ્ન અને બાહ્ય લગ્ન પરસ્પર સંબન્ધી છે–બહુજ સંબન્ધી છે. લગ્નની ફિલસુફી એકજ છે અને તે, મ્હારા નમ્ર માનવા મુજબ, કાલાબાધિત તેમજ સ્પષ્ટ થઈ શકે તેવી છે.

આન્તર લગ્નમાં, આપણે જોઇ શકીએ કે, ઉષ્માની પ્રેરક ' સ્ત્રી ' છે, અને તે આકર્ષક છે. " હૃદય " તે છે. " સ્નેહ " તે છે. અને પ્રાથમિક વિધાયક બનીને તે " સ્નેહ " ખેંચે છે. અને તેની ઉષ્માની શક્તિનું વિધેય " પુરૂષ " હૃદય છે, તે 'પ્રકાશ' છે. તે 'જ્ઞાન' છે. તે ' બુદ્ધિ' છે. તે ' ડહાપણ' છે. તે ખેંચાય છે અને એ પ્રમાણે ઉષ્મા અને પ્રકાશનું સંલગ્ન તેજ ખરૂં આન્તર લગ્ન અને તેની પરિણામક શક્તિમાંથી હિત અને સત્યનાં શિશુ જન્મે છે. અને એવાં આન્તર લગ્ન શાશ્વત છે–શાશ્વત ફલ દે છે. સ્વેડનબર્ગ એ બહુ સારી રીતે કહે છે. લગ્નના–સપ્તપદીના મન્ત્રો પણ વિચારવાથી વધારે પ્રકાશ આપણે મેળવી શકીએ.

પુરૂષ ' પુરૂષ ' છે: સ્ત્રી 'સ્ત્રી' છે. અને બુદ્ધિ, જ્ઞાન, ડહાપણ, આસ્થા અને સત્ય એ પુરૂષનાં તેમજ સ્નેહ, દયા, માર્દવ, કોમલતા એ સ્ત્રીનાં સ્વભાવતઃ લક્ષણો છે અને આ લક્ષણો જ્યાં આન્તરમાં યથાસ્થિત પરસ્પર સંલગ્ન થાય છે ત્યાંજ આન્તર સંયોજન પણ થાય છે. અને એ ન થઈ શકે તો આન્તરલગ્ન ભાગ્યેજ હોઈ શકે.

સ્ત્રીના સ્નેહથી ખેંચાનાર પુરૂષના જ્ઞાનને પણ સ્ત્રી ખેંચનાર છતાં-પણ આધીન હોય છે. અને એટલા માટેજ તેઓ આન્તરમાં પરસ્પર એક થવાને પાત્ર હોય છે.

બાળ લગ્નો પણ આજ પાયા પરજ-એતદ્દેશીય તત્વજ્ઞાનીઓએ વિચાર્યાં છે.

સ્ત્રી-પુરૂષના સમાન હકની પોક આ દેશમાં બહુ જોરથી મેશર્સ **મલબારી-ભાંડાર**-કર અને બીજા આપણા હિતચિન્તક અગ્રણીઓએ પાડેલી, પણ તે તો જાણે કેવળ જુઠી છે. વિલાયત એ બાબતમાં બહુ અજાણ છે અને તેથી વસ્તુ-વિચાર યથાર્થ કરવાને અત્યારે પાત્ર પણ નથી. પાર્લમેન્ટમાં સ્ત્રીઓ ઉમેદવારી કરી શકે કે નહિં, એ સવાલનો નિર્ણય ગમે તે આવે; પણ જે કાર્યો પ્રકાશમાંથી-પ્રકાશદ્વારા અને પ્રકાશનાંજ ઉદ્ભવે છે તે કરવાને 'સ્ત્રી' નું સ્વતન્ત્ર હૃદય, કદાપિ, લાયક ઠરાવી શકાય નહીં. પુરૂષ હૃદયજ તે સ્વતન્ત્રપણે કરી શકે. અને તેજ પ્રમાણે જે કાર્યો ઉષ્મામાંથી, ઉષ્માદ્વારા અને ઉષ્માનાં છે તે કરવાને પુરૂષ હૃદય સ્વતન્ત્રપણે, કદાપિ, લાયક થઇ શકે નહિં. ગમે તેટલાં બુદ્ધિ, ડહાપણ હોવા છતાં પણ પુરૂષ હૃદય લાયક થઈ શકે નહિ.

અને કારણ સ્પષ્ટજ છે. પુરૂષ ' પુરૂષ ' થવાને-પુરૂષ રહેવાને સરજાયો છે. અને સ્ત્રી તે 'સ્ત્રી' થવાને-'સ્ત્રી' રહેવાને.

અને, આ પ્રમાણે ન હોય ત્યાં આન્તર લગ્ન નથી હોતું.

આપણે અહીં હાલ લગ્ન નથી. કેમકે પુરૂષમાં 'પુરૂષ ' નથી. અને સ્ત્રીમાં 'સ્ત્રી' નથી. સ્ત્રી 'પુરૂષ' બનવા મથે છે અને પુરૂષમાં ' પુરૂષ ' હોય અથવા તે ' સ્ત્રી ' બનતો હોય તો પણ એ 'લગ્ન' સમ્ભવિત નથી. તેમજ ' સ્ત્રી ' માં ' સ્ત્રી ' હોય, અને પુરૂષમાં 'પુરૂષ' ન હોય તો પણ એ લગ્ન સમ્ભવિત નથી.

આર્ય લગ્નમાં સ્ત્રીમાં ' સ્ત્રી ' હતી. પુરૂષમાં ' પુરુષ ' હતો. અને તેથી આન્તરને સમરૂપ તે બાહ્ય લગ્નોનાં નિયમનો નિમન્ત્રેલાં હતાં. સીતામાં ' સ્ત્રી ' હતી. અને ' રામ-માં ' પુરૂષ ' હતો. એકમાં ' હૃદય ' હતું, બીજામાં 'બુદ્ધિ-જ્ઞાન ' હતું. એકમાં માર્દવ હતું, બીજામાં વીર્ય હતું. એ લગ્ન હતું. એકમાં શાસક-નિયામક શક્તિ હતી, બીજામાં અધીન-તા હતી. આપણાં લગ્નો તેજ હતાં. અને તે જ આર્ય પ્રજામાં આર્યત્વ ઉપજાવનારાં હતાં. હાલ પ્રજાત્વ નથી, કેમકે હાલ લગ્ન નથી. હાલ વીર્ય નથી, કેમકે હાલ પ્રજા વર્ણ-સંકરત્વમાંથી નીપજે છે, લગ્નમાંથી નહીં.

અને પતિપત્નીનું બાહ્ય લગ્ન પણ હવે તો સહમજી શકાય.

સ્નેહ, દયા અને માર્દવ સ્ત્રીમાં ન હોય એ સ્ત્રીમાં 'સ્ત્રી' નથી. બુદ્ધિ, જ્ઞાન, ડહાપણ હોવા છતાં પણ એમાં 'સ્ત્રી' તો નથીજ. સ્ત્રીમાં 'સ્ત્રી' હોય; સ્ત્રીએ 'સ્ત્રી' થવાનું છે. સ્ત્રીમાં ' સ્ત્રી ' હોય તો એ પુરુષમાંના 'પુરુષ'ને ખેંચી શકે, લગ્ન માટે નિમન્ત્રી શકે.

પુરૂષમાં બુદ્ધિ, ડહાપણ, જ્ઞાન વગેરે હોય તો તે ઉષ્માથી ખેંચાતા છતાં—ખેંચાયા છતાં—નિમન્ત્રણ સ્વીકાર્યાં છતાં-ઉષ્મામાં પ્રકાશ ભરી શકે.

સ્ત્રી પુરૂષમાંથી જ્ઞાન, ડહાપણ અને નિયન્તૃત્વ સ્વિકારે. એનામાં તે છેજ નહીં. અને છે તો તે પુરૂષનૂં તે જ, પુરૂષમાંથી મળેલૂં તે જ.

પુરૂષ સ્ત્રીમાંથી સ્નેહ, દયા, મૃદુતા સ્વીકારે. એનામાં તે પોતાનૂં છે જ નહીં.

અને એ લગ્ન અને એ એકતા અને એજ પૂર્ણતા. એમાં જેટલી જેટલી ઉણપ તેટલી તેટલી લગ્નમાં અપૂર્ણતા.

અને હવે એનો એ વિચાર જરા ફરીથી કરી જઇયે. પુરૂષ જ્યાં "પુરૂષ" છે—થતો હોય છે અને "સ્ત્રી" થવાને સરજાએલી સ્ત્રી પણ—"સ્ત્રી" નહીં પણ—પુરૂષ થવાને મથતી હોય છે, ત્યાં **લગ્ન** નથી. ત્યાં લગ્ન નથી એટલે લગ્ન સ્નેહ નથી. લગ્ન સ્નેહ નથી એટલે સ્વર્ગ નથી. ચોખ્ખું નરક છે. બન્ને "પુરૂષ" થવા મથે ત્યાં નારકી શાસન ચાલે એ સ્વાભાવિક નથી ? એ નારકી શાસનના નિયન્ત્રણ નીચે ઉછરતી પ્રજા વર્ણસંકર નથી ?

આપણા દેશની હાલ કાંઇક આવી દશા નથી લાગતી ?

એને બીજી રીતે જોઇયે. સ્ત્રીમાં "સ્ત્રી" હોય—સ્ત્રી "સ્ત્રી" થવા મથતી હોય, છતાં પુરૂષમાં "પુરૂષ" ન હોય—પુરૂષ "પુરૂષ" થવાને મથતો ન હોય ત્યાં કયી સ્થિતિ હોય ? પ્રજોત્પત્તિ નિર્વીર્ય–નપુંસક ન હોય ?

આપણે અહીં કંઇકે આવું પણ છે. સ્ત્રીમાં "સ્ત્રી" અને પુરૂષમાં "પુરૂષ" હોય ત્યાંજ અન્તર અને બાહ્ય બન્ને પ્રકારનાં લગ્નમાં સફલ સન્તતિ હોઇ શકે. અને આપણે અહીં બાહ્ય લગ્નોનાં હજી એવાં દૃષ્ટાન્તો પણ છે. ગુજરાતમાં, અલબત્ત, થોડાં છે. અને એના પ્રમાણમાં **પંજાબ**, **બંગાલ** અને **હિન્દ**ના બીજા ભાગોમાં એવી સફલ સન્તતિ ઉત્પન્ન થાય છે. બાહ્ય લગ્નોમાં અન્તરને અનુરૂપ નિયન્ત્રણો **હિન્દ**માં હજી ઘણાં દૃષ્ટાન્તો પરથી સિદ્ધ થઇ શકે.

પણ ઘણે ભાગે તો વર્ણસંકર અને નપુંસક પ્રજોત્પત્તિ કરાવવારાં લગ્નો જ છે. કેમકે સ્ત્રી "સ્ત્રી" નહીં પણ "પુરૂષ" બનવાને મથે છે, અને તેમ નહીં તો પુરૂષ "સ્ત્રી" બનવાને મથતો હોય છે.

આવાં આપણાં લગ્નો માત્ર આમુષ્મિક હિતનાં વિરોધી છે એમજ નથી; ઐહિક અને આમુષ્મિક બન્ને પ્રકારનાં ધર્મકર્તવ્યોનાં તે ઉચ્છેદક છે.

અને, આપણાં હાલનાં "ગૃહ" મીઠાં-મધુરાં ( Sweet Homes ) કેમ નથી વારૂ ? તે સ્વર્ગ કેમ નથી ? તે આહ્લાદપ્રેરક કેમ નથી ? રસીલાં કેમ નથી ? શા માટે સૂકાં અને કોરાં છે ?

એટલા માટેજ કે, દમ્પતિ સ્ત્રી અને પુરૂષનું યુગ્મ નહીં, પણ આન્તરમાં પુરૂષ પુરૂષનું અથવા સ્ત્રી સ્ત્રીનું લગ્ન થતું જતું હોય છે–આપણી "સ્ત્રી" આન્તરમાં 'ઉષ્મા' ગુમાવતી જતી હોય છે અને "પુરૂષ"માંથી 'પ્રકાશ' સ્વીકારતા જવાને બદલે તે પોતાના પ્રકાશ નામધારી કોઇ જુદા લક્ષણને 'પુરૂષ'માં ભરવાને અને પોતામાં પણ પ્હેરાવવાને મથતી હોય છે. આનું નામ શું કહેવાય તે મ્હને માલુમ નથી.

ઓ બન્ધુ ! ત્હમારે ત્યાંથી છુટા પડયા પછી મ્હને આખી વાટ આજ બધા વિચારો આવેલા અને એ વિચારો આવે એ સ્વાભાવિક હતું એ ત્હમે તો બહુ સારી રીતે સમજી શકશો.

# नैतिक अने धार्मिक शिक्षण.

લખનારઃ—રા. રા. હીરાચંદ હરજીવન મણિઆર. M. A. L' L. B.

આધુનિક સમયમાં ઇંગ્લીશ કેળવણી લેનાર યુવક વર્ગ તરફ અને તેજ પ્રમાણે તેઓ મોટી ઉમરના થાય ત્યારે પણ તેમના સંબંધમાં એવી ફર્યાદ કરવામાં આવે છે કે તેઓને સ્વધર્મ સંબંધી જ્ઞાન જરા પણ હોતું નથી. કેટલાક સુંદર અપવાદો શિવાય આ વાતમાં કાંઈક સત્ય સમાયેલું છે, તે વાતની ના કહી શકાય તેમ નથી. એક તો દુર્દૈવવશાત્ અધુના ભારતવર્ષમાં ધર્મો–પંથો અને ઉપપંથો એટલા બધા વધી ગયા છે કે તેમની ગણત્રી સેંકડોથી થવા જાય; જ્યારે બીજી બાજુથી સાર્વજનિક લાભાર્થે ચલાવવામાં આવતી સરકારી શાળાઓ અને મહાશાળાઓમાં તે બધા પંથોના શંભુમેળાને માટે બંધબેસતી કાંઈપણ ગોઠવણ થવી તદન અશક્ય અને અસંભાવ્ય લાગે છે. પોતાના બાળકોને પોતાનાજ ધર્મનું–પંથનું–શિક્ષણ આપવું એવી દરેક સુજ્ઞ અને સુહૃદ માતાપિતાએ પોતાની પવિત્ર ફરજ માનવી જોઇએ. પાશ્ચાત્ય પ્રજાઓ અર્વાચીન સમયમાં પોતાના બાળકોને ધાર્મિક શિક્ષણ કેવી રીતે આપે છે તે તરફ નજર કરશું તો, અને પ્રાચીન સમયમાં આપણા આર્ય વડવાઓએ આ વિષય પરત્વે શું શું પ્રબંધો રચ્યા હતા તેનું નિરીક્ષણ કરશું તો જણાશે કે વડિલો અને ધર્મોપદેશકોનેજ માથે આ મહત્વની અને અર્થસૂચક ફરજ રાખવામાં આવેલ છે. પ્રજાની નીતિરીતિ સુંદર બને, પ્રજામાં ધાર્મિક લાગણીઓ સુદૃઢ રહે, અને ઐહિક અને પારલૌકિક સુખસંપત્તને માટે લાયકાતવાળા બનવા લોકો સુવિનીત અને સત્ ચારિત્ર્ય–સંપન્ન બને તે જોવા, તેવો પ્રબંધ રચવા, અને તત્સંબંધી સતત્ પ્રયાસ કરવા માટેજ ધર્મગુરૂઓનું અસ્તિત્વ જરૂરનું અને ઉપયોગી ગણાય; પણ જો પોતાના વિશેષ સિદ્ધાંતોનું શિક્ષણ અજ્ઞાત શિશુજનોને અને ખિલતી પ્રજ્ઞાવાન્ યુવકોને ન અપાય તો પછી માત્ર સ્વોદર પુરનાર સ્વામીઓ અને સાધુઓનું શું પ્રયોજન ? શા માટે તેવા બિનઉપયોગીઓને પોષવા ? આવા આવા વિચારો મનમાં વારંવાર આવતા હોવાથી, "હેરાલ્ડ"ના વિદ્વાન મંત્રી તરફથી "કાંઈક" લખવાનો આગ્રહ થતાં સ્વધર્મની શેવા કરવાને માટે યોજવામાં આવેલ આ પત્રમાં આ વિષય પરત્વે મારા છુટાછવાયા વિચારો રજુ કરવાનું સુગમ અને પ્રાસંગિક પણ લાગ્યું.

પ્રથમજ પ્રશ્ન એ ઉદ્ભવે છે કે ધર્મ શબ્દની વ્યાખ્યા–અર્થ–શું ? મારા નમ્ર મત પ્રમાણે તો પારલૌકિક ઇશ્વર પ્રાપ્તિ–કૈવલ્ય–અને તદર્થે ઐહિક શુદ્ધ સાત્વિક જીવન એજ ધર્મનો હેતુ હોઇ શકે અને જે જે સાધનો અને ક્રિયાઓ દ્વારા આ બન્ને સાધી શકાય તેજ ધર્મ. આર્ય ગ્રંથોમાં ધર્મના બે વિભાગ પાડવામાં આવેલ છે. એક તો "સામાન્ય" ધર્મ કે જેની અંદર સર્વસામાન્ય અને સર્વસંમત નીતિનાં મૂળતત્વો–ઉંચા સિદ્ધાંતો જેવા કે સત્ય બોલવું, ચોરી ન કરવી, પ્રાણી માત્ર પર દયા રાખવી, ક્ષમાવાન થવું, કોઇનો દ્રોહ ન કરવો, હિંસા ન કરવી, કોઇને પણ ઉપદ્રવ કરતા ન થવું, ઇત્યાદિનો સમાવેશ થઇ જાય છે; જ્યારે

બીજા પ્રકારના એટલે કે "વિશેષ" ધર્મમાં આ સામાન્ય ધર્મની છાપ લોકસમૂહના ચંચળ મગજ ઉપર કેવી રીતે સચોટ પાડી શકાય–કેવા કેવા પ્રબંધો રચવાથી મનુષ્ય પ્રમાદ કરતો અટકી શકે–અગર તો તેને તેમ કરતો અટકાવી શકાય તેનો નિર્ણય કરી જુદાજુદા મતમતાંતરવાળાઓએ સ્વમત્યાનુસાર રચેલ જુદાજુદા આચાર પ્રયોગો જેવા કે, અમુક રીત્યા ઇશ્વરોપાસના અને પ્રાર્થના કરવી, અમુક પ્રકારના સૂચક ચિન્હો ધારણ કરવાં, અમુક પ્રકારે પ્રાણાયામ સામાયિક ઇત્યાદિદ્વારા હૃદય અને મનને શુદ્ધ અને દૃઢ બનાવવાં, "આહાર તેવો ઓડકાર" એ સૂત્રાનુસાર કેવો કેવો ખોરાક ક્યારે ક્યારે ખાવો અને ક્યારે ક્યારે વર્જવો, કેવા પ્રકારનો વ્યવહાર રાખવો અને કેવા પ્રકારને ત્યાજ્ય ગણવો ઇત્યાદિનો સમાવેશ થઇ જાય છે.

આમ વિચારતાં આપણા પ્રસ્તુત વિષયપરત્વે એક પ્રકારની સુગમતા લાગે છે. કારણ "સામાન્ય" ધર્મ માત્ર નીતિના સર્વમાન્ય મૂળતત્વોમાંજ સ્થિત થતો હોવાથી તેના ઉપદેશ અર્થે પ્રબંધ રચવાનું કાંઈ મુશ્કેલ નથીજ. આ પ્રકારનું "નૈતિક" (Moral) શિક્ષણ તો આધુનિક શાળાઓ અને મહાશાળાઓમાં કંઇક અંશે અપાય છે, જો કે તેમાં હજુ વિશેષ સુધારા વધારાને સ્થાન છે ખરૂં. આપણને જાણીને હર્ષ થાય છે કે, આ દિશામાં ખંતીલા પ્રયાસોની શરૂઆત અત્યાર આગમજ થઇ છે. આપણે આ વિષયપરત્વે માત્ર એટલુંજ કહી સંતોષ માનશું કે નીતિનાં જુદાં જુદાં અંગોનું રંગીન ચિત્ર આલેખી નિબંધના રૂપમાં શિશુઓની સમક્ષ રજુ કરવાના કરતાં, અમુક અમુક પ્રકારના સદ્વર્તન રાખનાર મનુષ્યોએ ઇતિહાસનાં પાનાઓ ઉપર પોતાના જ્વલંત અને આહ્લાદક કીર્તિસ્થંભો કેવા સુંદર રીતે રાખેલ છે તે ભૂતકાળમાં બનેલ બનાવોના દાખલા અને આદર્શ મહાપુરૂષોનાં જીવનવૃત્તાંતોદ્વારા તેમને વધારે સહેલાઇથી અને વધારે ફલપ્રદ રીતે સમજાવી શકાશે; તેજ પ્રમાણે ખરાબ વર્તન રાખનારાઓનો કેવો ફેજ ભૂતકાળમાં થયેલ છે અને આધુનિક સમયમાં થાય છે તે પણ બનેલ બનાવોના વર્ણનદ્વારાજ વધારે સુદૃઢ રીતે સમજાવી શકાશે. તેટલા માટે સરલ ભાષામાં ઇંગ્લીશ Moral Class Books ની પદ્ધત્યાનુસાર નાની નાની વાર્તાઓ અને આખ્યાયિકાઓ, ગદ્ય અને પદ્યમાં રચી બાલકોને તે વાંચવા આપી તેનો અભ્યાસ કરતા તેમને શિખવવાની આવશ્યકતા ખાસ પ્રતીત થાય છે.

ત્યારે હવે વાત રહી "વિશેષ" ધર્મની શરૂઆતમાંજ આપણે કહી ગયા છીએ કે કમભાગ્યે હાલમાં ભારતવર્ષમાં અસંખ્ય નિરનિરાળા પંથો અને ઉપપંથો ઉભરી નિકળ્યા છે. "કપાળે કપાળે જુદી મતિ" તે કહેવત અનુસાર, આ બધાના આચાર પ્રયોગો, કર્મકાંડો કેટલેક અંશે નિરનિરાળા હોય છે. સાધારણ બુદ્ધિથી વિચાર કરતાં એટલું તો સ્પષ્ટ જણાય છે કે એકજ સાધ્યની સાધનાર્થે જુદા જુદા મનુષ્યો બુદ્ધિભેદને લઇને જુદા જુદા સાધનની મદદ લે છે, છતાં લક્ષ્ય તો એકજ હોય છે; તેજ પ્રમાણે ધર્મનો હેતુ એક હોવા છતાં જુદા જુદા મતાવલંબીઓ જુદાં જુદાં સાધનોને પ્રાધાન્ય આપે છે, પણ તેથી કાંઇ આશય જુદો નથી હોતો. છતાં દુરાગ્રહને લઇનેજ દરેક મતવાળાઓ પોતાના સાધનને શ્રેષ્ઠ માની અન્યનાં સાધનને હલકાં પાડવા મથે છે, અને તેમ કરી વાડા વાડાના ઝગડા અને નિરર્થક શાસ્ત્રાર્થના વિતંડાવાદના વમળમાં ગોથાં ખાવાની ભુલ કરે છે. "હમેરા સબ સચ્ચા ઔર તુમેરા સબ ઝૂઠા" ની ખેંચતાણમાં હૃદય અને મનની વિશુદ્ધિ અને

આત્માની ઉન્નતિ ભુલાઇ જવાય છે, જ્યારે અહંકારની સરદારી નિચે મલીન તત્વનું બંડખોર સૈન્ય સાામ્રાજ્ય ભોગવે છે. ધર્મની આવી ખેંચતાણમાં "વિશેષ" ધર્મનું શિક્ષણ સાર્વજનિક શાળાઓમાં ન જ અપાય એ સ્વાભાવિક અને કંઇક અંશે આવશ્યક પણ લાગે છે.

આ વિટંબણામાંથી મુક્ત થવાના હેતુથીજ દેવસ્થળો અને મઠોની યોજના હસ્તિમાં આવી હશે, આમ પ્રાચીન ભારતનો ઇતિહાસ વાંચતાં સમજાય છે. એક તરફથી વેદ મતાનુયાયીઓ કાશી ક્ષેત્ર અને ઉજ્જયનીમાં પોતાના ધર્મનું અને તત્વજ્ઞાન (Philosophy)-નું શિક્ષણ આપતા, ત્યારે બુદ્ધ મતવાળાઓ પટના અને નલંદની મહાશાળાઓમાં અસંખ્ય "ભિક્ષુઓ"ને અન્નવસ્ત્રાદિથી પોશી તેમને સામાન્ય અને ધાર્મિક શિક્ષણ આપતા. તે સમયના આચાર્યો આધુનિક સમયના મોજીલા અને જ્ઞાનવિહીન ગુરૂઓ નહોતા; પણ તેઓ તો પ્રજ્ઞાવાન્ હોઇ જ્ઞાનાંજનથી બંધ ચક્ષુને ખોલતાં અને પોતાને આપવામાં આવતા "દાન"નો આવા "લોકહિત"ના કાર્યમાં સદુપયોગ કરતા; જ્યારે તેઓના નિવૃત્તિ નિવાસો-આશ્રમો વિદ્યાર્થીના ગામ જેવા શોભી રહેતા. હાલના સમયમાં તો તેઓના ગણાતા વારસો ઘણીવાર પોતે જાતેજ મઠાધિપો થઇ પડતા જણાય છે અને પોતાને આપવામાં આવતા દાનદક્ષિણાનો ઉપયોગ વિદ્યાવૃદ્ધિ અર્થે ન કરતાં કેટલીક વખત માત્ર પોતાનાજ ઉદરપોષણાર્થે અથવા મોજશોખમાં કરતા જણાય છે, તે થોડા શોચની વાત નથી.

એકાદ બે બાબતોની આપણે આ સ્થળે આ ગ્રંથોના આધારે તપાસ કરશું. આપણા "આચાર્યો"નો વિચાર કરતાં જણાય છે કે પ્રાચીન સમયમાં વસિષ્ઠ, વિશ્વામિત્ર, દ્રોણ ઇત્યાદિ મુનિવર્યો તે તે સમયના આદર્શ વિદ્યાગુરૂઓ જ હતા, અને ધાર્મિક અને વ્યવહારોપયોગી શિક્ષણ પણ તેઓજ આપતા. હજારો શિષ્યોને અન્નવસ્ત્રાદિ વિનામૂલ્યે આપી પુત્રવત્ તેઓનું પોષણ કરી તેઓને ઐહિક આમુષ્મિક ઉપયોગનું જ્ઞાન આપી "**कुलपति**" નામને સાર્થ કરતા. હાલના "ગુરૂઓ" તો કેટલીકવાર માત્ર પોતાનાજ ઉદરપોષણનો ધંધો લઈ બેઠેલા હોઈ પોતાના "શિષ્યો"ને-"ચેલાઓ"ને અધમ દશામાં સડતા બનાવી આલસ્ય અજ્ઞાન અને પ્રમાદનો પ્રચાર કરતા પ્રતિત થાય છે. તેજ પ્રમાણે જ્યારે પ્રાચીન ઋષીઓનાં નિવાસસ્થાનો-"આશ્રમો," વિદ્યાલયોની પવિત્ર સંજ્ઞાને શોભાવતા અને વિદ્યાના દેદિપ્યમાન પ્રકાશથી અજ્ઞાનાંધકારને દુર કરી લોકકલ્યાણ સાધવાના પુણ્ય યશને પ્રાપ્ત કરતા, ત્યારે આધુનિક "મઠો" **छात्रादिनिलय** હોવાને બદલે કાંતો નિરક્ષર અને આલસુ "ગુરૂજી" અને તેમના તેટલાજ સ્વછંદી "ચેલાઓ"ના વિલાસી સ્થાનની હાનીકર અને મલીન અપકીર્તિને લાયક બને છે, અગર તો માત્ર આડંબર અને બાહ્યોપચારની ભવ્યતાથી અજ્ઞાન પણ ભોળા લોકોના મન અને હૃદયને મોહપાશમાં રાખનાર પણ સદુપદેશની સાત્વિકતાથી રહિત દેવસ્થાનોમાં ફેરવાઈ ગયેલ ક્યારેક દૃશ્યમાન થાય છે. જેમ આપણા પૂર્વજોએ પોતાના ધર્મપાલકોને "ગુરૂ"ની શ્લાઘ્ય પદવી આપેલ હતી, તેજ પ્રમાણે અધુના પાશ્ચાત્ય દેશોમાં પણ ધર્માલયો અને ધર્મગુરૂઓ બન્ને એક સરખા વિદ્યાવૃદ્ધિના પવિત્ર કામમાં યોજાએલ છે. આમ થવાથી ત્યાં "સ્વધર્મ"નું જ્ઞાન બાલકોને નથી અપાતું એવી ફર્યાદ તદ્દન નિર્મૂળ થઈ ગઇ છે. પ્રાથમિક કેલવણી તો માત્ર આ ધર્મગુરૂઓનાજ હાથમાં રહેલ છે અને તેથી ઉગરતી પ્રજા તે લોકોના ઉપદેશથી પોતાના સ્વધર્મના જ્ઞાનમાં બરોબર સ્થિત થયેલ હોય છે.

આ ઉપરથી એટલું તો ખુલ્લું જણાય છે કે ધાર્મિક કેલવણીના પ્રચારને અર્થે કોઇપણ

પ્રકારની સાર્વજનિક યોજના થવી હાલના સંજોગો વચ્ચે સંભવિત લાગતી નથી, તેમજ પ્રાચીન કે અર્વાચીન સમયમાં તેવો સર્વદેશીય પ્રબંધ રચાયો દૃશ્યમાન થતો પણ નથી. ઇતિહાસના અભ્યાસથી જે કાંઈ આપણે જોઇ શકીએ છીએ તે એટલુંજ છે કે આ પ્રદેશમાં સામ્રાજ્ય ધર્માચાર્યોનું એકલાનુંજ હોઇ શકે; ઇતર પ્રજાઓએ પણ આ પ્રશ્નનું નિરાકરણ તેજ પ્રમાણે કરેલ છે. આપણે પણ આ મહારોગને દુર કરવા તેજ ઔષધનો પ્રયોગ અજમાવવો જોઇએ. આ પ્રમાણે સમજાતાં આપણા ધર્મોપદેશકોને તેઓની સત્ય ફરજ સમજાવવાની પ્રથમ ફરજ ઉપસ્થિત થાય છે. પોતપોતાના ધર્મનાં "વિશેષ" તત્વોનું જ્ઞાન ઉછરતી પ્રજાને આપવા અને તેમ કરી પોતાના "વિશેષ" ધર્મનો પાયો હમેશાં વધારે રાખવાની કાળજી રાખવાની પોતાની પવિત્ર ફરજ અદા કરવા તેઓને આગ્રહ કરવાની ફરજ પાડવાની જરૂર હમેશાં વધારે અને વધારે જણાય છે. જ્યાં સુધી આપણા ગુરૂઓ અને આચાર્યો પોતપોતાના વાડાના સમુહને સત્ય જ્ઞાનનો ઉપદેશ આપવા ઉત્સુક નહિ બને-ખંતથી સતત પ્રયાસ નહિ કરે-ત્યાં સુધી યુવકવર્ગમાં ધર્મશ્રદ્ધા દિનપરદિન ઓછી થતી જવાની અને વખતે કાળક્રમે ધર્મનો લોપ પણ થાય તેવી સ્થીતિ આવતાં દોષ ઇંગ્લીશ કેલવણી લેનાર ઉછરતી પ્રજાનો નહિ પણ સ્વધર્મનો ઉપદેશ આપવાની પોતાની પ્રથમ ફરજ ભુલનાર ધર્મગુરૂઓનોજ ગણાશે. અંતમાં માત્ર એટલીજ અભ્યર્થના કે સ્વધર્માભિમાની દરેક સુજ્ઞ પુરૂષ આ વિષયપરત્વે પોતાનાથી બનતા પ્રયાસે અને પોતાની લાગવગનો સંપૂર્ણ ઉપયોગ કરી ધર્માચાર્યોને પોતપોતાના પંથનાં બાલકોને "ધાર્મિક" શિક્ષણ આપવાના પવિત્ર કામમાં પોતાનો ફાળો આપતા જોવા પ્રબંધ કરવો.

## मारी बंहेनडी.

( સારંગ. )

મારી આ બ્હેનડી ઉદાર ભાવની,
રમતી શું હાસ્યથી ભરેલ
અતિ પ્રેમમાં ઠરેલ, દિપે શું અમૃત વેલ,
સુંદર શાણી ભલી-મારી બ્હેનડી.
વિચાર ઉચ્ચ શિખર ચડી મ્હાલતી રે તે,
લેતી અદોષ આનંદ-રેલ
શરીરવેલ ફરમાયેલ, જ્ઞાનગંધથી ભરેલ,
તત્વે ફાલી ફુલી-મારી બ્હેનડી.
જગત-પાઠ શીખી બંધુને પઢાવતી,
મારી પ્રેમમંત્ર-ફૂંક,
કરી વાચાળ બંધુ મૂક, દઢ અચૂક
રહી ગૃહ દિપાવતી-મારી બ્હેનડી.
ઉરસમુદ્રને હિમાલયે ઉછાળતી,
રહી શ્રદ્ધા ભરપૂર,
આત્મસંયમે સનૂર, હૃદયગાન છે મધૂર,
અભેદ ભાવ લાવતી-મારી બ્હેનડી.

મુંબઇ. ૨૨-૭-૧૩.

સુખ ભોગવવા, પણ તે મારા છે એવી મમત-લુબ્ધતા ન રાખવી (આપ ધનસંપત્તિ વગેરેના રક્ષક દેવ-**trustee** હો તેમ મમત્વભાવ રહીત યથાર્થ રીતે વર્તવું) અને **ઉપશમ**-એટલે ક્રોધ આદિ કોઇ વિકાર ઉત્પન્ન થાય તો તેને મનમાંજ દાબી દેવા. એ બે લક્ષણો હોય ત્યારે શાસ્ત્ર અભ્યાસ કરવાને તે માણસ લાયક થાય છે એમ શ્રીમદ્ રાજચંદ્રનું વચન છે, નહિ તો કરણી એક ને સમજણ જુદી એવો પરિણામ આવે છેઃ હજારો શાસ્ત્રો વાંચ્યાથી મન ભીંજતું નથી; પણ એ બે ભાવ પ્રગટ થયા હોય તો કોઇપણ એક પુસ્તક પરથી પણ તરી શકાય છે. પદાર્થ માત્રની **ઉત્પત્તિ, સ્થિતિ** ને **નાશ** છે-માત્ર એ ત્રણ શબ્દોનો ભગવાન ઉચ્ચાર કરતા ને તેમના શિષ્યોને (ગણધરોને) ચૌદપૂર્વનું જ્ઞાન થઇ જતું! માટે અંતર ભીંજાયા વિના-"હૃદય દ્રવ્ય ઉકળાયા" વિના—કર્મરૂપી "પર્વત ઉછળવાનું" નથી-કાંઈ વળવાનું નથી. "હૃદય દ્રવ્ય ઉકળાશે જ્યારે પર્વત તો ઉછળાશે"-એ મણિભાઇનું વાક્ય છે. આપને પણ આ સમયે સદ્બુદ્ધિ સુજી છે, પોતાનાં કૃત્યોનો સરવાળો-આત્મનિરીક્ષણ-**Selfexamination** કરવા લાગ્યા છો, (જે આપના પત્ર પરથી જણાય છે ને જે જાણીનેજ આવો લાંબો પત્ર આપને લખ્યો છે), એટલે ધાર્યું સાર્થક થશે એમાં નવાઈ નથી. સત્ શાસ્ત્રનું અધ્યયન કરજો; ને એવી 'બાધા'-નિયમ -ધારણ કરજો કે 'મારૂં શરીર કુશળ હોય તો આજથી હું દરરોજનો સરેરાશ અરધો કલાક સત્શાસ્ત્રનું વાંચન કરીશ." તે અર્થે આ સાથે "મોક્ષમાળા"-પોસ્ટ મારફતે મોકલાવી છે. ચિત્ત આનંદમાં હોય ત્યારે વાંચશો; ભલે થોડું વાંચજો પણ બહુ મનન કરજો; તેનો...વિનય કરજો,-ને કાંઈ ન સમજાયતો પત્રદ્વારા પૂછશો; મારાથી બની શકશે તેવો ખુલાસો મોકલાવીશ. તેમાં ૨૧ મા પાઠમાં જણાવેલી બાર ભાવના નિરંતર ભાવવા યોગ્ય છે. વિશેષ પાઠ ૪૫, ૫૬, ૬૭ પ્રથમ વાંચવા લક્ષ ખેંચું છું, 'ભાવના-બોધ'નું નાનું વાર્તામય પુસ્તક જેનો ઘણોખરો ભાગ 'મોક્ષમાળા'માં આવી ગએલ છે તે મુંબઈથી મોકલાવીશ. સત્શાસ્ત્ર વાંચવા, સત્સંગ કરવો-સદ્વિચાર-ભાવના પોષવાં-એના જેવો એકકે તપ નથી. તેથી અનંત કર્મની નિર્જરા થઇ જશે ને આ વેદની કર્મ પણ પાતળા પડી જશે. તથાસ્તુ!

આ પત્ર બે ત્રણવાર નિરાંતે વાંચી જશો. કહેવું સહેલું છે પણ કરવું મુશ્કેલ છે-એમ ધારી કાયર ન થશો; પણ અદ્ભૂત પુરૂષાર્થ કરી મન વિશુદ્ધ કરજો. એ વિશુદ્ધિને બળે આરોગ્યતા આવશે. શરીરને—પ્રકૃતિ—મન—નો કેવો નિકટ સંબંધ છે તે તમે જાણો છો. માટે ચિત્તને પ્રસન્ન તથા શુદ્ધ રાખવા બનતું કરશો, એજ વિનંતિ. લી. આપનો અનન્ય સેવક લઘુ બંધુ ગોવિંદજીના માનપૂર્વક પ્રણામ સ્વીકારશોજી. લાંબા પત્રથી કાંઇ તસ્દી પડે તો ક્ષમા કરજો. ફરી ફરી એવા ભાવ ને સંજોગ મળતા નથી તેથી હમણા ફુરસદ હોવાથી **મનમાં આવ્યું તે** ભોળે દિલે લખી કાઢ્યું છે. પ્રભુ આપને જલદી આરોગ્ય તથા શાંતિ-આનંદ અર્પો એમ મારી તથા સર્વ મિત્રો-મેરાલી વગેરેની-અંતરની પ્રાર્થના છે- તથાસ્તુ!

# જીવનથી કંટાળેલા મિત્રને પત્ર.

લખનાર:—સ્વ૦ ગોવિંદજી મૂલજી મ્હેપાણી.

ૐ તા. ૨૬—૫—૦૧

ખાનગી.

" ગઈ ગઈ થોડી રહી, સદા એવી રહેવી નથી,
" ઘડી બે ઘડીને માટે, મૂર્ખ શું બગાડે મતિ ?
" હરિ રે તને કેમ તારે, ભરોસો પાકો કયાં ત્હારે ?"

-ઉદયભાણ.

" શાણાઓ કહે છે કે સૃષ્ટિનો સાહેબ, સાચાને લે છે સંભારી,
" કરી પરીક્ષા ગુપ્ત અજાયબ, આખર લે છે ઉગારી,
" દાબે દબાય ન લાંચે લેવાયે, આદિનનો અધિકારી—"

- ઉદયભાણ.

" પણ આપણે માથે પડયું વેઠવાના બે રસ્તા છે. ગમે તો બડબડી ઇશ્વરને માથે આરોપ દેઈ " વેઠીયે ત્હોયે વેઠાય, ને ગમે તો ઇશ્વર જે કરતો હશે તે સારા સારૂંજ હશે એમ જાણી વેઠીયે " તે પણ વેઠાય. પણ એકનું નામ ન ચાલ્યે વેઠવું ( આશ્રવ=નવાં કર્મ બાંધવાં), અને બી- " જાનું નામ તે ઈશ્વરની ઇચ્છાને આનંદથી અધીન થવું એટલે આનંદથી ઈશ્વરનું કિંકરપણું " કરવું અને એનું નામ પણ તપ જ સમજવું. ( નિર્જરા=પાછલાં કર્મ છોડવાં. )"

—સરસ્વતિચંદ્ર ભાગ ૨ જો.

" જીવ તું શીદ શોચના ધરે, કૃષ્ણને કરવું હોય તે કરે."

શું લખું ? કાંઇપણ લખવું જોઇએ એમ મનમાં થાય છે અને તેથી લખવાનું શરૂ કરૂં છું. કાંઈ વિચારસંકલના બંધાતી નથી, છતાં જે આડુંઅવળું સુજશે તે લખતો જઇશ. આપને આવે સમયે મારા શબ્દો કાંઇપણ ઉપયોગી થાય એજ મારી અંતરની ઇચ્છા છે.

આપ લખો છો કે ' કોણ જાણે મેં લોકોનું કેટલું બુરૂં કર્યું હશે કે ઇશ્વર મને આમ શિક્ષા કરતો જાય છે ?' એ સંબંધમાં મારે કહેવું જોઇએ કે, મારા જાણવા પ્રમાણે આ ભવમાં તો આપના હાથે જાણી જોઇને કોઇનું બુરૂં થયું નથી. વળી ' લોકોનું ભલું કરવામાં મારાથી હજી કાંઇ થઇ શકયું નથી ' એમ આપ ભલે કહો, પણ હું ધારૂં છું કે કવચિત્ અનુકૂળતાના અભાવે તમે કોઇને ના કહી હોય તો ભલે, નહિતો આપનાથી આપના Sphere માં જે બની શકતું તે આપ હમેશાં કરતા આવ્યા છો. આ કાંઈ હું આપને ખુશી કરવા કહેતો નથી; પણ સત્ સમજું છું માટે કહું છું.

આપ લખો છો કે " મને મારા દેહમાં ભરોસો નથી. " મનમાં કેટલું આકર્ષણ બળ છે તે આપને યાદ નથી ? " મનજી ભૂત " કહે છે તે કાંઈ ખોટું નથી. મનમાં કોઇ પણ વાત આવીને તે સજ્જડ થઇ ગઈ કે તરતજ તેવા પરમાણુ આકર્ષાઇ તેનું પિંડ*

* નીચે કર્મનો સિદ્ધાંત ટુંકામાં આપ્યો છે, તેથી એ વિશેષ સમજાશે.

બને છે, ને તે તેનેજ દસ્યમાન હોય છે; પણ આપણે તે દેખી શકતા નથી. તેથી આપણે તેને હશી કાઢીએ છીએ, પણ તેનું કહેવું સત્ હોય છે; જો કે પોતાની કલ્પનાબળથી તે બનેલું હોય છે. faith–શ્રદ્ધા–નિશ્ચયનું આ રહસ્ય છે. તો આવા પ્રકારની માન્યતા આપ આપના મનમાં બાંધી મૂકો તેથી કેટલું નુકશાન છે? સન્મિત્રની જરૂર આગળ મેં આટલા માટેજ કહી છે. આપ એકલા હો તો મન ચકડોળે ચડી જાય; કેમકે સતશાસ્ત્રની પાર તેની આસપાસ હદ્દ બંધાએલી નથી, તેથી તે જોઇએ તેમ ભમ્યાં કરે. માટે આપની પહેલી ફરજ એ છે કે વાચનમાં કે સત્સંગમાં મન પરોવવું, પણ એકલા બેસી કુતર્ક કરવા નહિ.

"હું કંટાળી ગયો છું……" એ સંબંધે શરૂઆતમાં જે પદો તથા વાક્યો ટાંક્યાં છે તે ખુબ મનન કરવા યોગ્ય છે, ને તે અનુસાર સ્વાભાવિક વર્તન થવું જરૂરનું છે. તત્ત્વદૃષ્ટિએ એ સમજવામાટે નવતત્ત્વનું સ્વરૂપ અત્રે ટુંકામાં દર્શાવી જવાની આવશ્યકતા છે. મૂળ આ જગતમાં બે પદાર્થ છે: ૧ જીવ, અને ૨ અજીવ. જીવ તે 'જ્ઞાન'–'ઉપયોગ' સહિત ચેતન–અજીવ તે 'જ્ઞાન'–'ઉપયોગ' રહિત જડ. અજીવના પાંચ પેટાભેદ–(૧) ધર્માસ્તિકાય–જે ગતિ –motion ને સ્હાયકારી થાય છે; ( ૨ ) અધર્માસ્તિકાય–જે સ્થિતિ–restને સહાયભૂત છે; (૩) આકાશ–ગતિ, સ્થિતિ માટે અવકાશ–જગા–space(૪) કાળ–ઉપચારે કરી તેને દ્રવ્ય પદાર્થ ગણેલ છે; કારણકે ખરીરીતે 'વખત' એવો કોઈ પદાર્થ નથી, પણ માત્ર વ્યવહાર અર્થે તે સંજ્ઞા માનવી પડે છે; ( ૫ ) પુદ્દગલ–atoms of matter. મુખ્ય દ્રવ્ય જીવ ને પુદ્દગલ છે. ધર્માસ્તિકાય–અધર્માસ્તિકાય–આકાશ એ સર્વ તેમને ગતિ–સ્થિતિમાં સ્હાયકારી છે. By the bye, Newtonના પહેલા બે laws–motion અને rest સંબંધી, જેમનાપર આખા science સાયન્સનો આધાર છે, તેને જૈન દ્રવ્ય તરીકે માને છે એ તેમની ઉંડી દૃષ્ટિ, પરમ વિવેકબુદ્ધિ બતાવી આપે છે. હવે જીવ, મન અને ઇંદ્રિયો વડે અવનવા પુદ્દગલો નિરંતર આકર્ષે છે, ને તે પુન્ય કે પાપરૂપ પિંડ બંધાય છે. આ જીવ પુદ્દગલનો સંબંધ–કર્મજાળને લીધે બાકીના સાત તત્ત્વોનું અસ્તિત્વ છે.

૩. સારાં કામો જે સદ્દગતિ–શારીરિક શાતા વગેરે આપે તે પુણ્યતત્ત્વ. ૪. ખરાબ કૃત્યો જે નરકાદિના હેતુ તે પાપતત્ત્વ. ૫ કર્મ આવવાનો નાળો–જેથી નવાં કર્મો બંધાય તે કારણો તે આશ્રવતત્ત્વ. એ કારણો પાંચ છે:–(अ) મિથ્યાત્વ=અજ્ઞાનવશે આત્મલક્ષ વિનાનું જ લૌકિક વર્તન, મન કાયાનો સ્વચ્છંદી આચાર; (ब) કષાય=ક્રોધ, માન, માયા (કપટ), લોભ; (क) અવ્રત=ઇંદ્રિયોનું નિરંકુશપણે–વ્રત નિયમ વિના વર્તન; (ड) યોગ=મન વચન અને કાયા એ ત્રણનો વ્યાપાર; (इ) પ્રમાદ=નિદ્રા–આળસ–વિકથા (ખાવા પીવાની, શરીર સંબંધી કે લોક કે રાજ્ય વગેરેના ગપાટા–ધર્મકથા નહિ તે, વગેરે. કર્મ બાંધવાના આ હેતુઓ છે. ૬. મન, ઇંદ્રિય– આ હેતુમાં રમણતા કરે ત્યારે કર્મનો બંધ થાય. જેવા આપણા મનના પરિણામ તેવું કર્મનું બંધ પડે એ બંધતત્ત્વ. ૭. મનને એ ખોટા કારણોમાં પ્રવર્તતાં અટકાવીએ, નવાં કર્મો–આશ્રવ–નો અટકાવ તે સંવરતત્ત્વ. સાધુનો એવા પ્રકારને આચાર છે કે નવાં કર્મો બંધાએ નહિ, ને જુનાં તપ આદિથી ખરતાં જાય. ૮. મનનો આશ્રવથી નિરોધ કરી તપ, વિનય–સત્શાસ્ત્રનું અધ્યયન આદિ સત્કર્મોમાં પરોવાવું–તે નિર્જરા તત્ત્વ. તેથી જુનાં 'સંચિત' કર્મો એક પછી એક ખરતાં જાય. ૯ સર્વથા નિર્જરા એટલે સર્વે કર્મોનો ક્ષય તે મોક્ષતત્ત્વ.

કર્મોના આ પ્રમાણે આપણે વિભાગ પાડી શકીએ. આજ દિવસ સુધી બાંધેલાં ( including past and the transient present–આમાં ભૂત તેમજ ક્ષણિક વર્તમાન કર્મનો સમાવેશ થાય છે ) ને હવે બંધાશે તે. હવે બંધાશે તેનું નામ 'પુરૂષાર્થ–એ આપણા હાથમાં છે. સંવરતત્વમાં રહી આપણે નિર્જરા કરી શકીએ. ભૂત કર્મોના બે પેટાભાગ પડી શકેઃ હમણાં આપણે જે ભોગવીએ છીએ–જે હમણાં આપણને અસર આપી રહ્યા છે e. g. ઉદાહરણ તરીકે આપણી માંદગી, તે "ક્રિયમાણ"–છૂટા તીરની જેવા, ભોગવે છૂટકો.–બીજા 'સંચિત'–'પ્રારબ્ધ'–જે કર્મનો ખજાનો હજી ભર્યો છે, જે હવે પછી ફળ આપશે તે. એમની અસર આપણે નિર્જરા કરી પાતળી કરી શકીએ. આ પરિભાષા –phraseology–'વેદ' અનુસાર છે. મને આપણી પરિભાષા–સત્તા, ઉદય, ઉદીરણા વગેરે બરોબર ધ્યાન નથી, તેથી તેમ લખ્યું છે.

આ ઉપરથી આપણું કર્તવ્ય સહજ સમજી શકાય એમ છે- (૧) જે કર્મો 'ઉદય'માં છે–'ક્રિયામાણ' છે–તેમને **સમ**ભાવે–રાગદ્વેષના પરિણામ લાવ્યા વિના–મન ચળવિચળ કર્યા વિના–ભોગવવાં (૨) નવાં કર્મ બનતાં સુધી બાંધવાં નહિ–સંવરતત્ત્વમાં રહેવા કોશેશ કરવી, પણ તે મુશ્કેલ છે, માટે સત્ 'પુરૂષાર્થ' કરવો. (૩) જે 'સત્તામાં'–latent રહ્યા છે એવા 'સંચિત' કર્મ નો સત્શાસ્ત્ર, વિનય, માનસિક (ઉપર ટાંકેલ **સ**રસ્વતીચંદ્રનો ઉતારો સરખાવો ) તથા શારીરિક તપ આદિથી નિર્જરા–ક્ષય–કરવા મથવું. એમાં વર્તમાન કર્મ–સતને વેદવું બહુ દુર્ઘટ છે. એમાં જ્ઞાનીને અજ્ઞાનીની ક્રિયાનો ફેર તરતજ જણાઇ આવે છે. ઘોડા ઉપરથી આપણે અચાનક પડયા, ત્યાં આપણે ઘોડાપર રોષ કરીએ છીએ કે 'તેણે તોફાન કર્યું ત્યારે આપણે પડયા,' ને પશ્ચાતાપ કરીએ છીએ કે 'આપણે તેનું શું બગાડયું હતું ?' જ્યારે જ્ઞાની ત્યાં એવો દ્વેષ કરતો નથી, મનને શાંત રાખે છે ને વિચારે છે કે પ્રારબ્ધમાં હતું તે ભોગવ્યું. આપણે રોષ કરી નવો બંધ પાડીએ છીએ, જ્યારે જ્ઞાની નવાં કર્મ બાંધતા નથી એટલું નહિ પણ ઉલટું સમભાવે વેદવાથી નિર્જરા કરે છે, આમ મહદ્ ફેર છે.

આંખમાં કાંકરી પડે કે શય્યામાં માંકણ હોય તો જ્ઞાની કાંઇ તેને રહેવા દેતા નથી–દૂર કરે છે–પણ તે ચિત્તમાં કાંઇ વિકલ્પ લાવ્યા વિના–પ્રસન્ન ચિત્તે 'પરિસહ' સહન કરવાની બુદ્ધિથી; જ્યારે અજ્ઞાની મનને ચળવળાવી–રાગદ્વેષ કે હર્ષશોકથી તે ક્રિયા કરે છે. તેથી પરિણામ જુદાં આવે છે.

સમકિત વિનાનો એક પળમાં અસંખ્યાતાં નવાં કર્મ બાંધે છે, જ્યારે જ્ઞાની તેજકાળમાં તેવાજ પ્રસંગોમાં–અસંખ્યાતા ખપાવી નાંખે છે ! શું જ્ઞાનીની બલિહારી છે ! આપણને રોગાદિ થાય છે તે પૂર્વકર્મ કે આ ભવમાં ખાવાપીવામાં કરેલ અતિચારને લીધે થાય છે. તેમાં હિંસક દવા વાપરવાથી કર્મનો વધારો થાય છે. કદાચ તાત્કાલિક ભૂતકર્મની બાબતમાં આપને ફાયદો કરે, પણ હિંસક દવા વાપરવાથી નવો કર્મનો બંધ પડે ને તે ભવિષ્યમાં ફળ આપ્યા વિના રહે નહિ. એ વાત પ્રસંગવશાત્ કહી છે, તે આ સંબંધમાં બરાબર સમજી શકાય એમ છે.

ધર્મવિષય હવે ટુંકામાં પૂર્ણ કરૂં છું. સમકીતી–જ્ઞાનીનાં–લક્ષણ શ્રીમદ્ રાયચંદ્રે નીચે મુજબ ગાયાં છેઃ—

દોહરો.

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ,
ભવે ખેદ અંતર દયા, તે કહિયે જિજ્ઞાસ.

આટલુંએ ન હોય, ને વીતરાગવચનમાં દૃઢ-નિઃશંક શ્રદ્ધા હોય-તેને પણ સમકીત કહ્યું છે. જેને મનમાં બે ઘડી પણ સમકીતી પરિણામ થયા હશે, તેનો અર્ધો સંસાર કપાઇ ગયો એમ **જિન**વચન છે; માટે **જિને**શ્વરપર અચળ-નિઃશંક વિશ્વાસ રાખજો. અંતરથી બને તેટલું બહુમાન કરજો.

નિશ્ચય માનજો કે (૧) આત્મા છે; (૨) તે **નિત્ય** છે; (૩) પોતાનાં કર્મોનો તે કર્ત્તા છે; (૪) પોતાનાં કર્મોનો તે ભોક્તા છે; (૫) મોક્ષ છે; (૬) મોક્ષનો ઉપાય સદ્‌ધર્મ છે. ૭ દર્શન આ ૭ સ્થાનકમાં સમાઇ જાય છે; જેમકે **ચાર્વા**કના જડવાદીઓ (૧) ને નથી માનતા એટલે કોઇને નથી માનતા; એમ (૧) પછી (૨), પછી (૩) એમ જુદા જુદા દર્શનો પોતાની માન્યતામાં સ્થાનકો ગ્રહણ કરતા જાય છે, જ્યારે જૈન તે છએને સંપૂર્ણપણે યથાર્થરૂપે માને છે. આ ૭ સ્થાનકની શ્રદ્ધા સમકીતમૂળ છે. સમકીત પામ્યા પછી પાંચપચીસ ભવે સંસારનો નક્કી અંત છે. માત્ર ઉત્કૃષ્ટ કઠણ કર્મીને અરધો સંસાર રહે છે, નહિતો ત્રણ ભવે, પાંચભવે, પંદર ભવે મોક્ષ છે. અનાદિથી આપણે ભવભ્રમણ કરી રહ્યા છીએ; ચક્રવર્તિથી તે નિગોદને અનંતકાય વનસ્પતિ-કંદમૂળ-જેવા બધા ભવ આપણે કર્યા છે તો તેના પ્રમાણમાં બે ચાર ભવ તે શું ? માટે ભવસ્થિતિ ક્ષય કરવાનું આ બીજ ભાવપૂર્વક વાવજો.

આપ શાણા છો; આગલા માણસનો સદ્ હેતુ સમજી શકો છો; મોત જેવી ગંભીર બાબત પર કંપારી ખાધા વિના વિચાર કરી શકો છો, તો તે સંબંધી બે બોલ ઉમેરવા રજા લઉં છું. મારો સદ્ આશય આપ ગ્રહણ કરશો એવા વિશ્વાસથીજ એ સંબંધે છૂટથી વિચાર કરું છું-લખું છું.

"મોત આવવાનું હશે તો આવશે"-યા "નહિ આવે"—એમ બે રસ્તા સિવાય ત્રીજો રસ્તો નથી. બંને માટે પ્રસન્ન ચિત્તે આપણે તૈયાર રહેવું એ સતપુરૂષનું લક્ષણ છે. 'Live as if you were to die tomorrow; learn as if you were to live for ever." મનુષ્ય દેહ હશે તોજ આત્મસાધન થઈ શકશે. માટે દેહ ટકાવા બનતા ઉપાય લેવા એ આપણું કર્તવ્ય છે. માત્ર આખો દિવસ તેનું ધ્યાન રાખવું-તેની ચિંતા ફિકર રાખવી-શોક ધરવો એ કર્તવ્ય નથી. શોક કે ચિંતાનું નામ ન હોવું જોઇએ, નહિ તો વ્યર્થ કર્મ બંધન થાય; પણ ઉપર જણાવ્યા પ્રમાણે તે વેદના સમભાવે ભોગવવા પ્રયાસ કરવો. મનને એવા આર્ત તથા રૌદ્ર ધ્યાનમાંથી ખેંચી ધર્મધ્યાનમાં લગાવી પોતાનો માનવભવ સફળ કરવો. આજ પર્યંત પોતે કરેલા પાપ સંભારી શુદ્ધ અંતઃકરણથી પશ્ચાત્તાપ કરવો, ને મન-વચન-કાયાથી મિચ્છામી દોકડો લેવો. સંસારના સર્વે જીવો પ્રત્યે અનુકંપા ( દયા ), કરૂણા ( દોષવાનપર, પણ દ્વેષ નહિ ), પ્રમોદ ( ગુણી તથા ગુણનું ઉલ્લાસપૂર્વક અનુમોદન-પ્રશસ્ત રાગ), મૈત્રી-સમભાવ-Sympathy-equal feeling એવી ચાર ભાવના રાખવી. કુટુંબ શરીર-સુખ-વગેરે પર વિરાગ-વૈરાગ્ય આણવો. એટલે

# સ્ત્રીઓનો પોશાક.

લખનારઃ—રા. રા. ડાહ્યાભાઈ લક્ષ્મણભાઇ પટેલ.

જુન માસનો આરમ્ભ હતો. સખ્ત તાપ પડતો હતો. ઉકળાટથી લોકો મુંઝાઇ જતા હતા, ગભરાઇ જતા હતા. સખ્ત ગરમીના આ દિવસમાં અમદાવાદથી સાંજે ચાર વાગ્યાના લગભગમાં ઉપડતી ફાસ્ટ ટ્રેનમાં કોઈ કામે સિદ્ધપુર જવા માટે હું બેઠો હતો. ટ્રેન ઉપડવાની તૈયારી હતી તેવામાં મુંબાઇ તરફના જણાતા એક બે સદ્‌ગૃહસ્થ, એક સન્નારી, બે નાની છોકરીઓ તથા પુષ્કળ સર સામાન સાથે અમારા ' કૉમ્પાર્ટમેન્ટ ' આગળ આવી પહોચ્યાં. અમારા ' કૉમ્પાર્ટમેન્ટ'માં ગિરદી ઘણી હતી. માંડમાંડ આ લોકોએ પોતાનો સરસામાન ' પોર્ટરો ' પાસે ડબામાં નંખાવ્યો અને ટ્રેન ઉપડતાં ઉપડતાં તેઓ ડબામાં દાખલ થયાં. પહેલાંતો બે ચાર મિનિટ ઉભાં રહ્યાં. આખરે, અન્ય ઉદારચરિત ' પૅસેન્જરો 'એ તે સહુને થોડી થોડી છૂટી જગા કરી આપી.

આ લોકો ડબા આગળ આવ્યાં, ત્યારથી ડબાનાં સર્વ સ્ત્રીપુરૂષની દૃષ્ટિ આ કુટુમ્બની સન્નારી તરફ હતી. સ્ત્રી લગભગ ૧૬ વર્ષની યુવાન્, લાવણ્યવતી–સુંદર હતી. લોકોની ખસ દૃષ્ટિ તેના તરફ હોવાનું કારણ તેનો પોશાક હતો. અર્ધી બાંધના, ગંજીફરાક જેવા ફ્રૉક, પોલકાં એ તો હવે સર્વસામાન્ય થઇ પડયા છે, પરન્તુ આ સન્નારીએ પહેરેલા ફ્રૉકને લગભગ બગલ સૂધી બાંહ્ય જ હતી નહિ. સમાજમાં સ્ત્રીઓ ફેશનને નામે આવો અર્યાદ, લગભગ નિર્લજ્જ પોશાક પહેરે છે, પહેરતી થઇ છે, એ જોઈ મને ઘણો ખેદ થ[illegible] અને એ ખેદ એક લેખદ્વારા પ્રસિદ્ધ કરવાની તીવ્ર ઈચ્છા મને તેજ વખતે થઇ [illegible] હતી.

[illegible] પાસ કરતાં માલમ પડયું કે આ કુટુમ્બ મૂળ સુરતનું અને જૈન હતું; મુંબાઇમાં ચં[illegible]માં નિવાસ કરતું હતું અને એક આગેવાન ઝવેરી કુટુમ્બ તરીકે આખા મુંબાઈ શહે[illegible] વેપારી વર્ગમાં સુપ્રસિદ્ધ હતું.

[illegible]લ, જૈન સ્ત્રીઓમાં, તેમ પ્રમાણમાં સર્વ કોમની સ્ત્રીઓમાં સુઘડ અને સ્વચ્છ દેખા[illegible] કરતાં, ફેશનેબલ દેખાવાનો, અપ—ટુ—ડેટ, છેલ્લામાં છેલ્લી ફેશન મુજ[illegible] વસ્ત્રાલંકાર સજવાનો શોખ વધવા લાગ્યો છે. અમદાવાદમાં દશ વર્ષ પહેલાં ના[illegible]ને ક્ષત્રી કોમની સ્ત્રીઓ પહેરવેશમાં આગળ પડતી હતી. હાલ, આ શહેરમાં જૈન[illegible]ને લેઉવા સ્ત્રીઓ ફેશનનાં નેતા છે. મારી કદાચ ભૂલ થતી હશે પણ જૈન સ્ત્રીઓ પહે[illegible], ઉપર, વસ્ત્રાલંકાર ઉપર વિશેષ લક્ષ આપે છે અને જીવનના સામાન્ય વ્યવહારમાં નાટ[illegible] નાયિકાઓનું અનુકરણ કરતી હોય એવો ભાસ આપે છે. સ્ત્રીઓ ગંદી ફુવડ જેવી[illegible] તેના કરતાં ફેશનના વિચારથી પણ સ્વચ્છ રહે એને હું કાંઇક વધારે પસંદ કરું[illegible] પરન્તુ સ્ત્રીઓ સુઘડ અને સ્વચ્છ દેખાવા ઉપરાંત ફેશનેબલ–ફેશનેબલમાં પણ ફેશનેબ[illegible] ખાવા યત્ન કરે છે, વસ્ત્રાલંકારનાજ વિચારમાં, તેનીજ ફિકરમાં, ટાપટીપમાં પોતાનો સમ[illegible]ળે છે, જીવનમાં અન્ય ઉપયોગી કર્ત્તવ્ય મૂકી, આ તરફ હદ બહાર ધ્યાન્ આપે

છે, પોશાક જીંદગીની એક જરૂરીયાત છે એમ સમજવાને બદલે, પોશાક ... પહે
ઓઢવા માટેજ જીંદગી છે એમ સમજે છે, એ વસ્તુસ્થિતિને હું બિલકુલ પસંદ કરતો નથ

આપણે ઘણી બાબતમાં યુરોપિયન લોકોનું અનુકરણ કરીએ છીએ. તેમનું ઉ ચારિત્ર, તેમના કેટલાક સદ્‌ગુણ ખરેખર અનુકરણપાત્ર છે. છતાં, તેઓ તરફની પૂર્ણ સન્માન સાથે પણ કહેવું જોઇએ, કે કેટલાક ખાસ પ્રસંગે તથા અમુક સમયે તેઓ ... નિ પોશાક પહેરે છે તે હરેક પ્રસંગે, દરેક વખતે પહેરવાનું અનુકરણ હિંદી સ્ત્રીએ એ ક ઉચિત નથી. લગભગ બાંય વગરનો, છાતીનો કેટલોક ભાગ નિર્લજ્જતા સાથે ઉઘાડો એવો પોશાક હિંદી જનસમાજમાં કોઇપણ રીતે દાખલ થવા જેવો નથી. પારસીઓ જે યુરોપિયનની વધારેમાં વધારે નકલ કરનાર છે. તેઓ પણ સામાન્ય રીતે આવે ઉઘ આવો નિર્લજ્જ, અમર્યાદ પોશાક પહેરતાં નથી. આ પ્રસંગે કહેવું જોઇએ કે આ દૃ જૂના ગુજરાતી કમખા પણ પોશાક તરીકે નાપસંદ કરવા લાયક છે, તેનો ઉપયોગ ઓ થતો જાય છે, અને તદ્દન બંધ થવા જેવો છે.

પુરુષો તેમ સ્ત્રીઓ ઉજ્જવલ, આકર્ષક, સુન્દર વસ્ત્રાલંકાર ધારણ કરે તેની હું પ્રશંસા ન વસ્ત્રનો એક કાપ એમ હોય કે આમ હોય, બાલનું એક ઝુલફું એમ હોય કે આમ હે બાલમાં ચોટલી હોય કે ત્રણ ખૂણાનો ચહેરો હોય, બૂટ સાદાં હોય કે ફેશનેબલ હે ઉંચી એડીનાં હોય કે નીચી એડીનાં હોય તેની હું ઝાઝી દરકાર કરતો નથી. સ્ત્રી પુરુ પોશાક અને તેમના ચરિત્રને ઘણો સંબંધ હોય એમ હું માનતો નથી ચોટ વાળા પવિત્ર અને પ્રમાણિક તથા ચહેરાવાળા મલિન અને બદમાશ હોય ર હું ધારતો નથી. કોટ, પાટલુન અને ટોપી પહેરનાર પુરુષો તથા વસ્ત્રાલંકારની ટાપટીપ રનાર સ્ત્રીઓ—સહુ વહીગયેલાં અને પાઘડી અંગરખું તથા ધોતીયું પહેરનાર પુરુષો વસ્ત્રાલંકારમાં બેદરકાર, ગંદીઘેલી સ્ત્રીઓ-સર્વ શાણાં હોય એમ હું માનતો ... દો ... પહેરનાર સર્વ સ્ત્રીપુરુષ નિષ્કલંક અને ફેશનેબલ પોશાક પહેરનાર સર્વ હોય એમ હું ધારતો નથી. છતાં, આરોગ્ય, સભ્યતા, વિવેક અને લજ્જાના વિચા રાખી, ફેશનને સન્માન આપવામાં આવે તેને હું કોઇ પણ રીતે પસંદ કરતો નથી ર.

સ્ત્રીઓ વિનીતતા લજ્જા અને મૃદુતાની પ્રતિમા છે. આ ત્રણે બાબતો ... રાખી, ઋતુના ફેરફારોમાં તેમનું રક્ષણ થાય, તેમને અનુકૂળ થઇ પડે તેવો, પોતાની ... રિક સ્થિતિ સહન કરી શકે તેવા ખર્ચવાળો પોશાક તેઓએ પહેરવો જોઇએ. અ તદ્દન ઝીણાં, જાળમાળીઆં, પારદર્શક, અત્યંત સખ્ત, સ્થિતિ ઉપરાંતના ખર્ચવાળાં ... અલંકાર પહેરવા તરફ સમાજે સખ્ત નાપસંદગી બતાવવી ઘટે છે.

સ્ત્રીઓએ કયાં કમાવું છે, સ્ત્રીઓને કાંઇ કમાવાની ફિકર છે, એમ કેટલાક સ્ત્રી પુરુષ કહે છે પણ તે ખોટું છે. યુરોપમાં જેમ સ્ત્રીઓ કમાણી માટે વ્યાપાર ( છે તેમ આ દેશમાં પણ કેટલાક વર્ગની સ્ત્રીઓને ઉપાર્જન કરવું પડે છે, *પોતાના નિભાવમાં પતિને* કે કુટુમ્બના વડીલને સહાયતા કરવી પડે છે. હિંદી જનસમાજમાં- માં, સ્ત્રીઓ કુટુમ્બના નિભાવમાં મદદ કરતી હોય કે ન હોય છતાં કુટુમ્બનું ખર્ચ, ક

આ બાબત સ્ત્રીઓએ ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે. માસિક ત્રીશ રૂપિઆની આવક વાળા કુટુમ્બની સ્ત્રીઓ ત્રણસેં રૂપિઆની માસિક આવકવાળા કુટુમ્બની સ્ત્રી બરાબર વસ્ત્રાલંકાર પહેરવાની ઇચ્છા રાખે, વસ્ત્રાલંકારમાં તેની સાથે સ્પર્ધા કરવા યત્ન કરે, એ યોગ્ય નથી એટલુંજ નહિ પણ અન્તે આ પદ્ધતિ ઓછી આવકવાળા કુટુમ્બની પાયમાલી કરે છે. પૂરતા સાધન વગરના લોકો શક્તિ ઉપરાંતનાં ખર્ચથી વસ્ત્રાલંકાર ધારણ કરી, થોડો વખત અજ્ઞાન લોકોને આંજે છે પણ આ ખોટો ઠાઠ લાંબો વખત ચાલતો નથી, પોકળ બહાર પડી જાય છે અને તેઓ હાંસીને પાત્ર થાય છે.

કેટલાક એમ માને છે કે, સ્ત્રીઓનો પોશાક, પુરૂષોના પોશાક કરતાં વધારે સુન્દર અને મોહક રહેવો જોઇએ, આ વિચારનો હું કેટલેક અંશે સ્વીકાર કરૂં છું. પરન્તુ પોતાનો પોશાક સુન્દર અને મોહક રાખવાના સંબંધમાં સ્ત્રીઓએ હદ બહાર ચીવટ બતાવવી એ પોતાની જરૂરીયાતો, પોતાનાં ખર્ચ, પોતાની ઇચ્છાઓ હદ બહાર વધારવા સમાન છે અને તેનું પરિણામ પુરૂષોને હદ બહાર અધીન થવામાં, તેમની અયોગ્ય ઇચ્છાઓને પણ અનુકૂળ થવામાં, પુરૂષોનું દાસત્વ ભોગવવામાં, કૌટુમ્બિક કલેશમાં, ખરાબીમાં આવે છે એ નિર્વિવાદ છે. સ્થિતિને અંગે હરકત ન હોય તો પરણ્યા પહેલાં છોકરીઓ વિવિધ પ્રકારના વસ્ત્રાલંકાર પહેરે એમાં હરકત લેવા જેવું ખાસ કાંઇ જણાતું નથી. એપિકટેટસ કહે છે તેમ અવિવાહિત છોકરા છોકરીઓની ટાપટીપ કાંઇક બચાવ કરવા જેવી છે પણ વિવાહિત ટાપટીપ કરે એ શારીરિક વાસનાઓને સ્ત્રી પુરૂષ હદબ્હાર હદ બહાર બહેકાવવા જેવું છે. આ રીતે મારા ધારવા પ્રમાણે તો સ્ત્રી પુરૂષોએ સુન્દર અને મોહક દેખાવાના પ્રયત્ન કરતાં, સ્વચ્છ અને સુઘડ દેખાવાને પ્રયત્ન કરવો વધારે યોગ્ય છે. કિંમતી વસ્ત્રાલંકાર માત્રથી પોતાને સુન્દર અને મોહક બતાવવા અભિલાષ રાખનાર સ્ત્રીઓ જ્યારે ઢીંગલીઓ જેવી જણાય છે, ત્યારે સ્વચ્છતા અને સુઘડતા વડે કુદરતથી ઓછા રૂપ વાળી સ્ત્રીના સૌન્દર્યમાં કાંઇક વિશેષતા માલમ પડે છે અને જે કુદરતથી સુન્દર હોય, તેનું સૌન્દર્ય સ્વચ્છતા અને સુઘડતા વડે વધારે આકર્ષક બને છે.

સંક્ષેપમાં, કહેવું જોઇએ કે, સામાન્ય રીતે આપણા નિર્ધન દેશમાં વસ્ત્રાલંકારની જરૂરીયાતો, ઝાઝી ન વધે એ જોવાની ખાસ જરૂર છે. દેશના ગરીબ તેમ તવંગર લોકોના પૈસા ફેશનની નિરર્થક ફિશિયારીઓમાં, નિર્લજ્જતામાં ખર્ચાય તેને બદલે, કુટુમ્બના તેમ દેશના ખરા કલ્યાણના માર્ગમાં ખર્ચાય એ ખાસ જોવા જેવું છે. આગળ કહેવામાં આવ્યું છે તેમ જીંદગી પહેરવેશ માટે નથી, પહેરવેશ જીંદગી માટે છે અને સુજ્ઞ સ્ત્રી પુરૂષોએ, પોતાના દ્રવ્ય અને સમયનો વ્યય વસ્ત્રાલંકારની નિરર્થક ટાપટીપમાં કરવા કરતાં, લોકકલ્યાણનાં કાર્યમાં તેનો વ્યય કરવો ઘટે છે. ગંદાં ન દેખાવું તેમ વસ્ત્રાલંકારની ઘેલાઈ ન કરવી—તે સાથે સ્વચ્છતા અને સુઘડતાનો માર્ગ ગ્રહણ કરવો એજ ઇષ્ટ છે એમ મારૂં માનવું છે.

# मनुष्यपूजानी मजा

अथवा

# आत्मदर्शननो आनंद.

લખનાર:-રા. રા. પઢીયાર.

સોમચંદ શાહ બહુ શ્રદ્ધા વાળો ને ભાવિક વાણિઓ હતો. તેની પાસે ઘણા પૈસા હતા, ધંધો રોજગાર બહુ સારી રીતે ચાલતો હતો, અને કુટુંબ સુખની બાબતમાં પણ બીજા ઘણા લોકોના કરતાં તે વધારે નસીબદાર હતો. આવી સગવડો છતાં પણ એ બધી બાબતોમાં તે આસક્ત થઈ જતો નહિ, પણ એ બધું કરતે છતે તેનો આત્મા અંદરથી કાંઇક બીજી વસ્તુ માગતો હતો, તેથી તે એ વસ્તુની શોધમાં ફર્યા કરતો હતો. એટલુંજ નહિ પણ પોતાનો આત્મા જે જાતનો આનંદ માગતો હતો ને જે જાતનું દર્શન ઇચ્છતો હતો તે મેળવવા માટે એ સાધુઓમાં ફરતો, મંદિરોમાં જતો, જુદાજુદા દેવોની પૂજા કરતો, જુદાં જુદાં તીર્થોમાં સ્નાન કરતો, જુદા જુદા તહેવારના દિવસે જુદી જુદી વિધિ પ્રમાણે દાન આપતો, અને ધર્મનાં ભજનો ગાયા કરતો, છતાં પણ તેને જે સંતોષ મળવો જોઇએ તે મળતો નહોતો અને તેનો આત્મા જે વસ્તુ શોધી રહ્યો હતો, તે વસ્તુ તેને મળતી નહોતી.

સોમચંદ શાહ આવી રીતે શ્રદ્ધાની બાબતમાં તથા પોતાનો વ્યવહાર ચલાવવામાં કુશલ હતો, પણ જ્ઞાનની બાબતમાં ઢીલો હતો. તેથી ઉંડા જ્ઞાનની ઝીણી ઝીણી ગલીઓમાં તે જઇ શકતો નહિ. અને ધર્મનાં ઉંચા ઉંચા સિદ્ધાંતો તે સમજી શકતો નહિ. તેથી વેદાંત. નું બહુ ઉચું જ્ઞાન તેને કામ લાગી શકતું નહીં, એટલે તેના તરફડાટ પ્રમાણે ને તેની ઇચ્છા પ્રમાણે તેને સંતોષ થાય તેવું તત્વ હજી સુધી તેને મળ્યું નહોતું.

હવે સોમચંદ શાહની ઉમર બાવન વર્ષની થઇ ગઇ હતી. ઘેર જુવાન દીકરો હતો તેણે ઘરનો કારભાર ઉપાડી લીધો હતો, પોતાની બાયડી થોડો વખત થયો ગુજરી ગઈ હતી, અને હવે તે ધંધામાંથી છુટો થયો હતો. એટલે પોતાનો ઘણો વખત ધર્મ ધ્યાનમાં ગાળતો. એવા વખતમાં તેને ખબર મળ્યા કે મહાત્મા બુદ્ધ અહિંથી થોડે દૂર સારનાથમાં પધારેલા છે ને તેમના ઉપદેશથી ઘણા જણાને સત્યજ્ઞાન થઇ ગયું છે, તેથી ઘણાં માણસો તેમની પાસે ઉપદેશ લેવા માટે જાય છે. એ સાંભળીને આત્માની શાન્તિ માટે તરફડતા હૃદયવાળો સોમચંદ શાહ પણ મહાત્મા બુદ્ધની પાસે જવા નીકળ્યો.

ત્રીજે દહાડે તે મહાત્મા બુદ્ધની પાસે પહોંચ્યો. એ વખતે મહાત્મા બુદ્ધ એક ખુલ્લા મેદાનમાં ઝાડની નીચે ધ્યાનમાં બેઠેલા હતા. અને તેનાથી થોડે દૂર સેંકડો માણસો તેના ઉપદેશ માટે વાટ જોઈ રહ્યાં હતાં. કારણકે બુદ્ધના ઉપદેશથી તુરતજ જ્ઞાન મળી જાય છે ને આત્મદર્શન થઇ જાય છે, એવી કીર્તી ચોતરફ ફેલાઇ ગઇ હતી. તેથી ઘણે દૂર દૂરથી માણસોનાં ટોળેટોળાં દોડયાં આવતાં હતાં.

મહાત્મા બુધ્ધે અતિશય ઉગ્ર તપશ્ચર્યા કર્યા પછી તથા અનેક જાતનાં સાધનો કર્યા પછી છેવટે બદ્ધ ગયામાં બોધિ વૃક્ષ નીચે તેમને સત્યજ્ઞાન ને સત્યદર્શન થયું હતું. એ

પછી ત્યાંથી ઊઠીને પ્રથમ તેઓ **કાશી**એ ગયા હતા, અને ત્યાં **સાર**નાથ નામની જગ્યા છે તે ઠેકાણે બેઠા હતા. એ વખતે ત્યાં રખડતા પાંચ **અ**જ્ઞાન માણસોને ઉપદેશ આપ્યો હતો તેથી એ પાંચે માણસોને તુરતજ મુક્તિ મળી ગઇ હતી. એ જોઇને લોકો અજબ થઇ ગયા હતા, તેથી મહાત્મા **બુદ્ધ**ની કીર્તિ પવનના વેગથી ચોતરફ ફેલાઈ ગઇ હતી. અને તેની એવી કીર્તિ ફેલાય તેમાં કાંઇ નવાઈ પણ ન હોતી. કારણકે **બુદ્ધ**નો ત્યાગ, **બુદ્ધ**ની શાન્તિ, **બુદ્ધ**નું તપ, વિશુદ્ધિ, **બુદ્ધ**નું ચારિત્ર, **બુદ્ધ**ની સત્ય શોધવાની જીજ્ઞાસા, **બુદ્ધ**ની સ્વતંત્રતા, અને **બુદ્ધ**નું જ્ઞાન એ અનુપમજ હતું. એટલે તેને સત્ય દર્શન થાય તેમાં કાંઈ નવાઇ ન હોતી. તેમજ તેના ઉપદેશથી અજ્ઞાન લોકોને પણ સચોટ અસર થાય ને તેઓના અંતરના પડદા ઉઘડી જાય, તેમાં પણ કાંઇ નવાઇ નહોતી. આવા સ્વર્ગિય મહાત્માની પાસે **સોમ**ચંદ શાહ આવી પહોંચ્યા, અને તેમને ધ્યાનસ્થ અવસ્થામાં નિરખવા લાગ્યા.

**બુદ્ધ** ભગવાનને નિરખતે નિરખતે **સોમ**ચંદ શાહનો આત્મા જાગી ઉઠ્યો. કારણકે તેમનો ચહેરો જોતાંજ તેને એમ લાગી ગયું કે "આ મહાત્મા માટે લોકો જે જે વાતો કરે છે તે કરતાં તો આમાં ઘણું વધારે છે. ઓહો !! તેમના ચહેરા ઉપર રમી રહેલા આ બધા દેવતાઇ ભાવોનું વર્ણન કેમ કરી શકાય ? બેશક, માણસોની વર્ણન શક્તિ બહુજ અપૂર્ણ છે. જે જે કહેવું જોઇએ તે બરોબર રીતે કહી શકાતુંજ નથી, એમ **બુદ્ધ** ભગવાનનાં દર્શનથી મને લાગી જાય છે. આહા ! શું આ મહાત્માની શક્તિ ! શું તેની ગંભીરતા ! શું તેના આત્માનો આનંદ ! અને શું તેના હૃદયની ઉચ્ચ ભાવના ! મને તો એમ લાગે છે કે તેના અંતરના પડેપડમાં આત્મજ્યોતિ ઝળકી રહી છે. તેના શરીરનાં બધાં રૂવાડાં પ્રકાશ ફેંકી રહ્યાં છે. તેના શરીરની અંદરનાં બધાં પરમાણુ આનંદના આનંદમાં નાચી રહ્યાં છે. તેના ચહેરા ઉપર જે અલૌકિક તેજ છવાઈ રહ્યું છે અને જે તેજનાં કીરણો બહાર વહ્યાં કરે છે તે કિરણોમાં મને મોક્ષનો આનંદ દેખાઈ જાય છે, અને તે કિરણો જાણે અમારામાં પણ કાંઇક રેડી દેતાં હોય એવો મને અનુભવ થાય છે. ઓહો ! આ મહાત્માના ચહેરામાં શું છે ? મને એ કહેતાં આવડતું નથી, પણ મારૂં હૃદય ગળી જાય એવું કાંઇક તેમનામાં છે. આ તેમની મીચેલી આંખો મને શું શીખવે છે ? એ આંખો જોઇને મને જગતના મોહ તરફ એ રીતે આંખો મીચી દેવાનું મન થઇ જાય છે. આ તેમના કપાળની કરચલીઓ મને તપ કરવાની સૂચના કરે છે અને તપમાં શું બળ છે તે મને સમજાવે છે. આ તેમના ચહેરા ઉપર જે કુદરતી આનંદ છવાઈ રહ્યો છે તે આનંદ મને તેઓના ચરણમાં ઝુકી પડાવે છે. અને તેમના મસ્તક ઉપરના શ્વેત કેશ મને જાણે પવિત્રતા આપતા હોય એમ મને લાગે છે. આહા ! શું એક મહાત્માનું શરીર પણ આટલી બધી અસર કરી શકતું હશે ? ધન્ય પ્રભુ ! ધન્ય !"

આવા વિચારો જ્યારે તે કરી રહ્યો હતો ત્યારે તેની પોતાની અંદર પણ અજબ જેવા ફેરફારો થઈ ગયા હતા. જેમકે—

એ વખતે તેની નાડીની ગતિમાં તથા તેના શ્વાસના ધબકારામાં પણ ફેર પડી ગયો હતો. એ વખતે તે દુનીયાંને ભુલી ગયો હતો. એ વખતે તેના અંતરમાં ઘણી જાતની વૃત્તિઓ નાચી રહી હતી. એ વખતે તેની આંખોમાં અનેક ભાવ વાળી કાંઇક ખાસ રોશની ચમકી રહી હતી. એ વખતે તેના ચહેરા ઉપર એક કુદરતી પ્રકાશ ફેલાઈ રહ્યો હતો. એ વખતે જાણે તેના પુન્યનો ઉદય થઇ ગયો હતો. એ વખતે જાણે તેની ઉપર

ઇશ્વરની કૃપા છવાઇ રહી હતી. એ વખતે જાણે તેનામાંથી મનુષ્ય સ્વભાવની નબળાઈ નીકળી જઇને તેને બદલે દેવભાવ આવી ગયો હોય તેમ લાગતું હતું. અને એ વખતે જાણે તેનું જ્ઞાન તેના અનુભવમાં આવતું હોય એમ લાગતું હતું. ટુંકામાં એજ કે, એ વખતે જાણે તે નવો માણસ• બની ગયો હોય એમ જણાતું હતું. આવી દશામાં આવીને તે પોતાના મનમાં **બુદ્ધ** ભગવાનને કહેતો હતો કે, " હે પ્રભુ ! હવે મને તમારી પૂજા કરવાદો, ને તમારા ચરણને શરણે રહેવા દો. " આમ તે વિચારી રહ્યો હતો એટલામાં મહાત્મા **બુદ્ધે** ધ્યાનમાંથી પોતાની આંખ ખોલી, ને તેની સામે જોયું. એ વખતે **સોમ**ચંદ શાહની દૃષ્ટિ પણ મહાત્મા **બુદ્ધ**ની દૃષ્ટિની સાથે મળી ગઈ, અને એજ વખતે **સોમ**ચંદશાહને મહાત્મા **બુદ્ધ**ની અંદર આત્મદર્શન થઇ ગયું. કાંઇ પણ શબ્દોના ઉપદેશની જરૂર રહી નહિ. પ્રથમ ભાવના, પછી શરીર દર્શન, અને પછી દ્રષ્ટિના એકાકારથીજ **સોમ**ચંદશાહને જે વસ્તુ જોઇતી હતી તે મળી ગઇ. એ વખતે ગદ્ગદિત થઇને **સોમ**ચંદશાહ મહાત્મા **બુદ્ધ**નાં ચરણ પકડીને ઘણીવાર સુધી તેમાં પડયો રહ્યો. ઉઠવાનું તેને ભાન રહ્યું નહિં. આનંદના સમુદ્રમાં ડૂબેલો કેટલીક પળો સુધી તે ત્યાં પડયો રહ્યો. એ પછી એ આનંદના સમુદ્રમાંથી ડૂબકી મારીને જ્યારે તે બહાર નીકળ્યો ત્યારે મહાત્મા **બુદ્ધ** સામે જોઇને તે કહેવા લાગ્યો કે, " ભગવાન્ ! આવી કૃપા ! આના બદલામાં હું શું કરી શકું ? મને આપની પૂજા કરવા દો. "

ત્યારે મહાત્મા **બુદ્ધે** કહ્યું કે, " ભાઇ, શું પૂજા કરવી હજી બાકી રહી છે ? તારી પૂજાને લીધે તને ફળ મળી ચૂકયું છે તું એમ સમજે છે કે, આ બધું મેં કરેલું છે; પણ નહિ ભાઇ એમ નથી. એ બધું તારી ભાવનાનું ફળ છે. તારામાં ઘણા વખતની ઘણી જાતની તૈયારી હતી તેને લીધે મારી મારફત તને લાભ થયો છે, એટલે હું તો તેમાં નિમિત્ત માત્ર છું."

ત્યારે **સોમ**ચંદ શાહે કહ્યું કે, મહારાજ ! મારી લાયકીથી ને મારી મહેનતથી જો મારૂં કામ થયું હોત તો હું આપની પાસે આવવાની તસ્દી લેત નહિ. પણ મારી મહેનત કામ લાગી નહિ ને મને જોઇતી વસ્તુ મળી નહિ તેથીજ હું આપની પાસે આવ્યો છું, અને આપનાં દર્શન થતાંજ મારો આત્મા જાગી ગયો છે. તથા આપની દ્રષ્ટિ મારી દ્રષ્ટિની સાથે મળતાંજ વગર ઉપદેશે મારૂં કામ થઈ ગયું છે. માટે હવે એ ઉપકારના બદલામાં જરા તમારી પૂજા તો કરવા દો.

ત્યારે **બુદ્ધ** ભગવાને કહ્યું કે, આત્મદર્શનના આનંદ પછી પણ હજી તને પૂજાની વાસના રહી છે ? ભાઈ, જો તું એને ઉપકાર સમજતો હોય તો એ ઉપકારનો બદલો શું મારી પૂજાથી વળી શકે તેમ છે ? ભાઈ, તું કોની પૂજા કરીશ ? મારા દેહની કે મારા આત્માની ? જો મારા દેહની પૂજા તારે કરવી હોય તો એ પૂજામાં કાંઈ માલ નથી, કારણ કે એ દેહ તો થોડા વખતની અંદર અગ્નિમાં ફુંકાઈ જવાનો છે અગર માટીમાં મળી જવાનો છે. અને જો આત્માની પૂજા કરવા ઇચ્છતો હોય તો એ પૂજા તો થઇ ગયેલી છે. એ પૂજા કાંઈ કીધી થતી નથી, અને ખાસ ચાહીને પૂજા કરવામાં આવે તે પૂજામાં કાંઇ માલ નથી, પણ જ્યારે આવી સ્વાભાવિક રીતેજ પૂજા થઈ જાય ત્યારેજ કામ થઈ જાય છે. અને એજ પૂજા સાચી પૂજા કહેવાય છે. માટે હે ભાઈ, હવે તમે ફળ ફૂલની ને ધુપદીપની પૂજામાંજ રહી જાઓ માં, પણ **હવે તો આત્માવડે આત્માની પૂજા કરતાં શીખો એજ મારો ઉપદેશ છે.**

આ સાંભળીને **સોમ**ચંદ શાહે કહ્યું:—મહારાજ ! આપનાં દર્શનથીજ મને આટલી બધી અસર થઈ ગઈ તેનું કારણ શું ? એ સમજાવવાની કૃપા કરો. કારણ કે હું બહુ બહુ ઠેકાણે રખડયો છું અને ઘણાં વરસો સુધી મેં ઘણી જાતની મહેનતો કરેલી છે, પણ કોઈ ઠેકાણે મેં આવો પ્રભાવ જોયો નથી. માટે એ સમજાવવાની કૃપા કરો.

ત્યારે **બુદ્ધ** ભગવાને કહ્યું કે:–બેટા ! તારા મનમાં ઘણી જાતની તૈયારી હતી. તેં આજ દિવસ સુધી જે કાંઇ શુભ કર્મ કર્યાં છે, જે સત્સંગ કર્યાં છે, જે ધર્મના નિયમો પાળ્યા છે, અને જે દાન કર્યાં છે, તે બધાના સંસ્કારો તારા અંતરમાં હતા ! હવે માત્ર તને જરાક અગ્નિની જરૂર હતી, અને એ અગ્નિ તને મારી ઉપરના તારા શુદ્ધ ભાવમાંથી મળી ગઇ, એટલે તારા અંતરની અંદર પ્રકાશ થઈ ગયો. એમાં કાંઈ મારી બલિહારી નથી, પણ તારી અગાઉની તૈયારી એજ મુખ્ય વાત છે. જોને ! આ ઠેકાણે સેંકડો માણસો ઉભેલાં છે પણ તેઓને તારા જેટલી અસર કયાં થાય છે ? ભાઈ, આ વખતે તારા ચહેરામાં જે દીનતા છે, તારી વાણીમાં જે ગદ્ગદિતપણું છે, તારા અંતરમાં જે ધર્મભાવના છે, તારી લાગણીઓમાં જે જાગૃતિ છે, તારા હૃદયમાં જે વિશ્વાસ છે, તારી બુદ્ધિમાં જે ગ્રહણ શક્તિ છે, તારા મનમાં જે એકાગ્રતા છે, તારી ઇંદ્રિયોમાં જે તેજસ્વિતા છે, અને તારામાં અત્યારે જે નવું જીવન છે તે બીજાઓમાં કયાં છે ? બેટા, આપણા કરતાં બીજા ઉન્નત આત્માને જોઇને આપણી આવી દશા થઇ જાય તેનુંજ નામ સાચી પૂજા છે. અને જ્યારે એવી પૂજા થાય ત્યારેજ કામ થાય છે. માટે યાદ રાખજે કે, તારે પૂજા હવે બાકી રહી નથી, પણ મારી ઉપર તને આટલો બધો ભાવ આવ્યો ત્યારથીજ તું મારી પૂજા કરી ચુકયો છે. કારણકે, ભાઇ ! તારો આત્મા જાગેલો છે, માટે મારા આત્માને તેના અસલ સ્વરૂપમાં જોઇને તારા આત્મામાં નવું બળ આવેલું છે; અને યાદ રાખજે કે એ તારી આવી પૂજાનું ફળ છે. કારણકે મારે માટે થતી લોકોની વાતો સાંભળીને જ્યારે તું અહિં આવવા નીકળ્યો, ત્યારે મારે માટે તેં જે જે વિચારો કર્યા હતા, તથા મને જોવાથી તારા મનમાં જે જે અસર થઇ, એ બધી અસરોને લીધે તારા અંતરમાં નવી વીજળી પેદા થઈ, તેથી તને મારી અંદર કાંઇક વિશેષતા લાગવા માંડી અને જેમ જેમ મારી તરફનો તારો પૂજ્ય ભાવ વધતો ગયો તેમ તેમ તે વિશેષતા વધતી ગઇ; એટલુંજ નહિ પણ તેમાંથી આગળ જતાં તારો આત્મા ઉછળી નીકળ્યો અને તેણે તારા આત્માને તેના શુદ્ધ સ્વરૂપમાં જોઇ લીધો, તેથી તારૂં કામ થઈ ગયું છે. અને તેથી તારાં બંધન કપાઇ ગયાં છે. પણ યાદ રાખજે કે, આ બધું થવાનું મૂળ તારી પૂજા છે. જો તને મારી ઉપર આવી પૂજ્ય બુદ્ધિ થઇ ન હોત તો હું તને આટલો ફાયદો કરી શકત નહિ. માટે આજથી સમજી લે કે, મારી પૂજા કરવી હવે બાકી રહી નથી, પણ મારી પૂજા તો પ્રથમથીજ થઇ ગયેલી છે; એટલુંજ નહિ પણ એ પૂજા થઈ ગયા પછીતો તને આત્મદર્શનનું ફળ મળ્યું છે.

એ સાંભળીને **સોમ**ચંદશાહ મહાત્મા **બુદ્ધ**ના ચરણમાં પડી ગયો અને પોતાના આત્માવડે તેના વિશુદ્ધ આત્માનો આનંદ ભોગવવા લાગ્યો. એ પછી તેને તો ત્યાંથી ઉઠવાનું મન થતુંજ નહોતું પણ બીજા માણસોએ કહ્યું કે, હવે જરા અમને તો પગે લાગવા દો ?

ત્યારે **સોમચંદ** શાહ ત્યાંથી ઉઠયો, અને મહાત્મા **બુદ્ધ** સામે ઉપકારની કાંઇક ખાસ અજબ જેવી દ્રષ્ટિથી જોઇને કહ્યું કે, "મહારાજ ! હવે બીજું કાંઇ કહેવાનું છે ?"

ત્યારે મહાત્મા **બુદ્ધ** ભગવાને કહ્યું કે "ભાઇ ! હવે એકજ વાત કહેવાની છે, અને તે એ કે, જ્યારે **એક** માણસની પૂજા કરવામાંથી આટલોબધો આનંદ મળી શકે છે ત્યારે જો **બધા** આત્માઓની પૂજા થઇ શકતી હોય અને બધે ઠેકાણે આત્માનો અનુભવ થઇ શકતો હોય તો એમ કરનારનો આનંદ કેટલો બધો હોય ? તેનો જરા વિચાર કરજે, અને તારા બંધુઓને શીખવજે કે,..........મનુષ્યની પૂજાની મજા કાંઇ ઓર છે, અને આત્માના દર્શનનો આનંદ અલૌકિક છે. બેટા ! જા હવે આ સંદેશો જગતને કહેજે, અને તારાથી એમાંથી જેટલું પળાય તેટલું પાળવાની કોશિશ કરજે"–એમ કહી મહાત્મા **બુદ્ધ** ફરીથી ધ્યાનસ્થ થયા, અને **સોમચંદશાહ** મહાત્મા **બુદ્ધ**ના ચરણમાં મસ્તક ઝૂકાવી, તેમાંથી નવું બળ મેળવી **બુદ્ધ**નો સંદેશો જગતને આપવા માટે ચાલી નીકળ્યા.

બંધુઓ ! આવી મનુષ્યપૂજાની અને આવા આત્મદર્શનની તથા આવા ગુરૂઓની અને આવા શિષ્યોની હવે આપણા દેશને, દુનિયાને અને આપણા ધર્મને ખાસ જરૂર છે. માટે સહુ ભાઇ બ્હેનો એવી ખરી પુજા કરતાં શીખો, એમ મારી પ્રાર્થના છે.

# आदर्श जैन साधुओ जगतनुं हित शुं न करी शके ?

( લેખકઃ–મુનિમહારાજશ્રી **કર્પૂરવિજયજી.–પાલીતાણા.** )

જેમણે રાગ દ્વેષ અને મોહાદિક મહા રિપુઓને જીતી લીધા છે તે જિન અરિહંત કહેવાય છે અને તેમના ફરમાન મુજબ સ્વાર્થત્યાગ કરી સ્વપરહિત સાધનમાં ઉજમાળ થઇ રહેનાર જૈન સાધુ–મુનિ–નિગ્રંથ–અણગારના નામથી ઓળખાય છે. તેઓ ધોરી–વૃષભની પેરે પાંચ મહાવ્રતાદિક નિયમ ધુરાને ધારણ કરી રહે છે. તેઓ રાય રંકને સમાન ગણી ભેદ ભાવ રાખ્યા વગર સન્માર્ગ બતાવે છે. સદાય સમરસ ભાવમાં ઝીલ્યા કરે છે. ખોટી થાપ–ઉથાપ કરવામાં પોતાનો અમૂલ્ય વખત ગાળતા નથી. પણ અવિનાશીના ઘરની વાતો જાણવા–આદરવા ખપ કર્યા કરે છે. તેઓ સ્પૃહારહિત હોવાથી સોનાને પથ્થર સમાન લેખે છે. સ્ત્રી આદિક મોહક પદાર્થના પાશમાં પડતા નથી પણ કેવળ શિવ—વધુનો જ સંગ કરવામાં આદર વાળા હોય છે. તેઓ પોતાની નિંદા કે સ્તુતિ શ્રવણ કરી હર્ષ–શોક કરતા નથી. એવા યોગીશ્વરોજ જગતનો ખરો ઉદ્ધાર કરી શકે છે. તેઓ ચંદ્ર સમાન શીતલ સ્વભાવના અને સાયર જેવા ગંભીર પેટના હોય છે. તેઓ ભારંડ પંખીની પેરે અપ્રમત્તપણે સંયમ યોગમાં સાવધાન થઇ વર્તે છે અને મેરૂ પર્વતની જેમ નિશ્ચલ વૃત્તિને ધારણ કરે છે. તેઓ પંકજની પેરે ભોગ પંકથી ખરડાતાનથી–અળગા રહે છે તેમજ સ્નેહ જળથી પણ લેપાતા નથી. આવા સુસાધુઓજ પ્રભુના ખરા પ્રેમપાત્ર હોય છે. **શ્રીમાન્ ચિદાનંદજી**એ 'ચિદાનંદ બ્હોતેરી'–માં આવા વિરલ સંત–સુસાધુ જનોનું ગુણગાન નીચે મુજબ કરેલું છે તે આત્માર્થી પુરૂષોએ વાંચવા યોગ્ય છે,

રાગ તોડી.

નિરપક્ષ વિરલા કોઈ; અવધૂ ! નિરપક્ષ વિરલા કોઈ;
દેખ્યા જગ સહુ જોઈ–અવધૂ૦

સમરસ ભાવ ભલા ચિત્ત જાકે, થાપ ઉથાપ ન હોઇ;
અવિનાશીકે ઘરકી બાતાં, જાણેંગી જન સોઈ– અવધૂ૦ ૧
રાવ રંકમેં ભેદ ન જાને, કનક ઉપલ સમ લેખે;
નારી નાગણીકો નહિ પરિચય, તે શિવમંદીર પેખે– અવધૂ૦ ૨
નિંદા સ્તુતિ શ્રવણ સુણીને, હરખ શોક નવ આણે;
તે જગમે જોગીશ્વર પૂરા, નિત્ય ચઢતે ગુણઠાણે– અવધૂ૦ ૩
ચંદ્ર સમાન સૌમ્યતા જાકી, સાયર જિમ ગંભીરા;
અપ્રમત્ત ભારંડ પરે નિત્ય, સુરગિરિ સમ સુવિધીરા– અવધૂ૦ ૪
પંકજ નામ ધરાય પંકશું, રહત કમલજ્યું ન્યારા;
**ચિ**દાનંદ ઐસે જન ઉત્તમ, તે સાહેબકા પ્યારા– અવધૂ૦ ૫

—**ચિ**દાનંદ બહોતેરી.

આવા સુપાત્ર–સુશીલ–મહાત્મા સાધુ પુરૂષો ધારે તેટલું જગતનું હિત કરી શકે. ઉત્તમ સંયતના પ્રભાવથી જેમને અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અસંગતારૂપ પાંચ મહાવ્રતોની સિદ્ધિ થઈ છે તેઓ સમર્થયોગવાળા મહાત્માઓ સ્વ–આત્મકલ્યાણ સાથે સ્વસંકલ્પ બળથી જગતના જીવોનું પણ અદ્ભુત હિત કરી શકે છે.

જેઓ નિર્દોષ મોક્ષના માર્ગમાંજ પોતે પ્રવર્તે છે અને અન્ય યોગ્ય જીવોને પણ નિસ્પૃહ પણે એવાજ નિર્દોષ માર્ગમાં પ્રવર્તાવે છે, અને એ રીતે જેઓ સ્વપરને તારવા સમર્થ હોય છે તેવાજ સત્ સાધુપુરૂષનો આશ્રય કરવો સ્વહિતેચ્છુ જનોને ઉચિત છે.

એવા પરોપકારી સાધુજનો આપણા માતા, પિતા કે બાંધવ કરતાં વધારે પ્રેમ–આદરથી આપણો ઉદ્ધાર કરતા કાળજી રાખે છે.

**કહ્યું છે કે— " विदलयति कुबोधं बोधयत्यागमार्थं**
**सुगतिकुगतिमार्गौ पुण्यपापे व्यनक्ति,**
**अवगमयति कृत्याकृत्यभेदं गुरुर्यो;**
**भवजलनिधि पोतस्तं विना नास्ति कश्चित् "**

અર્થાત્ કરૂણાળુ ગુરૂઓ આપણા અજ્ઞાન અંધકારને ફેડી નાંખે છે, ( આપણી અનેક ભ્રાન્તિઓને દૂર કરે છે. ) સાચે સાચા શાસ્ત્રરહસ્ય સમજાવે છે, સદ્ગતિ અને દુર્ગતિમાં દોરી જનારાં પુણ્ય અને પાપનું સ્વરૂપ સ્પષ્ટ કરી બતાવે છે, તેમજ જે કંઈ હિત આચરણ તેમજ અહિત આચરણ છે તેનું સ્વરૂપ પણ સારી રીતે સમજાવે છે. ટુંકાણમાં આ ભવસમુદ્રનો પાર ઉતારનાર આવા સુગુરૂવગર બીજો કોઈ સમર્થ નથી, તેથી આવા સુસાધુજનોનુંજ શરણ કરવું યોગ્ય છે. તેમજ અન્યત્ર પણ કહ્યું છે કે " મન વચન અને કાયામાં પુન્ય અમૃતથી ભરેલા, **અનેક ઉપકારની પરંપરાવડે ત્રિભુવનને પ્રસન્ન**

**કરતા,** અને પરના લેશમાત્ર ગુણને પણ પર્વત તુલ્ય લેખી મનમાં પ્રમોદ ધરનારા એવા કોઈ ( વિરલ ) સંતપુરૂષો આ જગતીતલને પાવન કરે છે." મતલબ કે પોતાનામાં ગમે તેવા અતુલ ગુણો વિદ્યમાન છતાં જે ફૂલાઈ જતા નથી પણ નમ્રતાથી નિસ્પૃહપણે અન્ય જનોનું પણ હિત સાધવા સદાય ઉજમાળ રહે છે, વળી જેઓ જે કંઈ સ્વપર હિત કરી શકે છે તે પણ પોતાનું કર્તવ્યજ સમજીને કરે છે.-યાવત્ પરોપકારને પણ જેઓ સ્વાર્થથી ભિન્ન લેખતા નથી તેવા મહાશયોનોજ જન્મ કે સાર્થક લેખવા યોગ્ય છે. **પ્રશ્નોત્તર રત્ન માલિકામાં** કહ્યું છે કે આ માનવ ભવ તેનો જ સફળ છે કે જે સ્વપરહિત કરવા સદોદ્યત ( ઉજમાળ ) રહે છે. વળી એક સમર્થ મહાશયે કહ્યું છે કે " જે કેવળ અન્યનેજ સમજાવવામાં શૂરા પૂરા છે તેમને મનુષ્યમાં કોણ લેખે છે ? મનુષ્યની ખરી ગણત્રીમાં તો તેજ લેખાય છે કે જે નિજ આત્માને સમજાવવામાં દક્ષ-પ્રવીણ છે. " મતલબકે જે નિજ આત્માને ઓળખીને તેનું દમન કરી સ્વહિત સાધી શકે છે, તેજ ભાવ દયારૂપ અન્યનું હિત પણ પરમાર્થથી કરવા સમર્થ થઇ શકે છે. પરંતુ જે હીણભાગી જનો પોતાનુંજ હિત કરી શકતા નથી તે પરનું ખરૂં હિત શી રીતે કરી શકશે ? જે પોતેજ તરી જાણતા નથી તે બીજાને કેવી રીતે તારી શકશે ? જે જાતેજ દુર્ભગ-નિર્ધન છે તે અન્યને કેમ સુભગ-સધન કરી શકશે ? તેમ જે પોતેજ હીણાચારી, દંભી, માની અને પાપપંકથી ખરડાયેલા છે તે અન્યજનોને શી રીતે સદાચારવંત-નીતિવંત અને નિષ્પાપ કરી શકશે ? નહિંજ કરી શકે. તેમાં પણ જે કોઈ સાધુ યોગ્ય દીક્ષા ગ્રહણ કરી કેવળ ક્ષુદ્ર બુદ્ધિથી તુચ્છ વિષયાદિક સુખની તીવ્ર આસક્તિ જોગે તેનો લોપ કરે છે તેના જેવો કોઇ ઉગ્રપાપી હોઈ શકે નહિં. જે મૂઢાત્માપવિત્ર સાધુવેષની વિગોવણા કરે-કરાવે છે, એટલે સાધુવેષને છાજે એવો સદાચાર લોપી, આંકેલા સાંઢની પેરે તૃષ્ણા આસક્ત થઇ, ઉભય લોક વિરૂદ્ધ કાર્ય ગુપ્ત રીતે કે જાહેર રીતે કરી પોતાની નીચ અને હવસભરી વૃત્તિને પોષે છે તે નીચ-નાદાન-પામર પ્રાણીઓના શા હાલ થશે તે સમજી શકાતું નથી. ધર્મના બાને કેવળ ઢોંગ ચલાવનારા અને ભોળા ભક્તજનોને કંઈ કંઈ પ્રકારની આશાઓ બતાવી ઠગીને ફોલી ખાનારા અધમ સાધુઓનું ભલું શીરીતે થઈ શકે ? જેઓ પોતાના ઘરનુંજ ભૂંડું વાંચે છે, પોતાનાજ ઘરમાં આગ મૂકે છે, હોંશે કરી કાળકૂટ (ઝેર) પીએ છે, અને પેટે પથરો બાંધી દીવો લઈ કૂવામાં પડે છે, તેમનો બચાવ શી રીતે થઈ શકે ? કોણ કરી શકે ? અને કેવી રીતે કરી શકે ? જ્યાં કોઈ પ્રકારનો ઈલાજ ચાલેજ નહિં ત્યાં કરવું શું ? જ્યાંસુધી વ્યાધિ સુસાધ્ય અથવા કષ્ટસાધ્ય હોય ત્યાંસુધી તેને ઔષધની ટાંકી લાગી શકે ખરી, પણ જ્યારે તે વ્યાધિ બિલકુલ અસાધ્ય કોટિમાં જાય ત્યારે ગમે તેવો ધન્વંતરી વૈદ્ય હોય તે પણ શું કરી શકે ? કશુંજ નહિં. તેણે પણ હાથ ખંખેરવાજ પડે. તેમ લોક લજ્જા, ધર્મ લજ્જા, કે પાપમાત્રમાં ડર તજી, છેક નિકૃષ્ટ કોટિમાં ઉતરી ગયેલા અને સંનિપાત થયેલાની જેમ અંતિમ ( આખર ) સ્થિતિએ પહોંચેલા ધર્મધૂર્ત સાધુઓની થયેલી દુર્દશા સુધારવા માટેનો પ્રયત્ન પણ એવોજ જણાય છે. જેમ અસાધ્ય રોગવાળાના અવસાન વખતે તેમના કેટલાક વ્હાલેસરીઓ રોગીને છેલ્લી વિદાયગિરી આપવા માટેજ હોય તેમ તેને યથેષ્ટ ખાનપાન કરાવે છે, તેમ ઉપર જણાવ્યા મુજબ અધમ દશાએ પહોંચેલા ધર્મદ્રોહી કહોકે આત્મદ્રોહી ( આત્મહત્યારા ) સાધુઓને પણ

નરક નિગોદમાં જલદી પહોંચાડવાનેજ હોય તેમ તેમના મુગ્ધ ભક્તજનો તેમને યથેષ્ટ ભોગસામગ્રી પૂરી પાડવામાં બનતી સહાય આપે છેજ. આ રીતે જ્યાં ધર્મધૂર્તો પોતેજ પોતાની પાયમાલી કરી રહ્યા હોય ત્યાં તેમનાજ આશ્રયે રહેલા મુગ્ધ જનોના પાર પહોંચવાનું કહેવુંજ શું ? ધર્મનું નાવ ચલાવવા દીક્ષિત થયેલા ધર્મ-ગુરૂઓના માથે જે જોખમદારી રહેલી છે તેની કશી પરવા નહિં કરતાં ધર્મનું નાવ ઉંધુંવાળી સ્વપરની પાયમાલી કરતા કેટલાક જડભરતો અત્યારે નજરે પડતા જણાયાથી તેવા હીણભાગી ધૂર્ત સાધુની નાવમાં બેસનારને કંઇક ચેતવણી આપવા અત્ર પ્રસંગે ઉંડી લાગણીથી જે કંઈ કહેવામાં આવ્યું છે, તેની કદર કરી કંઈ પણ પરીક્ષા વગર કેવળ અંધ શ્રદ્ધાથી એવા પાપીજનોને પોષણ આપતાં ડરતા રહેવું ઉચિત છે. નહિં તો નાહક પૈસાની પાયમાલી સાથે એવા અસતીપોષણથી ભવિષ્યમાં ધર્મને બહુ હાનિ પહોંચશે એટલું વિચારશીલ જનોના લક્ષમાં રહે. ધર્મગુરૂઓ તો સતશાસ્ત્રજ્ઞ, સ્વસંયમમાર્ગમાં સુદૃઢ, દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવના જાણ, ક્ષમાદિક દશવિધ ધર્મશિક્ષાના ધારક અને પાલક, પરમ ઉચ્ચ ભાવનામય, પરોપકારપરાયણ, કર્તૃત્વ અભિમાન રહિત, અને ટુંકાણમાં શિષ્ટાચાર પ્રમાણેજ ચાલનારા હોવા જોઇયે. સહુ જગત્ જીવોને આત્મ સમાન સમજી સમાનભાવ ( સમતા ) ને સેવનારા સુસાધુ જનોનુંજ અસ્તિત્વ જગતને આશિર્વાદ રૂપ છે. તેમના અમૂલ્ય ઉપદેશની અસરનું તો કહેવુંજ શું ? એક તેમની ઉત્તમ રહેણી-કરણીજ મહા લાભદાયી નીવડે છે. સદા સર્વદા સુસાધુ પુરૂષોનું અસ્તિત્વ સર્વ રીતે જગતને ઉપકારકજ છે. ઇતિશમ્.

# આજ.

—:o:—

લેખક—રા. મણિલાલ મોહનલાલ. વકીલ. પાદરાકર.

આજ આપણી ને કાલ કોઇની !

૧ આજ—એજ કેવળ મહારો દિવસ છે.

૨ હું જાગ્રત થયો ત્યાંથી તે હું નિદ્રાવશ થઇશ ત્યાં સુધીનો દિવસ તેજ મહારો દિવસ છે. આવતી કાલ પર મહારૂં બીલકુલ સ્વામિત્વ નથી. જેનીપર મહારૂં સ્વામિત્વ નથી એવા બે દિવસ—તે આવતી કાલ અને ગઇ કાલ.

૩ ગઇ કાલે હું જે બોલ્યો તે કદી પણ ન બોલ્યુ થનાર નથી. ગઈ કાલે જે મ્હેં કર્યું તે કદી પણ ન-કર્યું થનાર નથી.

૪ ગઇ કાલે મહારા હાથે થયેલ કેટલાક સુંદર અને સંસ્મરણિય સત્કાર્યો બદલજ મારા હૃદયમાં ગઈ કાલની સ્મૃતિ રહો, એવી મારી ઇચ્છા છે.

૫ ગઇકાલનાં દુઃખો, ખેદકારક બનાવો, તાપ, અનુતાપ, ઉપાધિઓ એ સર્વ ગઇકાલની સમાપ્તિ સાથેજ અસ્ત થયાં એવું હું સમજુ છું. આજના અરૂણોદય થવા સાથે નવીનજ વિશ્વનો ને નવીનજ શુભાશાઓનો ઉદય થયો.

૬ ગઈ કાલે જે ખડક મને કેવળ અભેદ્ય લાગતો તે આજ કેવળ સુગમ ને સરળ—લાભકારક જણાય છે,

૭ ગઈ કાલે મને જે કઠણુ—ખાડા ટેકરાવાળું મેદાન જણાતું હતું તેમાંથીજ આજ જ હું સુંદર—સુવાસિત અને મધુર પુષ્પો મેળવી શકીશ, એમ ઉમેદ રહે છે.

૮ ગઈ કાલેજ મારા પરમ મિત્રો મને છોડી ગયલા તે આજ મને આવી મળશે એમ મને લાગે છે.

૯ આવતી કાલનો દિવસ મારી દ્રષ્ટિના ટાપુની પેલીબાજુનો છે. મનુષ્યની અંતર્ચક્ષુઓથી પણ તેની આરપાર જવું આવવું અશક્ય છે, એવા ગૂઢ રહસ્યમય પડદાથી તે પૂર્ણપણે અવરાયલો છે. ગઇ કાલનો દિવસ એ ફક્ત ભુલ છે. આવતી કાલનો દિવસ માત્ર આશાજ છે. ભુલભુલામણી છે. આજનો દિવસ સ્વચ્છ નિર્મળ આશાભર–પ્રત્યક્ષ ફળદાયક સુવર્ણરજ છે.

૧૦ આવતી કાલનો દિવસ માત્ર છાયા છે. તેની પાછળ ગમે તેટલા ભટકો–તમને તે કદી પણ નહી મળે.

૧૧ આજનો દિવસ કેવળ જીવનશક્તિ છે–માર્ગદર્શક છે–ને આવતી કાલનો દિવસ માત્ર પડનારૂં સ્વપ્ન છે.

૧૨ આવતી કાલ મૃગજળ છે–ગઈ કાલ ખોટી તૃષ્ણા છે–આજ એજ સત્ય–પ્રત્યક્ષ કલ્પવૃક્ષ છે.

૧૩ આજનું કામ કાલપર રાખશો ના.—કોણ જાણે કાલે આપણી શી દશા હોય.

૧૪ સત્ય કાર્ય કરવું હોય તે આજ કરી લ્યો. ખરૂં કહુંછું. જ્ઞાનીઓ પણ પોકારી પોકારી કહી ગયા કે—" મનવા કલ્‌કલ્‌ કયા તું બોલે, આજ આપણી–કલ્‌ કીસીકી, જો કરના સો કર લે. " મનવા.

૧૫ આજનો આનંદ–આશા–ઉમંગ–કાલે નહીં મળે–ગઈ કાલે મળ્યાં નથી ને કદી પણ મળશે નહી.

# બાળકો માટે સાહિત્ય.

## એક યાદી.

(તૈયાર કરનાર. રા. રા. હિમ્મતલાલ ગણેશજી અંજનરીઆ. એમ. એ. એલ્‌. એલ્‌. બી. મ્યુનિસિપાલીટી સ્કૂલોના એ. ઇનસ્પેકટર–મુંબઇ.)

| પુસ્તકોનાં નામ. | પ્રકટ કરનાર અગર લખનાર. | | મૂલ્ય. |
|---|---|---|---|
| બાળસદ્‌બોધ. | સસ્તું સાહિત્ય મંડળ. | | ૦—૩—૦ |
| બાળકોની વાતો. | લેખકઃ મી. પઢીયાર. પ્ર. સસ્તુ સાહિત્ય. | | ૦—૩—૦ |
| બાળકોનો આનંદ ભાગ ૧-૨. | ગુજરાતી પ્રેસ. દરેકના | | ૦—૧૦—૦ |
| શિશુ સદ્‌બોધમાળા | મે. એન. એમ. ત્રિપાઠીની કંપની. | | |
| ભાગ. ૧–૨–૩. | | દરેકની | ૦—૬—૦ |
| બાળવાર્તા | ગંગાશંકર મણિશંકર વૈષ્ણવ. | | ૦—૩—૦ |
| બાળ વિનોદ | જગન્નાથ જેઠાભાઈ રાવળ | | ૦—૫—૦ |
| આનંદ માળા ભાગ. ૧-૨. | ,, ,, | દરેકના | ૦—૫—૦ |

| | | | |
|---|---|---|---|
| નૂરજહાં | લેખક. | | |
| વસંત | | | |
| આઝાદબખ્ત | નાગરદાસ મૂળજી | દરેકના | ૦—૩—૦ |
| ચિતોડનો ઘેરો | ધ્રુવ-ગોંડળ | | |
| અંધ સારંગીવાળો | | | |
| બાળમિત્ર | | | ૦—૧૨—૦ |
| મીઠી મીઠી વાતો | | | ૦—૪—૦ |
| ટુંકી કહાણી ભાગ ૧-૨ | | દરેકના | ૦—૮—૦ |
| ઈસપની વાતો | | | ૦—૧૨—૦ |
| પંચતંત્ર | | | ૧—૦—૦ |
| ટોલ્સટોયની વાતો | લેખક ભો. ર. દીવટીયા. | | ૦—૪—૦ |
| નવરંગી બાળકો | | | ૦—૪—૦ |
| છોકરાંનાં સારાં કામ | નારાયણ હેમચંદ્ર | | ૦—૬—૦ |
| સદ્‌ગુણી બાળકો | | | ૦—૬—૦ |
| હિતોપદેશ | | | ૦—૧૨—૦ |
| બાલ મહાભારત | | | |
| બાલ રામાયણ | | | |
| ગુજરાતની જૂની વાર્તા | મણીલાલ છબારામ ભટ. | | |
| રાસેલાસ | | | ૧—૦—૦ |
| અશોક | જીવણલાલ અમરશી મહેતા. | | ૦—૧૦—૦ |
| પુત્રીશિક્ષા | હ. દ્વા. કાંટાવાળા | | ૦—૪—૦ |
| અર્થશાસ્ત્રની વાતો. | ચી. હ. સેતલવડ | | |
| વ્યાપારની કળા | જીવાભાઇ અમીચંદ પટેલ. | | ૦—૮—૦ |
| બાળ ગરબાવળી | નવલરામ. | | ૦—૨—૦ |
| બાળ વિલાસ | મણિલાલ નભુભાઇ. દ્વિવેદી | | ૧—૦—૦ |
| શિક્ષાવચન | ગુ. વ. સોસાયટી. | | ૦—૧—૦ |
| હુન્નરખાનની ચઢાઈ | કવિ દલપતરામ ડાહ્યાભાઈ | | ૦—૧—૦ |
| સંપ લક્ષ્મીસંવાદ | ” | | ૦—૧—૦ |
| મિથ્યાભિમાન નાટક | ” | | ૦—૬—૦ |
| ભટનું ભોપાળું અથવા આનંદચંદ્રા | | | ૦—૮—૦ |
| રત્નગ્રંથી | | | ૦—૧૦—૦ |
| શકુન્તલા | લેખક. રતિલાલ પ્રી. મજમુદાર. પ્રકટ કરનાર મગનલાલ ન. દીવાન. | | ૦—૩—૦ |
| વનવાસિની. | | | ૦—૧—૦ |

+ + આવી એક ટીપ સ્વ. શ્રીયુત ગોવિંદજી મૂળજી મહેપાણી બી. એ. એલ્ એલ્ બી. એ તૈયાર કરી પોતે નિર્ણીત કરેલ અભ્યાસક્રમમાં પ્રગટ કરી છે અને તે ગત હેરલ્ડમાં પ્રગટ થઈ ગયેલ છે. તેમજ તે સમસ્તક્રમ તંત્રીકૃત ‘ જૈનકાવ્ય પ્રવેશ ’ નામના પુસ્તકની પ્રસ્તાવનામાં આપેલ છે. તે અને આમાં જણાવેલ સર્વ પુસ્તકો દરેક જૈનશાળા અને પાઠશાળા પોતાની લાયબ્રેરીમાં રાખશે અને તેનો ઉપયોગ જૈનશિક્ષકો કરી બાળકોને તેનો લાભ આપશે.—

**તંત્રી.**

# બુદ્ધનો અંતિમ ઉપદેશ.

હવે **બુદ્ધ**ના નિર્વાણનો સમય નજદીક છે; મહા પ્રતાપી મહાત્મા—અનેક જીવની રક્ષા કરનાર, દયામય—પ્રેમમય આત્મા હવે આ દુનિયામાંથી જતા રહેવાના છે. મહાત્માઓ અંત સમયે પણ વિશ્રાંતિ લેતા નથી ને જગતના કલ્યાણ અર્થે છેવટસુધી પ્રયત્ન કરતા રહે છે. **મ**હાવીર ભગવાને નિર્વાણ સમયે સોળ પહોર સુધી દેશના દેવામાટે પોતાની વાણીની અખંડ અમૃતધાર વર્ષાવી, તેમ **બુદ્ધે** પણ છેવટનો વખત દેશનામાં ગાળ્યો. તેનું છેવટનું વાક્ય એ હતું કે "ઉદ્યોગ કરી મોક્ષ મેળવો." કેવું અનુપમ અને સુન્દર અર્થ ભર્યું વાક્ય !

**આન**ંદ નામના શિષ્યને બોલાવી તેમણે ઉપદેશ આપ્યો કે. " હે **આન**ંદ ! તું કદાચ એમ વિચારે કે હવે ગુરૂ ગયા તેથી ધર્મનો અંત આવ્યો; પણ કદાપિ એમ ધારતો નહિ. મારા નિર્વાણ પછી મેં ઉપદેશેલો ધર્મ અને સંઘના નિયમો એજ ગુરૂરૂપ થશે. " મોટા નાનાનો વિનય શી રીતે સાચવવો તે પણ સમજાવ્યું.

આજકાલ મોટા નાનાના વિનયનું ઠેકાણું નથી—વિનય વગર ધર્મ હોઈ શકેજ નહિ. વિનય એજ ધર્મનું મૂળ છે. વળી ' વિદ્યા વિનયેન શોભંતે' વિદ્યા પણ વિનય વિના શોભતી નથી માટે વિનયનો ગુણ સર્વેએ ધારણ કરવાનો છે. **विद्या ददाति विनयम् विनयं ददाति पात्रताम्** ' એમ વિનયથીજ પાત્રતા આવે છે. પાત્રતા વગર ધર્મના અધિકારી થઇ શકાતું નથી માટે પાત્ર બનવા વિનયવાળાં થવા મહેનત કરવી. વળી વિનય જેવું આ દુનિયામાં વશીકરણ નથી, વિનય એ મહા મોંઘો—અમૂલ્ય મંત્ર છે.

પશુઓનું બલિદાન અટકાવ્યું એ **બુદ્ધ**નું મોટામાં મોટું શુભ કર્મ છે. ' દેવોને પ્રસન્ન કરવાનો માર્ગ ઉમદા અને પવિત્ર જીવન છે; પશુઓનું બલિદાન આપવાનું નથી, પણ પાશવ વૃત્તિઓનો ભોગ આપવાની જરૂર છે; અને બાહ્ય ક્રિયાઓ કરતાં, જીવનની શુદ્ધતા વધારે ઉપકારક અને વધારે સુખપ્રદ છે. '

બાહ્ય ક્રિયાઓ કરતાં જીવનની શુદ્ધતા એજ શ્રેયસ્કર અને આત્માને તારનાર છે. બાહ્ય ક્રિયા એ લોકાચાર છે તેમ જીવનની શુદ્ધતા સિવાય એકલી માત્ર ક્રિયાથી કલ્યાણ થતું નથી માટે પ્રથમ જીવનની શુદ્ધતાના પ્રયત્નો કરવા. જીવનની શુદ્ધતા વિનાની થતી દરેક ક્રિયાઓ બાહ્યાડંબરજ છે !

બુદ્ધિ તથા અંતઃકરણ કબુલ કરે તેજ માનવાનું ઠરાવ્યું ને તે ઉપરાંત ઉપર દેશ આપ્યો કે, ' કોઇએ કહ્યું હોય તે ઉપરથી, અથવા પ્રાચીન કાળથી ચાલી આવેલી દંત કથાઓ ઉપરથી, અથવા લોકોમાં ઉડતી વાતો પરથી, તેમજ ઋષિઓએ લેખો લખેલા છે માટે તે લેખો પરથી, અથવા કોઈ દેવે પ્રેરણા કરી હોય એવા ભ્રમ ઉપરથી, અથવા કોઇ માની લીધેલી બાબતને લીધે આવેલા અનુમાન પરથી, અથવા ઉપમાને લીધે સરખું લાગતું હોય તે ઉપરથી, અથવા તો આપણા ગુરૂઓની કે શિક્ષકોની સત્તા ઉપરથી, કોઈ પણ બાબતને માની લેતા નહિ; પણ જ્યારે કોઇ લેખ સિદ્ધાંત અથવા કહેવત આપણી બુદ્ધિ તથા અંતઃકરણ કબુલ કરે ત્યારેજ તે સત્ય તરીકે સ્વીકારવાં ! માત્ર કોઇના કહેવા ઉપરથીજ કે એવી કોઈ બીજી રીતે કોઇ પણ વાતને—બનાવને માની લીધામાં આવે તો આપણી બુદ્ધિની

વિશાળતા થતી નથી. વળી સઘળી વાતો સત્ય હોતી નથી માટે કોઈ પણ વાત, બુદ્ધિબળ વાપરીને તે કહે તે પ્રમાણે કબુલ કરવી-સત્ય માનવી. વળી અંતઃકરણ વિરૂદ્ધ કોઈ પણ બાબત કરવાથી લાભ તો થતો નથી પણ કેટલીએક વખત ઉલટું નુકશાન થાય છે. માટે અંતઃકરણ જેમ કહે-પ્રેરણા કરે તેમ વર્તવું. ( સત્ય બાબતમાં પ્રેરે તોજ ! )

મહાત્મા બુદ્ધદેવની ઉપદેશપદ્ધતિ અને ધર્મપ્રસારપદ્ધતિ હાલના ધર્માચાર્યોએ ખાસ લક્ષમાં લેવાની ઘણીજ અગત્ય છે. કર્મ ને પુનર્જન્મનો સિદ્ધાંત તેણે સ્પષ્ટતાથી સાબિત કર્યો છે અને બ્રાહ્મણોનો મધ્યસ્થ રહેવાનો દાવો રદ કરી કર્મને પ્રાધાન્ય પદ આપ્યું છે.

અજ્ઞાન એજ દુઃખનું મૂળ કારણ છે એમ તેઓએ ઉપદેશ કર્યો છે. વેદાંતીઓ પણ અવિદ્યાને દુઃખનું કારણ કહે છે. તે અવિદ્યા તેજ અજ્ઞાન સઘળાં દુઃખો અજ્ઞાનમાંથીજ પ્રાપ્ત થાય છે, અને જ્ઞાનથીજ સઘળાં સુખો મેળવી શકાય છે. એમ અજ્ઞાનાવસ્થા દુઃખદા હોવાને લીધે અજ્ઞાનને આપણાથી સદાને માટે દૂર કરવું અને જ્ઞાનને મેળવવું. તેનો અષ્ટવિધ ઉત્તમ માર્ગ બુદ્ધોપદેશના પૃ. ૧૪૨ મે બતાવ્યો છે તે ખાસ કરીને કાર્યમાં-વર્તનમાં મૂકવા જેવો છે.

તૃષ્ણાનો નાશ થશે તોજ દુઃખનો અંત આવશે એ તેમનું કથેલું બરાબર છે-સત્ય છે-સમજવા જેવું છે એટલુંજ નહિ પણ તે આચારમાં ખસુસ મેલવા જેવું છે !

સર્વ જીવોને જીવવાનો હક છે એ એમનો ખાસ ઉપદેશ હતો. દુનિયાંની અંદર સર્વ પ્રાણીને જીવવાનો હક સરખોજ છે. અન્યને મારવાનો કોઇને પણ હક નથી. શ્રી મહાવીર પ્રભુએ ' મા હણો મા હણો '-હણુશો તો હણાવું પડશે, છેદશો તો છેદાવું પડશે વગેરે જે બોધ કર્યો છે તે પણ એજ હતો, બુદ્ધ તેમજ મહાવીર એ બે ક્ષત્રીય વીરોએ બ્રાહ્મણોની સત્તા તોડી, સર્વ જીવપર દયા રાખવાનું ફરમાવ્યું તેને લીધે ઘણા જીવો બચી ગયા છે, બચે છે ને હજી ભાવિમાં પણ બચશે. મહાવીર પ્રથમ થયા છે ને બુદ્ધ પછી થયા છે પણ એ બન્ને મહાત્માએએ વિશ્વદયા ફેલાવી ઘણુંજ ઉત્તમ કાર્ય કર્યું છે. આવા મહાત્માઓ પૃથ્વી-તલમાં વારંવાર ઉત્પન્ન થાઓ અને જગતના સર્વ જીવોમાં સમભાવ ફેલાવો ! એજ હૃદય ભાવના અમરત્વ પામો ! અસ્તુ !

બ્હેન નિર્મળા.

# भारतकी भावी भलाईका उपाय.

भारतवर्ष के लीडर ( अग्रणी ) वही पुरुष हैं जो पढ़े लिखे हैं और जिनमें देशहितैषिता है । इन्हीं लोगों के हाथमें हमारे देशकी शोकमय अवस्थाका सुधार है । मैंने अपने देशके सुधारके अर्थ बहुत कुछ सोच विचार किया है और मुझे विश्वास है कि भारतवासियों के लिये सबसे भारी लाभदायक बात सम्बादपत्रों का पढ़ना है । जिसके द्वारा ज्ञात हो सकता है कि देशके सुधारके लिये किन २ बातों की आवश्यकता है । इस लिये प्रत्येक भारतवासी को यह

भी अपना धर्म समझना चाहिये कि अपने मित्र वर्गों को ताश, चौसर, शतरञ्ज खेलने और निर्मूल गप्पों में काल व्यतीत करनेसे रोकें और उनको इस बात की प्रेरणा दिलावें कि वे लोग अपना समय सम्वाद-पत्र और पुस्तक पढ़ने में बितावें, हमारे देशभाइयोंका कितना अमूल्य समय केवल गप्पबाजियों में ही बीतता है यदि वे अपने इस अवसरको समाचारपत्रोंके पढ़नेमें व्यतीत करें तो उनकी अवस्था इतनी शोचनीय न हो। देखिये जापानी और इङ्गलिस्तानवासी बच्चेसे लगा कर बूढ़े तक सम्बादपत्रोंका नित्य पढ़ना केवल अपना एक नित्यकर्म ही नहीं समझते बल्कि धर्मके समान मानते हैं। उनके जाति और देश की गौरवता सम्बाद-पत्र ही हैं। इसमें सन्देह नहीं कि भारतवर्ष में निर्धनताके कारण सभी लोग पत्र नहीं खरीद सकते हैं, इस लिये मैं भारतवर्ष के समस्त देशहितैषियोंसे सविनय प्रार्थना करता हुं कि वे लोग जिले २ में और तहसील २ में पुस्तकालय स्थापित करें और करावें जिसमें उत्तम २ ग्रन्थ और पत्र मँगाये जावें और सर्व साधारणको शौक दिलावें कि अपने फुरसतका समय पढ़ने में व्यतीत करें ॥

यूरुप और अमेरिका देशोंके लोग अपने नित्यके कामकाज से छूट्टी पाकर अपने फुरसतका समय पत्रोंके पढ़ने में बिताते हैं इसी लिये वहांके लोग अधिक विद्वान् और, देशहितैषी और गुणवान् है। भारत वर्षमें यह काम बड़ी सरलता से हो सकता है, क्योंकि यहां गांव २ जिले २ में मन्दिर और धर्मशालायें मौजुद हैं जहां उत्तम २ सम्बाद-पत्र रक्खे रहा करें। और लोग जाकर मुफ्तमें पढा करे। इससे कई लाभ तो प्रत्यक्ष ही है. (१) बिना अधिक खर्च किये ही उत्तम स्थान पढनेके लिये मिल सकते हैं, (२) मन्दिरों का सुधार भी इससे बहुत कुछ हो सकता है, (३) सर्व साधारण अपना काल पढने में व्यतीत कर सकेंगे और देशकी अवस्था जान जायँगे तो बहुत कुछ देशको लाभ पहुँचा सकेंगे, (४) उनका समय भी व्यर्थ न जायगा, (५) जब लोगोंको मुफ्त समाचारपत्र पढ़ने को मिलेंगे तो वे भी अवश्य ही अपने देशकी बुरी अवस्थाको जान कर उसके सुधारके उपायमें तत्पर होंगे। अतएव अपने देशहितैषी भाइयोंसे प्रार्थना करता हुं कि यदि व समझते हैं कि देशकी अवस्था बहुत ही खराब और हमारी अधोगति है, तो वे लोग अपने दयापात्र देश-भाइयों के हितार्थ प्रत्येक देवमन्दिरो, धर्मशालाओ ऐसे स्थानो में धर्मार्थ पुस्तकालय स्था-

पित करें। यदि आप लोग इस बातके करनेकी दृढ प्रतिज्ञा कर लें तो थोडे ही से परिश्रममें अपने देशको बडा भारी लाभ पहुँचा सकते हैं । मैं प्रत्येक देशहितैषीसे सविनय निवेदन करता हुं कि इस कार्य को शीघ्र ही करने पर तत्पर हो जाय। देरा इस्माइलखां में मुझे बहुत कुछ सफलता इस प्रकारसे हुई, अन्य जिलों में भी सफलता न हो इसका कोई कारण नहीं हो सकता है। इस लिये में अपने देश-भाई, मित्र और धनवान् पुरुषों को बार बार चेताता हुं कि मन्दिरो, और धर्मशालाओं में फ्री लाइब्रेरी खुलवा दें, जिनमें उत्तम २ कई पत्र मँगाये जाया करें और लोग उन्हे मुफ्त पढ़ सके। विचार कर देखिये तो यह कैसेपुण्यका कार्य है, अन्तमें परमेश्वरसे भी प्रार्थना है कि देश-हितैषियोंको इस धर्मकार्य में सहायता दें।

| | |
|---|---|
| १८ जुन १९१३. | आपका शुभचिन्तक. |
| **देरा इस्माइलखान.** | **टहलराम गंगाराम जमीनदार.** |

# " ઓલ્યા જોબ્યોગ્રાફ "માં સીવીલ મૅરેજ બીલ.

*—A SKETCH—*

આજના સુધરેલા કાળમાં અને વિદ્યા હુન્નરના જમાનામાં સિનેમેટોગ્રાફ્ પણ વિજ્ઞાન શાસ્ત્રકળાનો એક નાદર નમુનો પુરો પાડે છે, તેનાથી ગમત સાથે જ્ઞાન તાત્કાલીક મળે છે.

" દિલ્હી દરબારમાં નામદાર શહેનશાહની સ્વારી કેવી ધામધુમથી ગઈ " " મોનો પ્લેન ( હવાઈ વીમાન ) કેવી રીતે ઉડયું અને કેવી રીતે અધરથી પટકાઇ નીચે પડી ચુરેચુરા થઇ ગયા " " માજીપ્રેસીડંટ રૂઝવેલ્ટે આફ્રીકાના જંગલોમાં સિંહોનો કેવી રીતે શીકાર કર્યો—" " ઝુલુલેન્ડમાં હબશીયો કેવી રીતે નાચ્યા "—એ વગેરે પૃથ્વીપર બનતા બનાવો એકસો-પોથાં વાંચ્યા છતાં ન સમજાય તે ફક્ત એક ફીલ્મ નજરે જોવાથી આબેહુબ ખ્યાલ આવી જાય છે. મતલબ લંકા કેમ બળી તે કહી દેખાડવા કરતાં કરી બતાવાય છે. કુદરત ઉપર કૃત્રિમ કળાની આ એક સરસાઈ છે.

આ કળામાં પણ દિન પ્રતિદીન સુધારા વધારા થયા કરે છે. બાયોસ્કોપ, સીનેમેટોગ્રાફ્, સીનીમાકલર, આદિ યંત્રો બહાર પડયા છે પણ હજી આ કળામાં ખામી છે. હજી આ કળા પરિપૂર્ણતાએ પ્હોચી નથી. આ કળામાં ત્રણ મ્હોટી ખામીયો જોવામાં આવે છે.

૧ ફક્ત ભૂતકાળમાં જે બનાવ બનેલા હોય તેનીજ ફીલ્મો બતાવી શકાય છે.

૨ અમુક પ્રકાશ વડે આ દેખાવોની છાપ આપણી ચક્ષુઇંદ્રિય માર્ફત મગજ ઉપર પાડવામાં આવે છે. એ પ્રકાશ એવો જોરાવર હોય છે કે આપણી ચક્ષુમાં જતાં આંખને નુકશાન પ્હોંચે છે એમ વૈદકીય અભિપ્રાય પડે છે.

૩ ફીલ્મોનો રંગ અપૂર્ણ, અવાજની ગોઠવણ અશુદ્ધ—આ ખામીયો ઉપર સુરત રાખી અમે એવી જાતનું યંત્ર તૈયાર કર્યું છે કે જેથી ભૂત અને વર્તમાનને એક બાજુ રાખી ભવિષ્ય કાળમાં શું બનાવ બનશે તે બતાવવા શક્તિમાન થયા છીએ; તેની સાથે અમારૂં યંત્ર એવું અદ્રશ્ય છે કે કયાં ગોઠવ્યું છે તેની તમાસગીરને ખબર પડતી નથી. જે પ્રકાશ અમે વપરાશમાં લઇએ છીએ તે પ્રકાશ ઘણીજ ઝહેમત અને મગજ ખરચીને શોધી કાઢયો છે. તે પ્રકાશ ગુપ્ત છે. તે પ્રકાશ વડે દેખાવના આંદોલનો પરભાર્યા તમાસબીનના જ્ઞાનતંતુ ( Retina ) માં પ્રવેશ થાય છે કે જેથી પ્રેક્ષક આંખ મીંચીને દેખાવ ખુશાલીથી જોઇ શકે છે—અગર અમારા શબ્દોમાં કલ્પી શકે છે. આથી આંખનું તેજ બગડવા ધાસ્તી નથી. હાલના સીનેમેટોગ્રાફની ફીલ્મો વધારેમાં વધારે ચારથી પાંચ હઝાર ફીટ લાંબી નીકળી શકે છે પણ હમારી ફીલ્મોની લંબાઇનું માપ અવર્ણનીય છે. ફીલ્મોનો રંગ એકદમ કુદરતી અને અવાજ પણ તદન—કુદરતીજ છે.

" ભવિષ્યમાં નીપજનારા બનાવોની ફીલ્મો " એ અમારી ખાસ ' સ્પેશીયાલીટી ' છે. જેમકે—" સને ૨૦૬૮ ની સાલમાં હીંદુસ્થાનમાં પડનારો ભયંકર દુકાળ, ' ધનુષ્ય બાણ ' પત્રની ખેંચાણકારક અપીલ—પરીણામે એરોપ્લેન ( હવાઈ વિમાન ) માં હીંદુસ્થાનથી મંગળના ગ્રહ ( Mars ) તર્ફ ઉપડી ગયેલું વગદાર ડેપ્યુટેશન—મંગળ ગ્રહવાસીઓ તર્ફથી અપૂર્વ સત્કાર—મળેલી કીંમતી મદદ " " ઇરાનમાં પારસી સંસ્થાન વસાવ્યા પછી પેલો પારસી રાજા—તેની દબદબા ભરી તાજપોષીની ક્રિયા—દેશ પરદેશના એલચીઓ તર્ફથી થતો નઝરાણો "—

" અંત્યજ વર્ગનો સંપૂર્ણ ઉદ્ધાર થયા પછી હીંદુસ્થાનમાં પાયખાનાની શી ગોઠવણ થશે, તથા મેલું કેવી રીતે ખસેડવામાં આવશે "—

" ભદ્રંભદ્રના સગોત્રીની ભિક્ષુકી શાળા યાને માંત્રિકી મહાવિદ્યાલયની સ્થાપના થયા પછી તેમાંથી પસાર થયેલા ગ્રેજ્યુએટો સમાજનો કેવી રીતે ઉદ્ધાર કરશે—" " ન્યાત જાતનો તફાવત નીકળી ગયા પછી સને ૨૦૩૧ ની સાલમાં થનારૂં પહેલું વસ્તી પત્રક—હીંદુસ્થાનની રંગ બેરંગી જાતો તથા નામોની ' ધનુષ્ય બાણ ' પત્રમાં પ્રસિદ્ધ થતી અર્ધ સત્તાવાર ટીપ—" " લખપતી ચીનાઇ લુહાણા હરજી સ્વેંગ મોઝીઝમલ જે. પી. ( Justice of the Pedlars or Juice of Potatoes) ના કામસ્ચાટકાની કન્યા સાથે, અને પ્રખ્યાત મલઇ પંડીત માંઉ દ્વારકાં હુસેન હાજી ટૉમી પ્રસાદ બી. બી. (Batchelor of Begging ) ના માદાગાસ્કરની મહીલા સાથે કેવી ક્રિયાથી લગ્ન થશે—" એ વગેરે આબેહુબ દેખાવોની ફીલ્મો તૈયાર કરવામાં આવી છે.

હમારૂં યંત્ર એક રીતે જ્યોતીષનું કામ સારે છે, સાથે ગમતતો રહેલી છે—આ કરામતને લીધે મારા નવીન યંત્રનુ નામ " ઓહ્યા જોષ્યોગ્રાફ " ધારણ કરવામાં આવ્યું છે.

ખુદ સીમલાની લેજીસલેટીવ કાઉન્સીલની આવતી થંડી મોસમની બેઠક વેળાએ આ ફીલ્મો ત્યાંજ બતાવી પરભાર્યું ત્યાંથીજ પેટંટ મેળવવા ધાર્યું છે.

લગ્નનો કાયદો પસાર થયા પછી શું દેખાવો બનશે તે પૈકી નમુનાની એક ફીલ્મ હાલ તુરત પ્રજા સમક્ષ અમે રજુ કરવા માગીએ છીએ. તે ફીલ્મમાં બતાવવામાં આવનાર આબેહુબ દેખાવોનું પ્રોગ્રામ નીચે પ્રમાણે છે—

## —દેખાવ પહેલો.—

ભભકાદાર ન્યાયમંદીર–અંદર ન્યાયાધીશ ઉંચે આસને બીરાજેલા છે. તેમનાથી નીચે બે ત્રણ કારકુનો બેઠેલા છે. તેનાથી નીચે બંને બાજુએ ધારાના હીમાયતીઓ પોતપોતાના ઝબ્બામાં ગોઠવાઈ ગયેલા છે.–જરાવારે બે મનુષ્યો પ્રવેશ કરે છે. એક મરદ અને બીજી ઓરત–મરદનો પોશાક કાંઇક વીલાયતી અને કાંઇક હીંદી લાગે છે. તેની દાઢી ફ્રેન્ચ કટની છે, માથે પ્લામાહેટ ઓઢેલી છે, પાર્લામેન્ટરી ફ્રોકકોટ પહેરેલો છે, સુરવાળ કાબુલી ઘાટની છે, ખેસ હીન્દુ માફક રાખ્યો છે, કપાળમાં ચાંદલો છે, મોઢામાં પાન ચાવેલું છે.–ઓરતે કોરસેટ ઉપર વીલાયતી બ્લાઉઝ યાને ચોળી પ્હેરેલી છે, ઇટાલીયન ઘાટનો ઘાઘરો પહેરેલો છે, માથે અઢી ગજનું ઓઢણું સફેદ ગાજનું ઓઢેલ છે, ઓઢણાને અમદાવાદી કોર મુકેલી છે.–મોઢા ઉપર ઝીણો બગસરાનો બુરખો ઢાંકેલો છે. એ જોડું હાથમાં હાથ ઘાલી ન્યાયાધીશ સમીપ આવી નમન કરે છે. ન્યાયાધીકારી બંનેને કાંઇક સોગંદ આપે છે. કાંઇક સવાલો ન્યાયાસન પરથી પુછાય છે. ત્હેના જવાબમાં મર્દ તર્ફથી " ધર્મે હીન્દુ વૈષ્ણવ, જાતે યદુવંશી હાલાઇ ભાટીયા " એમ બોલાય છે. ઓરતને પુછવામાં આવેલ સવાલોના જવાબમાં " ધર્મ યાહુદી; જાતે બેની ઇઝરાયલ " એમ કહેવાય છે. ફરીને આ જોડાને કાંઇક સોગંદ અપાય છે. ત્યારપછી કલાર્ક ઑફ ધી કોર્ટ લગ્નના કરાર નોંધવાનું લાંબું રજીષ્ટર રજુ કરે છે–ત્હેમાં એ ઓરત તથા મર્દ હસ્તે મુખડે સહી કરે છે. બાદ એ જોડું ન્યાયાધીકારીને નમન કરીને નાટકી ચાલે ખુશાલ ચ્હેરે બહાર નીકળી જાય છે.

## —દેખાવ બીજો.—

વૈષ્ણવ મંદીર " ફક્ત હીંદુઓનેજ અંદર જવાની છુટ છે " એવુ મંદીરના દ્વાર ઉપર લટકાવેલુ પાટીયું–બ્હાર લોકોની ઠઠ–ઘંટનાદ થવા–ત્હેની સાથે દરવાજાનું ખુલ્લા થવું–લોકોનો જોશભેર અંદર પ્રવેશ–" જે જે "ના મધુર અવાજો–કચડાભચડી–પુરૂષો તથા સ્ત્રીઓની ભેલંભેળા–દરવાજા બહાર એક મોટર ગાડીનું થોભવું–અંદરથી એજ મરદે ઓરતને હાથ ઝાલી નાજુકાઇથી નીચે ઉતારવી–તે મરદ તથા ઓરત ( પહેલા દેખાવમાં ન્યાયમંદીરમાં જોવામાં આવેલ તેજ જોડુ તેજ પોશાકમાં ) બંનેનું મંદીરના દર-

વાજામાં જવું-દરવાજામાં પ્રવેશ કરતાં ભૈયાએ કરેલો અટકાવ-બહાર લટકતુ પાટીયું વાંચવા ભૈયાજીએ કરેલી ઇસારત-તે મર્દે પોતાની ઓરતનો હાથ ઝાલી મંદીરમાં લઈ જવાની કરેલી હોજાતોજી-શુરપર ચડેલા ભૈયાજી-બંનેની ચાલેલી પ્રથમ જબાનદરાજી, તેમાંથી ઉદ્‌ભવેલી મુકકાબાજી-પરાણે તે મંદીરમાં તે મરદ તથા ઓરતનું દાખલ થવું-મંદીરમાં થયેલો હાહાકાર-એ મરદ તથા ઓરત પર પડેલો પ્રહાર-"પોલીસ-પોલીસ"ના પોકાર-પોલીસ પ્રવેશ-સુલેહના ભંગનો અટકાવ-એ મર્દ તથા ઓરતનો ક્રોધમય દેખાવ-બંનેનું પાછા ફરવું-મોટરમાં પાછા સજ થવું-મોટરના ભુંગળાનો અવાજ અને સરરર રવાના થવું.

---

## —દેખાવ ત્રીજો—

---

ન્યાયમંદીર-લોકોથી ચીકાર કોર્ટ-ચોપદારના ચુઉઉઉપના અવાજ-ન્યાયાધીશનો પ્રવેશ-સર્વે ઉભા થઇ નમન કરવું-ન્યાયાધીશ સાહેબે ઉંચા આસનપર બેઠક લેવી-કોર્ટમાં ફેલાયેલી ચુપકીદી-ધારાના હીમાયતીયોની બન્ને બાજુએ લાગેલી અલગાર-પ્રસરેલી ગરમી-પંખાઓનું ખેચાવું.

વાદી પક્ષ—ભાટીયા મર્દ યાને ત્હેની યાહુદી ઓરત.

પ્રતિવાદી પક્ષ—વૈષ્ણવ મંદીરના ટ્રસ્ટીઓ શરૂ થયેલો કેસ.—

"હીન્દુ ભાટીયાની યાહુદણ ઓરતને હીન્દુ મંદીરમાં પ્રવેશ કરવાનો હક છે કે નહી-" તેમજ " અન્ય કોમમાં વટલી ગયેલ છતાં હીંદુપણુ જાળવી રાખનાર શખ્સ હીંદુ ધર્મ સ્થાનકમાં દાખલ થાય તો ધર્મની લાગણી દુ:ખાય કે કેમ-તેમજ સાપરાધ ગ્રહ પ્રવેશ નો ગુન્હો બને કે કેમ "-એવા નીકળેલા પ્રાથમિક મુદ્દાઓ-તે મુદ્દાઓ ઉપર બંને તર્ફના ધારાના હીમાયતીઓની ચાલેલી ગરમાગરમ તકરાર-અસીલની સોલીસીટરના-કાનમાં અને બારીસ્ટરના કાનમાં ચાલતી ધુસપુસો-થયેલા લંબાણ ભાષણો-તે વખતે ટેબલ પર હાથ વતી થતી મુક્કાબાજી-ટેબલમાં પડતા ચીરા-લોઢાની ટેબલ ગોઠવવાનો તાતકાળીક હુકમ-સોલીસીટરની જુદા જુદા કાયદાના પોથાની થતી ઉથલપાથલ-ચુકાદો બાકી રાખી કોર્ટનું ટીફીન (નાસ્તો) લેવા ઉઠવું.

* * * *

**નોટ**—દરેક દેખાવની વચમાં દશ મીનીટનો વિસામો દેવામાં આવશે. તે દરમ્યાન સારંગ પોળનું જાણીતું સ્ટ્રીંગ એન્ડ પાનકોરના નાકા વાળા પ્રખ્યાત પીરૂ પીપોડીની ખાસ સરદારી હેઠળ મધુર શરણાઇ વગાડી પ્રેક્ષકોના મન રંજીદા કરશે.

ધોરાજી. J. T. Kothary. B. A. L. L B.

લકબે—ઓલ્યા જોષી )

---

# जीवनमां अनुकरणीय नियमो.

લખનારઃ—કાપડીયા નેમચંદ ગીરધરલાલ-ભાવનગર.

મનુષ્ય સ્વભાવ તપાસતાં જે કાંઇ તેની નબળી બાજુ દેખાય, તે તરફ તમે દુર્લક્ષ રાખતા શીખજો, અને તેની મજબુત બાજુ તરફ દૃષ્ટિ રાખી તેનું અનુકરણ કરજો, અને તમે પણ તેવા મજબુત થઈ શકશો.

જ્યારે કોઇ પણ બાબત માટે તમે તમારો નિર્ણય દર્શાવો, ત્યારે હમેશાં તમારૂં લક્ષ તમારા મન તરફ આપો; કારણકે મન ઉપર લક્ષ આપીને તેના આદેશાનુસાર વર્તન કરવાથી અવશ્ય તમારૂં નિર્ણીત કાર્ય ફળીભૂત થશેજ.

કોઈની પણ ભૂલ શોધવાનો પ્રયત્નજ આદરશો નહિ. દરેક મનુષ્ય અગર પ્રાણીમાંથી સદ્ગુણો-સારભૂત ગુણો શોધજો. મનને હમેશાં હલકી બાબત તરફ દોરશોજ નહિ. દરેક સ્થળે જે ઉત્તમ સાર માલૂમ પડે તે તરફજ લક્ષ આપજો, અને દરેક વસ્તુમાંથી પણ ઇચ્છવાલાયક સાર તમે હમેશાં શોધી શકશો.

જ્યારે જ્યારે કાંઇ પણ કાર્ય કરવાની મનુષ્યને ઇચ્છા થાય છે, ત્યારે ત્યારે તેની શક્તિ અને સારાં કૃત્યો તરફનું તેનું વલણ-તે બે બાબતો ઉપર ધ્યાન આપવામાં આવે છે. તે બંને માટે શુદ્ધ, આનંદી, દૃઢ, મજબુત, સદ્ગુણગ્રાહી મનની ખાસ જરૂર છે. મનને તેવું બનાવવા પ્રયત્ન આદરો, અને તમારાં ઇચ્છીત કાર્ય સત્વરજ ફળદાયી નીવડશે.

જ્યારે કોઇ પણ કાર્ય કરતાં ગુંચવાડો થઇ જાય, તેમાંથી બહાર કેવી રીતે નીકળવું તે સુઝે નહિ, મન મુંઝાઈ જાય, ત્યારે થોડી ક્ષણ સુધી શાંત થઈ જાઓ; આંતર હૃદયમાં પણ શાંતિ રાખો, મનને થોડો વખત બીજી વળણ તરફ દોરો. દરેક કાર્યમાંથી બહાર નીકળવાનો રસ્તો હોય જ છે, પણ ગુંચવાઇ ગયેલું મન તે શોધી કાઢવાને અશક્ત થઈ જાય છે. થોડી ક્ષણ તદ્દન શાંતિ રાખવાથી તે ગુંચવણ તરતજ દૂર થાય છે, અને મન સ્વતઃજ માર્ગ શોધી કાઢે છે, અને મુંઝવણ દૂર થાય છે.

જે કાંઈ પ્રાપ્ત કરવાની તમારી ઇચ્છા હોય, તે ઇચ્છામાં જ્યારે તમે નાસીપાસ થાઓ, ત્યારે એક ક્ષણ પણ નાસીપાસીને-દિલગીરીને તમારા હૃદયમાં પેસવા દેશો નહિ. તરતજ તમારા મનની વળણ ફેરવી નાંખજો, અને પ્રથમના કરતાં વધારે સારી વસ્તુની ઇચ્છા કરજો. આ પ્રમાણે વર્તન કરવાથી દરેક કાર્યનું-દરેક ઇચ્છાનું પરિણામ તમારા લાભમાંજ આવશે તે નિશ્ચય માનજો.

જ્યારે જ્યારે કોઇ પણ મનુષ્ય એમ ધારે કે મેં અતિશય કાર્ય કર્યું છે, હું કાર્ય કરીને થાકી ગયો છું, ત્યારે નકી માનજો કે તે માણસ કાર્ય કરવાની પદ્ધતિથી તદ્દન અજ્ઞાત છે. વારંવાર કાર્ય કરવાથી શ્રમ લાગી જાય છે તેવું દર્શાવનાર માટે ચોકસ માનજો કે તે અન્ય કાર્યો કરવાને અસમર્થ છે. આખો દિવસ કાર્ય કરતાં પણ શ્રમ લાગતોજ નથી. મનમાં અતિશય કાર્ય કરવાની ગણત્રી ગણનારજ શ્રમિત થઈ જાય છે. વળી કાર્ય કરવાથી શ્રમ લાગી જાય છે તેમ વિચારનારની કાર્ય કરવાની શક્તિ પણ ઓછી થતી જાય છે; પરંતુ જ્યારે જ્યારે ખપ પડે ત્યારે ત્યારે શ્રમનો નકામો વિચાર નહિ કરનાર, અને દરેક આવેલ કાર્ય કરવામાં તત્પર મનુષ્યની શક્તિ હમેશાં વૃદ્ધિજ પામતી જાય છે.

કોઈ કોઈ વાર જીવનમાં એવો વખત આવી જાય છે કે જ્યારે કોઇપણ કાર્ય કરવાં સારાં લાગતાંજ નથી. દરેક કાર્ય અનિચ્છીત-ભૂલવાળાંજ લાગે છે, પણ તે વખતે ભૂલ

આપણા મનનીજ થાય છે તેમ નકી સમજજો. જ્યારે કોઇ પણ કાર્ય તરફ ખોટી દૃષ્ટિથી જોઇએ, ત્યારે તે સર્વ કાર્યો ભૂલવાળાં-ખોટાં, આપણને નહિ ગમતાંજ લાગે છે. જ્યારે આપણે અંધારામાં હોઇએ, ત્યારે દરેક વસ્તુ આપણને પણ અંધકારમયજ લાગે છે. પણ પ્રકાશમાં આવવું તે જેમ શકય છે, તેમજ હમેશાં પ્રકાશમાં રહેવું તે પણ બની શકે તેવું છે. વળી જ્યારે આપણે પ્રકાશમાં હોઇએ, ત્યારે દરેક વસ્તુ પ્રકાશમય, સુંદર, ઇચ્છવા લાયક, સારીજ લાગે છે; સારાંશ કે પ્રકાશમાંજ રહેવું, અંધારાને આપણાથી સદાને માટે દૂરજ રાખવું, અને આપણા જીવનમાં સર્વ પ્રકાશમયજ દેખાશે. પ્રકાશ તે પ્રકાશજ છે.

આખા દિવસમાં થોડી ક્ષણો તો હમેશાં તદન શાંતિમાંજ પસાર કરવાની ચાલુ ટેવ કદી છોડી દેશો નહિ. બને તો દિવસમાં જેટલો વખત બની શકે તેટલો વખત મનને શાંત-ગુંચવણ ભરેલા વિચારોથી રહિત-સંસારની ઉપાધિમય ખટપટોથી રહિત-રાખવા અવશ્ય પ્રયત્ન કરજો. થોડે થોડે વખતે આવી રીતે પ્રાપ્ત થતી શાંતિ મનને શુદ્ધ કરશે, વિચારશક્તિને વધારશે, અને મનની અવરાયેલી શક્તિ ધીમે ધીમે ખુલી થઈ જશે.

જ્યારે કોઇ પણ વખત તમે તમારી ધારણા સફળ થતી ન દેખો, તમારી ઇચ્છાનુસાર ફળપ્રાપ્તિ થતી માલૂમ ન પડે, ત્યારે કદી પણ દિલગીરી ધારણ કરશો નહિ. કોઇપણ વખતે શોક દર્શાવવો દુરજ રાખજો, કારણકે દિલગીરી દર્શાવ્યા વગર સર્વ સમયે તમારે જે કાર્ય સાધવું હોય, જે ઇચ્છા ફળવતી કરવી હોય તેમાં દૃઢ મનથી ઉદ્યોગથી વળગી રહેવાથી અવશ્ય તે ફળશેજ, અને તમારી પ્રથમની ધારણા કરતાં વધારે સારૂં ફળ તમે મેળવી શકશો. દિલગીર અને નાસીપાસ દેખાવથી તો તે કાર્ય ઉપરનો, અને તમારા મન ઉપરનો પણ તમારો કાબુ નાશ પામે છે.-ગુમ થઇ જાય છે, અને તે કાબુ મેળવતાં ઘણા વધારે વખત અને પ્રયત્નની પાછી જરૂર પડે છે. પણ દૃઢ મન, નિર્ણીત વિચાર, અને અડગ શ્રદ્ધા-ખંતથી તે કાર્ય પછવાડે મંડયા રહેવાથી તે કાર્ય અવશ્ય સફળ થવાનુંજ, અને તમારી ઇચ્છા પાર પડવાનીજ. માટે કદી કોઇ પણ કાર્ય કરતાં દિલગીર કે નાસીપાસ જવુંજ નહિ; શ્રદ્ધાથી અને ખંતથી તે કાર્ય પાછળ મંડવું, અને અવશ્ય વિજયમાળા તમનેજ મળવાની.

તમારે કદિ પણ નાહિંમત, નાસિપાસ, ગભરાયેલા મનવાળા, અગર શોકાન્વિત થવું નહિ. આવી રીતે મનનું નાહિંમત થવું, ગભરાઈ જવું તેજ તેની નબળાઈ સુચવે છે, અને તેવું નબળું મન જે કાંઈ મુશ્કેલીઓ તત્કાળમાં આવેલી હોય, તે દૂર કરવા સમર્થ થઇ શકતું નથી, જે મન હિંમત રાખી શકે છે, નિર્ણયથી ચળતું નથી, સદા આનંદી રહી શકે છે, અને શ્રદ્ધાને ત્યજતું નથી, તેવા મનવાળા મનુષ્યોજ દરેક મુશ્કેલીનો નાશ કરી શકે છે, કારણકે તે મનુષ્યો સર્વ સ્થિતિમાં સર્વ વખતે ગમે તેવા પ્રસંગોમાં પણ મજબુત રહી શકે છે. ગભરામણવાળી અંધકારમય ક્ષણોમાં મનની નાસીપાસ-નાહિંમતી થઈ જવાની વલણ તેજ નિષ્ફળતાનું મુખ્ય કારણ છે. કારણકે મુંઝાતાં મુંઝાતાં મન એવી સ્થિતિએ જઈ પહોંચે છે કે જ્યારે તેની શક્તિ અને તેનામાં રહેલી ન્યાયબુદ્ધિનો નાશ થઈ જાય છે. જ્યારે જ્યારે મુશ્કેલીભર્યા કલાકોમાં પણ મન મજબુતાઇથી કાર્ય કરે છે, પોતાનું શૌર્ય અજમાવી ગ્રહણ કરેલ કાર્ય પાર પહોંચાડે છે, ત્યારે ત્યારે તેની શક્તિ-બુદ્ધિ-ચાતુર્યમાં સર્વદા વૃદ્ધિ થાય છે, તેથી તમે મનનપૂર્વક આ વાત લક્ષમાં રાખજો કે તમારા મનને તમે કદી પણ નિરુત્સાહી, નાહિંમતી, અગર નાસીપાસ થવા દેશો નહિ, પણ હમેશાં પ્રાપ્ત કાર્યમાં આગ્રહથી ખંતથી મચ્યા રહેજો, અને અવશ્ય ઉત્તમ ફળની તમને પ્રાપ્તિ થશેજ.

જ્યારે તમને એમ લાગે કે અંધકારમય સમય આવી પહોંચ્યો છે, તમને દરેક કાર્યમાં નિષ્ફળતા મળે તેવોજ સમય વર્તે છે, ત્યારે પણ તમારી સર્વ શક્તિનો ઉપયોગ કરજો. જો તમે નાસીપાસી ધારણ કર્યા વગર તમારી શક્તિનો ઉપયોગ કર્યાજ કરશો, તો બાજી તરતજ પલટાતી માલુમ પડશે; અંધકારમાં પ્રકાશ પડતો માલુમ પડશે. જે કાર્યોમાં ચાલુ નિષ્ફળતાજ મળતી લાગતી હોય, તેમાં પણ સફળતા મળતી જશે. પણ તમે તેવા સમયમાં તમારી શક્તિનો ખ્યાલ કર્યા વગર તેને આવરી દઇ તે અંધકારમય મુશ્કેલીઓને તાબે થઇ જઈ તેની સામા થવાને બદલે તે રૂપજ બની જશો, તો તમે નીચા અને નીચાજ ઉતરી જશો, અને તમારી શક્તિનો પણ ઘણે અંશે કદાચ નાશ થઈ જશે. તમારૂં વાતાવરણ ગમે તેવું હોય, પણ તમારી કાર્યશક્તિ તો તમારા મન સાથેજ સંબંધ ધરાવે છે. તમે નાહિંમત બન્યા વગર ધીરજ રાખી કાર્ય આગળ ચલાવ્યા કરો, તો તમારી ઘટતી જતી લાગતી શક્તિની વૃદ્ધિ થવા માંડે છે, અને છેવટે મુશ્કેલીઓનો પણ અંત આવે છે, તેથી ઉલટું જો હિમતને–ધીરજને નમસ્કાર કરી મુશ્કેલીઓને વશ થઈ જશો, તો મન મુંઝાશે, અને તમારી કાર્ય શક્તિનો ધીમે ધીમે નાશ થઈ જશે. આમ હોવાથી તમારે માટે ખાસ જરૂરનું અને ફાયદાકારક તેજ છે કે તમારે હમેશાં વધારે શક્તિ, વધારે માનસિક વિશાળતા, વધારે પૂર્ણતા, વધારે હિમંત, વધારે આનંદ તમારામાં રહે તેવી જાતનો સર્વદા પ્રયત્ન કરજો. ઉંચા ચઢો, અને વધારે ઉંચા ચઢો, અને વધારે ઉંચા અને મજબુત વિચારવાતાવરણમાં વિચરતાં શીખો; અને મનની વધારે ઉંચી શક્તિઓનો વિચાર કરી તે પ્રાપ્ત કરવાનો પ્રયત્ન સેવો, અને આવા પ્રયત્નથીજ સર્વ કાર્યમાં સર્વદા તમને સફળતા મળશેજ.

આપણા ચાલુ જીવનમાં એવી ઘણી વસ્તુઓ હોય છે, એવું ઘણું વિચારક્ષેત્ર હોય છે કે જેને માટે આપણે અન્ય મનુષ્યો ઉપર આધાર રાખવો પડે છે; તેથી જે જે માણસના સહવાસમાં આપણે આવીએ તે તે માણસ સાથે યથાયોગ્ય સંબંધ થાય તેવી રીતે વર્તવાની ઘણી જરૂર છે. જ્યારે જ્યારે તમે કોઇના સંબંધમાં આવવા ઇચ્છો, ત્યારે ત્યારે આનંદી સ્વભાવ, મનની વિશાળતા વિગેરે સદ્‌ગુણોને ધારણ કરીનેજ, તમારાથી બને તેટલી ઉત્તમતા દર્શાવતાં તેના સંબંધમાં આવવા પ્રયત્ન કરજો, તેમ કરવાથી તેની પાસેથી જેની તમારે અપેક્ષા હશે તે વસ્તુ ઉત્કૃષ્ટ સ્થિતિમાં તમે પ્રાપ્ત કરી શકશો. આપણે અન્ય મનુષ્યમાં આપણા ઉપર વિશ્વાસ ઉત્પન્ન થાય, અને આપણી તે માટેની યોગ્યતાનો તેના મનમાં નિર્ણય તરતજ થાય તેવી રીતે વર્તવું જોઇએ. દિલગીર, નાસીપાસ, દુઃખી ચહેરો વિશ્વાસ ઉત્પન્ન કરી શકતોજ નથી; વળી તમારા મનમાં તે વસ્તુ પ્રાપ્ત થશે કે કેમ તેમાં શંકા હોય, ત્યાં સુધી પણ ઇચ્છીત કાર્ય ફળીભૂત થતું નથી. માટે શંકાને મનમાંથી દૂર કરી ઇચ્છિત કાર્ય સત્વરજ સફળ કરવાની તમારામાં શક્તિ છે તેવા તમારા મનના મજબુત નિર્ણય સાથે આનંદી સ્વભાવમાં રમણ કરતાં સર્વની સાથે સંબંધમાં આવવાનો વિચાર રાખજો, અને ધારેલ ધારણામાં તમે સત્વરજ ફળીભૂત થજો, તેમાં જરાપણ સંશય નથી.

દુનિયામાં કોઈ પણ વ્યક્તિને નીચે ઉતારી પાડવાનો, હલકો દેખાડવાનો પ્રયત્નજ આદરશો નહિ, પણ તમારી જાતને જેમ બને તેમ આગળ વધારવા, વિચાર વાતાવરણમાં શ્રેષ્ઠ થવાનું, મન ઉપર અંકુશ રાખવાનું, ઇચ્છિત કાર્યની સફળતા થઈ શકે તેવા આંદોલનમાં વિહરવાનું શીખજો. કાર્યક્ષેત્રમાં આવી રીતે આગળ વધવાથી હમેશા પરિણામ લાભદાયીજ–ચિરસ્થાયી–સંતોષકારકજ આવશે. પોતાની જાતને આગળ વધારવાની ટેવ હમેશાં પ્રાપ્ત કાર્ય સંપૂર્ણ કરાવે છે, અને મનને સંતોષ–આનંદ ઉપજાવે છે. જ્યારે અન્યને ઉતારી

પાડવાની–હલકા બનાવવાની ટેવ કોઈને પણ સુખી કરતી નથી; તમારૂં વિચારક્ષેત્ર પણ અશુદ્ધ થાય છે; મન આડે રસ્તે ઉતરી જાય છે, અને સામા માણસને પણ નુકશાન થાય છે, અને તમને તેમાંથી કોઈ પણ જાતનાં સુખ–સંતોષ મળતાં નથી, માટે અન્યની નિંદા–ટીકા કરવામાંથી સર્વદા દૂરજ રહેજો. તમારી પોતાની જાતને કેમ વધારે સુધારવી, માનસિક વિશાળતા કેવી રીતે વધારવી તેજ પ્રયત્નમાં સર્વદા રહેજો.

જો તમારે તમારા કાર્યોમાં ફત્તેહ અવશ્ય મેળવવીજ હોય તો તમારી જાતને સુધારો, અને તમારા કાર્યોને ઉત્તમ બનાવો. તમારા કાર્યો તરફજ દૃષ્ટિ રાખો; પણ તમારા હરીફ માટે એક અક્ષર પણ વિરૂદ્ધતાનો ઉચ્ચારતા નહિ. કોઇપણ માણસ સાથે દુશ્મનાઇ બાંધવી –શત્રુતા ઉત્પન્ન કરવી તે મનમાં ગેરવ્યવસ્થાજ ઉત્પન્ન કરે છે; અને આવી સ્થિતિમાં કોઇપણ કાર્ય સંપૂર્ણ થઈ શકતું નથી–ઇચ્છીત ફળ આપી શકતું નથી; તેથીજ અન્ય સાથે શત્રુતા રાખવી–તેની ટીકા કરવી, કે તેને હલકો પાડવો તે તમારી જાતનેજ નીચે ઉતારી પાડવામાં સાધનભૂત થાય છે. અન્ય સાથે શત્રુતા, કે અન્યની નિંદા–ટીકા તે તેને તો નુકશાન કરે અગર ન પણ કરે, પણ તમારી જાતને તો તેનાથી અવશ્ય નુકશાન થવાનુંજ.– તમે તો નીચી પાયરીએ ઉતરી જવાનાજ, માટે તમારા કાર્યમાં સફળતા પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તો તમારી શક્તિનો અન્યને હલકા પાડવામાં ખોટો વ્યય ન કરશો, પણ તમારા કાર્યમાંજ મચ્યા રહેશો, તો અવશ્ય ફત્તેહ મળશેજ.

જો તમને એમ ખાત્રીથી લાગતું હોય કે તમારા વિચારો ઉત્તમ છે, અન્યને અનુકરણ કરવા લાયક છે, અન્ય તે ગ્રહણ કરશે તો તેને બહુ ફાયદો થશે, તો તમારા વિચારોની ઉત્તમતા દર્શાવવા અન્યના વિચારોની કદી પણ મશ્કરી અગર ટીકા કરશો નહિ. અન્યની માન્યતા વિચારશ્રેણી ખોટી છે, તેવું સાબીત કરવામાં નકામો વખત ગુમાવશોજ નહિ, તમારી માન્યતા તમારા વિચારો ખરા છે, અનુકરણીય છે તે બાબત દર્શાવવામાં તમારો વખત પસાર કરો; અન્યના વિચારો ભલે તેની પાસેજ રહે. તમારે તેની સાથે કશો સંબંધ નથી. તમારે તે વિચારો ખોટા છે તે દર્શાવવાની પણ જરૂર નથી. જેમાં સત્યતા હશે તે સ્વતઃજ તરત તરી આવશે; પણ અન્યના વિચારો હલકા છે, ઉતરતી પંક્તિના છે, તેની માન્યતા ખોટી છે એમ દર્શાવવું તે ઉત્તમતાની નિશાની નથી. અથવા તમારા વિચારો પણ હલકાજ છે તેમ તમારી નિંદા–ટીકા કરવાની ટેવજ સાબીત કરે છે. સત્યને અસત્ય સાથે કદી લડાઇ કરવી પડતીજ નથી. સત્યનો હમેશાં જયજ થાય છે. સત્ય વિચારો. સત્ય વસ્તુ સ્વતઃજ તરી આવે છે; અને કોઈ પણ મનુષ્ય અસત્યનો સ્વીકાર કરશેજ નહિ. તેથીજ તમારી સત્ય બાબત સાબીત કરવા પ્રયત્ન આદરો. તેમાં વખત પસાર કરો, પણ અન્યની નિંદા–કુથલીની ટેવ છોડી દેજો. તેમ નિંદા કરવાથી અન્યની માન્યતા જૂઠી છે તેમ કદી સાબીત થવાનુંજ નથી. અન્યની નિંદા–ટીકા-દ્વારા પોતાના વિચારોની ઉત્તમતા દેખાડવા જનાર અંતે નાસીપાસજ થાય છે. તેના ઉત્તમ વિચારો ઉપર પણ બીજા મનુષ્યોને શંકા ઉઠે છે; માટે તેવી પ્રવૃત્તિ છોડી દઇ તમારા સત્ય વિચારો જેમ વધારે ફેલાય, જેમ લોકસમૂહમાં વધારે જાણવામાં આવે તેવો પ્રયત્ન કરજો; અને તમારી સત્ય વાત અંતે અવશ્ય પ્રગટ થશેજ, લોકો તેને માન આપશે, અને અન્યના હલકા વિચારો સ્વતઃજ ઉડી જશે. લોકો તેના તરફ દૃષ્ટિ પણ નહિ કરે તે ખાત્રીથી માનજો. [૧]

ઇતિશમ્.

૧. **Efficiency** નામક ઇંગ્રેજી માસિકમાંથી અવતરણ.

# પર્યૂષણ પર્વ.

( લખનારઃ—રા. ગોકુલદાસ નાનજીભાઇ ગાંધી–ટંકારા. )

આપના તરફથી પ્રકટ થતા હેરલ્ડ માસિકના "વાર્ષિક પર્યૂષણ અંક" માટે કાંઇ પણ લખવા માટે સૂચના થતાં, પર્યૂષણ પર્વ ઉપર જ સંક્ષિપ્તમાં કહેવા ધાર્યું છે.

**પર્યૂષણ એટલે શું ?:**—પર્યૂષણ એટલે સ્થિરતા. મનની આત્માને વિષે વિલયતા થવાથી જે સ્થિરતા પ્રાપ્ત થાય છે તેને જ પર્યૂષણ કહેવામાં આવેલ છે. મનોશાન્તિ, આત્મસ્થિરતા તે પર્યૂષણા.

**પર્યૂષણ પર્વની પ્રવૃત્તિ થવાનું કારણ:**—પર્યૂષણ પર્વની પ્રવૃત્તિ એ એક જાતનું સંમેલન છે. આધુનિક સમયમાં જેમ ધર્મકાર્ય માટે શ્રેયસ્સાધક અધિકારીવર્ગ, થીઓસોફિસ્ટો વગેરે સમુદાયવાળા, અમુક દિવસોએ એકઠા મળીને ધર્મધ્યાનને, તેમના પંથના રિવાજ અનુસાર સાધ્ય કરે છે તેવી જ રીતે પ્રાચીનકાળમાં ધર્મધ્યાન કરવાના રિવાજને લઇને વર્ષમાં આઠ દિવસ પણ મનોશાંતિ અને આત્મસ્થિરતાની સંપ્રાપ્તિ માટે એકઠા મળીને ધર્મધ્યાનાદિ સાધ્ય કરવામાં આવતાં હતાં; એજ પ્રવૃત્તિ પર્યૂષણાપર્વ તરીકે અદ્યાપિ પર્યંત મોજુદ છે. અનાદિકાળથી તે પ્રવૃત્તિ ચાલુ છે અને અનંતકાલ સુધી તે પ્રવૃત્તિ ચાલુ રહેશે.

દરેક માણસે અહર્નિશ આત્મસ્થિરતા ધારણ કરવી જોઇએ. આત્મસ્થિરતા ન રહેતી હોય તો તે પ્રાપ્ત કરવા માટે પ્રબલ પુરૂષાર્થ કરવો જોઈએ. જેઓ અહર્નિશ પ્રબલ પુરૂષાર્થદ્વારા આત્મસ્થિરતા પ્રાપ્ત કરવા પ્રયાસ કરી રહ્યા છે, તેઓને તો સદૈવ પર્યૂષણપર્વ જ છે; પરંતુ એવા અધિકારીઓ તો જગતમાં અનાદિકાળથી બહુ જ અલ્પ જોવામાં આવે છે. સામાન્ય બુદ્ધિ જીવો હમેશાં આત્મસ્થિરતા રાખી **શકતા નથી** એટલું જ નહિ પણ તેને માટે પ્રયાસ પણ કરી શકતા નથી; એવાઓને આખું વર્ષ ન બને તો દરેક મહિનામાં છ પરબી બે પક્ષે મળીને બાર દિવસ તો મનોશાંતિ અને આત્મસ્થિરતામાટે પ્રયાસ કરવો જોઇએ; પરંતુ તે પણ ઘણા સાધ્ય કરી શકતા નથી, તેમને માટે દશ દિવસ છે. તે પણ ન કરી શકે તેમને માટે આઠમ અને ચૌદશ બંને પક્ષે મળી દરેક માસમાં ચાર દિવસ તો આત્મસ્થિરતા મેળવવાના પ્રયાસમાં ગાળવા જ જોઇએ. પરંતુ ઘણા એવા જીવો છે કે ત્રીશ દિવસમાં ચાર દિવસ પણ આત્મધ્યાનદ્વારા આત્મસ્થિરતા પ્રાપ્ત કરી શકતા નથી, તેમને માટે મહાન્ આત્મવેત્તા શ્રી તીર્થંકર ભગવાનના કલ્યાણકના દિવસો નક્કી કરાયલા છે કે તે મહાન્ પુરૂષોની જયંતિના દિવસે તેઓશ્રીની આત્મસ્થિરતાની વાતોનું શ્રવણ કરી તે પ્રમાણે બનતો પ્રયાસ કરે, પરંતુ આવા અમુક દિવસોમાં પણ ઘણો સમુદાય સંપૂર્ણ ભાગ લઈ શકતો નથી. આત્મસ્થિરતા તો શી રીતે કરવી તે બાજુપર રહ્યું પણ સેંકડે નવાણું ટકાને તો આત્મધ્યાનની પણ ખબર હોતી નથી. જ્યાં આત્મધ્યાનની કુંચીનું અભાન છે ત્યાં મનોશાંતિ અને આત્મસ્થિરતારૂપ પર્યૂષણાની તો આશા જ શી રીતે રાખવી ! ! ! આ બધું ધ્યાનમાં રાખીને જો ફરજીઆત રીતે અમુક દિવસો આત્મ-

ધ્યાનદ્વારા આત્મસ્થિરતા માટે નક્કી કરવામાં ન આવે તો અખિલ વિશ્વ આત્મજ્ઞાનની વિમુખ બની જાય અને સર્વત્ર અશાંતિ અને અસ્થિરતાનું જ સામ્રાજ્ય પ્રવર્તમાન થાય. આવું ન બને અને જગતમાં મનોશાંતિ અને આત્મસ્થિરતા ચાલુ રહે એ ધ્યાનમાં રાખીને પ્રાચીન મહત્પુરૂષોએ ફરજીઆત રીતે વર્ષમાં આઠ દિવસ તો આત્મધ્યાનદ્વારા, મનોશાંતિ અને આત્મસ્થિરતા મેળવવી જોઇએ એવો નિર્ણય કરીને સર્વ આત્મસ્થિરતા આરાધકો —ચતુર્વિધ સંઘને માટે પર્યૂષણાપર્વની પ્રવૃત્તિ કરી છે—એટલે કે કાંઇ નહિ તો વર્ષમાં આઠ દિવસ તો આત્મોન્નતિ ઇચ્છક વર્ગે અવશ્ય ધ્યાનાદિક ધાર્મિક ક્રિયાઓ સામાયિક, પ્રતિક્રમણ, પૂજન, વ્રત, ઉપવાસ, પ્રત્યાખ્યાન, વગેરે કરવાં જોઇએ. એ કરવાનો હેતુ ફક્ત આત્મસ્થિરતા–પર્યૂષણા જ છે. સામાયિકમાં તો પ્રત્યક્ષ રીતે સમભાવમાં–આત્મભાવમાં આવવું જ જોઇએ. પ્રતિક્રમણમાં પણ આત્માભિમુખ પગલાં ભરવાં જ જોઇએ. પૂજનમાં પણ સૌંદર્યદ્વારા મનોશાંતિ પ્રાપ્ત કરી આત્મધ્યાન કરવું જોઈએ. ઉપવાસાદિના પ્રત્યાખ્યાનોનો હેતુ તો સ્પષ્ટ છે કે એથી શરીર સ્થિર થતાં મનોશાંતિ સાંપડે છે. ઉપવાસાદિનો હેતુ **મુખ્ય** તો એવો છે કે આત્મસ્થિરતા પ્રાપ્ત કરવા માટે એટલો પુરૂષાર્થ કરવો કે ખાવું પણ નહિ, પીવું પણ નહિ, બોલવું પણ નહિ પરંતુ કેવલ આત્મધ્યાનદ્વારા આત્મસ્થિરતાની પ્રાપ્તિ કરવી. આવી રીતે જો પ્રત્યાખ્યાનો થાય તો તે વિશેષ સફલતાવાળાં ગણી શકાય. અંધપરંપરાએ લોલેલોલ તો મિથ્યામતિઓ એટલે આત્મજ્ઞાનવિમુખો કરે છે. અંધ પરંપરાએ કરનારો પણ વખતે, કોઇપણ વખતે નથી કરતા તેમના કરતાં ઠીક લાભ મેળવતા જણાય છે.

શરૂઆતમાં દેખાદેખીએ અનુકરણ કરતાં શીખે પછી તે સાધકને સ્વતઃ વિચારનું સ્ફુરણ થશે અને સુધરશે. જેઓ દેખાદેખીમાંથી સત્ય રસ્તા ઉપર આવે છે તેમની તો બલીહારી છે. જગતનો ઘણોભાગ તો આખી જીંદગી દેખાદેખીમાંજ પૂર્ણ કરે છે એટલે કે કેવલ અંધપરંપરાએ ગાડું ચલાવે છે કે ઠીક છે પર્યુષણ પર્વ આવ્યાં છે માટે લોકની દેખાદેખીએ નિયમ પ્રમાણે પ્રતિક્રમણાદિ કરવાં અને એકાદ બે ઉપવાસ કરી નાંખવા, વળી એકાદ વખત સાકરની લ્હેણી કરવી અને બહુ તો એકાદ પૂજા ભણાવવી એટલે બસ, પર્યૂષણ પર્વની સમાપ્તિ થઇ, પર્યૂષણ પર્વનો હેતુ પૂર્ણ થયો, જો કે આવી પ્રવૃત્તિ પણ કેટલીક વખત લાભદાયક થાય છે તથા તેઓ તે રસ્તેથી પણ પરંપરાએ કેટલી ધર્મપ્રવૃત્તિ પુણ્યપ્રતાપથી આગળ વધી શકશે એ વાત સાચી છે પણ જીંદગીનો ભરૂંસો નહિ હોવાથી, પરમ શાંતિને આપનારી આત્મજ્ઞાનીઓની વાણીને તરત ગ્રહણ કરવી પણ તેમાં પ્રમાદ કરવો નહિ જોઇએ. કેટલાકની માન્યતા એવી છે કે 'આગળ ઉપર સમજાશે, એકડા પછી બગડો હોય'—આ વાત સાચી છે પણ તેથી વિલંબ તો કરવો નહિ જોઇએ. ગૌત્તમજેવા મહત્પુરૂષને પણ શ્રી વીતરાગદેવ મહાવીરને ઉપદેશ દેવાની જરૂર જણાતાં શ્રી ઉત્તરાધ્યયનમાં ફરમાવ્યું છે કે "

" कुसग्गे जह ओस बिंदुए थोवं चिट्ठइ लंबमाणए "
" एवं मणुआय जीवियं समयं गोयम मा पमायए "

દર્ભને અગ્રે જેમ જલબિંદુ અલ્પકાળ રહી ખરી પડે છે તેમ મનુષ્યોનું આયુષ્ય

અસ્થિર છે માટે હે ગૌત્તમ (આત્મજ્ઞાન મેળવવામાં) ક્ષણ પણ પ્રમાદ કરવો નહિ,-મતલબકે અપ્રમત્ત થવું, અર્થાત્ આત્મધ્યાનની સુરતા તુટવા દેવીજ નહિ. ભાવાર્થ એવો છે કે આત્મધ્યાનદ્વારા વગર વિલંબે આત્મસ્થિરતા પ્રાપ્ત કરવી પરંતુ અંધપરંપરાએ ચાલવું નહિ. જગતનો ઘણો ભાગ અંધપરંપરાએ એટલે કે સ્વાશ્રયે નહિ કિંતુ પરાશ્રયે ચાલતો જોઇને ભગવાન્ સૂત્રકારને પણ શ્રી સૂત્રકૃતાંગ-સૂયગડાંગજીમાં ઉપદેશવું પડ્યું છે કે:—

**अंधो अंधं पहंणिंतो दूर मद्धाणु गच्छइ**
**आवज्जे उपहंजंतुं अदुवा पंथाणुगामिण**

જેમ કોઇ અંધ બીજા અંધોને દૂર લઇ જાય તો પણ તે અંધ ઉન્માર્ગે પડે અર્થાત્ અન્ય માર્ગે જાય પણ વાંછિત સ્થળે ન જાય એટલે કે પોતે અને બીજા અવળે માર્ગે જાય તેમ આત્મજ્ઞાનરહિત ક્રિયા કરનાર અજ્ઞાનીઓ નો અંધપરંપરા માર્ગ છે તે મુક્તિને અનુકુલ થાય નહિ.

ભાવાર્થ એવો છે કે કાંઇ નહિ તો વર્ષમાં આઠ દિવસ અવશ્ય આત્મસ્થિરતા પ્રાપ્ત કરવા માટે પ્રયાસ કરવો જોઇએ. આ હેતુ લક્ષમાં રાખીને જ પર્યૂષણાપર્વની પ્રવૃત્તિ અનાદિ કાલથી ચાલી આવે છે અને અનંતકાળ સુધી દિગ્વિજય સાથે ચાલશે.

આઠ દિવસની આત્મસ્થિરતા માટે જ સમુદાય એકઠો થઇ, સવારમાં પ્રતિક્રમણ, સામાયિક, પૂજન કરે, પઠનપાઠન કરે કરાવે, ગાય આનંદમાં નાચે, નૂતન વસ્ત્રાભૂષણ ધારણ કરે, આત્મધ્યાન ધરે. ગાવું, નાચવું, પૂજવું, ભણવું, વગેરે આત્મધ્યાનનાં અંગભૂત છે કારણ કે ગાવા વગેરેથી પ્રેમ ઉત્પન્ન થાય છે, પ્રેમ ઉત્પન્ન થયેથી આત્મધ્યાન થઇ શકે છે અને આત્મધ્યાનદ્વારા આત્મસ્થિરતા સંપ્રાપ્ત થાય છે. આત્મસ્થિરતાની પ્રાપ્તિ એ જ પર્યૂષણા જાણવું.

**પર્યૂષણને પર્વ કહેવાનું કારણ:**—પર્વ એટલે ઉત્સવ કે આનંદનો ખાસ દિવસ. આઠ દિવસો પણ ઉત્સાહપૂર્વક, આનંદપૂર્વક, સ્થિરતાપૂર્વક, ઉજવવાના હોઇ તેમને મહાન્ પર્વ તરીકે ગણવામાં આવે છે. એ આઠ દિવસો શ્રાવણ વદિ ૧૨ થી ભાદ્રપદ સુદિ ૪—૫ સુધી મુકરર કરેલા છે.

**પર્યૂષણ પર્વ માટે શ્રાવણ-ભાદ્રપદ માસપસંદ કરવાનો હેતુ:**—પ્રાચીન કાળથી આત્મસ્થિરતા-પર્યૂષણા-માટે એટલે આત્મસ્થિરતા કરવા સારૂ તથા અગાઉ તેવા આત્મસ્થિરતાવંત થઇ ગયા તેમની યાદગિરિ સારૂ, એકઠા મળીને પરમાનંદમાં પર્યૂષણાપર્વ ઉજવવા માટે શ્રાવણ વદિ ૧૨ થી ભાદ્રપદ સુદિ ૪–૫ સુધીના દિવસો નક્કી કરાયલા છે. એ દિવસો નક્કી કરવામાં પણ મહાન્ રહસ્ય રહેલું છે. એવો નિયમ છે કે આત્મસ્થિરતા સંપ્રાપ્ત કરવા માટે દેશકાલ ઉપર ખાસ લક્ષ આપવું જોઇએ. દેશ માટે **ભરત**ક્ષેત્ર ઉત્તમ સાધન છે અને તેમાં પણ **સિદ્ધક્ષેત્ર** સમિપવર્તી **સૌરાષ્ટ્ર** એટલે કાઠિઆવાડ ઉત્કૃષ્ટ દેશ છે. કાલ ઉપર દૃષ્ટિ કરતાં સ્પષ્ટ સમજાય છે કે શિઆલાની ઋતુ સારી છે પણ તેમાં અનહદ ઠંડી પડવાને લીધે મનુષ્યમન આત્મધ્યાનમાં સ્થિર નહિ થતાં, તે મનોમય ચક્રનું ઠંડી તરફ ખેંચાણ થશે એટલે કે ઠંડી છે તે પણ આત્મધ્યાનની સર્વોત્કૃષ્ટ સાધનામાં કેટલીક વખત અંતરાયભૂત થવા સંભવ રહે છે. ઉનાળામાં અતિ ઉષ્ણતાને લીધે લોહી ઉકળવાથી

સ્વાભાવિક રીતે ચિત્તમાં વ્યગ્રતા રહ્યા કરે અને તેથી પણ આત્મધ્યાનમાં મનની વિલયતા થઈ શકવી દુર્લભ છે. જો શીત અને ઉષ્ણકાલના સમભાવમાં કાલ હોય તો તે યોગ્ય ગણાય. આષાઢ મહિનાથી ચોમાસું બેસે છે ત્યારથી જગતમાં શાંતિ થાય છે. ઠંડી અને ઉષ્ણતાનું સમ પ્રમાણ થવાથી મન પણ શાંત થાય છે. આ ઋતુનો અતિ લાભ લેવા માટે મુનિરાજો અને મહાત્મા પુરૂષો તો ચાતુર્માસ–આષાઢ શુદિ ૧૫ થી આત્મધ્યાન ધરવા એક સ્થળે મચ્યા રહે છે. પરંતુ ગૃહસ્થો કે જેઓની ઉપર પોતાના બાહુબલે કમાઇ પોતાના કુટુંબનું પોષણ કરવાનું તથા દેશનું કલ્યાણ કરવાનું જોખમ રહેલું છે તેઓ ચોમાસાના ચારે માસ કાયમ રીતે આત્મધ્યાન ધરી શકે નહિ માટે તેવાઓ સારૂ ચોમાસાની લગભગ અરધી મોસમ જતાં એટલે શ્રાવણ ભાદ્રપદ માસની સંધિમાં–તદ્દન સમશિતોષ્ણ મોસમનાં દિવસો નક્કી કરેલા છે. આ દિવસો એવા છે કે તે વખતે ગૃહસ્થોને ઘણું કામ હોતું નથી એટલે કે લગભગ નવરી મોસમ જેવું હોય છે. આ મોસમના મોલપાણી સારા જોઇ, લોકોના ચિત્ત વ્યવહારદ્રષ્ટિએ પણ સ્થિર હોય છે, ઉલ્લાસમય હોય છે. પૂર્ણ વરસાદ પાણીથી થએલ સંતોષને પરિણામે તેઓ એ પૈસા ખર્ચવામાં પણ છૂટ લઇ શકે છે. એ ઉપરાંત આ સમયે વાતાવરણ પણ સ્વચ્છ હોય છે, હવા નીરોગી હોય છે. આવાં કારણોને લીધે તે વખતે બાહ્યાભ્યંતર મનની સ્થિરતા સ્વાભાવિક હોય છે અને તેમાં આવું સત્સંગાદિ નિમિત્તદ્વારા આત્મધ્યાન કરવામાં આવે તો પછી મનોશાંતિની અપૂર્વતા માલુમ પડે અને આત્મસ્થિરતા સંપ્રાપ્ત થાય એમાં નવાઈ નથી. આવો હેતુ લક્ષમાં રાખીને જ શ્રાવણ ભાદ્રપદ માસની સંધિમાં, પર્યૂષણપર્વ ઉજવવા માટે પ્રાચીન કાલથી નિર્ણય કરાયેલો છે. જુઓ યોગ સાધક પુરૂષો અતિ ઉષ્ણ તેમ–અતિ શીત કાલમાં જોઇએ તેવો યોગ સાધી શકતા નથી પણ સમશીતોષ્ણમાંજ સાધી શકે છે. આત્મસ્થિરતા–પર્યૂષણ–એ પણ યોગજ છે તો આત્મસ્થિરતા કે જે યોગનું ફળ કે પરિણામ છે તેતો સમશીતોષ્ણમાં સાધ્ય કરવું જોઇએ તેમાં નવાઇ નથી. માટે જ દેશકાળ ધ્યાનમાં રાખીને પર્યુષણ માટે શ્રાવણભાદ્રપદ માસની સંધિ પસંદ કરેલી છે.

**સાધુ અને પર્યૂષણા કલ્પ:**—શ્રી કલ્પસૂત્ર તથા **સ્થા**નાંગાદિને વિષે સાધુના મુખ્ય દશકલ્પ એટલે આચાર કહ્યા છે તે પૈકી દશમું પર્યુષણા કલ્પ કહેલું છે જુઓ શ્રી સ્થાનાંગ સૂત્રમાં " **पजोसवणा कप्पे**" પર્યુષણાકલ્પ (ઠાણો દશમો) કહેલ છે, તેમાં પર્યુષણનો અર્થ સ્થિરતા બતાવ્યો છે. એક સ્થળે સ્થિર થવું તે પર્યૂષણાકલ્પ. સાધુ લોકોએ ચતુર્માસમાં એક સ્થળે સ્થિર રહી આત્મસ્થિરતા સાધવી તે સાધુનો પર્યુષણા કલ્પ છે. અષાડ સુદિ ૧૫ થી ભાદરવા સુદિ ૪ સુધી એટલે ૫૦ દિવસ સુધી સાધુનું ચતુર્માસ નક્કી ન કહેવાય. તેમાં ૫૦ દિવસની અંદર હરકોઇ મનુષ્ય સાધુ મુનિરાજને પૂછે કે 'મહારાજ શ્રી અત્રે ચતુર્માસ રહ્યા છો કે? ત્યારે સાધુજી કહે કે જેવી ક્ષેત્ર સ્પર્શના તે પ્રમાણે રહેવાશે' અને સંવત્સરી પ્રતિક્રમણ કરી રહ્યા પછી સાધુજી ચતુર્માસ નક્કી કરી લે, એટલે તે પછી એમ જ પૃચ્છા કરવામાં આવે તો એમ કહે કે 'આયુષ્યને અધીન છે બાકી અત્રે ચોમાસું રહેવાનું તો નક્કી ધાર્યું છે.' તેથી જ **"પયૂષણ દ્વિધા કહ્યું, શ્રી સૂત્રોની માંય"** આત્મસાધક સાધુમુનિ રાજોએ ચાતુર્માસ રૂપ પર્યૂષણમાં પૂર્ણ રીતે આત્મસાધનદ્વારા આત્મસ્થિરતાનો પ્રયાસ કરે છે તે એટલે સુધી કે એ સ્થલ છોડીને બીજે ગામ

તેઓ ખાસ ઉપસર્ગ સિવાય જતા જ નથી. તેઓની ઈચ્છા અન્ય ગામે જવાની થાય તો તેમને માટે અધિકાર પરત્વે શાસ્ત્રકારોએ ના પાડેલી છે. આઠ દિવસમાં સાધુ મુનિરાજો પણ શ્રાવકોને પૂર્ણ મદદરૂપ થઈ પડે છે.

**પર્યૂષણપર્વ અને શ્રાવકો:**—આઠ દિવસનું પર્યુષણપર્વ શ્રાવકોએ પરમશાંતિમાં વ્યતીત કરવું જોઇએ. પ્રાચીનકાલથી આ પર્વમાં શ્રાવકો વ્રત પ્રત્યાખ્યાન કરે છે. દાન, શિયલ, તપ અને ભાવના ભાવે છે તથા સાધુ મુનિરાજોની વૈયાવચ્ચ કરે છે, એટલું જ નહિ પણ તપસ્વી શ્રાવકોનું પણ પૂર્ણભાવથી વૈયાવચ્ચ કરે છે, આ બધું ભ્રાતૃભક્તિ વધારવાનું ખાસ સાધન છે. જગતમાં ભાઇચારો થાય તો જ દેશોન્નતિ થઈ શકે છે.

**પર્યૂષણપર્વમાં શી રીતે વર્તવું જોઇએ:**—આત્મસ્થિરતા પ્રાપ્ત કરવા માટે અખિલ વિશ્વ તરફ આત્મભાવ રાખવો, સઘળા જીવ, ભૂત, પ્રાણ, સત્ત્વ તરફ અભેદ દ્રષ્ટિ રાખવી, દરેક તરફ પૂર્ણ પ્રેમની નજરે જોવું. એવી ભાવના રાખવી કે અખિલ વિશ્વમાં સઘળે આત્મસ્વરૂપ જ છે માટે કોના તરફ રાગદ્વેષ કરવો. સઘળે મારાં જ રૂપો છે. મારો, ઇશ્વરનો અને અખિલ વિશ્વના પ્રાણીઓનો અભેદ છે. કોઇ ભિન્ન નથી જ, એમ જાણી દરેક પ્રતિ પ્રેમ, અને પ્રેમ રાખવો. મનમાં આનંદમય રહેવું, ઝાઝું બોલવું નહિ, પણ આત્મધ્યાન જ કરવું. આત્મધ્યાનની અનુકૂળતા માટે થોડું ખાવું, ઉપવાસ કરવા, પ્રત્યાખ્યાન ( નિયમ ) કરવા, અને બંને વખતે પ્રતિક્રમણ-( આસનજયાદિ માટે ) કરવાં. જિનદેવદર્શન પૂજન કરવાં. મુનિરાજો પ્રતિ ઇશ્વરતુલ્ય ગુરૂભક્તિ અને ધર્મબંધુ તરફ ભ્રાતૃભાવ રાખીને અખિલ વિશ્વ તરફ આત્મભાવ રાખી વર્તવું. ટૂંકામાં કહીએ તો પર્યૂષણપર્વના આરાધકે પરમશાંતિપૂર્વક દરેક ભૂત તરફ આત્મભાવ રાખીને વર્તવું અને આત્મધ્યાનનો દોર તૂટવા દેવો નહિ. દોર ન તૂટે તેટલા માટે તેને મદદ કરનારા સામાયિક પ્રતિક્રમણાદિક આવશ્યક ક્રિયાઓ અવશ્ય કરવી જોઇએ. જેને ન આવડતી હોય તેણે સમભાવથી બીજા પાસેથી શ્રવણ કરી તે પ્રમાણે વર્તન કરવું જોઇએ. ઉત્તમ અધિકારીએ અંતર્મુખ ઉપયોગ ન ભૂલવો જોઇએ અને સાધારણ અધિકારીએ અંતર્મુખ ઉપયોગ કરવા સતત પુરૂષાર્થ કરવો જોઇએ. ટૂંકામાં કહીએ તો આત્માભિમુખવૃત્તિ રાખીને વર્તવું એ શ્રમણો અને શ્રવણોપાસકોનું પર્યૂષણપર્વમાં પ્રથમ અને મુખ્ય કર્તવ્ય છે અર્થાત્ પર્યૂષણપર્વમાં કેવલ આત્માભિમુખ વૃત્તિ રાખીને વર્તવું જોઈએ.

**પર્યૂષણ પર્વના લાભ:**—આપર્વથી મનુષ્યમાં અધીનતાનો ગુણ પ્રાપ્ત થાય છે જીવાયોની ખમાવવાથી મનમાં દીનતા સાથે અંતઃકરણમાં નિર્મળતા આવે છે. જિનાલયો દ્વારા સૌંદર્યનું ભાન થતાં પ્રેમ પ્રકટ થાય છે. નિત્ય પ્રત્યે સામાયિકાદિકથી આસનજય થતાં પ્રાણજય, મનોજય કરી શકાય છે, અભેદ ભાવના ભાવતાં અખિલ વિશ્વમાં જ્ઞાનમય આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે. તે ઉપરાંત શ્રી કલ્પસૂત્રાદિકદ્વારા મહાવીરાદિ મહત્પુરૂષોના જીવનચરિત્રોનું શ્રવણ થતાં શી રીતે વર્તન કરવાથી મોક્ષની પ્રાપ્તિ થઇ શકે છે તેપણ સમજી શકાય છે

**પર્યૂષણ પર્વમાં સાંવત્સરિક પ્રતિક્રમણ**—પ્રતિક્રમણમાં પ્રતિ એટલે સામાં અને ક્રમણ એટલે પગલાં ભરવાં. આત્મા સામે કે આત્માભિમુખ પગલાં ભરવાં તે પ્રતિક્રમણ.

પ્રતિ એટલે ઉલટાં અને ક્રમણ એટલે પગલાં ભરવાં અર્થાત્ બહિર્વૃત્તિથી ઉલટાં એટલે અં-તર્સન્મુખ પગલાં ભરવાં કે અંતર્દષ્ટિ રાખવા માટે પુરૂષાર્થ કરવો તે પ્રતિક્રમણ. પ્રતિનો અર્થ સામે ( થવું ) લેતાં આત્મવિમુખવૃત્તિની સામે થઈ કે તેનો પરાજય કરીને આત્મભિ-મુખ પગલાં ભરવાં એવોજ ભાવાર્થ થઈ શકે છે. જેઓ આખા વર્ષમાં એક અઠવાડી-આના સવારસાંજ મળી બે પહોર આત્માભિમુખ વૃત્તિ ન રાખી શકતા હોય તેવા અધિકારી એ વર્ષમાં એક દિવસનો સાંજનો એક સમય તો અવશ્ય પ્રતિક્રમણ એટલે આત્માભિમુખ વૃત્તિ રાખવા પ્રયાસ કરવા સારૂ પ્રતિક્રમણ કરવું જોઇએ. આત્માભિમુખવૃત્તિનો વર્ષ વર્ષ પ્રતિ એકજ વખતનો પ્રયાસ હોઈ આને સાંવત્સરિક પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આ પ્ર-તિક્રમણ વખતે હમેશાં જેઓ પ્રતિક્રમણ કરે છે તેઓ તથા બીલકુલ જેઓ નથી કરતા તેઓ તમામ મળીને આત્મજ્ઞાનના પ્રકાશક પરમશાંત શ્રી સદ્ગુરૂની સાક્ષીએ આખા વ-ર્ષનાં પાપોનો પશ્ચાત્તાપ કરીને હવે પછી તેવાં અપકૃત્યો નહિ કરવા મનમાં નિર્ણય કરવામાં આવે છે. આખા વર્ષમાં જગદભિમુખવૃત્તિ રાખવાથી જે કલ્પનામય સૃષ્ટિનો અનુભવ થયો હોય તે રૂપ જે પાપ લાગ્યાં હોય તે આત્માભિમુખવૃત્તિ દ્વારા વિલય કરીને હવે પછી જ-ગદભિમુખવૃત્તિ નહિ કરતાં બનતાં સુધી આત્માભિમુખ વૃત્તિ રાખવાનો દૃઢ નિશ્ચય કરવામાં આવે છે એજ સાંવત્સરિક પ્રતિક્રમણનો હેતુ છે અને તે સર્વમાન્ય છે. જગદભિમુખ વૃત્તિને રોકવી કે વિલય કરવી અને આત્માભિમુખવૃત્તિનો આદર કરવો તે પ્રતિક્રમણ. શ્રી **સ્થા-નાંગ** સૂત્રમાં પણ આશ્રવદ્વાર કે જગદભિમુખવૃત્તિને રોકવી તે પ્રતિક્રમણ કહેલું છે જુઓ "**पंचविहे पडिक्कमणे**" પ્રતિક્રમણ પાંચવિધ કહેલું છે "**आसवदार पडिक्कमणे**" આશ્રવદ્વાર–બહિર્વૃત્તિ–રોકવારૂપ પ્રતિક્રમણ, **मिच्छत्त पडिक्कमण.** મિથ્યાત્વ–દેહબુદ્ધિ પ્રતિક્રમણ કરવું, **कसाय पडिक्कमणे** કષાયને પ્રતિક્રમવાં, **जोग पडिक्कमणे** મન, વચન અને કાયયોગને પ્રતિક્રમવાં, **भावपडिक्कमणे** ભાવપ્રતિક્રમણ કરવું.

સાધુ મુનિરાજને માટે પણ પ્રતિક્રમણમાટે શ્રી **સ્થા**નાંગજી સૂત્રમાંજ ભગવાને ફરમા-વેલું છે કે **पंच महव्वइएस पडिकमणे अचेलधम्मे पणत्ते** સાધુઓનો પંચ મહાવ્રત સહિત પ્રતિક્રમણ સાથે અચેલ ( વસ્ત્રરહિત ) ધર્મ ( શ્રીજીનેશ્વરે ) કહ્યો છે.

ઉપર પ્રમાણે શ્રમણે અને શ્રમણોપાસકોએ સાંવત્સરિક પ્રતિક્રમણ જરૂરઆત કરવાનું હોય, તે પ્રતિક્રમણ અવશ્ય પરમભાવ પૂર્વક કરવું અને સર્વજીવોને શુદ્ધાંતઃકરણપૂર્વક ગદ્ગદ કંઠે થઈ ખમાવીને સર્વત્ર અભેદભાવને ભાવીને નિજસ્વરૂપમાં લીન થઇ જવું એજ **સાંવત્સરિક** પ્રતિક્રમણનો હેતુ છે.

**પર્યુષણ પર્વની ભિન્નતા ઉપરથી ઉદ્ભવતા વિચારો:**—જૈનમાં મુખ્ય દિગંબર અને શ્વેતાંબર એવા બે વર્ગ પૈકી દિગંબરો અને શ્વેતાંબરોના પર્યુષણો સાથે નહિ થતાં આગળ પાછળ–તદ્દન આગળ પાછળ–થાય છે પણ તેજ ઋતુમાં થાય છે. શ્વેતાંબરોમાં દેરાસરવાળા શ્વેતાંબરો અને સ્થાનકવાસી ઢુંઢક શ્વેતાંબરોને ચોથ, પાંચમનો તફાવત પડે છે. તપગચ્છ શ્વેતાંબરોમાં ( દેરાસરવાળામાં ) પણ અંચલિક પાયચંદ, તપગચ્છ, ખરતર ગચ્છ, વગેરેમાં ચોથ પાંચમની તકરાર–જૂજ તકરાર–જોવામાં આવે છે. (દિગંબર શ્વેતાંબ-રોની પર્યુષણાદિ માટેની તથા શ્વેતાંબરોની અંદર અંદર ચોથ પાંચમ વગેરેની નકામી તકરારો ચાલ્યાં જ કરે છે. આ તકરારોનો વાદથી અંત આવવાનો જ નથી. જુઓ પરમ

પૂજ્યતમ મહાત્મા શ્રી આનંદઘનજી મહારાજ પણ આવી નકામી પણ પાયમાલ કરનારી તકરારો કરનારા પ્રતિ દયાભાવથી ઉપદેશે છે કે "વસ્તુ વિચારે વાદ પરમપરારે, પાર ન પહોંચે કોય." અત્રે સૂજ્ઞોએ વિચારવું જોઇએ કે આત્મસ્થિરતા થાય ત્યારે જ પર્યૂષણ જાણવું. ભલે ચોથ હોય વા પાંચમ હોય તેથી શું !!! પણ આત્મસ્થિરતા થવી જોઇએ. આત્મસ્થિરતાથી મુક્તિ છે પણ ચોથ પાંચમથી જ ખાસ મુક્તિ થાય છે એવું કહ્યું નથી. મંડલના માણસો એકઠા થઇ ભલે પોતાની મુકરરતા પ્રમાણે કેટલાક ચોથે પ્રતિક્રમણ કરે, પાંચમે ભલે કરે, કે પંદર દિવસ આગળ પાછળ ભલે કરે પણ ગમે તે ઉપાયે આત્મસ્થિરતા થવી જોઇએ. પ્રતિક્રમણ કરવાથી આત્મસ્થિરતા થાય છે કે કેમ, એ જોવાનું છે. કેટલેક સ્થળે તો ચોથ પાંચમના વાદવિવાદને તકરારનું રૂપ આપીને પર્યુષણપર્વને અશાંતિમય બનાવી દે છે. કેટલેક સ્થળે તો આત્મસ્થિરતા મેળવવાને સમયે એટલે પર્યુષણપર્વમાં આખા વર્ષની નાત જાતની, દેરાસરની કે ઉપાશ્રયાદિની તકરારો, પ્રતિક્રમણ કરવાના સ્થાનમાં જાહેર રીતે ઉખેળીને નકામી ચોવટો કરવામાં આવે છે અને તેમાંથી છેવટે કળ્યા પણ થયા વગર ભાગ્યેજ રહેવા પામે એવું સ્વરૂપ પકડાય છે. જો કે વ્યવહાર સાચો છે પણ તે પર્યુષણમાં ઉખેળવાનો નથી. પર્યુષણમાં તો દરેક જીવોને ખમાવીને પરમશાંત બની આત્માભિમુખ ઉપયોગ રાખવા શીખવું જોઇએ. જો એ પ્રમાણે રાગદ્વેષના મૂલભૂત તકરારો તજી દઇને કેવળ આત્માભિમુખવૃત્તિ રાખીને શ્રી વીતરાગ દેવે પોતાના અભેદ માર્ગમાં પ્રરૂપેલ શ્રી પર્યુષણપર્વનું પરમ પ્રેમપૂર્વક ઉજવણું કરવામાં આવે તોજ પર્યૂષણપર્વની સફળતા થઈ અનુભવાશે બાકી તકરારો માટે તો આખું વર્ષ તૈયારજ છે ને !!!

ચોથ પાંચમ કે બીજા વાર્ષિક ઝગડા તજીને શાંત ચિત્તે આત્માભિમુખવૃત્તિ રાખી વર્તવું. ચોથ અને પાંચમ ભિન્ન થશે તો બે દિવસ ધર્મધ્યાનનું વાતાવરણ પ્રવર્તશે વળી પંદર દિવસ પછી પર્યુષણ થશે તો એ પણ એક શુભ–માંગલિક દિવસ તરીકે ગણાશે. એ દિવસ ધર્મધ્યાનનો હોઈ સૃષ્ટિના સૌંદર્યમાં વૃદ્ધિ કરનારો થશે. માટે એ નકામી તકરારો કોઈ પણ રીતે આત્મહિત કરનારી તો નથી જ. ભલે ચોથે, પાંચમે કે પંદર દિવસ પછી કરે પણ આત્મસ્થિરતા થશે તોજ તેમને પર્યુષણપર્વનું ફળ સંપ્રાપ્ત સારા પ્રમાણમાં થયું જાણવું.

**છેવટ બોધ:**—આ વિષયમાં ઘણું સમજવાનું છે તથા કહેવાનું છે તેનો સાર સંક્ષેપમાં સમજાવ્યો છે. આવું સર્વ પર્વાધિરાજ માંગલિક પર્વ વર્ષમાં એક જ વખત આવે છે માટે તે સંપૂર્ણ ભાવથી ઉજવવું. ધાર્મિક ક્રિયાઓ ઉત્સાહપૂર્વક કરવી અને ભાઇચારો વધે, અભેદદૃષ્ટિ થાય, સતત આત્માભિમુખ ઉપયોગ રહ્યા કરે તેમ વર્તન ચલાવવું. શ્રી વીતરાગનો અભેદ માર્ગ આત્મજ્ઞાનમય છે પણ આ કાંઈ ભફાકીયા પંથ નથી.

સર્વની અભેદ દૃષ્ટિ થઈ, શ્રી વીતરાગ દેવે ભાખેલા અભેદ માર્ગદ્વારા સમાધિમાર્ગ પામીને પરમ શાંતિમાં સકલ વિશ્વ વિરામો એજ ઇચ્છા **इत्यलम्.**

ॐ शान्तिः शान्तिः शान्तिः

# પ્રભાતનો પડઘો.

## ( ગઝલ-કવ્વાલી. )

પથારી પાપની ત્યાગી, પ્રભુજી! આજ જાગું છું;
 ભ્રમણા મોહની ભાંગી, ચરણમાં સ્થાન માગું છું.
પ્રવૃત્તિ માતનો પ્રેર્યો, જગતના ઘેનમાં ઘેર્યો;
 સુતો હું તો ઘણા દિવસો, હવે એ ઉંઘ ત્યાગું છું.
વિષયનાં ગીતડાં ગાતો, બન્યો હું મસ્ત મદમાતો:
 પડી છે દૈવની લાતો, હવે તો હારી ભાગું છું.
વિસારી ધર્મના ધારા, વહાવી કર્મની ધારા;
 ક્ષમા એ પાપની પ્યારા!, પડીને પાય માગું છું.
હણ્યો બૂરા વિચારોએ, ગ્રહાયો ષડ્ વિકારોએ;
 જગતના વજ્ર તારોએ, જડાયો, આજ જાગું છું.
બન્યો પાપી નઠારો હું, થયો તમને અકારો હું;
 ભરીને આંખમાં આંસું, પિતાજી! પાય લાગું છું.
ભરી કંઇ ગૂઢ મંત્રોને, રચ્યાં કર્તવ્યતંત્રોને;
 હૃદયનાં પ્રેમયંત્રોને, સ્વીકારો એજ માગું છું.
ભલો બૂરો ગમે તેવો, શિશુને આશરો દેવો;
 બની પૂરો તમારો હું, હવે ધર્માનુરાગું છું.

—वसन्त.

# जीवनने मंदिरीए

જીવનનં મંદિરીએ વ્હાલા! પ્રાણને અંતરિએ વ્હાલા!
પુનિત પાવલીએ પરવરજ્યો—રે વ્હાલા! ૧
હૃદયને આંગણિએ વ્હાલા!, કદમ અમ દેવડીએ વ્હાલા!
ભીની આંખલડીએ પળજ્યો—રે વ્હલા! ૨
હૃદય જ્યાં ટળવલતું ઘેલું, અધિરડું વાટલડી જોતું;
ઉજાગર જળહળતું જઇ કરજ્યો—રે વ્હાલા! ૩
ગર્જારવ ઘંટડીઓ કરતી, આરાત્રિક અહોનિશ ફરતી;
આત્મોજસ્ મંદિરીએ (આવી) ભરજ્યો—રે વ્હાલા! ૪
અંતરના આળા ઊછાળે, મનડાની મર્માળ માળે;
જીવન વહેળીએ (જલદી) વળજ્યો—રે વ્હાલા! ૫
હૃદયમંદિરે માન કેવાં? પ્રેમ પરગણે પ્રણામ કેવા?
પ્રભુતા પ્રકટાવી પરવરજ્યો—રે વ્હાલા! ૬
રસ ઝરશે-રમતાં હૃદયે તો, જીવન-અમિ મળતાં મનડે તો,
જ્યોત અમોલી ઝટ જળહળશે—રે વ્હાલા! ૭

—પાદરાકર.

# વહાલીને વિદાય.

## સાહિત્યસુંદરીને છેલ્લો સંદેશો.

(ગઝલ—કવ્વાલી.)

કર્યો ઓ જાન ! તેં બેજાં, નિગાહે તીર મારીને;
રસી શું કાપ બેઇમાં ? મને કૂવે ઉતારીને !
ભરીને ગ્રંથ-પ્યાલામાં મને તેં ઇશ્કરસ પાયો;
દિવાનો દીનને આજે, કર્યો તે શું વિચારીને ?
રસીલા વર્ણ--વર્ણનમાં, રસેલાં શબ્દ-બાણોથી;
કર્યો કાતિલ મને આજે, જીગરમાં સર ઉતારીને !
ધરીને વસ્ત્ર શોભીતાં, નવાં નવ રંગ રસભીના;
નવી ઉલ્ફત ખુબી લીલા, વધારે શી ખુમારીને ?
અજબ જ્યોતિ જીગર જાગી, અલખ તારી લગન લાગી;
અભાગી ક્યાં શકે ભાગી ? પૂર્યો શીશે ઉતારીને.
**ન સૂઝે કંઇ જવું કરવું, ન રૂચે કંઇ પીવું ખાવું;**
**ગમે સંગીત તુજ ગાવું, ગુણો તારા ઉચ્ચારીને.**
બન્યો અંધો ભૂલ્યો ધંધો, **તૂટ્યો સંસારનો સાંધો;**
જીગરમાં તારના બંધો, છૂટે દુનિયાં વિસારીને.
જગત્ ડોલાવતું જાદુ, જગાવી વાક્યરચનામાં;
છુપાતી ગ્રંથ-ઘુંઘટડે, હમારાં સર ઉતારીને.
હૃદયઆકાશવાસી તું, ઉદાસી અલ્પ જંતુ હું;
થયું શું ને થશે શું શું ? મુંઝું છું એ વિચારીને.
**નથી શક્તિ રહી તનમાં, નથી વાંચ્છા રહી ધનમાં;**
**મજા શી માનતી મનમાં, ફકિરોને તું મારીને ?**
અજબ કંઇ યોગ જાગ્યો છે, અનેરો રોગ લાગ્યો છે;
બતાવો વૈદ્ય એવો જે, મટાડે આ બિમારીને !
નથી રહેતી જીગર ઘરમાં, ઝલાતી તું નથી કરમાં;
ઘૃણા તું રંક પર કર મા, ફરજ તારી વિસારીને.
ક્ષમા મહેબુબ ! માગું છું, હવે તો પાય લાગું છું;
જવા દે દૂર ઓ દેવી ! જુઠી યારી ઉતારીને.
ઘણો મોટો ગુન્હો કીધો, અજાણ્યો માર્ગ મેં લીધો;
હવે છોડો દુઃખી સીધો, બિચારો દાસ ધારીને.

—वसन्त.

# પાંજરાપોળ પ્રત્યે સમાજસેવકોનું કર્ત્તવ્ય.

[ **રા. વા. મો. શાહ. ની 'સુદર્શન' નામની નવલકથામાંથી આ નીચેનો** લેખ **ઉતારવામાં** આવ્યો છે, એવા હેતુથી કે, સમાજસેવકોને પાંજરાપોળ આદિ જાહેર સંસ્થાઓ તરફના પોતાના **કર્ત્તવ્યનું** ભાન થાય અને એવાં ખાતાંનાં નાણાં ઉચાપત કરનારાઓની પણ આંખ ઉઘડવા પામે.

**—સમ્પાદક, 'જૈન કૉન્ફરન્સ હેરલ્ડ'** ]

**સુદર્શન**ની ઇચ્છા પોતાના લગ્નને બીજે દિવસે સ્હવારમાંજ 'શીખ' લેવાની હતી; પરન્તુ હેના શિક્ષક અને મિત્ર **વિવેકચંદ્રે** જણાવ્યું કે "એટલી બધી ઉતાવળ કરવાની કશી જરૂર નથી; એક દિવસ રોકાઇને શહેરનાં ધર્માદા ખાતાં અને બીજાં જાહેર ખાતાંઓ જોવાં જોઇએ અને તે પૈકીની સુવ્યવસ્થિત સંસ્થાઓને આર્થિક સ્હાયતા આપી મજબુત કરવી જોઇએ." આ વિચાર શિષ્યે કબુલ રાખ્યો. સ્હવારમાં દુધ પી તેઓ પ્રથમ પાંજરાપોળ જોવા ગયા. હેમના 'પ્રોગ્રામ' માં તે પછી સરકારી સ્કૂલ તથા એક જાણીતા વૈદ્યનું ઔષધાલય જોવા જવાનું કરાવ્યું હતું.

**સુદર્શન, વિવેકચંદ્ર**, ઉપદેશક **હરીલાલ, ઉત્તમચંદ્ર**, કેવળદાસ તથા **સુદર્શન**ના મિત્રો સર્વ પાંજરાપોળમાં આવી પહોંચ્યા. દરવાજામાં એક ભીખારી જેવો માણસ બેઠો હતો, હેણે હેમનો સત્કાર કર્યો અને હેમની સાથે જઈ સઘળું બતાવવા માંડયું. **સુદર્શન** દરેક ચીજ બારીકાઇથી તપાસતો હતો. પ્રથમ તો હેને એકજ બારીવાળી ન્હાની કોટડીમાં ૨૦૦ ઘેટાંનાં બચ્ચાંને પૂરેલાં જોઇને ત્રાસ છૂટયો. એ ૨૦૦ માં પણ ત્રણતો આગલી રાત્રે મરી ગયાં હતાં, હેમનાં મૃત શરીરને જોઇ હેની આંખમાંથી અશ્રુ છૂટયાં. પેલા ભિખારી જેવા માણસને પૂછતાં હેણે વધુ માહેતી આપી કે, આ પ્રમાણે **દરરોજ** ૧૦-૨૦ લવરડાં મરે છે. ચાંદા પડેલા બળદપર માંખીઓ બણબણાટ કરી રહી હતી. ચોતરફ ગંદકી પથરાઈ રહી હતી. લવરડાં વગેરેને પવાતા દુધમાં ભેળ થતો હતો, હિસાબ જોતાં હેમાંતો સેંકડો રૂપીઆ ખવાઇ ગયેલા જણાયા ને દરસાલ પાંજરાપોળમાં જીવદયા નિમિત્તના સેંકડો રૂપીઆ આવવા છતાં અને અમુક જાતના વ્યાપારપર પાંજરાપોળનો ટક્ષ નખાયલો હોવા છતાં સેંકડો રૂપીઆની 'ખાદ' જણાઈ. ઉંડું તપાસતાં જણાયું કે 'વાડ ચીભડાં ખાય છે.' જો કોઈ રીતે **સમજાવીને** અગર **ધમકીથી** પણ તે નાણાં શેઠીઆઓ પાસેથી પાછાં કહડાવી શકાય તો તે આગેવાન હોવાથી બીજા સામાન્ય માણસો પણ પોતપોતાની પાસેનાં પાંજરાપોળનાં નાણાં તુરત આપી દે.

વિવેકચંદ્રનો જન્મ આજ શહેરમાં થયેલો હોવાથી તે સર્વ રહસ્ય બરાબર જાણતો હતો, જે **સુદર્શન**ને જણાવતાં હેણે કહ્યું કે, તે શહેરનો એક સ્વર્ગસ્થ આગેવાન જૈન, જેનું નામ **માણેકચંદ હીરાચંદ** હતું અને જે ઘણોજ ધર્મશીલ પુરૂષ હતો, હેના કુટુંબના **ગંગાદાસ** નામના એક આગેવાને **માણેકચંદ**ની મિલ્કતમાંનો પાંજરાપોળના હકકનો મ્હોટો હિસ્સો પણ હજમ કર્યો છે; તેથી સઘળાને લઇને **વિવેકચંદ્ર** પ્રથમ **ગંગાદાસ**ને ઘેર ગયો.

ગંગાદાસશેઠ વિવેકમાં તો જાય તેવા નહોતા. હેમણે **સુદર્શન** જેવા શ્રીમંત પ્રાહુ-

ણાનું સારી રીતે આતિથ્ય કર્યું અને પછી આગમનપ્રયોજન પૂછ્યું અને વળી ઉમેર્યું કે, જો કોઈ **વ્યાપાર** સંબંધી વિચાર ત્હેમનો હશે તો પોતે ત્હેમની સેવામાં **તૈયાર** જ છે; કારણ કે પોતે **આડતનું** કામ કરતા હતા. **સુદર્શને** ખુલાસો કર્યો કે, આડતના કામ પ્રસંગે તે આવ્યો નહોતો પણ પાંજરાપોળ સંબંધી પૂછપરછ માટે આવ્યો હતો.

"ધન્ય છે આપને, શેઠજી! આપ ધર્મકાર્ય પાછળ સારૂં લક્ષ આપો છો એ આપની લાયકી પુરવાર કરે છે." **ગંગાદાસશેઠે** મચકો લગાડયો.

"અને આપ પણ કય્હાં ઓછી સેવા બજાવો છો? સાંભળવા મુજબ આપ પાંજરાપોળની આગેવાની ધરાવો છો. હિસાબખિતાબ આપ રાખો છો અને જાનવરની માવજતમાંથી ઘડી એક નવરા થતા નથી." **સુદર્શને** ત્હેનું પેટ લેવા કહ્યું.

**ગંગાદાસ**—એમાં શું? અબોલ જાનવરની બરદાસ કરવી એ તો આપણી **ફરજ**છે.

**સુદર્શન**—ખરૂં; પણ એવી **ફરજ** કોઇક જ સમજે છે. જો **બધા** લોકો ફરજ સમજતા હોત તો અહીંની પાંજરાપોળની આ દશા ન હોત. મ્હેં સાંભળ્યું છે કે આપના કોઇ સ્વર્ગસ્થ કુટુંબીએ પાંજરાપોળને આપવા માટે અમુક રકમ આપને સોંપી છે; પણ તે રકમ કોઇ માગતું જ નથી, જો કે આપ તો તે ખર્ચવા તૈયાર જ છો. હવે લોકો જ્યહારે **આટલી પણ** ધર્મસેવા ન બજાવી શકે તો **બીજું** શું કરી શકવાના હતા? આજ તો, જે બોજો ઉપાડે તે મરે, એવું છે; શેઠજી!

**વિવેકચંદ્ર**—એકલી પાંજરાપોળની જ બાબતમાં તેમ છે, એમ નથી, જૈનશાળા ખાતે પણ રૂ. ૧૫૦૦૦ શેઠ સાહેબને સોંપાયલા છે પણ કોઈ **માગે જ** નહિ ત્યહાં શેઠ તે શું બિચારા મરે? પતીયાં, અપંગ મનુષ્યો, નિરાશ્રીતછોકરાંઓ વગેરેના લાભાર્થે પણ મ્હોટી રકમ શેઠસાહેબના ટ્રસ્ટમાં મુકાયેલી છે પણ કોઈ સાળા **માગતાના જ** નથી ત્યહાં શેઠનો વાંક શું કહાડવો? એ તો આપે કહ્યું તેમ જ છે કે, **જેને માથે પડે તે ભોગવે.** શેઠ એક તો બધાના રૂપીઆ **સાચવે,** અને વળી **વહીવટનો બોજો** એમના માથે પડે; એ તે બિચારા શું મરે? દિકરો એક ને દેશાવર ઘણા!

**સુદર્શન**—માસ્તર સાહેબ! આપની વાત ખરી છે. ગંગાદાસશેઠને માથે આવી 'ડબલ ડયુટી' આવે એ તો **અસહ્ય** જ ગણાય. લોકો ખરે જ **ગુણ ચોર** છે. મ્હને એમ લાગે છે કે, શેઠજીને એમાંથી **એક** તકલીફમાંથી તો જરૂર મુક્ત કરવા. શેઠજીને સોંપાયલી રકમો, શેઠજી, આપ તથા શહેરના બે સંભાવિત ગૃહસ્થોના નામે વ્યાજે મુકવા અને વહીવટ કરવા માટે આપને જ અહીં રાખવા હું ઇચ્છું છું. હવે હું વ્યાપારી લાઇનમાં પડયો હોવાથી આપને અહીં રાખતાં મ્હને અડચણ આવશે નહી; તેમ જ શેઠજીને પણ વહીવટની તકલીફ ઉઠાવવી નહિ પડે. (શેઠજી પ્રત્યે) કેમ શેઠજી, આ વાત આપને પસંદ છે ને? આપ કયાં નામો ટ્રસ્ટી તરીકે સૂચવી શકશો?

**ગંગાદાસ**—મહેરબાન, જે રકમ મ્હને સોંપાયલી છે તે બીજાના હાથમાં આપવા હું તૈયાર નથી. મ્હારા કરતાં બીજો માણસ **વધારે** શાહુકાર હું જોતો જ નથી; અને રકમ તો ઘણીખરી ધર્માદા ખાતે **વપરાઇ** પણ ગઈ છે.

**વિવેકચંદ્ર**—ત્યહારે તે વપરાયેલી રકમનો હિસાબ બ્હાર પાડવા કૃપા કરશો?

આપની ઇચ્છા થશે તો હિસાબ તૈયાર કરવામાં મદદ કરવા સેવક તૈયાર છે.

**ગંગાદાસ**—વિવેકચંદ્ર! ઝાઝી શાહુકારી જવા દો. આજકાલના ત્હમે અમારો હિસાબ માગનાર કોણ છો? ત્હમે અમારા માલીક-બાલીક છો કે શું?

**વિવેકચંદ્ર**—એમ ગુસ્સો કરવાનું કારણ નથી, શેઠજી! **હું** શાંત રીતે વાત કરૂં છું અને **આપ** શું કરવા તપી જાઓ છો? ભલા, ત્હમારી મરજીમાં આવે તેમ કરો, પણ આપના કાકા મરહુમ ગોપીલાલનું વુઇલ (વસીઅતનામું) જરા બતાવશો? અમારા શેઠજીને તે જોઈને ત્હેમાં જે ખાતે વધુ રકમ અપાયલી હોય તે ખાતે તે રકમમાં **પોતા તરફની** અમુક **સારી** રકમ ઉમેરીને તે ખાતાને **ધમધોકાર** ચલાવરાવવાની ઇચ્છા છે.

**ગંગાદાસ**—વીલ-બીલ કાંઇ થયું જ નથી; મરહુમે કાંઇ વીલ કદી કર્યું જ નથી. એમની કહેવાતી સઘળી મિલ્કત વડીલોપાર્જીત હોઈ આખા કુટુંબનો તે પર હક્ક હતો અને તેથી અમે તે મિલ્કત લીધી છે; અમો ત્હેમના કુટુંબીઓમાં તે મિલ્કત સંબંધી તકરાર થતાં પંચદ્વારા વહેંચણી થઈ છે, કે જે વહેંચણીનો દસ્તાવેજ કરતી વખતે અમે **ભલા થઈને** ધર્મનિમિત્તે પણ અમુક રકમો લખાવેલી છે;

**વિવેકચંદ્ર**—સાહેબ! હું સઘળી વાત જાણું છું. 'વુઇલ' થયું જ નથી એમ જો ત્હમે કહેતા હો તો હું કહીશ કે ત્હમારા જેવા લબાડ અને ધર્મધુત્તા દુનીઆમાં કોઈ છે જ નહિ. લાખ રૂપીઆની ધર્માદાની મિલ્કત પચાલી પાડીને શાહુકારમાં ખપનાર એ ચંડાળ! જો, **આ** શું છે? આ ત્હારા મરહુમ કાકાનું કરેલું 'વુઇલ,' કે જે ગઈ કાલે જ મ્હારા હાથમાં આવ્યું છે. અને આ જો તે 'વુઇલ'ની સાબેતી માટે દસ્તાવેજી પક્કા પુરાવા! હવે તું 'પુઇલ' થયું જ નથી, એમ બુમ પાડયાં કરજે. હું હવે જોઉં છું કે તું ધર્માદાની રકમો કેવી રીતે ઉચાપત કરી શકે છે. એ નફ્ટ! ત્હેં તે 'વુઇલ' રદ કરાવવા માટે એક **બનાવટી** 'વુઇલ' પણ તૈયાર કરાવરાવ્યું છે, તે પણ મ્હારા જાણવામાં છે; પણ એ પાપી! બરાબર સમજજે કે પાપીને માણસ નહિ પણ પોતાનાં પાપ જ ખાશે. મ્હારી પાસે ત્હારાં સઘળાં છિદ્રનો ઈતિહાસ છે; જો તે આ રહ્યો; અને કહે તો ત્હને વાંચી પણ સંભળાવું. પણ તું કે જે બોકડાના દુધમાંથી અને લંગડાં ઢોરના ઘાસમાંથી ઉછરેલો છે ત્હેને એવું સંભળાવ્યાથી પણ શું હાંસલ છે? પરન્તુ માનજે કે હવે ત્હારૂં આવી બન્યું છે. હવે સરકાર જ ત્હને ઈન્સાફ આપશે. આજે જ હું ફોજદારી અને દિવાની બન્ને રાહે ત્હારાપર ફર્યાદ કરવા સજ્જ થઇશ.

વિવેકચંદ્રની આંખો લાલચોળ થઇ ગઇ તે ખરા રૂપ પર આવી ગયો, ગંગાદાસ પણ રાતો પીળો થઇ ગયો, પણ વયોવૃદ્ધ હોઇ તેણે જરા ગમ ખાધી. ત્હેનો એક યુવાન ભત્રીજો ત્યાં બેઠો હતો તે લાંબા હાથ કરી, મારવા જેવો દેખાવ કરી, બોલી ઉઠયો, "જાણ્યો જાણ્યો ત્હને શાહુકારના છોકરાને! રહેવાને ઘર પણ મળે નહિ અને આટલી શેખાઈ શા ઉપર કરી રહ્યા છે? ફર્યાદની ધમકી આપીને રૂપીઆ કઢાવવા ઇચ્છતો હઇશ પણ પૈસા કાંઇ એમ મળે નહિ, તે દિવશે માણેકચંદ શેઠ કન્યાની વાત કરવા આવ્યા હતા ત્યહારે ત્હેનું પણ સજ્જડ અપમાન કર્યું હતું. દુનિયાનું રાજ્ય ત્હારા ઘેર આવ્યું છે કે શું?"

**વિવેકચંદ્ર**—ઓ પાજી? ધર્માદાની સુડીથી ઉછરેલા ઓ ઢોર! તું **મ્હને** મ્હેણું મારનાર કોણ છે? મ્હને રહેવાનું ઘર ન હોય એતો ઉલટી મ્હારી **લાયકીનો અચુક** પુરાવો છે. આવક કરવાની **શક્તિ** છતાં અને કોઈ પણ જાતનું **વ્યસન** ન **છતાં** હું ઘર ખરીદવા જેટલી ૨૦૦૦ રૂપૈડીની રકમ પણ બચાવી શક્યો નથી અને ગુપ્ત રીતે જન સેવામાં મ્હારા સર્વસ્વનો ભોગ આપું છું, એ વાતતો ઉલટી મ્હારા **લાભમાં** જાય છે. ત્હારી પેઠે પારકાં ઘર બથાવી પાડવાં અને ધર્માદાનાં ઘર વેચી વેચીને તે પૈસામાંથી બંગલા કરી ગાડી ઘોડામાં મ્હાલવું તે કરતાં **ઘરવગરનાં** થઇ રસ્તાપર સુઇ રહેવાનું અને રોટલા વગરના થઇ **હવાખાઇને** રહેવાનું હું વધારે પસંદ કરૂં છું. ત્હને હજી ખબર નથી કે હવા ખાઇને રહેનારનો અર્થાત સર્પનો ડંખ કેવો હોય છે? અગંધન કુળના સાપની પ્રશંસા ખુદ ભગવાને કરી છે, તે નાગ પોતાની લીધેલી ટેક છોડવા કરતાં બળી મરવું વધારે પસંદ કરે છે. અને જાણ—ઓ કુતરા! જાણ કે-આ નાગ આજે જે ટેક લે છે તે જીવ જતાં પણ નહિ છોડે. ધર્માદાનો ખાધેલો પૈસો ઓકાવશે ત્હારેજ જંપશે ત્હારૂં કશું ચાલતું નથી-ત્હારે તું લાંચ રૂશવતનું સ્હેલામાં સ્હેલું તહોમત મુકે છે. પણ ઓ રૂશવતખોર બદમાશ! એકપણ માણસ બતાવ કે જે **મ્હારા** ચન્દ્રમાં સસલું બતાવી શકે? મ્હેં જો એવી રૂશવતો ખાધી હોત તો ખાવા પહેરવા અને ઓઢવા પહેરવાની દરકાર વગરના મ્હારે આજે એક બે હજાર રૂપૈડીના ઘંઘોલીઆનું મ્હેણું ખાવું પડતજ નહિ. હું જે રળું છું તે જાહેર સેવાના કામમાં પડવા સબબે ખર્ચાઇ જાય છે, તેથીજ હું 'લંગોટીઓ' બન્યો છું. પણ ત્હને શું ખબર નથી કે 'લંગોટીઓ **સર્વથી વધારે** લક્ષ્મીવાન હોય છે? લક્ષ્મી **કાલે** સ્હવારે ચોર કે સરકાર કે આગ ઉઠાવી જશે; પણ **મારી** લક્ષ્મી પેલા દૂરના આકાશમાંના મજબુત કિલ્લામાં જમા થાય છે, તે મ્હને **જરૂર વખતે** મળશે. **હમણાં** મ્હને લક્ષ્મીની શી **જરૂર** છે? ખાવાને સાદું સાદું પણ ભોજન મળે છે; રહેવાને ભાડાનું પણ મકાન મળે છે; લોકો મ્હારા તરફ પ્રેમ અને માનની લાગણીથી જુએ છે; મ્હારી સલાહ અને હાજરીથી કેટલાંક જાહેર કામો સુધર્યાં છે અને થયાં છે. મ્હારા હાડકાં પહોંચે છે ત્યહાં સુધી હું લક્ષ્મીની દરકાર કરવાનું કારણ જોતો નથી. લક્ષ્મીની દરકાર ત્હારા જેવા હાડકાના ભાંગેલા બીચારા બાપડા પશુડાનેજ સોંપી છે, કે જેઓને (પોતે રળવાને અશકત હોઈ) ધર્માદાની દોલત તરફ દૃષ્ટિ કરવાની જરૂર પડે છે. મ્હારાં હાડકાં જ્યહારે થાકશે ત્યહારે મ્હેં-પેલા અદ્રશ્ય ભંડારમાં જમા કરાવેલી લક્ષ્મીનો **જરૂર જેટલો હિસ્સો** મ્હને **મોકલવામાં** આવશે. **ખપકરતાં** વધુ લક્ષ્મીથી **અપચો** થાય-અપચાથી **દુ:ખ** દરદ થાય અને તેથી **મૃત્યુ** થાય; માટે મ્હને તે **ઉપાધિથી** મ્હારો **પરમેશ્વરજ** દૂર રાખે છે.

સઘળે શાન્તિ પથરાઇ. **વિવેકચંદ્રની** વાગ્ ધારાએ સર્વની વાચાને બાંધી લીધી. કેટલીક વારે **સુદર્શન** ઉભો થયો અને ગદગદિત કંઠે **વિવેકચંદ્રને** ઉદ્દેશીને બોલ્યો: "**માસ્તર** સાહેબ! આપની આટલી બધી લાયકી મ્હારા જાણવામાં આજે જ આવી. આપ છેક જ ખાલી છો અને રહેવાનું ઘર પણ ધરાવતા નથી એટલી બધી આપની કફોડી સ્થિતિ આજ સુધી મ્હારા જેવા લાખોપતિ શિષ્યની સમક્ષ પણ આપે જાહેર ન કરી એ આપના મગજની શ્રીમંતાઈ મ્હને આપના તરફ **વધુ** માનથી જોવા પ્રેરે છે. મુરબ્બી શ્રી! આટલું મ્હારૂં માનો અને આ લ્યો મ્હારો ડોકમાંનો મોતીનો હાર. ત્હેના આપને ૨૫૦૦૦ રૂપૈયા

ઉપજશે, કે જે રકમમાંથી એક સારા સરખું મકાન આપ અત્રે તૈયાર કરાવી શકશો. ” એમ કહેતાંની સાથે સુદર્શને તે હાર વિવેકચંદ્રના ગળામાં નાંખ્યો.

વિવેકચંદ્ર ઉપકારની લાગણીથી ગળગળો થઇ ગયો. તે તુરત ઉભો થયો અને હાર પોતાના હાથમાં લઈ પુનઃ સુદર્શનની ડોકમાં નાખતાં બોલ્યો; “ ભાઇ ! એ હાર ત્હમનેજ શોભે. હું કોઇ જાતના સદ્દગુણને વેચવા ઇચ્છતો નથી. મ્હેં ત્હમને મ્હારી નિર્ધનતા જણાવી નહિ અગર કોઈ જાતની લાલચ રાખી નહિ એ કાંઈ ત્હમારા હિત માટે નહિ પણ મ્હારા પોતિકા હિત માટે જ. ઉચ્ચ ખવાસ–સદ્દવર્તન વડે આત્માનો વિકાસ–ઉત્ક્રાન્તિ થાય છે. એ લાભ કરોડો રૂપીઆના લાભથી વિશેષ છે. ત્હમારા પિતા ત્હમને શિક્ષણ આપવા બદલ મ્હને જે પગાર આપે છે તેમાંથી સાદાઈથી ગુજરાન ચલાવતાં જે કાંઈ વધે છે ત્હેમાંથી કોઇ વાર હું ગુપ્ત રીતે અત્યંત દુઃખી મનુષ્યોને સ્હાય કરૂં છું ! કોઈ વાર તત્વનાં નવીન પુસ્તકો ખરીદીને મ્હારા આત્માને અને જ્ઞાનવૃદ્ધિનો ઉપકાર કરનાર લેખકોને સ્હાય કરૂં છું, અને કોઈ વાર કોઈ લોકહિતના વિષય પર લેખ લખી ત્હેની ૫–૧૦ હજાર પ્રતો જાહેરમાં વિના મૂલ્ય વ્હેંચી લોકોની ઉત્ક્રાન્તિને સ્હાયભૂત થાઉં છું: હવે આવા થોડે પૈસે મ્હોટો નફો કરવાના ધંધામાં હું ત્હમારો કે કોઇનો ભાગ નાખું અર્થાત્ ત્હમારી રકમ લઇને ત્હમને ભાગીદાર બનાવું, એ મ્હને—‘ વણિક ’ ને કેમ પાલવે ! ”

**સુદર્શન**—મુરબ્બી ! આપ વધુ આગ્રહ ન કરો. આપના મ્હારા ઉપરના અવર્ણનીય ઉપકારો આગળ આ કદર કશા હિસાબમાં પણ નથી. ધિક્કાર છે મ્હને કે હું આ જ સુધી પાસેજ પડેલા ગુલાબની સુગંધીની કિંમત ન સમજી શક્યો. મહેરબાની કરી આટલી સેવા તો આપ સ્વીકારોજ.

**વિવેકચંદ્ર**—ભાઈ ! આપણે એક જરૂરી કામને છોડી આડકથામાં ઉતરી ગયા છીએ. આપણે અહીં ધર્માદાની મિલ્કતના રક્ષણ માટે આવ્યા અને એ કામને બદલે મ્હારા પુરાણમાં ઉતરી પડયા એ ભૂલ જ થાય છે. મ્હને માફ કરો; હું કોઈ રીતે મ્હારા પોતિકા ઉપયોગ અર્થે તે બક્ષીશ સ્વીકારી શકતો નથી; પરંતુ જ્યહારે, ત્હમારો આટલો બધો આગ્રહ છે ત્યહારે તે હમણાં ત્હમારી પાસે જ રાખો. કોઈ જાહેર હિતનું નવીન કામ હું ઉઠાવીશ તે વખતે તે રકમ ત્હેમાં વાપરવા માટે માગી લઇશ. અગર આઘું ક્ય્હાં શોધવા જવું ? આ ગંગાદાસ શેઠ જો હજારો રૂપીઆની ધર્માદાની મિલ્કત પંચને રાજીખુશીથી સોંપવા તૈયાર ન હોય તો અમને એમ કરવાની ફરજ પાડવા માટે ઇન્સાફની કોર્ટનું શરણું લેવામાં થતા ખર્ચ માટે તે રકમ જૂદી રાખો.

સુદર્શને તે કબુલ રાખ્યું અને સૌ ઉઠયા. ગંગાદાસના હાંજા ગગડયા ! મનમાં તો તે બળીને ખાખ થઇ ગયો હતો પણ બહારથી મીઠાશ બતાવવા ખાતર જુહાર કરી સર્વને વિદાય કરીને ઘરનાં બારણાં બંધ કરી એકાંતમાં જઇ જાણે ત્હેના બાપનો બાપ તેજ દિવસે મરી ગયો હોય અને પોતે ત્હેના શોકમાં હોય તેમ ગુમસુમ થઇ બેઠો.

# ભૂલા પડેલા મુસાફરને.

( ધીરાની કાફી. )

ઓ મુસાફર! ઘેલા રે, સીધો રસ્તો આગમાં;
અરે મૂર્ખ ! મન મેલા રે, અવળી વાટે ભાગમાં.

માયાની અંધારી બાંધી, બન્યો આંધળો બેલ;
ચોર્યાશીની ઘાણી ફેરી ત્યાં નીકળ્યું તારૂં તેલ.
તોય નથી થાક્યોરે, મધ્ય દરિયાને તાગમાં. —ઓ.

કાળ કોળિયો થાય મોહથી, ભ્રમર કુમાર પૂરાય;
દિપક તેજ વિષે મોહીને, પતંગ ભસ્મ થઈ જાય.
આ દુનિયાંની હોળી રે, ઉછળીને પડ મા આગમાં. —ઓ.

પુણ્ય પૂર્વનાં પ્રબળ હતાં, તે પામ્યો માનવ દેહ;
મોહ કરોળિયો જાળ પાથરી, દેશે તુજને છેહ.
એ વેર તારાં જૂનાં રે, આવ્યો છે આજે લાગમાં. —ઓ.

નામ તેહનો નાશ છે, સહુને શિર અવસાન;
જાણે, જુએ, રૂવે નિરંતર, તોય ન ભજે ભગવાન્ !
મીઠાશ તે શી લાગે રે, ભજનથી અધિકી કાગમાં. —ઓ.

ભગવદ્‌ભજન ત્યજી મન ગમતાં, શું કર વિષય વિશેષ;
અત્તર, તેલ, ફુલેલ ત્યજીને, શી ચોપડવી મેશ ?
તજીને મોક્ષ મેવારે, લીંબોળી ખાવા લાગ મા. —ઓ.

મોહ માયા છે જગની રાણી, તેને તારી જાણ;
પાપ પ્રપંચે કરે કમાણી, કરી ખેંચ ને તાણ.
ચોરી તું કરમાં ચોટ્ટારે, પુદ્‌ગલના આ બાગમાં —ઓ.

પાન કરીને ભક્તિ રસાયન, અમર બની જા વીર.
અવર નથી રસ એ સમ ઉત્તમ, વિચાર કર ધરી ધીર;
વિષય વિષ ચૂસીરે, હાથેથી મૃત્યુ માગમાં —ઓ.

હીરા જડિત સુવર્ણ દાબડી, ભર શું તેમાં ઘોર ?
અમૂલ્ય હીરો માનવ જીવન, ગુમાવે શું ઢોર ?
વસંત તને વારેરે, હંસા જા મા કાગમાં —ઓ.

૨૩–૭–૧૩ —વસન્ત.

## બાળકોને કેળવો.

હરિગીત.

સહુ ધ્યાનમાં શ્રાવક બધા શુભ આ ભલામણ ધારજો,
મનને વિશાળ બનાવી તેમાં વિઘ્ન પડતાં વારજો;
બહુ ખબર રાખી ખાંતથી, સુંદીર બાગ બનાવજો,
રેડી હૃદયનો રંગ ધરી ઉછરંગ જરૂર જમાવજો.
ધોરણ તણા ક્યારા કરી પાણી મધુર પિવરાવજો,
પરિશ્રમ લઇ પુષ્પો બધાં કરી ખચિત ખૂબ ખિલાવજો;
વાડો વિવેકતણી કરી વર કાર્ય અચળ કરાવજો,
ધરી વ્હાલ અતિશય બાલ પર વાત્સલ્યને વર્તાવજો.
પોતાતણું સમજી પરસ્પર પ્રેમને પ્રગટાવજો,
તન મન અને ધન ઉદય માટે હર્ષથી અજમાવજો;
આખા દિવસમાં એક ક્ષણ પણ એ વિચાર ચલાવજો,
અતિ આત્મભોગે આપણો મહાવીર પંથ મ્હલાવજો.

—મુનિશ્રી નાનચંદ્રજી.

## વીરમાર્ગ શું તેના જ ભક્તો ભૂલ્યા કે ?

(જૂનું થયું રે દેવળ જૂનું તો થયું મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું.—
એ ભજનની ધૂનમાં.)

ભૂલી ગયા રે મારગ ભૂલી ગયા,
મહાવીરના મારગડાને ભૂલી રે ગયા—
સ્વધર્મી કેરાં દુઃખો કાને ન સાંભળ્યાં રે,
ક્રિયાની ધમાલમાંહે કૂદી તો રહ્યા રે— મહાવીરના.
અંતરના વૈરીઓને કહિયે ન ઓળખ્યા રે,
પરસ્પર ઝગડે પાયમાલને થયા રે— મહાવીરના.
જોગી પણ ભોગી કરતાં વધુ પંથ ભૂલિયા રે,
માનના ફજેતા માંહે ફૂલીને મચ્યારે— મહાવીરના.
પવિત્ર માર્ગ મારા પ્રભુનો ન પામિયારે,
અવચનની ગાળીઓમાં લટકી ગયા— મહાવીરના.
બોધનું શ્રવણ કરી ખૂબ કાળ ખોયો રે,
તણાયેલા તરમાયલા ઢીલા ના થયા રે— મહાવીરના.
પોતાના ડાંપણ આડે કોઈને ન દીઠા રે,
સમજણ વિના ખાલી સંકટો સહ્યાં રે— મહાવીરના

—મુનિ શ્રી નાનચંદ્રજી.

# Divine Discontent.

From the time man comes into the world from his journeyings in the dream-land at night down to the time he returns to it, the one dominant note is his mad pursuit after happiness. With the small hours of the morning commences his painful struggle to ensure for him as large a measure of happiness as he possibly can—wealth—that magician's wand-concentrating in the smallest compass all the comforts and luxuries this world could give-fills his mental horizon in his waking hours. To him it is the only object worth striving after with relentless energy, to the exclusion of every other idea as to the fairness or the means employed to attain it. In the storm and tumultuous din of his passions he can hardly ever hear the still small voice of his conscience—the better part of himself which gently asks him " Good man ! Suppose thyself is in possession of riches beyond thy wildest imagination and then pray tell me, can its possession give thee even a few minims of unruffled peace of mind, a sense of serene self-centred, inward balm ? If not why this breathless run after Utopia. " But that murmuring voice is drowned in the uproar of the brutes and rebellous hosts who have secured a lodgement in his heart. Their unceasing violence never allow their possessor a moment's rest. He plods through the weary day with the same unabated rigour and when dark mantle of night covers the orb of day, he drags his jaded limbs to a place he calls home. Seeking his bed he tries to induce sleep but his mind shoots off in thousand and one channels. After prolonged struggle sleep steals over him but his mind would allow him no rest. The night—mare echoing the dominant tendencies of his waking hours oppresses him while that unconscious state lasts. With the break of day it is the same old story again. The experience of the previous day is repeated with added zest over again. But all the while the gentle murmuring voice of God keeps streaming into his

conscience though the warning is never heard or if heard never heeded. This is true of a large majority of men who typify in themselves this dreary experience. They rapidly career through their life without bestowing one thought on the why and wherefore of their continuous exertion.

A day at last dawns when his exhausted limbs refuse to move. He makes one supreme effort to rouse to action his earthly tenement a day or two yet longer; but the vitality has all but ebbed out. He yields to the fell Destroyer and is hushed into his last grim repose. This is the tragic end of his career of toil. It is a horrid scene to picture before our mind's eye or even to contemplate the last struggle of death-bed, as it daily occurs under our very eyes. Their daily occurance has deadened our feelings; but it is none the less horrible for it. This is the sad fate of the ignorant masses.

But some reflective souls halt and reason with themselves the final upshot of human pursuits. It becomes a dead certainty to them that sooner or later, now or then die they must. Sages have observed that the consciousness of the certainty of death and the ignorance of the precise time of its occurance is the first step from the region of the known into that of the unknown. When this conciousness dawns upon him, all his joys and pleasures are vitiated by the spectre of death to him is now a stern reality and not a remote possibility as with the common herd of mankind. Man would have never cared to dive deeper for Light within, were it not for the certainty of death. Try as he may he cannot succeed to defy it, and at last over-powered by it he sets up enquiries in right earnest into the nature of soul and death.

The origin of innumerable systems of philosophy, psychology and metaphysics may be traced to this one common source, which are so many modes of search after the One Absolute Truth from different standpoints as the seekers' frame of mind dictated.

In the west they try to delude themselves into the belief that end of life is the end of everything, and that nothing

remains or survives after death, thus giving rise to rank growth of materialism which dismisses all enquiries of this nature with the single explanation that all vital processes, thinking faculties and phenomena of life are the direct outcome of the combination of matter in different degrees of density and fineness in certain proportion and they are transmitted in a plasmic state by the operations of the Laws of Heridity. Love for and attachment to physical comforts urge them to evolve such fatal theories in order to suit their established habits of life. But human nature is the same the world over. Truth asserts itself and disturbs their pet snug beliefs even when least thought about. Now a days, the pioneers of Materialism and leaders of Western thought, through the contact with the East, have begun to see the utter fallacy of the theory that ascribes life to the effect of a material cause. Cause can never change its inherent property howsoever extended into effect. They now admit, as all sane men would do, that the property of matter is *Inertia*. But they would have this inherent property of matter-inertia turn into energy, life, soul or what you please to call it when combined in given proportion. The two-inertia and enegy have nothing in common. They are diametrically opposed as regards their nature or property. How could then both be made traceable to a single cause—the matter ? Thus human nature is slowing breaking through the mist of delusion into the light of reason even in soils where any truth which militates against physical delectations and " eat, drink and be merry notions " has least chance of striking roots.

Thus in every clime and country, under all circumstances and environements, the irresistible conclusion is the inevitableness of Death. From time immemorial some men of light have ever kept trying to avert death and decay and to attain this end they have directed their talents and energy to find out a common panacea to cure this fleshy frame of disease and death. But frustrated in every attempt to defy death they had at last to submit to this inoxorable decree of fate and were compelled into the acceptance of the stern fact—the inevitableness of death.

हे मोक्षेच्छको ! मेरी यही आकांक्षा है कि पक्षपातको छोड कर धर्माश्रित होवो ! तीन ही शाखोंसे द्वेषभाव नष्ट होवो ! श्री जिनेन्द्र देवके प्रभावसे तीन ही शाखोंमें परस्पर प्रेम भाव उत्पन्न होवो ! जिसके प्रभावसे श्री अनेकान्तमत ( जैनमत ) सदैव काल जयविजय को प्राप्त करे, बहुतसे जीव मोक्षमार्गके योग्य होवें.

जिनेन्द्र देवकी कृपासे श्री संघमें सदैव ही शान्ति तथा परस्पर प्रेम भाव प्रगट हो !



Makanji Juthabhai Mehta Esq.,
B. A, LL. B. Bar-at-Law.

# ચિત્રપરિચય.

## ૧ શ્રીયુત મકનજી જૂઠાભાઈ મહેતા. B. A. LL. B. Bar-at-law.

Sow love, and taste its fruitage pure;
Sow peace, and reap its harvest bright:
Sow Sunbeams on the rock and moor,
And find a harvest—home of light.

કાઠિયાવાડના **માં**ગરોળ ગામમાં શ્રીયુત **મ**કનજીભાઇનો જન્મ સંવત્ ૧૯૩૭ના માગશર વદ ૬ (૨૩મી ડિસેંબર ૧૮૮૦) ને દિને દશા શ્રીમાળી વણિક જ્ઞાતિમાં થયો હતો. ત્યાં ગૂજરાતી અભ્યાસ ત્યાંની શિક્ષણશાલામાં લઈ પોતાના પિતા મુંબઇમાં વ્યાપાર કરતા હતા ત્યાં આવ્યા. આ વખતે પોતાના કાકાનું કુટુંબ પણ સંયુક્ત હતું. સને ૧૮૯૮ માં પિતાશ્રીનું પરલોકગમન થયું અને તરતજ બીજા વર્ષમાં જ્યેષ્ઠ ભ્રાતા એક વિધવા મૂકી સ્વર્ગસ્થ થયા. આથી **મ**કનજીભાઇ પર કુંટુંબનો ભાર આવી પડ્યો. હજુ પોતાની વિદ્યાર્થી અવસ્થા હતી અને તે દરમ્યાન એટલે ૧૮૯૮માં મેટ્રિક થયા હતા, તેથી પોતાના કાકાના વાલીપણા નીચે પોતાનો અભ્યાસ આગળ ચલાવ્યો. ૧૮૯૯માં સેંટઝેવીઅર કૉલેજમાંથી પ્રીવિયસ, અને ૧૯૦૦ માં ઇંટરમિજિયેટની પરીક્ષા પસાર કરી. ૧૯૦૧માં **શિ**ખરજી, **પા**વાપુરીની યાત્રા કરી અને કલકત્તે જઈ આવ્યા. ૧૯૦૧માં પહેલી એલ્ એલ્. બી. પસાર કરી. ૧૯૦૨માં લગ્ન થયું. ૧૯૦૩માં બી. એ, ની પરીક્ષા બીજા વર્ગમાં પસાર કરી.

ગ્રેજ્યુએટ થયા પછી શું લાઇન લેવી એનો નિર્ણય કરવાનું ઘણાઓને બાકી રહે છે. આપણી-**ભા**રતના વિદ્યાર્થીઓની સ્થિતિ એવીજ રહે છે કે ભવિષ્યના કોઇપણ નિયત સ્થાન આગળથી નિર્ણિત કર્યાવગર પહેલાં તાત્કાલિક જે થાય છે તે થવા દઇએ છીએ. આગળ ચાલતાં અમુક હદ ઓળંગી, એટલે હવે કયે રસ્તે જવું તેનો નિકાલ તે હદ ઓળંગ્યા પછી તેજ વખતે થાય છે.

ગ્રેજ્યુએટ થયા પછી આગળ અભ્યાસ લંબાવવા જેટલી કુટુંબની સ્થિતિ નહોતી છતાં એલ્ એલ્. બી. થવાનો દૃઢ નિશ્ચય કર્યો. તેને માટે જોઇતાં સાધનો પૂરા પાડવા માટે **મૂ**લજી ધરમશી અને **કા**મદાર સોલીસીટરોને ત્યાં કલાર્ક તરીકે અને ત્યાર પછી પ્રતિષ્ઠિત સ્વ. શેઠ અમરચંદ તલકચંદની શિવહેમ અમર એંડ કંપનીમાં મેનેજર તરીકે રહી તેમાંથી સાથેને સાથે લૉ કૉલેજમાં કાયદાનો અભ્યાસ ચાલુ રાખ્યો. [ આપણા જૈન શ્રીમંતો ખરે નથી જાણતા કે ચંચલ વિદ્યાર્થીઓને પણ ગરીબાઇ હોવાથી કેટલીબધી વિપદોમાંથી પસાર થવું પડે છે. શ્રીમંતો જાણતા હોય તો તેઓ થોડીઘણી કામચલાઉપણ સહાય આપવા જેટલા ઉદાર હસ્ત લંબાવતા નથી અને તેથીજ જનોમાં ઉચ્ચ કેલવણીનો પ્રસાર ઘણો ઓછો થયો છે. છતાં જે પરાક્રમી અને સ્વાશ્રયી હોય તેતો ગમે તે ભોગે હાથમાં લીધેલું કાર્ય યા મનમાં કરેલો નિશ્ચય અવશ્ય અમલમાં મૂકે છે. **अर्थं साधयामि वा देहं पातयामि.** ]

આવીરીતે અડગ અભ્યાસ કરી સને ૧૯૦૫માં બીજી એલ્ એલ્. બી ની પરીક્ષા ઘણા ઉત્તમ માર્ક મેળવી ફેર્સ્ટક્લાસમાં (પહેલા વર્ગમાં) પસાર કરી. ૧૯૦૬ માં દિલ્હી,

બનારસ, અલ્હાબાદ, જયપુર વગેરે સ્થલે પ્રવાસ કર્યો, આ વખતે પાટણમાં ભરાયેલ આપણી મહાદેવી શ્રી કૉન્ફરન્સમાં ભાગ લીધો. ૧૯૦૬ના માર્ચમાં વકીલ તરીકે સનંદ લઇ પોતાનો સ્વતંત્ર ધંધો મુંબઇમાં શરૂ કર્યો. આ ધંધો સને ૧૯૧૧ના સપ્ટેંબર માસ સુધી ઘણો સારી રીતે શીકતો ચલાવ્યો.

વકીલનો ધંધો પોતાની મધુર વાણીથી અને જહેમતભરી મહેનતથી પોતાના અસીલોને સંતોષ આપવા સાથે સારીરીતે કુશળતાથી ચલાવ્યો અને તેની સાથે જૈનકોમના કલ્યાણ અને હિતનાં કાર્યોમાં આત્મભોગ સાથે સમય, શ્રમ અને અન્ય સહાયથી ભાગ લેવા લાગ્યા, ૧૯૦૭માં અમદાવાદમાં કૉન્ફરન્સ દેવીનાં પુનિત પગલાં થયા. તે વખતે જૈન ગ્રેજ્યુએટ એસોસિએશનના સેક્રેટરી તરીકે તે ચુંટાયા. આ તરીકે સમગ્ર જૈન પ્રજાસાથે સંબંધ ધરાવતા મહાન્ પ્રશ્નો હાથમાં લઇ તેનો નિવેડો કરવા માટે પુરૂષાર્થ દાખવ્યો. (૧) ગુજરાતી વાંચનમાળા નવા ધોરણથી રચાઇ અને તેમાં જૈનો સંબંધે આવેલ પાઠમાં કેટલીક ગેરસમજૂત ઉભીકરે તેવી હકીકતો આવી, અને તેથી તે કઢાવી નાંખવા માટે એજ્યુકેશનલ ડીપાર્ટમેંટ પર અરજી કરી તે અંગે તે પાઠમાં વાંધાવાળો ભાગ કાઢી નંખાવ્યો. (૨) જૈન તહેવારો જેવાકે પવિત્ર પર્યુષણ, વગેરે જાહેર તહેવારો આખા કલિકામાં ગણાવા જોઇએ તે માટે નામદાર સરકારને અરજ કરી તેમનું ધ્યાન ખેંચ્યું. તે અંગે કેટલાક જાહેર તરીકે અને ઘણા સાંપ્રદાયિક તરીકે—જૈનોમાટેજ સરકાર તરફથી જાહેર થયા. (૩) મુંબઇ યુનિવર્સીટી (વિદ્યાપીઠ)માં જૈન સાહિત્ય દાખલ કરાવવા માટે હિલચાલ કરી અને આખરે તેપણ વિજયવંતી નીવડી. બી. એ. અને એમ. એ. માં અમુક જૈનગ્રંથો અભ્યાસક્રમમાં દાખલ થયા. આવાં કાર્યો કરી એસોસિએશન અને કૉન્ફરન્સને આગળ પાડી. એસોસીએશન કૉન્ફરન્સથી સ્વતંત્ર સંસ્થા નથી પણ તે દેવીને સહાય કરતી તેનીજ હકુમત નીચે કાર્ય કરે છે એવું પુરવાર કરી લોકોને વિશ્વાસમાં લીધા અને તે એસાસીએશનના ધારા ધોરણ ઘડી પસાર કરાવી તેને વ્યવસ્થિત સંસ્થા તરીકે લાયક કરી.

આવાં અનેક કાર્યોથી શ્રીયુત મકનજીએ સર્વ જૈનકોમનો વિશ્વાસ પોતામાં ખેંચી લીધો અને તેથી તેમને સને ૧૯૦૮માં ભાવનગર ભરાયેલ દેવી કૉન્ફરન્સના આસિસ્ટંટ જનરલ સેક્રેટરી તરીકે નીમવામાં આવ્યા. આ વર્ષમાં સમેતશિખરજી ઉપર બંગલા બાંધવાની યોજના હજારી બાગના ડેપ્યુટી કમીશનર તરફથી બહાર પડી. શ્વેતાંબરીઓ તરફથી પોતાના પરાપૂર્વના હક્કો રજુ કરવા મી. મહેતા કલકત્તા ગયા અને પોતાથી બન્યું તેટલું કરી મુંબઇ પાછા ફર્યા.

જૈનોના ઉદ્ધારમાટે કોઇ પણ મુખ્ય સાધન હોય તો તે **કેલવણીનો પ્રસાર** છે, તે પ્રસાર જેમ જેમ વધુ થાય તેમ તેમ જૈનોનું ભવિષ્ય સુંદર અને પ્રકાશિત થાય તેમ છે, તેમજ શ્રી કૉન્ફરંસ મહાન્ સંસ્થાએ જેજે ઉપકાર સમસ્ત જૈન પ્રજાપર કરેલ છે તે કદી પણ ભૂલી શકાય તેમ નથી અને તેથી તે વધુ ચાલુ રહે તેમાં કોમનું કલ્યાણ છે. છે. આ માટે સુકૃત ભંડાર ફંડની યોજના દીર્ઘદર્શી નાયકોએ ઘડી અને તેની રૂએ દરેક જૈન પાસે ઓછામાં ઓછા ચાર આના ઉઘરાવવા અને તેથી જે ઉત્પન્ન થાય તે અર્ધોઅર્ધ કેળવણી ફંડ અને કૉન્ફરન્સ નિભાવ ફંડમાં વ્હેંચી આપવું. આ યોજનાનો મુંબઇએ થોડો ઘણો સત્કાર કર્યો, તેવામાં અમદાવાદ તે માટે અગ્રપદ લે તો સમગ્ર ભારતમાં તે યોજના ફત્તેહમંદ થાય એવું જણાયું, આથી આ યોજના અમદાવાદમાં કાર્યગત કરવા માટે અહીંથી

શેઠ કલ્યાણચંદ સૌભાગ્યચંદ અને અન્ય સાથે શ્રીયુત મકનજીભાઇ ગયા અને ત્યાં શેઠ આણંદજી કલ્યાણજી સભા મેળવી તે યોજના રજુ કરી. પરંતુ કોમના નાયકોનો મંદ પુરૂષાર્થથી તેનું ફળ આવી શક્યું નહિ. હવે કોમના નાયકો આત્મભોગથી કાર્ય કરશે તો અચૂક ફત્તેહ મેળવે તેવાં આશાજનક ચિન્હો છે. આ અને કોન્ફરંસના સેક્રેટરી તરીકે બીજાં ઘણાં સમાજોપયોગી અને તે સંસ્થાને લાભદાયક કાર્યો કર્યાં છે.

જૈનોની રાજ્યકીય સ્થિતિ બહુજ મંદ છે, આગળ પડતો રાજ્યકીય ભાગ લેવા ફળવાયેલા શ્રીમંતો આગળ પડયા નથી, તેમજ પ્રતિષ્ઠિત સ્થાન મેળવે એવા ઘણા થોડા જૈનો છે; છતાં પણ બીજી કોમો સાથે હરીફાઇ ભોગવતી જૈન કોમ પણ છે તો તેને પણ સરકારની ધારાસભામાં તેમજ કારોબારી સભામાં ખાસ નિયત સ્થાન હોવું જોઇએ એવી અરજી તે વખતના વાઇસરૉય લૉર્ડ મિંટો સાહેબને કરવામાં આવી હતી. આ વખતથી ઘણા વર્ષથી અવ્યક્ત રહેલ વિચાર અમલમાં લાવવા શ્રીયુત મહેતા પ્રયાસ કરવા લાગ્યા. તે વિચાર ઇંગ્લંડ જઇ બૅરિસ્ટર થઈ આવવું, અને જૈન બૅરિસ્ટર તરીકે સારી પ્રતિષ્ઠા મેળવવી, એ મહદેચ્છા પાર પાડવામાં આવતી મુશ્કેલીઓ, તે પાર પાડી પછી નડતી મુશ્કેલીઓ વગેરેનો મહાન્ વિચાર ( Problem) આવી પડયો. આ ઉકેલવામાં અનેકનાં મતો પુછાયા—અનેક મિત્રોએ તે પાર પાડવા સલાહ આપી અને શેઠ જીવણચંદ લલુભાઇએ પોતાના લંડનના ઘરમાં રહેવા ખાવા પીવાની સગવડ કરી આપવા જણાવ્યું. આ વખતે આપણા સ્વર્ગસ્થ બંધુ ગોવિંદજી મૂળજી મહેપાણીને એકાએક બૅરિસ્ટર થવાનો વિચાર થયો. તે બંધુ તરફથી પણ મકનજી ભાઇને અચૂક બૅરિસ્ટર થવા સલાહ અને ઉત્તેજન મળ્યાં આથી પ્રેરાઇ સને ૧૯૧૧ ના સપ્ટેમ્બર માસની ૯ મી તારીખે ગોવિંદજીભાઈ અને મકનજીભાઇ ઇંગ્લંડ તરફ સર્વ બંધુઓ તરફથી માન, તેઓની પુનિત આશીષ અને પ્રેમભાવ સ્વીકારી સિધાવ્યા. શેઠ જીવણચંદ લલુભાઇએ બંને માટે પોતાના મકાનમાં એક ખરા જૈન તરીકે રહેવા ખાવા પીવાની બધી સગવડ કરી આપી. આ માટે તે શેઠને અતિ ધન્યવાદ ઘટે છે. ગોવિંદજીભાઇ ( કે જેનું જીવનચરિત્ર અમે ગત પર્યુષણ અંકમાં આપી ગયા છીએ તે ) બૅરિસ્ટરની પહેલી પરીક્ષામાં હિંદુ લૉ અને મહોમેડન લૉના અઘરા વિષયમાં ફર્સ્ટક્લાસ મેળવી પસાર થયા અને ત્યાર પછી કોમના હતભાગ્યે તેઓનું શરીર રોગવશ થયું અને મુંબઇ આવી સ્વર્ગસ્થ થયા.

મી. મહેતાએ બૅરીસ્ટરની પરીક્ષા ફર્સ્ટક્લાસ મેળવી સને ૧૯૧૨ માં પાસ કરી ૫૦ પૌંડની સ્કોલરશિપ મેળવી. ત્યાર પછી ઇંગ્લંડની કોર્ટોનો અનુભવ ત્યાંના પ્રતિષ્ઠિત ધારાશાસ્ત્રી નીચે લીધો, અને આજ વર્ષના માર્ચ મહિનામાં મુંબઇ આવ્યા, અને અહીંની હાઇકોર્ટમાં પ્રેક્ટીસ શરૂ કરી. અમે એ ઉત્સાહી, જૈન વીરરત્નની ઉત્તમ અને ઉપયોગી કારકીર્દિ ઇચ્છીએ છીએ.

### ૨ ડાક્ટર નાનાલાલ મગનલાલ મહેતા. L. M. & S, L. R, C. P. M. R. C. S. I. M. S.

I would rather have the affectionate regard of my fellow men than I would have heaps and mines of gold. Dickens.

સૌરાષ્ટ્રદેશમાં પવિત્ર સિદ્ધક્ષેત્ર પાસે ભાવનગરની નજીક આવેલ વાલુકડ નામના ગામમાં શ્રીયુત નાનાલાલનો સને ૧૮૮૮ માં દશાશ્રીમાળી વણિક જ્ઞાતિમાં જન્મ થયો હતો.

બાલપણમાં તેની ચપલતા, શાંતિ અને એકાંતપ્રિયતા માલુમ પડતી હતી. તેઓ પોતાના પિતાશ્રીની સહાયથી અભ્યાસ ગુજરાતી તેમજ અંગ્રેજીનો કરી સને ૧૯૦૩ માં મેટ્રિક અને ૧૯૦૪ માં પ્રિવિઅસની પરીક્ષામાં પસાર થયા હતા; ત્યાર પછી વૈદ્ય-ડાકટરની લાઇનમાં જવાનું પ્રકૃતિને વિશેષ અનુકુલ લાગવાથી સને ૧૯૦૪ નવેમ્બર માસમાં ૧૭ વર્ષની વયે મુંબઇની ગ્રાંટમેડિકલ કૉલેજમાં જોડાયા, અને લગભગ પાંચવર્ષમાં—સને ૧૯૦૯ માં પ્રથમ વર્ગમાં બીજે નંબરે છેલ્લી એલ. એમ. એન્ડ એસની ડાકટરી પરીક્ષા કુશલતાથી પસાર કરી. આ દરમ્યાન તેમને સામાન્ય જ્ઞાનમાં વિશેષ કુશલતા માટે સને ૧૯૦૮ માં માસિક રૂ. ૧૫ ની રીડસ્કૉલરશિપ એકવર્ષ સુધી સને ૧૯૦૯ માં માસિક રૂ ૨૫ ની ફ્રિશ કૉલરશિપ એકવર્ષ સુધી અને મિડવાઇફરીમાં કુશલતા માટે માસિક રૂ. ૨૫ ની. મેકલેનનસ્કૉલરશિપ રૂપાનાં ચાંદ સાથે બે વર્ષ સુધી અનુક્રમે મેળવી પોતાના બુદ્ધિપ્રભાવ અને હુશિયારી સિદ્ધ કર્યા હતા. **હી**રાચંદ ગુમાનજી જૈન બોર્ડિંગ સ્કૂલનો લાભ તેમણે લીધો હતો, કે જે સંસ્થાએ અનેક જૈન યુવકોને ઉત્તમ ડીગ્રી મેળવાવી ઉપકાર કર્યો છે.

આવી રીતે વિદ્યાર્થી તરીકેની ઝલકતી અને ઉત્તમ કારકીર્દી બતાવી ડાકટર મહેતાએ બતાવી આપ્યું કે જૈનોમાં સામાન્ય સ્થિતિવાળા ઘણા યુવાનો છે કે જેઓને આગળ વધવાના સંજોગો મળે તો તેઓ પોતાનો ઉત્તમ બુદ્ધિપ્રભાવ ઘણી સારી રીતે પ્રકટ કરી શકે. ત્યાર પછી ડાકટર મહેતાનો ઇંગ્લંડ જઇ તખીબી અભ્યાસ લંબાવી ત્યાંની મુશ્કેલમાં મુશ્કેલ અને ઉંચામાં ઉંચી પરીક્ષા પસાર કરવાની ઇચ્છા થઇ. આ ઇચ્છા સફળ કરવા માટે જોઇતાં નાણાંનો મુખ્ય સવાલ હતો; સુભાગ્યે **ભા**વનગરવાસી અને અહીં ધીકતો વેપાર કરતા ઉદાર અને ધાર્મિક ગૃહસ્થ સ્વ. **ત્રિભોવનદાસ ભાણજી**ના બંધુ શેઠ **નરોત્તમદાસ ભાણજી**ને જણાવાતાં તેમણે ઉદાત્ત ચિત્તથી ડાકટર **મ**હેતાના વિચારને વધાવી લઇ દ્રવ્ય સંબંધી સહાય પોતે આપવાનું સ્વીકાર્યું. શાબાશ છે આવા જૈનશ્રીમંતને કે જેમણે આવા સામાન્ય સ્થિતિના વીર રત્નને ખરેવખતે મદદ કરવા બહાર પડી જૈનકોમને ઉત્તમ રત્ન પ્રાપ્ત કરી આપવા સેવાધર્મના ઉચ્ચ હેતુથી હિંમત બતાવી છે. હમણાના શ્રીમંતો આનું અનુકરણ ક્યારે કરશે?

આથી સને ૧૯૧૦ માં ઇંગ્લંડ ગમન થયું. ત્યાં મુખ્ય નિશાન ઇંડિયન મેડિકલ સર્વિસ (I. M. S) ની કઠિન ડીગ્રી લેવાનું રાખ્યું અને સાથે સાથે બીજી ઉંચ તખીબી પરીક્ષા પાસ કરવા માટેનો અભ્યાસ ચાલુ રાખ્યો. ઇંગ્લંડની L. R. C, P. અને M. R. C. S ની ડીગ્રીઓ મેળવી અને ઉપરાંત Primary Fellowship of Royal College of Surgery ની પરીક્ષા પસાર કરી. આખરે મુખ્ય સાધ્ય નામે I. M. S. (Indian Medical Service) ની ઉત્તમમાં ઉત્તમ ડીગ્રી ૨૬ મી જુલાઈ સને ૧૯૧૩ ને દિને મેળવી પોતાનું અદ્ભુત બુદ્ધિબલ બતાવ્યું.

આખા મુંબઇ ઇલાકામાં ગુજરાતી હિંદુઓમાં છેલ્લા ૮૦ વર્ષોમાં ડાકટર **મ**હેતા બીજા I. M. S. છે અને કાઠિયાવાડમાં તેમજ સમગ્ર જૈન કોમમાં—વણિક કોમમાં તેઓ પહેલા I. M. S. છે અને તે માટે અમો તેમને આખી જૈન સમાજ તરફથી અંતઃકરણપૂર્વક મુબારકબાદી આપીએ છીએ અને પ્રભુ પ્રત્યે પ્રાર્થીએ છીએ કે જૈન કોમમાં આવા વધુ નરરત્નો પ્રાપ્ત થાઓ અને ડાકટર **મ**હેતા પોતાની બુદ્ધિનો લાભ જૈન કોમને આપ્યાં જ કરો, અસ્તુ.



Nanalal Maganlal Mehta Esq.,
L. M. & S. I. M. S.

# श्री जैन श्वेतांबर एज्युकेशन बोर्ड.

## शेठ अमरचंद तलकचंद जैन धार्मिक हरीफाइनी परीक्षा.

### तेना नियमो तथा सने १९१३ नी सालनो अभ्यासक्रम.

### नियमो.

૧ મજકુર પરીક્ષા શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડે નિમેલ, નીચે જણાવેલ એજન્ટોની દેખરેખ નીચે, નીચેના સ્થળોએ તા. ૨૮-૧૨-૧૩ રવીવારે ૧ થી ૪ વાગ્યાસુધી લેખીત લેવામાં આવશે.

| સ્થળ | એજંટ |
|---|---|
| ૧ મુંબઇ | શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ |
| ૨ સુરત | મી. ચુનીલાલ છગનલાલ શરાફ તથા મી. મગનલાલ પી. બદામી |
| ૩ અમદાવાદ | મી. મણીલાલ નથુભાઈ દોશી તથા મી. હીરાચંદ કકલભાઇ. |
| ૪ માંગરોળ | શ્રી આત્મારામજી જૈન પાઠશાળા. |
| ૫ મહેસાણા | શ્રી મહેસાણા જૈન પાઠશાળા. |
| ૬ પાલીતાણા | મી. વિઠ્ઠલદાસ પુરૂષોત્તમદાસ. મી. કુંવરજી દેવશી. |
| ૭ ભાવનગર | શ્રી જૈન ધર્મ પ્રસારક સભા. |
| ૮ યેવલા | શેઠ દામોદર બાપુશા. તથા શેઠ બાલચંદ હીરાચંદ |
| ૯ બનારસ | શ્રી યશોવિજયજી જૈન પાઠશાળા. |
| ૧૦ જયપુર | શેઠ ધાંસીલાલ ગુલેચ્છા. |
| ૧૧ ગુજરાનવાલા | શ્રી આત્મારામજી જૈન પાઠશાળા. |
| ૧૨ રાજકોટ | મી. ચત્રભુજ જેચંદ. |
| ૧૩ રતલામ | શેઠ વર્ધમાનજી વાલચંદજી તથા શેઠ રતનલાલજી સુરાના. |
| ૧૪ બોટાદ | શેઠ લલ્લુભાઇ ભાઇચંદ. |
| ૧૫ વઢવાણ | શેઠ લાલચંદ ખેતસી તથા મી. ગુલાબચંદ વાઘજી. |
| ૧૬ લીંચ | શેઠ હઠીસંગ રતનચંદ. |
| ૧૭ અમરેલી | શેઠ સુંદરજી ડાહ્યાભાઈ. |

**સૂચના**—આ સ્થળો ઉપરાંત અરજીઓ આવ્યેથી પરીક્ષા લેવાનાં સ્થળો વધારવાનો વિચાર કરવામાં આવશે.

૨ નીચે મુજબ પાંચ ધોરણોની પરીક્ષા લેવામાં આવશે.

**ધોરણ ૧ લું.**

**પંચપ્રતિક્રમણ**-મૂળ, અર્થ; વિધિ અને હેતુ સહિત (શેઠ હીરાચંદ કકલભાઈ-વાળું પુસ્તક).

વિધિપક્ષવાળા ઉમેદવારો માટે શેઠ ભીમસીંહ માણેકનું છપાવેલ વિધિપક્ષ પંચપ્રતિક્રમણસૂત્ર મોટું, સિવાયના ગચ્છવાળાઓની પરીક્ષા, તે તે ગચ્છના પ્રમાણભૂત પુસ્તકના અનુસાર લેવામાં આવશે.

## ધોરણ બીજું.

નીચેના બેમાંથી કોઇપણ એક વિભાગ.

૧

**જીવવિચાર તથા નવતત્ત્વ પ્રકરણ**–( શેઠભીમસિંહ માણેકવાળાં પુસ્તકો )
**શ્રાવક ધર્મસંહિતા**–( માંગરોળ જૈન સભાનું છપાવેલું )
**ઉપદેશ પ્રાસાદ** ભાગ ૧ લો.–( શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર )

૨

**નવતત્ત્વ, નવસ્મરણ અર્થ સહિત** ( શેઠ ભીમસિંહ માણેકવાળાં પુસ્તક )
**ત્રણ ભાષ્ય** ( શેઠ વેણીચંદ સુરચંદ અથવા શેઠ ભીમસિંહ માણેકવાળું પુસ્તક ) અર્થ અને સમજણ તથા હેતુપૂર્વક.

## ધોરણ ત્રીજું.

**યોગશાસ્ત્ર** ( મુનિ કેસરવિજયજી તરફથી પ્રગટ કરેલું પુસ્તક )
**મહાવીર ચરિત્ર ભાષાન્તર** હેમચંદ્રાચાર્ય કૃત ( શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી પ્રસિદ્ધ થલેલું. )
**આનંદઘનજીની ચોવીશી** ( જ્ઞાનવિમળસૂરિના ટબાવાળી. )

## ધોરણ ૪ થું.

**આગમસાર દેવચંદ્રજી કૃત** ( શેઠ ભીમસિંહ માણેક તરફથી છપાએલ )
**તત્વાર્થાધિગમસુત્ર** ( રાયચંદ્ર જૈન શાસ્ત્રમાળામાંથી. )

## ધોરણ ૫ મું.

નીચેના પાંચ વિભાગમાંથી કોઇ પણ એક વિભાગ

૧ **ન્યાયઃ—સ્યાદ્વાદ મંજરી** ( રાયચંદ્ર જૈન શાસ્ત્રમાળામાંથી. )
**આઠ દ્રષ્ટિની સજાય** (પ્રકરણ રત્નાકરનાં ભાગ પહેલામાંથી ૪૧૩ થી ૪૩૮ પાના)
૨ **દ્રવ્યાનુયોગઃ—છ કર્મગ્રંથ** ( ભીમસિંહ માણેક તરફથી છપાએલ. )
૩ **અધ્યાત્મ અધ્યાત્મ કલ્પદ્રુમ** ( રા. રા. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ સોલીસિટર તરફથી બહાર પડેલું. )
**દેવચંદ્રજીની ચોવીશી** ( શેઠ ભીમસિંહ માણેક તરફથી વિવેચન સાથે છપાએલ.)
૪ **પ્રકીર્ણઃ—ઉપદેશ પ્રાસાદ** પાંચે ભાગ (શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી છપાએલ) તેના પર વિવેચન અને વિચારપૂર્વક કરેલ અવલોકન સાથે.
૫ **ઇતિહાસઃ—ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર** પર્વ ૧ થી ૧૦ નું ભાષાંતર સંપૂર્ણ (શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી છપાએલ). ઐતિહાસીક તથા તત્ત્વદ્રષ્ટિએ વિદ્યાર્થીએ અવલોકન કરવાનું.

૩ મજકુર પરીક્ષા લીધા પછી આશરે દોઢ મહિને ઇનામ મેળવનાર તથા પાસ થનાર ઉમેદવારોનું લીસ્ટ શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ તરફથી જાહેર પત્રદ્વારા બહાર પાડવામાં આવશે.

૪ આ પરીક્ષામાં ઉંચે નંબરે આવનાર ઉમેદવારોને તેની લાયકાત પ્રમાણે નીચે મુજબ શેઠ અમરચંદ તલકચંદ જૈન ધાર્મિક હરિફાઈની પરીક્ષાનાં ઈનામો મજકુર પરીક્ષા પછી આશરે બે મહિને આપવામાં આવશે.

**વર્ગ પહેલો—દશ ઈનામો રૂ ૯૨ નાં.**

| | |
|---|---|
| ૧ લું ઇનામ રૂ. ૨૧) | ૬ ઠું ઇનામ રૂ. ૭) |
| ૨ જું ,, ,, ૧૭) | ૭ મું ,, ,, ૫) |
| ૩ જું ,, ,, ૧૫) | ૮ મું ,, ,, ૩) |
| ૪ થું ,, ,, ૧૧) | ૯ મું ,, ,, ૨) |
| ૫ મું ,, ,, ૯) | ૧૦ મું ,, ,, ૨) |

**વર્ગ ૨ જો:— આઠ ઈનામો રૂ. ૧૦૦) નાં.**

| ૧ લા પેટા વિભાગ માટે | ૨ જા પેટા વિભાગ માટે |
|---|---|
| ૧ લું ઇનામ રૂ. ૨૧) | ૧ લું ઇનામ રૂ. ૨૧) |
| ૨ જું ,, ,, ૧૫) | ૨ જું ,, ,, ૧૫) |
| ૩ જું ,, ,, ૯) | ૩ જું ,, ,, ૯) |
| ૪ થું ,, ,, ૫) | ૪ થું ,, ,, ૫) |

**વર્ગ ૩ જો:—પાંચ ઈનામો રૂ. ૬૩) નાં.**

| | |
|---|---|
| ૧ લું ઇનામ રૂ. ૨૫) | ૪ થું ઇનામ રૂ. ૮) |
| ૨ જું ,, ,, ૧૫) | ૫ મું ,, ,, ૫) |
| ૩ જું ,, ,, ૧૦) | |

**વર્ગ ૪ થો:—ત્રણ ઈનામો રૂ. ૬૦) નાં.**

| | |
|---|---|
| ૧ લું ઇનામ રૂ. ૩૦) | ૩ જું ઇનામ રૂ. ૧૦) |
| ૨ જું ,, ,, ૨૦) | |

**વર્ગ ૫ મો:—પાંચ ઇનામો રૂ. ૧૫૦) નાં.**

**પાંચ વિભાગમાંના દરેક વિભાગમાં રૂ. ૩૦)**

૫ **પ્રકીર્ણ સૂચના:**—કોઈ પણ વિદ્યાર્થી એકી વખતે એકજ ધોરણમાં પરીક્ષા આપી શકશે, પણ તેમાં તે નિષ્ફળ થશે તો તે ધોરણમાં તે બીજે વરસે બેસી શકશે, બીજા તથા પાંચમા ધોરણમાં એકથી વધારે વિષયો છે, તેથી દરેકમાં જુદે જુદે વરસે પરીક્ષા આપી શકશે, અને પાસ થનારને લાયકાત પ્રમાણે ઇનામ અથવા પ્રમાણપત્ર મળશે.

એક તૃતિયાંશ માર્ક મેળવનારનેજ પાસ થયેલ ગણવામાં આવશે, પણ ઇનામને લાયક થવા માટે ઓછામાં ઓછા પચાશ ટકા માર્ક મેળવવાજ જોઇશે.

પાંચમા ધોરણમાં હાલ તુરત ઇનામ નાનાં દેખાય છે. પણ જે વિભાગમાં બેસનાર નહીં હોય તેનાં ઇનામો અન્ય વિભાગમાંના ઇનામની રકમ અથવા સંખ્યા વધારવા માટે ઉપયોગમાં લેવામાં આવશે.

દરેક પેટા વિભાગનાં ઇનામો એક બીજાથી સ્વતંત્ર છે, તેથી તે ધોરણના વિભાગોમાં અંદર અંદર હરીફાઇ રહેશે નહીં.

બીજા ધોરણમાં અને ત્યાર પછીના ધોરણમાં નવસ્મરણ સિવાય કોઈ પણ વિષયમાં મુખપાઠના સવાલો પરીક્ષામાં પુછવામાં આવશે નહીં.

સને ૧૯૧૧ ની પરીક્ષામાં જે બીજા ધોરણમાં પાસ થયા હશે તે આ વરસે બીજા ધોરણના (૧) લા પેટા વિભાગમાં બેસી શકશે નહીં પણ તેજ ધોરણના (૨ જા) વિભાગમાં બેસી શકશે. તેમજ ત્રીજા ધોરણમાં પાસ થયા હશે તે બીજા ધોરણના (૨)જા પેટા વિભાગમાં બેસી શકશે નહીં. પણ પેટા વિભાગ (૧) લામાં બેસી શકશે. ચોથા ધોરણમાં પાસ થયેલ વિદ્યાર્થી, ધોરણ પાંચમાના પેટા વિભાગ (૨) જામાં બેસી શકશે નહીં, તેમજ પાંચમા ધોરણમાં પાસ થયેલ વિદ્યાર્થી ચોથા ધોરણમાં બેસી શકશે નહીં.

આંખે અપંગ હોય તેને માટે લખનારની વ્યવસ્થા કરી લેવામાં આવશે તો તેની યોગ્યતાનું પ્રમાણપત્ર આપવામાં આવશે પણ તેને ઇનામ મળશે નહીં.

આ પરીક્ષાના ધોરણ વિગેરે સંબંધમાં ખુલાસો પૂછવો હોય તે નીચેના શીરનામે પૂછી મંગાવવો.

પરીક્ષામાં બેસવા ઇચ્છનાર દરેક વિદ્યાર્થીએ નવેંબરની ૩૦ મી તારીખ પહેલાં પહોંચે તે પ્રમાણે અરજી બોર્ડના સેક્રેટરી તરફ મોકલી આપવી. દરેક અરજીની એ જણાવેલી વિગત સાથે મોકલવી.

**૬** આ પરીક્ષામાં બેસનાર ઉમેદવારોએ નામ, ઠેકાણું, ગામ, ઉમર, જન્મ તારીખ, જન્મ ભૂમિ, કયા ધોરણમાં, કયા પેટા વિભાગમાં, કયે સ્થળે પરીક્ષા આપવી છે, તેમજ તેની વ્યાવહારીક કેળવણી કેટલી છે અને ધંધો શું છે તેની વિગત નીચેના શીરનામે ચોખ્ખા અક્ષરે લખી મોકલવી.

પરીક્ષા તા. ૨૮-૧૨-૧૩ સં. ૧૯૭૦ ના પોષ સુદ ૧ ને રવિવારે બપોરે ૧ થી ૪ વાગ્યા સુધી ઉપર જણાવેલી જગોએ લેખીત લેવાશે.

પાયધુની-પોષ્ટ નં. ૩
**મુંબઈ.**

**મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.**
**મોહનલાલ દલીચંદ દેશાઈ.**
ઓનરરી સેક્રેટરીઓ,
શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

# श्री जैन श्वेताम्बर एज्युकेशन बॉर्ड.

## बाइ रतन—शा. उत्तमचंद केशरीचंदना पत्नी

### स्त्री जैन धार्मिक हरीफाइनी परीक्षा.

तेना नियमो तथा सने १९१३ नी सालनो अभ्यासक्रम.

*—o—*

### नियमो.

१ मजकुर परीक्षा श्री जैन श्वेतांबर એજ્યુકેશન બોર્ડ તરફથી નીચે જણાવેલ એજંટોની દેખરેખ નીચે નીચેનાં સ્થળોએ તા ૨૮–૧૨–૧૩ રવીવારે બપોરના ૧ થી ૪ સુધી લેખીત લેવામાં આવશે–સ્થળ તથા એજંટોનાં નામોમાં હવે પછી પત્ર વ્યવહાર કરી સારી રીતે વધારો કરવામાં આવશે.

| સ્થળ | એજંટ |
|---|---|
| ૧ મુંબઇ. | શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ |
| ૨ સુરત | મી. ચુનીલાલ છગનલાલ શરાફ તથા મી. મગનલાલ પી. બદામી. |
| ૩ અમદાવાદ | મી. હીરાચંદ કકલભાઇ તથા મી. કેશવલાલ પ્રેમચંદ મોદી. વકીલ. |
| ૪ માંગરોળ. | શ્રી આત્મારામજી જૈન પાઠશાળા |
| ૫ મહેસાણા. | શ્રી મહેસાણા જૈન પાઠશાળા. |
| ૬ પાલીતાણા. | મી વિઠલદાસ પુરૂષોત્તમ તથા મી. કુંવરજી દેવશી |
| ૭ ભાવનગર. | શ્રી જૈન ધર્મ પ્રસારક સભા. |
| ૮ વેવલા. | શેઠ દામોદર બાપુશા તથા શેઠ બાલચંદ હીરાચંદ |
| ૯ બનારસ. | શ્રી યશોવિજયજી જૈન પાઠશાળા |
| ૧૦ જયપુર. | શેઠ ધાંસીલાલ ગુલેચ્છા |
| ૧૧ ગુજરાનવાલા. | શ્રી આત્મારામજી જૈન પાઠશાળા |
| ૧૨ રાજકોટ. | મી. ચત્રભુજ જેચંદ |
| ૧૩ રતલામ. | શેઠ વર્ધમાનજી વાલચંદજી તથા શેઠ રતનલાલજી સુરાના. |
| ૧૪ બોટાદ | શેઠ લલ્લુભાઇ ભાઇચંદ |
| ૧૫ વઢવાણશહેર | શેઠ લાલચંદ ખેતશી તથા મી. ગુલાબચંદ વાઘજી |
| ૧૬ લીંચ | શેઠ હઠીસંગ રતનચંદ |
| ૧૭ અમરેલી | શેઠ સુંદરજી ડાહ્યાભાઇ |

૨ નીચે મુજબ અવિવાહિત કન્યાઓ માટે બે ધોરણની અને કન્યાઓ તથા સ્ત્રીઓ માટે પાંચ ધોરણની પરીક્ષા લેવામાં આવશે. આ પ્રસિદ્ધ કરેલા અભ્યાસક્રમમાં સને ૧૯૧૪ અને તે પછીના એકવર્ષમાં અગત્યના કારણવગર ફેરફાર કરવામાં આવશે નહિ.

## અભ્યાસક્રમ.

### માત્ર અવિવાહિત કન્યાઓ માટે.

### ધોરણ ૧ લું.

**સામાયિક** તથા **દેવવંદન વિધિનાં સુત્ર** તથા **નવ અંગ પૂજાના દોહા** સમજણ સહિત મુખપાઠે.

**જીવવિચારની પચીશ ગાથાના છુટા બોલ** સામાન્ય સમજણ સાથે.

**પુત્રી શિક્ષા** ( ગુજરાતી પ્રેસ. )

### ધોરણ બીજું.

× **જીવવિચાર** તથા **નવતત્વનો સાર** ( ભીમશી માણેક વાળી બુક. )

**ઉપદેશ પ્રસાદ ભાગ ૧ લો** ( પ્રગટ કર્તા શ્રી જૈન ધ. પ્ર. સભા–ભાવનગર. )

**હિત શિક્ષા છત્રીશી** (વીરવિજયજી) સમજણ સાથે.

### કન્યાઓ તથા સ્ત્રીઓ માટે.

### ધોરણ ૧ લું.

**બે પ્રતિક્રમણ**—અર્થ સમજપૂર્વક મુખ પાઠે ( તપગચ્છ માટે શેઠ હીરાચંદ કકલભાઇવાળી બુક તથા વિધિપક્ષવાળા માટે શેઠ ભીમશી માણેકવાળી બુક )

÷ **જીવવિચાર પ્રકરણનો સાર** ( ભીમશી માણેકવાળી બુક )

**સઝાયો:**—ઉદય રત્નની ચાર–ક્રોધ, માયા, માન, લોભની સઝાયો,

**ગહુળીઃ**—૧ શીયલ સલુણી ચુંદડી પાનું ૧૦૦ } બાળબોધ ગહુંળી સંગ્રહભાગ
૨ બ્હેની સંચરતાંરે સંસારમાંરે પાનું ૨૬ } ૧ લો ભીમશી માણેક

### ધોરણ ૨ જું.

**પાંચ પ્રતિક્રમણ** તથા **નવસ્મરણ**–સમજણપૂર્વક મુખપાઠે (તપગચ્છ માંટે શેઠ હીરાચંદ કકલભાઈ વાળી બુક તથા વિધિપક્ષવાળા શેઠ ભીમશી માણેકવાળી બુક બે પ્રતિક્રમણ સૂત્રો સિવાય. )

વિધિપક્ષ માટે **પાંચ પ્રતિક્રમણ, ભકતામર** તથા **કલ્યાણમંદિર.**

### ધોરણ ૩ જું.

**નવતત્વ તથા ત્રણ ભાષ્યોનો સાર** ( ભીમશી માણેક વાળી બુક ).

**ઉપદેસ પ્રસાદ** ભા. ૧ લો ( શ્રી. જૈન. ધ, પ્ર. સભા—ભાવનગર. )

**સ્તવનોઃ**—જબ લગે સમક્ત રત્નકું પાયા નહિ.
સમક્તદ્વાર ગભારે પેસતાજી
દોડતો દોડતો પંથ કપાયતો
તારહો તાર પ્રભુ મુજ સેવક ભણી
જાત્રા નવાણું કરીએ વિમલગિરિ.
પ્રભુ પાસજી પ્રગટ પ્રભાવી.

} અથવા સમકિતના ૬૭ બોલની સઝાય સમજણ સાથે.

---

* નોટ:—જીવવિચાર, નવ તત્વના વિદ્યાર્થીએ ગાથાઓ કંઠે કરીને ભાવાર્થ કરવો પડશે.

÷ પરીક્ષક ગાથા પુછશે નહિ પરંતુ તેમાંના પારિભાષિક શબ્દોની વ્યાખ્યા વિગેરે પુછશે.

### ધોરણ ૪ થું.

**આગમ સાર** ( દેવચંદજીનું—પ્રકરણ રત્નાકરમાંથી )

**ગુણસ્થાન ક્રમ.** ( જૈન તત્વાદર્શ પરિચ્છેદ છઠ્ઠો. )

અથવા અનોપચંદ મલુકચંદના પ્રશ્નોત્તર રત્ન ચિંતામણી પ્રશ્ન ૫૨ થી ૫૪ જેમાં આ હકીકત આવી જાય છે.

**શિલોપદેશમાળા**—(જૈન વિદ્યાશાળા વાળી. )

**માને શીખામણ.** (કર્ત્તા ડા. ત્રિભોવનદાસ મોતીચંદ. )

### ધોરણ ૫ મું.

નીચેના પાંચ વિભાગમાંથી ગમે તે એક.

अ. **તત્વાર્થ સુત્ર** ( રાજ્યચંદ્ર ગ્રંથમાળામાંથી ),

**આનંદઘનજીની ચોવીશી** (પ્રથમના ૧૯ સ્તવનો-શ્રાવક ભીમશી માણેક વાળું બાળબોધ સમજણ સાથે. ] અથવા

ब. **ચાર કર્મ ગ્રંથ** (પ્રકરણ રત્નાકર ભાગ ૪ થો), ઉપમિતિ ભવપ્રપંચ સંક્ષિપ્ત. ( ભીમશી માણેક) અથવા

क. **જ્ઞાનાર્ણવ** અને **આઠ દૃષ્ટિની સજાય** અથવા

ड. **યોગબિંદુ, આઠ દૃષ્ટિની સજાય, દેવચંદજી ચોવીશી.** અથવા

इ. **ઉપદેશ પ્રાસાદ ભાગ ૨ થી ૫.**

૩ મજકુર પરીક્ષા લીધા પછી આશરે દોઢ મહીને ઇનામ મેળવનાર તથા પાસ થનાર ઉમેદવારોનું લીસ્ટ શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ તરફથી જાહેર પત્રદ્વારા બહાર પાડવામાં આવશે.

૪ આ પરીક્ષામાં ઉંચે નંબરે આવનાર ઉમેદવારોને તેની લાયકાત પ્રમાણે નીચે મુજબ **બાઇ રતન-શેઠ ઉત્તમચંદ કેશરીચંદના પત્નિ સ્રી જૈન ધાર્મિક હરીફાઇની પરીક્ષાના ઇનામો** મજકુર પરીક્ષા પછી આશરે બે મહીને આપવામાં આવશે.

**પ્રથમ બાળ ધોરણ—આઠ ઇનામો રૂ. ૫૦ ) નાં.**

| | |
|---|---|
| ૧ લું ઇનામ રૂ. ૧૫ | ૫ મું ઇનામ રૂ. ૫ |
| ૨ જું ,, ,, ૮ | ૬ ઠું ,, ,, ૪ |
| ૩ ,, ,, ,, ૭ | ૭ મું ,, ,, ૩ |
| ૪ થું ,, ,, ૬ | ૮ ,, ,, ,, ૨ |

**બીજું બાળ ધોરણ—સાત ઇનામો રૂ. ૩૮ ) નાં.**

| | |
|---|---|
| ૧ લું ઇનામ રૂ. ૧૫ | ૫ મું ઇનામ રૂ. ૩ |
| ૨ જું ,, ,, ૭ | ૬ ઠું ,, ,, ૨ |
| ૩ ,, ,, ,, ૫ | ૭ મું ,, ,, ૨ |
| ૪ થું ,, ,, ૪ | |

**વર્ગ ૧ લો—દશ ઇનામો રૂ. ૯૨ ) નાં**

| | |
|---|---|
| ૧ લું ઇનામ રૂ. ૨૧ | ૬ ઠું ઇનામ રૂ. ૭ |
| ૨ જું ,, ,, ૧૭ | ૭ મું ,, ,, ૫ |
| ૩ ,, ,, ,, ૧૫ | ૮ ,, ,, ,, ૩ |

| | |
|---|---|
| ૪ થું ,, ,, ૧૧ | ૯ ,, ,, ,, ૨ |
| ૫ મું ,, ,, ૯ | ૧૦ ,, ,, ,, ૨ |

**વર્ગ ૨ જો—ચાર ઇનામો રૂ. ) ૮૩ નાં**

| | |
|---|---|
| ૧ લું ઇનામ રૂ. ૩૧ | ૩ જું ઈનામ રૂ. ૧૭ |
| ૨ જું ,, ,, ૨૫ | ૪ થું ,, ,, ૧૦ |

**વર્ગ ૩ જો—ત્રણ ઇનામો રૂ. ૫૦ ) નાં**

| | |
|---|---|
| ૧ લું ઈનામ રૂ. ૨૫ | ૩ જું ઇનામ રૂ. ૧૦ |
| ૨ જું ,, ,, ૧૫ | |

**વર્ગ ૪ થો—ત્રણ ઇનામો રૂ. ૫૦ ) નાં**

| | |
|---|---|
| ૧ લું ઇનામ રૂ. ૨૫ | ૩ જું ઇનામ રૂ. ૧૦ |
| ૨ જું ,, ,, ૧૫ | |

**વર્ગ ૫ મો—પાંચ ઇનામો રૂ. ૧૦૦ ) નાં**
**પાંચ વિભાગમાંના દરેક વિભાગમાં રૂ. ૨૦)**

**૫ પ્રકીર્ણ સુચના.**

૧ પ્રથમના બે ધોરણમાં સવાલો બહુ સાદા પુછવામાં આવશે અને પરીક્ષકો નરમ રહે તેવી સૂચના કરવામાં આવશે.

૨ સર્વ સવાલપત્રકોના સંબંધમાં અઘરા સવાલો ન પૂછાય તે માટે મોડરેટરોની નિમણુંક બોર્ડ કરશે.

૩ કોઇપણ વિદ્યાર્થી એકી વખતે એકજ ધોરણમાં પરીક્ષા આપી શકશે, પણ તેમાં નિષ્ફળ થશે તો તે ધોરણમાં તે બીજે વરસે બેસી શકશે. પાંચમાં ધોરણમાં એકથી વધારે વિષય છે તેથી દરેકમાં જુદે જુદે વરસે પરીક્ષા આપી શકશે, અને પાસ થનારને લાયકાત પ્રમાણે ઇનામ તથા પ્રમાણપત્ર મલશે.

૪ એક તૃતિયાંશ માર્ક મેળવનારનેજ પાસ થયેલ ગણવામાં આવશે પણ ઇનામને લાયક થવા માટે ઓછામાં ઓછા પચાસ ટકા માર્ક મેળવવા જોઇએ.

૫ પાંચમા ધોરણમાં હાલ તુરત ઈનામ નાનાં દેખાય છે પણ જે વિભાગમાં બેસનાર નહી હોય તેના ઇનામો અન્ય વિભાગમાંના ઇનામની રકમ અથવા સંખ્યા વધારવા માટે ઉપયોગમાં લેવામાં આવશે.

૬ આ પરીક્ષામાં બેસનાર ઉમેદવારે તા ૩૧-૧૧-૧૯૧૩ સુધીમાં પોતાનું નામ, ઠેકાણું ગામ, ઉમર, જન્મ, તારીખ, જન્મભૂમિ, કયા ધોરણમાં કયા પેટા વિભાગમાં, કયે સ્થળે પરીક્ષા આપવી છે તેમજ તેણીની વ્યાવહારીક કેળવણી કેટલી તેની વિગત નીચેના શીરનામે ચોખ્ખા અક્ષરે લખી મોકલવી.

પાયધુની-પોષ્ટ નં. ૩
**મુંબઈ.**

**મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.**
**મોહનલાલ દલીચંદ દેશાઇ.**
ઓનરરી સેક્રેટરીઓ.
શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ

॥ ॐ ॥

॥ नमस्ते परमपूज्याय ॥

# " जैनाचार्य-श्रीमद्विजयानन्द, सूरि "

आज मैं अपनी लेखनीको सार्थक करने के लिये पाठकोंको उन्नीसवी शताब्दिके स्वर्गीय जैन महर्षिका पवित्र जीवनचरित्र समर्पित करता हूं. यह मेरी प्राथमिक लेखनी है आशा है कि, पाठक महोदय सादर निरीक्षण कर मेरे इस परिश्रमको सफल करेंगे !

आप उन महात्माओंकी श्रेणीमें सादर स्मरणीय हैं जिन्होंनें ध्यानावस्थित हो उपनिषदोंकी कठिन समस्यायोंकी विकट ग्रंथिको खोल उनपर अनुपम व्याख्यानोंका उल्लेख कर पवित्र भारत भूमिमें योग बल प्रभावसे आत्मज्ञानकी पियूषधाराको श्रोतःको प्रवाहित कियाहै ! आप जैनधर्मके महत्त्वका एक केंद्रस्थान थे ! आपका जीवन साधुताका सच्चा आदर्श था ! जैनधर्मानुरागियोंके सिवाय अन्य भद्र पुरुषोंके भी आप श्रध्धास्पद और परम पूजनीय थे ! आपके उच्चभावोंकी घोषणा हिन्दुस्थानके अतिरिक्त विलायतमेंभी गूंज उठीथी ! आपका निर्मल यशःश्रोत भारतवर्षकी पवित्र भूमिमें बडेही आनन्दसे वह रहाहै। जैन शास्त्रों के जैसे आप पारदृश्वा थे वैसेही आप वेद, वेदांग, दर्शनादि शास्त्रोंसे पूर्ण परिचितथे ! आपका उपदेश जैसे सत्य और सारगर्भित था वैसेही आपका चरित्र भी निर्मल और निष्कलंकथा ! परोपकारी महात्माओंकी श्रेणीमें आप प्रथम स्मरणीयहैं ! आपके सदुपदेशसे धर्मपतित सहस्रशः स्त्री पुरुषोंका उध्धार हुआ है ! आपकी मधुर वक्तृताके प्रभाव कुछ अनुठाही था ! आपके उपदेशरूप पियूषधारामें जिसे एकदफा भी स्नान करनेका सौभाग्य प्राप्त हुआहो, उसे अनुभव होगाकि, इस धारामें स्नान करनेसे मनके मलिन भाव किसतरह दूर होजातेथे ! अंतःकरण कैसे नवजात अमंद सुगंधयुक्त पुष्पकी तरह खिल जाताथा ! हृदयकी कुटिलग्रंथि किसतरह खुल जातीथी ! कुटिलता और नीचताके पर्वत कैसे चूर चूर हो जातेथे ! श्रावण भादोंकी वर्षाके अनंतर वृक्ष, जैसे हरि हरि नवीन कोंपलें धारण किये हुए एक अनोखी मनमोहिनी छटा दिखाई देता हैं, ऐसे ही आपके उपदेशरूप अमृतधारामें स्नानकर श्रोताओंकी आंतरिक दशा-स्वच्छ, कोमल और रसमयी हो जातीथी ! उपदेशामृतसे सेचन कियाहुआ हृदय कमल प्रफुल्लित हो उठताथा ! चित्त भूमिमें शुद्ध भावोंके पौदे उगने बढ़ने और फलने

लग जातेथे ! (सत्यहै वो वक्तृता ही क्या? जिसने हृदयकी धुनको और मनके लक्ष्यको ही न बदल दिया ! )

आप विद्वानोंके असीम प्रेमी थे ! जैन ग्रंथोंका आपके हाथसे बहुत उद्धार हुआ है ! आपके मानसिक भाव अनुपम सीमातक बढ़े हुयेथे ! आपकी ओजस्विनी और प्रभावशालिनी लेखनीकी प्रशंसाके लिये असाधारण शब्दोंकी आवश्यकता है ! आपने अपने प्रशस्त जीवनमें बहुतसे ग्रंथ लिखेहैं, जिन में—" जैनतत्त्वादर्श " " अज्ञान-तिमिरभास्कर " " जैनप्रश्नोत्तर " " तत्त्वनिर्णयप्रसाद " " चिकागोप्रश्नोत्तर " " जैनमतवृक्ष " " सम्यक्त्वशल्योद्धार " " जैनमतस्वरूप "—येह अवश्य ही देखने योग्य है !

आपके जीवनके प्रत्येक विभागमें परोपकारता कूट कूट कर भरी हुईथी ! अन्य-देशोंकी अपेक्षासे पंजाबदेशमें आपका उपकार अधिक हुआ है. पंजाब प्रांतके लियेतो जैन-धर्मके जन्मदाता भी आपको कहें तो कोई अत्युक्ति नहीं ! वर्त्तमान समयके समस्त साधु-मंडलमेंसे संसारके यावत् पदार्थोंको तुच्छ समझ परोपकार बुद्धिसे निरंतर भ्रमणकर धर्म उपदेश देनेवाले यदि थे तो आप एक थे ! ( पाठक महोदय ! यह तो अच्छी तरह जानते होंगे कि, जैन साधु पैसा पास न रखनके सिवाय कोई सवारी भी नहीं करते. ) आपकी चिरस्थायिनी कीर्तिके स्मारक पंजाब देशमें पचासों ही जैन मंदिर हैं, इसके अतिरिक्त दो भुवन, दो सभायें, दो पुस्तकालय और दो फंडभी आपके स्मरणमें स्थापित किये गयेहैं; जिनके नाम येह हैं. आत्मानंद भुवन–गुजरांवाला ( पंजाब )–यहएक विशाल मंदिरहै, इसका चित्र देखने योग्यहै. इसमें आपकी चरणपादुका स्थापित की हुई है, दूसरा भावनगर (काठियावाड) में है. इसकानाम भी वही है, इसका चित्र प्रासादका है. यहांसे" आत्मानंद प्रकाश" इस नामका मासिक पत्र भी गुजरातीमें निकलताहै. इसके सिवाय" आत्मानंद जैन ग्रंथमाला भी"यहांसे प्रकाशित होती है, श्रीआत्मानंद जैन सभा पंजाब " श्रीआत्मानंद जैन सभा भावनगर " यह सभायें भी अपना काम अच्छा कर रहीं हैं. " श्रीआत्मानंद जैन पुस्तकालय–होशियारपूर " " श्री आत्मानंद जैन लायब्रेरी—अमृतसर" अमृतसरकी लायब्रेरीको स्थापित हुए अभी थोडाही समय हुआहै परंतु इसके प्रचारकोंका उद्योग प्रशंसनीयहै." आत्मानंद पुस्तक प्रचार फंड-देहली" और" आत्मवल्लभ केलवणी फंड-" पालनपुर--( गुजरात )–इसफंडमें इस समय पचीस हजार रुपया है, जोकि अनाथ छात्रोंकी सहायतामें व्यय किया जाता है. इसके संचालक प्रतिदिन इसकी उन्नतिकी ही धुनमें मग्न हैं. सिवा इसके " आत्मानंद जैन पाठशाला " इस नामकी छोटी बडी कई पाठशालायें भी स्थापित की हुई देखनेमें आती हैं. जिनमें धार्मिक शिक्षाके अतिरिक्त व्यावहारिक शिक्षाभी दी जाती है.

जैन धर्मके प्रसिद्ध तीर्थ "सिद्धाचल" ( पालीताना–काठियावाड ) में आपकी पाषाणमयी प्रतिमा भी स्थापित है. यहां पर प्रतिवर्ष आपकी स्वर्गवास तिथिके दिन उत्सवभी बडे समारोहसे होता है, जोकि "श्रीआत्मानंद जयंती" के नामसे प्रसिद्ध है. यह उत्सव अन्यान्य स्थानोंमे भी प्रतिवर्ष होता है. होशियारपुर (पंजाब) में आपकी भव्य मूर्ति मूर्तिपूजाके वास्तविक रहस्यको बतला रहि है! एवं बडौदा, जयपुर, अंबाला, लुधीआना प्रभृति बहुतसे शहारोंमें आपकी मूर्ति व चरणपादुका स्थापित हैं.

भारत भूमिको शोभाशून्य किये आपको सोलह वर्ष हो चुके है. आप जातिके ब्रह्मक्षत्रिय थे. जन्मभूमि आपकी पंजाब जिला फिरोजपूर ग्राम लेहरा में थी.

## जन्म और नामकरण

आपका जन्म विक्रम संवत् १८९३ चैत्र शुक्ल प्रतिपद गुरुवारको हुआ था. शास्त्रानुसार संस्कार होने पर आपका नाम "आत्माराम" रखा गया.

## बाल्यकाल

जन्म समयसेही अन्य बालकोंसे आपका सौंदर्य निरालाथा. आपके मुखपर दक्षिण भागमें रक्तिमापूरित एक लशुनका चिन्ह था. उसकी शोभा भी सौन्दर्यके लिये सुवर्णमें पद्मराग मणिका काम देती थी! आपके जन्म ग्रहोंको विचार कर एक ज्योतिषीने आपके पितासे कहाथाकि, ( यह बालक यातो किसी योग्य राज्यासनको विभूषित करनेवाला होगां या निखिल जगमान्य होगा! ( निदान यहबात वास्तविकमें सत्य ही निकली. ) आपके भावि विचार साम्राज्यका परिचय शिशुचर्याकेही कईएक उदाहरणोंमें दे दियाथा! ऐसा श्रवण करनेमें आया है.

आपके पिता एक साधारण स्थितिके मनुष्योंमें से थे! कुछ पठितभी नहीं थे! नाही उस समय इसप्रांतमें कोई योग्य पाठशाला थीं! इसलिये बालक्रीडामेंही दशवर्ष आपने व्यतीत किये! एक योग्य मित्रके सदुपदेशसे पिताने हिन्दी भाषाकी शिक्षाके लिये आपको एक ग्रामीण पंडितके सपूर्द किया-इसके पाससे हिन्दीभाषाके लिखने व पढ़नेका ज्ञान आपने शीघ्रही प्राप्त करलिया.

## पिताका देहान्त

शिक्षाकी प्रारंभिक दशामें ही पिताका आपसे सदैवके लिये वियोग होगया! पिताकी मृत्यु इस वक्त आपको नितांत शोकजनक हुई!–सत्य है! पिताका जीवन किसको प्यारा नहीं?

संसारके गृहस्थ मात्रके संबंधोंमें पितापुत्रका संबंध दिव्य प्रेमसे भरा हुआहै ! पिताका हृदय पुत्रके लिये कुछ ईश्वरीय हृदयसे कम नहीं होता?—( लेखक ). पिताके परलोकगमनके बाद उनके मित्र जीरानिवासी जोधामल—जोकि जातिके वैश्य थे—आपको अपने ग्राममें ले आए. इसवक्त आपकी आयु चउदह वर्षकी थी.

## वैराग्यका प्रादुर्भाव.

पिताका देहान्त होने बाद आपके मानसिक विचारोंमें बहुत कुछ परिवर्तन हो गया, पौद्गलिक पदार्थोंसे आपकी वृत्ति वहुत संकुचित होने लगी, प्राकृत पदार्थोंकी यथार्थ स्थितिपर आप बहुत कुछ विचार करने लगे, प्रकृतिके वंचनशील मनोहर दृश्योंपर दृष्टिपात करतेहुए आप यूं कहा करते थे—

"ऐ गुल न फुल रंगपै अपनी खिजांसे डर--दुनियाके सबज़ बागमें बूए बफा नहीं"

ऐ मन ! यह क्षण परिवर्त्तनशील दृश्य तेरी वंचना हीके लिये है ! इनमें आसक्त न होकर हृदयकंदरामें विराजमान आत्मतत्त्वकाही अन्वेषण करना तुझे उचित है. ! वैराग्यके पवित्र स्रोतमें वहते हुए आपके मुखसे किसी समय ऐसे उद्गार निकला करते थे—

"कमर बांधे हुए चलनेको हम सब यार बैठे हैं-बहुत आगे गये बाकी जो है तैयार बैठे है."

ऐ जीव ! जिन पदार्थोंसे तैनें इतना घनिष्ट संबंध बढ़ाया है एक दिन आवेगा जब सबके सब तेरेसे किनारा कर जावेंगे ! तूं आज जिनके दु:खसे दु:खी और सुखसे सुखी अपनेको मान रहा है वे कल तुझे क्षणभरके लियेभी स्थान देनेमें संकोच करेंगे ! इस लिये उचित है कि, इनके छोड़नेसे प्रथमही तूं इनसे किनारा करै ! इसीमें तेरा श्रेय: है ! इसी आंदोलनमें लगे आपको दो वर्ष गुजरगये परंतु किसी योग्य व्यक्तिसे समागम नहीं हुआ !

## ढुंढ़क मतकी दीक्षा.

जीरानिवासी ओसवाल वैश्योंसे ( जोकि उसवक्त ढुंढ़क पंथके अनुयायी थे ) संबंध होनेके कारण ढुंढ़क मतके साधुओंसे परिचय हो गया * इनके संबंधसे आप ढुंढ़कमतकेही प्रेमी हो गये.

* पंजाबमें उसवक्त सबके सब ढुंढ़क पंथके हो प्रेमी बन हुए थे. ढुंढ़क मतके साधु ओंका जीरा गाममें विशेष कर आना जाना होता था. ढुंढ़क पंथ जैन धर्मयेंसे निकला हुआ एक जुदा फिरका है ! इसको निकले हुए अनुमान दो अढाई सौ वर्ष हुए हैं.

आपके गुरुका नाम जीवनराम था, साधु होनेपर भी आप पूर्व नामसे ही प्रसिद्ध रहे.

इस समय आपकी अवस्था सतरह वर्षकी थी. आपकी प्रतिभाका प्रभाव कुछ अलौकिकही था! दिनभरमें आप दो अढ़ाईसौ श्लोक याद कर जाते थे! [ ढुंढक मतके माने हुए बत्तीस सूत्रोंको कंठ कर लिया, और इनके अर्थभी इन लोगोंके कहे मुताबिक समझ लिये! ऐसा कोइभी ढुंढक मतका रहस्य अवशिष्ट नहीं रहा, जिसका आपको ज्ञान नहीं था. आप इसवक्त बीस वर्षके थे. पाठकोंको यह भी स्मरण रहे कि, इतने समयमें आपने देशाटनभी बहुत किया; कइ एक पुरुषोंसे धर्मसंबंधी विचारका, योग्य पुरुषोंसे मिलापका और जैनधर्मके वास्तविक चित्रदर्शनकाभी अनुभव आपको हुआ.

## ढुंढकमतसे उपरामता.

ढुंढक मतके निखिल रहस्यको समझकर आपकी हृदयस्थलिमें बहुतसे संदेहांकुर उत्पन्न होने लगे.

## शास्त्राभ्यास.

कुछ समयके बाद एक सुयोग्य व्यक्तिसे आपकी भेट हुई. इसके सदुपदेशसे रोपड़ निवासी पंडित श्री सदानंदजीसे और मालेर कोटला निवासी श्रीमान् पंडित अनंतरामजीसे आपने व्याकरण और साहित्यका अध्ययन किया. इसके अनंतर पट्टी निवासी पंडित श्री आत्मारामजी के पास आपने न्याय, सांख्य, वेदांत आदि दर्शन ग्रंथ पढ़े. इससमय शास्त्रीय योग्यताकी त्रुटि आपमें नहीं रहीथी. शास्त्रपारगामी होनेके बाद जब आप पूर्वपठित मतके रहस्यपर विचार करने लगे तबतो कुछ और ही रंग नजर आने लगा! सत्य अर्थोंको आपके प्रशस्त हृदयमें सदैवके लिये स्थान मिलने लगा. किसीने क्याही सत्य कहा है—व्याकरणेन विना ह्यन्धा—व्याकरणके विना मनुष्य अंधा है जिधर इच्छा हो ले जाओ. आप जैन ग्रंथोंका विशेष रूपसे अवलोकन करने लगे. थोडे ही समयमें जैन ग्रंथोंके ज्ञानमें आपने अपूर्वकी सफलता प्राप्तकी! आपकी लोकोत्तर प्रतिभाकी प्रशंसा करनी सूर्यको अंगुलीसे दिखानाहै! जैन धर्मके स्याद्वादमंजरी, रत्नाकरावतारिका, वादार्णव ( सम्मातितर्क ), शद्वांभोनिधि गंधहस्तिमहाभाष्य (विशेषावश्यक) प्रभृति ग्रंथोंको आप बडी योग्यता पुरस्सर पढाया करतेथे.

## ढुंढक मतका त्याग.

शास्त्रविचारद्वारा जैन धर्मके वास्तविक तत्वके हृदयगत होते ही ढुंढक मतका त्याग किया.

यद्यपि प्रारंभमें आपको बहुतसे कष्ट उठाने पड़े ! कदाग्रही साधु वा गृहस्थोंने आपसे बहुत द्वेष बढाया ! तथापि आप निर्भयथे! " सत्येनास्ति भयं क्वचित् इस नादकी गर्जना आपके हृदयमें प्रतिक्षण हुआ करतिथी ! आपका यह अटल विश्वास था कि, यदि मैं सच्चाई पर हूं तो संसारमें ऐसी कोई शक्ति नहीं जो मेरा सामना करे ! चाहे संसार भरकी विपात्तियें मेरे ऊपर अघिरें परंतु सत्यधर्मका डंका बजाये विना न रहूंगा ! किसीने क्याही विचित्र कहाहै!

**" सदाकतके लियेगरजान जाती है तो जानेदो !**

**मुसीबत पर मुसीबत भी अगर आती तो आनेदो "!**

इसतरह निर्भय होकर स्थान स्थान में जैन धर्मका प्रचारकर शतशः स्त्री मनुष्यको सीधे रस्ते पर लाते हुए पंजाब प्रांतसे पंदरा साधुओंको साथ लेकर अर्बुदाचल ( आबू ) ओर सिध्धाचल तीर्थकी यात्रा कर विक्रमाब्द १९३२ में आप अहमदावाद पधारे. पाठकोंको यह भी ख्याल रहेकि, अभीतक वेषआपका ढुढक मतका ही था ! केवल मुखपत्ती उतार दी थी ! यहांपर मुनिराज श्रीबुध्धिविजयजी * के पास सनातन जैन धर्म की दीक्षा गृहणकर आपने ढुंढक मतके वेषको त्याग दिया ! बाकीके पंदरह साधु आपके ही शिष्य हुए. इस समय आपकी आयु ३९ वर्षकी थी. दीक्षाके समय आपका नाम आनंदविजय रक्खागया. परंतु आप प्रसिद्ध प्रायः आत्मारामजीके नामसे ही रहे !

अहमदावादसे प्रयाणकर गुजरात देशके प्रसिद्ध २ शहरों ओर नगरोंमें निर्भय होकर जैनधर्मकी विजयपताकाको फिराते हुए पुनः सिद्धाचल, गिरनार, तारंगा, अर्बुदाचल, पंचतीर्थी राणकपुर आदि पवित्र तीर्थोंकी यात्रा करते हुए आप जोधपुर ( मारवाड़ ) में पहुंचे. यहां पर बहुतसे ढुंढक साधुओंका दल जमा था. ऐसी किंवदंती भी थी कि, यह लोग शास्त्रार्थ करेंगे, परंतु आपके आनेसे एक दिन प्रथम ही सबके सब चल दिये ! लोगोंकी विशेष प्रार्थना और धर्मोपदेशकी नितांत आवश्यकताको समझकर चतुर्मास आपने जोधपुरमें ही किया. यहांपर आपके सत्यगर्भित हितकर उपदेशरूप सुधावृष्टिसे सूखा हुआ जैनधर्मका स्रोत फिरसे प्रवाहित होने लगा. चतुर्मा-

---

* यह महात्मा भी प्रथम ढुढक मतमें हीथे. आपका नाम बूटेराय था. आपकी जन्मभूमि भी पंजाब ही थी. आपने भी ढुढक मतको त्याग अहमदावादमें ही जैन धर्मकी दीक्षाको ग्रहण कियाथा. आपके पूज्यगुरु मणिविजयजीके नामसे प्रसिध्ध थे. दीक्षित होने पर आपका नाम " बुध्धिविजय " रक्खा गया था। परंतु प्रसिध्ध आप पूर्व नामसे ही रहे.

सके अनंतर वहांसे गमनकर मार्गके श्रमको सहन करते हुए आप फिर पंजाबमें पधारे. पंजाब प्रांतमें आपने स्थान २ में शहर २ में नगरमें फिरकर बड़े उच्च स्वरसे जैन धर्मको ढंडोरा देकर इसकी विजयपताकाको स्थिर किया. पाठकोंको यह बात अवश्य ध्यानसें रहे कि, आपकी इस धर्मयात्रामें मतांतरीय विद्वानोंसे शास्त्रार्थ करनेका भी सौभाग्य आपको बहुतसे स्थानोंमें प्राप्त हुआ था ! लेखवृद्धिके भयसे उन सबका उल्लेख न करता हुआ केवल इतना कहनाही संतोषकर मानताहूं कि, यदि आप थोडा समय और इस धरातलपर रहते तो, संभव था कि, पंडित धनपाल, शोभनमुनि, हरिभद्रसूरि आदिकी तरह बड़े बड़े धुरंधर विद्वान् भी जैन धर्मका ढंडोरा देते !

पंजाब देशमें आज जितनी सख्यामें जैन मंदिर दृष्टिगोचर हो रहे हैं यह सब आपके ही उपदेशका फल है. एवं लुप्तप्राय: जैन धर्मको फिरसे उत्तेजित कर पंजाब देशसे विदा हो अन्यान्य देशोंमें धर्मोपदेश देते हुए आप विक्रमाब्द १९४३ में पुन: सिद्धाचल ( पालीताना ) में आए. बहुतसे मनुष्योंकी प्रार्थनासे चतुर्मास आपने यहांहि किया. चतुर्मासकी समाप्तिपर तीर्थयात्रा और आपके अमूल्य दर्शन करनेके लिये-गुजरात, काठियावाड, कच्छ, मारवाड, मेवाड, मालवा, मध्यप्रांत, दक्षिण, पूर्व और पंजाब प्रभृति सर्व देशोंके मुख्य मुख्य शहरोंसे अनुमान तास पयतीस हजार स्त्रीमनुष्य आये हुए थे.

इस समय आपके शुद्ध चारित्र, अद्भुत प्रतिभा प्रभाव एवं धर्म वीरताका सादर अनुमोदनकर बडे उत्साह और आनंदसे सबने मिलकर आपको सूरीश्वर अर्थात् जैनाचार्यकी पदवीसे विभूषित किया ! तबसे आप "न्यायांभोनिधि जैनाचार्य श्रीमद्विजयानंद सूरि" इस नामसे सन्मानित होने लगे.

विक्रम संवत् १९४५ के चतुर्मासमें जब आप "मेहसाणा" ( गुजरात ) में थे तब कलकत्ताकी रॉयल एसियाटिक सोसायटीके ऑनररी सॅक्रेटरी डॉक्टर ए. एफ. रुडॉल्फ हॉरनल साहिबने अहमदाबाद निवासी शाह मगनलाल दलपतरामके द्वारा आपको एक पत्र लिखाथा. जिसमें जैनधर्मसंबंधी बहुतसे प्रश्न आपसे पूछे गये. जिन प्रश्नोंका उत्तर आपने बडीही योग्यतासे दिया था. ( वह प्रश्न और उत्तर भावनगरसे प्रकाशित होनेवाले "जैनधर्मप्रकाश"में छप चुके हैं. ) प्रश्नोंका उत्तर मिलनेपर उक्त गौरांग महाशयने जो पत्र शाह–मगनलाल दलपतरामके नाम लिखाथा वो ज्यूं का त्यूं नीचे प्रकाशित किया जाता है.

Calcutta 14th September 1888.

My Dear Sir

I am very much obliged to you for your kind letter of the 4th instant. also to Muni Atmaramji for his very full replies. Please convey to the latter the expression of my thanks for the great trouble he has taken to reply so promptly and so fully to my questions. His answers are very satisfactory; and I shall refer to them in my forthcoming......, and express publicly my obligations to the Muni for his kindness.

[ उक्तपत्रका हिंदीमें अनुवाद ] मैं आपके चार तारीखके कृपापत्रका और मुनि श्री आत्मारामजीके संपूर्ण उत्तरोंका बहूत ही कृतज्ञ हूं. मुनिजीने मेरे प्रश्नोंके उत्तर इतनी जलदी और विस्तारपूर्वक देनेमें जो परिश्रम उठाया है उसका धन्यवाद कृपया उनसे निवेदन करें. और मुनिजीकी बाबत मैं अग्रिम..................में निवेदन करूंगा. और मुनिजीकी कृपाका धन्यवाद सर्व साधारणमें प्रगट करूंगा उक्त महाशय (मी.हॉरनल साहिब) ही "उपासक दशांग" नामक जैन पुस्तकके उपोद्घातमें लिखते हैं कि–In a third Appendix ( No III ) I have put together some additional information, that I have been able to gather since publishing the several fascicali. For some of this information I am indebeted to Muni Maharaj Atmaramji Anandvijyaji the well known and highly respected Sadhu of the Jain Comminity throughout India, and author of ( among others ) two very useful works in Hindi. The Jain Tatvdarsha mentioned in note 276 and the Agnana Timira Bhaskar. I was placed in communication with him through the kindness of Mr. Maganlal Dalpatram. My only regret is that I had not the advantage of his invaluable assistance from the beginning of my work. कई प्रकारकी सूचनायें जो मैं कई हिस्सोंके छपनेके समयसे जमा कर शका हूं तीसरी परिशिष्टमें मैंनें संकलित ( दर्ज ) की हैं. इनमेंसे कितनीक सूचनाओंके लिये मैं मुनि महाराज श्री आत्मारामजी–आनंदविजयका आभारी हूं! जो हिंदुस्तानभरमें जैन समुदायके विख्यात और परम पूजनीय साधु हैं! और जो अन्य पुस्तकोंके अतिरिक्त हिंदुस्तानी भाषाकी दो बहुत उपयोगी पुस्तकों–जैनतत्त्वादर्श ( जिसका वर्णन २७६ के नोटमें है. ) और अज्ञानतिमिर भास्करके कर्त्ता हैं. इनसे पत्र व्यवहार मिस्टर-मगनलाल दलपतरामकी कृपासे हुआथा. मुझे शोक केवल इतनाही हैं कि, मैं उनकी अमूल्य सहायताका लाभ अपनी रचनाके प्रारंभसेही नहीं उठा सका !

यह महाशय संस्कृतके भी योग्य विद्वान् हैं. इन्होंने इसी पुस्तकके टाइटल पेज पर आपके विषयमें संस्कृतमें जो श्लोक लिखे हैं वह क्रमशः नीचे प्रकाशित किये जाते हैं.—

दुराग्रहध्वान्तविभेदभानो ! हितोपदेशामृतासिन्धु चित्त ! ।  
सन्देहसन्दोहनिरासकारिन् ! जिनोक्त धर्मस्य धुरंन्धरो सि ॥ १ ॥  
अज्ञानतिमिरभास्कर- मज्ञाननिवृत्तये सह्रदयानाम् ।  
आर्हत्ततत्त्वादर्शं ग्रन्थमपरमपि भवानकृत् ॥ २ ॥

आनन्दविजय ! श्रीम-न्नात्माराम ! महामुने ! ।
मदीयनिखिलप्रश्न-व्याख्यातः ! शास्त्रपारग ! ॥ ३ ॥
कृतज्ञताचिन्हमिदं ग्रन्थसंस्करणं कृतिन् ! ।
यत्नसम्पादितं तुभ्यं श्रद्धयोत्सृज्यते मया ॥ ४ ॥

एवं दूसरी दफा गुजरात, काठियावाड, मालवा, मेवाड, मारवाड, मध्यप्रदेश, राजपुताना, पंजाब प्रभृति अनेक देशोंमें विचर जैन धर्मकी तार घोषणा करते हुए-विक्रम संवत् १९५० को आप अमृतसरमें पधारे. यहांपर मुंबईकी "दी-जैन एसोसिएसन ऑफ इंडिया" के द्वारा आपको चिकागो (अमेरिका) का पत्र मिला जिसमें इसवी सन १९९३ में होनेवाली सर्व धर्मगुरुओंकी पार्लिमेंट (परिषद्) में उपस्थित होनेके लिये आपसे प्रार्थना की गईथी. परन्तु समुद्र यानके विना उपायांतर नहीं होनेके कारण आपने जानेके लिये सर्वथा अनिच्छा प्रकट की. वहांसे द्वितीय पत्रके आनेपर उनके लेखानुसार अपने दो फोटु और संक्षिप्त जीवनचरित्र एवं एक निबंध लिखकर भेज दिया. (यह निबंध चिकागो प्रश्नोत्तर इस नामसे लाहोरमें छपा है.)

दी वर्लड्स पार्लिमेन्ट ऑफ रिलिजन्स (The worlds Parliament of Religions) नामकी पुस्तकके २१ पृष्ठमें आपका फोटु देकर लिखा है कि—No man has so peculiarly identified himself with the interests of the Jain Commnity as Muni Atmaramji. He is one of the noble band sworn from the day of initiation to the end of life to work day night for the high mission they have undertaken. He is the high priest of the Jain Community and is recognised as the highest living authority on Jain Reli gion and literature by Orintal Scholars जैसी योग्यतासे मुनिश्री आत्मारामजीने अपने आपको जैन धर्मके हितमें अनुरक्त किया है ऐसे किसी महात्माने नहीं किया! संयम (मुनिव्रत) ग्रहणके दिनसे लेकर जीवन पर्यंत जिन प्रशस्त महाशयोंने रात्रि दिवा सहोद्योगी रहनेका नियम कियाहै उनमेंसे आप एक हैं. जैन समाजके आप परम आचार्य हैं. एवं प्राच्य विद्वानोंने जैन धर्म तथा जैन साहित्यमें आपको सर्वोत्तम प्रमाण माना है।

अमृतसरमें कुछादिन निवास कर आप जंडियालामें आए. इन लोगोंके शुभ पुण्यके उदयसे चतुर्मास आपका यहां परही हुआ. चतुर्मासके अनन्तर शहर २ ग्राम २ में निरंतर भ्रमण कर दो वर्षतक आपने पंजाब देशके ही सौभाग्यको बढाया!

आपकी धर्मयात्राके विषयमें विशेष कुछ न कहकर इतनाही कहदेना पाठकोंके लिये सन्तोषकर होगाकि, विस हजार स्त्रीमनुष्योंको धर्म पथपर चलानेके

सिवाय बहुतसे ढुंढक साधुओंको भी आपने जैन धर्मकी प्रशस्त नौकाका कर्णधार बनाया!

सत्यही आपके उपदेशका प्रभाव कुछ अलौकिक था! इसकी कृपासे वर्षोंसे लगे हुए हृदय मंदिरोंके विकट ताले खुलगये, कपाटोंकी प्रौढ़ सांकलें समूलोन्मूलित होकर गिरपडी, जैन धर्मकी असली सूरत नजर आनेलगी, इसके बदनकी झुरडियां दूर होगईं चेहरेपर आसमानी नूर टपकने लगा, सचमुचही जैनधर्मकी कायाको आपने एकदम पलट दिया! पाठकोंको इतना और भी स्मरण रहेकि, अमृतसर, होशियारपुर, अंबाला प्रभृति शहरोंमें आपके सदुपदेशसे बनेहुए जैन मंदिरोंकी प्रतिष्ठाके समय आपके पधारने पर वहांके लोगोंने जो उत्साह प्रगट कियाथा वह लेखिनीसे बाहिर है!

विक्रमाब्द १९५३ ज्येष्ठ शुक्ल द्वितीयाको आप गुजरांवालामें पधारे। क्योंकि, इसनगरकी शोभाको वढ़ाये आपको बहुत समयहो चुकाथा. आपके स्वागतके लिये यहांके निवासियोंकी प्रेमभरी प्रार्थनायें भी बहुत आचुकी थी. इनलोगोंसे बहुत समय पहिले आपने यह भी कहरखाथाकि, अंतमें सर्वदा हमने आपलोगोंकेही पास निवास करना है! निदान महात्माका यह वाक्य सत्यही पाषाण रेखाकी उक्तिसे उपमित हुआ!
गुजरांवालामें आते समय मार्गमें आपको ज्वर सा आने लगगया था. आपको स्वागतसे इन लोगोंको जो आनंद हुआ वह सर्वथा अवर्णनीय था! इनके उत्साहकी उमंगोंका आज कुछ पारावार नहीं था! परंतु यह उमंगें शीघ्र ही नाश होनेवाली हैं ऐसा जान प्रकृति इनके भाग्यकी खूब हँसी उडातीथी। हंत। विधाताने इनके प्रारब्ध कर्मका चित्र कहीं निरालेमे ही बैठ कर खैंचाथा।। एक तर्फ तो देवलोकसे वहती हुई सुर धुनी की निर्मल धारामें स्नान करनेका सौभाग्य इन बराकोंको प्राप्त हुआ है, दुसरी तर्फ दुःखकी घोर वृष्टी करनेके लिये विरहके भीषण बादल चारों तर्फसे इनके शिरपर घिर रहे है।

## "अन्तिम उपदेश"

नगरमें प्रवेश करनेके अनंतर शरीरके शिथिल होने परभी आप धर्मोपदेशसे नहीं रुके। सभ्यमंडलके योग्यता पुरस्सर बैठ जानेके बाद आप देव, गुरु और धर्मके गुह्य रहस्योंका सारगर्भित विवेचन करने लगे. यह आपका भारतवर्षके लिये अंतिम उपदेश है। **प्यारे पाठको**। आपके सदुपदेश रूपविणाकी ध्वनी संभव है कि, फिर भारतके सौभाग्यमें न होगी। जैन बांधवो। चेतो। अब चेतनेका समय है, शायद है कि, फिर ऐसा ब्रह्मनाद आपके कर्णरंध्र तक न पहुंचे। उठो। परलोक यात्राके लीये कुछ पाथेय बांधलो! क्या मालूम! ऐसा सुलभ समय फिर न

मिले! आओ महर्षिकी उपदेशवीणासे निकलते हुए ईश्वरीय आलापका अध्ययन करें! क्या जाने! ऐसे दयालु अध्यापकके दर्शन फिर न हों!!

*देव, गुरु और धर्मके वास्तविक स्वरूपको निरूपणकर आपने व्याख्यान समाप्त किया!*

## "शरीर त्याग"

**प्यारे पाठको!** ज्येष्ठ शुक्ल अष्टमीकी रात्रि है, तारामंडलसे विभूषित चद्रंमा प्रीय रमणीके सौंदर्यको निरंतर बढ़ा रहाहै, इस रात्रिका बाह्य दृश्य तो बहुतही शांत और मनोहर है. परंतु अंतरीय चित्रमें तो बड़ी ही भीषणता और कुटिलता भरी हुई है! नित्य कृत्यको समाप्तकर महात्मा शयन करगये हैं! बारां बजेका समय है. चारों तर्फ शांतता और निश्चलता के राज्यकी सत्ता व्याप्त हो रही है. कायर मृत्युमें साहस नहीं कि, महर्षिके विश्वव्यापी तेजका एकदम सामना करसके। इसलिये गुप्तरूपमें ऐसे समयपर धीरे धीरे अपना कुटिल जाल फैलाने लगी! ओहो! निर्भयमुनि शौचक्रियासे निवृत्त हो मृत्यु देवीके स्वागतके लिये बैठ गये हैं! शरीरकान्ति चंद्रशोभाको हँस रही है! आहा! मुखसे अर्हन् शब्दकी पवित्र ध्वनि निकलने लगी! अभी समय कुछ बाकी है। सामने बैठा हुआ शिष्यपरिवार अर्हन्का नाद सुन रहा है! ओहो! समय पूरा हो गया। घंटी बजी। लो भाई अब हम जाते है। अर्हन्। इतना कहतेही हँस चल दिये।।! इसका नाम है सच्चा और सार्थक जीवन।

महर्षे। तेरा जीवन सफल है। तेरे नाम पर संसार भरकी समस्त विभूतिं भी न्यौछावर कर दी जावे तो थोडी है। धन्य हैं वह नेत्र। जिन्हों ने तेरा दर्शन किया है, वह कर्ण सफल हैं। जिन्होंने तेरे उपदेश तूर्यके मधुर रवको सुना है. उस माताको सहस्रशः धन्यवाद है जिसने। तेरो जैसे रत्नको पैदा किया था. मुने। तेरे शाश्वत वियोगका आज किसे दुःख नहीं। तेरे जैसे अमूल्य रत्नोंसे यह वसंधरा आज शून्य होचली है।

प्यारे पाठको। आओ। महात्माओंकी कदर करनी सीखें! महात्माओंके यहां तेरे मेरेकी दुर्गंध नहीं हैं! इनके दरबारमें सबको समान दृष्टिसे निरीक्षण किया जाता हैं! संभव है कि, इस लेखमें जैन शब्दको देख बहुतसे क्षुद्राशयके महाशय कुछ नाक भी चढ़ावें! परंतु वे अभी कूपके दादुर हैं! इन्हें समुद्रजलकी हवा नहीं लगी? प्राकृत विद्यालयमेंसे अभी इन्हें बहुत कुछ सीखना बाकी है। वे अभी शब्दोंके ही गोरख धंदेमें पडे हैं? लक्ष्य प्राप्तिके लिये अभी

इन्हें बहुतसे संग्राम करने बाकी है। महात्माओंके विशाल भुवनमें प्रवेश करना इन्होंने अभी सीखाही नहीं। अस्तु! अब मैं अपने पाठकोंका ध्यान फिर पूर्व चित्रकी तर्फ आकर्षित करता हूं.

मुनि सदैवके लिये वसुधा देवीकी गोदमें सो जाते हैं। रात्रिका मनोहर रूपभी भयानकतामें परिणत हो जाता है चंद्रमा इस घटनाको लोकांतरमें खबर देनेके लिये अस्ताचलपर पहुंच गया! शांतरस करुणाके रूसमें बदल गया!

प्रात:काल होते ही महर्षिके शाश्वत वियोगकी तारे स्वारों तर्फ खडक गईं दुकानें बंद करदी गईं। कार व्यवहार बंद होगए। कहां तक कहूं। कुछ समय तक करुणारसकाही शासन चलने लगा।

लो अब्रदश बजगए। सुंदर विमानमें सुसज्जित है महर्षि जा रहे हैं। सहस्त्रों ही स्त्रीमनुष्यसाथमें हैं. आओ। आपनेभी उस गीतको गातेहुए साथ साथ चलें जिसको महार्षि प्रेमसे गाया।वा सुनाकरते थे.

हमेशहके लिये रहना नही इसदारे फानिमें
कुछअच्छे कामकरलो चारदिनकी जिंदगानीमें। १।
बहालेजायगा इकदिनयह दरयाए फना सबको
रुकावट आनहीं सकती कभी इसकी रवानीमें। २।
कयामिस जानहींसब कूचकर जायेंगे दुनियासे
कोइ बचपन कोइ पीरी कोइ अहदे जवानिमें। ३।

॥ इति ॥

# धर्म.

लेखकः—चंदन मल नागोरी, छोटी सादड़ी ( मेवाड़ )

प्रिय पाठक ! धर्मकी शोभा अधिकाधिक है. इस गहन विषय को ध्यान रख कर स्थिर चित्त रख कर ज्यौं ज्यौं विचार श्रेणी बढाइ जाय त्यौं यों आत्मा का हित होता जाता है.

धर्म साधन मोक्ष में लेजानेकोदूत रुप है और जो परलोक हितार्थे धर्म साधन से उद्वेग याता है वह मानो अपने अक्षय सुख को क्षीण करता है। जो किसी भव्यात्माको शुद्ध निर्मल धर्म संबंधी तत्व जानने कि जिज्ञासा होतो प्रथम हठ, कदाग्रह, कुटिलता आदि शत्रुओंका त्याग कर विकथा को छोड धर्मोपार्जनार्थे आध्यात्मिक कथाओंमें प्रवृत्त रहे, कि जिस से परलोक संबंधी भी कुछ हित हो. हे मोक्षार्थी प्राणी धर्म साधने के लिये तेरी वृत्ति ऐसी शुद्ध और शांत रखना कि जैसे सोनेको जिस तरह नमाया जाय उसी तरह नम्र होता जाता है, इसी मुवाफिक कोई सत्पुरुष हित शिक्षा के वचन कहे तो उसके साथ ऐसी सरलता और मृदुता रखना कि शिक्षा दाता का मन तेरी तरफ रजामंद रहे. इसके लिये खूब याद रक्खोकि "विनय धर्मस्य मूलं" विवेक धर्मका मूल है, वास्ते गुणवंत प्राणीका विनय, वैयावच्च करनेसे विमुख रहोगे-तो धर्म मूल ( विनय ) प्रायः नष्ट हो जायगा—इसके लिये कहा है कि:—

**गुणवंत सेती वंदना, अवगुण देख मध्यस्थ;**
**दुखी देख करुणा करो, मैत्री भाव समस्त ॥ १ ॥**

इस अनुपम दोहेका तात्पर्य हमेशा ध्यान में रखना चाहिए कदापि शीक्षादातासे श्रवण करने वाला अधिक गुणवंत हो तोभी अपने को अल्पगुणी समज कर अहंकार से अटकना और मान को चतुर्गती संसारको दुःखकी खान समजना. कहा है कि

**जन्म दुःखं जरा दुःखं, रोगाणि मरणाणिय ॥**
**अहो दुखो हु संसारे, जथ्थ य किं संति जंतुणो ॥ २ ॥**

इस जन्म जरा रुप संसार में जन्म लेते दुःख, मरणाधीन होते दुःख, रोग आवे दुःख, धन प्राप्तिमें दुःख, व्यय करते दुःख, स्त्री पुत्र सगा संबंधी कुटंब परिवारादि में दुःख, और थोडे में कहें तो सुख मात्र तो संत पुरुषों में निवास कर बेठा है. है सुज्ञ ! तुझे शास्वता सुखकी लालसा हो तो शुद्ध धर्म को अंगीकार कर और जन्म जरा मृत्यु रुपी दावा नलसे पृथक रहकर साध्य बिंदुका साफल्य प्राप्त कर. बिना धर्मप्राप्तिके विषय सुख जो किंपाक के फल मुवाफिक है वह तुजसे तटस्थ नहीं

रहेंगे और जहां तक विषय रुपी दैत्यका जोर बना रहेगा, वहां तक सुखमय नगरी रुपी मोक्ष के दरवाजे में तुझे हर्गिज नहीं जाने देगा तो तुं विषयरुपी वैरी के क्षणिकसुख देखकर तरुणी के तरंग में क्षण मात्र इंद्रिय सुख से तृप्ति पा कर चपल परिणामीं निःधर्मी क्यों होता है? यह सर्व नरक में लेजाने वाले हैं. अखीर में भाई ब्हेन बेटी पुत्र मित्र स्त्री माबाप कुटुंब परिवार धन योवन वैभव आदि जो तृष्णा और विषयके बीज हैं, वे सब यहीं रहने वाले हैं. और आत्मा तो सिर्फ पुन्य व पाप को साथ लेकर सिधायगा,

**आया है सो जायगा। पाठक राजा रंक फकीर ॥**
**कोई जायगा पालखी। कोई बंधे जंजीर ॥ ३ ॥**

हे सुखेच्छक। अब तुझे जिस तरह जाना मंजूर हो वैसा विचार कर पालखी भी मिल सक्ती है और जंजीर भी तैयार रहता है, इसपर एक द्रष्टांत है कि:—

कुवा. व. बावडी में पानी की आवश्यकता होनेपर खनन कराया जाता है. और खनन से पानी की सीर निकलने पर आत्मा तृप्त होता हैं. इसी तरह मनुष्य देह रूपी कुवा वावड़ी में खनन रूपी उद्यम कर धर्म रूपी जल (अमृत) प्रगटाया जावे तो जैसे जलसे तृप्ति हुई इसी तरह मोक्ष रूपी सिद्धि जो तृषा व्याप्त है वह तृषा धर्मरूपी जलसे शांत होगी. इसी तरह किसी नगरका राजा सुख मय शयामें आनंद पूर्वक सो रहा हो और उस समय विषयांध होनेसे याचक लोगोंके गीत श्रवण करता हे मगर उसका सारांश समझता नहीं, जैसे वेश्याका गायन श्रवण करने वाला मनुष्य ( कितनेक ) मतलब समझे विना " आहा हा! क्या उमदा है? वाह वाह!! " कहने मे रह जाता है। इसी तरह देहरूपी नगर में आत्म तुल्य राजा विषय में मदान्ध होकर याचक रूपी लेखक का गीत (लेख) श्रवण न करे तो फिर हाथ गृहे हुवे रत्नचिंतामणी को मुफ्त में खोता है. वास्ते हे शुध्धात्मा! जो तुझे संपूर्ण सुखभोक्ता होना हय तो धर्म साधन करनेमें मत चुकना.

कदापि धर्मकार्य में अनिवार्य विघ्न भी प्राप्त हो जाय तो "श्रेयासीबहु विघ्नानि" यह सूत्र स्मरण रखके विघ्नोंकी परवाह न करके धैर्य रखकर धर्म :साध्य किये जाना उत्तम है. जैसे व्यवहार में एक गांवसे दूसरे गांव जाने को भयंकर वन के डर से व तस्कर लुटेरों के भयसे, सामंत योध्धा व हथियारादि का उपयोग करके जंगलसे पार होना पडता है, इसी तरह मोक्ष रूपी नगर जाने को भयंकर अटवी रूपी विघ्न आते हैं. उनकी क्षमा रुपी हथियार से धर्मरूपी सिपाहियों को साथ लेकर हृदयके धैर्य से मोक्ष नगरीमें जाओ. और भय मत गीनो और हमेशा धर्म करनेमें उद्यम वंत रहा करो. हे प्रियात्मा। आप जानते होंगे कि अपने पूर्वजों धर्म कार्य आते तो

उन विघ्नों को तृण समान गीन कर प्राणांत कष्ट से भी धर्म साध्य से कभी विमुख नहीं होते थे.

आदीश्वर भगवान को बारह महिनेतक अहार न मिला. श्री शांतिनाथ स्वामी-के जीव मेघरथ राजा एक पारेवा ( कबूतर ) के लिये अपनी देह सिंचाण पक्षी को अर्पण करते हुवे प्रतिज्ञा से विमुख नहीं हुवे. श्री पार्श्वनाथ स्वामी को मेघमाली ने कितना परिसह दिया और श्रीमन् शासनोपकारी वीर परमात्मा के परिसह सहनताका तो कोई वर्णन ही क्या कर सक्ता है? गोशाला, शूलपाणी, चंड कोशीक ने जिन्हें अतुल वेदना दी और कानोंमें खीले ठोकने वाले ग्वाल ने भी संपूर्ण परिसह दिया, मगर अपनी प्रतिज्ञा से तनिक मात्र भी अलग नहीं हुवे. इसी तरह गजसुकमाल, स्कंधाचार्य मेतार्य मुनि आदि सत पुरुषोंके द्रष्टांत शास्त्रोंमें मोजूद है. अपनी अखंड प्रतिज्ञा से उक्त महात्मा वर्य सिद्धी यह को पहुंचे है वास्ते हे आत्मन् ! तुझे भी सिद्धी यह प्राप्तिकी इच्छा हो तो धर्म साधन से क्षण मात्र भी विमुख मत रहना.

जैसे भयंकर महा अटवी में घर, दरिद्री को वैभव, अंधकार में उद्योत, और मरुधर भुमि में पाणी यह दु:ख से और कष्ट सहन करनेसे प्राप्त होते हैं, इसी तरह यह अमुल्य मनुष्य देह चौराशी लाख जिवायोनि में कष्टसे प्राप्त होता हैं. अत्युत्तम जन्म प्राप्त होनेपर भी जो धर्म साधन से विमुख रहोगे तो जैसे एक गंधर्व चंदन का भार सहन करता है मगर उसकी सुगंध लेने को भाग्यशाली नहीं होता, इसी तरह धर्मात्मा का डोल करने वाले मिथ्याद्रष्टी धर्मकी खुशबू नही ले सक्ते, और गंधर्व की तरह अपना जन्म व्यर्थ खो देते है कहा हैं कि:—

**चोशठ दिवा जो बळे, बारा रवि उगंत ॥**
**उस घर तो भी अंधार है, जस घर धर्म न हुत ॥ १ ॥**

धर्म बिना अंधकार तुल्य देह होजाती है और धर्मयुक्त मनुष्यों कि देह उद्योत कारक कही जाती है,

वास्ते हे प्रिय वाचक वृंद, विषयादी वैरीयों का साथ छोड कर धर्म सखा की संगति में चित स्थिर करो.

**चला विभूतिः क्षणभंजी यौवनम्, कृतान्तदन्तान्तर वर्ति जिवितं॥**
**तथाप्य वश्यं परलोकसाधनें, अहो नृणां विस्मय कारि चेष्टितं ॥ १ ॥**

भावार्थ पाठकवर्य? विभूति धन दौलत पैसा पुत्रादि सर्व नाशवंत क्षणिक पदार्थ है, और जोबन क्षणभुंगर है आजजो रंग है वह कल नहीं रहेगा. बाल्यावस्था युवावस्था और अंतिम वृद्धावस्था का अनुभव करने से जोबन की क्षण भंगुरता

अवलोकन होजाती है, और जिवितव्य तो यम राजा के हाथ में है. माता पिता कहते है हमारी संतान बडी होरही है और यमराज कहते है कि हमारे दांत निचे आरही है. इधर अपन कहते हैं कि पुत्र पांच वर्षका हुआ. इधर आयुष्य में पांच वर्ष कम होगे है ऐसी अस्थिरता होने परभी जो मनुष्य परलोक के हितार्थ भी धर्म साध्यार्थ अवज्ञा करते है उन पुरुषोंकी श्रेष्ठा और विषय लालसा आश्चर्यजनक है.

विषय सुख--काम भोगका रस, यह तो भोग भोगने तक ही मधुर है और तत् पश्चात् अप्रियता होना स्वाभाविक है. भोजनका स्वाद भूख लगने पर जीमने तक हीं मधुर है परंतु धर्म की मधुरता तो चिरकाल स्थायी है. वास्ते काम भोग के रसमें लिप्त होकर धर्म साध्य से विमुख रहना अनुचित है. हे बंधु! तुझे अक्षयामृत समान मधुर मीठे और सात्विक रस का स्वाद लेना हो तो धर्म साधन के लिये कमर कसकर तैयार हो जा और मनुष्यत्व प्राप्ति का साध्य बिंदु साध

**भोगे रोग भयं सुखे क्षय भयं। वित्तेऽग्निथम मृद्भयम् ॥**
**दास्ये स्वामिभयं गुणे खलभयं। वंशे कुयोषिद्भयम् ॥ १ ॥**
**माने म्लानि भय जये रिपुभयं। काये कृतांताद्भयम् ॥**
**सर्वं नाम भयं भवेत्र भविना। वैराग्य मेवाऽभयम् ॥ २ ॥**

हे सज्जन तुझे स्त्री के अधर रुप स्वाद से तरुणीकी युवावस्था से सुख उत्पन्न होता है, मगर यह कामिनी के प्रिय सुख तो वृद्धावस्था मे नष्ट हो जाते है और भोगादि से अनेक प्रकार की व्याधियों प्राप्त होती है और जो विश्वमें नाना प्रकार के सुख हैं जिन्हे प्राणी अखंड आनंद के प्रवाह तुल्य मानता है, जेसे कि धन दौलत पुत्र परिवार मकान महेल बाग बगीचे कनक कामिनी और कीर्ति गाडी मोटार और बग्गी जो विविध प्रकार की वस्तुएं संसार में आनंद तुल्य मानी गई हैं वे भी अंतिम नाश होने वाली हैं, और द्रव्य आभूषणादि में अग्नि प्रज्वलित होने से प्रायः नष्टता का भय, तस्कर लुटेरों कि चिंता और अंतिम राजा का भय होता है, नोकरी करनेमें अपने मालिक का भय रखना पडता हैं; क्यों कि अल्प भूलचुक में भी पगार की न्युनतादिका ख्याल रखना जरूरी हैं इसी तरह गुणमें खल का भय, और वंश में कुनारी का भय, जो व्यभिचारणी हो मान में प्रायः नष्टता भय, जय प्राप्ति में दुश्मनों की चिंता शरीर को बिना अग्नि दग्ध बनाये देती है, और देह के विषे यम राजाका संपूर्ण भय रहता हैं इस तरह संसार में सर्व भय युक्त पदार्थ हैं, निर्भय तो एक धर्म हैं ( वैराग्य है ) कि जिस की प्रशंसा अनिर्वचनिय हैं. कहांतक कथन किया जावे?

हे धर्मेच्छक बंधू ? धर्म कैसा है कि कपट रूप पर्वत को क्षय करने में वज्र समान है, ऐसे धर्म रुपी वज्र को त्याग करने वाला कपटरूपी पुरुष अवश्य नरका धिकारी होता है, धर्म ऐसी वस्तु है कि यानो मोक्ष रुप नगर की नीम न हो, पुण्य रुपी महलकी शोभा न हो, शीवपुर रुपी स्थान की भींत न हो ! संपात्तियों का स्थान, रत्नोंका भंडार, चरित्र रुप हीरे रखनेको पात्र, अगाध आनंद के झरे तुल्य मन वांछित दाता कोइ हो तो एक धर्म है.

जन्म लेना और मरना यह तो संसार का खास नियम है परंतु मनुष्य रुपी वृक्ष के मोक्षरुपी फल लगाने को धर्म रुपी जल सिंचन करके शीवपूर रुपी फल हाथमें लेकर अखंड आनंदमयामृत का पान करनेका उद्यम करनेमें कटिबद्ध हो. भय समद्रष्टी बंधु ! आयुष्य जल तरंग जैसा नाशवंत है. ऐसा होनेपर भी विषय–लुब्ध जन नही जानते कि यह द्रष्टीगोचर होते नष्ट होने वाली विद्युत की तरह मार्ग का अवलोकन करने वाली गत्वर आयुष्य नाशवंत है, इसी तरह शरीर मांस विष्टा लोही मलमूत्र हाड और त्वचासे बना हुवा पींजर ! है,इस पींजर को बाह्याडंबर से शृंगारना यह तो अस्थिर शृंगार है, और इन बाह्य शृंगारों से सिद्धी यह प्राप्त होना असंभवित है. तो इन शृंगार के साथ साथ आप को मोक्ष की इच्छा है तो, जैसे घर मकान महल को काच फानुस आदि नाना भांतिकी रोशनीसे अलंकृत किया जाता है, इसी तरह शरीर रुपी महलमें संतोष रुपी फानुस लगाकर धर्म रुपी शोभाप्रद झाड लटका कर, ज्ञान रुपी इलेक्ट्रीक लाइट ( बिजलीकी रोशनी ) से हृदय तट पर उजियारा करके अपने सिद्धी यह को प्राप्त करो. और हे वीरनरो ? भवो भव रुपी स्वयंभूरमण में पर्यटन कराने वाले राग द्वेष रुपी तस्करों के साथ– क्षमा शीयल, संतोष, दान, तप, निष्कपटता, मृदुता-और सरलता रुपी शस्त्र धारण करके आत्मसुखघातिक दुश्मनों का संहार करने में तत्पर होजाओ क्यों कि राग मोह यह सद्गतिमें जाने वाले के लिये लोह की सांकल तुल्य है कि जिस से बंधे पीछे छुटना अशक्य होजाता है. और द्वेष नरकोवास में निवास कराने को दूत रुप है, मोह संसार रुपी समुद्र की धुसरीमें परिभ्रमण कराने की प्रतिज्ञा रुप है, कषाय अग्नि की तरह अपने आश्रित रुपी सुकृत्य को दहन करता है, और क्रोध मान माया व लोभ के लिये तो कहांतक कथन करे, वाचकवृंद को जिज्ञासा हो तो अन्य शास्त्रोंके अवलोकनसे ज्ञात कर लेवे.

हे मोक्षार्थी आत्मा अक्षय सुखकी इच्छा हो तो अविनाशी उपाय रूपशस्त्रोंसे निरंतर युद्ध करके वैरियोंका पराजय करना और सत्य शरणभूत धर्मके स्वाधीन

होकर आत्मानंदमें रमण करना, कि जिससे शाश्वत आनंदमय पुष्कळ सुखप्राप्ती शीघ्रही शरणभूत हो.

हे धर्माभिमानी सज्जन ! हरएक जीवको पूर्वमें स्वर्गादिके सुख प्राप्त हुवे होंगे परंतु तृष्णा देवी तृप्त नहीं होती जब स्वर्गसुखसेभी अधिक आनंदकी तृप्ति न हुइ तो मनुष्य सुखसे तो क्या तृप्ति होनेवाली है वास्ते, हे, पाठक ! अब तो अखंड आनंदके झरे और मोक्षसुख संप्राप्तिमें सहायभूत ऐसे धर्मरूपी रत्नको गृहण करनेमें कटिबद्ध हो. हे वीर ! जिसको विषय कषायका आवेश हो, तत्वकी अश्रद्धा हो, गुणवंत उपर द्वेष हो, जिसको धर्मकी पहेचान नही, वह धर्मी किस तरह कहला सक्ता है ?

अलबत्ता, जिसको तत्त्वकी श्रद्धा हो, जो महाव्रती हो, अप्रमादी हो, प्रभूभक्तिमें लयलीन हो, मोक्षाभिलाषी हो, दयावान हो, और शुद्ध आचारवाला हो, वह मनुष्य धर्मात्मा कहा जायगा, वास्ते, हे सुज्ञ पुरुषो ! तुम्हे उंचे पद्पर पहुचना है तो, किसी-की निंदा करना छोड दो, गुणी जनकी प्रशंसा करो, अल्प गुणीपर कभी द्वेष मत करो. ओर आगम ( शास्त्र ) का निश्चय करके लोक संज्ञा छोड विवेक गृहण करके श्रद्धामें मजबूत बने रहो. और बालकसेभी प्यार करके मृदुवचनसहित हितवार्ता गृहण करो. ओर निर्गुणीसे पापकी वार्ता श्रवणभी मत करो मगर याद रखना कि दुर्जन उपर भी द्वेष करनेकी शास्त्रकार मनाइ करते है.

सत्य बोलना, चोरी नहीं करना, अन्याय से अलग रहना, न्यायोर्जित द्रव्य पैदा करना, औरोंकी आशा से पापाचरण नहीं करना, किसी की चुगली न खाना कोइप्रशंसा करेतो गर्व नहीं करना, कोई अपमान करेतो दुर्जनका स्वभाव समझना और धर्माचार्य की सेवामें स्थित रह कर तत्व को जानने की इच्छा रखना, पवित्रता धैर्य निष्कपटता समता शील और संतोष धारण करना यही धर्मी पुरुषों के खास अमूल्य गुण है. वास्ते, हे आत्मानंदी ! प्रमाद रुपी शत्रूका विश्वास न करके " महाजनो येन गः संयथा " " पूर्वले अपने हित करने वाले धर्मी पुरुष जिस रास्ते चले उसी सीधी सडक पर चलना" यह धर्मात्मा पुरुषों के लक्षण है.

हे बंधु ! धर्मात्मा पुरुषों की शोभा कहां तक लिखूं ? धर्मी प्राणी सिद्धांत रुपी समुद्रमें चंद्रमा जैसे निर्मल भवदुःख रुपी ताव के निवारक, पाप रुपी पीडाके त्यागका क्रोध मान माया ओर लोभ का पराजय करने में समर्थ, संतोष में सदा कुशल, इंद्रिय रुपी तस्करों का दिग्विजय करने में शूरवीर, शील रुप आभूषणसे सुशोभित, सर्व गुण संपन्न, ऐसे अनुपम धर्मात्मा ( मुनिराज ) पुरुषो की यथार्थ शोभा प्रकट करने

व लिखने से लेखक असमर्थ है. अब, पाठकवर्य? आपको उपरोक्त गुणधारण करके गुणीजन होना पसंद है तो धर्म साधन करने से मत चुकना; क्यों कि बिना धर्म साधन के जन्म जरा मृत्यु रुपी दावानल जैसे कठिन रोग शांत न होंगे, और धर्महीन मनुष्यों का आयुष्य निष्फल जाता है और धर्मचुस्त मानवों का आयुष्य स्थिरता रखने से अंतमें सुखका भोक्ता बनता है.

व्यवहार में अस्थिर देह को पोशने के लिये उत्तम उत्तम कपडे खरीदे जाते हैं, और जमाने मुवाफिक कोट आदि सिलवाकर पहने जा रहे हैं, खुशबूदार तैल इत्तर से **मगज** को तर किया जाता है, और उपर सोना चांदी जवेहरात माणक-पन्ना आदि से शरीर को शोभाप्रद बनाते हैं, यह व्यवहार दृष्टी से ठीक है परंतु साथ ही साथ जन्म जरा मृत्यु टालने को मन रूपी शरीर के लिये कपडा रूपी धर्म खरीद कर क्रिया रूपी कोट पाटलून सिलवाकर शील रूपी आभूषण पहन कर, ज्ञान, दर्शन, चारित्र रुप मोती माणक पन्ने खरीद कर, संतोष रूपी सुगंधी से आत्म-तृप्ति करने का प्रयत्न करोगे, तो परभव के लिये कुछ किया कहा जायगा, और इतना करनेसे ही शीवपुर में मोक्ष सुखका भोक्ता हो सकेगा; नही तो फिर किस गतिमें जाना पडेगा, इसका विचार वाचकवृंद की बुद्धि पर छोडता हूं,

कहा है कि—

**अभ्यासेन क्रिया सर्वा अभ्यासात् सकला कला ।**
**अभ्यासाद् ध्यान मौनादि किमभ्यासस्य दुष्करं ॥ ३ ॥**

# શ્રી पार्श्व जिन स्तवन.

**રચનાર-મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી**

( રાગ ધમાલ )

ચિદાનંદ ઘન પરમ નિરંજન, જનમનરંજન દેવ, લલના;
વામાનંદન જિનપતિ થુણિયેં, સુરપતિ જસ[1] કરે સેવ,
મનમોહન જિનજી ભેટિયેં હો. ૧

જાઇ જૂઈ ચંપક કેતકી, દમણો ને મચકુંદ, લલના;
કુંદ ઇંદ રચિ સુંદર જોડી. પૂજિયેં પાસ જિણંદ, મન મોહન૦ ૨

કેસર ઘોળી ઘસી ઘન ચંદન, આનંદ ઘનસાર, લલના,
પ્રભુકી પૂજા કરો મન રંગે, પાઇયેં પુન્ય સફાર[2], મન મોહન૦ ૩

અંગે ચંગી આંગી બનાવી, અલંકાર અતિસાર, લલના;
દ્રવ્ય સ્તવ વિધિ પૂરણ વિરચી, ભાવિયેં ભાવ ઉદાર, મન મોહન૦ ૪

પરમાતમ પૂરણ ગુણ પ્રત્યક્ષ, પુરૂષોત્તમ પરધાન, લલના;
પ્રગટભાવ પ્રભાવતી વલ્લભ, તું જયો સુગુણ નિધાન, મન મોહન૦ ૫

જો તુજ ભક્તિ મોરી[4] મુજ મન, વન વિચરે અતિ ચિત્ત,
[5]દુરિત-ભુંજગમ બંધન ત્રટે, તો સઘળો જગમિત્ત મન મોહન૦ ૬

તુજ આણા સુરવેલી[6] મુજમન, નંદનવન જિહાં રૂઢ, લલના;
કુમતિ કદાગ્રહ કંટક શાખી,[8] સંભવે નહિં તિહાં ગૂઢ, મન મોહન૦ ૭

ભક્તિરાગ તુજ આજ્ઞારાધન,[9] દોય ચક્ર સંસાર, લલના;
સહસ અઢાર અંગ રથ ચાલે, વિઘન રહિત શિવધાર, મન મોહન૦ ૮

ગુરૂ ઉપદેશે જો મુઝ લાગ્યો, તુઝ શાસનનો રાગ, લલના;
મહાનંદપદ ખેંચ લહેગો, [10]જયું અલિ કુસુમ પરાગ, મન મોહન૦ ૯

બાહિર મન નિકસન નહિં ચાહત, તુઝ શાસનમાં લીન, લલના;
ઉમગ નિમગ કરી નિજપદ રહેવે, જયું જલનિધિ જલમીન, મન મોહન૦ ૧૦

ઓરનકી ગણુતી ન પાવું, જો તું સાહેબ એક, લલના;
જશ-વાસના દઢ નિજ મનકી, જયું અવિચલ ટેક— મન મોહન૦ ૧૧

મુજ તુજ શાસન અનુભવકો રસ, કયું કરી જાણે લોગ ?, લલના;
અપરિણીત[11] કન્યા નવિ જાણે, જયું સુખ દૈત[12] સંયોગ. મન મોહન૦ ૧૨

---

૧ જૈની. ૨ પુષ્કળ. ૩ પ્રભાવતી રાણીના પ્રાણપ્રિય શ્રી પાર્શ્વ પ્રભુજી. ૪ મયુરી (મોરલી-ઢેલ) ૫. પાપરૂપ સર્પના. ૬ કલ્પવેલી. ૭ પ્રગટ થઇ. ૮ કંટાળા. ૯ જેમ તેમ આજ્ઞાનું પાલન. ૧૦ જેમ ભમરો પુષ્પના રસને ખેંચી લે છે તેમ.૧૧ નહિં પરણેલી. ૧૨ દંપતી.

તું સાહેબ હું સેવક તોરો, એ વ્યવહાર વિભાગ લલના;
નિશ્ચય નયમત દોનુ વચ્ચે, હે નહિં ભેદકો લાગ. મન મોહન૦ ૧૩

મન વચનાદિક પુદ્ગલ ન્યારો, ન્યારો સકળ વિભાવ, લલના;
શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાય ઘટના, તુજ સમ શુદ્ધ સ્વભાવ. મન મોહન૦ ૧૪

તું ઘટ અંતર પ્રગટ બિરાજે, જ્યું નિર્મલ મણિકાન્ત, લલના;
બાહિર ઢુંઢત મૂઢ ન પાવે, જ્યું મૃગમદ મૃગ ભ્રાન્ત.[1] મન મોહન૦ ૧૫

ગુણઠાણાદિક ભાવે મિશ્રિત, સમમાંહિ તુજ અંશ, લલના;
ખીરનીર જ્યું ભિન્ન કરત હે, ઉજ્વળ અનુભવ હંસ, મન મોહન૦ ૧૬

આતમજ્ઞાન દશા જબ જાગી, વૈરાગી તુજ જ્ઞાન, લલના;
સો પાવે જ્યાં રત્નપરીક્ષા, પેખત રત્ન પ્રધાન, મન મોહન૦ ૧૭

પુન્ય પ્રકૃતિ દેવનકો[2] કારણ, મૂઢ લહે નહિં ધર્મ, લલના
જ્યું પીરો કોઇ અંધ ન માને, લહત ન અંતર મર્મ, મન મોહન૦ ૧૮

ગંધ રૂપ રસ ફરસ વિવર્જન, ન ધરે તિહાં સંઠાણ, લલના
અણઅવતાર[3] અશરીર અવેદી, તું પ્રભુ શુદ્ધ પ્રમાણ; મન મોહન૦ ૧૯

કેવળજ્ઞાન દશા અવલોકે, લોક લોક પ્રમાણ, લલના;
દર્શન વીર્ય ચરણ ગુણધારી, સેવત સબ અહિઠાણ, મન મોહન૦ ૨૦

સતા શુદ્ધ અરૂપી તોરી, નહિં જગકો વ્યવહાર, લલના;
કહા કહાઇ કુચ્છ કહત ન આવે, તું પ્રભુ અલખ અપાર, મન મોહન૦ ૨૧

દીપ ચંદ રવિ ગ્રહગણ કેરો, જિહાં પસરત નહિં તેજ, લલના;
તિહાં એક તુજ ધામ બિરાજે, નિર્મલ ચેતનૂ [4]સ્હેજ, મન મોહન૦ ૨૨

આદિ રહિત અજરામર નિર્ભય, વ્યાપક એક અનંત, લલના;
શુદ્ધ પ્રકૃતિ [5]અકષાય અમાયી, તું પ્રભુ બહુ ગુણવંત, મન મોહન૦ ૨૩

તું માતા તું ત્રાતા ભ્રાતા, પિતા બંધુ તું મિત્ત, લલના;
શરણ તુંહિ તુજ સેવા કીજે, દૃઢ કરી [6]તનુ વચ ચિત્ત, મન મોહન૦ ૨૪

**પાસ** આશ પૂરો અબ મોરી, અરજ એક અવધાર, લલના;
શ્રી **નયવિજય** વિબુધ[7] પયસેવક[8] **જસ** કહે ભવજલ તાર, મન મોહન૦ ૨૫.

—સંગ્રહ કરનાર મુનિશ્રી કર્પૂરવિજયજી.

---

૧ મુગ્ધ મૃગલો કસ્તુરી ન પામે તેમ, ૨ દેવગતિનું. ૩ અજન્મા. ૪ સહજ-સ્વાભાવિક. ૫ *નિષ્કષાય-કષાય રહિત.* ૬ *તન, મન, વચન દૃઢ-એકાગ્ર કરીને.* ૭ પંડિત. ૮ ચરણ કમળની સેવા કરનાર.

## દેશભક્તિ.

મરશે બળશે પૈસા માટીમાં
બળશે રે...બળશે રે...બળશે રે......જી
વાવે બીજ જેવાં તેવાં તો
ફળ ફળશે...ફળ ફળશે...ફળ ફળશે રે......જી
ખાલી હાથે આવ્યો ને તું ખાલી હાથે ફરશે—ફરશે જી
ત્હારી સાથે કંઈ નહીં આવે ટ્રસ્ટીઓ ઘર ભરશે
ઘર ભરશે—ઘર ભરશે રે જી
ધનવાનો તો થયા કૈંક પણ કોઈ અમર નવ વરશે—વરશે જી
સ્વદેશભક્તિ વિના અરે જન, કાય અમર કેમ કરશે?
કેમ કરશે—કેમ કરશે રે જી
દેશભક્ત ભામાશા જેવા કીર્તિ સુન્દરી વરશે—વરશે જી
હરિ બીજા જોશે પસ્તાશે, મખ્ખીચૂસ શું કરશે?
શું કરશે—શું કરશે રે જી.

—દીવાનો.

---

## સાધુ-સ્નેહીના દર્શને જતાં.

કંઇ વર્ષ ગયા પછી આજ સખે!, તુજ દર્શ કરૂં, દિલદાર સખે!
ઉપહાર કંઈ ધરવા ન, સખે! શુભ કાર્ય કંઇ કથવા ના સખે! ૧
તુજ સંગતિના શુભ દિન સખે! સ્મૃતિમાં ઉભરે વિણ પાર, સખે!
ઉપદેશ કર્યો સહુ આજ, સખે! સજળે નયને નિરખું જ, સખે! ૨
કંઇ વ્રત લીધાં, કંઈ કોલ દીધા, દીન દેશ હિતે કંઇ મંત્ર કીધા;
નથી વ્રત રહ્યાં, નથી કોલ પળ્યા, વિપથે વિચરી સહુ બુદ્ધિ, સખા! ૩
ગુરૂ! હેં શીખવ્યો પથ ધર્મ તણો, મમ દેશ જનો પ્રતિ ભાવ ભર્યો;
કંઇએ ન થયું શરમાવું, સખે! મુખ શું લઈ હું પગ માંડું? સખે! ૪
પણ આત્મબળે બળવાન સખે! મીણનું હૃદય લઇ આવું સખે!
તુજ જીવન છાપ પડે જ હૃદે, કંઇ આશિષ, એ વદજે જ, સખે! ૫

—અમૃત.

---

તૈયાર છે! **સુંદર બ્લૉટીંગ પૅડ.** (વી. પી. થી)

સુંદર બ્લૉટીંગ પૅડ–માં સને ૧૯૧૪ નું કૅલૅન્ડર, સં. ૧૯૭૦ નું જૈન પંચાંગ, દિવસ રાત્રીનાં ચોઘડીયાં છાપ્યાં છે. ટાઇટલ ઉપર મંત્રી શ્રી જૈન શ્વેતાંબર પ્રાંતિક કૉન્ફરન્સના પ્રમુખ શેઠ કંકુચંદ મુલચંદનો ફોટો મુકી સુશોભીત કર્યું છે. પાકું પૂંઠું.

ઠે. શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ઑફીસ.
પાયધુની પોષ્ટ નં. ૩. મુંબઇ.
} લાલચંદ લક્ષ્મીચંદ શાહ.

## જાગો ! સવાર થઈ ગઈ! સૂર્ય ઉદય પામ્યો.
### સંવત્સરી ક્ષમાપનાની કંકોત્રીઓ.
### પર્યુષણનો ધર્મ કરણીનો સમય જ્ઞાન ધ્યાનમાં વીતાડો.

આ સમય પણ પુન્યથી પ્રાપ્ત થયો છે. જે કાંઇ કરવાનું હોય તે કરી લ્યો ! સાધ્ય સાધવાનું સાધી લ્યો ! કારણકે ગયો વખત પાછો મળતો નથી.

### ખાસ જ્ઞાનનો બહોળો પ્રચાર કરવા માટે.

નીચે મુજબનું સાહસ કરવામાં આવ્યું છે. તે ફક્ત જ્ઞાન પ્રચાર માટે છે, નહીં કે કમાવા સારૂ. કંકોત્રીઓ સાથે જ્ઞાન ખજાનાના અનુપમ **રત્ન** સમાન પુસ્તકો ભેટ તરીકે આપવામાં આવશે.

આ વખતની કંકોત્રીઓનો બ્હાર ઓરજ છે. ઉમદા અને સારા ટાઇપોથી સુંદર છાપ સાથે ઉંચા કાગળ ઉપર છપાવવામાં આવી છે. જે દિલપસંદ અને મનહર છે કિંમતઃ–
૦–૮–૦ કાર્ડ કંકોત્રીઓ ૧૦૦ ના. રૂ. ૦–૭–૦ નોટપેપર કંકોત્રીઓ ૧૦૦ ના.

જે ગૃહસ્થો ૧૦૦ કંકોત્રીઓ ખરીદ કરશે તેમને નીચેનાં ઉમદા પુસ્તકોમાંથી ગમે તે એક પુસ્તક જે પસંદ કરી મગાવશે તે મોકલી આપીશું. પુસ્તકોનાં નામઃ–

૧–૦–૦ વ્યાખ્યાન સંગ્રહ. પ્રસિદ્ધ કર્તા ચારિત્રવિજયજી કૃત. ૦–૧૨–૦ કુમારપાળનોરાસ. ૦–૧૨–૦ ચંદ્રશેખરનોરાસ. ૦–૮–૦ ચંદરાજાનોરાસ. ૦–૮–૦ અદ્ભુતદષ્ટાંતમાળા. ૧–૦–૦ સુમતિચંદ્ર ભા. ૨ જો (એક ઉમદા નોવેલ). ૦–૪–૦ અધ્યાત્મ વ્યાખ્યાનમાળા. ૦–૮–૦ બુદ્ધ ચરિત્ર. ૦–૬–૦ વિવેકાનંદના પત્રો. ૦–૬–૦ અધ્યાત્મભજન સંગ્રહ ૦–૬–૦ પ્રવૃત્તિ નિવૃત્તિ. ૦–૮–૦ પ્રેમથી મુક્તિ.

ઉપરની કંકોત્રીઓ ૨૦૦ ખરીદનારને ભેટો ! નીચેનાં પુસ્તકોમાંથી એક પુસ્તક મળશે.
૨–૦–૦ સમરાદિત્ય કેવળીનોરાસ પાકાપુંઠાથી બાંધેલ. ૧–૮–૦ વિદ્યાચંદ્ર અને સુમતિ ( લોકપ્રિય નવલકથા. )

ઉપરનાં પુસ્તકોમાંથી જે સીલીકમાં હશે તેજ મળશે. નહિ તો બીજું મોકલશું.

**તૈયાર** છે ! અમારે ત્યાં મળતાં પુસ્તકોનું મોટું ૮૦ પાનાનું સૂચિપત્ર. અર્ધા આનાની ટીકીટ મોકલી મંગાવવું.

જૈનધર્મનાં અને તમામ પુસ્તકો વેચનાર—**બાલાભાઇ છગનલાલ શાહ**
ઠે. ફીકાભટની પોળ–**અમદાવાદ**

---

**જોઇએ છે !** જુન્નેર ( જીલ્લા પુના ) ની પાઠશાળા તથા કન્યાશાળામાં ધાર્મિક વ્યવહારિક જ્ઞાન આપી શકે તેવો અનુભવી, સદ્વર્તનવાળો માસ્તર જોઇએ છે. ધાર્મિક વ્યવહારિક જ્ઞાન, પાંચ પ્રતિક્રમણ, નવતત્વ, જીવવિચાર, દંડક, ભક્તામર કલ્યાણ મંદિરાદિ નું અર્થ સાથે અધ્યયન કરાવી શકે તેમજ વિદ્યાર્થીઓને સદ્બોધ આપી શકે તેવા લાયક માસ્તરને પગાર રૂ. ૧૫ થી ૨૦ સુધી મળશે, તો નીચેના શીરનામે પોતાના ધાર્મિકજ્ઞાન સાથે કયાં કયાં કેટલી મુદત નોકરી કરેલી છે તે લખોઃ—

**મુ. જુન્નેર, જીલ્લા પુના.** **લાલચંદ.**

# નવીન શિક્ષણ પદ્ધતિએ રચેલાં આ પત્રના

# તંત્રીકૃત પુસ્તકો.

**નયકર્ણિકા**—આ ૩૨ શ્લોકનું પુસ્તક છે રચનાર કલ્પસૂત્રની સુખબોધિકા નામની પ્રસિદ્ધ ટીકા લખનાર વિનયવિજયજી છે. તેમણે જૈન ફિલસુફી સમજવામાં જરૂરના સાતનયનું પ્રાથમિક જ્ઞાન આપેલ છે અને તે વધારે સ્ફુટ કરવા માટે તેના ભાષાંતર સાથે વિસ્તારથી વિવેચન, પ્રસ્તાવના, આપેલ છે. વિનયવિજયજી મહારાજનું જીવનચરિત્ર પણ લંબાણથી આપેલ છે. નિર્ણયસાગર પ્રેસમાં છપાવેલ છે. કિં. રૂ. ૦ ૬-૦

**જિનદેવ દર્શન**—આમાં જિન પ્રભુનાં દર્શન શુદ્ધ રીતે કેમ કરી શકાય તે ચૈત્યવંદન, સ્તવન, અને સ્તુતિ સાથે વિવેચનપૂર્વક બતાવેલ છે અને હાલ પ્રભુ દર્શન કરતાં થતા દોષો જણાવી તે દૂર કરવા સૂચવ્યું છે. કિં. ૦ ૩-૦

**સામાયિક સૂત્ર**—હમણાં જે જે સામાયિક થતું જોવામાં આવે છે તે કેવી રીતે સુધારવું જોઈએ તે જણાવી સામાયિક એ વિષય પર લગભગ ૧૦૦ પાનાનો નિબંધ લખી તેની સાથે સામાયિકનાં પ્રાકૃત સૂત્રો, તેની સંસ્કૃત છાયા, ગુજરાતી ભાષાંતર, અર્થ વિવેચન, ને સૂત્રોના અનુક્રમનો હેતુ-રહસ્ય વગેરે વિસ્તારથી સ્પષ્ટપણે વર્ણવ્યું છે કિં. ૦-૬-૦

કર્તાએ આ ક્રિયામાંથી સ્થૂલતા-શુષ્કતા કાઢી તેમાં રહેલ જવલંત સત્ય બતાવી સાથે રચનારના પરમ આશયનું સ્પષ્ટીકરણ કરેલ છે. તે ઉપયોગી અને વાંચવા લાયક પુસ્તક છે.
—કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી.

દરેક વર્તમાન સમયના યુવકોએ અને જૈનમાર્ગમાં પ્રવેશ કરનારાઓને જરૂર આ પુસ્તક ઉપયોગી થઈ પડશે.
—જૈન.

સામાયિક વિષે જોઈતી દરેક માહિતી આપેલી હોવાથી દરેક જૈન સ્કૂલોમાં તે ચલાવવા લાયક છે. વળી દરેક સામાયિક વ્રતના શોખીન શ્રાવક ભાઈઓ આ પુસ્તકની સહાયથી સામાયિકનું યથાર્થ સ્વરૂપ સમજી સારો લાભ ઉઠાવી શકશે. કિં. ૬ આના પુસ્તકના સાઈઝના પ્રમાણમાં વિશેષ નથી.
—જૈન શાસન.

**જૈનકાવ્યપ્રવેશ**—આમાં ગત જૈન કવિઓનાં ઉત્તમ ૮૮ કાવ્યો વિવેચન સહિત આપવામાં આવ્યાં છે. તેમાં સઝાય, સ્તવન, સ્તુતિ, પદ વગેરે બધાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આજકાલ લોકો સઝાય સ્તવનાદિ મોટે કંઠેથી બોલતા જણાય છે, પરંતુ તેની સાથે તેનો અર્થ, અને તેમાં રહેલું રહસ્ય જાણીને બોલાય તો ખરેખર ભાવ પ્રકટી કલ્યાણ સાધી શકાય તેમ છે, તેથી આમાં તે દરેકનો અર્થ વિસ્તારપૂર્વક સમજાવ્યો છે.

**સમ્યક્ત્વના ૬૭ બોલની સઝાય**—શ્રી યશોવિજયકૃત અર્થ વિવેચન સાથે મંગાવો—

શા **બાલાભાઈ છગનલાલ** ફીકાભટની પોળ—**અમદાવાદ.**

**મેઘજી હીરજીની કું.** પાયધુની—**મુંબાઈ.**

---

વ્યવહારૂ આત્મજ્ઞાન-સેવાધર્મ-કેળવણી-સમાજસુધારો-ખરો તપ,

ઈત્યાદિ વિષયોનું જ્ઞાન અસરકારક ભાષામાં જોઈતું હોય તો—

## 'જૈનહિતેચ્છુ' માસિક પત્ર હમણાંજ મંગાવો.

દર મહીને ૪૮ પૃષ્ઠ ઉપરાંત દર અંકે ઉપયોગી વાંચનના વધારા; ૨૫ વર્ષનું જૂનું; વિદ્વાનોએ વખાણેલું, 'જૈન' અને 'હેરલ્ડ'ના વિદ્વાન અધિપતિઓએ જેના અવલોકનમાં 'હિતેચ્છુ'ના વિશાળ દૃષ્ટિ અને વિચારોની તારીફ કરી છે.

વાર્ષિક મૂલ્ય (પોસ્ટેજ સાથે) રૂ. ૧-૮-૦ (આ વર્ષમાં બે પુસ્તકો ભેટ).

**☞ ચાલુ પર્યુષણનો ખાસ અંક તો જૈન તેમજ જૈનેતર દરેકને વાંચવા યોગ્ય છે. ( મૂલ્ય માત્ર ૦-૪-૦ )**

પત્રવ્યવહાર:-સકરાભાઈ મોતીલાલ શાહ, 'જૈનહિતેચ્છુ' ઑફીસ, સારંગપુર—અમદાવાદ.

# જેલ–યાત્રા એટલે શું ?

જેલના નામથી પણ લોકો ભય પામે છે, પણ તે માત્ર અજ્ઞાનતુંજ કારણ છે. જેલની સંસ્થા શા માટે સ્થપાઈ, હિંદની જેલો કેવી છે, વીલાયતની જેલો કેવી છે; જેલમાં કેટલા સુધારા થવાની ખાસ જરૂર છે, આ દુનીઆમાં રાજની જેલ ઉપરાંત બીજી કેટલી જાતની જેલો છે, કુટુંબની જેલ-રીવાજની જેલ–જડવાદની જેલ-ઈચ્છાની જેલ વગેરેના સ્વરૂપ અને સર્વ પ્રકારની જેલોમાં પડવા છતાં આનંદમાં કેવી રીતે રહી શકાય તેનું માર્ગસૂચન એક [illegible]કે પોતે સઘળી જાતની જેલોનો અનુભવ લઇને કર્યું છે વળી તેમાં કાયદાના મુદ્દાઓ તેમજ ધર્મશાસ્ત્રનાં પ્રમાણો અને દલીલોનો ભંડાર છે. પુસ્તક હાલમાં છપાય છે

**ચાલુ ચાતુર્માસમાં નામ નોંધાવનાર માટે ખાસ ઓછા દર—** રૂ ૧) માત્ર (પાછળથી ૧ાા)

**નામ નોંધાવવાનું ઠેકાણું:-**'જૈનહિતેચ્છુ' ઑફિસ, સારંગપુર તળીયાની પોળ-**અમદાવાદ**

---

નીતિ ધર્મ વ્યવહાર-સાહિત્યને લગતા વિષયો ચર્ચતું

વિવિધ વિદ્વાનોની પ્રસાદી આપતું

**સસ્તું અને સુંદર માસિક**

## 'શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ હૅરલ્ડ'.

**દરેક ઘરમાં-દરેક પાઠશાળામાં-દરેક પુસ્તકાલયમાં—**

**દરેક જૈનસભામાં 'હેરલ્ડ' પત્ર હોવું જોઇએ.**

**જો તમારે જૈન તત્વોનું રહસ્ય ઉત્તમ વિદ્વાનો માર્ફત જાણવું હોય,**

**જો તમારે જૈન સંઘની સેવા માટે જન્મેલી કૉન્ફરન્સ દેવીની હીલચાલથી વાકેફ થવું હોય, જો તમારે જમાનાની સાથે ને સાથે જ ચાલવાની ઇચ્છા હોય**

**તો 'હૅરલ્ડ' માસિક અવશ્ય વાંચો.**

**તમે તેના ગ્રાહક થઈ હમણાં જ નામ નોંધાવો.**

**તમે તમારા સ્નેહી જનોને ભલામણ કરી ગ્રાહક બનાવો**

**થોડા ખર્ચે અને થોડી મહેનતે થતી આટલી ધર્મદલાલી જરૂર કરો.**

**ઇનામ ! ભેટ ! બક્ષીસ !**—મહાદેવી કૉન્ફરન્સના દૂત તુલ્ય આ 'હેરલ્ડ' પત્રના ગ્રાહક થવા મિત્રવર્ગને ભલામણ કરવી એ દરેક સાચા જૈનની ફરજ છે; અને એવા કદરદાન જૈન ભાઇઓની કદર બુઝવી એ 'હેરલ્ડ' ઓફિસની પણ ફરજ છે, એમ સમજી એવું ઠરાવવામાં આવ્યું છે કે 'હેરલ્ડ'ના એક અથવા વધુ ગ્રાહક કરી મોકલનાર મહાશયને નીચે જણાવેલાં પુસ્તકોમાંથી એક અથવા વધુ ( જેટલા ગ્રાહક કરી આપવામાં આવશે તેટલી સંખ્યામાં ) પુસ્તકો ભેટ આપવામાં આવશે:—

| | | |
|---|---|---|
| મુંબઈ કોન્ફરન્સનો રિપોર્ટ | વડોદરા કોન્ફરન્સનો રિપોર્ટ | દરેકની કિંમત રૂ. ૦ાથી ૦ાાસુધી |
| ફલોધી કોન્ફરન્સનો રિપોર્ટ | અમદાવાદ કોન્ફરન્સનો રિપોર્ટ | ખાસ વાંચવા યોગ્ય ભાગ છે એમાં |

**'હૅરલ્ડ'નું વાર્ષિક મૂલ્ય ( પોષ્ટેજ સાથે ) રૂ. ૧–૪–૦**

**પત્રવ્યવહાર:**-મેનેજર, 'જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ હેરલ્ડ,' પાયધોની—મુંબઇ.

---

અમદાવાદ.– શ્રી "સત્ય પ્રકાશ" પ્રીન્ટિંગ પ્રેસમાં—શાહ લાલચંદ લક્ષ્મીચંદે છાપ્યું.

Reg. No. B. 525.

# श्री जैन श्वेताम्बर कॉन्फरन्स हॅरल्ड.

# Shri Jain S. Conference Herald.

પુસ્તક ૯—અંક ૧૦] વીર સંવત્ ૨૪૩૯. [ઓકટોબર ૧૯૧૩.

विषयानुक्रम.


બુદ્ધનો પ્રબોધ (કાવ્ય) રા. લલિત. ... ... ૪૮૯
સ્ફુટ નોંધ—જૈન સંઘ અને જ્ઞાન પ્રચાર. ... ૪૯૦
અમારો સ્વીકાર. ... ... ... ... ... ૪૯૪
ગૃહદેવીને (કાવ્ય) રા. શુક... ... ... ... ૪૯૬
જૈન ગ્રંથભંડારમાં વૈદ્યકસાહિત્ય.વૈદ્યબળવંતરાય ક.૪૯૭
સ્વીકાર અને સમાલોચના. ... ... ... ૫૦૦
ચર્ચાપત્રો. (૧) શંકાઓ (૨) જૈનો અને જાતિભેદ. ૫૦૩
The Ideal of a United India (a Poem 504
અપ્રસિદ્ધ જૈન સાહિત્ય (૧) મહાવીર સ્તવન
(૨-૩) પાર્શ્વનાથ અને મહાવીર સ્તવન (૪)
જગત્કર્તૃત્વ (૫) જિનમત (૬) વેશ વિડંબક
(૭) સુવિહિત ગુરૂ. ... ... ... ... ૫૦૫
ઝવેરાતનો વહેપાર. (રા. ઝ. માણેકલાલ ઘેલાભાઈ ૫૧૧
કોન્ફરંસ મિશન (૧) ઉપદેશક પ્રવાસ. (૨) સુકૃત
ભંડાર (૩) ધાર્મિક તપાસણી ખાતું. ... ૫૧૫


वार्षिक मूल्य. ( पोस्टेज सह ) रु. १—४—०

ઑનરરી તંત્રી:—મોહનલાલ દલીચંદ દેસાઈ બી. એ. એલ્. એલ્. બી,
હાઈકોર્ટ પ્લીડર, પ્રિન્સેસ સ્ટ્રીટ—મુંબઇ.

પ્રકટ કર્તા:—શ્રી જૈન શ્વે૦ કૉન્ફરન્સ ઑફિસ તરફથી,
લાલચંદ લક્ષ્મીચંદ શાહ, પાયધોની,—મુંબઇ.

Printed at Shri Satya Prakash P. Press,—AHMEDABAD,
by Lalchand L. Shah.

## શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ,

### શેઠ અમરચંદ તલકચંદ જૈન ધાર્મિક હરીફાઈની પરીક્ષા.

### બાઈ રતન ( શા. ઉતમચંદ કેશરીચંદના પત્ની )

### શ્રી જૈન ધાર્મિક હરીફાઇની પરીક્ષા.

ઉપરોક્ત બન્ને પરીક્ષા તા. ૨૮-૧૨-૧૩ રવિવારે બપોરના ૧-૪ (સ્ટા.ટા.) વાગતાં સુધી મુકરર કરેલા સ્થળોએ મુકરર કરેલા એજન્ટોએની દેખરેખ નીચે લેવામાં આવશે.

૨. મુંબાઇ મધ્યે પાયધુની ઉપર આવેલી શ્રીગોડીજીની ચાલમાં શ્રી જૈનશ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસમાં પરીક્ષા લેવામાં આવશે.

૩. ઉમેદવારોએ પોતાની અરજી તા. ૩૦-૧૧-૧૩ સુધીમાં મોકલી આપવી.

એજન્ટોએ ઉમેદવારો માટે શાહી, ખડીઆ, કલમ એકસસાઇઝ બુકો વિગેરેની ગોઠવણ આ બોર્ડના ખર્ચે કરી આપવી. પરીક્ષાનો ટાઇમ થઈ રહે કે તુરત બધા ઉમેદવારો પાસેથી બુકો લઇ સારી રીતે પેક કરી બીજેજ દિવસે રજીસ્ટર કરીને અમારા ઉપર મોકલી આપવા કૃપા કરવી.

ઠે. શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ,
પાયધુની મુંબઈ નં ૩.

મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.
મોહનલાલ દલીચંદ દેશાઇ.
ઓનરરી સેક્રેટરીઓ.
શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ.

---

# થનાર ગ્રાહકોને સૂચના.

ગત 'પર્યુષણ અંક' ૨૪૦ પૃષ્ઠના અંક પુસ્તક સમાય છે. એટલુંજ નહિ પરંતુ તેમાં આવેલા વિધ વિધ ઉપયોગી વિષયો એટલા બધા વાંચવા વિચારવા યોગ્ય છે કે જેને વિષે અનેક વિદ્વાનોના સુંદર અભિપ્રાયો અત્યારસુધી આવી ગયા છે. આ અંકની કિંમત આઠ આના છે. અને હવે તેની નકલ ઘણી થોડીજ બાકી છે. જેઓ નવા ગ્રાહક થશે તેનો લાભ તે અંકની જુદી કિંમત ન લેતાં આપવામાં આવશે, તો આ પત્રને ઉત્તેજન અર્થે. આ પત્રના આધાર શ્રી કોન્ફરન્સ દેવી ને સહાય આપવા અને આત્માને લાભ આપવા અર્થે દરેક સુજ્ઞ જૈન ગ્રાહક તરીકે નામ મોકલવા અને બીજાને ગ્રાહક બનાવવા તત્પર થશે, એમ અમે ખાત્રી રાખીએ છીએ.

C/o "જૈન કોન્ફરન્સ ઑફિસ—પાયધુની

મેનેજર.
'કોન્ફરન્સ હેરલ્ડ'

---


તયાર **સુંદર બ્લૉટીંગ પૅડ.** કીંમત ત્રણ આના

સુંદર બ્લૉટીંગ પૅડમાં સને ૧૯૧૪ નું કેલેન્ડર, સં. ૧૯૭૦ નું જૈન પંચાંગ, દિવસ રાત્રીનાં ચોઘડીયા છાપ્યાં છે. ટાઇટલ ઉપર મંચર શ્રી જૈનશ્વેતાંબર પ્રાંતિ કોન્ફરન્સના પ્રમુખ શેઠ કંકુચંદ મુલચંદનો ફોટો આપી સુશોભિત કર્યું છે. પાકું પુઠું. વી. પી થી પાંચઆના

ઠે. શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ઑફીસ.
પાયધુની પોષ્ટ નં. ૩. મુંબાઇ.

લાલચંદ લક્ષ્મીચંદ શાહ,

# श्री जैन श्वेताम्बर कॉन्फरन्स हॅरल्ड.

# SHRI JAIN CONFERENCE HERALD.

"सत्साधूनां पुनर्भगवतां महाराज ! नश्यन्त्येवामी पूर्वोदिताः सर्वेऽपि क्षुद्रोपद्रवा यतस्तेषां भगवतां प्रनष्टं मोहतिमिरं, आविर्भूतं सम्यग्ज्ञानं, निवृत्तं सर्वत्राग्रहविशेषः, परिणतं संतोषामृतं, व्यपगता दुष्टक्रिया, त्रुटितप्राया भववल्लरी, स्थिरीभूता धर्ममेघसमाधिः ॥ तथा गाढानुरक्तमंतरंगमतःपुरं ॥ यतस्तेषां भगवतां संतोषदायिनी धृतिसुंदरी, चित्तप्रसादहेतुः श्रद्धा, आल्हादकारिणी सुखासिका, निर्वाणकारणं विविदिषा, प्रमोदविधायिनी विज्ञप्तिः, सद्बोधकारिणी मेधा, प्रमदातिरेकानिमित्तमनुप्रेक्षा, अनुकूलचारिणी मैत्री, अकारणवत्सला करुणा, सदानंददायिनी मुदिता, सर्वोद्वेगघातिनी उपेक्षेति."—श्री सिद्धर्षिः

પુસ્તક ૯-અંક ૧૦.] વીર સંવત્ ૨૪૩૯. [ અકટોબર, ૧૯૧૩.

## बुद्धनो प्रबोध.

( આશાવરીની ધુન.× )

૧

બુદ્ધને પ્રબોધ આપુ ! તું પ્રબુદ્ધ હો !
સ્નેહનો રસાયને તું સિદ્ધ શુદ્ધ હો !

૨

આ જ દેહ આ જ દુનિયાનો ઉજાળ હો !
દીનનો મનુષ્યદેવ તું દયાળ હો !

૩

આત્મસિદ્ધિનો સદા જગાવનાર હો !
આંગણે અશોકનો તું વાવનાર હો ! *

લલિત.

× માલકોશમાં પણ અચ્છી રીતે ભાવનાની ધુન સાથે ગવાશે. તંત્રી.

* આ રસમય સચેતન ગીત ગાતાં જૈન વાચકને બે સ્ફુરણ થશે. (૧) તો પ્રભુ બુદ્ધ છે કારણ કે ભક્તામરમાં સ્તવાયું છે કે '**बुद्धस्त्वमेव विबुधार्चित बुद्धिबोधात्** ' (૨) પ્રભુના આઠ પ્રાતિહાર્યમાં એક અશોક વૃક્ષ છે, કે જેનું રહસ્ય પણ ઉક્ત ગીતમાંથી મળશે. તંત્રી.

# स्फुट नोंध.
# Editorials Notes.

## દુનિયામાં જૈન સંઘનું સ્થાન.

### એ જોખમદારીઓ અદા કરવા માટે જ્ઞાનનો પ્રચાર કરવાની અનિવાર્ય જરૂર.

### જ્ઞાનપ્રચાર માટે વ્યવહારૂ રસ્તા તાકીદે યોજવાની કેટલાક હિતેચ્છુઓ તરફથી થતી હિલચાલ.

**(૧) દુનિયામાં જૈન સંઘનું સ્થાન.**

ઠગારાં સુખો અને પ્રત્યક્ષ દુઃખોથી ભરપુર આ દુનિયામાં દિલાસો, દયા અને સ્હાયનાં તત્વોની ઘણીજ જરૂર છે. જૈન ધર્મ એ દીલાસો, દયા અને સ્હાયનાં તત્વો પ્રબોધનાર ફીલસુફી છે, અને જૈન સંઘ, એ ફીલસુફીને અમલમાં મુકવા માટે વ્યવસ્થાપૂર્વક યોજાયલું 'બંધુમંડલ' અથવા 'સ્વયંસેવક મંડલ' છે. દુનિયાના સઘળા જીવો એ 'સેવ્ય' છે અને જૈન સંઘ ( તેનાં ચ્હડતા-ઉતરતા અધિકારવાળાં ચારે અંગો સાથે ) સર્વ જીવોનો 'સેવક' છે.

એ 'સ્વયંસેવક મંડલ' અથવા 'જૈન સંઘ'માં પ્રથમ દરજ્જાના અધિકારી 'સર્વ-વિરતિ' અથવા સર્વથા આત્મભોગનું વ્રત લેનારાં 'સાધુ'—'સાધ્વી' છે; અને તેથી ઉતરતા દરજ્જાના અધિકારી એટલે 'દેશ વિરતિ' અથવા મર્યાદિત આત્મભોગનું વ્રત લેનારાં 'શ્રાવક—શ્રાવિકા' છે. તે સર્વનું કામ પોતપોતાના 'અધિકાર' અને શક્તિના પ્રમાણમાં આ દુઃખી દુનિયામાં દીલાસો, દયા અને સ્હાય ફેલાવવાનું છે; અને 'સેવ્યો'ના વર્ગમાં 'માર્ગાનુસારી' ( અથવા Sympathisers ) નો વર્ગ ઉભો કરવા તરફ પણ તેઓએ મુખ્ય લક્ષ આપવાનું છે, કે જેથી એ 'માર્ગાનુસારી'ઓ ( અથવા Sympathisers ) ક્રમે ક્રમે 'સ્વયંસેવક મંડળ' અથવા જૈન સંઘમાંના અનુક્રમે ચ્હડતા અધિકાર સ્વીકારી દુનિયાના **સ્હાયકો**ની સંખ્યામાં વધારો કરે.

**(૨) જૈન સંઘથી એ કર્તવ્ય ક્યારે બની શકે ?**

આવું મહાન કર્તવ્ય જૈન 'સંઘ' ને માથે છે. એ કર્તવ્ય બજાવવા માટે દ્રવ્ય, શરીર બળ, સહનશક્તિ, દુનીઆદારીનું જ્ઞાન અને વિશાળ બુદ્ધિ તથા તત્વજ્ઞાનઃ આ સર્વ સાધનોની જરૂર છે. **સાધનની અપૂર્ણતા હોય તો સાધ્ય સમ્પૂર્ણપણે સાધી શકાય નહિ** એ તો ઉઘાડું સત્ય છે. **જૈન** ફીલસુફીએ સૂચવેલા નિયમોપર વિચાર કરતાં જણાશે કે એ નિયમોના પાલનથી માણસનું જીવન તદન સાદું—સરળ બનવાથી શરીરબળ અને સહનશક્તિ અવશ્ય ખીલવા પામે છે; તેમજ નવતત્વ વગેરેના અભ્યાસથી તત્વજ્ઞાન પ્રાપ્ત થઇ આત્મબળ ખીલે છે. વળી પ્રામાણિક ઉદ્યમ કરવાના પ્રતાપે કુદરતી રીતે

જ દ્રવ્યનો પણ વધારો થવો સંભવિત છે. અને જો દુનીઆદારીનું—જમાનાને અનુસરતું જ્ઞાન મેળવવામાં આવે તો દ્રવ્ય અવશ્ય મળે જ.

મતલબ કે જો **જૈન** સંઘ 'દુનીઆના સ્વયંસેવક' તરીકેનું પોતાનું સ્થાન કબૂલ રાખવા ખુશી હોય તો તેણે જૈન તત્વજ્ઞાનનું ઊંડું સ્વરૂપ શીખવું જોઇએ અને જમાનાના ખરું વ્યાવહારિક જ્ઞાન મેળવીને પોતાની **આર્થિક સ્થિતિ પણ સુધારવી જોઇએ.** કે જેથી દ્રવ્ય તેમજ બુદ્ધિ બન્ને વડે દુનિયાની સેવા સારી રીતે બજાવવાનું બની શકે.

જે સમાજ અગર જે વ્યક્તિ **પોતાનું** ગુજરાન ચલાવવાને શક્તિમાન નથી તે સમાજ કે તે વ્યક્તિ આખી **દુનિયાનું** દુઃખ દૂર કરવાને લાયક ન જ હોઇ શકે એ દેખીતું જ છે.

તત્વજ્ઞાન અથવા આત્માનું જ્ઞાન કે ધર્મનું ઊંડું જ્ઞાન—જે કહો તે—એવી વસ્તુ છે કે જે સામાન્ય માણસથી સમજાઇ શકે નહિ; તે સમજવાને વિશેષ અક્કલની જરૂર પડે છે. આજે દરેક ધર્મની કંગાલ હાલત જોવામાં આવે છે તેનું ખરું કારણ કાંઇ હોય તો તે એ જ છે કે, વિશેષ અક્કલ વગરના—પુરી સામાન્ય અક્કલ (Common Sense) પણ નહિ ધરાવતા લોકોને તે ધર્મ મળ્યો હોય છે તેથી તેઓ વસ્તુનું સ્વરૂપ સમજી શકતા નથી અને કમરમાં ખોસવાની કટારી પેટમાં ખોસીને ઉલટી પીડા કરી બેસે છે. અજ્ઞાનનું એ જ પરિણામ આવે, એમાં કાંઇ નવાઇ નથી. માટે પ્રથમ—સૌથી પહેલાં **જૈન સમાજમાં બુદ્ધિનો વધારો કરવા માટે આજના જમાનામાં મળતી ઉચ્ચ કેળવણીનો ફેલાવો જેમ બને તેમ કરવા તરફ લક્ષ આપવું.** એ જ્ઞાનથી તેઓની બુદ્ધિ ખીલવા પામશે. **કાર્ય કારણનો સંબંધ વિચારવા તરફ અને વસ્તુનું મૂળ સ્વરૂપ વિચારવા તરફ તેઓની બુદ્ધિ દોડશે,** અને એવે વખતે એમને મળેલું ઊંચું ધાર્મિક તત્વજ્ઞાન—અધ્યાત્મ જ્ઞાન તેઓ **સ્હેલાઇથી** સમજી શકશે, **પચાવી** શકશે અને એનાં **ગૂઢ તત્વો** દુનિયાને **સાદા રૂપમાં** સમજાવી શકશે.

એટલા માટે **ભાર દઇને** કહેવું જોઇએ છે કે, આજના **બુદ્ધિવાદના જમાનામાં** જૈનોને જેમ બને તેમ ઊંચી કેળવણી આપવાના રસ્તા યોજવાની સૌથી મ્હોટી જરૂર છે.

તે સાથે એ પણ કહી લેવું જરૂરનું છે કે, ગૂઢ તત્વના શોખીન મુનિવરોએ બુદ્ધિશાળી જૈનો અને જૈનેતરો સમક્ષ અધ્યાત્મની સૂક્ષ્મ વાતોનું રહસ્ય વ્યાખ્યાન તેમજ પુસ્તકોદ્વારા રજુ કરવાના પ્રસંગો લેવા જોઇએ છે. અને બે ચાર ઉંચી કેળવણી પામેલા અને ભદ્રિક સ્વભાવવાળા જૈનોને ધર્મનું ઊંડું સ્વરૂપ શિખવા-વિચારવા—ફેલાવવાની **સગવડ કરી આપવાની** પણ એટલીજ જરૂર છે, કે જેથી તે અભ્યાસીઓ રળવા—ખપવાની જંજાળમાંથી મુક્ત રહી સઘળી તન-મનની શક્તિઓનો વ્યય **આત્મજ્ઞાન મેળવવા અને ફેલાવવા પાછળ જ** કરી શકે.

એક તરફથી એ હીલચાલ, નસે નસે ધર્મના અભિમાન અને પ્રેમવાળા કોઇ મહાત્માએ તથા કોઇ એકાદ ભવ્ય જૈન શ્રીમંતે ઉપાડી લેવી જોઇએ છે, અને બીજી તરફથી **આખા જૈન સંઘેજ**—સાધુરત્નોએ તેમજ શ્રાવકભાઇઓએ પોતાની લાગવગ અને પોતાના ધનવડે આખા **હિંદના** જૈનોમાં કેળવણીનો પ્રચાર કરવા માટે લાગી પડવું જોઇએ છે.

છુટી છવાયલી સખાવતોનું પરિણામ યથેષ્ટ આવી શકતું નથી, એટલા માટે એ જરૂરનું છે કે સઘળી રકમો એક જગાએ એકઠી કરવાની અને એકજ જગાએથી આખા **હિંદના શ્વેતાંબર જૈન** ભાઇઓને અભ્યાસ માટે મદદ મોકલવાની **યોજના** ગોઠવવી.

આવી એક યોજના ઘડી તે પ્રમાણે વ્યવસ્થા તાકીદે કરવા અત્રેના કેટલાક ધર્મપ્રેમી મહાશયો પ્રયત્ન કરતા જોવાયા છે. એને પરિણામે એએક મહાશયો તરફથી બે યોજનાઓ અમને મળી ચુકી છે, જે પૈકી એક યોજના જૈન ગુરૂકુળ કરવાની સૂચના કરે છે અને તે કાર્યને પહોંચી વળવાના રસ્તા વગેરે સૂચવે છે; જ્યારે બીજી યોજના આખા **હિંદના શ્વેતાંબર** જૈન વિદ્યાર્થીઓ પૈકી જેમને જેવી મદદ જોઇએ તેના પ્રમાણમાં સ્કૉલરશીપો, લોનના રૂપમાં અપાતી મદદ, સેન્ટ્રલ બોર્ડિંગ હાઉસ વગેરેની વ્યવસ્થા કરવા સૂચવે છે અને તેને લગતું ખર્ચ કેવી રીતે મેળવવું એ બાબતના રસ્તા સૂચવે છે. કેટલાક સ્થાનિક આગેવાનોએ આ પછી દેવલાલી ગુરૂકુળની મુલાકાત પણ લીધી હતી અને એ બાબતનો અનુભવ લઇ ફંડ માટે કોશીશ આદરી હતી, પરન્તુ તેઓને શરૂઆતમાં જ કેટલીક મુશ્કેલીઓ અનુભવવી પડી છે. મુશીબતો ગમે તે પ્રકારની હો, અને ગમે તેટલી સંખ્યામાં હો, પણ વિદ્યાપ્રચારનું કામ હવે તો એટલું બધું અનિવાર્ય થઇ પડયું છે કે ગમે તે એક યોજના મંજુર કરી તે ઉપર અમલ કરવામાં વિલંબ થવા ન દેવો એ જ ઇચ્છવા યોગ્ય છે.

વ્યાપારીઓ, ગૃહસ્થો! ત્હમે સમાજના 'પેટ' રૂપ છો. પેટમાં પડેલું અન્ન કાંઇ પેટના ભોગવવામાં આવતું નથી, પણ લોહી બની આખા શરીરમાં જાય છે. તેમ તમારૂં જે દ્રવ્ય છે તે સમાજ રૂપી શરીરના પોષણ અર્થે ત્હમને કુદરતે સાચવવા સોંપ્યું છે. ત્હમારે તે દ્રવ્ય રૂપી અન્નનું શક્તિ રૂપી લોહી બનાવી તે શક્તિ સમાજરૂપ શરીરને વ્હેંચી આપવી જોઇએ છે. તમને જાતઅનુભવથી માલમ હશેજ કે આજકાલ ખર્ચ વધી પડયાં છે અને આવકનાં સાધન છેકજ ઘટી ગયાં છે.

દરેક વ્યાપારમાં—નોકરીઓમાં—તમામમાં હરીફાઇ વધી ગઇ છે. યુરોપીઅનોએ વ્યાપાર એકહાથ કરવા માંડયો છે. આપણા દેશનાં ન્હાનાં ન્હાનાં ગામડાંઓમાં પણ તે લોકો પહોંચી વળ્યા છે અને જથ્થાબંધ માલ ખરીદી વ્યાપાર એકહાથ કરે છે. આપણે અગાઉની માફક વ્યાપારમાં કે નોકરીની બાબતમાં **એક** ગામ કે **એક** પ્રાંતના મનુષ્યોથી હરીફાઇ કરવાની નથી પણ **આખી દુનીઆના** માણસો આપણાથી હરીફાઇમાં આવતા હોવાથી, જો આપણે એવા જબરા હોઇએ કે સર્વથી હરીફાઇમાં જીતી શકીએ તો જ પેટપૂર રોટલો મેળવી શકીએ; નહિતો ભૂખ્યા મરવાનું છે. ત્યારે હવે વિચાર કરો કે, આપણાં બાળકોને **હરીફાઇ** તો આખી **દુનીઆ** સાથે કરવાની છે અને **કેળવણી** તો **એક ગામડામાં** મળતી હોય તેટલીજ લઇને અપાસરામાં બેસી જવું છે, ત્યારે **તેવી** અને **તેટલી** કેળવણીથી અને **તેટલી** બુદ્ધિથી આપણું પેટ કેમ કરી ભરાવાનું હતું? જૂઠ, છળકપટ, કન્યાવિક્રય, ચર્મદલાલાં, ધર્માદાનું દ્રવ્ય હોઇઆં કરવું: એ સઘળા આજકાલ જોવામાં આવતા દુર્ગુણો માત્ર **હરીફાઇમાં જીતવાની શક્તિને અભાવે** અને **બહોળાં ખર્ચો ફરજ્યાત હોવાના પરિણામે જ** ઉદ્‌ભવ્યાં છે. ઘરમાં પૈસો હોય નહિ, અને પૂર્વજોનું નામ સાચવવા ખાતર મ્હોટા વરા કરવા પડે અગર માની લીધેલા ગુરૂના માનમાં મ્હોટી ધામધુમો

પાછળ ખર્ચ કરવાં પડે, તેવા માણસોને પોતાના ઘેર જમા રખાયલી ધર્માદાની રકમો હોઇયાં કરવાની ઇચ્છા થાય એમાં આશ્ચર્ય શું? માટે નીતિનાં ભાષણો આપવાથી, ધર્મના તત્વજ્ઞાનનું વ્યાખ્યાન આપવાથી કે સુધારાના સવાલો પર ભાર મૂકવાથી-માત્ર એવી ખાલી વાતોથી જ કોઈ જનસમાજ નીતિવાન બની શકવાની આશા રાખશો નહિ. માર્ગાનુસારીનો પ્રથમ કાનુન એ છે કે **'ન્યાયસંપન્ન દ્રવ્ય' મેળવવું;** એ એક કાનુનમાં—

(૧) ન્યાય-અન્યાય સમજવાની-વિચારવાની શક્તિ.
(૨) દ્રવ્ય મેળવવાના રસ્તા-ધંધા કે નોકરી-કરવાની આવડત
(૩) ધંધા કે નોકરીમાં હરીફાઇ વચ્ચે આગળ રસ્તો કરવાની ધીરજ અને મનોબળ.

આ ત્રણ તત્વોનો સમાવેશ થાય છે. જેનામાં તે નથી તે શુદ્ધ 'શ્રાવક' બની શકે જ નહિ. 'શ્રાવક' કોણ? પરમાત્માનાં વચનો (લખાયેલાં, પ્રેરાયલાં કે બોલાયલાં) શ્રવણ કરે અને તેથી પરમાર્થ માટે જ પોતાનું જીવન છે એવો ખ્યાલ પૂરેપૂરો પામે એવો પુરૂષ. શ્રાવકો કોણ? દુનીઆના 'સ્વયંસેવકો'—જગતના 'વોલંટીઅરો'—પ્રાણી સૃષ્ટિના સહોદરો-વિશાળ પેટવાળા સાગરો. શ્રાવકો કોણ? ઘર બાળીને તીર્થ કરે તેઓ ('તીર્થ' એટલે તારે એવું કામ, જગતનો ઉદ્ધાર કરે એવું કામ—બળ બુદ્ધિ કે સુખ કોઇને જેનાથી મળે તેવું કામ). શ્રાવકો કોણ? દુઃખીની બુમ સાંભળી મોંમાંનો કોળીઓ પણ પાછો ફેંકી દે તે. શ્રાવકો કોણ? દરરોજ બાર ભાવનાઓમાં **એકવાર** ડુબકી મારે જ અને એ દ્વારા **આખા વિશ્વથી એકતા અનુભવે** તે. શ્રાવકો કોણ? પ્રાતઃકાળમાં સુસ્તીને ફેંકી દઇ એ **શ્રેષ્ઠ મુહુર્તમાં** સામાયિક-સમાધિ ધરીને **પરમાત્માની** શક્તિનો ઝરો પોતામાં ઉતારી લે અને **એ શક્તિ વડે** આખો દિવસ ઉદ્યમ કરે અને એ ઉદ્યમમાં કાંઇ દોષ થઇ ગયો હોય તો સાંજે 'પ્રતિક્રમણ' વડે દોષોનું સ્મરણ કરી પશ્ચાતાપ કરી લે તે. **આમ 'શ્રાવકપણું' એ પવિત્ર જીવન છે, વ્યવહારૂ ધર્મ છે.** અને અમને ખાસ કરીને આ જમાનામાં તો એવો વ્યવહારૂ ધર્મ જ જોઇએ છે; હરીફાઇના આ જમાનામાં-ઓછી તાકાદ અને ઓછી પુન્યાઇવાળા આ જમાનામાં આપણે ધર્મનું તદ્દન **વ્યવહારૂ**-પ્રેક્ટીકલ સ્વરૂપ જ જોઇએ છે, કે જે આપણું વર્તન શુદ્ધ કરે અને જે આપણને પવિત્ર ઉદ્યોગ કરવા માટે જોઇતો વખત પૈસો અને શરીરબળ મેળવતાં અટકાવે નહિ પણ ઉલટું આપણું તે સઘળી દિશાનું બળ વધારે. જે વખતે આપણી પાસે પૈસો અને શરીરબળ તથા ફુરસદ ત્રણે પુષ્કળ હતાં તે વખતે ધામધૂમો પાછળ જે ખર્ચ કરાતાં તે પાલવતાં. આજે તો આપણે મરી રહ્યા છીએ. શરીરની કમજોરીમાં, પૈસાની કમજોરીમાં, બુદ્ધિની કમજોરીમાં. સ્વતંત્રતાની કમજોરીમાં આપણે સડીએ છીએ. તેવા વખતે જેઓ પાસે એમાંનું થોડું પણ 'જોર' રહેવા પામ્યું હોય હેમણે **વ્યવહારૂ રસ્તે જ** હેનો ઉપયોગ કરવો જોઇએ. ભાઇઓ! હમારાં જૈન બાળકો જમાનાની હરીફાઇમાં ઉતરી પ્રામાણિક રીતે દ્રવ્ય સાધન કરી શકે એવું જ્ઞાન તેમને આપવામાં તમારા ખજાનાનો અને ચાલુ આમદાનીનો બને તેટલો ભાગ આપો અને ધર્મનું પહેલું પગથીઉં જે 'માર્ગાનુસારીપણું' અને તેનો પહેલો પાયો જે 'ન્યાયોપાર્જિત વૈભવ' તે મેળવવાને લાયક તેઓને બનાવો. વિદ્યોત્તેજક યોજના એ જ માટે છે, માટે જેટલે જેટલે રસ્તે અને જેટલા જેટલા પ્રમાણમાં હમારાથી બની શકે તે રસ્તે અને તે પ્રમાણમાં તે યોજનાને મજબુત કરી સ્વાર્થ અને પરમાર્થ બન્ને સાધવાનો લાભ લ્યો.

# अमारो स्वीकार.

**પર્યુષણ અંક.**

—શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ હેરલ્ડના પર્યુષણ અંકની એક નકલ ઉપકાર રૂપ મોકલવામાટે આપનો ઉપકાર હું માનું છું ને તેમાં મ્હારાં ગીતો પ્રસિદ્ધ કરવા માટે તો વિશેષ વળી. આપણા આ સંક્રાંતિકાળમાં જૈન બંધુઓની પુણ્યપ્રવૃત્તિઓમાં નવ ચેતનના ચમકાર જોઇ આનંદશાંતિ વધે છે, હાલના હીંદી જીવનની દૃષ્ટિમર્યાદા વધતી જાય છે તેવે સમયે હીન્દુ અને જૈન ભાઇઓ પણ તેમાં સહચાર સાધે એજ ઇષ્ટ છે અને પર્યુષણ અંકમાં જોવાતો વિકાસ સરળ નિર્મલ ચિત્તે વધતો રહેશે તો જગસિદ્ધિ બીજા કોને વર વરશે?

**વડોદરા.** ૮-૯-૧૩. —રા. **લલિત.**

—"**હેરલ્ડ**" વાંચ્યું, લેખો સારા આવ્યા છે. '**નિર્મળા** બ્હેન' જેવા સ્ત્રીલેખકે પણ ગતવર્ષની માફક આ વર્ષમાં પોતાના લેખો મોકલી આપ્યા છે તે આનંદજનક છે. મુનિશ્રીઓએ પણ આ અંકમાં સારા લેખો મોકલ્યા છે બાઇશ્રી **મગનલાલના** ઉચ્ચ ભાવનાથી ભરેલાં અને કાવ્યો વાંચી આનંદ પામ્યો છું. આ અંકમાં ઘણા કસાયેલા લેખકોએ લેખો મોકલી '**હેરલ્ડ**' ને શોભાવ્યું છે, બધા લેખો વાંચવા લાયક છે અને જુદી જુદી વૃત્તિના દરેક વાચકને કંઇને કંઇ જાણવાનું મળે તેમ છે. જૈનેતર વિદ્વાનો (રા. રા **રણજિતરામ વાવાભાઈ** વગેરે)ના લેખો જૈનભાઇઓએ અથથી ઇતિસુધી વાંચી તે ઉપર મનન કરવાની જરૂર છે '**સમય**'નો **સદ્ધર્મસંદેશ** પણ સારો છે. આપે 'હેરલ્ડ' હાથમાં લીધા પછી તેમાં સારો સુધારો થયો છે અને તેથી એ બાબતમાં આપને ધન્યવાદ ઘટે છે!

**અમદાવાદ.** ૯-૯-૧૩. —રા. **પોપટલાલ કેવળચંદ શાહ.**

—**શ્વેતામ્બર કોન્ફરન્સ હેરલ્ડ—**ભાઇબંધે પર્યુષણ પર્વનો સપ્ટેમ્બર અને અક્ટોમ્બર માસનો ભેગો અંક કાઢ્યો છે. તેમાં ગુજરાતી ભાષાના જાણીતા લેખકોના લેખ મેળવવામાં સંપાદક મહાશયે ઠીક પ્રયાસ કર્યો છે. વળી આપણા અને ઢુંઢિયા સાધુના લેખો આપી જૈન સમાજને અભેદ માર્ગ બતાવવા રા. રા મોહનલાલનો પ્રયાસ ઠીક છે. આ માસિક જૈનો માટે છે તે કોન્ફરન્સના આશય પાર પાડવા માટે છે અને તેના લેખ માટે જૈન લેખકોની સારી સંખ્યા ન મળે તે ખેદની વાત છે. આવા માસિકો અને વર્તમાન પત્રો બહુધા જૈનોના એક વર્ગને કેળવવા માટે છે અને જ્યારે જૈન કેળવાયેલાઓ પોતાની ફરજ આવા લેખ લખાવવામાં પુરી ન પાડે તો ખામી સંપાદનની, તે વિચારની કે બીજી છે તે જોવાની જરૂર છે. કેટલીક વાર લેખના સંબંધમાં એમ બને છે કે સંપાદક મહાશય મ્હોટાઇના આડમ્બરમાં કેટલાક લેખો દાખલ કરતા નથી અને આવા કારણથી કેટલાક જૈન ઉત્સાહી લેખકોને ઉત્તેજન મળતું નથી,

—આ અંકમાં સમાયલા લેખોનો સંગ્રહ સારો છે. કેટલાક લેખ વિચારવા જેવા છે અને જે સમાજ માટે તે પ્રકટ કરવામાં આવ્યા છે તે સમાજના સભ્યો વાંચી-વિચારી તેનો ઉપયોગ કરે તેજ જોવાનું છે, જે પ્રકારના લેખો આમાં છે તે પ્રકારના લેખો આ માસિકના વાંચનારાઓનો મ્હોટો ભાગ સમજશે કે નહી તે વિચારવાનું છે. કેટલીક વખત વિદ્વાનો પોતાના જ્ઞાનની તુલના કરી લખે છે અને ઇતર સમાજને પોતાની વિદ્વતા

બતાવવાનો ડોળ કરે છે. પણ તેમના લેખ વાંચનાર કોણ છે? કઇ જાતની કેળવણી લીધેલા તે સમ્યો છે. આ બધો જો વિચાર કરવામાં આવે તો અમે સાફ કહીશું કે આ અંક કેવળ થોડા જૈનોનેજ ઉપયોગી થશે. હમેશાં આપણો આશય ભુલી જવામાં અમારા વિદ્વાનો ભુલ ખાય છે. આ અંકમાં બ્હેન નીર્મળાની એક કવિતા અને લેખ છે. આ ભગીનીને તેણીના પ્રયાસ માટે અમો અભિનંદન આપીએ છીએ અને ઇચ્છીશું કે આવી લેખક ભગીનીઓ વધુ નીકળી સમાજ સુધારાના કાર્યમાં સહાય થાઓ. આ અંકમાં મી. મકનજી, ડા. ન્હાલચંદના ચરિત્ર ચિત્રો સહીત છે બન્ને ચિત્રો પશ્ચિમના પોષાકમાં છે. અંક અમદાવાદમાં છપાયો છે. પુંઠું આર્ટ પેપરનું છે. શરૂઆતમાં શ્રીમદ્ મુનિ આત્મારામજીની સુંદર છબી આપેલી છે. લગભગ ૨૨૫ પાનાનો આ અંક ઠીક છે. પર્યુષણના માટે કાઢેલો ખાસ અંક પર્યુષણ પછીજ બહાર પાડયો છે; આપણા પર્યુષણના દિવસો ઘણા ભાગે વ્યાખ્યાન વગેરેના શ્રવણમાં જતા હોવાથી આવો અંક ગમે તે વખતે બહાર પડે તોપણ તે આવકારદાયક છે. જૈન. ૭-૯-૧૩.

—ખાસ અંક વાંચી અત્યંત આનંદ થયો. આ વખતના તમારા 'સાહસ' તથા લેખકોની પસંદગી માટે ખરેખર ધન્યવાદ દઉં છું. સંકુચિત દૃષ્ટિનો ત્યાગ-તથા જૈન તથા જૈનેતર લેખકોને અપાયેલ પસંદગી-કે જેની ખાસ આવશ્યકતા હતી તે સૂત્રનો થયેલો સ્વીકાર ખરેખર આલ્હાદ ઉપજાવે છે, ભલે **જૈનવાળો** પેટની બળતરા પોતાના પેપરમાં કાઢે, પણ વિદ્વાનો તુલના કર્યા સિવાય રહેનાજ નથી.

**પાદરા.** ૧૧-૯-૧૩. રા. **મણીલાલ મોહનલાલ વકીલ.**

**શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ હેરલ્ડનો પર્યુષણ અંક**—મૂર્તિપૂજક જૈનોની કોન્ફરન્સ ઓફીસ તરફથી બહાર પડતા આ માસિકે બે વર્ષથી પર્યુષણનો ખાસ અંક બહાર પાડવા માંડયો છે. આ અંકમાં જે કાંઇ વિશિષ્ટ તત્વ રહેલું છે તે તેમાંના લેખોની વિવિધતાનું છે. **न गच्छेज्जैनमंदिरम्** । માનનારા વિદ્વાન લેખકો જૈન માસિક પત્રમાં લેખો લખવા જેટલી ઉદાર ભાવના ધરાવતા થયા છે અને જૈનો અન્યધર્મીઓના લેખોને નિષ્પક્ષપાત બુદ્ધિથી માત્ર સત્ય ગ્રહણ કરવાના હેતુથી સત્કારવા લાગ્યા છે એ કાંઇ થોડા સંતોષની વાત નથી. જૈન વિષયોને લગતા લેખો ઉપરાંત તેમાં ઘણા વિચારણીય લેખો પણ આવેલા છે. મુનિજીવન, જૈનો અને કેળવણી, ઐક્યભાવનાની જરૂર, જૈન સાહિત્યના વિકાસ માટે જૈનોએ શું કરવું જોઇએ?, જૈનો અને ગુજરાતનું નવજીવન, સ્ત્રીઓનો પોશાક, આદર્શ જૈન સાધુઓ શું જગતનું હિત ન કરી શકે?, બાળકો માટે સાહિત્ય, પાંજરાપોળ પ્રત્યે સમાજસેવકોનું કર્તવ્ય, જૈન ભંડારોની ટીપ કેવી રાખવી જોઇએ? ઇત્યાદિ વિષયોનો એ વિચારણીય લેખોમાં સમાસ થાય છે. વસંત, અમૃત, મુનિ શ્રી નાનચંદજી, વગેરેના કાવ્ય લેખો પણ સારા છે. મર્હુમ મી. ગોવિંદજી મુળજી મેપાણીનો અંગ્રેજી લેખ, મી. મ કી. મહેતાનો 'નય ફીલોસોફી' નો લેખ અને રા. સુશીલનો અંગ્રેજી લેખ ગહન વિચારોથી યુક્ત જણાયા વિના રહેતા નથી. હિંદી અને માગધી લેખોની પ્રસાદી પણ તેમાં છે જે ઉદાર ભાવનાથી જૈનોની સમક્ષ આ વિવિધ રસયુક્ત પત્રાવલિ પીરસવામાં આવી છે તેજ ઉદાર ભાવના તેના વાચકોમાં પ્રવેશ કરે તો સંપાદકનો પરિશ્રમ સફળ થયો લેખાય.

પ્રજાબંધુ ૧૮—૯—૧૩.

—આપની આ સત્પ્રવૃત્તિમાં અનેકવિધ સફળતા-ત્હેની વિષયવિવિધતામાં તથા વિષયોની ઉપયોગિતામાં—આપે મેળવી છે, તેને માટે અભિનન્દન આપું છું તે સ્વીકારશો.

૧૧-૯-૧૩ —રામમોહનરાય. તંત્રી સુંદરી સુબોધ.

—દળદાર પુસ્તકના કદ જેટલો આ અંક છે. તેમાં હાલના ઘણાખરા વિદ્વાનો તથા કાવ્યકારોના લેખો અને કાવ્યો જુદા જુદા વિષયો ઉપર આવેલા જોઇ ઘણો જ આનંદ થયો છે. આ અંક માટે આપને ઘણી મહેનત લેવી પડી છે એ સદરહુ અંક જોતાં જ જણાય છે.

૧૫-૯-૧૩ —વકીલ અમેચંદ કાળીદાસ.

—અંકમાં સમાયેલા વિધવિધ લેખકોના વિધવિધ વિષયો વાંચતાં જ્ઞાન સાથે આનંદ ઉપજે તેમ છે.

૨૦-૯-૧૩ —અ. સૌ. જમનાબાઇ નગીનદાસ સક્કર્ઇ.

—હેરલ્ડનો પર્યુષણ અંક જોયો, અંકનું ટાઇટલપત્ર જો કે વિશેષ સુશોભિત કહી શકાય તેવું તો નથી જ, તો પણ તેથી કાંઇ અંકની અંદર સમાયેલાં લેખોની વેલ્યુ ઓછી છે એમ કહી શકાય તેમ નથી જ. ગતવર્ષ કરતાં આ વર્ષના અંકમાં વિશેષ સુધારો જોવામાં આવે છે. તેમાં પણ સંકુચિત દષ્ટિને દૂર કરી જે જૈનેતર વિદ્વાનોના લેખને સ્થળ આપવામાં આવ્યું છે તે વિશેષ સ્તુતિપાત્ર ગણી શકાય તેવું છે. તેમાં પણ વળી જૈનમાસિકમાં સ્ત્રી લેખકનું કાવ્ય અને લેખ એ તો અતિહર્ષ ઉપજાવે તેવું છે. લેખોમાં પણ "નેમિનાથ ચતુષ્પાદિકા, સ્થૂળભદ્ર, પ્રાચીન જૈનગણિત શાસ્ત્રી, અને એક ઐતિહાસિક પ્રશસ્તિ," એ લેખો નવું અજવાળું પાડે તેવાંજ છે. બાકીના સર્વ લેખો પણ એકએક કરતાં ચઢીયાતાં લેખાય તેમ છે. ચિત્ર-ચુણ્ટણ પણ વિચારથી થયું હોય તેવું જોવામાં આવે છે. સર્વાંશે આખું પુસ્તક આનંદ આપે તેવું અને મનન કરવા લાયક લેખોથી ગુંથાયેલું છે. પછી ભલે ગમે તે અન્ય પત્રો પોતાનામાં રહેલી નૈસર્ગિક વિપરીત લાગણીને લીધે ગમે તેમ લખે! હેરલ્ડને હાલના નવા તંત્રી મળ્યા પછી અંદર વિશેષ સુધારો થયો છે, એવું કહ્યા વિના ચાલી શકે તેમ નથી. કારણ કે તેના અથાગપરિશ્રમને લીધે જ હેરલ્ડ માસિક આટલી ઉચ્ચ સ્થિતિએ નિહાળવામાં આવે છે.

મુંબઇ,—૨૨-૯-૧૪ —જીવણચંદ સાકરચંદ જવેરી.

# ગૃહદેવીને !

સુલક્ષણા શાંત શુકસ્વરી સતી, નીતિમતિ પ્રેમભરી પ્રભાવતી ;
ધૃતિવતી બુદ્ધિમતિ સુહાસિની, વિવેકી દક્ષા વિનીતા વિનોદિની. ૧

બહુશ્રુતા મંગળ મંદભાષિણી, ધર્માનુકૂલા સુરદેવી નંદિની;
મહોજ્જવલા હે ગૃહદેવી દામિની, વીરાંગના વંદનયોગ્ય માનિની. ૨

મળો સહુને ગૃહદેવી તું સમી, ધરી મહેચ્છા પ્રભુને પદે નમી;
કરો પ્રભુજી ! અમીદૃષ્ટિ સૌ પરે, આર્યા સુરૂણી ગૃહદેવીઓ ઘરે. ૩

રાજકોટ શુક.

# जैन ग्रंथभंडारमां वैद्यक साहित्य.

**अहिंसा परमो धर्मः** ની ધ્વજા સમગ્ર આર્યાવર્તમાં ફરકાવનાર જૈન તત્વજ્ઞાનીઓ દ્વારા ધર્મબોધથી, અહિંસા ધર્મનું પાલન કરવાના અનુકરણીય આચારથી, ચૈતન્યતત્વ, જીવ, કર્મ, પરમાણુ પુદ્‌ગળના વિશાળ જ્ઞાનના આધારે, રાજ્ય સત્તાની મદદથી, અને અહિંસા ધર્મપ્રતિ અંતઃકરણથી ઉભરાઇ જતી દયા ભરેલી ભાવનાથી પ્રત્યેક ભારતવાસીના હૃદયપટપર **अहिंसा** અને પ્રત્યેક જીવાત્મા પ્રતિ દયા ભાવની લાગણી જાગ્રત કરવામાં જૈનતત્વાનુરાગીઓએ ઘણોજ પ્રયાસ કર્યો છે, અને તે પ્રયાસના ફળ રૂપેજ પ્રાચીન કાળથી ચા આવેલી હિંસક રીતિઓ, યજ્ઞમાં અને દેવીની તૃપ્તિમાટે અપાતા પશુઓના ભોગ આપવાના રીવાજોમાં અને અન્ય અનેક હિંસક કર્મોમાં ન્યૂનતા થતી જાય છે.

આરોગ્યપ્રાપ્તિના પદાર્થો અને ઔષધોમાં પણ પ્રાચીન કાળે જે કેટલાંક પ્રાણીજ દ્રવ્યો વપરાતાં હતાં તેને બદલે ખનીજ અને વનસ્પતિજન્ય દ્રવ્યો વાપરવાનો પ્રચાર જૈન ધર્મ દ્વારા **अहिंसा परमो धर्मः** એ ભાવનાનું પરિવર્તન થયા પછી વધવા માંડયો છે, અને અહિંસા ધર્મ પાલન કરનારાઓને સરળતા થાય તેમાટે ધર્મબાધ ન આવે તેવાં ઔષધી પ્રયોગો જૈન મુનિવરો તરફથી પણ થવા લગ્યા અને તે પ્રયોગોની નોંધ કરી પુસ્તાકાકારે સંગ્રહ કરવામાં, તેમજ અન્ય પ્રાચીન વૈદ્યક ગ્રંથોનો સંગ્રહ કરવામાં, ઔષધી વિના મંત્રોપચારથી શ્રદ્ધાબળે માનસિક દોષ નિવૃત્ત કરી રોગનિવૃત્તિ કરવામાં જૈન સાધુઓમાટે લોકમાન્યતા અતિ શ્રદ્ધાસ્પદ હતી.

પ્રાચીન કાળમાં આર્ય વૈદ્યકશાસ્ત્ર અતિ ઉચ્ચકળામાં અને સંપૂર્ણ સ્થિતિમાં હતું એમ પ્રાચીન ગ્રંથોના વિશાળ સમુદાયમાંથી જે થોડા ગ્રંથો પણ આપણી સન્મુખ વિદ્યમાન છે તેના અવલોકનથી પ્રતીત થાય છે. દેહ અને જીવતત્વ, વિજ્ઞાન, શારીરજ્ઞાન, રોગપરીક્ષા, નાડીપરીક્ષા, શસ્ત્રક્રિયા, ઔષધી ક્રિયા, મંત્ર તંત્ર અને માનસોપચાર તેમજ આરોગ્ય અને દીર્ઘાયુષ્ય પ્રાપ્ત કરાવનાર ઔષધી કલ્પો માટે પ્રાચીન વૈદ્યક શાસ્ત્ર ઘણુંજ પ્રખ્યાત છે.

આ વિષયના અનેક ગ્રંથો પ્રાચીનકાળથી આર્ય મુનિવરો દ્વારા, પ્રાચીન કાળના વૈદ્યવિદ્યાપારંગત પુરૂષોદ્વારા રચાયા છે, અને તેનો રાજ્યસત્તા, ધર્મના ભંડાર અને વૈદ્યવિદ્યાનુરાગી સદ્‌ગૃહસ્થો દ્વારા સંગ્રહ થયો હતો. આવા ગ્રંથો કેટલા રચાયા હતા, અને અર્વાચીન કાળે કેટલા વિદ્યમાન છે એની કલ્પના થવી હાલતો ઘણીજ મુસ્કેલ છે તોપણ સંસ્કૃત સાહિત્ય પ્રતિ આદરભાવ ધરાવનાર પાશ્ચાત્ય પ્રોફેસરો અને ડાકટર સાહેબો દ્વારા, રૉયલ એશિઆટિક સોસાઇટી વિગેરે તરફથી બહાર પડેલી નોંધઉપરથી લગભગ છસો ગ્રંથનાં નામ પ્રકટ થયાં છે, તેવીજ રીતે સ્વર્ગસ્થ, આયુર્વેદ મહા મહોપાધ્યાય **શંકર દાજી શાસ્ત્રીપદે** દ્વારા બહાર પડેલી નોંધમાં પણ છસેં સાતસેં ગ્રંથોનાં નામ છે, આ ઉપરાંત વૈદ્યક સાહિત્યના ઘણાજ ગ્રંથો પ્રસિદ્ધ અને પ્રાચીન વૈદ્યકુટુંબોમાં, રાજ્યમહાલયના દફતરખાનામાં, જૂના સાહિત્ય ભંડારોમાં, વિદ્વાન સદ્‌ગૃહસ્થોને ત્યાં તેમજ અનેક ધર્મ સંપ્રદાયના સાહિત્ય ભંડારમાં અદ્રશ્ય રીતે સંગ્રહિત થયેલ છે.

એવીજ રીતે મધ્યકાળમાં આર્યાવર્તમાં જૈન મતને રાજ્યસત્તા દ્વારાપણ સન્માન મળતું હતું; તે કાળમાં જૈન મુનિ મહારાજો, અને સાધુપુરૂષો દ્વારા અનેક ઔષધી પ્રયોગોના અનુભવ થઇ તેની નોંધના ગુટકા, પ્રાચીન ગ્રંથો, અને મુનિવરોદ્વારા ખાસ રચાયેલા ગ્રંથોનો ઘણોજ સંગ્રહ થયેલો છે.

સાહિત્યના અનેકવિભાગ જૈન તત્વાનુયાયીઓ દ્વારા જેમ સંરક્ષણ અને વૃદ્ધિને પામ્યા છે તેમ વૈદ્યક સાહિત્યમાં પણ થયેલ છે. ખરેખર, આર્યપ્રદેશના પ્રાચીન સાહિત્યના સંરક્ષણ અને વૃદ્ધિમાં જૈન ધર્મે એક અતિ અગત્યનો અને મહત્વનો ભાગ લીધો છે. અને તેમાટે સમગ્ર ભારતવર્ષની સાહિત્યપ્રેમી પ્રજા તેમના આભાર તળે છે.

આવા શાંતિના સમયમાં, આગળ વધવાના યુગમાં, પ્રત્યેક ધર્મનુયાયીઓ ક્રમેક્રમે મતમતાંતરનો દુરાગ્રહ ત્યાગકરી સમાનભાવના એકતત્વપર આવતા જાય છે તેવા વખતમાં અને પાશ્ચાત્ય પ્રદેશના વિદ્વાન શોધકોદ્વારા એલોપથી, હોમયોપેથી, બાયોકેમીસ્ટ્રી, નેચરોપથી, હાઇડ્રોપથી, ક્રોમોપથી વિગેરે અનેક 'પથીઓ' પ્રકટ થવાના યુગમાં આપણી અતિ પ્રાચીન, ગહન અને ગૂઢ રહસ્યોથી ભરપુર **આયુર્વેદ** 'પથી' જેના સિદ્ધાંતો પ્રાચીન કાળથી પ્રત્યેક પ્રકૃતિના જીવોને આરોગ્ય પ્રાપ્તિમાટે અનુકૂળ થઈ પડે તેવા, જ્ઞાન, અનુભવ યુક્ત પ્રયોગો અને નિયમોના અચળ સિદ્ધાંતપર રચાયેલા છે, જેના નિર્ભય ઉપચારમાટે અમેરિકા, જર્મની, અને પૃથ્વીના પ્રસિદ્ધ ડાક્ટરો એકે અવાજે સ્તુતિ કરે છે, અને હાલના નવીનવી શોધો બહાર પાડવાના જમાનાના પાશ્ચાત્ય શોધકો આરોગ્ય સંબંધે જેજે વાતો બહાર પાડે છે તેમાંની ઘણીવાતો આપણા પ્રાચીન ગ્રંથો અવલોકનારને જણાય છે કે તે આર્યોદ્વારા પુરાતન કાળથી અનુભવાયેલી છે, એવું જણાવી આશ્ચર્યમગ્ન કરનાર આપણા વૈદ્યકની હાલ કેવી જર્જરીત સ્થિતિ થઇ પડી છે તેની યથાર્થ કલ્પના થવા માટે એટલુંજ કહેવું પૂરતું થશે કે:—હાલની શસ્ત્રક્રિયા કરતાં પણ આશ્ચર્યકારક શસ્ત્રપ્રયોગો તેમજ આયુષ્ય અને આરોગ્યવર્ધક પ્રયોગોની વાત અતિશયોક્તિ ભરેલી અને ગપરૂપેજ માનવામાં આવે છે, એટલું જ નહિ પણ વૈદ્યવર્ગ તરફ આદરભાવતો નહિ પરંતુ ઉપેક્ષા અને હસ્યની દષ્ટિયા જોવામાં આવે છે, અને પ્રાચીન વૈદ્યક સાહિત્યના અમૂલ્ય ગ્રંથો વિખરાયેલી સ્થિતિમાં, પ્રાચીન ભંડારોમાં, જુના વૈદ્ય કુટુંબોનાં પોટલાંમાં કે ધર્મના પુસ્તકભંડારોમાં અથવા ઉધાઇના પોષણ માટે કે ગાંધીને ત્યાં પડીકાં વાળવાના ઉપયોગમાં જાય છે. આ સ્થિતિમાં ફેરફાર થવા અને પ્રજામાં વૈદ્યવર્ગને માટે આદરભાવ જાગ્રત કરવા વૈદ્ય વર્ગે પણ જાગ્રત થવાની જરૂર છે. જ્ઞાનપ્રાપ્ત કરવા ઉત્સાહ વધારી, સંપ અને ઉદારતા વધારી ગમે તે પ્રકારે જ્ઞાન અને અનુભવનો વધારો થવા વિચાર અને અનુભવની આપલે કરવામાં ભ્રાતૃભાવ-ઉદારભાવના રાખી પ્રાચીન વૈદ્યક સાહિત્યમાં ભરેલો અપૂર્વ જ્ઞાનભંડાર પ્રાપ્ત કરી અન્ય આત્મબંધુઓની શાંતિને ખાતર પ્રતારમાં મુકવું જોઇએ અને તેવા પ્રયત્નોમાં સફળતા મળે તે માટે રાજ્ય સત્તાએ, સંપત્તિમાન પુરૂષોએ, ધર્મપ્રવર્તકોએ અને પ્રજાવર્ગે મદદ આપી સરળતા કરી આપવાની જરૂર છે.

જૈન સાહિત્યના પ્રાચીન ભંડારોમાં અનેક વિદ્વાન વૈદ્યવિદ્યાનુરાગી વૈદ્ય અને ગર્ભશ્રીમંત કુટુંબોમાં પ્રાચીન વૈદ્યક સાહિત્યનો અદશ્ય રહેલો ખજાનો પ્રગટ થાય, ઉત્સાહી અને ખંતી શોધકોદ્વારા તેની શોધ અને તેના પ્રયોગો થાય અને તેમાં સર્વ તરફથી

અનુકૂળતા કરી આપવામાં આવે તો પાશ્ચાત્ય શોધકો જેમાં ઉંડા નથી ઉતર્યા અને જે વાતો તેમના દ્વારા હજી શોધી શકાઇ નથી તેવા પ્રયોગો જેને અત્યારે અતિશયોક્તિ ભરેલા માનવામાં આવે છે તેવા રસસિદ્ધિ, સુવર્ણસિદ્ધિ, આરોગ્ય અને આયુષ્યવર્ધક ઔષધી કલ્પો, આશ્ચર્યકારક સ્મરણશક્તિ વધારનાર પ્રયોગો, સિદ્ધિ આપનાર પ્રયોગો, અને પોતાની તાત્કાલીક અને રામબાણ અસરથી દેશી ઔષધી તરફ માન અને મોહ ઉપજાવનાર હિરણ્યગર્ભ જેવી અનેક માત્રાઓની રાસાયનિક પ્રક્રિયાઓ પૃથ્વીપટ પર વિસ્તરે તો વ્યાધિની શાંતિને માટે કેટલું ઉપકારક થઇપડે એ વિચારવા જેવું છે.

વૈદ્યકનો અસરકારક એકાદ પ્રયોગ, અથવા તેવા પ્રયોગોના સંગ્રહવાળો એકાદગ્રંથ, માત્ર માન અથવા ધન મેળવવાના માયિક ભાવથી ગુપ્ત રાખવામાં આવે એ પોતાના જીવાત્મબંધુઓ તરફ કેવો સંકુચિત ભાવ દર્શાવી આપે છે ? પરંતુ હવે તે સંકોચનો ત્યાગ કરી પ્રત્યેક વ્યક્તિ, પ્રત્યેક પ્રાણી પછી તે આર્ય હો વા અનાર્ય, મુસલમીન, પારસી, યુરોપીયન અથવા ગમે તે હો વ્યાધિપીડીત જીવની દયાને ખાતર આરોગ્યવર્ધક-વૈદ્યકના ગ્રંથો જેમ બનેતેમ પ્રજાની જાહેરમાં લાવવાના પ્રયત્નમાં ઉત્સાહથી યથાશક્ય મદદ કરવામાં આવશે એવી આશા રાખી વિષયનો ઉપક્રમ ચાલુ રાખીશું.

મહાન પુરૂષોના ઉચ્ચ ભાવોની પુનઃ પુનઃ સ્મૃતિ થઇ તેવા ભાવો પ્રજામાં પ્રેરાય તેવા ઉદ્દેશથી પૂજ્ય અને અનુકરણીય ચારિત્રવાન મહાત્માઓની જયંતિ તહેવાર જેવા આનંદથી ઉજવવાનો આર્ય પ્રજામાં દરેક ધર્માનુયાયીઓ દ્વારા પ્રેરાયેલો રીવાજ છે, જૈન બંધુઓના પર્યુષણના તહેવાર, સિદ્ધપદસ્થિત પૂજ્યતિર્થંકર મહારાજશ્રી મહાવીર સ્વામીના સ્મરણ ચિન્હ માટે ઉજવાય છે, અને તે પ્રસંગે જૈન બંધુઓ પરસ્પર આમ મંડળમાં અને સંબંધમાં આવનાર પ્રત્યેક આત્મબંધુપ્રતિ ક્ષમાભાવ ભાવી, સર્વ પ્રાણીમાત્ર પ્રતિ સમાન ભાવની લાગણી પ્રકાશિત કરે છે. આવા પ્રસંગે પોતાનાજ જીવાત્મબંધુઓના રોગની શાંતિને ખાતર દયાભાવ જાગ્રત કરી અહિંસા વાળું આરોગ્ય પ્રસારવા પોતાના સાહિત્ય ભંડારમાં જેજે પ્રાચીન વૈદ્યક ગ્રંથ સંગ્રહ હોય તે પ્રકટ કરવાની ઉદારતા દર્શાવશે.

આ સાહિત્યસંગ્રહ પ્રકટ શી રીતે કરવો ? એ પ્રશ્ન અહીં ઉપસ્થિત થાય છે તેનું મારી અલ્પમતિ, અલ્પશક્તિ અને વિચાર પ્રમાણે કાંઇક જણાવું છું, અધિક વિચાર, સત્તા અને સંપત્તિ ધરાવનાર મહાશયો આ યોજનામાં ફેરફાર કરી વિસ્તૃત રૂપમાં મૂકશે તો પોતાના આત્મબંધુનું દુઃખ શાંત કરવાના પુન્યના નિમિત્તભાગી થસે. અધિકારીને માટે અંતઃકરણની લાગણી ભરેલા ઉદ્‌ગાર પૂર્વક મારા વિચાર પ્રકટ કરવા રજા લઇશ.

જે જે સાહિત્ય ભંડારમાં, મુનિ મહારાજ પાસે, અથવા કોઇ શ્રીમંતને ઘેર કે પ્રાચીન વૈદ્ય કુટુંબમાં ગમે તે સ્થળે આવા પ્રાચીન ગ્રંથ સંસ્કૃત, પ્રાકૃત, માગધી કે અન્ય ગમે તે ભાષામાં રચાયેલા ગ્રંથ હોય તો જેની દેખરેખ નીચે તે હોય તેમણે

૧ ગ્રંથનું નામ ૨ ગ્રંથકર્તાનું નામ—ઠેકાણું વિગેરે ૩ ગ્રંથ ક્યારે રચાયો. ૪ ગ્રંથનો વિષય. ૫ ગ્રંથનો વિસ્તાર. ૬ ગ્રંથ સંબંધે જાણવા યોગ્ય સામાન્ય વિગત. ૭ તે ગ્રંથની કેટલી નકલ ત્યાં છે.

એટલી હકીકત "શ્રી **જૈન કોન્ફરન્સ હેરલ્ડ" પત્રમાં** અથવા નીચેનાં સ્થળોએ જણાવવા મહેરબાની કરવી.

૧ આયુર્વેદ મહામંડળના મંત્રી પં. જગન્નાથપ્રસાદ શુકલ દારાગંજ—પ્રયાગ-( અલ્હાબાદ )

૨ રા. રા. વૈદ્ય જટાશંકર લીલાધર ત્રિવેદી સંપાદક—વૈદ્યકલ્પતરૂ અમદાવાદ-રીચીરોડ.

૩ વૈદ્ય જાદવજી ત્રિકમજી આચાર્ય. સંપાદક-આયુર્વેદિય ગ્રંથમાળા-કોટ મુંબઈ.

અથવા નીચે દર્શાવેલા મારા શીરનામે-ગમે તે એક સ્થળે હાલ તો માત્ર હકીકત પ્રકટ કરવી.

ગ્રંથ પ્રકટ કરવા માટે—ગ્રંથ જેની વ્યવસ્થા નીચે હોય તે ગૃહસ્થ અથવા કમીટીદ્વારા અથવા કોઇ પણ ઉત્સાહી ગૃહસ્થ પ્રકટ કરાવવા ધારે તો પુસ્તકપ્રસિદ્ધીમાં ખરચ થયેલા મૂલ્યે પ્રકટ કરવાની શરતે અને જે સાહિત્ય ભંડારમાંથી તેની નકલ લેવામાં આવી ત્યાંજ અસલ નકલ કાયમ રાખવા ઉપરાંત છપાયેલી અમુક નકલો આપવાની સરતે, ધર્મસ્થાનમાં અમુક સંગ્રહાલયોમાં, સાધુઓને, ધર્માદા દેશી દવાખાનાના અધ્યાપકોને અને અધિકારી અભ્યાસીઓને આપવાને અમુક નકલો આપવાની સરતેજ પ્રકટ કરવાની રજા આપવી, તેથી તે જાતના ગ્રંથની વૃદ્ધિ થવા ઉપરાંત સસ્તી કિંમતે પ્રસાર થવાથી પ્રજામાં બહોળો લાભ લેવાશે, અને જે વૈદ્યક સાહિત્ય અદૃશ્ય રીતે પડેલું છે તે અભ્યાસી વૈદ્યોને માટે પ્રકાશિત થઇ દીર્ઘ કાળથી અનેક પ્રકારના વ્યાધિથી પીડાએલા અજ્ઞાનતાથી અકાળ મૃત્યુ પામતા રોગી બંધુઓને શાંતિ પ્રસારનાર આ યોજનાને પ્રત્યેક વાચકબંધુ સાહાય આપશે.

આશા છે કે આ પત્રના તંત્રી મહાશય તથા અન્ય વિદ્વાન સાહિત્ય વિલાસી સજ્જનો તથા વૈદ્યવિદ્યાનુરાગી જૈન બંધુઓ આ યોજનાને સાહાય આપશે.

કીમ સ્ટેશન સર્વત્ર શાંતિ, આરોગ્ય અને આનંદભાવ પ્રવર્તો એ ઇચ્છનાર
B. B. & C. I. Ry. વૈદ્ય બળવંતરાય ઝવેરીલાલ

# स्वीकार अने समालोचना.

**जैन पूजाधिकार मिमांसा**—( લેખક જુગલ કિશોર મુખ્તાર પ્રકાશક-શેઠ નાથારાંગી મુંબઇ. નિર્ણયસાગર પ્રેસ. વિનામૂલ્ય. પૃ. ૫૬.) આ ગ્રંથ હિંદિ ભાષામાં છે અને પ્રસિદ્ધ માસિક જૈન હિતૈષીના તરફથી ભેટ તરીકે મળ્યો છો. વિષય જિન પૂજા છે, તે પ્રતિપાદન કરવા પૂજન સિદ્ધાંત, ગૃહસ્થ ધર્મ, પૂજાના ભેદ, શૂદ્રનો અધિકાર, પૂજા કરનારના ભેદ અને તેનું સ્વરૂપ, દસ્સાધિકાર એ વિષયો દરેક ગ્રંથના પ્રમાણ સાથે મૂકયા છે, અને અમને કહેવાને આનંદ થાય છે કે લેખકે પોતાનો આશય ઘણો સારી રીતે સ્ફુટ કર્યો છે. શુદ્રને પણ જિન પૂજાનો અધિકાર છે એ દિગંબરમાન્ય ગ્રંથોમાંથી સ્પષ્ટ રીતે બતાવી આપ્યું છે. દરેક શ્લોક કયા ગ્રંથમાંથી લીધો છે એ મુક્તકંઠે સ્વીકારી પ્રકટ કરેલ છે. આ દીગંબરી શ્રાવકોને ખાસ મનનીય ગ્રંથ છે.

**विद्वद् रत्नमाला प्रथम भाग**—( લેખક શ્રીયુત નાથુરામ પ્રેમી. પૃ. ૧૭૪ પ્રકાશક 'જૈનમિત્ર' કાર્યાલય—મુંબઈ વૈભવ પ્રેસ. કિં. ૮ આના.) આ ગ્રંથ જૈનમિત્ર ના-

મના પ્રસિદ્ધ દિગંબરીય પાક્ષિક પત્રના ઉપહાર તરીકે અપાયેલ છે. આમાં સમર્થ દિગંબર પ્રાચીન વિદ્વાન મુનિઓ નામે જિનસેન, આશાધર, અમિતગતિ, વાદિરાજ, મલ્લિષેણ અને સમંતભદ્ર એ છનાં અનુક્રમે ઐતિહાસિક દૃષ્ટિથી તેમજ અન્ય પ્રમાણથી ચરિત્રો આપેલ છે. પરંતુ તેઓના કાલ નિર્ણય પ્રમાણે સામંતભદ્ર, જિનસેન, વાદિરાજ સૂરિ, અમિતગતિ અને આશાધર એવા ક્રમમાં આપવામાં આવ્યા હત તો ઘણું યોગ્ય થાત. જૈન ઇતિહાસ ઘણો અપૂર્ણ સ્થિતિમાં છે. આનાં કારણો એ છે કે અત્યાર સુધીમાં કોઈએ તે પર ધ્યાન આપ્યું નથી, પ્રાચીન પુરૂષોએ પોતાનાં ચરિત્ર કે ઈતિહાસ મૂકી જવાની દરકાર કરી નથી, તે સંબંધી સ્વતંત્ર ગ્રંથોનો અભાવ છે. આથી જૈનોએ તેમજ જૈન ધર્મે સમગ્ર જગતના ધાર્મિક કે નૈતિક વિકાસમાં તેમજ તત્વજ્ઞાનમાં કે રાજ્યપ્રકરણમાં શું આગળ પડતો ભાગ ભજવ્યો છે, કેટલો અપૂર્વ ફાળો આપ્યો છે અને કેટલી મહાન્ અસર કરી છે તેનું દિગ્દર્શન કિંચિત્ રૂપરેખારૂપે પણ જગતને આપણે કરાવી શક્યા નથી. એ આનંદનો વિષય છે કે હવે જૈન ઇતિહાસ તરફ કેટલાક જૈન વિદ્વાનોનું લક્ષ ગયું છે અને આના પરિણામે તે ઇતિહાસનાં પ્રકરણો—છૂટતા મકોડા—નાની નાની સાંકળો ભેગી થતી જાય છે અને એવો સુદિન આવશે કે અસ્ખલિત પ્રવાહમાં આપણે જૈન ઇતિહાસ રજુ કરી શકીશું આ નાની નાની સાંકળો પૂરી પાડવાનાં સાધનો—ગ્રંથની પ્રશસ્તિઓ, શિલાલેખો, ચરિતાનુયોગ, પટ્ટાવલીઓ વગેરે છે. આ સાધનોની પૂર્ણ સહાય લેઇને શ્રી નથૂરામ પ્રેમી અથાગ પરિશ્રમ કરી તેનાં પરિણામ પોતાના જૈનહિતૈષી પત્રમાં 'કર્નાટક કવિ' વગેરે વગેરે મથાળાથી આપે છે એ સુવિદિત છે, અને આ ચરિત્રો પણ તે પત્રમાં છુટક છુટક આપેલ છે તે અહીં સંગ્રહીત કરવામાં આવ્યા છે. વળી બીજા ભાગમાં ઉમાસ્વાતિ, કુંદકુંદાચાર્ય વગેરેનાં ચરિત્રો પ્રકાશ કરવાની લેખકની ધારણાને ધન્યવાદ ઘટે છે. આવો ગ્રંથ શ્વેતાંબરીઓમાં એક પણ નથી જાણી ખેદ થાય છે, અને આશા છે કે આનો ધડો લઇ તેઓમાંનો કોઇ વિદ્વાન્ આવું કાર્ય ઉપાડી લેશે. આને માટે તેઓએ જે કરવા જેવું છે તે એ છે કે તેના વિધવિધ ગચ્છોની જે જે પટ્ટાવલીઓ છે તે એમને એમ શુધ્ધરીતે છપાવવી અને પછી ગુર્વાવલી, પ્રભાવક ચરિત્ર, પ્રબંધ ચિંતામણિ, ચતુર્વિંશતિ પ્રબંધ આદિ જે છપાયેલાં છે તેની સહાય લેવી. તે ઉપરાંત દરેક પુસ્તકની પ્રશસ્તિઓ, શિલાલેખો, વગેરે જે જે ઐતિહાસિક સાધનો છે તે પ્રગટ કરવાં. આ માટે કર્તા મહાશય પ્રસ્તાવનામાં લખે છે તે પર ખાસ લક્ષ આપવું ઘટે છેઃ—

જૈનીઓના ઇતિહાસના બે મુખ્ય ભાગ છે. ૧ ઋષભદેવ ભગવાનથી લઈ છેલ્લા મહાવીર પ્રભુના નિર્વાણ સુધીનો, અને ૨. નિર્વાણથી લઈ વર્તમાન સમય સુધીનો આમાંનો પહેલો ભાગ જે આપણા પુરાણથી શૃંખલાબધ્ધ રક્ષિત છે, પરંતુ બીજો ભાગ બીલકુલ અંધારામાં છે. આ ભાગને શ્રૃંખલાબધ્ધ કરી લખવાની જરૂર છે. આ બીજા ભાગમાં ૧ મહાવીર પ્રભુના નિર્વાણ સમયે જૈનધર્મની અવસ્થા શું હતી ?, ૨ બીજા કયા કયા ધર્મ હતા ?, ૩ અને કેવી અવસ્થામાં હતા ? ૪ કોણ કોણ જૈની રાજા હતા ?, ૫ કોણ કોણ દેશમાં જૈન ધર્મનો પ્રચાર હતો ?, ૬ જૈન સાહિત્ય અને મુનિઓના સંઘ કેવી અવસ્થામાં હતા ?, ૭ બીજા ધર્મોપર તેનો શું પ્રભાવ પડ્યો ? પછી ક્યાં સુધી જૈન ધર્મની ઉન્નતિ રહી અને કેવી રીતે તેની અવનતિનો આરંભ થયો ?, ૯ અવનતિ થવાનાં કારણ શું હતાં ?, ૧૦ સંઘભેદ ક્યારે અને કેમ થયો ?, ૧૧ સાંપ્રદાયિક ભેદ, ઉપભેદ. ગણ, ગચ્છ,

અન્વયાદિ કેટલા થયાં?, ૧૨ કયા કારણોથી તેમાં મતવિભિન્નતા થઈ?, ૧૩ કઈ કઈ ભાષાઓમાં જૈનસાહિત્ય અવતીર્ણ થયું અને ૧૪ આ સમયે જૈનધર્મ, જૈનસાહિત્ય અને જૈન જાતિની શું અવસ્થા છે ઇત્યાદિ વાતોનો સમાવેશ થવો જોઇએ. આનું સંપાદન કરવું એ ઐતિહાસિક તત્વોના મર્મજ્ઞ અને નાના ભાષાઓના જ્ઞાતા વિદ્વાનોનું કાર્ય છે. આથી ઉપયુક્ત સાધનોની બહુ જરૂર છે.

જૈનીઓને જેવી ઇતિહાસની જરૂર છે તેવા ઇતિહાસની પૂર્તિ હાલ નહિ બને-ધીમે ધીમે સમયજતાં થશે. હાલતો આપણામાં આ વિષયની ચર્ચાનો જ આરંભ થયો છે. દશવીસ વર્ષમાં જ્યારે આ વિષયની વધારે પૂર્ણ અભિરૂચિ થશે, જ્યારે વિદ્વાનોદ્વારા આ વિષય સંબંધે સેંકડો જુદા જુદા લેખ પ્રકાશિત થશે, જ્યારે અપ્રકાશિત અને અપ્રાપ્ય ગ્રંથ છપાવી પ્રકાશિત થશે, જ્યારે પઠન પાઠન થવા લાગશે ત્યારે કોઇને કોઇ સારા વિદ્વાનદ્વારા આનો સંગ્રહ થઇ શકશે.

દિગંબર સંપ્રદાયમાં આવા ગ્રંથો થવા લાગ્યા છે એટલુંજ નહિ પરંતુ સ્વ૦ બાબુ દેવકુમારજીના જૈન સિદ્ધાંત-ભવનની તરફથી કેવલ ઐતિહાસિક વિષયોની ચર્ચા કરતું એક સ્વતંત્ર પત્ર પણ પ્રકાશિત થવા લાગ્યું છે. શ્વેતાંબરીઓ જૈનઇતિહાસના ઉદ્ધાર કાર્યમાં ક્યારે ભાગ લેશે?

શ્રી **નથુરામ** પ્રેમીએ પોતે ઇંગ્રેજી સાહિત્યથી અનભિજ્ઞ હોવાછતાં ઘણી કુશલ કલાથી, અને એક ખરા શોધક તરીકે-નિર્ણયકાર તરીકે આ ગ્રંથ લખ્યો છે તેથી તેમણે પોતાની વિદ્વતા અચૂક સિદ્ધ કરી છે અને તેમાટે અમે પુનઃ ધન્યવાદ આપીએ છીએ.

**સત્ય**—તંત્રી રા. રા. **મોતીલાલ ત્રિભુવનદાસ** દલાલ. હાઇકોર્ટ વકીલ મુંબઇ. પ્રસિદ્ધકર્તા **વિઠ્ઠલભાઇ આશારામ** ઠક્કર. પૃ. ૪૬-૪૮ વાર્ષિક લવાજમ રૂ. ૨-૩-૦ પોસ્ટેજ સાથે. ] આ માસિકને બીજું વર્ષ ચાલે છે અને છકારમ જેટલા કદનું ઉપયોગી વિષયોથી ખીચોખીચ આ માસિક જનસમાજની ઉત્તમ સેવા બજાવેછે એ વાત નિઃસંદેહ છે. તંત્રી એક વિદ્વાન ગ્રેજ્યુએટ મહાશય છે, અને ધર્મમાં આર્યસમાજી હોવા છતાં તે પ્રત્યે પક્ષપાત જ ન રાખતાં દરેક વિષય સત્યની દૃષ્ટિએ મધ્યસ્થપણે ચર્ચાય તેમાં માસિકનું ગૌરવ સમજે છે; પરંતુ આર્યસમાજીમાં દેખાતો લાક્ષણિક જુસ્સો, ઉછળતો રંગ, શૌર્યનો ઝળકાટ બહુ દેખાવ આપે છે. આમક રવા જતાં સ્થિતિચુસ્તતા પર સજ્જડ ફટકો મારવાની સાથે ઘણી વખત કટુતા, ઉપહાસ્ય, અને મીઠી મશ્કરી થઇ જાય છે એ ગંભીરતામાં ઉણપ સૂચવે છે. આના ઉદાહરણમાં ફેબ્રુઆરીના અંકમાં 'જુનાગઢ અને ગિરનારનું વર્ણન' એ વિષયમાં **સિદ્ધરાજ જયસિંહ**ના એક દંડાધિપતિ (સુબા) શ્રી **સજ્જન** મંત્રીએ સૌરાષ્ટ્ર દેશની ૩ વર્ષની મહેસૂલ પહેલાં રાજાના પૂછ્યાવગર ગિરનાર પરના ભવ્ય દેરાસરો બાંધવામાં વાપરી તે માટે તંત્રી પોતે કહેછે કેઃ—

"એ (મંત્રી) **ધર્માંધ જૈન** હતો. આપણા અસલી રાજાઓ કેવા **ભોળીયા ભગત** હશે તેનો તો મુંબઇના બારામાં આવતા રજવાડાના માનમાં બ્રીટીશ સરકાર તરફથી ફુટતી તોપનું બીલ તે રજવાડાને ચુકવવું પડે છે એ પ્રકારના વર્તમાન યુગમાં ખ્યાલ પણ આવવો કઠીન છે.—વળી મથાળું '**કોના બાપની દીવાળી**' કર્યું છે.

આવા કેટલાક દાખલા મળી શકશે. પરંતુ તેમાં અમે ઉતરવા માંગતા નથી. એકંદરે લેખો, ઘણા વિચારશીલ આવે છે. વિષયો પણ વિધવિધ હોઇ-ધાર્મિક, સાંસારિક, વૈજ્ઞાનિક,

સાહિત્યવિષયક, તથા મનુષ્યની ઉન્નતિ સંબંધી લોકોને વધુ પસંદ પડે તેમ છે કારણકે **भिन्नरुचिर्हिलोकः** । વળી હમણાં હમણાં મહાન્ પુરૂષોનાં જીવનચરિત્ર આળેખવામાં તેમજ ઘણું જવાબદારીભર્યું અવલોકન લખવાના કાર્યમાં પરિશ્રમ સારો લેવામાં આવે છે. વળી ગુજરાતમાં અનેક વાંચકો અંગ્રેજીથી અનભિજ્ઞ છે, અને જે છે તેમાંથી અનેક અંગ્રેજીમાં લખાતા સુંદર લેખો સમજવા જેટલી શક્તિ ધરાવતા નથી અને જે ધરાવે છે તેમાંથી કોઇકજ વાંચે છે એ સર્વને સરલ રીતે તે લેખોથી પરિચિત કરાવવા આ માસિકમાં તંત્રી તેવા લેખોનો સાર આપે છે. તંત્રી પોતાના વકીલ તરીકેના ધંધામાંથી આટલો શ્રમશીલ વખત લઇ કેટલી બધી જહેમત ઉઠાવે છે એ આ પત્રના લખાણો જોતાં તરતજ સમજી શકાય છે; આની કદર ગુજરાતના લોકો કરવામાં મોળા રહે તો તે ખરેખર તેમને માટે માનભર્યું તો નથીજ. આ સર્વ જોતાં આ માસિકના ઘરાકો હજાર ઉપરાંત ઓછામાં ઓછા હોવા જોઇએ, અને વાંચકો તો તેથી વધુજ હોવાજોઇએ એ દેખીતું છે.

નીચેના માસિકપત્રો વગેરેની તથા પુસ્તકોની પહોંચ ઘણા માન સાથે સ્વીકારીએ છીએ.

આનંદ. પુ. ૧૦ અં. ૯, શ્રી શ્વે. સ્થા. જૈનકોન્ફરન્સ પ્રકાશ પુ. ૧ અં. ૫ થી ૯, બુદ્ધિપ્રકાશ પુ. ૬૦ અં. ૭-૮, દિગંબર જૈન પુ. ૬ અં. ૯થી ૧૧, જૈન હિતેષી પુ. ૯ અં. ૮-૯, ગુજરાતશાળા પત્ર પુ. ૫૨ અં. ૬ થી ૮, આત્માનંદ પ્રકાશ પુ ૧૦ અં. ૧૨ પુ. ૧૧ અં. ૧, જૈન હિતેચ્છુ પુ. ૧૫ અં. ૭થી ૧૦, વૈશ્ય પત્રિકા પુ. ૯ અં. ૧૧-૧૨, જૈન ધર્મપ્રકાશ પુ. ૨૯ અં. ૪-૫, બુદ્ધિપ્રભા પુ. ૫ અં. ૩ થી ૫, કેળવણી પુ. ૨૫ અં. ૧૨ પુસ્તક ૨૬ અં. ૧, સત્ય પુ. ૩ અં. ૧ થી ૩, સાહિત્ય પુ. ૧ અં. ૭ થી ૯, વિવેચક પુ. ૧ અં. ૭થી ૯, પુષ્ટિ ભક્તિ સુધા પુ. ૪ અં ૩-૪, શ્રી ભક્ત પુ. ૧૦ અં. ૧, **वन्दे जिनवरम् पु. ५ अं ४ थी ६,** સુંદરીસુબોધ પુ. ૧૦ અં. ૧૩ થી ૧૨, Jain Gazette vol. No. 1—4 & 5, વસંત પુ. ૧૨ અં. ૫-૬, વાર્તાવારિધિ પુ. ૫ અં. ૨ થી ૫. જ્ઞાનસુધા પુ. ૨૭ અં. ૬-૭. સમાલોચક પુ. ૧૮. અં. ૧-૨, સુદર્શન પુ. ૨૮ અં. ૧-૪, જૈન એસોસિએશન ઑાફ ઇંડિયાના નિયમો ( અંગ્રેજી તથા ગુજરાતી ) અને તેનો રિપોર્ટ સં. ૧૯૬૧ માં કાશીથી સ્યાદ્વાદ મહા વિદ્યાલયનો ૭ થી ૯ વર્ષનો રિપોર્ટ, રાધનપુર જૈનમંડળ તથા શ્રી મોહનલાલજી લાયબ્રેરીનો રિપોર્ટ સને ૧૯૧૨, પ્રજાબંધુ, આર્યપ્રકાશ–વગેરે.

પુસ્તકોઃ—**बालिकाविनय, जिनवाणी माताना पुकार, उपदेश रत्नमाला, चतुर्दश-नियमावलि, धम्मिल कुमार चरित्र भा. १ लो,** સમાધિ વિચાર, અર્હત મુક્તાવલિ, મનુષ્યને યોગ્ય કુદરતી ખોરાક, ઋષિદત્તા, સામાયિક સ્વરૂપ, સત્સંગતિ, સુબોધ-સંગીતમાળા ભા. ૩.

# चर्चापत्रो.

## શંકાઓ.

નીચેની શંકાઓ જુદે જુદે સ્થલેથી થઇ છે, તો તેનો ઉત્તર મુનિ મહારાજો અને વિદ્વાન્ શ્રાવક બંધુઓ આપવા કૃપા કરશે.

૧. ભગવાન્ શબ્દના અર્થ કેટલા અને કયા કયા છે? તેમાંથી પેકી એક બુદ્ધ અને અન્ય સુરેશ્વર ધર્મ સ્થાપકોને વાપરી શકાય ?—વાપરવામાં જૈન શૈલીને બાધ તો નથી

આવતો ?, વાપરી શકાય તો કયા અર્થમાં વાપરી શકાય ?. હમણાં આપણે જોઇએ છીએ તો શ્રેયઃસાધક વર્ગ-વડોદરાના અગ્રણીશ્રી ઉપેંદ્રને ભગવાન્ ઉપેંદ્ર તરીકે તે વર્ગ તરફથી તેમજ અન્ય તરફથી સંબોધાય છે, તો તે કઈ રીતે હશે ?

૨. નીચેના શબ્દોની વ્યુત્પત્તિ મૂળ સંસ્કૃત શબ્દ શોધી મોકલાવશો ?. (૧) સિદ્ધચક્રનો **ગટ્ટો, (૨) ગોઠી** (૩) **નકરો (૪) ચરવળો**

૩. **આર્થિક દૃષ્ટિએ ક્ષમાપના**—દરશાલ ક્ષમાપના પત્ર નિમિત્તે વપરાતો પૈસો કોઇ બીજી ઉપકારક દિશાએ વપરાય એવી કોઇ યોજના ધ્યાનમાં આવે છે ? ગણત્રી કરી જોઇ છે કે, કાગળ, છપાઇ, અને પોસ્ટ ખર્ચ પાછળ કેટલા રૂ. જૈનોનાં જતા હશે ? આ પ્રશ્ન Sentimental View-ભાવનાત્મક દૃષ્ટિથી નહીં પણ economical view આર્થિક દૃષ્ટિથી વિચારી લાભાલાભની તુલના કરવા જેવું છે. આ એક વિનોદાત્મક ભાવે લખાય છે. ક્ષમાપના બુદ્ધિનો moral advantage-નૈતિક લાભ નજર બહાર નથી.M. R.

૪. નિગોદનું સ્થાન શું છે ? ચાર ગતિમાંની કઈ ગતિમાં તેનો સમાવેશ થાય છે ? સ્વસ્તિકકાનાચાર પાંખડા ચાર ગતિ સૂચવેછે તો તેમાં નિગોદ કઈ રીતે સૂચવી શકાયછે? H.

૫. ભાવકર્મનો દ્રવ્યનિક્ષેપ શું ?-ભાવકર્મ એટલે રાગદ્વેષ પરિણતિમાં દ્રવ્ય (substance) શું છે ? H. સત્શોધક.

## જૈનો અને જાતિભેદ.

૧. જૈનધર્મ એ જાતિવિશિષ્ટ છે ?
૨. જૈન શાસ્ત્રમાંથી વર્ણભેદ કે જાતિભેદ એકજ છે કે નહિ ? અને તે કેવી રીતે ?
૩. હમણાં જૈન સમાજમાં જે પેટાજાતિઓ પ્રચલિત છે તે પેટા જાતિઓમાં પરસ્પર રોટી બેટી વ્યવહાર રાખવામાં શાસ્ત્રદૃષ્ટિએ કાંઇ અડચણ છે ?
જો કાંઇ અડચણ ન હોય તો તેવાં વ્યવહાર નથી થતો તેનાં કારણો શું ?
૪. હમણાં આ પેટાજાતિઓ આપણી પ્રગતિમાં અડચણરૂપ છે કે નહિ ? હોય તો કેવી રીતે?
૫. સંઘ સ્થિતિ જોતાં આ સર્વ પેટા જાતિઓ એક થવી જોઇએ એમ તમને લાગતું નથી?

આ સર્વ પ્રશ્નોના ઉત્તરો મારા પર અથવા 'હૅરલ્ડ' પત્રના તંત્રીપર ૧ લી નવેંબર ૧૯૧૩ પહેલાં મોકલવાની કૃપા કરવા વિનતિ છે.

પોસ્ટ. દુધગાંવ. } સમાજ હિતચિંતક
જીલ્લા સતારા. } **ભાઉ દાદા દુદળે.**

## THE IDEAL OF A UNITED INDIA.

" Where the mind is without fear and the head is held high:
Where knowledge is free:
Where the world has not been broken up into fragments by narrow domestic walls:
Where words come out of the depth of truth:
Where tireless striving stretches its arms towards perfection:
Where the clear stream of reason has not lost its way into the dreary desert sand of dead habit:
Where the mind is led forward by Thee into everwidening thought and action:—
Into that heaven of freedom, my Father, let my country awake."

—*Rabindranath Tagore.*

# अप्रसिद्ध जैनसाहित्य.

અધ્યાત્મરસિક યોગી મહાત્મા શ્રીમદ્ **આનંદઘનજી** ૧૭ મા સૈકામાં થઇ ગયા છે. તેમનાં ૨૪ સ્તવન ( ૨૪ તીર્થંકર પર કે જેને **આનંદઘન** ચોવીસી કહેવામાં આવે છે તે ) અને અન્ય પદો કે જેની સંખ્યા લગભગ ૧૦૮ થાય છે પરંતુ જેને ૭૨ પદ લેખી ' **આનંદઘન** બહોતરી ' કહેવામાં આવે છે તે પ્રકટ થઇ ગયા છે. ચોવીસીના ઉપર તેમના **સમકાલિન** શ્રી **જ્ઞાન**વિમલસૂરિએ બાલાવબોધ-ગુજરાતી વિવેચન કર્યું છે અને તેની હસ્તલિખિત પ્રત પરથી જણાતું હતું કે કુલે ૨૨ સ્તવનો **આનંદઘનજીએ** કર્યાં હતાં અને પછીનાં છેલ્લાં બે સ્તવનો શ્રી **જ્ઞાન**વિમલસૂરિએ રચ્યાં હતાં, પાછળથી શ્રી **દેવચંદ્રજીએ** તેનાપર બાલાવબોધ રચ્યો હતો અને મૂળ ૨૨ ઉપરાંત તેમણે પણ પોતાના બે સ્તવન ઉમેર્યાં છે, કે જે હજુ અપ્રગટ છે અને ત્યારપછી શ્રી **જ્ઞાન**સારજીએ પણ તેમજ કર્યું છે અને તેમનો બાલાવબોધ તથા સ્તવન સ્વ૦ ભીમશી માણેકવાળી ચોવીશીમાં પ્રસિદ્ધ થયાં છે.

હમણાં શોધકરતાં શ્રી **મહાવીર** જિનસ્તવન **આનંદઘનજી**ના નામનું બીજું મળી આવ્યું છે. આ કદાચ **ભોજ**કવિ કૃત હોય તો ના પણ નહિ ! અને ઉપરનાં બે **જ્ઞાન**વિમલસૂરિકૃત સ્તવનો ઉપરાંત તેમના જ બનાવેલ જૂદાં જ બે સ્તવન ' **આનંદઘન** ચોવીશી ' સાથે એક પ્રતપરથી મળી આવેલ છે, તે અમો આજે પ્રસિદ્ધ કરવાની તક લઇએ છીએઃ-

## (१) महावीर जिनस्तवन.

( **દેશી—કડખાની** )

અહો **વીર** જગવીર વ્યવહાર નિશ્ચે મયે, સુગમ કરી પંથ શિવપંથ દીનો;
એકરૂચિ અરૂચિ જિમ અગુણ ભોજન કરે, પરિહરે અનુસરે ધર્મલીનો. અહો ! ૧

પંચ દર્શન ધરે એક પખ આદરે, કિમવરે આપ નિધિ દૂરવર્તિ;
કથનરૂપી હુઆ એહ મત જૂજૂઆ, વ્યોમના ફૂલ જિમ છે અમૂર્તિ. અહો ! ૨

સમય નિજ તાહરે ઉભય પખ જે ધરે, જ્ઞાન કિરિયા કરી શુદ્ધ પરખે;
ચેતના રૂપ નિજ રૂપ સંપતિ સદા, અનંત ચતુષ્ટય સહી જીવ નિરખે. અહો ! ૩

જેમ પાષાણમાં હૈમ, ઘૃત દૂધમાં, તેલ જયમ તલ વિષે રહ્યો વ્યાપી;
કાષ્ટમાં આગ નિશ્ચે લખે લોક સવિ, પ્રગટ પ્રત્યક્ષ વ્યવહાર થાપી. અહો ! ૪

શુદ્ધ નિરાકાર અવિકાર નિજ રૂપસ્યો, ધરત ગુણ આઠ શિવરૂપ દેહે;
કર્મ પરિણતિ ખરે જ્ઞાન ઉદયો ધરે, તામ કિરિયા કરે પામિ ગેહે. અહો ! ૫

દ્રવ્યને કર્મનો કર્મ વિરહિત ભયો, નિશ્ચયાકાર ચેતન વિરાજે;
એક ઉપદેશ ધર વેશ તિણ અવસરે, અવર જગજાલ સંગતિ ન છાજે. અહો ! ૬

પ્રગટ એ વાત દિનરાત, આગમ વહે, ઉભય ચારિત્ર વિન શિવ ન સાધે;
આપી અનંતર પરંપરા તિણવિધિ, એકતા થાપીએ કિમ વિરાધે? અહો! ૭
કલ્પના કર્મગુણ આપ ચેતન અગુણ, સરણ થિતિ બંધ ગુણ વિવિધ ગાવે;
એહ વિપરીત નિજ દરસ રકતે સહજ, ભોજ આનંદઘન રૂપ પાવે. અહો! ૮

## (૨-૩) आनंदघन चोवीशीमां ज्ञानविमलनां बे छेल्लां स्तवनो.

### पार्श्वनाथ स्तवन.

ઢાલ—કહણી કરણી તુજવિણ, સાચો કોઈ ન દેખ્યો જોગી—**એ દેશી.**

પાસ પ્રણમું શિરનામી આતમ ગુણ અભિરામીરે.
પરમાનંદે પ્રભુતા પામી કામિતદાય અકામી રે. પાસ. ૧
ચોવીસીમાં થેં તેવીસા, દૂરિ કર્યા તે વીસારો;
ટાળ્યા જિગતિથી તિવેંવીસા આયુ અતુ ધુ પણ વીસારે. પાસ. ૨
લોહ કું ધાતુ કરે તે કંચન તે પારસ પાષાણોરે;
વિવેકપણે તુમ્હચે નામે એ મહિમા સુપ્રમાણોરે. પાસ. ૩
ભાવો ભાવનિક્ષેપે મિલતાં ભેદ રહે કિમ જાણો રે;
તાને તાન મિલ્યે શો અંતર એહવો લોક ઉખાણો રે. પાસ. ૪
પરમ સ્વરૂપી પારસ રસશું, અનુભવ પ્રીતિ જગાઈ રે;
દોષ ટળે હોય દૃષ્ટિ સુનિર્મલ, અનુપમ એહ ભલાઈ રે. પાસ. ૫
કુમતિ ઉપાધિ કુધાતુને તજિયે. નિરૂપાધિક ગુણ ભજિયે રે;
સોપાધિક સુદુખ પરમારથે, તે લહે ન વિરજી રે. પાસ. ૬
જે પારસથી કંચન જાવું, તેહ કુંધાતુ હોવે રે;
તિમ અનુભવ રસ ભાવે ભેદિ, તું શુદ્ધ સ્વરૂપે જોવે રે. પાસ. ૭
વામા નંદન શીતલ દર્શન જાસ વિલાસે રે;
જ્ઞાનવિમલ પ્રભુતા ગુણ વાધો પરમાનંદ વિલાસે રે. પાસ. ૮

### महावीर प्रभुस्तवन.

**રાગ-મારૂણી. (ધન્યાશ્રી)**

ગિરિમાં ગોરો ગિરૂઓ મેરૂ ગિરિ વડો રે—એ દેશી.

કરૂણા કલ્પલતા શ્રી મહાવીરની રે, ત્રિરૂ વનમંડપમાંહિ પસરી રે;
મીસરી રે પરિમીઠી અભયે કરી રે.

શ્રી જિનઆણા ગુણઠાણે આરોપતો રે, વિરતિતણે પરિણામ પવનેરે;
આવતી રે અતિ હિઆમાંહ સભાવથી રે. ૨
સર્વ સંવર ફલે ફલતી મિલતી અનુભવે રે,
શુદ્ધ અને કાંત પ્રમાણે ભલતીરે, દલતી રે સંશય ભ્રમતા તાપને રે. ૩
ત્રિવિધિ વિધિ વીરતા જેણે મહાવી રે આદરી રે
દાન યુદ્ધ તપ અભિનવે રે ભવિ ભવિ રે દ્રવ્ય ભાવથી રે. ૪
હટક કોડિ દેઇ દારિદ્ર નસાડીઓ રે
ભાવે અભયનું દાનદરે કેઇ રે લેઇને સુખીયા રે. ૫
રાગાદિક અરિ મૂલ થકી ઉખેડિયા રે,
લહી સંયમ રણરંગ રોપી રે, ઉપરિ જિણે આપકલાની રાવણીની રે. ૬
નિરાશંસ વળી શિવ સુખ હેતુ માગુણે રે,
તપ તપિયા જિણે એમ આપે રે થાપે વર પંડિત વીર્ય વિનોદથી રે. ૭
દેશન જ્ઞાન ચારિત્ર ત્રિવિધની વીરતા રે
મહાપ શોભિત ભાવે ભાસે રે વાસે રે ભુવન જન મન ભાવણાં રે. ૮
વીર ધીર કોટિર કૃપારસનો નિધિ રે
પરમાનંદ યાદ વ્યાપે રે આપે રે નિજ સંપદ ફલ યોગ્યતા રે. ૯
બંધ ઉદય સત્તાદિ કા ભાવાભાવથી રે
ત્રિવિધ વીરતા જાસ જાણી રે આણી રે ત્રિપદી રૂપે ગણધરે રે. ૧૦
ઠાણગ જાણગ, ગુણઠાણુકા ત્રિહું વિધે રે
કાઢ્યા જેણે ત્રિદોષ પેરે શાખો રે શે દાતોષ કીધા તુ કહે રે. ૧૧
જ્ઞાનવિમલ ગુણ ગણમણિ રોહણ ભૂધરો
જય જય ભગવાન નાયક રે દાયક રે અખય અનંત સુખનો સદા રે. ૧૨

---

## (૪) जगत्कर्तृत्व.

---

### ( આશા. )

અવધુ ! એ જગકા આકારા, કોઇ કસ્યા ન કરણેહારા—
પૃથ્વી પાની પવન આકાશા, દેખત હોત અચંભા,
ઇત્યાદિક આધિયૈ પરગટ, દીસત કોઇ ન થંભા— અવધુ ! ૧
યા ભરમૈ ભૂલે જગવાસી, કરતા કારણ ગાવે,
કરમ રહિત જગકર્તા કારક, ક્યસે કર સંભાવે?— અવધુ ! ૨
કર્તુ અકર્તુ અન્યથા કરણે, સમરથ સાહેબ માયા,
ઘટપટ ઘટના થૈ પુન પટવી, યા રસ જગ નિર્માયા— અવધુ ! ૩

કરયો ન કોઈ કરૈ ન કરસી, એહ અનાદિ સુભાવે,
બિનસ્યો કબહી ન બિનસે યે જગ, જિન આગમ જિન ગાવે. અવધુ ! ૪
અગન શિલા પંકજ નહિ પ્રગટૈ,, શશક ઉડે નહિ સીંગા,
આકાશ ન હુવે ફુલવારી, કયેસો માયા અંગા ? અવધુ ! ૫
કૃત બિનાશ અકૃત અવિનાશી, શબ્દ પ્રમાણ પ્રમાણે,
યે લક્ષણ તુમરી લછનાએ, સંકર દૂષણ આતે— અવધુ ! ૬
અંત આદિ બિન લોક ન કહીસ્યો, ઘણ અહીરણ સંડાસી,
પ્રથમ પછે ઘટના નહિ સંભવ, સમકાલે હિ ઘડાસી— અવધુ ! ૭
પ્રથમ પછે પુરષા નહિ નારી, તૈસે ઈંડાં પંખી,
બીજ વૃક્ષ નહિ પીછે પહેલે, હૈ સમકાલ અપેખી— અવધુ ! ૮
લોક અનાદિ અનંત ભંગથી, હૈ ખટ દ્રવ્ય બસેરા,
યાકે અંતે જ્ઞાનસાર પદ, સબ સિધ્ધોકા ડેરા— અવધુ ! ૯

—જ્ઞાનસારજી.

---

## जिनमत.

(સારંગ.)

અવધુ ! જિનમત જગ ઉપકારી,
યા હમ નિશ્ચે ધારી—અવધુ ! ૧
સરબમે સર્વાંગે માને, સત્તા બિન્ન સ્વભાવે,
ભિન્ન ભિન્ન ષડ મત ગમ ભાખે, મત મમત હઠ નાવે. અવધુ ! ૨
નયવાદી અપનો મત થાપે, ઓર સહુ ઉત્થાપે,
એહને થાપ ઉત્થાપક બુદ્ધિ, એક એક દેશ વ્યાપે. અવધુ ! ૩
જે જે સિદ્ધાંતોમાં ભાખ્યા, ખટમત અંગ બતાવે,
જિનમતને સર્વાંગી દાખે, પણ ન વિરોધ જણાવે. અવધુ ! ૪
મતમત વાતાં ન ઉદીરે, તદગત શુદ્ધ સ્વભાવે,
વંદે નહિ નિંદે નહિ સબકું, યથાયોગ્યપર ચાલે. અવધુ ! ૫
એહવો નિઃક્રોધી નિર્માની, અમમાયી અમમત્તી,
તેણે જિન મત રહસ્ય પિછાણ્યો, અન્ય તે મતમમત્તી. અવધુ ! ૬
ઐસે શુદ્ધ જિનાગમ વેદી, જે નિજ આતમ વેદે,
જ્ઞાનસારથી શુદ્ધ સુપરિણિત, પાવે સિદ્ધિ અભેદે. અવધુ ! ૭

—જ્ઞાનસારજી.

## वेशविडंबक.

(માલકોશ.)

વેશ ધર યુંહી જન્મ ગમાયો.
સંજમ કરણી સુપનન કરણી, સાધુ નામ ધરાયો. વેશ૦
મુખ મુનિ કરણી પેટ કતરણી, અયસો જોગ કમાયો,
દેખી ગ્રહ ધારક મીંડીનીપર, ઇંદ્રિય ગોપ પતાયો. વેશ૦
મુંડ મુંડાય ગાડીરીની પર, જિનમત જગત લજાયો,
ભેખ કમાયો, ભેદ ન પાયો, મન તુરંગ વશ નાયો. વેશ૦
મન સાધે બિન સંજમ કરણી, માંનું તુજ ફટકાયો,
જ્ઞાનસાર તે નામ ધરાયો, જ્ઞાનકો મર્મ ન પાયો. વેશ૦

—જ્ઞાનસારજી.

## सुविहित गुरु.

તેહને સુવિહિત બિરૂદ ન કહિયે, સુવિહિત સુધું ભાખે,
યથાલાભ નિજ શક્તિ ન ગોપે, ગુણિજનસ્યું હિત રાખે રે.
નિંદા વિકથા વદને ન બોલે, જિનભક્તિએ ચિત્ત ખોલે,
પર ઉપકાર ન કીધો ટાલે, વરતે અબુધ જન ટોલે રે.
કોઇક 'દિગપટ' કોઇ 'મલિન,' કોઇક 'સિતપટે' વરતે,
સુવિહિત ભાવ ન તેહને કહિયે, જે દંભક્રિયા કરતે રે.
સમય પ્રમાણે 'સમાચારી,' ધારી કરે જે કિરિયા,
ગુરૂકુલવાસી નહિ પર-આશી, તેહજ ગુણના દરિયા રે.
વીરતણું શાસન જયવંતું, વરસ સહસ્ર એકવીશ,
મર્યાદાએ છે મલપતું, સુવિહિત સૂરિ છે ઇશ રે.
આપ વખાણે મિથ્યામદથી, જગે જશવાદ ન વાધે,
જિમ વાયસ નિજ નામ પોકારે, પણ હંસ કીર્તિ નવ સાધે રે.
નિશ્ચય દૃષ્ટયા શાસ્ત્ર નિહાળે, ક્રિયા શુદ્ધ વ્યવહારે,
નિજ ગુણમાં લીણું કરી ભાખે, રહે ગુણિજન આધારે રે.
પરગુણ દેખી મન સંતોષે, જિન વાણીને હિંસે,
ચઢતે ગુણઠાણે ગુણપોષે, પાપ પડલને શોષે રે.
સ્તુતિ નિંદા સુણી તોષે ન રોષે, રહે નિજાનંદમાં જોશે,
મિથ્યાભાવ કરી જન્મ નવિ મોષે, ભરે પુન્યને કોશ રે.

અહનિશ શ્રુત સજ્ઝાય પ્રસંગી, અનોપમ ઉપશમ લિંગી,
ગુણરાગી સંયમ રસરંગી, તે સુધા સંવેગી રે.
તેહિજ સુવિહિત સાધુ કહાવે, અવર તે નામ ધરાવે,
ગુણ વિણુ ડાકલમાલ ચલાવે, તેહિજ કામ ન આવે રે.
ગુણ વિણ દીક્ષા પંચવસ્તુમાં, કહી હોલીનૃપ સરખી,
તેહ ભણી સુવિહિતપણું પ્રાણી, ! જો જો પરિ વરિ પરખી રે.
સુવિહિત ગીતારથને વચને, વિષ હલાહલ પીજે,
અગીતારથ વચન વિષપરિ તજિયે, મિથ્યાચારે કહીજે રે.
ભિન્ન શંખને જંતુ જિમ દાવે, તે ફરી કામ ન આવે,
તિમ ગુણવિણ લિંગ ઉભય લોકે હિણુ, ઇમિ ઉપદેશમાલ ભાવે રે.
એમ જાણીને સાધુ સહ્વહણા, દુઃષમ સમયે પણ ધરજો,
તરતમ યોગ વિચારી જોતાં, નાસ્તિકભાવ ન કરજો રે,
તેહ જાણી સુવિહિત વાણીશ્યું, નેહ ધરી કિરિયા કરજો,
દાન શીલ તપ ભાવના ભેદે, શક્તિ અતિ આદરજો રે.
શઠ હઠ છોડી ગુરૂ વચને રહેતાં, લહતા આનંદ અનંતા રે,
જ્ઞાનવિમલ ગુણ અંગે ધરતાં, શુભ કરણી ઇમિ કરતાં રે.
(અશોક-રોહિણી રાસ.) —જ્ઞાનવિમલસૂરિ.

# ઝવેરાતનો વહેપાર.

પ્રાચિન કાળથી આ દેશમાં ઝવેરાતનો વ્યાપાર ચાલે છે અને કરોડો રૂપીઆનો માલ બાહાર યુરોપાદિ દેશોમાં ઘણા વર્ષોથી જાય છે. પ્રાચિન કાળમાં વેપારીઓ ભિન્નભિન્ન સ્થળેથી સારાં જવાહીર ભેગાં કરતાં અને તે પાદશાહ, રાજા તથા શ્રીમંતોને વેચતા હતા. જવાહીર વસ્તુ એવી છે કે જેના કસ ઉપર કે બીજી રીતે અમુક કીંમત નક્કી થઇ શક્તી નથી. તેનો આધાર માત્ર વેચનાર અને ખરીદનારની મરજી ઉપર હોવાથી મોટા વેપારી સારા ઝવેરાતનો સંગ્રહ કરી રાજા માહારાજાઓ પાસે તેની મનમાનતી કીંમત મેળવતા અને આ રીતે ઝવેરાતનો ધંધો કરનારને સુખી ગણતા હતા.

આ ધંધામાં આરંભ સમારંભ ઓછો હોવાથી મોટે ભાગે જૈન બંધુઓએ આ ધંધો પસંદ કર્યો હતો અને તેથી આખા હિંદુસ્તાનમાં આ ધંધો કરનાર ઘણે મોટે ભાગે જૈન ધર્મ પાળનાર આજે માલુમ પડે છે.

જ્યાં જ્યાં રાજ્યસ્થાન હોય ત્યાં અથવા મોટાં શહેરો હોય ત્યાં ત્યાં આ ધંધો કરનાર રહેતા અને હાલ પણ ઝવેરી બંધુઓનો નિવાસ મોટા મોટા નગરોમાં છે. રાજા માહારાજાઓ હાલમાં પ્રથમ પ્રમાણે ઝવાહીર ન લેતા હોવાથી અને હાલમાં પૈસાદારો યુરોપ અને

અમેરીકામાં વિશેષ હોવાથી આ દેશના વેપારીઓ પોતાનો માલ તેમને વેચવા લંડન અને પેરીસ મોકલે છે. અને ત્યાં યુરોપીયન પેઢીઓ આપણા માલને દલાલો મારફતે જુદા જુદા લેનારને બતાવી વેચાણ કરે છે—અહીંઆથી જે માલ પેરીસ અને વિલાયત જાયછે તેમાં વધારે મોતી જાય છે. પાના માણેક હીરા શનિ લાલડી વીગેરે પ્રમાણમાં ઘણું જ ઓછું જાય છે.

આ પ્રમાણે વ્યાપારની સ્થિતિનું ટુંકાણમાં દિગ્દર્શન કરાવી ઝવેરાત કેટલાં છે તેનો યતકિંચિત્ વિચાર કરીએ—

રત્નની જાતિ ૮૪ છે અને તે શાસ્ત્રોમાં છે પણ હાલમાં વ્યાપારમાં જેનો ઉપયોગ થાય છે એવા ઝવાહિર નીચે પ્રમાણે છે:-

માણેક, પાનું, હીરા, મોતી, પ્રવાળા, ગોમેદક, શનિ, લસણીઆ અને પોખરાજ. આ નવ જાતના ઝવેરાતનો મુખ્યત્વે વેપાર ચાલે છે. આના સંબંધમાં કહ્યું છે કે,

પાના પદ્મ નિધાન ચોદસ હીરા ચલકે
મોતી મુકતાફળ પારો પ્રવાળા જલકે
ગોમીદક ગુણ આગળા લીલમ લચ્છજ પાવે.
લસણીઆ તોરી અતી કીંમત કુણસે કહી ન જાવે
પોરાજ રાજ રાજ સરી સોલે કુંદન જડીયો—
બીચમે *માણેક સોહાએ તબ નવગ્રહો બનીયો.

આ પ્રમાણે નવ રત્નોનો સંબંધ નવગ્રહો સાથે પણ ગણવામાં આવે છે અને જ્યારે કોઈને નવ ગ્રહોનું પુજન કરવું હોય અગર પાસે રાખવા હોય તો નવગ્રહો બનાવવામાં તેવા તેઓને અનુક્રમે નંગો જડાય છે.

૧ **માણેક**—જેનું ઈંગ્રેજીના Ruby છે. તે સૂર્યનું રત્ન ગણાય છે એટલે સૂર્યદેવ જો અપ્રસન્ન હોય તો માણેક પાસે રાખવાથી તેઓ પ્રસન્ન થાય છે અને તે રાખનારને નડતા નથી. આ રત્નની ખાણો **બ્રહ્મદેશ, સીલોન, કાબુલ** અને **હિંદુસ્તાન**માં પણ છે. વ્યાપાર ઇંગ્રેજોના હાથમાં છે. જે વખતે બ્રહ્મદેશ ઇંગ્રેજોએ લીધો તેજ વખતે બરમા રૂબી માઇનંગ કંપની નીકળી અને તેણે સરકાર પાસે ઇજારો લીધો ત્યારથી સારા નંગો બારોબાર યુરોપ જાય છે અને જે તે દેશના બરમીઓને થોડી થોડી જમીન આપવામાં આવે છે તેમાંથી નીકળતો માલ આપણા દેશીઓના હાથમાં આવે છે. બનાવટી માણેક-ઇમીટેશન રૂબી નીકળવાથી આ માલના વેપારને મોટો ધોકો પહોંચ્યો છે. અને ઇમીટેશન રૂબી બનાવવાનું શોધી કાઢનાર પેરીસ વગેરેના સાઇનટીસ્ટો લાખો રૂપીયા કમાઇ ગયા છે.

નવગ્રહ બનાવવામાં માણેકને વચ્ચે જડવામાં આવે છે.

૨ **પાના**—આ દેશમાં હાલમાં તમામ માલ પારૂથી આવે છે પ્રથમ આ દેશમાં તેની ખાણો હશે પણ તે તરફ આપણા લોકોનું લક્ષ નથી અને ત્યાંના વેપારીઓ ઉદ્યોગ ખીલવવામાં પ્રવિણ હોવાથી દર વરશે લાખો રૂપીયાનો માલ આ દેશમાં આવે છે. તેમાંનો હલકો માલ આ દેશમાંજ વપરાશમાં રહી ઉંચો માલ પાછો યુરોપ જાય છે. આ વ્યાપાર

પણ ઇંગ્રેજોના હાથમાં છે. માત્ર દલાલી જેજુ આપણા ભાઇઓ કમાઇ શકે છે. નવગ્રહ જડવામાં પાન ને માણેકની ઉપરની લાઇનો જડવામાં આવે છે. આ બુદ્ધ ગ્રહ ગણાય છે.

૩ **હીરા**—આ દેશમાં હીરાની અમૂલ્ય ખાણો છતાં આ વ્યાપાર તમામ યુરોપીઅનોને હાથ છે. ખાણોમાંથી માલ પુષ્કળ નીકળતો છતાં વ્યાપારી કળાથી જોઇએ તેથી ઓછો માલ અત્રે મોકલી લાખો તો શું પણ કરોડો રૂપીયા આ કંપની અને હીરાના વ્યાપારીઓ કમાઇ ગયા છે અને કમાઇ જાય છે—આ માલ આપણા દેશમાં દુનીઆની તમામ ખાણોથી એટલો બધો સારો નીકળે છે કે તેની ઘરાકી જોઈએ ત્યાં થાય તેમ છે. મોટું ભંડોળ અને સાહસિક માણસો આ કામ ઉપાડે તો નફો ઘણોજ મોટો છે. આ સંબંધી ઘણી માહીતી મેં મેળવેલી છે પરંતુ કામ કરનાર અને વખતને અભાવે આ સાહસમાં પડવાનું મારાથી થયું નથી. જો આપણા બંધુઓને આ સંબંધી માહીતી જોઈતી હોય તો તેમણે મને રૂબરૂ મળવાથી યોગ્ય સલાહ આપવામાં આવશે. આ હીરાને ઇંગ્રેજીમાં Diomonds કહે છે કે તેનું નામ વજ્રરત્ન પણ કહેવાય છે. અને તે શુક્ર નામનો ગ્રહ ગણાય છે. નવગ્રહ જડવામાં પાનાની સાથે જમણી તરફ જડાય છે.

**મોતી**—મુક્તાફળ કેહેવાય છે અને તે ચંદ્ર નામના ગ્રહનું નંગ ગણાય છે—આ મોતી આઠ પ્રકારનાં થાય છે પણ હાલ પ્રચારમાં માત્ર છીપમાંથી નીકળતાં મોતીજ આવે છે. હાથીમાંથી વાંસમાંથી, તથા તે શીવાય બીજા પ્રાણીઓમાંથી ઉત્પન્ન થતાં મોતી કેહેવામાં આવે છે પણ તે મારા અને મારાથી વયોવૃદ્ધ એવાઓના પણ જેવામાં આવ્યાં નથી એટલે તેનું વર્ણન કરી અત્રે જગા ન રોકતાં માત્ર છીપમાંથી ઉત્પન્ન થતાં મોતી કે જેનો મોટો વેપાર છે અને જેમાં ઘણે ભાગે આપણા ગુજરાત દેશનાજ લોકો પડેલા છે તે સંબંધી બે બોલ કહીએ.

સારામાં સારા મોતી અરબસ્તાનમાં થાય છે. તેમજ આ દેશને દક્ષિણ કીનારે અને સીલોનની વચ્ચે થાય છે. ઓસ્ટ્રેલીઅન અને વેની જુલાનું મોતી જથાબંધ આવે છે પણ તે હલકા પ્રકારનું હોય છે અને ગરીબ ગરબામાં ઘણું વપરાય છે. આવો માલ લાખો રૂપીયાનો આ દેશમાં આવે છે.

મોતીના મૂળ વેપારી આરબો છે. તેઓ આ દેશમાં આવી પોતાનો માલ વેચતા હતા પણ હાલમાં આ વ્યાપારમાં આપણા દેશીની સહાયતાથી બે ત્રણ મોટા વેપારીઓ પડેલા છે. તેઓને પરદેશગમનનો વાંધો ન હોવાથી અરબસ્તાન જઈ પોતાની ઇચ્છાનુસાર માલ ખરીદી લે છે પછી શેષ માલ અત્રે આવતો હતો. પૈસાની પુરી સગવડ ન હોવાથી અને આપણા ભાઈઓ અરબસ્તાન જતા હજુ વિચાર કરતા હોવાથી આ વેપાર પણ થોડે દીવસે આપણા હાથમાંથી જવાની તૈયારીમાં છે. આ વરસે જો કે કેટલાક આપણા ભાઇઓ અરબસ્તાન ગયા છે અને તેમણે પણ વખત જોઈ વર્તવા માંડયું છે, છતાં પણ આવું પૈસાના જોરવાળા તથા પેરીસમાં પોતાનાં ઘરનાંજ માણસોથી વેચનારની સામે હરીફાઇમાં કેટલું ટકે છે તે જોવાનું છે.

જેમ વ્યાપારમાં વધારે માણસોને હાથ માલ જાય તેમ માલની કીંમત વધતી જાય અથવા માલની કીંમત તેનાં મૂળ વ્યાપારીને ઓછી મળે છે. આ વ્યાપારમાં હાલમાં જે

હરીફ વ્યાપારીઓ છે તે બધાં ઘરના કામ કરનાર છે–માલની ખરીદી જાતે કરે છે, તૈયાર જાતે કરાવે છે, જાતે વેચે છે અને તે ઘરાકમાં ફરીને વેચે છે. એટલે હીંદના વ્યાપારી કરતાં ૧૦ ટકા વધારે આપીને જો તે માલ લે તો તેને પોસાય તેમ છે. આ બધામાં તેની પાસે પૈસાનું સાધન મુખ્ય છે અને તેથી તે ફાવે છે.

આપણા વેપારીઓએ વેપારી કેલવણી લીધેલી ન હોવાથી તથા થાપણ કેમ ઉત્પન્ન કરવી તે અને ભેગી થાપણના બળનો લાભ તેમના જાણવામાં નથી. તેથી પોતાની મુડી કરતાં આઠ દસ ઘણો વેપાર કરી ઓફીસમાં તે માલ આપી (બીજા શબ્દોમાં કહીએ તો વેચવા માટે) મારગેજ મુકી પોતાનું કામ ચલાવે છે. સારા વખતમાં તેમનું ગાડું ચાલે છે પણ વખત બદલાતાં તેઓ કફોડી સ્થિતિમાં આવી જાય છે. ઓફીસવાળાના દબાણથી પોતાનો માલ તેને સસ્તી કીંમતમાં વેચવો પડે છે–તેનો નફો ચાલ્યો જાય છે અને વ્યાજ અને નુકસાનીમાં તેને ઘણું સહન કરવું પડે છે. મોતીના વેપારી, લીમીટેડ કંપની કરી થાપણ ઉભી કરે અને પછી તે કંપનીની વતી ખરીદી અને કંપનીના માણસો વીલાયત ( લંડન પેરીસમાં ) માં વેચે તો જ આ નવા વેપારી સામે ટકી શકવાનો સંભવ છે. જો સવેળા તેમ નહી કરો તો આ સાહાસિક વેપારીઓ એક વખત એવો પણ લાવશે કે આપણે હિંદુસ્તાનમાં વાપરવા માટે બદલાનું મોતી તેમની પાસે લેવા જવું પડશે અને વ્યાપારી કળા શીખેલા આ લોકો રૂ. ૧૨) ના ભાવના બદલાના રૂ. ૧૮) માગે તોપણ આપવા પડશે.

જેમ હીરાના વેપારમાં આપણે કાંઇ કરી શકતા નથી અને વીલાયતવાળા માગેલો ભાવ લે છે તેજ પ્રમાણે મોતીના વેપારનું ભવિષ્ય જણાય છે. હજુ પણ વખત છે. **સંપ ત્યાં જંપ. આપસમાં સંપ કરો અને સામાજીક બળ વાપરો તોજ આપણે ફાવી શકીશું.**

હાલમાં આપણા કેટલાક ભાઇઓ લંડન પેરીસ વિગેરે સ્થળે ગયા છે અને ત્યાં માલ વેચવાનું કામ કરે છે પણ આ આપણા ભાઈઓ પાસે મુડી (રકમ) નું સાધન ન હોવાથી મોટા વેપાર ઇંગ્રેજ ઓફીસો મારફતેજ ચાલે છે. આમ થવાનું કારણ આપણામાં સંપ નથી. વ્યાપારીઓને પારકી થાપણ વાપરી કામ કરવાની આવડત નથી અને તેથી પારકે હાથ આપણો માલ જાય છે અને તેના જોઇએ તેવા હાલહવાલ થાય છે. આ વાતની સસતાનો દાખલો જોવો હોય તો મી. પીટર–અને વેરીક બંને કરોડાધીપતી છે અને હમારા ભાઇઓમાં અસલ વ્યાપારી જોખમ ઉઠાવનાર તરીકેઆજે ૫૦ લાખ રોકડા કાઢી આપે એવો એક પણ આસામી નથી. આ બધાનું ખરેખરૂં કારણ અજ્ઞાન છે. મોતીના કરોડોનો વેપાર કરનારને ભાષાજ્ઞાન પણ પુરૂં નહીં ! આવી સ્થિતિથી આ વેપાર ધીમે ધીમે આપણા હાથ માંથી જવા બેઠો છે.

આ વ્યાપારમાં જો મોટી થાપણવાળી કંપની કરી તેના શેર લેનારાજ તેનાપર દેખરેખ રાખે અને વીલાયતમાં હાલ જેમ આપણો માલ વેપારીઓને આપવામાં આવે છે અને તે વેપારી પાછા ઘરાકને બરના દાગીના બનાવી આપે છે, તે કામ પણ આ કંપની કરવાનું કરે તો તે મોટો નફો મેળવે. હજુ સુધી આપણો પ્રવેશ લંડન અને પેરીસના વ્યાપારીઓમાં જ છે. હવે તે હદ ઓળંગવાની જરૂર છે. હીરાના યાહુદી વેપારીઓ ૧૦ રતિ હીરા લેનાર ઘરાકોને ત્યાં જાય છે અને માલ વેચે છે તેમ જ્યારે આપણા ભાઇઓ લંડન અને પેરીસના ઘરાકોને ત્યાં જતાં શીખશે ત્યારેજ પોતાના વેપારીઓનો ઉદય થશે.

આપણી જરૂરીયાતો થોડી છે તેથી જે મળે તેમાં સંતોષ માનીએ છીએ. એક રીતે એ વાત સારી છે કે આત્મામાં અતિ તૃષ્ણાનો અભાવ હોવાથી આપણે તે રીતે સુખી રહીએ છીએ પણ જમાનો જુદા પ્રકારનો છે. દેશકાળને અનુસરીને વર્તવું જોઈએ તેથી વ્યાપારની રીતે વ્યાપાર કરશો તો જરૂર લાભ થશે. આજે કોઈ માણસ સમતા રાખી ગાડીની મુસાફરી કરતો દેશમાંથી મુંબાઇ આવે તો તેને લોકો ગાંડો કહેશે, તેજ પ્રમાણે બીજી પ્રજા કરોડો રૂપીયાની થાપણ ભેગી કરી રેલવે કંપની, સ્ટીમર કંપનીઓ ચલાવે છે અને તેમાં કરોડો રૂપીયા મેળવે છે તો જો આપણા ધનાઢ્યો તેવું ન કરી શકે તો પણ પોતાને પડતા દુઃખનો વિચાર કરી પોતાને તેવું દુઃખ ઓફીસો તરફથી ન પડે તેટલું પણ ઘણી ઘણી વખત દુઃખનો અનુભવ થયા છતાં કાંઇ પણ કરી શકતા નથી એ ખેદની વાત છે. હજુ પણ જાગ્યા ત્યાંથી સવાર એમ ગણી કંપની કરવામાં આવશે તો તેનાથી નાણાનું વ્યાજ મળવા ઉપરાંત પુષ્કળ કમાણી થશે.

આ વિષય જેમને ઉપયોગી છે તેમાંના ઘણા બંધુઓ માત્ર લક્ષ્મીના આરાધક હોવાથી આ વિષય વાંચવા તસ્તી લે તેમ સંભવ ઓછો છે અને જે મિત્રોને સરસ્વતી દેવીની ઉપાસના નથી. એટલે કે માત્ર ગુજરાતી ત્રીજી ચોથી ચોપડીનું જ્ઞાન પણ ન હોય તેવાને આ વિષયમાં પ્રવેશ શાનો થાય? મેં એક કરોડની થાપણવાળી કંપની કરવાની હીલચાલ કરી હતી, પણ તેમાં આગેવાની ભર્યો ભાગ લેનારના મન ફરી ગયા. તેથી એ વાત પડી ભાગી છતાં પણ કોઇ સારા વિદ્વાન અને ધનવાન આ કામ કરવાનું ઉપાડે તો મારી નિષ્ફળતાથી તેમને ડરવાનું નથી. વિમાન બનાવવાના સાહસમાં લાખો રૂપીયા અને સેંકડો માણસોનો નાશ થયો ત્યારે એ વાત સિદ્ધ થઈ અને આજે આપણે જોઇએછીએ કે દરેક રાજ્યે પોતાના લશ્કરમાં વિમાનો અને વિમાનો ઉડાવનારાની સારી સંખ્યા રાખી છે. આ કામમાં તેવું કાંઇ નથી. માત્ર ખંત અને લાગવગથી કામ કરવામાં આવે તો જરૂર જોઇતી થાપણ ભેગી કરી શકાશે અને જો એકને ફાવી આવી તો આપણા રીવાજ પ્રમાણે તેવા સાહસ કરનાર ઘણા મળશે અને આમ થશે તો પણ દેશને લાભ છે. પ્રસંગોપાત આટલું કહી આ વિષય અત્રે બંધ કરી પ્રવાળ સંબંધી હકીકત હવે પછી આપી અનુક્રમે નવે ગ્રહો સંબંધી કહેવામાં આવશે.* અધુરૂં.

ઝવેરી માણેકલાલ ઘેલાભાઇ.

---

*આ વિષય પર્યુષણ અંકમાં પ્રગટ થવા આવ્યો હતો અને જો કે તે અપૂર્ણ હતો છતાં પર્યુષણ અંક તે વખતે તૈયાર થઇ ન ગયો હોત તો અમે તેને જરૂર તે અંકમાં સ્થાન આપત. લેખક મહાશય ક્ષમા કરશે અને હવે પછી પોતાનો ઉપયોગી વિષય વિસ્તારપૂર્વક લંબાવવા કૃપા કરશે; ઉપયોગી એટલા માટે કહીએ છીએ, કે સાક્ષર શ્રી રણજિતરામ વાવાભાઇએ ઉક્ત પર્યુષણ અંકના પૃષ્ઠ ૩૫૯ મે યોગ્યજ કહ્યું છે કે "મોતીનો વેપાર ઘણા જૈન ઝવેરીઓ કરે છે લંકાનાં મોતી લેવા વિલાયતમાં વેપારીઓની 'સીંડીકેટ' થઈ એમનો ધંધો એમના હાથમાંથી પડાવી લીધો ત્યાં સુધી એવી રીતે જોડાઈ વેપાર એક હાથે કરવાનું કેમ જૈનોને ન સૂઝ્યું? કારણ કેળવણીની ખામી અને તે દ્વારા દુનિયાનું હાલનું બંધારણ કેવું છે તે પારખવાની અશક્તિ." તંત્રી.

# कॉन्फरन्स मिशन.

## (૧) ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદનો પ્રવાસ.

**ભાગલ (ચીપલી)**—ધોતા સકલાણાની જાન આવતાં જાનને ઉતારે જાહેર ભાષણ આપ્યું હતું જેની અસરથી લગ્ન પ્રસંગે ફટાણાની અદલીમાં શાસ્ત્રીય ગીત ગવાયાં હતાં. સુકૃત ભંડાર ફંડ વસુલ કરી આપ્યું હતું.

**ગોળા**—શિયલવ્રત, કન્યાવિક્રય, ફટાણાં નહિ ગાવાં વિગેરે વિષયોપર જાહેર ભાષણો આપતાં સારી અસર થઇ હતી. સુકૃતભંડારફંડ વસુલ કરી આપ્યું હતું.

**માલણ**—સંપ, શિયલવ્રત, કન્યાવિક્રય, કજોડાં, વ્યસન વિગેરે વિષયો ઉપર ભાષણો કર્યાં હતાં, હોકો નહિ પીવાની કેટલાકોએ પ્રતિજ્ઞા લીધી હતી. સુકૃતભંડાર ફંડ વસુલ કરી આપ્યું હતું.

**ટેંબાચુડી**—એક અઠવાડીયું રહી શિયળવ્રત, લગ્ન પ્રસંગે ફટાણા નહિ ગાવાં. કન્યાવિક્રય, કજોડાં, વૃદ્ધવિવાહ, દુર્વ્યસન અને હાનીકારક રીવાજો ઉપર ભાષણો આપતાં ઘણી જ સારી અસર થઇ હતી.

**બાવલચુડી**—જીવદયા, ભક્તિ વિગેરે વિષયોપર ભાષણ આપ્યાં હતાં. અસરકાર લાગણી ફેલાઇ હતી. સુકૃતભંડાર ફંડ વસુલ કરી આપ્યું હતું.

**મજાદર**—અત્રે જાહેર ભાષણો આપતાં ફટાણાં નહિ ગાવાની ઘણી બ્હેનોએ બાધા કરી હતી.

**ચાંગા**—અત્રે ભાષણો આપતાં જૈન તેમજ જૈનેતર ભાઇઓમાં સારી લાગણી ફેલાઇ હતી. કેટલીક બ્હેનોએ ફટાણાં નહિ ગાવાની પ્રતિજ્ઞા લીધી હતી.

**મેતા**—૭ દિવસ રહી, કજોડાં, કન્યાવિક્રય, બાળલગ્ન, વૃદ્ધવિવાહ, મૃત્યુ પાછળ રડવું કુટવું, ભક્તિ વિગેરે વિષયો પર અસરકારક ભાષણ આપ્યાં હતાં લોકોની સંખ્યા ૬૦૦-૭૦૦ આશરે શ્રવણ કરવા મળતી હતી. સુકૃત ભંડાર ફંડ વસુલ કરી આપ્યું હતું.

**તેનીવાડા**—મૃત્યુ પાછળ રડવું કુટવું નહિ એવી પ્રતિજ્ઞાઓ ભાષણોની અસરથી થઈ છે તેમજ કેટલાક બીડી, હુકાના વ્યસનીઓએ પણ તેને દુર્વ્યસનને તીલાંજલી આપી છે. સુકૃત ભંડારફંડ વસુલ કરી આપ્યું હતું.

**નાંદોત્રા**—અત્રે ચાર દિવસ રહી બાળલગ્ન, કન્યાવિક્રય, વ્યસનથી થતા ગેરફાયદા ઉપર જાહેર ભાષણો આપ્યાં હતાં. ભાષણોની અસર સારી થઇ હતી. કેટલાકોએ પોતાની કન્યાના પૈસા નહિ લેવા ઠરાવ કર્યો હતો તેમજ કેટલાકોએ હુકા નહિ પીવાની બાધા રાખી હતી. સુકૃતભંડાર ફંડ વસુલ કરી આપ્યું હતું.

**ડાલવાણા**—અત્રે પણ ચાર દિવસ રહી કજોડાં, કન્યાવિક્રય, બાળલગ્ન આદિ વિષયો પર જાહેર ભાષણો આપ્યાં હતાં. તેથી લોકોનું ધ્યાન ઉક્ત વિષયોપર ખેંચાયું છે. સુકૃત ભંડાર ફંડ વસુલ કરી આપ્યું હતું.

**થલવાડા**—કન્યાવિક્રય, બાળલગ્ન, કજોડાં, ફટાણાં નહિ ગાવાં, મરણ પાછળ રડવું કુટવું આદિ વિષયો પર ભાષણો આપતાં બહુજ અસરકારક લાગણી થઈ હતી. બહારગામથી પણ માણસો ભાષણો સાંભળવા આવતાં હતાં. સુકૃત ભંડાર ફંડ વસુલ કરી આપ્યું હતું.

### (૨) ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદનો પ્રવાસ.

**કાંકર**—અત્રે જીવહિંસા, દારૂનિષેધ, ફટાણાં નહિ ગાવાં, ભક્તિ વિગેરે વિષયોપર ભાષણો આપતાં ચાર ઠાકોરોએ માંસાહાર તથા દારૂ નહિ પીવાની સભા વચ્ચે બાધા લીધીછે. તેમજ કેટલીક બ્હેનોએ ફટાણાં નહિ ગાવાની પ્રતિજ્ઞા લીધી છે. ફંડ વસુલ કરી આપ્યું હતું.

**ઉંબરી**—કન્યાવિક્રય, દારૂ વિગેરે વ્યસની ચીજો પર જાહેર ભાષણો આપતાં સચોટ અસર થઇ હતી. અને તરતજ કેટલાકોએ કન્યાનો બીલકુલ પૈસો નહિ લેવાની તેમજ કેટલાક ઠાકોરોએ દારૂ વિગેરે વ્યસની ચીજો નહિ પીવાની સભા વચ્ચે પ્રતિજ્ઞાઓ લીધી. સુકૃત ભંડાર ફંડ વસુલ કરી આપ્યું હતું.

**કંબોઇ**—અત્રે જાહેર ભાષણો દારૂ આદિ કેફી ચીજો પર આપતાં તેમજ બૈરાંઓએ બંગડી નહિ પહેરવા ઉપર ભાષણો આપતાં સારી લાગણી થઇ હતી. ફંડ વસુલ કરી આપ્યું હતું.

---

# श्री जैन श्वेतांबर कोन्फरन्स सुकृत भंडार फंड.

( સંવત ૧૯૬૯ ના અશાડ વદ ૧૪—શ્રાવણ વદ ૩૦, તા. ૧-૮-૧૩ થી ૩૧-૮-૧૩. )
વસુલ આવ્યા રૂ. ૪૨૦-૯-૦ ની વીગત. ગયા માસ આખરના વસુલ રૂ. ૨૦૩૨-૭-૦

**(૧) ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદ**—ઉ. ગુજરાત.

ઉણ ૧૧, ખારીઆ ૧, થરા ૪, કાંકર ૬૧, ઝાલમોલ ૨૧, ખોડા ૩, ખેમાણા ૧૩॥ શેખલા ૧॥, રણાવાડા ॥, ઉંબરી ૩૫॥, બોડલા ॥, કંબોઇ ૨૨)~, સરીયદ ૪॥

કુલ રૂ. ૧૪૮-૧૩-૦

**(૨) ઉપદેશક મી. અમૃતલાલ વાડીલાલ—દક્ષિણ.**

કાસેગાંવ ૫૧, ઇંચળકરંજી ૫૩, મસુર ૧૫, યેકસંબા ૨૫

કુલ રૂ. ૧૪૪-૧૨-૦

**(૩) ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદ—પાલણપુર ઇલાકો.**

ડાલવાણા ૧૯॥, થલવાડા ૬॥, જીડાસણુનાની ૫, વેસા ૧૧, નાવીસણા ૬॥, રૂપાલ ૭, મેમદપૂર ૪૬॥, પીપોલ ૪॥, મેંગાલ ૧૫, જુનીનગરી ૨૧.

કુલ રૂ. ૧૨૫-૦-૦

**(૪) આગેવાનોએ**—પોતાની મેળે મોકલાવ્યા. બેંગલોર ૨. કુલ રૂ. ૨-૦-૦

એકંદર કુલ રૂ. ૨૪૫૩-૦-૦

**સૂચના:**—ગયા અંકમાં જણાવેલી રકમ વગેરેમાં નીચે પ્રમાણે સુધારી વાંચવું.

જાખેલ ૩, વડા ૩॥, ડુંગરાસણ ૪, આકોલી, નવલીહાલ, બેડકીહાલ ૩૯, બસુ, ૧૭॥, કોટડી, રાંદેર.

---

# શ્રી ધાર્મિક હિસાબ તપાસણી ખાતું.

( તપાસનાર:—શેઠ ચુનીલાલ નહાલચંદ ઓનરરી ઓડીટર શ્રી જૈન. શ્વે. કોન્ફરન્સ. )

કાઠિયાવાડમાં આવેલા ગામ **પાલીતાણા** મધ્યે **શ્રી શ્રેયસ્કર મંડળ**ના વહીવટને લગતો રીપોર્ટ:—

સદરહુ સંસ્થા દરેક જૈન શ્વેતાંબરોને લગતી હોવાથી જો કે આ રીપોર્ટ થોડો લંબાણ થઇ જશે તો પણ તેમાં કેટલાએક સુધારા વધારા કરાવવા માટે મારા કેટલાએક વિચારો આ રિપોર્ટદ્વારા જાહેરમાં મુકું તો તેમાં કાંઇ ખોટું કહેવાશે નહી તેવું ધારી મારા વિચારો આ રિપોર્ટમાં જાહેર કરું છું તેથી આશા રાખું છું કે વાંચનાર ગૃહસ્થો દરગુજર કરશે.

સદરહુ સંસ્થાની શ્રી સંઘ તરફથી નીમાયેલી કમીટી તરફથી વહીવટ કર્ત્તા સેક્રેટરી શેઠ **વેણીચંદ સુરચંદ** હસ્તકનો સં. ૧૯૬૩ ની સાલથી સં. ૧૯૬૭ ના આસો વદ ૩૦ સુધીનો વહીવટ અમોએ તપાસ્યો તે જોતાં સદરહુ સંસ્થાનું બંધારણ બાંધવામાં અગત્યના ઉદ્દેશો નિશ્ચિત કરવામાં આવેલા છે અને અમલમાં પણ મુકવામાં આવ્યા છે. પરંતુ જોઇએ તેવી રીતે મુકવામાં આવેલા નહી હોવાથી મોટા ભાગની મહેનત વ્યર્થ જાય છે. માટે તે હેતુઓ સંગીનપણે મજબુતાઇથી પાર પાડવાનું સદરહુ સંસ્થાની વ્યવસ્થાપક કમીટી પુરતી રીતે પોતાના મન ઉપર લે નહિ ત્યાં સુધી શેઠ વેણીચંદભાઈ જો કે આ સંસ્થાને મજબુત પાયા ઉપર લાવી તેનો બહોળો ફેલાવો કરી દરેક તીર્થમાં થતી અશાતનાઓ ટાળી જૈનોને જ્ઞાન વિગેરે ઉત્તમ પ્રકારના લાભો મળી શકે તેવી રીતે પુરેપુરો પ્રયત્ન કરી રહ્યા છે, તોપણ આ કામ એકલા વેણીચંદભાઇથી પાર પાડી શકે નહીં. વ્યવસ્થાપક કમીટી જો પોતાના બંધારણમાં વખતો વખત કમીટી ભેગી થઇ શકે તેનો ફેરફાર કરી, વખતો વખત ભેગી થઇ અકેકો અગત્યનો ઉદ્દેશ હાથ ધરી તે ઉપર લાંબો વખત જાહેરમાં ચર્ચા કરી તથા આપણા જૈનાચાર્યો, મહારાજ તેમજ ધર્મિષ્ટ વિદ્વાન કેળવાયેલા અને આગેવાન ગૃહસ્થો ઉપર તે બાબતનાં વિગત સાથે હેન્ડબીલો છપાવી મોકલી આપી તેઓના અભિપ્રાય મેળવી એક મતે અથવા બહુમતે સરળ મનથી પસાર કરી અમલમાં મુકવામાં આવે તો જરૂર ધારેલું કામ પારપાડી તેનો પુરેપુરો લાભ જૈનોને મળી શકે. આ વાત ખરી છે કે કમીટીના દરેક મેમ્બર સાહેબો એક ગામ નિવાસી નથી તો પણ જે જે મેંબરો ઘણે છેટે રહેતા હોય તેઓ ઉપર ઉપર જણાવવા મુજબ હેન્ડબીલો મોકલી અભિપ્રાય મંગાવ્યાથી કાર્યો કરવામાં કોઇ રીતની અડચણ આવશે નહિ.

હાલમાં આપણી જૈન કોમ પોતાના ધાર્મિક તથા વ્યવહારિક રીતી રીવાજો તેમજ વિચારોમાં બીજી ઉંચી કોમો કરતાં પછાત પડી ગયેલી છે તેનું કારણ આપણા જૈનોમાં મહોટે ભાગે એવી રૂઢી થઇ ગઇ છે કે કોઇ પણ કામ આરંભવાની શરૂઆતમાં શૂરાતન દેખાડી પાછળથી એટલા બધા મંદ પડી જાય છે કે આરંભેલા કામોના સામું પણ જોતાં નથી તેથી આરંભેલા કામો પડી ભાંગે છે. અથવા તેનું નામ રહી તેમાં કોઇ પણ જાતનું કાર્ય થતું નથી અથવા થઇ શકતું નથી.

હાલમાં બીજી કોમોના અગ્રેસરો, પોતાની કોમો દિવસે દિવસે નબળી પડતી જાય છે તે જાણી લઇ પોતાની શક્તિ પ્રમાણે પોતાના તન, મન અને ધનની મદદ કરી કોમમાં એકતા તેમજ રીતી રીવાજોમાં સુધારા કરાવવા તથા ધાર્મિક તેમજ વ્યવહારિક કેળવણીમાં આગળ વધારી કોમને સારી સ્થિતિમાં લાવવા અનેક પ્રકારના પ્રયત્નો કરી રહ્યા છે ત્યારે આપણી જૈન કોમ ઘોર નિંદ્રામાં પડી છે તેમાંથી જાગ્રત થતી નથી; તેથી દિવસે દિવસે નબળી પડતી જાય છે. જો કે આપણી જૈન કોમ અનેક પ્રકારના ધંધામાં પડેલી હોવાથી તેની નબળાઇ બાહ્યરમાં દેખાઈ આવતી નથી તોપણ ઉંડા ઉતરીને જોશો તો ખેદ થયા વગર રહેશે નહિ.

પૂર્વે જૈન અગ્રેસરો રાજ્યોમાં મોટા લાગવગ ધરાવી મોટાં મોટાં તીર્થો સ્થાપી તેનું પુરેપુરૂં રક્ષણ કરી જૈન ધર્મની ધ્વજા ફરકાવતા હતા ત્યારે હાલના જૈન અગ્રેસરો પોતાના તીર્થોનું પુરેપુરૂં રક્ષણ કરી શકતા નથી તે એટલે સુધી કે જ્યારે અન્ય દર્શનીઓનાં મંદિરોમાં કે મસજીદોમાં કે દેવળોમાં તેમના લાગતા વળગતાની પરવાનગી લીધા સિવાય બીજી કોમવાળા તેમાં દાખલ થઈ શકતા નથી, તેમજ તેના રીતી રીવાજોથી ઉલટી રીતે વર્તી શકતા નથી, ત્યારે કેટલાક આપણા પવિત્ર જૈન મંદિરોમાં તેના લાગતા વળગતાની મરજી વિરૂદ્ધ અન્ય દર્શનીઓ તેમાં દાખલ થાય છે તે એટલે સુધી કે જૈનોના રીતી રીવાજોની પણ દરકાર કરતા નથી અને ચામડાના બુટો તથા પટા વિગેરે પહેરી હાથમાં લાકડી લઇ જવા પણ ચુકતા નથી, વળી પૂર્વે જૈન અગ્રેસરો પોતાના સ્વામી ભાઈઓને હરેક રીતે મદદો કરી તેઓને સારી સ્થિતિમાં લાવવા પ્રયત્ન કરતા હતા. અને લાવતા હતા ત્યારે હાલના જૈન અગ્રેસરોએ તે વાત મોટા ભાગે વિસારે નાંખી દીધી છે.

દિવસે દિવસે આપણા મોટા ભાગના જૈનોના ધર્મ સંબંધી રીતી રીવાજો પણ બદલાતા જાય છે. બહારથી જોશો તો સેવા પુજા વિગેરે બધા ઠાઠથી કરે છે, પરંતુ ઉંડા ઉતરીને જોશો તો મોટા ભાગે પુરેપુરી નિરાશાજ ઉપજશે.

આ બધું થવાનું કારણ શોધતાં આપણા જૈનોમાં ધાર્મિક તેમજ વ્યવહારિક કેળવણીની બહુજ ઓછાસ, ઐકયતા (સંપ) ની ખોટાઇ, ધર્મ સંબંધી મોટા ભાગે અપાતું અધુરૂં અને પોપટીઉં શિક્ષણ અને તેથી તેઓનું અજ્ઞાનપણું.

આ ખાતાને ( શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ ધાર્મિક હિસાબ તપાસણી ખાતું ) લઈને મને જે જાતિ અનુભવ થયો છે તે ઉપરથી હું ખાત્રીથી કહું છું કે આ ખાતા તરફથી આજ સુધી જેટલી ધાર્મિક સંસ્થાઓ તપાસી છે તેમાં મોટા ભાગની સંસ્થામાં મને કુસંપ સિવાય બીજું કાંઇ જોવામાં આવ્યું નથી તે એટલે સુધીકે કેટલાક ગામોના ગ્રંથોમાં મતભેદ પડી ગયા છે તેમજ તડાં પણ પડી ગયાં છે. આ સંસ્થાનો વાર્ષિક રીપોર્ટ જોતાં સદર સંસ્થામાં શું શું ખામીઓ છે અને કેવી રીતના સુધારા વધારા કરવા વિગેરે બાબતો ઉપર વિચાર કરવા તેની વાર્ષિક જનરલ મીટીંગ સીવાય વ્યવસ્થાપક કમીટી વખતો વખત ભેગી મળી હોય તેવું દેખાતું નથી તેમજ તેનું બંધારણ જોતાં પણ નિયમિત અથવા જરૂર પડતાં વ્યવસ્થાપક કમીટી ભેગી કરવાનું ઠરાવવામાં આવ્યું હોય તેવું પણ દેખાતું નથી.

આ સંસ્થાનો પહેલો ઉદ્દેશ જ્ઞાનવૃદ્ધિ છે. તેનો હેતુ જ્યાં જ્યાં જૈન સંસ્કૃત પાઠશાળાઓ તથા વિદ્યાશાળાઓ, કન્યાશાળાઓ, તેમજ પુસ્તકાલયો હોય તેને સંગીન પાયાપર લાવવી અને જ્યાં ન હોય ત્યાં જરૂરીયાત હોય તો સ્થાપવા બનતો પ્રયત્ન કરવો; પરંતુ હાલ

જે રૂઢીથી કામ ચલાવવામાં આવે છે તેથી એક બાજુ સદર સંસ્થાઓની વૃદ્ધિ થાય છે, ત્યારે બીજી બાજુથી બંધ પડતી જાય છે અથવા મંદ પડી જઇ, ચાલુ હોવા છતાં તેનો કંઈ પણ લાભ મળી શકતો નથી અને તેનો ખર્ચ ચાલુ રહે છે; અને જે જે સંસ્થાઓ ચાલુ છે તેમજ મ્હોટા ભાગની સંસ્થાઓમાં ધોરણસર શિક્ષણ અપાતું નથી તથા કેટલીએક સંસ્થાઓમાં અર્થ તેમજ હેતુ શિખવવામાં આવતા નથી. તેથી શિખનારાઓને અધુરૂં જ્ઞાન મળી આપણો ધારેલો હેતુ પાર પડતો નથી.

આપણો હેતુ એવો છે કે જ્યાં જ્યાં સદરહુ સંસ્થાઓ ના હોય ત્યાં ત્યાં નવી સ્થાપન પન કરાવવા પ્રયત્ન કરવો અને જે જે સ્થળે ચાલુ હોય તેને સંગીન પાયા ઉપર લાવવી એનો અર્થ એ છે કે દરેક ધાર્મિક સંસ્થામાં ધોરણસર શિક્ષણ આપવાની ગોઠવણ કરાવી તેના અર્થ તથા હેતુઓ શિખવવા અને બાળકો તેમજ બાળકીઓને તે તરફ પ્રેરવવા બની શકે તેટલી સ્કોલરશીપો તથા ઇનામો આપવાની ગોઠવણો કરાવવી; અને બનતી તજવીજે આપણા કોઈ જૈનધર્માચાર્ય મહારાજને વિનંતિ કરી જેવી રીતે ગુજરાતી સ્કુલોમાં પહેલેથી સાત ધોરણ સુધીની ચોપડીઓ દાખલ કરવામાં આવી છે, તેવી રીતે બાળકોને પ્રાથમિક ધાર્મિક શિક્ષણ આપવા માટે પાંચ અથવા સાત ચોપડીઓ બનાવવી અને તેમાં સવારે ક્યારે ઉઠવું, ઉઠીને શું કાર્યો કરવાં, મા, બાપ તથા વડીલ સગા વ્હાલાં સાથે કેવી રીતે બોલવું તથા વર્તવું, દરેક સાથે વિનયથી બોલવું અને વર્તવું, સાધુ મુનિરાજ તથા ગુરૂણીજીઓને કેવી રીતે અને કઇકઇ વખતે વંદન કરવું, કેવી રીતે ઉભા રહેવું, કેવી રીતે બેસવું, કેટલે છેટે આસવું, ગોચરી કેવી રીતે વહોરાવવી, કેવી રીતે તેમની વૈયાવચ્ચ કરવી, જૈન મંદિરમાં કેવી રીતે દેહ શુદ્ધ કરી જવું, કેવાં વસ્ત્ર પહેરી જવું, તેમાં પેસતાં કેવી રીતે નમસ્કાર કરવા, ક્યારે ક્યારે નિસ્સિહીઓ કહેવી, કેવી રીતે પ્રાર્થના કરવી, કેટલીકવાર પૂજા કરવી, કયે કયે વખતે પૂજા કરવી, કેટલે છેટે રહી પ્રાર્થના કરવી વિગેરે બાબતો ઉપર ઉપર જણાવ્યા મુજબ પાંચ અથવા સાત ચોપડીઓ બનાવી તેમાં પ્રથમ બારાખડી, પછી ઉપર જણાવેલી બાબતો તથા દરેક ચોપડીના પાછલા ભાગમાં ધોરણસર બાળકો શીખી શકે તેટલાં સૂત્રો તેના અર્થ તથા હેતુ સહિત દાખલ કરવા. આવી ચોપડીઓ બનાવી* આ સંસ્થા તરફથી દરેક જૈન પાઠશાળા, વિદ્યાશાળા, તેમજ કન્યાશાળાઓમાં દાખલ કરાવવી અને વખતો વખત તેના શિક્ષકોએ બાળકોને સાધુ મુનિરાજ તથા સાધ્વીજી આગળ તથા જૈન મંદિરમાં લઇ જઇ સદર ચોપડી મળેથી આપેલા શિક્ષણ પ્રમાણે વર્ત્તે છે કે નહિ તેની પરીક્ષા તેજ સ્થાને લેવી અને પહેલા બીજા તથા ત્રીજા નંબરે પાસ થતા બાળકોને સારાં જેવાં ઇનામો આપવા સાથે ચોક્કસ પાઠશાળા તથા વિદ્યાશાળાઓમાં ઇંગ્રેજી, સંસ્કૃત વિગેરે વ્યવહારિક શિક્ષણ આપવાની ગોઠવણો થાય તો આપણા જૈનો પુરેપુરા શ્રદ્ધાવાન બની ધર્મિષ્ઠ થઇ પુરેપુરા કેળવાઇ જૈન ધર્મની ધ્વજા ફરકાવે. જો કે આ સંસ્થા એટલો બધો બોજો ઉપાડી શકે તેવી સ્થિતિમાં નથી તેથી વ્યવહારિક શિક્ષણ બદલ અત્રે મ્હારે વધારે બોલવું ઠીક નથી, પરંતુ આપણા જૈન અગ્રેસરો પ્રત્યે મારી નમ્રતાપૂર્વક અરજ છે કે આ બાબત ઉપર તેઓ સાહેબોએ તાકીદે ધ્યાન આપી આવી સંસ્થાઓ (ગુરૂકુળ જેવી) ઉભી કરવાની આપણા જૈનો માટે ખાસ જરૂર છે.

* **વાંચનમાળા** કેવા નિયમો ધ્યાનમાં રાખી થવી જોઇએ તેના સંબંધમાં એક મનનીય પત્ર મુનિમહારાજને લખવામાં આવ્યો હતો તે આવતા એકાદ અંકમાં મૂકીશું. **તંત્રી.**

